ભૂલી પાછી ખરી મળેલી.

સુરત ખપાટીઆ ચકલા પર આવેલા ' સમાચાર " પ્રી. પ્રેસમાં
જશવંતરાય રતનજી દેસાઈએ મેસર્સ વિદ્યાર્થી એન્ડ કું.
તરફથી છાપ્યું.



ESTABLISHED 1881

છાલો પાલો
મરી મસાલો

છાલા પાલા અને મરી મસાલાથી અંજન,
પોટીસ, ચાહ, ઉકાળા વગેરે ગરીબ ઘરમાં
અને ગામડાંઓમાં સહેલાઇથી કામ
આવે એવા દેશી દવાઓનો
નુકસા સંગ્રહ.

આવૃત્તિ ચોથી.

પ્રગટ કરનાર.

ડી. પી. માદન.

અંગ્રેજી દવા વેચનાર-
કણપીઠ બજાર—સુરત.

ઇ૦ સ૦ ૧૯૨૩
કિંમત રૂા.૩ા

દુ:ખ: દરદ દફે કરવા માટે

૩૦૦૦ વરસ આગળ જરથોસ્તના જમાનામાં પાંચ સાધનો હતાં,—અંપા બેષજો, દાતો બેષજો, કેરેતા બેષજો, ઊરવરે બેષજો, માથરો બેષજો. [અરદીબેસ્ત યશ્ત.]

અંપા બેષજો, તે અષોઇથી (પવિત્રાઇથી) દરદ ભાંજનાર, દાતો બેષજો તે ઇનસાફ આપી દરદ સારૂં કરનારા; ઊરવરો બેષજો, તે ઝાડપાનની મદદથી દરદ સારૂં કરનારા: માંથરો બેષજો, તે માંથરવાણી (મંતર) ભણીને દરદ સારૂં કરનારાં. માથરવાની યાને મંતરથી સારાં થતાં દરદોનાં દાખલા દલીલ માટે લઘુ ખુલાસો અને તવારીખી દાખલા જાણવા હોય તો વાંચો "બંદો અને બંદગી" બનાવનાર સો. મ. દેસાઇ સ્ટેશનરોડ નવસારી.

દુખ: દરદો સાફ કરવા માટે

દેશી વૈદાંમાં છાલા પાલાના ઇલાજો સાથ મંતર, તંતર અને જંતરના ઇલાજો હતા.

છાલા પાલાના ઇલાજોમાં વનસ્પતી વગેરે ચીજોમાંથી બનાવેલી દવાથી દરદ સાફ કરતા.

મંતર (ભંતર) એટલે ઇશ્વરનું નામ દઇને અથવા પવિત્ર શ્લોક બોલીને દરદ મટાડતા.

તંતર એટલે ખેલ કરીને, અપ્સરા કરીને અથવા દરદીની રૂખ સાચવી ઠગાઇ કરીને દરદીના મન ઉપર જોઇની અસર કરી દરદ દફે કરતા.

જંતર એટલે કાગળ ઉપર હીસાબી આંકડા લખીને તે કાગળ શરીર ઉપર બાંધી દરદ સારૂ કરતા.

"છાલા પાલા તરી મસાલા"મ વનસ્પતીથી બનેલા ઇલાજોનો સંગ્રહ કરવાંમા આવ્યો છે

ડી. પી. માડન.

સુચના



માનપૂર્વક જણાવવાની રજા લઉં છું જે "છાલા પાલા મરી મસાલા" નું પુસ્તક પ્રગટ કરવામાં મે કાંઈ નવું કર્યું નથી, પણ ભાજી પાલા, મરી મસાલાના વૈદક ગુણો બતાવી તેઓના કેટલાક નુકશાઓ જે ગરીબ ઘરમાં અને ગામોમાં ઉપયોગી થઇ પડે તેઓનો ફક્ત સંગ્રહ કર્યો છે.

આ પુસ્તકનો ઉપયોગ કરનારાઓમાં મોટો ભાગ ગુજરાતી ભાષા થોડી જાણનારા ગામડાના લોકો અને ગરીબ કુટુંબોના બાનુઓ હોવાથી તેઓને સેહેલથી સમજ પડે એવી સેહલી ભાષા રાખવામાં આવી છે.

દવાના અને દરદોનાં કેટલાક અશુદ્ધ નામો, જે હાલમાં ચાલુ વપરાય છે તે અશુદ્ધ નામો સગવડને ખાતર ચાલુ રાખવામાં આવ્યાં છે.

એકજ દવા એકજ દરદ માટે જુદા જુદા અનુંભવીઓ, જુદી જુદી મેળવણીથી વાપરે છે તે સઘળાંનો સંગ્રહ કરવામાં આવ્યો છે,

એક વનસ્પતી જુદાં જુદાં નામથી ઓળખાય છે તેનો સંગ્રહ જુદો કર્યો છે.

કેટલાક દેશી ઇલાજો જે હાલમાં હસી કાઢવા જેવા જણાય છે તેઓને હસી કાઢી રદ ન કરતાં તે લખાણની અસલ નેમ શું છે, અને તે કેટલા ઉપયોગી છે, તે ઉપર અનુભવીઓએ ધ્યાન આપવું જોઇએ છે.

વધારા અને સુધારા સાથ આ પુસ્તકની ચોથી આવૃત્તિ બહાર પડી છે, એજ પુરાવો આ પુસ્તકના ઉપયોગીપણા અને જાહેર પ્રસંશા માટે બસ છે.

ડી. પી. માદન. કણપીઠ—સુરત.

અનુક્રમણીકા

સાંકળીઊ.

'બંદો

અને

બંદગી'



માંથરવાની તથા મંત્ર માટે "છીટ છીટ નૉન્સન્સ" કહેનારા સાહેબો માટે માંથરવાની અને મંત્રના ચમત્કારીક ગુણો, દાખલા અને ત્વારીખી નોંધ સાથ રમુજથી જાણવા માટે આ પુસ્તક હમણાજ પ્રગટ થયું છે.

બનાવનાર.

જાણીતા લેખકઃ—

સો. મ. દેસાઇ

સ્ટેશન રોડ.

નવસારી.

એકાર્થી શબ્દો—[સીનાનીમ્સ] જુદા જુદા નામથી ઓળખાતી વનસ્પતીઓ.

અહીરાવણ—મહીરાવણ—એલચો
અનંતમળ—સાધો—હેમીડેસમી.
અમલતાસ—ગરમાળાનો ગર
અર્ક—આંકડો—મંદાર
અજવંગી—મીંઢી આવળ
અકારપુસી ગોળીઓ—ચોપચી ગો-
ળીઓ
અઘેડો—અપામાર્ગ } Rough Chaff Tree
અપામાર્ગ—અઘેડો }
અશ્વચોળી—ઘોડા ચોળી
અતિબળા—ખપાટના મુળ સુરણ-
કાંસકી
અબલ—અજુના પાનાં
અહિફેન—અફીણ
અમામરી—સુતર ફળ
અબીલ—સીનચોકાના લોટ
અરબુદ—રસોળી
અપેઢીઓ મોટા—ચારોળી
આબચાબના બી—બાવચી
આસન—સરહો
આમળા—એમબ્લીક માઇરો બાલન
આબળ—આમણ
આંત્યા કચરો, એકેર કચરો,
આવચી બાવચી—બકમેરીઆ
આંકલો—અંકોલ
આડા—જીપતો (આડ અને જીપટો
જુદું છે)
ઇસેસ— ચેરીબુબાન
ઇશ્વરમૂળ—ક.નબેર, સાપસેલ
ઉંબર—ઉમરો
ઉમરડો ઉમરો

ઉનારી રીંગણી—વેલાતી રીંગણી.
ઉગડીઉ—કલલાવી
ઉપલસરી—સારીવા, ગોરીસર, કાલી
સર—ઇંદીઅન સાર્સા
ઉંધાફુળી—ગાવો જુબાન
ઉપલેટ—કઠ
એલચો—ખટખટુઆ—એર પલાન
એકલકંટામુળ—સતાવરી
એરપલાન્ટ—એલચો
ઓરપ—વેવડી—જળજમની

ક

કમર કસ—ખાખરાનો ગુંદર, ચુનીએ
કડવીજીરી—કાળી જીરી
કપુર હળદર—કપુર કાચળી.
કડવા બોળ—એળીઓ.
કમક બીજ—જવનો આટો અને
સરકો મેળવી બનાવે છે.
સરકાને બદલે છાસ લેવાય
કપુરીઓ. પીળા કપુરીઓ, કહલાર
કલલાવી—ઉગડીઉં.
કહલાર ચીકણી—એડરકી
કહલાર માની—સાહેદેવી
કઠ—ઉપલેટ
કચુકો—આમળીનો ચીચોકો
કપુરી મધુરી—ઉપલસરી
કસુંદરી—પમારીઆનુ મુલ—કુમારીએ
કલોજી—કાળીજીરી, કડવીજીરી
કલીંગ—ઈંદ્રજવ
કસીસા—હીરાકસી
કદુનેબીકાળા—કડવી નાછના બી
કણું—લીંડીપીપર
કંકપે—કાંટો; કુંચલી

એકાર્થી શબ્દો[સીનીનીમ્સ] જુદા જુદા નામથી ઓળખાતી વનસપતીઓ.

કૃષ્ણાગર—કાળું અગર
કરકરા—આકળ કરો.
કડવી તુંબરી, એલવ ચોઈ
કર્ષ—૮૦ ચણોઠીભારનું વજન.
કલંબો—કોલમ
કલહાવી—ઉગડીઉ.
કાસોદાનામુળ—કાસકે મુળા
કાલીસર—સારસા
કાનભેગ—પુષ્કરમુળ
કાકડખાયા—શીતલીંગ
કાંતા અઘેડા—કુતરીઆ જીપતો
કાંતા જીપતો— ,, ,,
(એની બોળ (બનચીસ) લુગડે વળગી રહે)
કાનફોડી—તળવણી—હરીઆકસની
કાળા દણાની વેળ—ભગરડો
કાળીપાટ—પાટલા જુ
કાદલીવર તેલ—એની જગાપર, અળસીનુ અથવા કપાસીઆનું તેલ ચાલે.
કાચંદા—સરડા
કાસકેમુળા—કાસોડાના મુળ
કાલસાક—રામ તોરી
કાંગક્ષત્રી—કુતરીઉ ઘાસ
કીટાડો, બાવળનો કાળો ગુંદર (એમાં એસીડ ટેનીક છે.
કેસુદા—ખાખરાના ફુલ
કેદરોબા—કેરબા.
કેરબા—કેહેરોબા
કુટાર—દાદરીઉ, પીટપાપડો.
કુમુદાની—રાત્રી કમળ

કેકરેઘા }
કુકરેઘા } મોટી કસાર
કુઠઆરૂ—ઉપલેટ.
કુર્ટતમેલી—કુકડવેલ.
કુત્રી— }
કુતલી } કુતરીઉં ઘાસ
કુતરીઆ જીપટો—કાંટા જીપતો.
કોરફેડ—કુવાર
કોષ્ટ—ઉપલેટ
કોલમ—કલંબો
ખરસણુ—સગતરા
ખડસળીઓ—ઘાસીઓ પીત પાપડો
ખટખતુમબા—એલચો.
ખપાટનામુળનું ચુરણુ—અતિબળા
ખાખરાનો ગુંદર—કમર કસ.
ખીપ—સંગીતરા
ગરજીબી—બોં પાથરી
ઘઉલા—સુગંધી—ઘઉલો
ગરમાલાનો ગર=અમલતાસ
ગાઓ જુબાન—ઉંધાફુળી
ઘોડા ચોળી—અશ્વચોળી.
ગારદર—ઝપટો—ઇંદીઅન વર્મવુ
ગાબી—બોં પાથરી .
ગાઉજ્બાન ઉંધાફુળી
ઘાયમારીલી—એલચો airplant
ઘા મારો
ઘીકુમાર—કુમાર
ઘીતેલા—કમળના ફુલ
ગીલે મથેરા—એક જાતની માટી
ગુલ્લર—ઉમરો
ગુદરદો—નાગર મોથ

એકાર્થી શબ્દો=[સીનોનીમ્સ] જુદા જુદા નામોથી ઓળખાતી વનસ્પતીઓ

ગૂએકમવુંદ—રાયચંપાની છાલ
ગેરૂ—ઓળરેદ
ગોરમટી—પીળીમાટી
ગોરખ ગુદી—ઓઠંડ—ગોરો કબાર
ઘોડાચોળી—અશ્વચોળી
ગોરીસર—સારસ
ચકમક-સીલીકા
ચંચળ-પારો
ચષ્ટી—જેઠીમધ મુળ
ચમાર દુધેલી—નાગલી દુધેલી
ચણુક ચાપ—ચોપચીણી, દરાક્ષના મુળ
ચાઈ—અરણી
ચાતુરજાત—(તજ,તમાલપત્ર,એલચી. નાગ કેસર)
ચાંચડમ રી—કહલાર
ચીકાતરૂ—પપેનાસ
ચુણીઓ ગુંદર—ખાખરાનો ગુંદર, કમરકસ
જમાલ—જમાલ ગોટા, નિપાલો
જલજમની—વેવડી—ઓરપ.
જહમે હયાત=એલચાનો છોડ
જરદો—તંમાકુ
જાંબુના ઠળીઆ—સુડબરોતી
જાફરાન—કેસર
ઝાહડ ફોદો—વાંદો
ઝાલર—વાઘ
ઝુમખંદા—કડવી ગીસોડી.
તબાસીર—વાંસ કપુર
તળવણી—કાનફોડી—હાદીઆ કરસન—હરીઆ કસન
તપકીર—તપખીર ફુલ સંભારો

તક્ર—છાસ
ટંકટંક—તકે તક (દવા પીવીનું તે)
તાંદળજો—મેદા નામ
તાળા—હડતાળ
તીકદી—તીવરી
તીવરી—તીકરી
ત્રીકંટક—માટરી ગોખરૂ.
તીથ—મોર થુથુ
ત્રીસુગંધી—તજ, તમાલપત્ર, એલચીનું ચુર્ણ.
તુખમે ખીઆરાન બધે—કાકરીનાબી
તૃષ્ણ=ગાવ સુદર્શા
તુખમી રારવાળી—લીમદીના બીજ
તુલસી=વાઈટ બેસીલ તેલીઆ-દેવાદારનું તેલ—ટર્પેન્ટાઇન
થુથા—મોર થુ થું.
દશમુળ—બોલીના મુળ
દશામુળી—કંચલાને બાળીને કાપી માફક કરેલા ભુકાને કહે છે.
દમરો—રીછડી૩—મરવા
દાંગર—ભૂરૂ કોદરૂ
દારૂ હળદર—બરબેરીસ,
દાદરીઉં—પીટપાપડો, કુદાર
દારી—દારુડી
દેવદાર તેલ—ટર્પેનટાઇન
ધૃત—ઘી
ધાતરી—ધાવડીના ફુલ
ધુપણી—પ્રદર
નાગ વચનાક } વચનાગ
નાગ
નારગોળ—ગોઆખરી
નાગરમોડ—ગુંદરદો

એકાર્થી શબ્દો=(સીનોનીમ્સ) જુદા જુદા નામોથી ઓળખાતી વનસ્પતીઓ.

નાગર—સુંઠ
નાગભળા—ગણુગેટીના મુળની છાલનું ચુરણુ
નાગની માત્રા—ફૂલાવેલું મોરથુથુ
નિપાળો—જમામ ગોટો
નિરદુંગ—હાથલા થુઅર
નિર્યાસમદ—બાવળનો કિટોડો, કાળો ખેદર (એમાં ટેનીક એસીદ છે)
નોરવેલ—ઇશ્વરમુલ—કાનભેર
પળ—૪ કર્ષનો ૧) પલ—૧ કષનો ૮૦] ચણોટી- ભાર વજન
પડકાળા—ભુરૂ કોહરૂ.
પલાસ પુષ્પ—ખાખરાના ફુલ
પડવાસ પીસા } પડવાસ પીસા
પડવાસ પેપડી
પલપલ—ચચ્ચાર રૂપીઆ ભાર વજન ને કહે છે.
પતોલ—વરવલ
પરેસાવસાન—પોથા પાપરી, સંખાવળી.
પાઠા કુવાર—કુંવાર
પાતલાજુ—કાળીપાન
પાણકંદો—જંગલી કાંદો; રીલા.
પાતાલ કોહલું—વિદારી કંદ
પાપડખાર, રોક સોલ્ટ
પીત પાપડો—ખાખરાના બીજ.
પીપર તુલા—લીંડી પીપર.
પીળો કપુરીઓ—કપુરીઓ
પુનનવા—સાટોડી
પોઇ—નાળીએરીનો કોકો—નાળીએરી ઉપર તરવારના જેવો ફણગો.

ફરીદબુટટી—દેવડીનો વેળો
ફાલેજ—લખવાની બીમારી
ફુલ સંભારો—તપખીર
બહુફળી—હરણુ ખુરી
બંગ—કલઇ
બબુળ—દેશી બાવળ,
બંદાળ—રીંગણી.
બરએરી—ઘરૂ હળદર
બીબવાં—ભીલામુ
બુકકા—અગત્યના બી.
બેરંજીનું તેલ; કોપેવા બાલ સમ
બેરાં—બેલેરીક માઇરોબેલન
બેટલ ગાર્દ=કડવી તુંબરી.
બોગરો—ગોરખ મુંદી.
ભમફોદા—બિલાડીની તોપ
ભરસાદ—ચુલામાની ગરમ રાખ
ભગોડા—રાતા ગલના ફળ
ભરવાડો—રમરનું ઝાડ
ભગરડો—કાળા ધાણાની વેલ
ભ્રંગરાજ—ભાંગરો
ભંખુદા વાંચા—સ્ત્રીની જાત બહાર આવે તે દરદ
ભાદરવો } રમરનું ઝાડ
ભાદરવેલ
ભુરૂ કોહરૂ—દાંગર
ભૂતીકે—નાક છીકણી
ભૂતડા—ધોળી મુળતાની માટી
ભેશ્વસીંગ—કવચ, કોવચ
ભોંયરીંગણી—બ્રાહ્મી
મગફળી—ભોંયસીંગ
મંદર } લોખંડની ખાક
મદુર


એકાર્થી શબ્દો=[સીનોનીમ્સ] જુદા જુદા નામથી ઓળખાતી વનસપતીઓ.

મંદાર } આકડો
મુદાર }
મુગી—ફીફરૂં (દરદ)
મરવો—રીછડીઉં, દમરો
મરીકંઠા—કાગડ કેરી
મહીરાવણુ—એલચો
મારણુ—To neutralyse
મીઠીઆવળ—અજશ્રંગી
મેઝેરીઅન બાર્ક—રામેઠા
મેનંગા જીનજર—આબા હળદ
મેગનાદ—તાંદળજો ભાજી
મુરગી—ફીફરાંનું દરદ
મુલહતી—જેઠી મધ
રસવંતી—રસાજન,
રસ—પારો
રસાજન—રસવંતી
રમુદો—રતાંધળો
રક્તપિત્ત=લોહી નીકળવું બ્લીડીંગ-હેમરેજ
રગતપિત્ત—લેપરસી;
રાતા ગળના ફુળ—ભંગોડા
રાય ચંપાની છાલ—ગુએકમ વુદ
રામતોરી—કાલસાક
રામઠ—ઈંગ
રામેઠા—મેઝેરીઅન બાર્ક
રીંગણા—એગન—વેગણા
રીછડીઉ, દમરો—મરવો
રીસામણી—લજાળુ
રૂદંતી—લાણો
રૂઇ—આકડો
રૂંછા—ભેરવ સીંગના કાંટા,
રૂમી સીગરફ—હિંગલોક
રેવંચી, રૂબાબ
લક્ષ્મણા—હરણખૂરી-સંફદ ભોંય રીંગણીના મુળ.
લવણુ—મીઠું
લાગણી—વચનાકની જાત
લાજાલુ—રીસામણી
લીલાગર—ભાંગ
લુણી—ખાતી ભાજી
લોદ્ર—પઠાણી લોદર
વછમો—વચનાગ
વરાહવસા—ડુકરની ચરબી.
વષ=અરડુસો
વસોડી—મોટોડી
વરવળ—પટોળ
વંસલોચન—વાંસમાંથી નિકળે છે, તે
વાંદો—ઝાડ ફોડો
વાસા—અરડુસ
વાગોળ=વનવાગલું.
વાંચલોચન— | વાંસકપુર
વાસકપુર— |
વ્યાઘ્રી—ભોંય રીંગણી
વિદારી કંદ—પાતાલ કોહળું
વિજયા—ભાંગ
વીશ—વચનાગ
વીટ સાલ્ટ—વડનગરી તીકું vit salt
વિનણુદીવત—ઘી
વેત્ર—વછનવેલો
વેગરસ=રસકપુર
વેલાતી રીંગણી—ઉભી રીંગણી
વેણુ—કપાસના છોડ

એકાર્થી શબ્દો=(સીનોનીમ્સ) જુદા જુદા નામથી ઓળખાતી વનસપતીઓ.

વેવડી–ઓરપ, જહાંજમની
સંખાવણી–પરેસાવસાન, પેયા પોપરી
સંભાળું–નગોડ
સગતરા } બીજ
સંગીતરા } ખરચણ
સ્વેત ખરષર–ધાપણ
સતાવરી–હાંહાંજીજી એકલંકટામુળ
સાજીખાર–સોહાખાપકાર્બે
સાટોડી–મોટો આંમેડો–પુન નવા
સાથવો ઘંઉ ચણા, જુવારને શેકીઆ પછી કરેલો લોટ
સારીવા–સાર્સા ઉપલસરી
શાવલીંગી–કાકડખાયા
સીવા–હરડે
સીલીકા–ચકમક
સેજડી–કહલાર ગીકણી
સેરીલુખાણુ–ધ્રસેમ

સુંડબેરોડી–જાંબુના હરીઆ
સોહાગો–ટણુકનખાર, ખડીઓ ખાર
હરણખુરી–બહુ ફળી
હરડાં–Chebulicmyrs balan
હરીઆ કસન–કાનફોડી–તલવણી
હરણખુરી–લક્ષમણી–ભોંય રીંગણીના મુળ
હડમચી–ગેરૂ
હગવેલા } વિદારી કંદ [કાઠીઆ
હગીઆ } વાદના ગામ બડોરીમાં મળે છે
હરણખુરી–વજ્ન
હાડીઆ કરસણ–તળવણી
હાંહાંજીજી–સતાવરી
હીરવણી–રાતો કપાસ
હુલહુલના બીજ; } તણુવણીના
હુર હુર } બીજ



દૈનિક સમાચાર સુરત

તંત્રીઃ—મગનલાલ રતનજી વિદ્યાર્થી,
એમ. એ. બી. એસ. સી. એલ. એલ. બી.

રાષ્ટ્રિય ભાવના પોષક, સમાજીક સ્વતંત્રતાનું વાતાવરણ, પ્રસારિક, દેશોન્નતિની વિવિધ પ્રવૃતિઓનું પ્રોત્સાહક, સસ્તમાં સસ્તુ પ્રથમ નંબરનું ગૂજરાતનું દૈનિક પત્ર.

લવાજમના દર.

૧ વર્ષ	(બહારગામનાં)	રૂ૦	૧૩-૦-૦
ાા વર્ષ	,,	,,	૭-૦-૦
ા વર્ષ	,,	,,	૩-૧૨-૦
૧ વર્ષ	(સ્થાનિક)	,,	૮-૦-૦
ાા વર્ષ	,,	,,	૪-૪-૦
ા વર્ષ	,,	,,	૨-૪-૦

જાહેર ખબરનું ઉત્તમ સાધન—સસ્તા દરો.



—:વધુ વિગત માટે લખોઃ—
બળવંતરાય રતનજી દેશાઇ,
મેનેજર, સમાચાર પ્રી. પ્રેસ તથા સમાચાર
ખપાટીઆ ચકલા—સુરત.

Chhala Pala Mari masala.

CERTIFICATES.

......is requested to be good enough to transmit one copy of Chhala Pala Mari Masala (with following parts ...... the same being required by the Oriental Translator to the Government of Bombay for transmission to British Museum, India office, London.

(Sd.) A. F. DALAL
Hazoor Deputy Collector, Surat.

---

2 I beg to thank you sincerly for Chhala-pala, Mari Masala.......................accepted with pleasure.

(Sd.) F. MADON, Librarian
Bodelian Library OXFORD.

---

3 I thank you for your valuable compilation of Indian Drugs, which, I hope, will prove useful in practice. There are no doubt many specifics known to Indians, which are not sufficiently recognised. Several friends of mine have lately been cured of Colitis by the Indian seeds called Isapgool, after many other remedies had failed. I hope your Firm continuing to prosper as it well deserves to do............

(sd.) F. S. P. Lely.
Retired Commissioner; Switzerland.

---

4 They contain valuable information as to the property of our indiginious Drugs, valuable not only to the poor but to all people at large

............such household remedies would save much money and time.............books are worth being kept on table for easy reference............ hope you will publish the remaining part at your earliest convenience.

(Sd) Thakordas Mathooradas
Retired Jeudge of the Court of Small
Causes, Surat.

---

5 The book is certainly most useful to each and all families.

K. M. Vagifdar, Navsari.

---

6 Not only the public at large deservedly appreciate your interesting and useful books on Chhala Pala but even the Bombay Government have been pleased to recognise their utility by ordering copies of them to be sent to Victoria Museum London.

Hormajshaw D Gandhy
Peshawar.

---

7 I find the book very useful specially to those who are not within easy reach of Medical advice........ It is more regretable to note that such an important book.........should be allowed to be out of stock within one month or so...... This shows that there is a great demand for the book......You should issue 2nd, 3rd, and 4th edition of your books.

Part II was shown to many others who all unanimously declared to be a valuable one ......Some of them are unlucky in not getting it........

See your way to issue fresh addition...... send me part I and III.........without these I am very much disappointed and will never be happy till I get them......

Hormasji Cowasji Mistry
Post Box 166 Esplanade Road, Bombay.

આપણા બન્ધુઓ કે જેઓ અજ્ઞાનપણામાં અને પૈસાની તંગીને લીધે જીંદગી તનદુરસ્તી સાથ ભોગવી શકતા નથી તેઓને આ લોક ઉપયોગી ગ્રંથ કેટલો કામનો છે અને કહેવો આર્શીરવાદ છે તે તેમના કાને નાખવાના ઇરાદાથી બે બોલની જાહેરાત આપી છે.

જહાંગીરશાહ અ૦ તાલેઆરખાં
માજી પોલીસ કમીશનર—બરોડા સ્ટેટ

છાલાપાલાના બીજા ભાગની ચોપડી મળી છેજી......ભાગ ત્રીજાની ૨) નકલ જરૂર જરૂર મોકલશોજી.

દા૦ એસ. પી. બામજી,—નવસારી.

આપના છાલાપાલાનું પુસ્તક ઘણુંજ સારૂં છે, એવાં બીજા પુસ્તકો લખી પ્રસિધ્ધ કરશો.

વહદરાજ અમ્રતલાલ સુંદરજી પઢીઆર, ચોરવાડ.

છાલાપાલાનો બીજો ભાગ મારા વાંચવામાં આવ્યો ત્યારે વધારે ઇન્ટરેસ્ટ લાગ્યો, ત્રીજો ભાગ પણ મોકલશો.

દા૦ એફ. એમ. શેઠના ભાયખલા—મુંબઈ

વગર આચકાએ જણાઉં છું જે તમારા પુસ્તકોમાંથી મને ઘણું શીખવાનું મળ્યું છે......નુસકાઓ સાદા તેમજ ઉપયોગી છે, દેશી ઇલાજો કેહેવાં ઊત્તમ છે તે બતાવી આપે છે......ગોઠવીને રચવા માટે જે મહેનત કીધી છે તે વખાણને પાત્ર છે......દાકટરની ગેર-હાજરીમાં આ પુસ્તકો ગરીબ ઘરમાં આશીરવાદ સમાન છે.

દા૦ જે. એમ. શેઠના—મુંબઇ.

૧૩—ઝાડપાલાનો ભાગ ૧લો મને મળ્યો છે.....બીજો ભાગ છપાઇને તઇયાર થયો છે તે સેવકને મોકલશો.

વૈદરાજ બરકતરામ દલપતરામ પાટણ—ગુજરાત

૧૪—ઝાડપાલો મરી મસાલો ભાગ ૧લો મળ્યો.........તમારા ગ્રાહકોના નામની ટીપમાં અમારૂં નામ દાખલ કરશો.

વૈદરાજ ત્રીકમજી હરીરામ રાસ્તે મુદ્રા બંદર—કચ્છ.

૧૫—તમારી ચોપડી માટે હું ઘણોજ ઉપકારી છું...ઉપર ઉપરથી નજર ફેંકતા અતિ ઘણી કીંમતી સેવા બજાવેલી જણાય છે.

દા૦ સોરાબજી પાલનજી—નવસારી.

૧૬—ખરેજ, એવી ચોપડીઓની પીછાણ અનુભવીઓજ કરી શકે. બાકી અલબત્તુ માણસ શું જાણે કે નજીવી ગણાતી ચીજો કેટલી ઉપયોગી છે, ખચીત......લોકોના બહુ ઉપયોગી કામ બજાવો છો.

દાકટર મે. દા. મસાની—બોરડી

૧૭—ગામડાઓમાં, ગરીબ ઘરોમાં, તથા સ્ત્રીઓમાં આવા પુસ્તકોના જ્ઞાનની ખાસ જરૂર છે. પુસ્તક ઘણું સારૂં, સરલ, અને સાદી ભાષામાં લખાયલું છે.

વૈદક ટુચકાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે જેણે શાસ્ત્રનો અભ્યાસ ન કર્યો હોય તેને બહારથી જેટલાં ગપ જેવાં જણાય, પણ એમાંના ઘણા ઉપાયો શાસ્ત્ર સિદ્ધ છે એવું મારે કબુલ કરવું પડે છે.

વૈદરાજ અમૃતલાલ માણશંકર—ભરૂચ.

૧૮—આ પુસ્તક અત્યંત ઉપયોગી છે, ગામડાના થોડું ભણેલા માણસને દાકટરની ગેર હાજરીમાં આપનું પુસ્તક અમૂલ્ય માર્ગ બતાવે એવું છે.........શહેરના માણસો માટે પણ આ પુસ્તક કોઇ કોઇ પ્રસંગે બહુ ઉપયોગી થઇ પડશે. ભાષા સરળ અને થોડું ભણેલી સ્ત્રી પણ સમજી શકે તેવી છે.

વૈદરાજ લક્ષમણ પુરૂષોત્તમ—સરખેજ.

પેહેલા પુસ્તકમાં આપે લખીઉં છે જે કેટલાક ઇલાજ હશી કાઢવા જેવા છે......પણ તેમ નથી; મારે એનો પુરો અનુભવ થઇ ચુકયો છે......ધરગતું વૈદું મારે ઘણુંજ ઉપયોગી છે, મેં એની અંદરના ઘણા ઉપાયો કરેલા છે અને તે ફતેહમંદ નીવડયા છે.

વૈદરાજ[ ]જમનાથ મોતીરામ—ભરૂચ.

૨૦—આ પુસ્તકનો પેહેલો ભાગ વાંચી હું બહુ રાજી થયો છું અને આપને મુબારક બાદી આપુ છું

વૈદરાજ અમરતલાલ સુંદરજી પઢીઆર— અમદાવાદ.

૨૧—ગાં૦ ડી. પી. માહને ઝાલાપાલા મરી મસાલા નામની ૧) નાનકડી ચોપડી બહાર પાડી હતી. તે તરફ અમારી પસંદગી બતાવી હતી. [illegible] ચોપડી પ્રગટ થયલી જોઇને અમને ખુશી ઉપજે છે, અમારી ભલામણ છે કે બંન્ને ભાગ બહાર પાડીઆ પછી બંને ભાગો ભેગા કરીને પ્રગટ કરવી.

સાધારણ દુઃખ અને અકસ્માત વેળા તરત કામ આવી શકે એવા ઇલાજો......આ નાની ચોપડીમાં [illegible] છે અને તેટલાજ માટે અમો તે તરફ પસંદગી બતાવીએ [illegible]

[illegible] ચોકીદાર—મુંબાઇ.

૨૨—ઝાલાપાલાનો ભાગ ૧લો [illegible] પાસે શીલક નથી. તો મોકલ- વાની [illegible] બહાર પડે ત્યારે આપી મોકલો

[illegible] આર વકીલ—સેતારા.

૨૩—ઝાલાપાલા [illegible] માનુ છું. બીજા ભાગો મોક- લવાની [illegible] અવશ્ય મોકલી [illegible]

[illegible] માસ્તર—ગણદેવી.

ઝાલાપાલો બીજો ભાગ મળ્યો છે .... ભાગ ૧લો અમને જરૂર જોઇએ છીએ. નવો ન હોય તો જુનો પુરાની પડેલી હોય તે જરૂર મોકલશો ૩જો ભાગ બહાર પડે ત્યારે મોકલશો.

વલ્લભજી [illegible] એન્ડ બ્રધર્સ, મુંબાઇ.

---

૨૪ Miss Vajifdar has strongly recommended me to ask for your Chhala Pala.

Koovarbai Nariman Dastoor Navsari.

૨૫-I am Interested in Chhala Pala, please send me as many parts as you have.

B. E. Cooper, Fort Bombay.

૨૬—ચોપડી મળી છે......એેઓ તરફના સાંકલ્યા જોતાંજ ખાતરી થઇ છે જે આ ચોપડી દરેક કુટુંબમાં ઉપયોગી થઇ પડશે, એમાં કાંઇ સક નથી. એની કીમત કાંઇ બીસાદમાં નથી...એવી તો સરલ ભાષામા લખાયલી છે કે કોઇબી સાધારણ શીખેલો માણસ સમજી શકે.

એેરાચજી બી. આસટીન, સરભોગ,—આસામ.

૨૭–I feel desirous of possessing a copy of Chhala Pala Mari Masala.

Hormasji S. Batliwala
Mazagaon, Bombay.

૨૮—આવી કીમતી ચોપડી મલવાથી હું ઘણો ખુશી છુ એ ચોપડી માં કેટલાએક ટુચકાઓ એવા છે કે કોઇ વેળાએ ઘણાજ ઉપયોગી થઇ પડે, અને ગરીબ માણસોને થોડા પૈસાથી દુઃખનો નાશ થાય.

જમશેદજી મા૦ મોબેદજી ધોબીતલાવ-મુંબાઇ.

૨૯—હમણા પારસીઓમાં દવાઓની પછવાડે બહુજ પઇસો થાય છે ને આવી બાબદોનો ઉપયોગ કરતા નથી એ બહુ દલગીરીની વાત છે.

જાહાગીરજી માનેકજી ખરાસ. પરેલ—મુંબાઇ.

૩૦—તમારી ચોપડી મને મોકલવાની કૃપા કરશો તો ખરેજ એક અતી આશીરવાદ સમાન મુજ ગરીબને થઇ પડશે.

જાંગીર અરદેશર મોગરેલીઆ. ધોબીતલાવ—મુંબઇ.

૩૧—તમારી ચોપડી અમારા વાંચવામાં આવી તે છે...મેહેરબાની કરી મોકલજો. કારણ કે આ ચોપડી બાઇ માણસને વધારે કામ આવે એવી છે

રતનબાઇ રૂસ્તમજી ચીનીકામવાલા. કોટ—મુંબાઈ.

૩૨—આપની આ ચોપડી ઘણીજ ઉપયોગી તેમજ કુટુંબને માટે એક આશીરવાદ જેવી છે, અને તેનો ફેલાવો થયલો જોવા હમે આતુર છીએ.
જહાંગીર બી કરાણીના છોકરાઓ. બુકસેલર મુંબાઇ.

૩૩—તમારી ચોપડી વાંચવાથી માલમ પડે છે જે ખરેખરજ દરેક દાનાર સંસારી ઇનસાનોના કુટુંબમાં રાખવા લાયક છે.

અરદેશર આદરજી રાંદેરીઆ કોટ—મુંબઇ.

૩૪—આપે મેહેરબાની રાહે બીજો ભાગ ભેટ દાખલ મોકલ્યો હતો તે મને મલ્યો નથી તેથી દલગીર છું. આપની બુક જાહેર પ્રસંસા પામી છે તે ખુશી થવા જોગ છે. એ બુક ખરેખર દરેક ઘરમાં રાખવા યોગ્ય છે,

ગુસ્તાદજી પેસતનજી પટેલ—એડન

૩૫—જણાવવાને દલગીર છુ જે તમારી ચોપડી હજી મને મળી નથી.

Ardesar Jahangirji

Eastern Bank--Bombay.

૩૬—અલોપાલો ભાગ રજો ભેટ મોકલ્યો તે માટે ઘણા ઉપકારી છીએ તમારો પરોપકાર ખરેજ આશીરવાદ સમાન છે, કારણ કે......તમારી ચોપડી ઘરમાં રાખવા લાયક ઉપયોગી માલમ પડે છે ભાગ ૧લો બીજીવાર બહાર પાડો ત્યારે જરૂર મોકલસો. વઇદક જ્ઞાન તમો મેહેનત કરી વળી ગાંઠનો ખરચ કરી પ્રજામાં ફેલાવો છો આ તમારો ગુણ બીલકુલ વખાણને પાત્ર છે.

ડોરાબજી અન્ડ કો શ્રીનગર—કાશમીર.

૩૭–મુંબાઇના પ્રખ્યાત દાકતરોના હાથમાં આ ચોપડી જ જોઇએ કારણ કે આંગલ વધેલા દાકતરોબી ઘણા ગામઠી ઉપાયો અજમાવે છે. ......તમારી મેહેનતનો બદલો વળી જશે

બેજનજી બરજોરજી પંથકી, ૪૮ ધોબીતલાવ—મુંબઇ.

૩૮–I am much obliged for the second part of Chhala Pala. I shall be much more pleased to receive a copy of the first part.

Nadirshaw D. Minocherhomji
Ahmedabad.

૩૯–I am sure great credit is due to you for the patience and perseverance with which you have collected the prescriptions and compiled the books. Allow me to thank you very much indeed for your interesting and useful book Chhala Pala...... ...I have gone through it with much pleasure.

H. D. Gandhy. Broach.

૪૦–આપની [illegible] ઉપર એક મોટો ઉપકાર છે... ...[illegible]

[illegible] —નવસારી.

૪૧–You have in a way rendered useful service to the indigenous medicine by preserving in a book form the properties of important ingredients.

Sayed Shamsudin Kadri.
Oriental Translator. Bombay.

૪૨–I write to thank you for kindly sending me your further issue of an Indian Pharmacopoea. It does cred't and energy of public spirit. Wishing you al sucess.


F. S. P Lely, Retired Commissioner)
Grant Hotal, Viareggio

૪૩–I glanced ove your present publication and am strongly of opinion that you have conferred a real boon upon ail in general, knowing Gujarati and upon housewives in particular especially in villages where Doctors and Vaids are not easily available.

Ganpatram Anoopram Trivedi
(Retired Educational Inspector)

૪૪–ગુણવંતી ગુ[illegible]રાતની, ગુણિયલ ગુર્જર બે, ન,
'છાલોપા[illegible] રચશો સુખી થશો દિન રેન.
'મરી મસા[illegible]' જે કરે, [illegible] ના કરે કોઇ,
આનંદ [illegible] ઘરમાં, આપ્યુ પુસ્તક જોઇ.
ડી. પી [illegible] કંપની, પ્રસિદ્ધ જગમાં નામ,
જશ [illegible] જગતમાં, પ્રાપ્તુ [illegible] કામ.
વિસ્તારી [illegible]–મંદિરે, [illegible] પુસ્તક પાસ,
સુખ શાંતિને [illegible]મસે, [illegible] અમા[illegible] આસ.
પરોપકાર[illegible] [illegible]રસી, "મોહન" નર ઉદાર,
ખંત ભરી [illegible] કર્યો, [illegible] કરી વિચાર.
તેને [illegible] આપશે, સજ્જનને શ્રીમાન,
વનસ્પતિ [illegible] તણું, મળશે તેને જ્ઞાન.
મોકલવા [illegible] કરી, [illegible]મા ધરીને વ્હાલ,
કરે [illegible] સુચના, [illegible] હિરાલાલ

કૃષ્ણા[illegible]રી હિરાલાલ રાવળ
હેડમીસટ્રેસ, લુણાવાડા



રબઇન
બામ

૧૦૦ દવા-૧ હવા

દાકતરો ને વઇદો પોતાના દરદીઓને દવાથી સારૂં નથી કરી શકતા ત્યારે હવા ફેર જવાની ભલામણ કરે છે. હવા પાણી કુદરતનો કે ઇસ્વરનો ઇલાજ દવા કરતાં ચઢીઆતો છે.

સુરત ડીસ્ટ્રીકડમાં આશરે પંદર માઇલ ઉપર દરીઆ કાંઠે એકાંત જગા પર રેતાળ જમીનમાં દરદો સારા કરવા માટે વખણાયલું હજીરા ગામ આવેલું છે. ખાસ કરીને અજીર્ણ અથવા બદ હજીમીના ઘણા દરદીઓ સારા થયા છે. ને મરતા બચ્યા છે.

હજીરામાં પારસી (ની ૨) હીંદુ (ની૪) વહોરા (ની ૧) કોમોની ધરમશાળા ને સેનીટેરીઅમ મળી ઉતારાના સાત મકાનો છે. ઉપરાંત બે ત્રણ સારા ભાડાના બંગલા પણ મળી શકે છે. એ બાબતની વિશેષ માહીતી નીચેથી મળી શકશે.

દીનશા [illegible]

—: એન્ડ :—

[illegible] કંપની.

તરેહવાર જાતનો

વેલાતિ દારૂ

કીફાયત ભાવે મળશે

દરેક જાતની ખાદ્ય ખોરાકી, દવા વિગેરે ઘર
સંસારને લગતો માલ ટુંક કમીશને
વી. પી. થી રવાના કરશું.

દીનશા એન્ડ કંપની

વેલાયતિ દારૂ, પ્રોવીઝનના વેપારી
સોડા લેમન વીગેરે બનાવનાર
અને
આઇસ કંટ્રાકટર.

કણપીઠ, સુરત.

પાકદાદાર અહુરમઝદની મદદ હોજો.

શ્રી ૧ા

છાલો પાલો મરી મસાલો

અજીરણ થાએ અથવા ભુખ લાગે નહીં.
ખોરાક પચે નહીં: કોહાંગે કઉિત મળે નહીં; જહેર સુધરે;
બદહજમી થાય તે માટે નીચલા ઇલાજો.

૧=અજીરણ થાય ભુખ લાગે નહીં ત્યારે ઘણા માણસો દવા અને દારૂ પી પીને ખોરાક પેટમાં દાબે છે તેના કરતાં અપવાસ કર્યો હોય તો બધી પીડા સેહેજમાં પતી જાય છે અને ખરચ કાંઇ થતો નથી.

જો અપવાસ કરવાનું ફાવે નહીં તો બપોરના એકવાર ખાવું અને ઘણી જરૂર જણાય તો રાતરે કુનું ગરમ દુધ પીવું. અપવાસ કરવો એટલે ૧ દીવસ ભુખ્યાં રેહેવું. કેટલીક પ્રજા અપવાસને હસી કહાડે છે, અને જેમ વધુ ખોરાક પેટમાં દબાય તેમ ફાયદા ભરેલું છે એમ સમજે છે.

અપવાસમાં દવાનો ગુન છે અને તે દવા તરીકે કામ કરે છે: દેશી વઇદું બહુજ લાંબા વખતથી એના ગુણ અને જરૂરીયાતની ભલામણ કરતું આવ્યું છે

અપવાસથી ઘણા દુખો હરણ થાય છે. જળોદર ઓછું થાય છે; અજીરણ મટે છે. ભુખ લાગે છે; જીભનો સ્વાદ બગડેલો હોય તે સુધરે છે અને દરેક પકવાન સ્વાદીષ્ટ લાગે છે. ટુંકામાં તનદુરસ્તી ચાલુ રાખવા માટે અપવાસ કરવાની ઘણી જરૂર છે.

૨=ખોરાક ન પચવાથી પેટમાં દુઃખે તો આદુનો રસ ૦ા થી ૧) તોલો પીવો. આદુના અચાર કરી ખોરાક સાથ ખાવામાં લેવો. આદુનો મુરબ્બો કરી ખાવામાં લેવો. આદુ ખોરાકને નરમ કરે છે, પણ આદુ પોતે જલદી નરમ અને પોચું પડી શકતું નથી. આદુનો મુરબ્બો કરતાં તેને નરમ પોચું કરવાની જરૂર છે. જે માટે એને ચોળાઇની ભાજીમાં બાફે છે, ત્યારે તે નરમ થાય છે. પછી તેને ચોખી શાકરના શરબતમાં મુકી ગરમ કરી મુરબ્બો બનાવે છે.

૩=જુનો ગોળ અને પીપર ૦ા તોલો ખાવી.

૪= ઇંદ્રવરણાનું ફળ લઇ તેની ગાબડી કહાડી તેની અંદર અજમો ૨ ... કાળાં મરી ભરી ગાબડી પાછી મારી સુકાવા દેવું. પછી એના ચુરણ ... ૦ા તોલો પાણી સાથે ખાવી. ઇંદરવરણાનું ફળ જેટલું વજન ... તેનો ૧૬ મો ભાગ અજમો અને ૧૬ મો ભાગ મરી ...

૫=અજીરણ મટાડે. કોઠાને કઉવત આપે, ખાધેલું પાચન કરે, સુ... ... કરે, પેટમાંની અગન નરમ કરે, લાલ પથરી (...) ફાયદો આપે—આ સઘળા રોગો માટે ચુનાનું નીતરું પાણી પીવાથી ફાયદો થાય છે, મોટા માણસ માટે અરધો આ...સથી ૪ આંસ સુધી તે પીવામાં અપાય છે.

૬=છ... પ...સાલ ...ીને પાણી સાથે ફાકી મારવી.

૭=અજી... માટે પાચક ચુરણની બનાવટ—

ત્રિફળા ... એળચી, ચિત્રો પીપળા ..., ... હીંગ, જીરૂં, વરીઆળી ..., વાવડીંગ, સિંધવ, અજમો, વરાગડું મીઠું, સંચળ, એ બધાં સમભાગે ચુરણ બનાવી તેને લીમડાના પા... રસમાં ભીંજવી ... સુકાવા દેવું, વજન ૦ા તોલો પાણી સાથ રોજ બે વાર ...

૮=સવારે નરણે કોઠે ૦ાા શેર પાણીમાં ખાટાં લીંબુની ૧) ચીરી નીચવી ... પીવું.

૯=... ... જાયફળ છે અદહજમી માટે—જાયફળ ૦ા અથવા ૦ાા ... સાથ ખાવું.

૧૦=... ... સીંધવ મેળવી, તેમાં સુંઠ આઠ દીવસ ભીંજવી ... છાયમાં સુકવી, તેનું ચુરણ ૦ા તોલો સેવન કરવું,

૧૧=કોપરું ...ખાધાથી અજીરણ થાએ, તો કાચા ચોખા ચવાડવા અને ...

૧૨=અજીરણ ...—કેરીથી અજીરણ થયું હોય તો સુંઠ ખાધાથી દુર થાય છે.

૧૩=અખરોટ ખાવાથી અજીરણ થાએ તો અંજીર ખાવાં ને અંજીર ખાવાથી અજીરણ થાય તો અખરોટ ખાવી.

૧૪=દુધના દુશ્મન—મીઠું, ગોળ. મગ, મુળા, માછલાં દુધના ખોરાક સાથે ખવાય નહીં. ખાય તો ચામડાના દરદો અને કોઢ્ડ થાય. દુધ સાથે તાડી દારૂ ન પીવાય કારણ કે અજીરણ થાય.

૧૫=કેળાના દુસમન—કેળું છાસ તથા દહીં સાથ ખાવામાં નુકસાન છે.

૧૬=પાકી કેરી પુશ્કળ ખાવાથી ઝાહડા ત્યારે કેરીના ગોટલાં ભુંજી અંદરની ગોટલી ખાવી.

૧૭=ફણસના ફળ તે ચાંપા છે. ચાંપા ખાવા પછી પાન સોપારી ખાએ તો પેટ ચઢે તેનાં ઇલાજ માટે ખાટાં બોર ખાવાં.

૧૮=ચાંપા ઘણાં ખાવાથી અજીરણ થાએ, ઝાહડા આવે તો કોપરૂં ખાવું.

૧૯=અજીરણ બચ્ચાંને થાય ત્યારે ધાણા ૬ તોલા, એલચી ૧ તોલો, આ બધાને ઓખરાં કરી ૨૦ તોલા પાણીમાં ઉકાળીને ૧૦ તોલા રખી તે પાણી બચ્ચાંને ०॥ તોલો દીવસમાં ૩ વાર પાવું. મોટા માણસને ૫ તોલા સુધી આપવું.

૨૦=ધાણા ભુજીને ચાવી ખાવા.

૨૧=જીરૂ ઉતમી પાંચ વાલ વાટીને પાણી સાથે ફાકી મારવી.

૨૨=ચણાનો ખાર ०॥ તોલો સાકેર સાથ મેળવીને પીવો.

૨૩=આમલીની ઉપરની છાલની રાખ ૬) માસા રાતરે ખાવી.

આરકેનમ ચુરણ.

૨૪=ખાધેલુ પાચન થાય, ઝાડો સાફ આવે તે માટે વડગરૂ મીઠું, લાલ મીઠું, હરડે, વરીઆળી, અને સુનામખી આ ચીજોને મેળવણી છે. ખોરાક સાથે ०॥ તોલો લેવો.

૨૫=ગાયના દુધનું તાજું દહીં પાણીથી ખુબ મેળવી છાસ બનાવી પીવું. ખોરાક તરીકે શરીરને ટેકો આપે છે અને અજીરણ મટાડે છે.

૨૬=દુધને ગરમ કરી અંદર લીબું નીચવે તો દુધ ફાટે અને પાણી છુટું પડે. તે પાણી ગાળીને બે તોલા પીવામાં લેવું. દીવસમાં ૩ વાર પીવું. તેનાથી અજીરણ મટે છે.

દુધનો ખોરાક બાલકને બહુ સારો છે. પણ દુધ બાલકને જરપત ન થતું હોય તો, વેલાતી અથવા ગામઠી બીસ્કીટ તાજી એક તોલો ખાંડ ०। તોલો એ બંનેને ખુબવાટી બારીક કરી, પાણી ગરમ કરી

ઉકાલવું તેમાં આ ભુકો જગ જરા નાંખતા જવું અને ઘુંટતા જવું. ઘણું જાડૂં કરવું નહીં. કપડેથી ગાળી તે પાણી બાલકને પાવું. વખત જતે થોડું થોડું દુધ ઉમેરતા જવું. બાલક માટે આ ખોરાક પહેલા નંબરનો છે.

૨૭=પાણી ઘણું પીવાથી ખોરાક હજમ થાય છે, અને શરીરનો રોગ નીકળી જાય છે.

હોજરી નબળી પડે, શરીરે સુસ્તી લાગે તે માટે—ગરમ પાણી અેકેક કપ દીવસમાં ૩) વાર પીવું. ૧) માસ ચાલુ રાખવું. થંડુ પાણી પીવું નહીં. ખાધા પછી ના કલાક, અને ખાધા અગાઉ ૧) કલાક પાણી પીવું.

બંધકોસ થાય ત્યારે ગરમ પાણીવાળી બાટલીથી પેડુ ઉપર સેક કરવો.

૨૮=અજીરણ માટે લુણીભાજી નો રસ ૨) તોલા છાસ સાથે પાવો.

અજીરણ=અદહજમી=ખોરાક પચે નહી.

૧ ખોરાક થોડો લેવો, જરા ભુખે પેટ રહેવું, ખોરાક દાબીને ખાવો નહી, એ ઇલાજ પહેલો અને સહેલો છે.

૨ કેટલાંક માણસો પોતાનાં દાંતથી પોતાની ઘોર ખોડે છે. એટલે સવાદ માટે અનેક જાતના પકવાન દાંતે ચાવી ચાવીને પેટમાં નાખે છે, તેથી અજીરણ થાય છે નબળાઈ વધે છે; જલ્દી ઘડપણ આવે છે, અને દુખી થઇ જલ્દી મરે છે.

૩ ખોરાકમાં ભાત, દુધ, અને દાળનું પાણી એ સિવાય બીજું કાંઈ લેવું નહી.

૪=આળસું બેસી રહેવાથી, ચીંતા રાખવાથી, અભ્યાસનો બોજો ઘણો હોવાથી ભુખ મરી જાય છે; આ કારણો હોય તો ઘટતો ઉપાય લેવો અને ખામી દુર કરવી.

૫=આદુનો રસ ૧) તો. નિમખ ૩) વાલ મેળવી ખાવાના વખતની ના કલાક આગળ પીએ. આથી ભુખ છુટે અને જીભે સ્વાદ વધે.

૬=ખાવાના વખતની ના કલાક આગળ પીવાએ એટલું પાણી પીવું પછી હીંચોળા ઉપર અથવા હીચકાવાળી ખુરસી ઉપર હીચકા ખાવા.

૬=લીંબુનો રસ, અને આદુનો રસ દરેક ના તો. સિંધા લુણ ૬) વાળ મેળવીને ભોજન લેવાની ૧) કલાક આગળ પીવું.

૭=અજમો અને સુંઠનું ચુરણ ૦। તો. રોજ બે વાર ભોજન લેવાની ૦॥ કલાક આગળ લેવું.

૮=કોલંબા એનુ ચુરણ ૨ થી ૫) ગ્રેન લેવું, એથી ભુખ અને અગ્નીની વધે.

૯=કોકમરી, આદુ મરી, કોકમ, સિંધાલુણ વરીઆળી એની ચટણી બનાવી ભોજન સાથ ખાએ.

૧૦=ક્લોંજી (કારીજીરી) ખાવામાં લેવું. તેલ તથા ચરબીને પાણી સાથ એક રસ કરવાને એ ઉપોગી છે; એથી ઘી, તેલના ખોરાકને એ જલદી હજમ થાય છે.

૧૧=અડાયાંની રાખ ૪) તો. ૦॥ શેર પાણીમાં નાખે. અને મેળવે: તરસ લાગે ત્યારે આ નિતરૂં પાણી પીવું.

૧૨=આદુનો મુરબ્બો ખાવો આદુ ૧) ભાગ બંગડીઆ ~કે પાણી ૮) ભાગ એને ઇંગાર પર રાખે. આદુ નરમ થાય ને કાઢી લેવું અને સાકરના સીરામાં મુકી થંડા અંગાર પર રાખવું.

૧૩=ખારકને લીંબુના રસમાં બોળી રાખવી. નરમ પડે ત્યારે ચીરીને અંદરનો ઠરીઓ કાઢી નાખવા. અંદર નીચલો મસાલો ભરી સુતરથી બાંધી તડકે સુકવવું. તે ખાવામાં સ્વાદીષ્ટ છે. મસાલો=સુંઠ, મરી, પીપર, લવંગ, જાયફળ. જાવનત્રી, ધાણું, વરીઆળી દરેક ૨) તો. સીંધવ ૦॥ તો.

૧૪=આકડાના પાકેલા પાન ઉપર ઘી લગાડે, ગરમ કરે તેનો રસ કાઢી, ગોળ સાથ મેળવી બોરીડાના વજન જેટલી ગોળી બનાવી રોજ સવારે ખાએ.

૧૫=અજીરણ માટે-હોજરીના દરદો માટે-તાડ ઝાડની જટ (ફુલ) વાસણમાં બંધ કરી ભસ્મ કરે; ૬) રતી ભસ્મ રોજ બે વાર વાસી પાણી સાથ ખાએ.

૧૬=નાળીએરની સુકી વાટીની ગાભડી કાહાડી અંદર ૫) તો. સીંધાલુણ મુકે, ગાભડી પાછી મારે, કપડછંડ કરે, છાણાની અગનીથી સેકે; બળેલું કોપરૂં અને મીઠું વાટીને ચુરણ કરે. ૦॥ તો. ચુરણ રોજ ૩) વાર ખાએ.

૧૭=કપર્દ ભસ્મ=ભુખ લગાડે. કોડીઓને ગરમ કોલસાની ઉપર મુકી બીજા કોલસા ઉપર મુકે અને સળગાવે; પંખાથી પવન નાખવો ચાલુ રાખે. ત્યારે ભસ્મ સફેદ થાએ. નહીતર ભસ્મ કાળી થાય. ૧) વાલ ભસ્મ ઘી સાથ ખાવી.

૧૮=(ક્ષારામૃત)=ફટકડી, સુરોખાર, સાજીખાર, સિંધવ, ખડીઓ-ખાર એઓનો ભુકો કરી, પાણીવાળાં નાળીએરમાં મુકે. પાણું બંધ કરી તે નાળીએર કપડ છંદ કરી છાણામાં સળગાવે, નાળીઅરની કાચલી બળી ગયા પછી નાળીએર અને ખારનુ ચુરણ કરે. આ ખારથી અજીરણના ઝાડા બંધ થાએ અને બંધકોષ હોય તો ઝાડા આવે.

૧૮=હરડે મોટી રોજ ખાવી. હરડે રેસા વગરની જોઇએ હરડે લાંબી દોકવાળીને રેષા નહી હોય, લંબગોળમાં રેષા હોય.

૧૯=વાપણને પાણીમાં ઘસી, સોદાખાર મેળવી પાવું, અન પચે, આફરો ન થાએ; ભુખ લાગે.

૨૦=પીપર અને ગોળ ખાવો.

૨૧=ચટણી ખાવી.

૨૨=ચટણીની બનાવટ=કેરી ખમનેલી ૦॥। મણ, મીઠું ૦॥। સેર મેળવી ૮) કલાક રાખવું.

૮ કલાક પછી ચોળવું અને નિચવી રસ જુદો નાખવો એક રાત રહેવા દેવું, ફરી છુંછાને ચોળવું અને સવારે નિચવવું. બધે રસ મેળવી તેમાં કેરીનો છુંછો પાછો મેળવવો અને તડકે સુક

તેનું વજન ૪) શેર રહેશે તેમાં રાઇ ૨) શેર, ગોળ ૧૦) શેર મરી ૦। શેર, સરકો સારી જાતનો ૦। શેર અથવા ખમે તેટલો મેળવી ઘુંદવું એકરસ કરી બાટલીમાં ભરવું.

૨૩ ચટણી—દુધ કાઢી લીધેલો નાળીએરનો છુંછો, ધાણાજીરૂં તજ, લવંગ, ખસખસ, હળદર, મરચાં, સરકો ખપતો લઈ મેળવી બાટલીમાં ભરે.

૨૪—અજીરણ–ખાવામાં આવતી ચીજોનો વિકાર=એક બીજા વીરૂધ આહારથી થતા વિકારો. દુધ સાથે ખાતી ચીજ ન ખવાય. મળા સાથ દુધ ન ખવાએ, મુળાની સાથે અડદનાં કાચ્છી પદાર્થ ન ખવાય. બીલ્લામાં સાથે ગરમ ઘી ન ખવાય. દુધ સાથ ખીચડી ન ખવાય. કાંસાના વાસણમાં મથેલું ઘી ન ખવાય. કમળ કાકડીના મગજ સાથ મધ ન ખવાય. નાળીએરના પાણી સાથ બરાસકપુર ન ખવાએ. અડદની દાળ સાથે દુધ, દહી, આંબળી; ગોળ, અને કેરી ન ખવાય. તાડી સાથ છાસ ન ખવાય. દહી સાથ કેળાં ન ખવાય. દુધ સાથ માછલી ન ખવાય. કારબાનું સાક સાથે બકરાંનું માઉસ ન ખવાય. કંપીલા સાથ છાસ ન ખવાય, દુધ સાથ દારૂ ન પીવાય. મરઘડીના માઊંસ સાથ દહી ન ખવાય. મધ અને ઘી સરખે

વજને ન ખવાય. તીતર અને મોરનું માંસ કુવાના પાણી સાથ ખવાય. મુળા સાથ ગોળ અને કમળકંદ ન ખવાય. દુધ સાથે માંસ ન ખવાય. આ ચીજો ન ખાવી જોઇએ જ્યાં ખવાય ઝેહેર જેવા ગુણો થાય એટલે રોગોને જનમ આપવા જેવા રસતા ખુલ્લા થાય. જે દીવસે મુળો ખાઓ તે દીવસે દુધ નજ ખાવું.

૨૫ ચોખા ખાવાથી અજીરણ થાય તો પેતમાં કરમ પડે તે માટે દાડેમના પાન સાથ સેવાલ (જે નદીમાં બારીક છોડવા થાય છે તે) ખાય.

૨૬ ગોરડીઆ ભાત ખાવાથી અજીરણ થાય ત્યારે પેતમાં આમ થાય. નાખ બંધ થાય ત્યારે. બાવચી, ત્રિફળાં, પુંવાડીઆનું સંભાગે બનાવેલું ચુરણ ૦⟌ ભાર લેવું.

૨૭ ગોળપાપડી (સુખડી) ખાવાથી અજીરણ થાય ત્યારે આખા સરીરે દરાઝ થાય છે તે માટે દુધ ખાંડ સાથ ૧) માસ પીવું—નરણે કોઠે પીવું. ઘઉં; મગ, અડદ, જવ, મઠ ખાવાથી અજીરણ થાય અને જે બેચેણી અને પીડા થાય તે માટે બીજોરાંનો રસ પીવાથી તરત શાંતી મળે.

૨૮ કોદરા ખાવાથી અજીરણ થાય ત્યારે માન ચડે, પેતમાં દુઃખે, ઘરજરી થાય, ફેર આવે ત્યારે દુધમાં કદું ઘસીને પીવું અથવા કોકરાના રસમાં ગોળ મેળવી પીવો.

૨૯ ગોળ ખાવાથી અજીરણ થાય અને ગોળને લીધે કોઇ વિકાર થાય તો ગોળ ઘી મેળવી ખાવું. ખાંડ ખાવાથી અજીરણ થાય ત્યારે. ઝાડો કે ઉલતી થાય ત્યારે સંચળ અને અજમો સંભાગે મેળવી ०। થી ०॥ તો० ખાવો.

૩૦ સાકર ખાવાથી અજીરણ થાય તો છાસ પીવી.

૩૧ છાસનું અજીરણ થાય તો મીઠું ખાવું.

૩૨ ચુણો ખાવાથી ગરમીનો વિકાર જણાય તો ઘી ચાટવું.

૩૩ દહી દુધનું અજીરણ થાય તો ચણોટીની જડ ચાવવી.

૩૪ આકડાનું દુધ ખવાયું હોય તો ઘી ખાવું.

૩૫ આકડાના દુધથી સોજો આવ્યો હોય તો ઘી ચોપડવું.

૩૬ ઘી ખાવાથી અજીરણ થાય તો લીંબુનો રસ પીવો.

૩૭ લીંબુ ખાવાથી જે વીકાર થાય તે માટે મીઠું ખાવું.

૩૮ મીઠુ ઘણું ખાવાથી જે વેદના થાય તે માટે ચોખાની ધુવણ પીવી, અથવા, ચણાની દાળ ખાવી,

૩૯ ચણાના પદાર્થો ખાવાથી અજીરણ થાય ત્યારે પેતમાં દરદ થાય, વાયુ વધે તે માટે કડુ, સતાવરી, જેઠીમધનો ઉકાળો પીવો.

૪૦—બાજરી ખાવાથી વિકાર થાય ત્યારે નાકમાં છોડ બંધાય નાક બંધ થાય, અતિસાર થાય તે માટે પ્રાંત કાલ દુધ અને ખાંડ ખાવી.

૪૧—મળાઇ ખાવાથી અજીરણ થાય. ભુખ બંધ થાય, પેતમાં દુખે ત્યારે સાકર ૧ ભાગ નસોતર ૩ ભાગ ૦। થી ૦॥ તો ફાકી મારવી.

૪૨—લીંબુ ખાવાથી વિકાર થાય. તેમાં અતિસાર, બંધકોસ થાય ત્યારે જેઠી મધ, વાળો અને કેરીનું સંભાગે ચુરણ ૦॥ તો ખાવું.

૪૩—આંમળી ઘણી ખાવાથી વિકાર થાય, સોજા આવે, સરીર ભારે થાય, માથાનો દુખાવો થાય, બળતરાં બળે ત્યારે કેરડાનું મુળ છાસમાં અથવા દુધમાં ઘસી પીવું.

૪૪—વેંગણા ઘણા ખાવાથી વિકાર થાય તેમાં ગરમી, ભ્રમ, ચળ, દાદર, ફોલ્લીઓ થાય ત્યારે તિફળાંની ફાકી ૦॥ તો અથવા ચોખાનું ધોવણ અને સાકર ખાવી.

૪૫—કાચી કેરી ખાવાથી વિકાર થાય ત્યારે પીસાબમાં બળતરા બળે, દમ, ઉધરસ, કફ થાય તે માટે ચોખાનું થંડુ ધોવણ પીએ. નાના કાચા કેરીના મરવાથી ઉપલો વ્યાધી જણાય તો ચોખાનુ ગરમ ધોવણ પીવું.

૪૬—કેરીના રસથી વિકારે થાય ત્યારે પેતમાં ચોટ રહે તે માટે કાકડા સીંગ, સુંઠ, સિંધવ, ઘી, સંભાગે ૦॥ તોલો છાસમાં પીવો અથવા આંબાની છાલનો ઉકાળોળો પીવો.

૪૭—બીજોરાંના અજીરણથી ઊંઘ, ગેણ જણાય તો સિંધાલુણ પાણી સાથ પીવું.

૪૮—કકોડાના વિકારથી શરીર ઉપર બે સુમાર ઘુમરાં થાય આંખોમાં ગરમી આવે, જોવાએ નહી, માથુ ઘુમે, સંતાપ લાગે તે માટે જેઠીમધ, સાકર, આમળા સુખડનું ચુરણ ૦॥ તો લેવું અથવાં ખાંડ અને હરડે લેવી.

૪૯=કાલેરાં ખાવાથી વિકાર થાય ત્યારે, બળતરાં, આળસ, ચેળ, થાય ત્યારે અંકોળ અને વરીઆળી છુંદીને ખાવી.

૫૦=ગાજરના વિકારમાં, ચળ, દાદર, પિત્ત થાય ત્યારે ચણાનો લોટ અને ગોળ ખાએ અથવા કુંભારનો ગર અને લીમ, હરડે ખાએ.

૫૧=સુલેમાની સલ્ટ (તીકું) નવસાર, સંધાલુણ સુરોખાર, દરેક ૧૦) તો ને જુદા જુદા પીસવા, ૧ લોટામાં ભરી કપછંદ કરી, બસેર છાણાના ઇંગારમાં રાખવું. તેમાંથી બે આની ભાર ચુરણ ખાવું પછી ભોજન લેવું.

અતિસાર, આમવાયુ, મરડો, સંગ્રહણિ.

૧=સૌથી સારો ઇલાજ એ, જે ૧) દીન અપવાસ કરવો પછી પાતળો ખોરાક લેવો; પછી સાદો ખોરાક લેવો.

૨=વડની ટીસીઓ ચોખાના ધોવણમાં વાટીને છાસ સાથ પીવી.

૩=જાંબુ, આંબો, આમલીના પાનનો રસ ૨) તો. મધ દુધ અથવા દહીમાં લેવો.

૪=અફીણ અને કેસર સમભાગે મેળવી ચણોડી જેવડી ગોળી બનાવી ખાવી.

૫=સુંઠ વરીઆળી, ખસખસની ફાકી ાા તોલો. લેવી.

૬=લસણની કળી ઉભી ચીરી તેમાં એક જુવારના દાણા જેટલુ અફીણ ભરી તે ગરમ કરીને દીવસમાં ૩) વાર ૩) દીવસ ખાવાની જરૂર છે.

૭=અતિસાર માટે છાંસ, ઘણીજ ગુણવાલી છે. દુધ બાંધી દહી બનાવી, તેમાં દહીના વજન જેટલું પાણી નાંખી છાસ બનાવવી માખણ સાથની છાસ માફક ન આવે તો માખણ કાહાડી લેવું, છાસમાં સેકેલું જીરૂં અથવા હીંગ મેળવવી.

૮=કડા છાલ ા તોલો ખાવામાં લેવી. કડાના ઝાડને ઇંદ્રજવનું ઝાડ કહેવામાં આવે છે, ઇંદ્રજવ ધોડાના મસાલામાં ઘણો વપરાય છે તે એપેકાકુંનાનું કામ કરે છે.

૯=અંકાલના ઝાડના મુળીઆંનો ભુકો ાા તોલો લઇ તેને મધ અને ચોખાના ધોવણ સાથ દીવસમાં ૩ વાર પીવાડવું.

૧૦=જીણા કરમડાં જેવા કેરીના મરવાનો ભુકો તોલો ૦।, પાંચ દીવસ લેવાથી મરડો મટે છે. તથા બેઠેલું ગળું ખુલે છે. આંબાના મોહોરને ચુસવાથી પણ બેઠેલું ગળુ ખડે છે.

૧૧=આંબાની અંતર છાલ ૦।। તોલો. દહી સાથ મેળવી દીનમાં ત્રણુવાર ખવાડે

૧૨=૧ તોલો કાંદાના રસમાં ૧) રતી અફીણુ મેળવી દીવસમાં ૩ વાર લેવાથી અતીસારને ફાયદો થાય છે.

૧૩=કેસર અને અફીણ સમભાગે લઈ, મધ સાથે મેળવી, ચોખા જેટલી ગોળીઓ બનાવી તેમાંની એક સહવારે અને સાંજે ત્રણ દીવસ ખાવી.

૧૪=નાની હીમજી હરડેને દીવેલનો હાથ લગાડી ગરમ કરીને ચુરણ બનાવે. આ ચુરણ ૦। તોલો પાણી સાથ રોજ બે વાર ખાધા પછી ખાઓ.

૧૫=થોરનું મુળ લાવી લાલ દોરા સાથ વીંટાળી કમરે બાંધે તો અતિસારને ફાયદો થાય છે.

૧૬=દીવેલ ઘણું અકસીર છે. બચ્ચાંઓને તે ઘણું ફાયદા કારક છે,

૧૭=કોઇ દરદીને વારંવાર ઝાહડા થતા હોય તેને માટે નીચલો સહેલો ઉપાય છેઃ-

દીવેલ જુલાબનું ૦।। તોલો નારંગીનો રસ તોલા ૧૦ આ બન્નેને મેળવવું તેમાંથી એક ચમચી ભરીને પાણી વગર પીવું. દીવસમાં ૪ વાર પીવું. જરૂર જણાય તો એકેક કલાકે પીવું.

૧૮=દરદીની દુંટી ઉપર આદુનો રસ લગાડવાથી બહુ ફાયદો થાય છે.

બાલકને સંગ્રહણી હોય તે માટે—સુંઠને પાણીમાં ઘસી તેટલુંજ ઘી, અને સાકર મેળવી ગરમ કરી ચટાડવું.

૨૦=બીલ્લાં અને આંબાની ગોટલીનો રસ મધ સાથ પીવો.

બીલ્લાં, સુંઠ અને કાયફળનો કાહવો અકસીર છે.

૨૧=અતિસાર લોહી સાથનો મટે—બોરડીની છાલ દુધમાં ઘસી મધ સાથ પાવી.

૨૨=૦। તોલો સાબરસીંગુ ઘીમાં ઘસી ખાવું.

૨૩=જાયફળ, અફીણ, ખારેક સમભાગે લઇ પાનના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી દીનમાં ૩ વાર છાસ સાથે ૭ દીન ખાવો.

૨૪=આમ કમ્મર, પેઢુ અને બરડો દુખે ત્યારે ખજુર ૦। શેર ને પાણીમાં ભીંજવી ચોળીને તેનું પાણી ગાળીને પીવું. એ મુજબ સાત દીવસ પીવું.

૨૫=ચણાનુ ખાર બે વાલ પાકલાં પાનની સાથ ખાવો. પાકલાં પાન વધારે ખાય તો ફાયદો થાય.

૨૬=મરડો સારો થાય=નગોડના પાનનો રસ ૨। તોલા રોજ બે વાર દરદી પીએ.

૨૭=આમ વાતને દુર કરે—ગલો, સુંઠ અને તેલ મેળવી ખવાડવું
૨૮=મરડો, આમવાયુ, પેચસ સારૂં થાએ—અરડુસાના પાન અને સાકર એકેક તોલો લઇ દુધમાં ઉકાળી રોજ બે વાર પીવું.

૨૯=આમ વાયુ માટે=મેથીને સેકી ભુંકો કરી તેનું ૦॥ તોલો ચુરણ દહીંમાં મેળવી ખાવું.

૩૦=મરડો લોહી સાથનો હોય તે માટે=શુધ્ધે અરમાની ૧ ભાગ ચાક ૧ ભાગ, સાકર ૨ ભાગ, મેળવી તેમાંથી અરધો તોલો પાણી સાથ પીવો.

૩૧=મરડો=અતિસાર=ઘણા સખત અતિસારમાં ધંતુરાનું એક પાન દહીંસાથ મેળવીને રોજ એક વાર ખવાડવાનું. ફાયદો જણાવા પછી અરધું અને પા (૦।) પાન ખવાડવું. ગળામાં ગરમી જણાય તો દુધ પીવું.

૩૨=આમવાત, અતીસાર માટે=આકરાના મુળની છાલનું ચુરણ ૧॥ માસો સાકર સાથ મેળવી ૩ વાર ખવાડવું ઇંગ્રેજી ઇપેકેકયુનાનું કામ કરે છે.

૩૩=મરડો સારો થાય—દાડમની છાલ ૦। તોલો, સાકર એક તોલો, એને પાણી સાથ વાટીને રોજ એક વાર પીવું.

૩૪=મરડો, મુત્ર કચ્છ માટે—ગળવેલનો રસ બે તોલા અને દીવેલ બે તોલા પીવું.

અતિસાર.

૧=જાવંત્રી, ખસખસ, અને ખારેક એનુ સંભાગે ચુરણ નથી ૦॥ તો. દહી સાથ ખાવું. ખારકને ભીનો હાથ દઇ ખુંદે તો જળદી ખુંદાય.

૩=આતસારના તમામ દરદો માટે કડાની છાલ, અને ઇંદ્રજવ ની ઉત્તમ ઓષદ છે.

૪=મકઇના ખાલી દાંડાને બાળીને તેનો કોલસો બનાવી બે વાલ, મધ, પાણી અથવા છાસ સાથ લેવો.

એડકી-હેડકી-અડગરી આંચકી બંધ પડે.

૧=શ્વાસ થોડી વાર રોકવો.

૨=બકરીનું દૂધ સુંઠ સાથ ઉકાળી પીવું.

૩=જેઠીમધ મધ સાથ ચાટવી.

૪=લસણ ઘી સાથે ખાવું.

૫=આમળા, પીપર, સુંઠનું ચુરણ ખાવું.

૬=આદુ મોંમામા રાખી તેનો રસ ગળવો.

૭=હીંગ અને અડદની ભુકીનો ધુમાડો લેવો.

૮=જેઠીમધનું ચરણ મધમાં મેળવી નાકમાં લગાડવું.

૯=પીપર અને સાકર ફાકવી.

૧૦=હીંગ વાલ બે, ઘી સાથે ખાવી

૧૧=સાકરીઆ ખાંડમાં જરા સરકો નાંખી જલદી ચાવીને ગળી જવી.

૧૨=કમળકાકરીના બીજ ૦ા તોલો પાણી સાથ પીવામાં આવે છે.

૧૩=જુના ચામડાની રાખ મધમાં ખાવી. વેલેરીઅણ રૂટનો ગુણ એમાં છે.

૧૪=સુકાં કોપરાંને પાણી સાથે ખાંડી સાકર મેળવીને પીવુ

૧૫=ફુલવેલી ફટકી ૧ વાલ ખવડાવવી.

૧૬=દુધ ઉકાળી તેમાં જરા ઘી નાંખી પીવું.

૧૭=ધોરા ઘાસના મુળ નો રસ ૧ માંસો મધ સાથ પીવો.

૧૮=પીપળાની છાલના અંગારને પાણીમાં બુજાવી તે પાણી એકેક તોલો, દર ૦ા કલાકે પીવું.

૧૯=અડગરી માટે સેરડીનો રસ પીવો.

૨૦=જાયફળ ચોખાના ધોવણમાં ઘસી પીએ તો હેડકી બંધ પડે.

અડગરી=હેડકી, એડકી, આંચકી.

૧=[illegible] માટે [illegible] ૪ તો. પાણી ૧૪ તો, [illegible] ૮ તો. રાખે તેના ભાગ ૩ ભાગ કરી સવાર, બપોર, સાંજ પીએ.

૨=[illegible] વાવ [illegible] ના ફુલ, મધ [illegible] ખાવાના પાન સાથ ખાએ.

૩=મરી ૦। તો. થી ૦॥ તો. તુળસીના પાનનો રસ ૧ તોલો મેળવી પીવો,

૪= બાડાની વીડનો ધુમાડો લીએ.

૫=અડગરી ખાનારને કહેવું જે "તું એ કાંઇ ચોરી કરી છે તે યાદ કર અને તે માટે પસતાવો કર" તો અડગરી બંધ થાય. આ વાત સાંભળી પોતે શું ચોરી કરે છે તે યાદ કરવામાં દરદીનુ મન રોકાય; દરદીનું મન બીજી બાદ ઉપર જોરથી રોકાય ત્યારે અડગરી ખાવાનું ભુલી જવાય.

૬=મોર પક્ષીના પીછના ૧ ચાંદવાની રાખ, (૧ વાલ સુધી) પીપર ૧ વાલ મધ સાથ દર ૦। કલાકે ખાએ.

૭=સોનાના વરકનું પાનું ૧ મધ સાથ ખાનું.

૮=કાચાં ઝાડના માવાનો ભુકો ૦॥ તોલો ખાવો

૯=આમળા ધી આમળાનો રસ ૧ તો. મધ સાથ ખાવો.

૧૦=ઈંગ ને ઈંગાર ઉપર મુકી ધુમાડો નાખે લેવો.

૧૧=કાકડા સીંગનું ચુરણુ ૦। થી ૦॥ તો. મધ સાથ ખાનું.

૧૨=નાળીએરનીરની ચોટલી (મુંજ) ચલમમાં પીવી.

૧૩=નાળીએરની કાચલી ૨ વાલ જેટલી, ખારેકનો ઠળીઓ ૧ વાલ જેટલો પાણીમાં ઘસી પીવું.

૧૪=મીપલાની વડવાઈ, કેસર, અરીણુ પાણીમા વાટી દરેક આંગળાં ના નખ પર લગાડે.

૧૫=કસતુરી ૧) રતી ચવલી પાન સાથે સારી પેઠે ચાવીને ખાવી.

૧૬=અફીણુ અને કપુર એકેક રતી ખાવી.

૧૭=બાલકને આંચકી માટે.

૦॥ વાલ ગોરોચન પાણીમાં ઘસી પાવું.

૧૮=ધોળી ડુંગરી અને થીની લેપડી કરી બાલકના માથે મુકે.

૧૯=કડુ ૧) વાલ પાણીમાં ઘસી પાવું.

૨૦=જેઠીમધનુ મુળ પાણીમાં ઘસી પાવું.

૨૧=જેઠીમધનું મુળ અને હળદની સંભાળે ચુરણની ભુકી આપવી.

ગોળીમાં આંતરડું ઉતરે—આંતરગળ

સારંગ—ગોળીમાં વધર વળ—ગોળી મોટી.

૧=અંતરગળ માટે ઇલાજ—અજમો ૭ તોલા, પાણી ના સેર ૦ાા શેર તેલ એઓને સાથે ઉકાળી પાણી બાળી નાંખવું, તેલ ગાળી લેવું. આ તેલ પેડું, પેટ અને ગોળી ઉપર ૦ાા કલાક સુધી મસળવું. પછી આકરાના પાન જરા ગરમ કરી ગોળીની આસપાસ અને ખાંડા આગળ બાંધવા. ૧૨ કલાક પછી ગરમ પાણીથી ગોળીને સેકવી.

અંતરગળ માટે—નગોરના પાંતરાંની પોટીસ કરી બાંધવી અને કાચકાના બીજ બે તોલા, મરી સફેદ ૧ તોલો મેળવી તેમાંથી ૦ા તોલો ચુરણ પાણી સાંથ ખાવું. પવન છોડવવા માટે ૧ાા તોલો આદુ અને ૦ાા તોલો મીઠું મેળવી ખાવું. અંતરગળવાળા દરદીનો ઝાડો લાવવાની ઘણી જરૂર છે.

૨=એળીઓ, જવખાર, ઉપલેટ, વછનાગ એ સઘળાનું તેલ ઉપર બાતાવેલી રીત પ્રમાણે બનાવી તે પ્રમાણે અંતરંગની બાજુએ ૧૦ દીવસ મસળવું,

૩=કપાહણુને પાણીમાં ઘસી તે જગાપર લેપ કરવો.

૪=લોટ, અજમો, દીવેલીનું મગજ સરખે ભાગે મેળવી દુધમાં તેનો પોટીસ કરીને તે ગાંઠપર મુકીને પાટો બાંધવો. આ મુજબ કરે તો વધરાવળ મટે,

૬=દામડમની છાલનું ચુરણ ૦ા શેર અને તલ ૧ સેર ઉકાળીને ગોળીએ મસળે ને કચ્છો બાંધે તો ગોળી નાની થાય.

૭=અંતરગળમાં ઝાહડો અને પીસાબ છોડવા માટે અજમો ૫, દીવેલીનું મગજ ૨ાા, સુંઠ ૦ા, સંચળ ૫, વદીઆળી ૨ ભાગનું ચુરણ બનાવી તે ચુરણ ૦ા તોલો, ૧ા તોલો દીવેલ, ૧ા તોલો દુધ મેળવીને પાવું. ઝાહડો ૦ાા કલાકમાં ન આવે તો ફરી ઉપર મુજબ પાવું.

અજમો, દીવેલીનું મગજ, કલોજી, સુવા, અજમોદ સમભાગે છુંદી તેનો સેક કરવો.

૮=વધરાવળ માટે કમનું ચુરણ ૦ાા તોલો રોજ બે વાર લેવું.

૯=હાથીપગ=સારંગ—હાથીપગ તથા સારગ ગાંઠ (આંતરડાંનું ગોળીમાં ઉતરવું તે) ઉપર આવરાા પાંતરાનું વરાળીયુ બાંધે.

૧૦=ગાયના પીત્તાનું પાણી ગોળીએ ચોપડવું. ગોળી વધે નહી અને ફાંક સરખી થાય.

૧૧=અંતરગળ નરમ પડે=આકલગેરના આકનાં પાંતરાં કેળના પાંતરા જેવાં થાય તે ઉપર ગોળીના રસ લગાવી ગોળી ઉપર બાંધે તો અંતરગળ નરમ પડે છે.

૧૨=ઈંદ્રવરણાને ખુંદી લેપ બનાવી ૩ દીન સુધી ગોળી ઉપર બાંધે તો અંતરગળ નરમ પડે.

૧૩=હસેસ, હીરાદખણ, એલીઓ, હીરાબોળ, કપડછંડ કરીને સરસના પાણીમાં ગરમ કરી લેપનો પટો કરી લગાડવો.

૧૪=જીરાંના પાંતરાં, કાંકસીના પાતરાં, ૩ વાલ અફીણ મેળવીને લગાડે અથવા જીરાંપાક જાયુક ખાવામાં લેવો. પાક બનાવાની રીત—૫ તોલા સફેદ જીરું સેરડીના સરકામાં ૨૪ કલાક ખરમોટી રાખવું છાંયામાં સુકવવું પછી ૨ા તોલા સુંઠ અને મધ સાથે મેળવી પાક બનાવવો. ૦ાા તોલો પાક દર વેળા ખાવો.

૧૫=હીંગ પેટનો પવન બહાર કહાડે છે. આંતરડું ગોળામાં ઉતરી પડે ત્યારે કોઈવાર પેટનો પવન બહાર કાઢવાની જરૂર જણાય છે. તે વેળા ૧) વાલ હીંગ દરદીને ખવાડવી. હીંગમાં ઉંઘ લાવવાનો ગુણ છે.

૧૬=ઇંદ્રવરણાને ખુંદીને લેપ બનાવી ૩ દીવસ સુધી ગોળી ઉપર બાંધે તો અંતરગળ નરમ પડે.

૧૭=અંતરગળનો ઇલાજ—નવટાંક હળદ સુકી, ૫) શેર ચુનો ૧) મણ પાણીને કાચનાં વાસણમાં તેનું મોં બંધ કરી ઉકાળે પાણી બળી રહે ને હળદને સુકવી ચુરણ બનાવી તેમાંથી ૦૧ તો. સવારે રોજ ખાએ

૧૮=ત્રણ ધારવાળો કંટારીઓ થુવર તેના પાદડાં સેર ૧૦) લઇ તેને મીઠામાં આંથવાં; ત્રણ દીવસ પછી કહાડી તડકે સુકવવાં. તે પાતરાંને નીચેની વસ્તુઓ સાથે મેળવી અચાર બનાવવાં. પાતરાં આંથેલાં તેનું નીકળેલું પાણી જેટલું ખપે એટલું લેવું. સાજીખાર, સીંધવ દરેક નવટાંક, આંબાહળદ, રાઇ દરેક ૦ા એ ઓને શેર, સરકા સાથ મેળવવું ૧) રાત રાખી રાઇને ચઢાવવી તેની ઝેરેલું નીકળે ને પેલા પાતરાં તેની સાથે મેળવવા. કાચ અડસ્થો સરકાને બદલે સરસીઉં તેલ લીએ છે. તેલવાળું અચાર જલદી બગડતું નથી પણ જડપત થતાં અડચણ પડે છે. આ અચાર અંતરગળવાળાં દરદીએ રોજ ખાવું,

૧૯=તવર (આવર)ના પાતરાંને છુંદીને ગરમ પોટીસ કરીને ગોળી ઉપર મુકે તો આંતરડું પાછું ઠેકાણે જાય.

૨૦=તમાકુ અને સેળારસ ગોળી ઉપર બાંધવું.

૨૧=નવસારનાં પોતાં મુકે. ગોળી સંકોચાય અને આંતરડું ચઢે. ઉલટી વગેરે બીજાં ચીન્હો નરમ પડે.

૨૨=અંતરગળ માટે કેમોમાઇલનું તેલ ગોળીએ મસળવું.

૨૩=અજમો ચાર પઇસા ભાર અને ખારેકના ૧૭ ઠળીઆનું ચુરણ બનાવવું. ટળીઆને ઠીકરાં ઉપર ભુંજવાથી ભુકો જલદી થાય છે. આ ચુરણ બે આની ભાર રોજ પાણી સાથ બેવાર ખાવું.

૨૪=નમુરીને જરા નીમખ સાથ બાફવી તેને છુંદી લાહી જેવી બનાવવી. તેને લુગડા ઉપર લગાડી પટી બનાવવી તે પટી પેઢુ આગળથી ગોળી સુધી લગાડવી.

૨૫=આરંગ ગાઢ ઉતરે ત્યારે થંડા પાણીમાં ૧) કલાક બેસવું અથવા ૪) ફુટ ઉંચેથી થંડા પાણીની ધાર ગાંડ ઉપર પડવા દેવી, ૦। કલાક સુધી પડવા દેવી.

૨૬=કનતારીઆ થુઅરનો એક ફુટ જેવડો કુમલો કટકો લઇ તેની કાતરી કરવી, તેને ઘીમાં તળી ચુરણ કરવું આ ચુરણ ૦।। તોલો, લવંગ બે આની ભારમાં મેલવી દરદીને રોજ ખવાડવું.

૨૭=અંતરગળ માટે—મેથીનો આટો ધંતુરા ના પાનના રસમાં મેલવી લેપડી કરી ગરમ ગરમ, સોજા ઉપર મુંકી પાટો બાંધવો. ઘણા દીવસ આ ઇલાજ ચાલુ રાખે તો દરદ દફે થાય. ધંતુરો ન મળે તો પાન ચાલી શકે.

ઉંદરી=માથામાં ખોરો=લીખ=માથામાં જુ

૧=ભેંસના સીંગડાંની રાખ તેલમાં મેળવી લગાડે.

૨=પતોલના પાનનો રસ લગાડે તો ઉંદરી મટે, વાલ વધે અને નવા ઉગે.

૩=ઘોડાવજ પાણીમા ઘસીને ઉંદરી પર લગાડે.

૪=સાઇટ્રણ મલમ (નાઇટ્રેટ ઓફ મરક્યુરી મલમ) લગાડે.

૫=મોરથુથુ ૩) વાલ પાણી ૦। સેર એના પોતાં ઉંદરી પર મેલવાં પછી દીવેલમાં લુગડું બોળી ઉંદરી પર મુકે. ૪) દીન મુક્યા

કરે. આથી ઇંદરીના પોપડા નિકળી જાય. જો પોપડા ઘણા હોય તો ઇંદરી ઉપર ઘઉંના લોટની પોતીસ બાંધવી. પોપડા કાઢયા પછીજ નીચલા ઉપાય લાગુ કરવા.

આગરૂ-પીંદસ=નાંકમાંથી ચીપરા પડે.

૧=આગરૂ-મોઢામાંથી દુર સુધી બદબો જાય તે માટે-એરસાલ ચાર ભાગ, મોરથુથુ ત્રણ ભાગ, કાથો ૭ ભાગ, મેળવીને દાંત તથા પારાપર ઘસે.

૨=એરસાલ, ધમાસો, કાંટાસળીઓ સંભાગે ઉકાળી કોગળા કરે તો આગરૂ મટે.

૩ એરસાલ ચાર ભાગ સુંઠ આઠ ભાગ, કાંડો ચાર ભાગ. પાપડીઓ ખાર ચાર ભાગ ને ઉપલેટ ૭ ભાગ મેળવીને દાંતે ઘસે તો મોઢામાંથી નીકળતો ખરાબ વાસ દૂર થાએ.

૪=જાંબુના પાતરાં ઉકાળીને પીવાં.

૫=ઉપલેટ ૭ ભાગ, પાપડીઓ ખાર ચાર ભાગ મેળવી દાંત ઘસ

આગરૂ=ધુતિગંધા.

૧=[illegible] ખરાબ વાસ માટે; જાયફળ, જાવંત્રી, દમરાની માંજર અને પાન, [illegible]ર, ગોળ, સંભાગે ચણા જેવડી ગોળી બનાવે ૧) ગોળી રોજ ૩) વાર મોંઢામાં રાખે.

૨=આમળાના ભૂકા ના કોગળા કરવા. કોઇપણ કારણથી મોં આવે તે નરમ પડે.

અફીણનો અમલ છુટે અફીણનું બંધારણ છુટે.

૧=અફીણનો અમલ છુટે-અફીણ, હીંગ, સીંધવ, સરખે ભાગે લેવું અને સેકટાના ઝાડની છાલના રસમા ગોળી ચણા જેટલી બનાવી સવારે દીન ઉગતે રોજ ખાવી.

અફીણની તલબ નાગ-ગોખરાં ગાંજો, (હેરોઇન) ભરેમંદીના બી તથા પાતરાં હુકામાં પીવાં.

૨=અફીણનું બંધારણ છુટે-ટીંકચર કેપસીકાર્ફ ૪ ડ્રામ, પોટાસ બ્રોમા ઈડ ૪ ડ્રામ, સ્પીરીટ એમોનીયા આરોમેટીક ૩॥ ડ્રામ, કપુરનું પાણી આઉંસ ૬. એ ત્રીજોને મેળવીને બબે ડ્રામ બબે

અફીણ અમલ છુટે.

ચોપ ચીની ૦। અથવા ૦॥ તો રોજ દુધમાં ઉકાળી પીવો. અથવા ચોપચીનીનું ચુરણ ૦॥ તો૦ ઘી સાથે ખાવું.

આધાસીસી=અરધું માથું દુઃખે તે=આધાશી.

૧=ચનોટીના મુળને પાણીમાં ઘસીને જે બાજુ દુઃખે તે બાજુના નસકોરામાં સુંઘવાથી ત્રણ દીવસમાં દુખ દફે થાય.

૨=ગળોનો રસ ૨॥ તોલા, મધ ૧ તોલો સહવારમાં ખાવો.

૩=ગરણીના મુળ પાણીમાં ઘસી તેના ટીપાં પાંચ નાકમાં નાંખવાં.

૪=તલનો ખોળ, વાવડીંગ પાણી સાથે લેપ કરી માથે લગાડવું.

૫=તુળસીના પાતરાં ૩) મરીના દાણા ૩) એ બંનેને ઝીણી કપડામાં મુકી પોટલી કરવી. તે પોટલી પાણીમાં બોળીને સુંઘવી.

૬=આકડાનું કુમળું પાતરું લઇ તે ઉપર ગાયનું ઘી ચોપ-ડવું. અંગાર ઉપર જરા ગરમ કરી મસળવું. અને લુગડામાં તે ચટણી મુકીને તેના ૪ ટીપા નાકમાં નાંખવા, નાકમાં જરા અમલ બળે, અને નાકમાંથી ફફ પડે.

૭=તુળસીના પાતરાંનો રસ ટીપાં ૩ નાકમાં મેલવાં, અગન બળે તો નાકે ઘી લગાડવું.

૮=દુધ સાકરને બદામની ખીર ખાવી.

૯=તુલસી અને ધંતુરાનો રસ સમભાગ મેળવીને સુંઘે તો તત્કાળ માથું ઉતરે છે.

૧૦=તલ અને દુધ વાટી લેપડી કરી માથે મુકવી

૧૧=પારસ પીપળીના ડાંડવા પાણીમાં ઘસી માંથાપર લગાડવાં.

૧૨=આધાસીસી માટે લવંગ સ્ત્રીના દુધમાં ઘસી કપાળે લગાડવું.

૧૩=ભાંગરાનું મુળ આમનના પાણીમાં ઘસી કપાળે લગાડવું. કેરીના મરવા સ્ત્રીના દુધમાં ઘસી, જે તરફનું માથું દુખે તે તરફના નાકના નસકોરામાં ટીપા મુકવાં.

આધાસીસી માટે લુબાન ૦॥ તોલો, કમોદનાં ચોખા ૨) તોલા, સુખડના વસાણા, લીંબુનો રસ મેળવી કપાળે લગાડવો.

૧૪=ગરણીના મુળને પાણીમાં ઘસી તેના ટીપાં પાંચ નાકમાં નાંખવા.

૧૫=આકડાના મુળના ધુમાડો નાકે લેવો

૧૬=મેથુરીના પાંદડાનો રસ બાંચ ટીપાં નાકમાં નાંખે તો નાકમાંથી રસ નીકળે. અને માથું નરમ પડે

૧૭=માંગરાનું મૂળ આસનના પાણીમાં ઘસી નાકમાં લગાડવું.

૧૮=ગાયના દુધની મલાઇ સવારે ભુખે પેટે ખાવી અથવા ગાયનું દૂધ, બદામ સાકરની ખીર બનાવીને ખાવી.

૧૯=જે તરફનું અર્ધું માથું દુખે તે તરફના કાનમા જમાલ ગોટાના બીનું મગજ લીમડાના પાનમાં ઘસી નાંખવું અથવા એ ઘસારો આંખના પાગણુપર લગાડવો અથવા અથવા કાનમાં ઘી તાવીને નાંખવું.

૨૦=ભાંગરાનો રસ અને બકરાનું દૂધ મેલવીને લગાડવું અથવા રસમાં મરી વાટી માથે લેપ કરવો.

૨૧=આકડાના પાકાં પાન જે પોતાની મેળે ખરી પડે તેની ઉંધી બાજુએ તેલ લગાડી ગરમ કરે. તેને દાબવાથી પાણી જેવાં ટીપાં પડે તે ટીપાં પાંચ જે બાજુથી માથું દુખતું હોય તે બાજુના નાકના નસકોરામાં નાંખવાં, ૩ દીવસ રોજ ૧ વાર નાંખવાં, નાક ઝરીને ફાયદો થશે.

૨૨=ગાયનું ઘી રોજ બે વાર નાકમાં મુકવું.

૨૩=ગોળ તોલો ૧. ઘી ના તોલો મેળવી રોજ સવારે ખાય. અને કાળાતલની લેપડી દુધમાં બનાવી માથે મુક.

આધાશીશી માટે—રતનજોતના અથવા નેપાલાનાં બીને લીંબુના રસમાં ઘસી ભમર (ભવાં) ઉપર ચોપડે તો તરત દુખાવો મટે.

૨૪=સવારે કાગડા બોલે તે અગાઉ ખીચડી બનાવવી. ત્રણ નવાળા (મુક) થાય એટલી ખીચડીમાં નવટાંક ઘી નાંખી તે ખીચડી અંધારે અંધારે ખાઇ લેવી તેથી દરદ દફે થશે. દરદીને ફકત સમજાવવા દવા તરીકે ખાંડનું અથવા મીઠાનું ૧ વાલ વજને પડીકું ખાચડીમાં નાખવા આપવું—તેને સમજાવવું જે આ પડીકામાં દવાનો ગુણ છે.

૨૫=તુવરની સુકી દાંડીનો ભુકો અંગારપર મુકી તેનો ધુંમાડો નાકે લેવો.

૨૬=કડવા દોધીનો રસ અથવા કડવાં દોધીના સુકાગરને પાણીમાં ચોળીને તે પાણીના નાકમાં ટીપાં મુકે તો અમન બળે પણ કાંઇ નુકસાન થાય નહીં.

ઉપલેટ, ધોડાવજ, લોબાન પાણીમાં ઘસી કપાળે લગાડે અથવા નવસાર પાણીમાં પીગળાવી ચુનાની એક કટકી તેમાં નાખી તેને શીશીમાં બંધ કરે અને તે શીશી સુંધે.

આધાસીસો=આદાસી.


આધાસીસી=અરધું માથું દુઃખે.

૧ બકરીના દુધમાં સુંઠ ઘસી ૧) ટીપું નાખે લગાડે.

૨ ઘી અને કેસર મેળવી નાખે મુકે. તલને દુધમાં વાટી તેની લેપડી માથે મુકે. ૫) તો. કાળી દરાખને પાણીથી ધોઇ પાણીમાં આખી રાત ભીંજવી રાખે સવારે તેનો રસ કાઢે અને પીએ. ૫) દીન સુધી ગોરખ મુંડીનો રસ તથા કાળાં મરી મેળવી પીવું. વાલપાપડીના ફુલ પાણીમાં ઘસી માથે લગાડે. પીતના જોરથી આધાશીશી થાય તે માટે ગળોનો રસ અને સાકર ઉમદા છે, પીતના દરેક દરદોને એ હાએ છે. બકરીનું દુધ અને ભાંગરાનો રસ તડકે મુકે, તે નાખે સુંધે. સમુદ્રફળને પાણીમાં ઘસી સુંઘે નાખમાંથી પુષ્કળ કફ નિકળે. નેપાળાનું પાન, જે બાજુ દુખાવો થાય તે બાજુના આંખના ભવાના ઉપલા ભાગ પર એઆની જેટલું પાન મુકે. ત્યાં છાગરો ઉઠે તે ફોડે. અઘાયાંની રાખને આકરાના દુધથી ભીંજવે, તેને સુંકવ આદુનો રસ નાંખે લગાડે. પીપર, મરી, લોધરનું સંભાગે ચુરણ સુંઘે.

૩=અઘેડીને પાણીમાં ઘસી ૧) ટીપું નાખે મુકે આ ઇલાજ રામબાણ છે.

૪=દક્ષિણ તથા ઉત્તર તરફ ઉભા રહેવું. જમીનપર ૭ લીટા આડા પાડવા, (ઉગમનથી તે આથમન સુધી) પછી દક્ષીણથી ઉત્તર સુધી ૭ લીટા પાડવા.



લીટા પાડનારનો ઓળો લીટાવાળી જગા ઉપર પડવો ન જોઇએ. તેથી સુરજની બાજુપર એટલે પૂર્વ પશ્ચિમ ઉભા ન રહેવું.

આધાસીસીવાળા દરદીને સુરજની બાજુએ ઉભો રાખવો. માથા ઉપર જે જગાએ દુખાવો થતો હોય ત્યાં દરદીએ પોતાની આંગળી મુકવી. તે આંગળીને સુરજ સામે રાખવી તે આંગળીનો ઓળો ઉપલા જંતરના વચમા લાવવો. જ્યાં મીડું છે ત્યાં લાવવો. તે આંગળીનો આ જંતરમાં પડે ત્યાં એક ખીલો દાટવો તેથી દુખાવો નરમ પડે.

આધાસીસી=અડધુ માથુ દુખે.

૧=વડ નગરી મીઠું પાણીમાં પીગળે એટલું પીગળાવવું. તે પાણીના ૫) ટીપાં નાખના ફોફરામાં નાખવાં જે બાજુથી માથુ દુખતુ હોય તેની સામેની બાજુના નાકના ફોફરામાં મુકવાં.

૨=જે બાજુ માથું દુખતું હોય તેની સામેની બાજુના નાખના ફોફરામાં અગતીઆ ઝાડના પાનનો અથવા ફુલનો રસ નાંખવો.

૩=સરપંખાનું મૂળ પાણીમાં ઘસી માથે લગાડે.

૪=કાંસોદરી, રેસમડી, કસુંબડી; એના પાન રેસમજેવા સુંવાળા છે, ફુલ પીળાં છે, એના પાન વાટી લેપ કરવો.

૫=કાલીજીરીની સુકીસોટીને સળગાવી નાખવાટે ધુમાડો લેવો.

આંગળ પેરો.

હાથીદાંતના વેહમાં દીવેલ નાખી ગરમ કરી તેની પોટીસ આંગળાપર દરદવાળી જગાએ બાંધે.

આંગર પેરાના દરદ ઉપર જીવતો દેરકો બાંધે તો અગન ચુસીલીએ.

આંકરાં શરીરે.

આંકરાં શરીરે આવે તો બકરીનું દુધ માખણ અથવા ઘી ખુબ ઘસવાથી આંકરા બંધ પડશે. વધુ વખત આ ઇલાજ ચાલુ રાખવાથી ફરીથી આંકરા આવશે નહીં.

———:(॰):———

આફરે.—આફળો.

૧=આફ્રળો, ઝાડાનો કબજીઆત, પેટમાં કરમ માટે કંપીલો ૦। તોલો અથવા વધુ વપરાય છે.

૨=ઘણું ખાધાથી આફ્રરો થાય ત્યારે થુવરનું દુધ પાપડ ઉપર ચોપડી, તે ભુંજીને દરદીને ખવાડે તો પુષ્કળ ઝાહડા આવે અને આરામ થાય.

થુવરની જાતો—હાંડળીઓ (ખરસાણીઓ) જુંગળીઓ, હાથલો, ત્રીધારો અને ચોધારો એટલી જાતના થુવરો છે.

કંઠારીઓ થુવર પાંચ ખાંચવાળો છે અને તેના પાતરાં માણસની જીભના આકારના છે, એનું દુધ ઘણું ગરમ અને ચીકાસવાળું છે. ગુંદર તરીકે કાગળ વળગાડવામાં ચાલે છે. એનુ દુધ સુકાઇને કટકા બને છે, તે જુલાબ માટે ખાવામાં અપાય છે, શરીરે ચોપડવાથી ચામડી લાલ થાય છે.

૩=બાળકને આફ્રરો=મરડો, અતિસાર માટે દીવેળ ઘણું ઉપયોગી છે; પીવામાં આપે તો બહુ ફાયદો થાય.

૪=સુવાની ભાજીનો રસ ૧) તોલો પીવાથી, પેટનો આફ્રો અને વાયું મટે.

જાયફળને લીંબુના રસમાં ઘસીને ચાટે.

આમન બહાર આવે=સ્ત્રીની જાત ખસે તે માટે.

૧=આમન તથા બાઈરાંની જાત બહાર નીકળી આવે તો ૨૦૦) બસે વરસની જુની ઇંટ ૨) તોલા અને અસારીઓ ૧॥ તોલો છુંદી પોટલી કરીને ઉપર મુકે તો આમન વીગેરે બેસી જાય.

૨=કેવડાની જડનો રસ એક ચમચો તેરો મલમ બનાવીને; લગાડવો.

૩=કણુતોલાંના કણુની લેપડી મુકે તો આમણુ બેસી જાય છે.

૪=ધાવડીના મુળનો ભુકો આમણુ ઉપર દબાવે તો આમણુ બેસે.

૫=છાણુ ગરમ કરી બહાર નીકળતાં સફરાના આમન ઉપર મુકે તો સફરો અંદર બેસી જાય છે.

૬=હરડે બેડાં, આમળાનુ ચુરણુ ૧) ભાગ, ચાક ૨) ભાગ દાબે તો મટે.

આમન.

બાલકોને આમન બહાર આવે ત્યારે સફેદ કમળના ફુલના પાનને સુકવી તેનુ ચુરણુ સાકર સાથ આપવાથી અજબ પરીણામ આવે છે.

આમન તથા સ્ત્રીની જાત બહાર નિકળે તે માટે.

૧=કમળ ફુલ અને સાકર ખાવી (એનો ગુલકણુ બનાવી રાખી સકાયે)

૨=જાંબુડાના અથવા આંબાના પાન પાણીમાં ઉકાળે તેમાં લુગડું ભીંજવી આમન પર મુકે.

૩=ભાંગની પોટીસ મુકે.

૪=મહેંદીના પાનનો રસ આમન પર ચોળી આમન અંદર દાબે તો પાછુ બહાર ન આવે

કેવડાના પાનનો તથા દાખળીનો રસ લગાડે.

ઉંદર જાનુવરનું તેલ ગુદદા પર લગાડે તો આમન બેસી જાય.

ઉંદરનુ તેલ બનાવવાની રીત.

ઉંદરનું માંસ ૧) સેર. પાણી (૮) સેર ઉકાળી ૧) સેર રાખે તેને ગાળે, અંદર ૧૦) તોલા તલનું તેલ નાખી ઉકાળે પાણી બળી રહે ને તે ગાળી લીએ.

અગ્રોટીના પાનનો રસ લગાડે.

હીંગ ૧॥ વાલ, અતિ વીખ ૦॥ વાલ, અજમોદ ૧॥ વાલનું ચુરણ બનાવી ૧) વાલ દહી સાથ (૩) દીવસ ખવાડે.

રૂમી મસતકી ૦। તો. કલઇસફેતો ૦॥ તો. માયુફળ ૦॥ તો. એનુ ચુરણ આમનને લગાડી આમનને અંદર દાબે. વડના ઝાડની ચંદરણ કુમળીનો રસ કાઢી તેને ઉકાળી ઘટ (ઘનસત્વ) બનાવે તેની સાથ સંખજીરૂ મેળવી ખવાડે. કારેલીના મળને ચોખાના ધુણમાં વાટી લગાડે.

કેવડાના મળનો રસ તેલમાં ઉકાળી, પાણી બાળીને તે તેલ લગાડે.

કુકરોંધાના રસ અને ફટકડીનું ઘટ પાણી (પાણીમાં ફટકડી પીગળે એટલી પીગળાવી તેનું નીતરૂપાણી) મેળવી તેમાં લુગડું ભીંજવી મુકે.

અળાઈ દુર થાય, બફાળો ઓછો થાય, ઉકળાટ નરમ પડે—ઉનવા બળતરા શરીરે બળે.

૧=અળાય દુર થાય, બફ્ફાળો દુર થાય—તાપના દીવસમાં પાણી તડકે ગરમ કરી નાહવું.

૨=અળાઇ મટે—શરીરપર અળાય થાય ત્યાં નાળીએરની કાટલીનું તેલ મસળે.

૩=ચણાનો લોટ શરીરે મળળીને નાહવું. પીપળાની છાલ અને ઇંટ વાટીને લગાડવી. આંબાના પાન અને ગૌ મત્ર શરીરે લગાડવું.

કુવાડીઆના બીનું ચુરણુ દહીમાં મેળવી લગાડવું. ડાંડળીઆ થુવરની રાખ પાણીમાં લગાડવી. મગની અને વાંસની દાળની રાખ સરસીઆ તેલમાં લગાડવી.

પાપડખાર ટંકખાર ગૌ મુત્રમાં લગાડવો. આંબાના છાલની રાખ મસળવી. પારસ પીપળાના દોડવામાંથી પીળો પદાર્થ નીકળે તે લગાડવો.

ગુલાબના ફુલ ચોખા સાથ રાંધી ખાવું.

અળાઇ=ઉનાળાની ગરમી=ફુનસી,

૧=આંબળા ૪) ભાગ તોપરૂં ૨) ભાગ કપુર કાચલી ભાગ મેળવી પાણી સાથે વાટી સરીર પર લગાડે.

૨=આમલી પાણીમાં વાટી અળાઇ પર લગાડે.

૩=કેરીનો રસ લગાડે.

૪=સોના ગેરૂ ગુલાબ જળમાં મેળવી લગાડે. જસટની ખાક અથવા ઝીંક ઓકસાઇડ પાણીમા લગાડે.

૧=શરીરની ગરમી તથા ઉકળાટ—શરીરની ગરમી મટાડવા માટે આમલા, ૦। તોલો, કાળી દરાખ ૦॥ તોલો અને મધ ૧ તોલો એ સર્વેને પાણી સાથ મેળવી ગાળીને પીવું તેનાથી શરીરનો ઉકળાટ નરમ પડે છે.

ઉદાસસી દલગીરી ઘેલાપણું-ગમગીની

૧=જીવ ખુશમાં રહે--મનની ઉદાસી મટે--અરડુસી, બહાણુી, વજ, હરડે સમભાગે મેસવી તેમાંથી સહવાર અને સાંજ અરધો તોલો ફાકે, અને ઉપરથી પાણી પીએ તો જીવ ખુશીમાં રહે છે. એનો આસવ કરીને વાપરી શકાય છે.

૨=મગજને ખુશ રાખે મગજની શાંતિ રહે—કપાસીના ઝાડના ફુલનું સબરત પીવામાં લેવું.

ઉદાસી ગમગીની.

લોહ ભસ્મ ૧) જેઠીમાસી ૪) ઇંગ બે એના ૭) વાલની ગોળી બનાવી ખાએ.

ઉલટી ઓકારી બંધ પડે

૧=ઉલટી બંધ થાએ— કરોળીઆના સફેદ પડને ગોળ સાથે મેળવી દરદીને ખવાડવું.

૨=આંકડાના પાંતરાનો ભુકો એક વાલ મધ સાથ ચાટવો.

૩=ઉલટી–બચ્ચાંઓને થાય ત્યારે ચુનાનું પાણી દુધ સાથ પીવાડે.

૪=તાવ, ખાંસી, ઉલટીમાં અતિવીષ બચ્ચાં માટે ખાસ છે. માત્રા એક વાલથી બે વાલ સુધી મધ સાથે આપવી.

૫=ઉલટી અથવા ઓકારી—તુળસીનો રસ ૦। તોલો ગોપીચંદન બે આની ભાર મેળવી પાવાથી ઉલટી મટશે.

૬=ઉલટી થવા માટે—બે આની ભાર દુધીઆ વજનો ભુકો પાણી સાથ પીવાથી ઉલટી થાય છે.

ઉલટી થાય––મીંઢળનો ગર્ભ દરદીને ખવાડી જેટલી વાર ગરમ પાણી પાએ તેટલી વાર ઉલટી થાએ.

૭=ગર્ભણી સ્ત્રીને ઉલટી થાએ ત્યારે કલંબો ૨ થી ૪ વાલ ખવાડવો.

૮=નાળીએરની ચોટલીની રાખ ૧ વાલ, મધ સાથ ચટાડવી.

૯=આંકડાના પાંતરાનો ભુકો અરધો વાલ મધ સાથે ચાટવો.

૧૦=તંબુરીના પાનનો રસ એક તોલો પીવો, અથવા ભમરીના ઘરની માટી ૪ વાલ ગરમ પાણીમાં પીવી.

૧૧=આદુ અને કાંદાનો રસ એકેક તોલો પીએ તો ઉલટી બંધ થાએ.

૧૨=કડવી ગરતુંબીનો ગર ખાધાથી ઓકારી અને જુલાબ આવે છે.

૧૩=જીરાંની ધુંઇ નાંકમાં લેવાથી ઉલટી બંધ પડે.

૧૪=ચોખાના ધોવણમાં જાયફલ ઘસીનેખાવાથી ફાયદો થાય.

૧૫=ઉલટીમાં લોહી પડે તે બંધ થાય––જેઠીમધ અને સુખડ દુધમાં ઘસીને દરદીને વારંવાર પાવું, ખોરાકમાં દુધ અને ચોખા.

૧૬=ઉલટી=આફરો મટે—સોવાની ભાજીનો રસ ૧) તો. પીવો.

૧૭=દાણા વગરની દરાખ ચાર માસા મધ સાથ ખાવી.

૧૮=ઉલટી બંધ પડવા માટે—બે વાલ મોમીઆઇ ગરમ પાણીમાં મેળવી પાવી.

ઉલતી.

૧=તો. અડાયાંની રાખને ૦ા શેર પાણીમાં મેળવે. તેનું નિતરૂ પાણી દવા તરીકે પીવું. આદુ અને તુલસીનો રસ, મોરના પીછની રાખ ૧) વાલ મધ સાથ ખાવી. બાલકને કરમની ઉલતી થાય ત્યારે ૧) અથવા ૨) ચમચી ચુંનાનું પાણી મધ સાથ પાવું.

ઉળતી=ઓકારી.

• ઉલતી કરવા માટે અંગ્રેજીમાં ઇપેકકયુના વપરાય છે તેમ વૈદ્યોમાં, કડવાં તુરીઆના મગજનુ ચુરણુ ૩ થી ૪ વાલ અપાય છે.

ઉલતી આવે—ઘોડા વજનું ચુરણ ૫) વાલ ખવાડે તો ઉલતી આવે. વધારે ખવાડે તો નુકસાનકારક છે. ઉલતી થાય ને બંધ પડે નહીં.

મામીઆઈ, મમુર્ઈ, (બનાવટી)

બનાવતી મોમીઆઇ—રાલ શેર ૧, બીલામું શેર ૦ા એ બન્નેને ખાંડતા જવું અને ૦ા શેર તેલ આસ્તે આસ્તે મેળવતાં જવું. માટીના વાસણમાં મુકી ચુલે ચઢાવવું. ઉભરો આવ્યા પછી ૨ તોલા હીંગળો નાખવો, અને લાકડીથી હલાવવું. ઉભાણુ આવે, સઘળું કાળું બને એટલે થડું પડવા દેવું. વાસણુ કાઢનું ભાંગી અંદરના મોમાઆઇના કટકા કરવા.

૧૯=ઉલટી બંધ પડે—મગની પકાવેલી દાળનું પાણી (ઓસામણુ) પીવું.

૨૦=ઓકારી માટે—મોરના પીંછાની રાખ એક વાલ મધ સાથ ખવાડવી.

૨૧=ઉલટી, ઓકારી માટે—મધપુડાનું ચોખું મીન મધ સાથ મેલવી ખવાડવું.

૨૨=ઉલતી બંધ કરવા ૪) લવંગ ચાવી ખાવાં.

૨૩=ઉલટી બંધ કરવા માટે લુબાનની ધુંપ આપેલા વાસણમાં ગરમ પાણી નાંખી તે થંડુ પડે ને દરદીને પાવું.

૨૪=ઉલટી માટે ૧) તો. વરીઆળી ૨૦) તોલા પાણીમાં ભીંજવી રાખી તે પાણી દરદીને પાવું.

ઉળતી=ઓકારી

ઊલતી કરાવા માટે અંગ્રેજીમાં ઇપેકકયુના વપડાય છે તેમ વૈદામાં, કડવાં વેરીઆના મગજનું ચુરણુ ૩ થી ૪ વાલ અપાય છે.

ઊલતી આવે—ગોડા વજનું ચુરણ ૫) વાલ ખવાડે તો ઊલતી આવે વધારે ખવાડે તો નુકશાનકારક ઊલતી થાય ને બંધ પડે નહી.

ઉભતી થતી અટકે

૧ કપુરકાચલીની ૧) વાલ જેવડી ગોળી પાણી સાથ ગળે.

૨ ૧) વાલ લુબાનના ફુલ મધ અથવા પાન સાથ ખાએ.

૩ મોરના પીછની રાખ, પીપર સંભાગેનુ ૨) વાલ ચુરણ ખાવું.

૪ સોનાના વરકનું ૧) પાણું માખણ સાથ ખાવું.

૫ કાઠના માવાની ભુકી ખાંધી.

૭ આમળાનો રસ, પીપર, મધ સાથ ખાવું.

૮ હીંગ અને અડદ અંગાર ઉપર મુકી ધુંઇ લેવી.

૯ સોપારીના ફળ ઉપરની છાલની રાખ મધ સાથ ખાવી.

૧૦ મકઇના ખાલી ડુંડવાની રાખ મધ સાથ લેવી.

૧૧ સખત ઉભતી બંધ પડે—પીપળાના છોડાંની રાખ પાડે તે ૧) સેર ગરમ પાણીમાં રાખી ૨) કલાક પછી નિતરૂં પાણી પીવામાં લેવું. ૦। અથવા ૦॥ સેર પાણી પીવું. ચમતકારીક ઈલાજ છે, ખાધા પછી ઉલતી પીતના કારણે થાય તો ૦॥ તો. કમળકાકડીને પાણીમાં વાટી પીવી. અથવા તમક તજની ગોળી ખાવી. બાનાવત માટે જુઓ "ઉંઘ આવે." ઝેરી કોપરૂ બે વાલ પાણી સાથ ઘસી સાકર મેળવી ખાવુ. નાળીએરની કાચલી ૧) વાલ પાણીમા ઘસી ખાવી. કપાસની જડની દાંડીની રાખ ૦॥ તો. પાણી સાથ લેવી.

નેતરની લાકડી પાણી સાથ ઘસવી. ૩] તોલા ઘસાડો પીવો. ખાધા પછી ઊલતી થાય તે માટે "તમક તેજની ગોળી" લેવી. બનાવત માટે જુંઓ "ઊંઘ ન આવે."

અછબદા=ઓખો.

અછબદા અને ઓળી આના તાવ માટે અગત્યા ઝાડના છાલનો ઊકાળો પીવો.

હીંગવાળુ અડદનું સાક, શેકેલા ચણા, તુવરનું ઓસામણ એમાંની એક ચીજ ખાવાથી ઓળીના તાવના બળતરા શાંત થાય;

આડાયા છાણાનો ભુકો સરીરે લગાડવો.

માથે આવેલી સ્રીનો છાયો ન આપવો. ૧૪ દીન પછી નહવાડવું. ત્રીફળાં સાકર ખવાડવી. ઘી બંધ કરવું. છાસ ચોખા ખવાડવા.

ઉધરસી=ઉંટાંટીઉં=વાવરી.

૧=વાઇન ઇપેકેકયુનાના બે ટીપાં પાણી સાથ દીવસમાં ત્રણ વાર પાવાં.

૨=ગોરૂચંદન ૧) ચોખા જેટલું માતાના દુધમાં ઘસીને દર ત્રણ કલાકે પાવું;

૩=ગાય નામનું એક જીવ જંતુ છે, જે સોનેરી રંગનું પતંગીઉ છે, જે પહેલો વરસાદ પડતાં ખેતરોમાં તથા વાડ પર પાકે છે; જેને કુંકાંની સાથે મેળવી દાબડીમાં રાખે તો ઘણો લાંબો વખત જીવતું રહે છે, તે પતંગીઉ ૧) અથવા અરધું ગોળમા મેળવી બાલકને ખવાડે તો સસણીવાળા બાલકને ફાયદો કરે.

સસણી માટે બામ નામનો છોડ ભીનાસવાળી જગા ઉપર આખું વરસ રહે છે તેનું ૧) પાન જમીનમાં રોપે તો છોડ ઉતપન થાએ. એના પાનનો સેક બાલકની છાતીએ અને પેટપર કરે. અથવા એ પાનના પાંચ ટીપાં મધ સાથ બાલકને ૧) વારજ પીવાડે.

૪=જુઓ ' સસણી '–' વાવરી '

ઓજ ગળતી બંધ થાય.

સરેકા, મધ એકેક તોલો પાણી ૦ાા સેર મેળવી કોગળા કરવા.

ઉંઘમાં બકારો.

ઉંઘમાં બબડે તે માટે—ા તોલો સુનામુખી રોજ પાણી સાથ પીએ.

ઉંઘ આવે=નીંદ આવે.

૧=ઉંઘ લાવે—ઉંઘ કમી થતી હોય તો પીપરીમુળનું ા તોલો ચુરણ ગોળ સાથ રાત્રે સુતી વેળા ખાવું અથવા તેની ચાહ બનાવી પીવી. આ ઘણો જાર્ણીતો ઇલાજ છે.

૨=ઉંઘ આવે. સેદરડીના છોડ થંડી જગા ઉપર થાય છે. રામ તુલસીના પાન જેવાં એના પાન છે. એના મુળની તોપી બનાવી રાત્રે સુતી વેળા પહેરવી.

ઉંઘ કમી થાય.

ઉંઘ પુસ્કળ આવતી હોય તો કમી થાય. કાળાં મરી ઘોડાની લાદમાં ઘસી અંજન કરે, અથવા ઝેર કચુરાનું ચુરણ ૦ાા વાલ મધમાં રોજ ખાએ.

ઉંઘ લાવવા માટે અફીણુ બાર વાલ, તુકમે કાહુ ૩૦ વાલ, કાળી મરી ૩૦ વાલ, પીપર ૪૦ વાલ, સુંઠ ૪૦ વાલ બાવરના ગુંદર સાથ એકેક વાલની ગોળીઓ બનાવી તેમાંની એક ગોળી રાત્રે સુતી વેળા ખાવી.

ઉંઘ લાવવા માટે રતાંજરી ગુલાબમાં ઘસી વારંવાર ૫) દીવસ સુધી કપાળે લગાડે.

૩=ઉંઘ લાવવા, હાફણુ નરમ કરવા, શરીરે થતું દરદ ઓછું કરવા અને મીઠી પીસાબ માટે અફીણુ ખાવામાં આપે છે.

૪=જાયફળમાં ઉંઘ લાવવાનો ગુણ છે. ગુલાબજળમાં ઘસી બચ્ચાને કપાળે લગાડો તો બચ્ચું ઉંઘાય જાય છે. જાયફળ ઘણું ખાવાથી ઝેર ચડે છે.

૫=તુખમે કાહુ—ઉંઘ લાવે છે. મગજનું ઘણું કામ કરના-નારાની ઉંઘ ઉડી જાય છે, તેને એની ચાહ પીવામાં લીધાથી ઉંઘ આવે છે. બચ્ચાને બે ઘઉં ભાર અપાય છે. આના છોડમાંથી દુધ નીકળે છે.

૬=ઉંઘ—રાતરે સુતી વેળા ભેંસનું દુધ ગરમ કરી તેમાં જાયફળની ભુકી નાખી પીએ તો ઉંઘ શાંતિથી આવે છે.

૭=ઉંઘ આવે—ભાંગ સેકીને ચુરણ બનાવે. ૦॥ વાલથી વધારે તે ચુરણ સાકરમાં મેળવી દરદીને ખવાડે.

૮=ઉંઘ આવે—અળસીનું તેલ અને દીવેલ સંભાગે મેળવી પગના તલીઆને લગાડે અને કાંસાના વાટકાથી પગપર મસળે.

ઉંઘ આવે=નિંદ્રા આવે

૯=આગિદનાપાન સરકામાં બોળી રાતના ખાના સાથ રોજ ખાવાં

૧૦=હરડાં, બેહરાં, અને આમળાનું ચુરણ ૦॥ તો. રોજ ખાવુ

૧૧=ઝેહેર કચરાને સેકી ઉપરની ચામડી તા. અંદરનું બી કાહડી નાખી તેનું ચુરણ ૦॥ વાલ રોજ ખાવું—

૧૨=સેકેલી ભાંગ એક વાલ રોજ ખાવી મધ સાથે ખાવી

૧૩=પીપળી મગના ગચોડા ૮) માસા રાતરે સુતી વેળા ખાવા

૧૪=ચીની કબાલા બેઆની ભાર સુતી વેળા ઘી સાથ ખાવા

૧૫=માંદગીમાં ઊંઘ ન આવે ત્યારે; શુધ્ધ હીંગલોક ૧) ગંધક-૧૬) અફીણ. ૪) અક્કલઘરો લવંગ, કેસર, જાયફળ, પીપળ જાવતરી (અથવા જાઈનાફુલ) ૦। એની ગોળી ૦॥ વાલની બનાવી સુતી વેળા ખાવી.

૧૭=ઊંઘ શાંત ન આવે વિચાર ઉપર વિચાર આવે તો ટાળવે અને કપાળે ઘી ઘસે.

૧૮=બકરીના દુધમાં વરીઆળી વાટી આંખ ઉપર લેપડી મુકે

૧૯=નમકતેજની ગોળી. વાપરે એની બનાવટ મરી ૨) ભાંગ ૧) જુનો ગોળ ૪) લેવો. ભાંગમાંથી બીજ અને દાંખલી કાઢી નાખીને લેવી, તેને પાણીથી ધોવી, સુકાવીને તાંબાના વાસણમાં સેકવી. આ બધાને મેળવી મગ જેવડી ગોળી વાળવી. ૧) થી ૨) ગોળી પાણી સાથ આપવી ઉપરથી દુધ પીવું—ગરમ કરી પીવું. નિદ્રા ન આવે, સ્વપના થાય, ગમગીની આવે, ખાધા પછી તરત ઊંઘતી થાય, યાદદાસ્તમી ઓછી હોય, તે માટે ઘણી ઊપયોગી છે. આ ગોળી દર મહીને તાજી બનાવે.

૨૦=બાલકને ઊંઘ આવે—સ્ત્રીના દુધના ટીંપા નાખમાં લગાડે.

૨૧=ગરમ પાણીનો બાફ લેવો.

૨૨=થંડા પાણીથી નાહવું.

૨૩=પીપરીમુળ ૫) તો. ટંકણ પાટીઓ ફુલવેલો ૧) તો. લીંડી-પીપર ૧) તો, ભાંગનું ચુરણ ૧) વાલ ૧) તોલો એનુ ચુરણ વાલ બે અથવા ખપે એટલું રોજ બે વાર ખાવું.—

૨૪=ડાંડીવાળા થુઅરનું પાન લેવું. તે ઉપર ઘી ચોપડવું તેને તલના તેલના દીવા ઉપર રાખવું મેંસ પડે તે એકઠી કરવી. આ મેસ સુતી વખતે આંખમાં આજે.

૨૫=ઊંઘ લાવવા માટે ૧) વાલ બરાસ કપુર ખાય. (Chlaretone ઊંઘમાટે આપે છે તેમાં કપુર છે)

૨૬=સીતાફળના પાનનો પાણી સાથ કાઢેલો રસ ૬) તો આમળા મધ ૧) તો. સાથ પાએ ૧) કલાકમાં શાંતી થાય.

બોરાસાંની અજમાંનો તકીઓ માથા તળે સુતી વેળા રાખવો.

ઉનવા=દાહ બળે.

૧=ઉનવા—શરીરે બળતરાં બળે ત્યારે ૧ તોલો આમલાને ॥ શેર પાણીમાં ॥ કલાક ભીંજવી, તે ગાળી અંદર સાંકર નાખી પીવું.

૨=તુકમરીઆના બી ૨) તોલા, સાકર ૪), તોલા, પાણી શેર ॥ એને ૩) કલાક પલળવા દઇ ગાળીને પીવું.

૩=દાહ બળે—આમળાનું પાણી શરીરે ચોળવું. અને આમળાના પાણીથી નાહવું.

૪=તે જગા ઉપર ઘાસમાં ભીંજવેલું લુગડું મુકવું.

જુઓ "બળતરાં બળે." "દાહ બળે."

ઊંદરી માથાની

ઉંદરી માટે=લીંબોડીનું તેલ લગાડે. લીંબોડીના મગજને ખુંદી ઘાણે તો તેલ નીકળે, અથવા મગજને ખુદા પાણી સાથ ઉકાળે તો તેલ નીકળે.

૨=અગીશુ અને માંખનો અગાર પાણીસાથ મેળવી ને માથે લગાડવો.

૩=કાચા ચણાને બાળીને રાખ કરીને અને તેલ સાથ મેળવીને લગાડે.

૪=કેરીનો ચીક, લીંબુના રસ સાથે મેલવીને માથાની ઉંદરી વીગેરે ચામડીના દરદો ઉપર લગાડે છે.

૫=જુવરની દાલનો કોયલો તથા ગળી સમભાગે મેળવી તેને ધુપરેલ સાથ મેળવી કાંસાની થાળીમાં મુકીને કાંસાના વાટકાથી બહુ મસળવું અને પછી માથે લગાડવું.

૬=સાઇટ્રણ મલમ ૧) ભાગ સાલીદ તેલ ૨) ભાગ મેળવી રાત્રે લગાડે અને સવારે ધુએ.

૭=કીમજી હરડેનું ચુરણ માથે લગાડે.

૮= કોકાડાના મૂળ, ખીજડીઆના પાન સંભાગે દહીમાં મેળવી લેપ કરે.

૯=હાથીદાંત, રસસતી, સંભાગે બકરીના દુધમાં ઘસી લગાડે.

૧૦=નવસાર ૧) ભાગ, સરકો ૮) ભાગ મેળવી માથે લગાડે.

૧૧=ધાણાને સરકામાં વાટી લેપડી મુકવી.

૧૨=બકરીની લીડ પાણીમા વાટી માથે લેપડી મુકવી.

૧૩=રેહાન (સબજો) નો રસ માથે લગાડવો,

૧૪=ઇસપન છોડનું તેલ માથે લગાડે (જુઓ " ખોરો ")

૧૫=સાપની કાચળીને ધુપરેલમા ગરમ કરવાથી પીગળી જાય તેલ માથે લગાડે.

૧૬-ઇસિપન=હરમર=ઇસબંદ લાહોરી એક જાતનો છોડ છે ગાંધીની દુકાને મળે છે, દરદીના ઓરડામાં એની ધુંઈ અપાય તો ત્યાંની હવા સાફ ચોખ્ખી થાય.

ઇસપનના છોડનો રસ ૧) સેર સરસીઉં તેલ ૧૦ સેર એઓને ઉકાળી તેલ બનાવે, તે તેલ માથે ઘસે તો ખોરો, નિંખ, અને જું નિકળી જાય. ઉંદરી મટે.

૧૭ ઉંદરી માટે આકડાનું દુધ અને માખણ સાથ ત્રાંબાનો કાટ (Cupri Acet) મેલવી માથે લગાડે.

૧૮=ઉદરી માટે સરગવાની છાલનો રસ, મેથીની રાખ, તેલમાં ગરમ કરી માથે લગાડે.

૬=ઉંદરી માથાપર થાય તે માટે દીવેલ અને લીંબુનો રસ સંભાગે મેલવીને લગાડે. અથવા દીવેલ અને ચુલા આગળનો ધુમસ મેલવી લગાડવો.

૭=ઉંદરીવાળાં માથાપર ઘી ચોપડવું, તે ઉપર વળગે એટલી ખાંડ ભભરાવવી. માથા ઉપર રહે એવા ઘઉંના રોટો બનાવવા; ઠીકરાંપર તેનું એક પડ સેકવું એક કાચું પડ માથાપર મુકી તે રોટી બાંધી લેવી, ઉંદરીની અંદરના જીવડા બધા રોટીને વળગી આવશે. આ મુજબ ત્રણ દીવસ કરવું.

૮=ઉંદરી માટે—ગોરા ઘાસમાં રસમાં ચોખા વાટી માથે લગાડવા.

ઉંદરી માથાપરની માટે—ગીઠાંને દહી સાથ મેળવી માથે લગાડવું.

૯=ઈંડાનું તેલ મસળવાથી ઉંદરી મટે.

૧૦=ઘોડાવજ સ્ત્રીના દુધમાં ઘસી લગાડવી.

૧૧=માથા ઉપર તેમજ મુછ, દાઢી ઉપર કીડ લાગી બાલ ખરી પડે છે તે માટે. ચણોઠીનું મગજ પાણીમાં વાટી, તેમાં ભાંગરાનો રસ ચોથે ભાગે મેળવી તેલ બનાવી લગાડવું–ઉંદરીથી ખરી પડેલા બાલ પાછા ઉગે.

૧૨=પરોળના પાનનો રસ ૩૦ દીવસ લગાડવો.

૧૩=પાટાલ જંતરથી નાળીએરની કાચલીના કટકાનું તેલ (ચુવો) કાઢાડવો. ૦। શેર ચુવામાં મોરથુથુ, ગંધક, તથા ટંકણખાર દરેક ૧) નો. મેળવી માથા ઉપર લેપ કરવો.

ઉંદર નાહસે-ઉંદર ઓછા થાય.

૧=ઉંદર નાહસી જાય—જ્યાં ઉંદરનો ઉપદ્રવ ઘણો થતો હોય ત્યાં કોવચ મુકી હોય તો ઉંદરો તે જગા છોડી નાશી જાય.

૨=ઉંદરના રહેઠાણ આગળ ઉંદરના પગને વલગે એવી રીતે ૧) ચીઠીમાં મરચાની ભુકી મુકવી. મરચાની ભુકી ઉપરથી ચાલતાં ઉંદરને તે ભુકી લાગે તેને ખજવાટ લાગે તેથી તે રહેઠાણ છોડી જાય.

૩=ઝેરીમચનું ચૂરણ લોટમાં મેળવીને ઉંદરને ખવાડવું.

૪=ગંધકની ધુમાડીથી ઉંદર નાહસે.

૫=હળદ અને ચુનો સંભાગે મેળવી ઉંદરના રહેઠાણ આગળ મુકવું.

આસવ.

આસવ—જવ ખુંદેલા ૧ ભાગ, ૪ ભાગ પાણી એ બધેને ઉકાળી ૧ ભાગ રાખે, તેમાં ગોળ વજનસર મુકે તો આસવ બને.

આસવ=અરિષ્ટ

આસવ એટલે પકાવ્યા વગરના કાચા વસાણું અને થંડા પાણીથી જે મદ (wine) થાય તે અરિષ્ટ એટલે વસાણુંઓને પાણીમાં ઉકાળી કપડાંથી ગાળી જે મદ wine) બનાવે તે તે જુદા જુદા ગૃહસ્થો જુદી જુદી રીતે આસવ બનાવે છે, કોઈ મીઠાસ ઘણો નાખે છે અને પોર્ટવાઈન જેવા મીઠો બનાવે છે.

કોઈ એવું કહે છે છે જે આસવમાં મીઠાસ ન રહેવો જોઇએ જે મીઠાસ હોય તેનો મદ (spirit) બનવો જોઇએ જેમ સેરીવા ઈનમાં મીઠાસ નથી તેમ થવું જોઇએ.

એક વસાણુનો ગુણ તેનો આસવ પીવાથી જલદી માલમ પડે છે કારણ કે તે આસવ શરીરની નેસોમાં જલદી દાખલ થાય છે. તે વસાણું બીજા આકારમાં ખાવાથી ગુણ જણાતાં વખત લાગે છે.

આસવ અથવા અરિષ્ટ બનાવતાં કાચનું અથવા કોરીનું વાસણ લેવું. તેને ઘીનો હાથ લગાવો. એટલે જરા ઘી તે વાસણની અંદર ચોપડવું.

રસથી બરની અરધી ભરવી. બરની અથવા વાસણ અરધું ખાલી રાખવું કારણ અંદર ઉત્પન્ન થતી (ગેસ) હવાને રહેવા માટે જગા ન હોય તો બરણીનું મોઢું ખુલ્લું કરી નાખે. જો મોઢું મજબુત કરેલ હોય તો બરનીનું ફાટી નાખે. રસવાળાં વાસણ જમીનમાં દાટવાં અને બરનીનું મોઢું હવા અને તડકો લાગે તેમ ખુલ્લું રાખવું. જમીનમાં બરની દાટવાની કોઈક જરૂર જોતું નથી: આખી બરની તડકામાં ખુલ્લી રાખે છે.

૨૦ દીવસ પછી બરનીમાં ખમીર ઉતપન થાએ ત્યારે તેમાં અવાજ નિકળે અને (ગેસ) હવા પેદા થાય ગેસને બહાર જવા માટે બરનીનું મોઢું ઘીલું રાખવું, સખત પેક કરવું નહી, બરણીના મોં ખોલી તે પર દીવાની બતી ધરવી. અંદર પેદા થતી ઝેહેરી હવાથી બતી બુજાઇજાએ. એ મુજબ રોજ તપાસ કરવી જ્યારે બતી છેક બારણીના મોઢાંમાં લઈ જવા જતાં બુજાએ નહી ત્યારે જાણવું જે

આસવ પરી પકવ થયો. હવે બરણીનું મોઢું મજબુત પેક કરવું. હવા અંદર જવા દેવી નહી. ૩૦ દીન પછી બાટલીઓ ભરવી. ૩૦ દીવસ બરણીમાં પેક રાખવાનું કારણ એજે બહારની હવા અંદર જાય નહીં અને આસવમાં બાકી રહેલી હવા ઊતપન થાએ તેનુ જોર બાટલો ખમી શકે. કાચની બાટલી હોય તે ફાડી નાખે.

આસવ બની રહયા પછી બહારની હવા આસવને લાગે તો ખટાશ ઉતપન થાય.

આસવ બનાવવામાં ખમીર (આસવના બીજ) ની પહેલી જરૂર છે. દરાખ, ગોળ, ખાંડ ધાવરીના ફુલ, ક્રીમ ટાર્ટ જેઠી મધ એ ખમીર લાવનાર છે.

આસવ બનાવવાનું વજન

પાણી શેર ૬૪=ગોળ. ૨૫ શેર, મધ ૧ા શેર, ધાવડીના ફુલ સાથે વસાણા ૨ા શેર

જો વસાણા ઓછા વધતા પ્રમાણમાં હોય અથવા ગરમી વધારે હોય કે ઓછી હોય તો આટલા કારણોથી આસવ થાય નહી, અથવા થયેલા આશવ જલદી બગડે.

ખમીર ઉતપન કરનારી ચીજો=દ્રુરાખ, ખજુર, મહુડાં, કેળી તાડી, પપાઉં, પાડુ, ચાંપાં, જામફળ, સુરા (મીઠાસ વાળા ફળો)માં ખમીર ઊતપન કરવાનો કુદરતી કાયદો છે. ખમીર ઊતપન કરે એવી કોઈ વસ્તુ મીઠાસવાળાં પાણીમાં મળવાથી ખમીર પેદા થાય છે.

ખમીર પેદા થાય ત્યારે રસ ઉપર ફીણુ બંધાય છે.

આસવ બનવાની કીર્યા પુરી થાય ત્યારે ફીણુ નીચે બેસે અવાજ થતો બંધ પડે અને પાણી નિતરૂં થાય.

૮૮ ભાગ પાણી અને ૧૨ ભાગ ગોળ અથવા સાકર મળવે. વધારે મીઠાસ હોય તો ખમીર ચઢતાં ઘણા દીવસ લાગે અથવા ખમીર ચઢે પણ નહી.

આસવ શરીરના ફીકાસ માટે=ગોળ ૧ શેર, હરદાનુ દળ ૧ શેર, અજમો ૧ શેર, પાણી ૧૦ શેર, ૫ શેર લોખંડને એઓને ૧ વાસણમાં મુકી, જમીનમાં અથવા અનાજમાં દાટવું. ૧ માસ પછી ગાળીને તે પીવામાં ૫ તોલા જેટલું લેવું.

આસવ રોહિદા (રોહીત કારિષ્ટ) રોહીડાની છાલ ૪૦૦ તોલા, પાણી ૪૦૦૯૬ તોલા. ગોળ જુનો ૬૪ તોલા, ધાવરીના ફુલ ફુંદેલા ૬૪ તોલા, સુંઠ, મરી, પીપર, ચીત્રામુલ, ચવક, તજ, તમાલ પત્ર, ઇલાયચી; હરડે, બેહડાં, આમળા, દરેક ૪ તોલા એ સઘળાંને બરનીમાં

મુકે, બરફી જમીનમાં દાટે. ૧ માસ પછી બાટલીમાં પેક કરે બરોળ કલેજાના દરદ, અર્શ, હૃદયના રોગ, સંધીવા, આ દરદોને ફાયદા આપે,

આસવની બનાવત—પાણી ૧૦૨૪, ગોળ ૪૦૦ મધ ૨૦૦, આસવના **બીજની ઔષધ. ૪૦),**

આસવ પરીપક્વ થવાનો વખત ઉનાળામાં ૬ દીવસ. વરસાદ અને થંડી ૠતુમાં ૮ દીવસ. જ્યારે વધુ વખત રહે ત્યારે આસવ ખાટો થઇને સરકો બને.

આસવ બનાવાની રીત.

અરિષ્ટ ઉકાળાથી બને.

આસવ થંડા ઉપચારથી બને આસવના વાસણને રોજ હલાવવું

સરૂઆતમાં આસવના વાસણમાં હવા જતી રાખવી. હવા જવ તોજ ખમીર (yeast) પેદા થાય. આસવમાંથી નિકળતી કારબોનીક હવા બંધ પડે ત્યારે આસવ ગાળી લેવો. નહીંતો ફરીથી બીજી હવા ઉતપન થાય, ઉપર સફેદ થાય, અને સરકો (સુકત) બને. આસવ બન્યા પહેલે તેમાં હવા જવી જોઇએ, અને વાસણ રોજ બે વાર હલાવવું જોઇએ એવું કાર્જીક કહે છે.

આસવમાં કાચા ચણા મેળવાય છે; તેમાં નાઇટરોજન વધારવાનો નેમ છે.

ખમીરની ક્રીઆ સરૂ થાય ત્યારે આસવની ટેમપરેચર (ગરમી ૮૦ થી ૭૫) ફેરનેટ ડીગ્રી થાય કોઇ વાર ૧૦૦ ડીગ્રી થાએ. ગરમી એકદમ વધે તો આસવના વાસણને થંડા અથવા બરફના પાણીમાં મુકે, જો ગરમી ઓછી થાય. તો આસવના વાસણને ગરમ પાણીમાં મુકે.

ખમીર ઉતપન કરવા માટે આસીદહેનીકની જરૂર છે માટે આસવમાં ધાવરીના ફુલ નખાય છે, તેને બદલે કોઇ બાવળની છાલ નાંખે છે.

આસવ તૈયાર થાય ત્યારે તેની ગરમી ૮૦ થી ૮૫ ડીગ્રી હોય છે.

આસવ ભરવાના વાસણ ચોખાં જોઇએ તેમાં જરાબી ખટાસ **હોવા ન જોઇએ. ચુનાના પાણીથી વાસણ ધોવાય તો ખટાસ રહે નહી.**

આસવ—ખુંડેલા જવ ૧) ભાગ ? પાણી ૪ ભાગ. બંધેને ઉકાળે. ૧ ભાગ રાખે. તેમાં ત્રીજે હીસ્સે ગોળ નાખે.

આંખના દરદો.

આંખની ગરમી	આંખે પરડા
આંખની ખજ	,, અંધારા
આંખની ચેળ	
આંખમાં પરવાળા	
આંખમાં બાળ ઉગે	,, ટુંકી નજર
આંખમાં ખીલ પડે	,, ફેઠકે
આંખનું તેજ વધે	,, નો મોતીઓ
આંખનો અંધાપો મટે	
આંખનું ફુલુ	
આંખમાં ઝામરવા	
,, નજળો	

૧=આંખના દરદ માટે—પીળા ફુલવાળી ગળજીબી (ગાવજુબાન)નો રસ એક તોલો તેમાં ૦॥ વાલ ફટકડી મેળવી આંખમાં નાંખે.

૨=આંખની ગરમી મટે=આંખની ઝાંખ મટે, આંખનો નજળો, કાપે—જીરાંને પાણી સાથ અથવા બાવળની પાણીના અથવા સંખે-સાના પાનના રસમાં વાટી લેપડી આંખપર ૩ કલાક બાંધે અથવા આખીરાત બાંધી રાખે. આ ઇલાજ ૪ દીન જાથુક કરે. આંખમાંથી આંસુ નીકળવા દીએ.

૦॥ તોલો જીરૂ સહવાર સાંજ ખાવાથી ઉપલાં દરદોને ફાયદો થાય છે.

આંખનું ભરણુ, આંખના દરદો માટે—ગધેડાની લીડને કાદવના હાલ્લાંમાં મુકી તેમાં પાણી નાંખી એક રસ કરે. ચીમોડને લુગડાંની પોટલીમાં મુકી તે પોટલી ગધેડાંની લીડવાળાં હાલ્લામાં મુકી પકાવે, ચીમોડનાં છોળતાં કહાડી નાખી તેનું બહુજ બારીક ચુરણુ બનાવે. તે ચુરણુ આંખના પાપણુની અંદર મુકી આંખ બંધ કરે. આંખપર રૂ મુકી પાટો બાંધે. રાતરે સુતી વેળા આંખમાં આ ભરણુ ભરે અને સહવારે પાટો છોડે.

૩=આંખમાં ખૂંજ અથવા ચેળ માટે—ભોકડાંના ડળીઆને મધમાં ઘસી અંજન કરે.

આંખની ગરમી=ઝારી=ઝાંઝવા માટે=રસમતી પાણી સાથ તાંબાં ઉપર ઘસીને બધે આંખે આંજે. દરદવાળી એકજ આંખે આંજે તો તે આંખ સારી થયા પછી બીજી આંખે દરદ થાય, માટે બન્ને આંખે સાથે આંજે.

આંખની ગરમી માટે રસમતી પાણીમાં ઘસી આંખની આસ-પાસ લગાડે અને આમળીનાં પાનની લેપડી આંખ ઉપર ૪) કલાક રાખે તો તરત આંખ સારી થાય.

૪=આંખો આવે—આંખો લાલ થાય—ત્યારે આંખનું ભરણુ નીચે મુજબ બનાવી રાતરે સુતી વેળા આંખમાં ભરવું.

ચીમડના પીળા બી (બીજ) કાઢીને દેવના ઉપર સેકી બારીક કરવા, તેમાં જરા વડાગરા મીઠાની કટકી અને ઝાસના ટીપાં નાંખી બધુ વાટીને બુકો લુગડામાંથી ચાળી લેવો, તેનું અંજન કરવું.

૫=આંખ દુઃખે ત્યારે આવરના પાનરાને દુધમાં બાફી આંખે પોટલી મુંક. આવરના ઝાડના નાના છોડ રેતાળ જમીનમાં દરિયા કિનારે થાય છે. તેના પાંદડાં સુનામખી જેવાં છે. તેની ઉપર ફુલ પીલાં પછી રાતાં થાય છે, તેના બીની સીંગ બાવલની સીંગ જેવી થાય છે. મેંદાના સીંગડાં જેવાં ગોળ આવરને પાંદડાવાળી મેંદી આવર છે; તે સુનામખી જેવું કામ કરે છે. મેંદી આવળને મીઠી આવળ પણ કહે છે.

૬=આંખ ગળતી બંધ થાય—ગલોડીના વેલાંના કનેરા રસ તોલો ૧, સીંધાલુણ ૧ રતી એઓને વાટી અંજન કરવું.

૭=થુવરનું દુધ તથા બીજાનું આંખને લાગવાથી તે સુજી આવે છે. ત્યારે પાકા કેરીનો રસ આંખની અંદર તથા બાહાર લગાડવા.

૮=આંખના વધુ ખેંચાવાથી ભમરી, મગજની અશાંતિ, ઝીણીઝીણીઆ ભાસ છે, રાતે ઊંઘ ન આવે, ગમગીની પેદા થાય, ફીકર થાય, મગજમાં ગભરામણ, બોલવાંચાંમાં વાતચીત થાય, ને પીવાની

દવાથી ફાયદો ન થાય તો તેની આંખ તપાસી આંખે ચસમો પહેરાવે તો બધું દુખ દુર થાએ.

૯=આંખની ગરમી કાપવા માટે— સાકર પાણીમાં ઘસીને આંખે આંજે છે.

૧૦=આંખ આવેલી, આંખમાં ખીલ માટે—ચનોઠીના પાનનો રસ આંખમાં આંજવો.

આંખમાં ચણોઠાના પાતરાં અ[illegible] ત્તાશ વધે તો આમળાનો માવો પાણીમાં કકડાવી [illegible] આંજવો.

૧૧=આંખના પરવાળાં, આંખમાં બાલ ઉગે તે માટે ઉપાય ઈંદ્રવણના લીલા ફળમાં સુરમાનો કટકો મુકવો. તે ફળ સુકાએ ત્યારે સુરમો અંદરથી કાઢી બીજાં લીલાં ફળમાં મુકવો; તે સુકાએ ત્યારે સુરમો અંદરથી કાઢી ત્રીજા ફળમાં મુકી સુકવવું. ત્રીજીવારના ફળને સુરમા સાથે બારીક ભુકો કરીને આંખે અંજન કર[illegible].

૧૨=આંખની ગરમી, મોતીના [illegible]—સાકર અને હરડે પાણીમાં ઘસી આંખે આંજે તો આંખનો મોતીઓ અટકે અને આંખના બીજાં દરદોને ફાયદો થાય. આ ઘસારો રોજ તાજો જોઈએ; દીવસમાં બે વાર આંજવા જોઈએ અને તે ઘણા મહીના સુધી ચાલુ રાખવો જોઈએ. આ ઈલાજ અસલ અને ઘણો જાણીતો છે.

અંગ્રેજી ડાકટરો આંખના દરદો માટે એસીડ ટેનીક વાપરે છે. તે એસીડ ટેનીક હરડેમાં છે. આગલા જુના અંગ્રેજી ડાકટરોનો અભીપ્રાય હતો કે ફાસફરસ તેલ આંખમાં આંજવાથી મોતીઓ કપાય છે, તે ફાસફરસ સાકરમાં છે, એટલે હરડે અને સાકરનો ઘસારો દેશી વઈદો તેમજ અંગ્રેજી વઈદામાં આંખના દરદો માટે ઉપયોગી ગણેલો છે.

૧૩=છોકરાંઓની આંખ આવે, આંખમાં ખીલ થાય ત્યારે છોકરાંઓનો મામો અરણીના સોટી આતવારે કાપી લાવી તેના જીણા નાના કકડા કરી માળા બનાવી છોકરાંઓને પેહેરાવે તો આંખ સારી થાય. એવી કહેવત ચાલે છે.

આંખમાં ખીલ વારંવાર થતા હોય તે માટે ા તોલો ધાણાનો પાક [illegible] સુધી [illegible] ખાવો.

ધાતુપાક—૧ શેર ધાતુને ખુંદવા, તેના કોળતાં કાઢી નાંખવા. ધાતુના મગજને ખુબ વાટવા જેમ બહુ વાટે, તેમ ગુણ વધે. તેમાં ચાંદીના વરકના બે પાના નાંખવા અને ૧ શેર મુસકણમાં મેળવવું.

૧૪=અંધાપાનો ઊપાય—આળશીઆં ખુંદીને ઘી સાથ મેળવી તેની બતી બનાવવી. તેને ઘીમાં મુકી સળગાવી, કાજલ પાડી આંખે અંજન કરે તો રાત્રે અંધારામાં પણ દેખાએ. ચોર, લોકોને આ અંજન જાણીતું છે, તે ચોરો અંધારામાં કામ કરી શકે છે એવું બોલાય છે. અળસીઆમાં ત્રાંબુ હોય છે. ને ત્રાંબુ બરડ હોય છે, તેને નરમ કરવાની નીચે મુજબ રીત છે,

ઘોડાનાં નખ, હાથી દાંત ભેંસના અથવા બકરાંના સીંગડાં, મધ, ઘી, ગોળ, ચણોટી, ટનકણખાર, સંભાગે મેળવવું. ૧ ભાગ બરડ ધાતુ (ત્રાંબું રૂપું અથવા સોનું) અને ૩ ઉપલી મેળવનીને સાથે પીગળાવવાથી ધાતું નરમ માખણ જેવી થાય છે.

૧૫=આંખનું તેજ વધે—૨ તોલા સુનામખી અને ચોપચીની ૧ તોલો ખુંદીને ફાકી બનાવી ૦ાા તોલો ફાકી રોજ ૪૧ દીવસ ખાવી.

૧૬=આંખનું દુખવું મટે—સત્યનાશીનો રસ આંખમાં આંજવો.

૧૭=આંખ ગળતી બંધ થાય— ગીલોડાના વેલાના કનનો રસ તોલો ૧, સીધાલુણ ૧ રતી સરવેને વાટી અંજન કરવું.

૧૮=આંખમાં કચરો જાય ત્યારે ઓરતનું દુધ આંખે આંજવું.

૧૯=આંખની ગરમી કપાય—દાડમના દાણાનો રસ આંખમાં મુકવાથી ગરમી કપાય છે.

૨૦=આંખની ગરમી કાપે—માથું બોરાવ્યા પછી દીવેલાના પાતરાં બે માથે બાંધવા માથાના બાળ ગોટા હોય તો ગુણ લાગે નહીં.

દારૂડીયો-દારૂડી-સત્યાનાસીના.

૨૧=આંખનું અંજન—છોડનો રસ ૧ તોલો, સુરમો કાળો તોલો ૦ા, કાળા મરી ૧૧ દાણાં, ૩ કલાક ખરળ કરી સીસીમાં ભરવું.

૨૨=આંખનું અંજન—દારૂડીનો રસ, એટલુંજ ઘી, કલાક ૬ ઘુંટવું અને અંજન તરીકે વાપરવું.

૨૩=આંખના દરદો માટે ૦ા તો. સુનામુખી સેરડીના રસ સાથ રોજ ખાવી.

૨૪=આંખની રોશની વધે, કાળી મસલી અને સુનામખીનું ચુરણ ૦ા તો. રોજ સેવન કરે,

૨૫=આંખનું તેજ વધે, ચીકણાનો ભુકો કુમારના રસમાં ખરળ કરી ૧૪ દીવસ તેનું અંજન કરવું.

૨૬=આંખનું તેજ વધે, સળંગમ પકાવેલું ભુખે પેટે ખાવું.

૨૭=ધુઅરનું દુધ આંખમાં લાગ્યુ હોય તો, આમલીના પાનના રસના ચાર ટીપાં આંખમાં નાંખવાં, અને આમલીનો પાલો દરદીને ખવાડવો. અથવા ગાયના છાણનો રસ ૪) ટીપાં આંખમાં નાંખવાં.

૨૮=આળાકાની આંખો આવે તો પહેલે દીવેલનો જુલાબ આપવો.

૨૯=આંખનું તેજ વધે=રતનજોતના દુધમાં રૂ ભીંજવી તેને સુકવીને જોટ બનાવે. એક કાદવના કોડીઆમાં ઘી મુકી, તે જોટ સળ-ગાવે અને કાજળ પાડે. તે કાજળ કાંસાના વાસણમાં રાખે અને અંજન કરે,

૩૦=આંખની ઝાંખ મટે=આંખની અંદર થંડા પાણીના ફુડકા રોજ ૩ વાર મારવાથી આંખની ઝાંખ અને ગરમી મટે.

૩૧=આંઝણી—આંખના પોપચાં ઉપર ફોડકી થાય તે ઉપર ચણોઠીનું મગજ પાણીમાં ઘસી લગાડવું.

આંજણી આંખપર થાય તે માટે—ગાયનું દુધ અને ભેંસનું છાણ સંભાગે મેળવી લગાડવું.

હાથની આંગળી બીજા હાથની હથેલી પર ઘસે. ગરમ થાય ત્યારે આંજણીને તે આંગળી લગાડવી. આમ ઘણીવાર કરવું.

આંજણી માટે—સીંદુર અથવા લખવાની કાળી સાહી લગાડે.

૩૨=આંખ દુખે ત્યારે આવરના પાતરાને દુધમાં બાફી આંખે તેની પોટલી મુકે, આવરના ઝાડના નાના છોડ રેતાળ જમીનમાં દરિયા કિનારે થાય છે. તેના પાદડા સુનામખી જેવાં છે. તેની ઉપર ફુલ પીલાં પછી રાતાં થાય છે. તેના બીની સીંગ બાવળની સીંગ જેવી થાય છે. મેંદાના સીંગડાં જેવાં ગોળ પાદડાંવાળી આવરને મેંઢી આવર કહે છે. તે સુનામખી જેવું કામ કરે છે. મેંઢી આવળને મીંઢી આવળ પણ કહે છે.

૩૩=રોગની આંખમાં વધે=કાળી મુસળી બકરીના દુધમાં ઘસ અંજન કરવું.

૩૪=આંખ નબળીવાળા દરદીએ પગના તળીએ અને માથાપર હમેશ રોજ તેલ દીવેલ મસળવું. ત્રીફળાનું ચુરણ ખાવું અને તેના ટીપા આંખે મુકવા

૩૫=આંખે નજલો	અઘેડીનું મુળ બોકડાના મુતરમાં ઘસી અંજન કરવું,
„ ઝાંખ	
„ પડલ	મોથને પાણીમાં ઘસીને અંજન કરવું,
„ અંધારા	સરગવાના પાનનો રસ અને મધના ટીપાં મુકવાં,

૩૬=ઝામરવા—૪) વાલ અઘેડાનો સત્વ દુધમાં ઉકાળી પીવો, દરદ નરમ રહેશે.

૩૭=પરવાળાં=પાપણુના વાળ અંદર આંખમાં વળી જઈ દુખ દીએ છે તે માટે ૨) તોલા. સુરમાના પથ્થરને ૧) તાજા ઇન્દ્રવારણાના ફળમાં ખોસવો. ફળ સુકાઇ રહે ને તે સુરમો બીજાં ત્રીજા ફળમાં એ મુજબ ૩) વાર પકવી સુરમો બારીક કરી આંખે આંજવો.

૩૮=આંખની ઝાંખ માટે. નીરમળીના બી ઝેર કચુરાના જેવા છે. ગંદુ પાણી હોય તેમાં નાંખવાથી પાણી નીતર્યું નીરમળ બને છે. આંખની ઝાંખ તોડવા અને આંખો તેજ આપવા નીરમળી કપૂર. મધ, સાથે મેળવી આંખે લગાડવી.

૩૯=આંખનું તેજ વધે, આંધિયો રોગ—કાળા નાગના પેટ માંથી ચરબી લોઢાના વાસણુમાં તાવે. તેથી કાજળ બહુ તપાસથી પાડે. માટીના કોડીઆને મધિસરનો રસ ચોપડી છાયામાં સુકાવે. આંબલી [illegible] લાખંડના વાસણમાં મુકે. અંદર [illegible] મુકી તેની ઉપર એલચી વાલ ૨ નો બુકો દીવાના મોઢાં આગળ મુકી પછી દીવો રોશન કરીને ઉપર પેલું કોડીયું ઢાંકે અને કાજળ પાડે આ મેંસ આંખમાં આંજે તો આંધળો પણ જોતો થાય.

૪૦=ફુલી નજર=પરવાળા=આંખના દરદો માટે. આંખના દરદો માટે સાંટાલીનું મળ ઘસી અંજન કરવું.

૪૧=આંખનું તેજ વધે—[illegible] રી ના શેર. સાકર ના શેર એની મેળવણી બનાવી [illegible]ના વાસણમાં મુકે તે વાસણ પાણીવાળી એક તપેલીમાં તરતું રાખે તે તપેલીના ઉપર કાદવનું પાણીથી ભરેલું વાસણ મુકે. તે ચુરણ એક તોલો રોજ બે વાર ખાવું.

૪૨=આંખના દરદ માટે—મમીરા ઘુંટી ઘી સાથ મેળવી બતી સળગાવે અને કાજળ પાડે તે કાજળ આંખે આંજવું.

મમીરી.

૪૬=મમીરી એ મમીરાંના જેવી છે. તેને મળતી આવે. હરદ્વારના પહાડપર થાય છે.

મમીરો નર છે અને મમીરી નારી છે. મમીરી દીસે જોવામાં આવતી નથી એના ચળકાટથી રાત્રે જણાય છે, એનું મૂળ સફેદ ભુખરા રંગનું હોય છે.

બનાવટી મમીરો,

કોઇ ઝાડના મુળીઆને નાત્રીક એસીડના પટ આપે અને પછી તે મુળીઉ ગળીથી રંગેલા કપડા ઉપર ઘશે તો કાળો રંગ નીકળી જએ. લુગડું સફેદ થાય. આવો દેખાવ કરી તે મુળીઆ મમીરા તરીકે ઓળખાવે.

આમર વા=ઝુકામા=...ના મુળીઆંને ઘરી સાફ બનાવે તે આંખની કીકી ઉપર પાંચ મીનીટ દાબી રાખતો આંખમાંથી ગરમ પાણી નીકળે અને ઝામરવા મટે.

મમીરો.

આફ્રીકામાં હોદ્દાદા ગામમાં એ મલે છે. આરબ લોકો એને હરણુ દુટીઆ કહે છે.

ઝામરવા માટે—આંખની કીકી ઉપર મમીરો લગાડવાથી આંખનુ પાણી ખસે છે.

ગળીથી રંગાયલા કપડાં ઉપર મમીરો મુકે તો કાલો રંગ નીકળી જએ અને કપડું સફેદ થાય.

ધોળી સાટોડીનું મુળ મમીરા જેવુંજ વધદક કામ કરે છે.

કાશમીર તથા કાબુલમાં મમીરાના છોડ થાય છે એના છોડ ચંડકમાં ઉગે છે, તેના ઉપર રાત્રે રોશની દેખાએ છે. એની ગાંઠ હળદરની ગાંઠ જેવી પણ બહુ સખત રહે છે. કાગડાના પીછ ઉપર પાણી લગાડી મમીરો ઉપર ઘસે તો કાળું પીછ સફેદ થાય છે.

૪૭=ઝામરવા, માથે દુખાવા થયા પછી થયલો અંધાપો મટે= મમીરાને પાણીમાં ઘસી અંજન કરવું.

આંખના પાપણુ ઉગે=રસમની, હરડે અને સાકેર પાણીમાં ઘસી આંખની આસપાસ લગાડે અને આંખમાં અંજન કરે.

આંખનો ડોળો જુલાઇ પડે તો—કાચા ચણાની દાળની લેપડી ડોળા ઉપર બાંધી ને ઉપર પાટો બાંધી ૩ દીવસ રહેવા દેવી.

આંખમાં તમ્મર આવે તે માટે કાળી મુસળી દીવેળમાં મેળવી અંજન કરવું.

આંખ ફૂટકતી હોય આંખમાં વસવાટ થાય ત્યારે—મધમાં સીંધવ ઘસી આંખે અંજન કરે, અથવા કડવાની પાનરી દૂંપાણીમાં બાંજ્ની વાટીને આંખપર મુકે.

આંખના દરદો.

૧ આખની ગરમી માટે રસવંતી દુધમાં અથવા લીંબુના રસમાં ઘસીને લગાડે.

૨=જેઠીમધ મધમાં ઘસી લગાડે.

૩=આંખની રતાસ કમી થાય, ગુલાબજળના ટીપા આંખમાં નાખે.

૪=આંખ ઊઠે (બાલકની) તે માટે માતાના દુધમાં ફટકીનો ભુકો મેળવી તેની સળી બનાવે; તે સળી આંખમાં આંજે.

૫=આંખ બગડવાનુ ૧) કારણુ આંખોને દીવસના નેસર્ગથી કામ થઇ શકે તેટલું કરવા દેવું એક કુદરતી નીયમ છે; રાતરે અંધારામાં આંખને આસાએસ આપવો કુદરતી કાયદો હતો. વખતના ફેર ફાર સાથે અને કામનો બોજ વધવા ને લીધે રાતરી વેળા બતીથી કામ કરવાનું સરૂ થયું. જ્યાં સુધી દીવલ અને કોપરેલની બતીથી કામ થયું ત્યાં સુધી આખનુ તેજ ઘટેલું જણાયું,નહી. વખત જતે, જાત જાતની વધુ રોશની વધતી ગઈ તેમ આંખો નબળી થતી ચાલી. નાના બાલકને રોશનીથી આંખનું તેજ ઘટે છે. આંખ બગડે છે. તેથી તરતના જનમેલાં છોકરાની આંખને નુકસાન નહીં થવા દેવાના હેતુથી દીવસની રોશનીથી બચાવવા, તેઓને ઘણા દીવસ અંધારી ઓરડીમાં રાખવાનો રેવાજ અસલ હતો. કેટલીક ન્યાતીમાં રેવાજ એવો છે જે ૪) માસ સુધી તરતના જનમેલાં બાળકને ચાનની રોસની જોવા દેવી નહી. સુવાવડી બાઈડીને અંધારી ઓરડીમાં રાખવાની મુળ મનસબ આ હતી. કુદરત તરફ જોતાં આ રેવાજને ટેકો મળે છે જે કુતરાં, બીલાડાં, ચલ્લી, કાગડા, ઉંદર વગેરેના બચ્ચાંની આંખો જનમ્યા પછી થોડે દીવસે, અને આંખો રોસની જોવાની સક્તીમાં આવે છે ત્યારેજ તેઓની આંખો ખુલે છે, આ કાયદો હવે અમલમાં રહેતો નથી. તેથી બાલકોની આંખ જલદી બગડે છે. આ જમાનામાં ઉદ્યોગ વધ્યો છે અને તેથી ઘણા કલાક દીવાની બતીથી કામ કરવું પડે છે. વધારે અને વધારે તેજવાળી બતીથી હવે કામ લેવામાં આવે છે; તેના પરીણામમાં આંખનું તેજ ઘટે છે, અને ચસમાની મદદ લેવાની જરૂર જણાય છે. આંખને બચાવ માટે સ્કુલમાં જતા છોકરાઓને, કોપરેલ, દીવેલની બતીથી જેટલું કામ થઇ સકે તેટલુંજ કામ રાતરે કરાવવું.

આંખમાં આંજની.

૧=૧૦૦) વાર ધોયલા ઘીમાં અથવા ઘણા વખતના જુના ઘીમાં સીંદુર મેળવી આંજની પર લગાડવું.

૨=રસવંતી, સુંઠ, મરી, પીપરનું ચુરણ આંજની પર લગાડવું.

૩=આંબાનું પાન ઝાડ પરથી તોડે ત્યારે તેનીદાંડીમાંથી જે ચીકણો પદાર્થ નિકળે તે આંજની પર લગાડવો.

૪=ભેંસના છાણનો રસ, દુધ સાથ મેળવી લગાડવો.

૫=ઉજળી ચણોઠીનું મુળ સ્ત્રીના દુધમાં ઘસી આંજની પર લગાડવું.

આંખનું ફુલું

ફુલું કપાય, સત્યાનાશીનો રસ ૧) થાળીમાં ળા ઈંચ ઊંડો ભરે, ઠારીને પેહેલે ઘીનો હાથ લગાડે, તડકામાં સુકવવું. ધુળ જવા દેવી નહીં. એની ટીકડી બનાવે, તે ઘીમાં અથવા દુધમાં ઘસી આંજે, આ ટીકડી ૧) વરસ પછી નકામી થાય.-

૨=નિરમળીના (નિળમલી) ના બી મધમાં ઘસી આંજે.

૩=અકલકરાના ચુરણને ગાયના દુધમાં ૩) દીન ખરલ કરે. તેની ગોળી બનાવે, પાણીમાં ઘસી આંજે. ૧) માસ સુધી રોજ બે વાર આંજે.

૪=મગમસના કટકાને આંકડાના દુધમાં ૭ વાર પત આપે. કાદવના વાસણમાં તે બાળે, પછી માખણ સાથ મેળવી આંજે તો જનાવરનું ફુલું બી મટે.

૫=ઓનળાનું ફુલું—મોરથુથુ ટાંક ૧), સાબુદાણા ગોખા. ૧) ટાંક, બકરીના દુધમાં પીસી ગોળી બનાવે. તે પાણીમાં ઘસી ૧૧) દીન અંજન કરે—

૬=હાથલા થોરનું મુળ કાને બાંધે. અરડુસાનું મુળ પાણીમાં ઘસી આંજે. હાકડી (અન્યા...) નું દુધ ૧ ટીપું, ઘી ૩ ટીપાં એની મેળવણી કરી ઓનમાસાં રાત ચારું અંજન કરે તો શરૂઆતનો મોતીઓ, ફુલું, આંખનો ઝાંખ, આંખોના ઝામરવા, દરદોને ફાયદો આપે, ઈલાજ નિર્ભય છે,

---

આંખે અંધારાં

આંખે અંધારાં આવે તે માટે—પિત્તથી મસ્તક ચડે અને આંખે અંધારાં આવે ત્યારે ધાણીઆ પિતપાપડાનુ ચુરણ તેલમાં મેળવી તાળવાં ઉપર અરધો આંગળ જાડો લેપ કરે.

આંખના પાપણ ખરી પડે.

૧=એ માટે ચપેલીનુ તેલ ઈંડાની સફેદી સાથ મેળવી આંખે આંજે તો બાલ પાછા ઉગે.

૨=એરંડીઆ તેલને ખુબ ઉકાળી અંદર બારીક મોરથુથુ નાખી મેળવે. રોજ ૩) વાર આ તેલ આંખે આંજે ખરી ગયલી પાંપણ પાછી થાય. એ તેલ ૫) તોલા મોરથુથુ ૨) વાલ

આંખે કાંકરો.

આંખે કાંકરો ખુંચે, આંખ ખટકે, આંખ દુખે, તે માટે આંકડાના દુધમાં ભીંજવલું રૂનુ પુમરૂ પગના અંગુઠાના નખ ઉપર મુકે.

મોતીઓ આંખનો.

કરણનો એકસ્ટ્રેકટ, અંગ્રેજી એકસ્ટ્રેકટ નકસવામીકા તથા અફીણના જેવા ગુણ ધરાવે છે અને તેનાજ પ્રમાણમાં ખાવામા લીએ છે.

૧=ફુલું, મોતીઓ—આંખનુ ફુલું તથા સરૂઆતનો મોતીઓ સારો થાએ. ઉપર મુજબનો કરણના મલમ આંખે લગાડે અથવા અંગ્રેજી એકસ્ટ્રેકટ બેલેડોના ટીપાં બનાવી આંખમાં નાંખે છે. તે મુજબ એકસ્ટ્રેકટ કરણનાં ટીપાં બનાવી આંખમાં મુકે તો ફુલાને તેમજ મોતીઆને ફાયદો કરે.

૨=આંખના દરદો, મોતીઓ, ઝામરો સારા થાય—કાંસાનો ઠળીને જરા ઘી લગાડીને દારૂડીના છોડનો રસ મુકવો તે સુકાય તે તેની ટીકડી બનાવવી, આ ટીકડી દુધમાં ઘસી આંખ લગાવ્યા કરવી.

આટ્રોપીઆ, પોટાસ આયાડાઈ અને મરક્યુરીના મલમ જેવું એ કામ કરે છે. આ વાપરવામા જરાએ જોખમ નથી.

૩=આંખનું ફુલું મટે—દારૂડીના છોડમાથી રસ પીળો નીકળે છે તે એક ભાગ અને ઘી ૩ ભાગ મેગરી સીસીમાં ભરી રાખે અને તેમાંથી રોજ અંજન કરે. ફુલા માટે આ રામબાણ ઇલાજ છે.

૪=આંખનો મોતીઓ મટે—વાદળા, જેઠીમધ, તજ, અને દારૂ ગાળવાના મહુડાનું સંભારે ચુરણ બનાવી ાા તોલો ચુરણ મધ અને ઘી સાથ ૪૦ દીવસ સવાર ખાવું.

આંખમાં ફુલું

૧=આંખનું ફુલું, ગાયના દુધમા સુંઠ ઘસી અંજન કરવું.

૨=આંખનું ફુલું કપાયઃપકવેલું સમુદર ફળ બકરીના મુતરમાં ઘસી અંજન કરવું.

૩=ફુલું આંખનું નરમ અને કાચું હોય તો જીરાંના પાણીમા બબે ટીપાં આંખમાં મુકવાં.

૪=ફુલું--ગધેડાના દાંતને પાણી સાથ ઘસી આંખમાં આંજે તો આંખનું ફુલું મટે.

૫=આંખનું ફુલું--ગીલોરીના છેરને માતાના દુધમાં ઘસી આંખે લગાડવું અથવા ચલ્લાના છેરમાં સાકર વાટી આંખમાં ભુકી ભભરાવવી અથવા સફેદ મુસળીને સ્ત્રીના દુધમાં ઘસીને આંજવી અથવા ફટકડીના ચૂરણનું અંજન કરવું.

૬=ફુલુ આંખનું–ચલીઆનો અઘાર અને સાકર સમભાગે મેળવી તેની બારીક ભુકી આંખમાં મુકયા કરે તો ફુલું કપાએ.

૭=આંખનું ફુલું બે માસનું હોય ત મટે--કપુરને વડના દુધ સાથે મેળવી આંખમાં અંજન, કરવું ઘણા દીલસ ચાલુ રાખવું.

૮=આંખમાં ફુલું-- ફુલું સફેદ જગા ઊપર હોય તો ૧ વાલ ફટકી અને ૨ાા તોલા પાણી મેળવી તેનાં ટીપાં આંખમાં નાખવાં. એ બહુજ અકસીર ઇલાજ છે.

૧૦=આંખનું ફુલું મટે--જીરાંના પાણીના ૨ ટીપાં મુકવાં અને ચકલાંની અઘાર અને સાંકર મેળવી અંજન કરવું,

૧૧=આંખના કાળા ભાગમાં ફુલું પડે તો વડાગરૂ મીઠું છાસમાં મેળવી અંજન કરે,

૧૨=આંખનું ફુલું મટે--સમુદર ફળ અને ઘોડાનું નખ પાણીમાં ઘસી અંજન કરે

૧૩=આંખનું ફુલું સર્દીએડમાં થએલું મટે.

ગધેડાનો દાંત અને સાંકર સમગાગે પાણીમાં ઘસી આંખ લગાડવું. ચરકવા (ચકલા) ની અઘાર અને સાકર સમભાગે બારીક કરી ચુરણનું અંજન કરવું.

૧૪=આંખનું ફુલું મટે—ધોળી મુસલી સ્ત્રીના દુધમાં ઘસી ૨૧ દીન આંજે.

આટણ

૧=આટણ ઉપર ચંપેલીના પાંદડાનો રસ મુકે છે, તેથી આટણ નરમ થાય છે. ઘઉનું થુલું સરકામાં ભીંજવી ને આંટણ ઉપર બાંધવું.

૨=કાંદો ઝુંદી આંટણ ઉપર મુકાય છે. તજનું તેલ આટણ પર લગાડયા કરવું.

અંતરગળ-ઝોળીમાં અંતરડું-ઝોળીનો આજાર- રંગગાંઠ-ગુલ ગોટા,વધરાવળ

૧=દારૂ હલદર ગૌમુત્ર સાથ આપો

૨=ઝોળીમાં આંતરડું ઉતરે તે માટે નવસારી પ્રાંતના કામરેજ તાલુકાના હલદર ગામમા ડાહમ દઈ સારૂં કરે છે તે નીચે મુજબ.

જે બાજુએ સારંગ ગાંઠ હોય તેની સામેની બાજુના હાથની બાજુપર ડાહામ મુકે છે. ડાહામ કઈ જગાપર મુકવો તે ચોકકસ કરવા માટે નીચે મુજબ કરવું.

જે હાથ ઉપર ડહામ દેવાનો હોય તે હાથને બીજા હાથથી પકડવો. એટલે બીજે હાથ પીઠ પછાડીથી પસાર કરી તે હાથવડે પેલા ડાહામ દેવાના હાથની બાજુ પકડવી. અને એટલી ઉંચાઈએથી બાજુ પકડવી. તેમ કરતાં, અંગુઠો ડાહમ મુકવાની બાજુની જે જગપર પોહોંચે ત્યાં નિશાન કરવી. આ નિસાન કરેલી જગા ઉપર લાલચોળ કરેલા લોખંડના પાતળા સળીઆથી ડામ દેવો. તેને ૨૦) દીવસ ઝરવા દેવો. પછી બાવળની છાલનું ઉકાળેલું પાણી લગાડી રૂઝ લાવે.

ડાહામ દેવાની અંગ્રેજી રીત મુજબ પેલી નીશાન કરેલી જગા ઉપર બ્લીસ્ટરીંગ પેપર મુકે. ફોલ્લો પડે તે ફોડે. તેમાં કાચો ચણો મુકી બાંધી દીએ. તે ચણા વાળી જગોએ ખાડો પડે ત્યારે તે ખાડામાં મીનની ગોટી મુકે. ને જખમને ઝરવા દીએ રૂઝ આવવા દીએ નહીં. ૨૦) દીવસ પછી રાજમતા મલમન પતી મારી રૂઝ લાવે.

અંતરગળ=Rupture, Inguinal Hernia ૨) જાતના છે, રીડયુસએ એટલે જે ચડે ઉતરે તે અને સ્ટ્રેનગ્યુલેટેદ એટલે ઉતરીઆ પછી પાછો ચડે નહી તે એમાં જોખમ ઘણું છે.

૪ ચઢ ઉતર અંતરગળ માટે સરૂઆતમાંજ જંતર (પટો) વાપડે તો તે દરદ નિકળી જવાનો સંભવ છે.

૫ અંતરગળ બાલકને હોય તો નવસાર ૦ાા તો. સ્પીરીટ ૨ાા તો. પાણી સેર મેળવી તેના પોતાં મેલવાં.

૬ અંતરગળ પાછો ચડે નહી ત્યારે ગેરીના ૧) તો. ઘીને કાંસાની થાળીમાં ઘીણવું. તેમાં ૦ાા તો. રાહાલ નાખી ફરી ઘીણવું તેમા વછનાગ ૦ા તો. મેળવવી તેનો ગોળીપર લેપ કરવો.

૭ તંબાકુના લીલાં પાન ઉપર સીલારસ લગાડી ગોળીએ બાંધવું લીલો તંબાકુ ન મળે તો સુકાને પાણીમાં ભીંજવી નરમ થાય ને વાપડવો. સુકો તંબાકુ વાપડવાથી, ઓકારી આવે, જીવ દોહોવાય.

૮ અંતરગળની સરૂઆતમાં મેથીના દાણા ૦ા તોલો આખા પાણી સાથરોજ બેવાર ગળે તો ૧૫) દીવસમાં ફાયદો થાય.

૯ ખતુમરીના પાન રૂપીઆના આકારના થાય છે. એની દાંડી લાલ છે. અરૂના પાંતરાંની દાંડી માફક એની દાંડી પાંતરાંની વચે થાય છે. જે બાજુએ અંતરગળ હોય તેની સામી બાજુએ ગરદનની પાસે ખાંદ આગળ એનુ ૧) પાન દાબી રાખે તેથી બલીસ્ટર (ફોક-ડઓ) ઉઠે તેને ફોડી ૧૫) દીવસ ઝરવા દીએ. રૂઝ આવવા દીએ નહી

૧૦ મીંદલના બી અને લીંડોપીપર બબે વાલ મધ સાથે રોજ ખાય.

૧૧ હાથના અંગુઠા ઉપર એક મોટી અને જાહેરમાં દેખાતી નસ છે તેને ગરમ કીધેલાં લોઢાંથી દાંબે. જો ડાબી બાજુની ગોળામાં આંતરડું ઉતરે તો જમના હાથના અંગુઠાની નસપર દાગ મુકે. જો જમના બાજુના ગોળામા આંતરડું ઉતરે તો દાબા હાથના અંગુઠાને દાંબે.

ગરોળી (જાનુવર)ના માંસનું ખાફ આપવાથી વધરાવળ અને આમણનું દરદ નરમ પડે.

ઘઉં (ગોધમ) ના છોડના મૂળ ઘેટીના દુધમાં વાટી લેપ કરે અને દીવેલ પીવું રોજ ચાલુ રાખે ૧) અથવા બે ઝાંડા ખુલાસાથી આવે એટલુંજ દીવેલ રોજ દુધમાં પીએ. ચામડી દીવેલ કાચું ચારી તેને ઉકાળી તેલ ઘરમાં તાજું બનાવે તે ઉત્તમ સમજવું ૮) દીન ચાલે એટલું બનાવ્યા કરવું.

જંતર પટ્ટેરો અથવા કાછો એવી રીતે બાંધવો જે આતરડું બહાર દેખાતું હોય તેને દાબે. આ રીત ચાલુ રાખવાથી તરતનું દરદ નરમ પડે. અને વધારે આગળ વધે નહીં.

લેપ—સિંધવ, ખુરસાનીઅજમો, તંબાકુ (જરદો) દરેક ૨) તોલા ચપેડાંના બીજ ૦ા સેર પાણી સાથ ગરમ કરી જાડો લેપ બાંધે અને ઘગોરીઆના બી ૧) ચણોઠી ભાર રોજ બે વાર પીવું ૩) દીનમાં ફાયદો થાય.

અંતરગળ.

અંતરગળ, એટલે ગોળીના દરદો આઠ જાતના છે;

જળ (પાણી) ભરાવાથી થાય તે 'વધરાવળ'

લોહી ,, ,, ,, રક્તજન્ય વૃધ્ધી

પવન ,, ,, ,, વાયુજન્ય

આંતરડું ગોળીમાં ઉતરવાથી થાય તે સારંગ સોજે (દુઃખથી થવાથી) અને ચામડી જાડી થવાથી.

ઉપાયોમાં ડામ દેવા, વાયુને કાઢનારી દવાઓ, દસ્ત સાફ લાવનારી દવાઓ, પસીનો લાવનારી, ઉલટી કરાવનારી દવાઓનું સેવન કરવુ સારૂ હોય તો પટા લગાડવો.

વધરાવળ માટે ઉત્તમ છે. ગોળીના મૂળમાં, ડાંભ દેવો અથવા કાનની વચમાં ગરમ અથવા થંડી સોય બોળી કાણું પાડવું કાનામાં દોરો પોયલો ૧) માસ રાખવો. હાથની ડેડરી ઉપર હાથની કોઇ પણ આંગળી વચ્ચે આંગળી ખેંચીને પછી ડાંભ દેવા. હાથના પોંચા આગળ વચલી આંગળીની નસ ઉપર આડો ડાંભ અંતર જે બાજુએ હોય તેની સામી બાજુએ ડાંભ દેવાય, ડાંભ દેવાથી નસો ગોળી સાથ સંબંધ રાખે છે; એટલે એ નસનુ મોઢું ૧) નાડીથી ખુલ્લુ થાય તો ગોરીનો, પવન, પાણી, અને લોહીની રસીને બહાર નિકળવાનો માર્ગ મળે છે.

સોય, અથવા સુઓ બોચતાં દરદ થાય નહીં, માટે અંગ્રેજોમાં ફોકણુ લગાડે છે; તેમ દેશીમાં દેડકા જાણવુંને, આખો અથવા તેના

ચરીહો કાંઇ ભાગ ૨) કલાક બાંધી રાખે તો ચામડી સુણુ મારી જાય છે. અથવાં સુઓ ભોગવાની જગા ઉપર મીણુ તાવીને ખમી શકાય એટલું ગરમ લગાડવું તેથી મીણુની પોપરી બંધાય; તે પોપરીમાં સુઓ જાય તો ચામડીને દરદ થાય નહી આ ઇલાજ ગળની ચામડી પર કરી, સોય ચામડીમાંથી ફોડી કાઢો તો અનુભવ થશે.

પોત મુકવાની રીત—ગુઠણુ નીચે પીંડી ઉપર અથવા ગુઠણુ આગળ જાંઘ ઉપર, અથવા ભુજાની ડેડરી ઉપર સળગાવેલા હળદરનાં ગાંઠીઆથી દામ દેવો. તે ઉપર ફુલ્લો થશે. આંકડાના દુધમાં સુતરને ભીંજવી તેની દડી બોર જેટલી મોટી બનાવી મુકે, તે ઉપર કોઇપણ જાતનું પાતરૂં બાંધે ૮) દીન પછી તે જગા ઉપર કાંનુ પડશે તે કાણા ચોખુ મીણુ ગોટી કરી મુકવું પાટા બાંધવા આં રસી નીકળતી જગા રોજ ધોવી. મીનની ગોડી ધોઈ પાછી મુકવી, પાટો બાંધવો આ મુજબ રોજ કરવું સરીરમાંથી પાણી અથવા રગડો એ કાનાવાટે નિકળતું બંધ થાય દરદને ફાયદો થયલો જણાય ત્યારે પેલાં કાનાને (જખમને રૂઝ લાવવું હોય ત્યારે મીનની ગોળી પેલાં ચાંદાપર મુકવી નહી પણુ બોરડી બાવળ પીપરની છાલના ઉકાળાથી તે ચાંદુ રોજ ધોવું અને રૂઝનો મલમ લગાડવો બીજી એક જાતનો દાંમ અથવા પોત=પગની પીંડી ઉપર પેનસીલથી પાટલી સુતરની દોરી બાંધવી ગોળી સાથ સંબંધ રાખનારી નસ ૨૧) દીન પછી ફુલશે આ ફુલેલી નસને ફોડવી કાનુ પાડવું તે માટે ચિતરાનું મુળનું ચુરણુ તેલમાં ગરમ કરી નસ ઉપર મુકે ખરાબ પાણી તે જખમમાંથી બહાર નીકળવા દેવું જ્યારે દરદ નરમ પડે ત્યારે ટોપરાંને બાળી તેના રુગ્ગુને પાણી સાથ મેળવી માખણ જેવું ઘટ બનાવે તે જખમ પર મુકવું પોત મુકવા પહેલાં અગત્યાના બી (મુકકા) ૮) વાલનુ ચુરણુ ખાવું આ ઇલાજથી ઘણા વરસના દુઃખી દરદીઓ સારા થાય છે.

બાંસની દવા—અંગોરીઆના બી ચણોઠીભાર વારી પાણી સાથ સવાર સાંજ લેવાથી જરૂર ગુણ જણાય છે આ ઇલાજ તદન સુગમ સરલ અને ચોકસ છે.

લેપ—ધાંગડના તાજાં લીંડા પાસેર અને ખુરાસાની અજમો ૦ા સેર પાણીમાં બારીક વાટે ગરમ કરે લેપ બાંધે.

લેપ—ખુરાસાણી અજમો વાટીને ગોળી,ઉપર જાડો લેપ કરે તે ઉપર લીંમડાના પાનનો લેપનો ઠઠેરા કરે તે ઉપર ઝરડાનું તંબાકુનું અથવા બજરનું પલાશોનું પાન મુકી પનો બાંધે, તેથી ગોળીમાથી પાણી ઝરે.

લેપ—કાંકીડાને કાદવના વાસણુમાં બાળી ચુરણ કરે તે રાખ બારીક કરી સીંધવ સાથ મેળવી લગાડે દરદ અવસ્ય મટે.

જે બાજુની ગોળીએ આંતરડું ઉતરે તેની સામી બાજુએ પીઠ ઉપર દાંમ મુક. દાહમ દેવાની જગા સોધવા માટે નીચે મુંજબ કરવું. જમની બાજું આંતરડું ઉતરે છે તો જમનો હાથ પકડી બરડા આંગળથી ગરદન આગળ જેટલો બને તેટલો ઉંચો ડાબા ખભા આગળ લેવો અને જે જગા ઉપર વચલી જાડી આંગળી લાગે ત્યાં દાહમ દેવો. ૧) માસ દાહમને ઝરવા દેવો જેમ ઝરેલ તેમ ગોળી નાંની થાય. ૧) દીવસમાંજ ફાયદો દેખાએ, ગોળીમાં મવાડ ઘણો જુનો હોય તો નરમ પડે નહી, પણ મવાદ વધવા પામે નહી.

ફાયદો થવાનું કારણ એ જે, જે નસમાં થઈને વીકાર ગોળીમાં જાય છે તે નસને દાંભવાથી, ગોળીમાં તે વીકાર વધુ જઇ શકતો નથી.

૧૩=અજમો ૦ા તો. રોજ બે વાર ખાવો. તેમાં સિત્રખ, સુંઠ. ઈજ મેળવે તે વધુ ફાયદો થાય.

૧૪=સુકી હળદ છોળેલી, ૫) તો. ચુણો ૫) સેર, પાણી મણ ૦ાા એઓને કાદવના વાસણુમાં ઉકાળે; વાસણનુ મોં બંધ રાખે પાણી બળી રહે ને ગાડીઆ બહાર કાઢી સુકવે, તેનું ૦ા તોલો ચુરણ રોજ સવાર ખાય.

૧૫=નોંપાતરીના પાન ૧૦) સફેત મરી ૪) નીમખ ૨) વાલ હળદ ૧) વાલ ૫) તો. પાણીમાં વાટી રોજ સવારે ૧૦) દીન સુધી પીએ.

૧૬=સિંદુર અને તેલ મેળવી મસળે.

૧૭=જુનુ ઉન છાસમાં ગરમ કરી તેનો લેપ લગાડે અને કાચો બાંધે.

૧૮=ઘોઘરાના કંદનું પાણી લગાડે તો ગોળીની અંદરનું પાણી સુકાય અને અંતરગળની જગા ચીમરાય.

૧૯=દીવેલીના બીજ ટાંક ૯) મરી, હળદર ટાંકન નર, સીધવ ટાંક ૪, હીંગ ટાંક ૧ાા (લસણ ટાંક ૪) માળવી ગોળ શેર ૦ાા એની મેળવણી ટાંક ૧) સવાર સાંજ ખાય.

૨૦=એરંડીઉ, સિંધાલુંણ, હીરાકસીનો લેપ લગાડવો.

૨૧=ધોળીમુસરી કાળીમુસરી કાળાંમરી, અકલકરો, અજમોદ એનુ ચુરણ ૪ ટાંક ૭ દીન ખાય,

૨૨ સિંધવ, ઉપલેટ, જીરું હીંગ એને મીઠા તેલમાં વાટી લેપ કરે.

૨૩=અંતરગળ ૧૦ દીનમાં સારો થાય એ આશ્ચર્યની વાત છે કાચબા જાનવર (કાચંડાની) રાખ સિંધાલુણ અને તેલનો લેપ કરી લગાડે.

આંતરડું વળખાએ.

આંતરડું વળખાએ તે વેળા પેટમાં દુખાવો ઘણો થાય છે. કોઇ વાર ઝાહાડો મોંઢા વાટે આવે છે.

૧=૰ા તો. સોહાગાબાઇકરબ પાણી ૨ તો. માં પીગલાવી સફરામાં પીચકારી મારવી. પછી બે આની ભાર એસીદ ટાર્ટરીક બે તોલા પાણીમાં ગલાવી. સફરામાં પીચકારી મારવી. સફરો દાબી રાખવો, અંદરથી કારબોનીક એસીદ હવા નિકળવા દેવી નહી. આ બંધે દવા સાથે મળવાથી કારબોનીક એસીદ હવા ઉતપન થાય, તે હવાને, સફરા વાટે નિકળવા ન દીએ તો તે હવા આતરડામાં જોરથી ભરાએ તેથી વળેલું આંતરડું પાછું સીધું થાય અને ઝાહાડાનો રસ્તો ખુલ્લો બને.

૨=ધમનની મદદથી સફરામાં હવા દાખલ કરે તો ઉપર મુજબ ફાયદો થાય.

૩=દરદીને ગરમ પાણીમાં બેસાડે.

આંગળ પેરો.

૧=આંગળપેરો—મરઘીના એક ઇંડાને કાનું પાડે તેમાં દાળ અને સેફેદી રહેવા દીએ, દરદી દરદવાળું આંગળું એ ઇંડામાં બેસી પાટો બાંધે, તે પાટો ૩ દીન રાખે તો દરદ પાકે.

૨=આંગળબેરો—કોઠમરાનું ફળ કોતરી તેને પોકળ બનાવી તે આંગળા ઉપર પહેરાવે છે. તે બધું દરદ ચુસી લે છે.

૩=આ દરદમાં અગન બહુ બળે છે. નસ્તર લગાડવાથી દુખારો વધે છે, આ દરદમાં આંગળાનું એક પેર ખરી પડે, પછી બીજું ખરી પડે. કુમારીઆના પાંદડાંની લેપડી દરદ ઉપર બાંધવી અને ઉપર ઠંડુ પાણી મુકયા કરવું. લેપડી સુકાવા દેવી નહીં. અગન જલદી નરમ પડે છે.

૪=દરદ ઉપર ધતુરાનું ડીંડવું ખુંદીને બાંધવું.

૫=હાથીદાંતના વેહમાં દીવેલ નાખી ગરમ કરી પોટીસ મુકવી.

આંતરડાનાં દરદો.

આંતરડાંના દરદો, પીસાબે પથરી, ગળ સુનો, હાજરીના દરદો.	આ માટે અનેનાસ ખાવામાં ગુણકારી છે. અનેનાસનો રસ પીવાથી ફાયદો થાય છે. સાજ ઉતારવાનો મુખ્ય ગુણ એમાં છે.

આંતરડાનો કોહવાટ સમરે, લોહી સાફ કરે, હોજરી સાફ કરે. ટામોટા કાચા ખાવામાં ગુણ વધારે છે. એનો માવો અને રસ દરદીને સેહેલથી પચે છે. ટામોટા, કાંદા, મીઠું અને લીંબુની કચુમ્બર બનાવી ખોરાક સાથ ખાવામાં ફાયદો છે.

ટામોટા પાકાને સેરડીના સરકામાં ઉકાળી તેનો રસ બાટલીમાં ભરી રાખી ખોરાક સાથ ખાવામાં લીએ તો ખાનુ હજમ થાએ ટામોટા ના બી અને છાલ કાંડા કબજ કરે છે

ઉકળાટ-અગન-શરીરે-બળતરાં

દાહ જરીરે.

૧=શરીરે અગન બળે તો કેળના કુમળાં પાંતરા ઉપર સુવાથી અગન નરમ પડે છે.

૨=છાતી ઉપરના પીત તથા ગરમીથી આખું શરીર બળતું બળાતું થતું હોય ત્યારે કરીઆતાનું :પાણી પીવામાં અપાય છે. ભુખ લગાડવામાં અને ખાધેલું હજમ કરવામાંટે અને તાવને માટે કરીઆતું ઉપયોગી છે.

૩=શરીરે દાહ બળે—તો રેહાનના બી ાા તોલો પાણીમાં ભીંજવી રાખી તેનો લાબ ગારી લઇને દુધ અને સાકર સાથ મેલવી પીવું.

૪=શરીરે બળતરાં બળે, દાહ બળે—આમળાનું પાણી શરીરે ચોળવું. અને આમળાના પાણીથી નાહવું.

ઊટીઓ ડુંટીઓ.

ઉટીઉં તુટીઉં નરમ પડે—તજ, સુંઠ, જેઠીમધ દરેક ૦॥ તોલો એલચી અને બદામ દરેક નંગ ચાર. એ બધાને ખાખરાં કરી ચાર ભાગ કરવા. ૧ ભાગને ૦॥ શેર પાણી સાથ કાદવના વાસણમાં ઊકાળી નવટાંક પાણી રહે તે ગાળી તેમાં ૧ તોલો સાકર નાંખી ગરમ ગરમ પાણી દરદીને પાવું અને ઓઢાડી સુવાડવું. કુંચો રહે તેને ઉપર મુજબ બપોરે ઉકાળી પાવું. ૪ ભાગ ૪ દીવસ આ મુજબ પાવા.

ઓરી

ઓરી=બાળકને સરીરે ફુલી=અને ખસ માટે=પીપળાનું છોરું ઓ ઇંટ પાણીમાં ઘસી દીવસમાં ૪ વાર લગાડવું.

ઓછા.

ઓછા (બચ્ચાંને એક જાતના ચાઠાં આખે દીલે) થાય ને ઉપર ધતુરાના તથા આકરાંનાં પાંતરાંની રાખ, ૦। તોલા સીંદુર, ૦॥ શેર તેલમાં ઉકાળીને તેલ શરીરે ચોપડવું.

ઊટીઓ ડુટીઓ.

એમાં સાધારણ તાવ આવે. સરીરના દરેક સાંધા અકડી જાય. ૪ દીવસ અકરસાટ રહી પોતાની મેળે નરમ પડે.

૧=ને માટે દીવાલમાંની જુની ઇંટનો ભુકો, (મીઠાંની ગાગરી જેટલો મોટો) સેર ૦॥ મીઠું સેર ૦॥, એઓને કાદવની હાંડલી બહુ ગરમ કરવું તે હાંડી નાની સગરી ઉપર મુકવી. દરદીના કપડાં કાંઢવા. અંગ ઉપર બંડુસ રાખી આ મીઠાંનો બાફ લેવો. ૦। કલાક સુધી આખે દીલે બંડુસ ઓઢેલું રાખવું. ૩) દીવસ આ મુજબ બાફ લેવા.

૨=વેડાવજનું ચુરણ ૧ વાલ થી ૨ વાલ રોજ ખાવું.

કમળો.

૧=કમળા માટે જુલાબ લાવવાની પેહેલી જરૂર છે.

૨=ઘોળી ડુંગળી, ગોળ અને હળદર ખાવી.

૩=સંધેસડા અથવા બાવળના પાનનો રસ ૦। શેર, ૨) તોલા સાકર સાથે સાત દીવસ પીવો.

૪=ત્રીફલાનો રસ બનાવી પીવો.

૫=કડુ સર્વોત્તમ ઉપાય છે. તેના કાહવામાં બે વાલ નવસાર મેળવવો.

૬=એરનડાના (કુમળા) પાનનો રસ ૪ તોલા અને ગાયનું દુધ ૪) તોલા રોજ બે વાર પીવું.

૭=સાટોડીના પનચાંગનું ચુરણ ૦। તોલો, મધ, સાકર સાથે ખાવું.

૮=એલીઆનો જુલાબ એક આંતરે લેવો.

૯=આંબળા સોનાગેરૂં, હળદર સમભાગે બારીક વાટી આંખે અંજન કરવું.

૧૦=ચણોઠીના પાનનો રસ સુંઘવો.

૧૧=પાન સાથ ખાવાનો ચુનો માખણમાં મેળવી ૩) દીવસ ખાવો.

૧૨=કમળો મટે—કાંદો ધોળો, ગોળ અને હળદર સવારે અથવા રાત્રે ખાવી;

૧૩=કમળો મટે—પાલુડીના પાન પાંચ સહવારે ખાએ તો ૬) દીવસમાં કમળો મટે. પહરેજી, દુધ, ગોળ, હળદર, તેલ, ખટાઈ.

૧૪=કમળો મટે—કમોડના ચોખા ૧) તો. ૦। શેર પાણીમાં ૧ આખીરાત ભીંજવી રાખે. આ પાણી ગારીને ૩) તો. લેવું. તેમાં સાટોડીનો કણ ૧) તોલો મેળવી પીએ. સરદીની કેહવાળો ફકત ૦॥ તોઃ લીએ. ગરમીની કેહવાળો ૧) તો થી વધુ લઈ શકે.

૧૫=કમળો દુર થાએ—આમળા, સુનાગેરૂ, હલદર સમભાગે પાણીમાં આંખે આંજે.

ઊંબરોકાળો=બોં ઉમરી-અંજીરે દરતી.

૧૬=બોં ઉમરીના છોડ થાય છે. તેના છેક થડમાં ફળ આવે છે.

ભયંકર રક્તપીટ લોહી ગમે ત્યાથી નીકળે, દુઝતા હરસ, કમળો, લોહીનો સુધારો, પીસાબે પડતો ઘટ પદાર્થ,	આ માટે વાતકાળી ઉપાય છે. આસવ બનાવવા રીત.
	બોં ઉમરીના મુળ ૧૪૦ તોલા.
	જેઠીમધનાં મુળીઆ ૪૦ તોલા,
	બીલી મુળ ૧૦ તોલા,
	ગોખરૂ ૧૦ તોલા.
	પાણી ૫૦ શેર.

એ બધાંને ઉકાળી ૨૫ શેર પાણી ગાળી લેવું, તેમાં નીચે મુજબ મેળવવું.

ચીનીકબાબા, સુંઠ, પીપર, મરી, જાયફળ, સુખડનો ભુકો, ચીત્ર કમુળ, લવંગ દરેક ૩ તોલા, કાળી દરાખ ૨૫ તોલા, ધાવડીના ફુલ ૨૫ તોલા, દેશી ગોળ શેર ૧૦ મેળવી એક બરણીમાં ૨૦ દીન રહેવા દેવું પછી બાટલી ભરી મુકવી. જેમ જુનો થાય તેમ એ આસવ નીતરો બને છે. પીવાનું વજન ૨થી ૪ તોલા દીવસમાં બે વાર, ખાધા પછી લેવું.

ભોંઉમરીનું ચુરણ—ઉપર મુજબ ગુણ બતાવે છે. ચુરણ બનાવવાની રીત; મુળીઆંને ખાંડી ભુકો કરવો, તે ભુકાને ભોંઉમરના આખા છોડના રસમાં ૩ પટ આપવા. સુકવીને ભુકો ૦। થી ૦॥ તોલો દીનમાં ૩ વાર લેવો.

૧૭=કરીઆતુ અને સાંકર ૦॥ તોલો, નવટાંક ટાઢાં પાણીમાં ભીંજવી રાખ. ૧) કલાક પછી પીવામાં લીએ, આ મુજબ દીનમાં ત્રણવાર ત્રણ દીવસ પીએ; પાણી વધારે લેવામાં આવે તો ફાયદો છે.

૧૮=દરદીને કેરબાની માળા ગળામાં પહેરાવે છે તેથી કમળાને સારી અસર થાય છે.

૧૯=કપીલો અને વાયવરંગ દરેક ૦। તોલો, મધ સાથે ખાવું.

૨૦=કેળનો રસ ક્ષય રોગને હરે છે. જલંધર, કમળા, લીવરને ફાયદો કરે છે.

૨૧=ચનોટીનાં પાતરાંનો રસ નાંક મુકે તો પીળો મવાદ નીકળી સારૂ થાય.

૨૨=કલેજાના દરદ, કમળો, બરોળ, પીતના ઝાડાં માટે ગળોનું સત્વ સારો છે.

૨૩=ગધેડાંના તાજા લીંડવાને પાણીમાં ભીંજવી એક રાત રાખી તેનું નીતરૂં પાણી કહાડી રોજ સહવારે ત્રણ દીવસ પીએ તો કમળો સારો થાય છે.

૨૪=ક્ષય, કમળો, જલંદર, લીવર—માટે બીજા અનુભવીઓ નીચે મુજબ પીવાની ભલામણ કરે છે;

કેળના ઝાડની રાખ ૧ આંઉંસ, પાણી ચાર આંઉંસમાં મેળવી ૨) કલાક ભીંજવી રાખી એનું નીતરૂં પાણી પીવું. ઘણો ફાયદો આપે છે.

૨૫=કમળો સારો થાય—આકાદોરીના પાનનો રસ ૧૦—૧૦ ટીંપા બન્ને કાનમાં નાખે.

ઝાળકી કડવી-કડવા ગલકા.

૨૬=કમળો—સુકા ગલકાંનો ગર ૦।। ઇંચ ભુકતાં પાણીમાં ૦। કલાક બોળી રાખવો. ઉતાવળ હોય તો પાણીમાં પાંચ મીનીટ ચોળવું. ને પાણીના ત્રણ ચાર ટીપાં નાકના બંને નસકોરામાં નાંખવાં. અરધા કલાક પછી નાકમાંથી પીળું પાણી ઝરશે, તે નીકળવા દેવું. એ મુજબ ત્રણ ચાર દીવસ નાંખવું. ટીપા નાખવાથી ખમી શકાય એટલી એગન બળશે. ત્રણ ચાર દીવસમાં ફેર જણાશે. પછી વધારે મુકવાની જરૂર નથી. ધીરે ધીરે પીળાશ બધો આપોઆપ નીકળી જશે. પીસાબનો રંગ એકજ દીવસમાં બદલાશે. નાકમાંથી કોઈવાર લોહી પડે તો તેની ચિંતા નહીં. તે વખતે કાળી જેટલી ભીંજવી માથા ઉપર મુકવી અથવા જુની છોં (બાંધકામ તુટી પડેલું હોય તેનું છાજું) ભુકો કરી પાણી સાથે મેળવી માથા ઉપર મુકવું, તે ઠંડક આપશે અને નીકળતું લોહી બંધ પડશે.

૨૭=ગળામાં આગન તથા તરસ—આ ઇલાજથી કોઇને ગળામાં અગન બળે અને તરસ લાગે ત્યારે સુનામખીની ચાહ ૦। શેર બનાવી, ગાળીને તે પાણીમાં ૧ તોલો કાળી દરાખ ઠળીઆ કાઢેલી ભીંજવવી, તેને ચોળી રસ કહાડવો; તેમાં સાકેર પીગળાવવી, ઠંડું પાડી ૦।। શેર પીવું. આં મુજબ દીનમાં ત્રણ ચાર વાર પીવું. પેટ ઘણા નહીં આવે તો રોજ પીવામાં નુકસાન નથી. જો ઝાડા ઘણા આવે તો સુનામખી વગરનું સાદા પાણીમાં બનાવી પીવું. કમળાનો કોઠો રહેલો પીળાસ આ કહાંડે છે. ખોરાકમાં હલક અને ચીકાસ. ખાવાં નહીં. દુધ ને રોટલો ખાવો સારો છે. કોઇ અનુભવી ખીચડી અને ઘી ખાવાની રજા આપે છે.

૨૮=કડું બે આનીથી પાવલીભાર. સાકર ૦। તોલા સાથ મેળવી પાણી સાથ ફાકી મારવી. કલેજાનું પીટ સોધન થઈ ઝાડા વાટે પડે છે, અને કમળો સારો થાય છે.

૨૯=કુકડવેલના પાનનો રસ બંને નસકોરામાં મુકે અથવા વારંવાર સુંઘે તો નાકમાંથી પીળો રસ ગળે અને તાત્કાળ ફાયદો થાય. ૨૪ કલાકમાં આશરે બશેર પાણી પડે છે. પાણી પડતું બંધ કરવું પડે, તો ગરમ ઘી સુંઘ્યા કરવું. પાન લીલાં ન મળે તો સુકાં પાનને ૧ રાત ભીંજવી રાખી તેનો રસ વાપડવો.

૩૦=કડવાં તુરીઆંનો ગર, પાણીમાં ભીંજવી તેના ચાર ટીપાં નાકમાં નાખવાથી નાક વાટે પીળું પાણી ગળીને, કમળો નરમ પડે,

જરૂર હોય તો ત્રણ દીવસ ટીપાં નાંખવા. ટીપાં નાખ્યા પછી એક કલાક ખીચડી ને ઘી ખાવું.

કડવુ [તુરીઉં–કરૂસીરવળ–પીટફળ એ બધાંએકજ;છે. ડોડકી–ડોળકી ઘીસોડી, ગલકા કડવા, દુધી, તુંમડી કરવી. આ દરેક ચીજ કડવી હોય ત્યારે તેનો ગુણએક સરખો છે. આ ચીજોનો લીલો રસ અથવા સુકા ગરને પાણીમાં પલાળી કાઢેલા રસના દસ દસ ટીપાં નાકમાં મુકવાં અથવા ચટાડવાં અથવા આ ફળોનું બારીક ચુરણ રતી એક સુંઘાડવું. તેથી પીટ ઝરે છે. આ નાસીકા રેચ બંધ કરવો હોય તો ઘી સુંઘવું. નાકમાં ટીપાં મુકવા પહેલાં ઘી ચાટવું જેથી ગળામાં ચણચણાટ લાગે નહીં.

૩૧= કમળો તથા બલોર મટે=તુરીઉં કડવું–કડવી ઘીસોડી–એનાં બી દુધીના બીજેવાં થાય છે. એના સુકા ગરને પાણીમાં ભીંજવી તેના ટીપાં ચારપાંચ નાકમાં મુકે તો કમળો તથા બલોર મટી જાય. એનાં સુકાં બી વામીટ અને ઝાહડો લાવે છે. એ ઘણા આકળાં છે.

૩૨=કમળી માટે–ભાંગરાના રસમાં ૬ માસા મરી વાટીને ખાવાં.

૩૩=ધઉંનું તેલ બે દીવસ આંખમાં આંજે તો કમળો મટે.

૩૪=કમળાની માળામાં જે સળીઓ વાપરે છે તે ગળોની ડાંખલી છે. લીલી ડાંખળીને સુતરના દોરાના અગાગા ગાંઠથી બાંધી હાર બનાવે છે. જેમ ડાંખળી સુકાય તેમ દોરો તણાઇને લાંબો થાય છે. કમળા ઉપર એ કેમ ગુણ કરે છે તે સમજાતું નથી.

૩૫=દીનદોરીના પાતરાનો રસ ૯ ટાંક, દહી શેર ०।। સાથે દીન ૩ ખાવો.

૩૬=દુધીની અંને ઘાતાની જડ વાટીને ફાકી મારી ઉપરથી ટંડું પાની પીવું.

૩૭=નરમાનાના દીંડવાનો રસ નાકમાં મુકે તો નાકમાંથી પીળો રસ ગળે અને કમળો મટે,

૩૮=કમલો–ધતુરાના પાનનો રસ પાંચ ટીપા બંધે કાનમાં નાંખવા.

૩૯=કમળો મટે—આકડાના મુગને ચોખાની ધુણમાં ઘસી તેનુ એક ટીપું નાકમાં મુકવું.

૪૦=કમળો—ધતુરાનાં પાનનો રસ આખા શરીરે મસળવો. મોઢાં આગળથી શરૂ કરી પગ આગળ મસળતા આવવું પછી તડકે ०। કલાક બેસવું. ફક્ત બે દીવસમાં ફાયદો થાય છે;

૪૧=૪) તોલા ત્રીફળાને અશેર પાણીમાં ઉકાળી, પાણી દોઢ શેર રાખી તેમાંથી રાા તોલા દીવસમાં ત્રણ વાર પીવાથી કમળો સારો થાય છે.

૪૨=કમળો, કલેજાનું દરદ=ગુરદાના દરદને-કાંકજ પોપટી ઘણી સારી છે; દરદને મુતરાવી કહાડે. ફુકકાના દરદોને ફાયદો કરે છે. આશા=ચાર માસા.

૪૩=દેવદાંગરના ફુલનું ચુરણ એક ચોખાભાર દરદી સુંઘે તો નાંકમાંથી પીળો રસ ગળી દરદ સારૂં થાય.

૪૪=ત્રીફળ ન। સેર અને પાણી એક શેરને ઉકાળી ન। શેર રાખવું તેને ગાળી અંદર ૧ાા તોલો મધ નાંખી તેના ત્રણ ભાગ કરી દીનમાં ૩) વાર પીવું.

૪૫=કમળા માટે તલવનીનું મુળ આતવારે સવારના સુરજ ઉગવા પહેલાં લાવી, પાણીમાં ઘસી આંખે આંજે તો કમલો જાય.

૪૬=કમલો—દેવદારનાં મુળની ભુકીની પોટલી સુંઘીઆ કરે તો ફાયદો થાય.

૪૭=બીદાર એ એક જાતનું ફળ છે, તે ફળની નીચે હંમેશા એક ફનું રહે છે. આ ફળ ગાંધીઓ વેચે છે.

કમળો મટે—બીદાર ફળને પાણીમાં ભીંજવવું. તે પાણીના ૩ ટીંપા નાકમાં નાંખવાથી નાક ઝરે અને નાકમાંથી પીળો પદાર્થ નીકળે નાક ઝરતું રાખે. નાકમાં જરા અગન લાગે, અગન ન ખમી શકાય તો માથાપર ટંડુ પાણી નાખે.

૪૮=કમળા માટે—સફેદ જાસંતીના મળ ખુંદી પેહેલી રાતે ભીંજવી તેનું પાણી ાા શેર રાતરે ૧૨) કલાકે પીવું.

૪૯=કમળા માટે=ાા તોલો સાજીખાર પાણી સાથ સવારે ભુખે પેટે ૩) દીન પીવા. ખોરાકમાં ખચડી અને ઘી ખાવું.

૫૦=કમળો—સમુદ્ર ફીણ પાણીમાં ઘસી અંજન કરે તો કમળો નરમ પડે.

૫૧=કમળા માટે આપટાના ઝાડની છાલના કટકાને કાચા સુતરના દોરાથી બાંધી, હાર બનાવી દરદીના ગળામાં મુકવો અથવા તેની કમરે બાંધવો, તેનાથી કમળો નરમ પડે છે. આ ઉપાય હજી ચાલુ છે.

૫૨=કમળા માટે એરનડીઆના પાંતરાનો રસ તોલા ૪, ગાયનું દુધ તોલા ૪, મેળવીને દીનમાં બે વાર પીવું.

૫૩=કરૂસીરવળ (કડવાં તુરીઆં જેવું છે. એના સુકા ગરને ૧) ક્લાક પાણીમાં ભીંજવી તેના ચાર ટીપાં નાકમાં નાખે તો કમળો મટે છે. જરૂર વગર ફેરી મુકવું નહીં. ખાવામાં ૧ કલાક પછી ઘીને ખીચડી લેવી. (નાકમાં આ ટીપાં મુકનારા બીજાઓ હળદ અને ઘી ખાવા ના પાડે છે.)

૫૪=ગળોનો સત્વ—ગળો લીમડા ઉપર થાય તે સારી. તે ખાવાથી કડવી લાગે છે. વેલો જાડો હોય તેમાંથી સફેદ સત્વ વધારે નીકળે છે. ગળોને ખુંદી, પાણીમાં ભીંજવી રાખવી, ચાર દીવસ ચોળ્યા કરવી. તેમ કરવાથી અંદરનો આટા જેવો ભાગ છુટે છે. કુચો કાઢી લઇ કપડાથી ગાળી લેવું. સત્વ ઠરી નીચે બેસે તેને પાણીથી નીતારી લેવું. બીજું પાણી નાખી તે સત્વને ધોવું. એમ ત્રણ ચાર પાણીએ ધોવાથી સત્વ સફેદ થાય છે, તેને સુકવે છે.

સન્ધીવા, કમળો, તાવ અટકાવવામાં ગળોનુ સત્વ ઉપયોગી છે.

૫૫=કમળાને ફાયદો કરે—પાકી કેરીનો રસ સવારે ભુખે પેટ પેટ ભરીને પીએ, પછી આખો દીવસ અપવાસ કરે. પાણી પીએ તો અડચણ નથી.

૫૬=કમળા માટે—એરંડીઆનું મુળ ૧ તોલો ઘસીને રોજ પીએ; સફેદ કાંદા, હળદ અને ગોળ ખાવાથી ફાયદો છે.

૫૭=કમરખનો રસ ૪ તોલા સાકર સાથ મેળવી સવારે આમદાદમાં ૩ દીન પીવો.

૫૮=કમળી મટે—કુકરવાડાના વેળાનો રસ પાંચ ટીપા નાકમાં મેળવો અથવા એના ફળનું ચુરણ ૧ રતી સુંઘવું. નાક ગળીને નાકમાંથી પીળો પદાર્થ નીકળી જશે અને રોગ નાબુદ થશે.

૫૯=કમળી સારી થાય—કુંવારના કાંડાનો રસ ઘીમાં મેળવી દરદીએ સુંઘવો.

૬૦=કમળાનો ઈલાજ—કુંવારનો રસ ૩ તોલા, સાકર ૧॥ તોલો મેળવી ૧૭ દીવસ દરદીએ ખાવું.

૬૧=કાટીના પાનને દુધમા વાટી તેનો રસ તોલા ૫ રોજ પીવો.

૬૨=લીંબુની ફાડમાં ચુનો મેળવીને ચુસે.

૬૩=લીંબુના રસમાં સમુદ્ર ફીણ ઘસીને આંખમાં આંજે.

૬૪=લીંબુના રસના ૨ ટીપા દરેક આંખમાં નાખે.

૬૫=વાયવળંગ, કંપીલો સમભાગે મેળવી ૦। તોલો અથવા ૦॥ તોલો થોડાં મધ સાથે ખવાડવું.

૬૬=પેટમાંનું દરદ જાય—અમુદ ફળ લીંબુના રસમાં ખાવું.

૬૭=કમળા માટે—૦। તોલો સોડા દર ચાર કલાકે પાણી સાથે પીવો.

૬૮=હરડે ૪ ભાગ, દરાખ કાળી ૧ ભાગ મેળવી ૦॥ તોલો ખાવી.

૬૯=સાકર અને ખાંડ સમભાગે લઇને ૦॥ તોલો ફાકી મારી ઉપરથી ગાયનું દુધ અથવા પાણી પીવું.

૭૦=સોના ગેરૂ, આમળા, હળદર સંભાગે મેળવી અંજન કરે તો કમળો મટે.

૭૧=હરડે, આમળા, સુંઠ, કરીઆતું, કડું, સંભાગે લઇ કાહાવો કરી પીવો.

૭૨=કમળાનો ઇલાજ—હરડાં, કાળી દરાખ દરેક ૦॥ તોલો રોજ ખવાડે તો મોઢા પરનો પીળાસ જાય, આંખ રતાસ આવે, દીન ૭ અથવા ૧૪ ખાવું. અથવા ઉકાળો કરી પીવો.

૭૩=કમળીના દરદીને—કાળીજીરી ૦॥ તોલો પાણીમાં વાટી તેનો રસ ગાળીને દરદીને રોજ ૩ વાર પાવો.

દતનજ્જેન (તનદીરી)ના પાંદડાનો રસ ૦।થી ૦॥ તોલા દહીમાં મેળવીને ખાવો.

લીવર (કલેજાં)ના દરદ માટે સરગવાનું મુળ ૫ વાલ પાણીમાં ઘસી પાવું અને કલેજા ઉપર ઘસેલું મુળ ઉપર લગાડીઆ કરવું.

૭૪=કમળો મટે—કમોદના ઓળા ૧ તોલો આખી રાત ૧૦ તોલા પાણીમાં ભીંજવી રાખે, આ પાણી ૩ તોલા લઇ તેમાં સતોડીનો (વલવડ) કણ ૧ તોલો અથવા વધારે ઘસીને પીવું. ગરમીની દેહવાળો દરદી વધુ પી શકે, સરદીની દેહવાળો ૦॥ તોલો વાપરે.

૭૫=કમળા માટે લીંબુની ફાડમાં મરી ભરી રાખીને ચુશે તો કમળો નરમ પડે.

૭૬=કમળો સારો થાએ—આકાશેરીના પાનનો રસ ૧૦-૧૦ ટીંપા બધે કાનમાં નાંખ,

૭૭=કાસનીના પાનનો રસ ૭ તોલા લઇ ઉકાળવો અને પાંચ પાંચ તોલા સાકર નાખીને પીવો, ખોરાકમાં મગની દાળ અને રોટી ખાવી.

૭૮=દેવદારના મુળની ભુકીની પોટલી સુંઘીઆ કરે તો ફાયદો થાય,

૭૯=બાવળનાં કુલને બારીક કરી તેની ગોળી મધ સાથે વાળી તે ગોળી તેલમાં ઘસી આંખમાં ચાર દીવસ આંજવી.

૮૦=કમળા માટે મેંદીના પાતરાં ૨) તોલા લઇ તેને પાસેર પાણીમાં ૧ રાત ભીંજવે, તે ગાળીને સહવારે દરદીને પાય.

૮૧=કમળો—કમળા માટે ૦। તોલો ફટકી, પાંચ તોલા પાણીમાં મેળવી બબે દીવસને આંતરે પીવી, ઝાડો ઉલટી થાય તેની અડચણ નથી. તેનાથી કમળો સારો થાય છે.

૮૨=કમળો—કમળા માંટે સંધેશરાની તથા બાવળની પાલીનો રસ શેર ૦। સાકેર તોલા સાથ ૭ દીવસ પીવામાં આપે તો કમળો જાય.

૮૩=કમળો—ભુતખાસાના પાંદડાનો ભુકો કરી સુંઘવાથી કમળાને ફાયદો થાય છે.

કમરનો દુખાઓ.

૧=કમરનું કળતુ મટે—કુવાડીઆના બી ૦॥ તોલો રોજ સહવારે ફાકે. ઉપરથી પાણી પીએ.

૨=કમરમાં જોર વધે—૦॥ તોલો સુનામખી હરણના દુધમાં રોજ ખાવી.

૩=કમર દુખતી નરમ પડે—ભોંયરીગણી આટા સાથ મેળવી રોટી બનાવી ઘી, ગોળ સાથ ખાએ, તો જરૂર દરદ નરમ પડે.

કરમ પેટમાં.

બાળકોને પેટમાં કરમ થાએ ત્યારે નીચે મુજબ આપવું.

૧=વાયવડીંગને ભરડી અંદરની મીંજ કાહાડી સેકવાં. ઉમરના પ્રમાણમાં ૧, ૨, ૩ મીંજ પાણીમાં વાટી બેવાર પાવાં. વાવડીંગની ભુકી ૧ થી ૨) વાલ મધમાં અપાય છે.

૨=ડીકામાળી અથવા ડીકામાલી વાટીને પાવાથી કરમ નીકળી જાય.

૩=કડવી છરી ૧) વાલ પાણીમાં પાવી.

૪=૧) કાંદચીઓ સેકી તેને વાટી ૪) થી ૮) પડીકી કરવી. રોજ બે પડીકા ખવાડવી.

કરમની ઉપલી દવામાંની કોઈપણ દવા રાત્રે આપી સવારે જુલાબ દીવેલનો આપવો.

૫=કૌવચ (ભેરવસીંગ) ૧ ના કાંટા ભરી વરી કાહાડી ગોળમાં મેળવી ખવાડવી.

૬=કપીલો તેમજ કલંબો ૧ થી ૨ વાલ આપવો.

૭=વટાણા જેટલો કપુર ગોળના નવટાંક પાણીમાં મેળવી તેમાંથી ૧) ચમચી (૦। તો.) દીવસમાં ૧ વાર આપવી.

૮=વડની વડવાઈના કુણા અંકુરો (કુમળી જડ) ને પાણીમાં વાટી પાવાં.

૯=ઉંદરકાનીનો રસ ૧) ચમચી પાવો.

૧૦=ફુલવેલી ફટકડી ચણોટીભાર લઇ જુના ગોળમાં ખવાડવી.

૧૧=તલનું તેલ કરમને મારનાર છે, માટે તેલમાં તળેલી પુરી બાળકને ખવાડવી.

૧૨=કરમ પેટમાંના=પીતનો માથાનો દુખાવો એ માટે—ટાંકણખાર ૦॥ વાલ અને એક અખરોટનું મગજ પાણીમાં વાટી પીવું.

૧૩=ઘોડાની લાદનું ચુરણ કરવું, વાયવડંગના ક્વાથથી ૧૦૦ વાર તેને ભાવના આપવી, આ ચુરણ બે વાલ મધ સાથ બાલકને આપવું.

જુની દાડમરીની છાલ દોઢ તોલો, પાણી એક માં ઉકાળી ૦। શેર પાણી રહેને પીવું, નેહાર કોઠે પીવું.

૧૫=ફરાસ પાપડો બે આંની ભાર ખવાડવો.

૧૬=પલાસ પાપડી અધકચરી કરી મગની દાલ જેટલી બાલકને ખવાડે અથવા ૧) પલાસ પાપડી પાણીમાં છુંદી, ગારીને બાલકને પીવાડે-(આ પાણીમાંથી ખાર કહાડી શકાય છે.)

૧૭=ગરમારાનો ગોર ખવાડવો. એ ચમત્કારી ઈલાજ છે.

૧૮=કાકડાસીંગ, કરીઆતું, કંકુ, ગરમારાનો ગર સંભાગે લેવો. તેનાથી ૪ થા ભાગે અજમો અને ૧૬ માં ભાગે ખોરાસાની અજમો લઇ વટાણા જેવડી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી બાલકને ખવાડવી.

૧૯=કરમ બાલકને થાય તે માટે આંબાહળદ અને સીંધવ સંભાગે મેળવી ૨) વાલ ખવાડવું ઉપરથી ગરમ પાણી પાવું.

૨૦=કરમની કસર મટે—પેપેનાસના ૩) પાન ચાહમાં નાખી તે ચાહ બાળકને પાવી.

૨૧=મીઠાં વગરની ઠળીઆ કાઢેલી આમલી ૧ ભાગ, ભીલામું ૧) ભાગને ગોળ સાથ મેળવી એકેક વાલની ગોળી બનાવે, તેમાંની ૧) ખવાડે તો કરમ મરે અને કરમ ખખડીને બહાર પડે.

૨૨=પાછલી રાત્રે મરઘા બોલવા પહેલાં કરમના મો ખુલ્લા થાય છે તે વેળા બાળકને તેની ઉમરના પ્રમાણમાં ૧૦–૧૫ ટીપાં કોલનવાટર પાણીમાં નાંખી પાવું. કોલનવાટરને બદલે બ્રાંડી દારૂ ચાલી શકે.

૨૩=રાત્રે બે વાગે સંધેસરાની પાલી લાવી તેનો રસ બનાવી રસ ૦॥ તોલો તેમાં બે ટીપાં તેલ નાંખી રાત્રે ત્રણ વાગે પાવું.

પાછલી રાત્રે કરમનું જોર વધે છે, કરમનાં મોં ખુલ્લા થાય છે, તેમજ સંધેસરાના ઝાડના પાનમાં રાત્રે બે વાગે રસ વધતો આવે છે.

૨૪=અવરકંટીના પાનને પાણીમાં ઉકાળી ૧ ચમચી ઉકાળો પાવો અને તેના પાનનું વરાળીયું પેટે બાંધવું.

૨૫=કરમાંની અને કોથમીર બન્ને આપવાથી કરમ નરમ પડે.

૨૬=કાચી કેરીની ગોટલીનો ભુકો નીચલા દરદો મારે છે.

પેટમાંના કરમ. દુજતા મસા, ઝાડા વાટે લોહી પડે તે, દસતાન ઘણું જતું હોય તે, તથા ઝાડા થતા હોય તે માટે ખાવામા લે છે. ૦। થી અરધો તોલો દીનમાં ૩ વાર ખાવો.

૨૭=ગોળના પાણી સાથ કપુર ખવાડતાં કરમ પડે છે. ગોળ જુનો જોઇએ. ઉપલ્યાનો ગોળ ધર્માદા અપાય છે. તે જુનો ૩–૪ વરસનો ગોળ એકલો અથવા કપુર સાથે મેળવી આપે છે. જુનો ગોળ ઝાહડો લાવવાનો ગુણ ધરાવે છે.

૨૮=કરમ માટે કંપીલો ઘણો ઉપયોગી છે. અપટા, ગોળ અને સુતરીઆ કરમ બહાર પાડે છે.

૨૯=કરમ માટે સહેલો ઉપાય બચ્ચાંને કરમની અસર જણાય તો અખરોટ એક સહવારે અને બીજું સાંજે ખવાડવી, રાતે સુતીવેળા દીવેલનો જુલાબ આપવો, કરમ હશે તો પડી જશે.

૩૦=કૃમી જંતુને મારે=
વાદ દાસ વધે=
લોહી સુધરે=
વિષ પ્રટકને ફાયદો આપે=
ક્ષયને ફાયદો કરે=
શક્તી વધે,

} નીચે મુજબ ઇલાજ ચાલુ રાખવો.

જેઠી મધ તથા વાયવડીંગના બીજ (વિડંગ તનદુલેને) ભરડી ઉપરના છોળાનાં કાહડી અંદરના બીનો ભુકો સંભાગે લઈ તેની ફાકી

ના તોલો ૧ માસ સુધી ખાવી. (અથવા તેની ચાહ બનાવીને પીવી) ખોરાકમાં ભાત, ઘી અને મગનું ઓસામણ લેવું.

મગનું ઓસામણ—મગ અને આમળા સુકાને પાણીમાં બાફી તેના ઓસામણને ઘી તથા જીરાથી વઘાર કરવો. ઉપલી ફાકી ના તોલાથી શરૂ કરી તે દર અડવાડીએ ના તોલો વધારી ૧ તોલા સુધી વધવું. ફાકી અથવા ચાહના આકારમાં લેવું.

૩૧=કરમાની અને કોઠમીરનો રસ પીવાથી કરમ પડે.

૩૨=કરમ માટે—અંગ્રેજી વરમસીદની માફક કાચકાનો પાઉડર અપાય છે. બચ્ચાને એ માફક છે.

૩૩=દાડમના મુળની છાલનું ચુરણ ના તોલા પાણી સાથ ખાવું. અને જુલાબ લેવો. (એનો ધટ એકસ્ટ્રેકટની ગોળી બની શકે.)

૩૪=પીતપાપડો અને વાયવરંગ દરેક બે વાલ લેવું.

૩૫=ભરવસીંગ (કાચા=કવચ)ની કાંટા વાળી સીંગને દુધમાં નાખે કાંટા છુટા પડે અને તે દુધ પીએ. પછી જુલાબ આપે.

૩૬=ખાખરાની લીલી શીંગનો રસ મધ સાથે પીવો.

૩૭=લીમડાના છાલનો રસ મરી નાખી પીવો.

૩૮=સમુદર ફળ પાણીમાં ઘસી પીવું.

૩૯=કરમ પડે (પેટમાના)કાળી મુસલી ગાયના ઘી સાથ ખાએ.

૪૦=ઘોડાની લાદનું ચુરણ બનાવવું તેને વાયવરંગના ઉકાળાની ૧૦૦ ભાવના આપી તે ચુરન બે વાલ આપે તો કરમ પડે.

૪૧=કરમ જંતુ માટે ટીકામારીનું ચુરણ ૧) વાલ અપાય છે

૪૨=કરમ બચાંને થાય તે માટે—કેલોમેળ ઘણા ગુણ કરે છે. કેલોમેળ ગ્રેન એક, સ્કેમોનીઆ ગ્રેન બે, અનીસુ તેલ ટીપુ ૦। એક બચ્ચાં માટે છે.

૪૩=નાના મોટા કરમ પડે—સ્કેમોનીઆ ગ્રેન બે, નસોતર છ ગ્રેન એક વખતે આપવાં.

૪૪=સેનટોનાઇન ગ્રેન એક, કેલોમેળ ગ્રેન ૧, રાત્રે સુતી વખત ખાંડ સાથે આપવું.

૪૫=કરમની ગુંચ પડે—નર સેવટી (સેવટી જે ઉપર ફુલ ન આવે તે) તેને અમણુજ પણ કહે છે તેનાં પાતરાંનો રસ ૩ દીન પાવો દરરોજ ૧ તોલો રસ પાય તો કરમ પડે.

૪૬=બચ્ચાંને વાખીટ થાય તો કરમ છતીએ છે એમ જાણવું. તે વેળા ધાણા વાટીને સાકર સાથ આપવા. કરમ થયા હોય

ત્યારે બચ્ચાંઓ પાણી ઘણીવાર પીવા માંગે છે અને પોતાનું નાક ખવરીઆ કરે છે.

૪૭= ઘણો જુનો ગોળ ઘણો કીમતી બને છે. ઉપલીઉ અને કરમ ઉપર ખવાડે છે. તેથી ઝાડો આવે છે. કરમ નીચે ઉતરે છે. ગોળ જેમ જુનો થાય છે તેમ તેમાં જુલાબ થવાની અસર વધે છે, કારણ તેમાં સીર્ડ=પોતાશ ઉત્પન્ન થાય છે. ગોળ જાનવારોના ખોરાક સાથ અપાય છે પણ તે ખટાશવાળો ન જોઇએ.

૪૮=બચ્ચાંના કરમ માટે સહેલો ઉપાય—૧ તોલો દીવેલ અને ૩ ટીપાં ટરપેનટાઇનના નાંખી બચ્ચાને આપે તો કરમ પડે. દીવેલ વેલાની લેવાની ખાસ જરૂર નથી. ગામડી દીવેલ જરા ગરમ કરી લેવું. તાજું દીવેલ ગુણ આપે છે.

૪૯=બચ્ચાંને કરમ હોય તો દાડમડીના ફુલને પાણીમાં વાટી પાવામાં આવે છે.

૫૦=કરમ માટે—ઉંદ્રાવ્ય અને વાયડગંગ સંભાગે લઇ મધ સાથ ૧ વાલ જેવડી ગોળી બનાવી ખવાડે તો કરમનો નાશ થાય:

૫૧=કાળીજીરી ૩ વાલ ખાઇને જુલાબ લીએ તો પેટના કરમ પડે.

૫૨=કરમ માટે— લીંબિરાંની સુકી છાલનો કહાવો પીવો.

બાળકને સેવ જેવાં ઝીણા કરમ થાય ત્યારે રોટી કરવાનાં ઠીકરાં પરની મેસ દીવેલમાં મેળવી સફરામાં લગાડે તો કરમ નીકળી પડે.

૫૩=કરમ માટે વાવડીંગ ૨) વાલ, નસોતર ૧) વાલ, કપીલો ૧) વાલ અને ૨ાા તોલા પાણી સાથે ઉકળાવવું, નિતરૂ પાણી ૦ા તો ૩) ૩) કલાકે પાવું.

૫૪=બાળકના કરમ માટે—અતીવીષ ૧ વાલ મધ સાથ આપવાથી બહુ ફાયદો થાય છે.

૫૫=કરમ માટે—લીંબોડીના તેલના ૨) ટીપા ખાણ સાથ બાળકને ખવાડવાં

૫૬=કરમ માટે—વાયવડીંગનો ઉકાળો બાળકોને મધ સાથે આપવો. ૨) વાલ વાયવડીંગ ૦ાા રતી કલોમેલ મેળવી આપે.

૫૭=પેટના ઝીણા કરમ મરે—અંકાલના મુળનો કહાવો કરી જરા ઘી નાંખી પાવો.

૫૮=પંથી જાતના કરમ મરે— દરદીને રાત્રે સુતી વખતે ગોળ ખવાડે જેથી પેતના કરમ તે મીઠાશપર વળગે સહવારે દરદીને ૦ા

તોલો કપીલો દહીમાં ખવાડે તો બધા કરમ મરે ૦। તોલો કપીલો મધ સાથ બી આપે છે.

૫૯=મુંડ અને વાયવડીંગ ખાવાથી કરમ મરે છે.

સુનામખી અથવા હલદર કાચી, ગોળ સાથે ખાવાથી કરમ પડે.

૬૦=વાયવડીંગ કરમને મારે છે. આથી કરમ પેટમાં મરી જાય છે માટે તેને બહાર કાઢવા દીવેલનો જુલાબ જરૂર આપવો જોઈએ.

૬૧=સીતાફળના પાદડાનો રસ બચ્ચાંને કરમ માટે આપે છે. અથવા પાંદડાં ગળે બાંધે છે. એના વાસથી કરમ છાતીએથી નીચે ઉતરે છે. સીતાફળ ગર્ભસ્થાનને નુકશાન કરતા છે.

૬૨=બે વાલ સીતાફળના પાનના રસને ખાનાના પાણી સાથ પાવા.

૬૩=કરમ પેટમાં પાકે નહી—સેકટાની સીંગ ખાનારને કરમ પાકે નહીં.

૬૪=કરમ પડે—કમરકાકડીનું મગજ અને એલચી સંભાગે લઈ લીંબુના રસમાં વાટી ચણા જેવડી ગોળીઓ બનાવે તેમાંની ૧ ગોળી રાતે ૧૨ વાગે બાળકને ખવાડે અને ઉપરથા ૦। તોલો ખાન ફકાડે.

કરોળીઓ-છીપ-છાહી.

૧=તલના તેલનું મર્દન કરવું.

૨=કળીચુનો ૧ ભાગ, સરસીઉં તેલ ૫ ભાગ મેળવીને શરીરે મસળી તડકે બેસવું. ૫। કલાક પછી નાહવું.

૩=ચોળાફળીની ભાજી અથવા તેના મુળની રાખ પાણીમાં મેળવી શરીરે ચોપડી ૦। કલાક તડકે બેસવું અને ગરમ પાણીથી નાહવું.

૪=સુખડ અને ટંકણખાર પાણીમાં ઘસી લગાડવું.

૫=હળદર અને કાળા તલ સમભાગે મેળવી શરીરે મસળવા.

૬=જો દરદીને માફક આવી શકે તો, ઠંડાં પાણીમાં બોળેલી ચાદર શરીરે વીટાળો, અને ધાબળો ઓઢી ૩ કલાક સુધી રહે અને એ વખતમાં પીવાએ એટલું પાણી પીએ તો પરસેવો નીકળી રોગ સારો થાય.

૭=કુવાડીયાના બી અધકચરાં વાટી દહીમાં ૩ દીવસ રાખીને તે દહી સરીરે મસળવું અને થોડીવારે નાહી લે ; કરોળીઓ નરમ પડે છે.

૮=કાળી જીરી અને કાળા તલ સંભાગે મેળવીને ચુરણ બનાવી રોજ ૦। તોલો ખાવો. ચામડી પર થતો કરોળીઓ તેનાથી સાફ થાય છે.

૯=કરોળીઆ માટે—મનસીલ, ટંકણખાર, હળદર સંભાગે વાટીને શરીરે લગાડે તો કરોળીઓ સાફ થાય.

૧૦=ચોળાઈની ભાજીની રાખ પાણી સાથ મેળવી શરીરે ચોપડવી તડકે બેસવું. પછી ગરમ પાણીથી નાહવું.

૧૧=તુલસીના છોડને બળેલી મરોડી પાણી સાથ મેળવીને લગાડે તો શરીર ઉપરનો કરોળીઓ સારો થાય.

૧૨=કરોળીઓ શરીરે થાય તો તેલીઆ દેવદારને લીંબૂના રસમાં ઘસી લગાડવું.

કરોળીઆ માટે શરીર ઉપર વેંગણનો રસ લગાડે.

૧૩=સુકા આમલા પાણીમાં ઘસી શરીર પર લગાડવા.

૧૪=તલના ફુલ ચામડી પર મસળવા.

૧૫=શરીરે સરસ્યું ઘણા દીવસ ચોળવા.

૧૬=હળદ અને કુટકી પાણીમાં ઘસી મગાડે.

૧૭=મજીઠને મધમાં મેળવી શરીરે મસળવી.

૧૮=કરોળીઆ મટે—મુળાના બીજ ૦। શેર વાટીને ૦॥ શેર દીવેલમાં મેલવે અને તે શરીરે મસળે.

૧૯=કરોળીઓ, છીપ માટે—હળદર, કાળા તલ સંભાગે મેળવી ભેંસના દુધમાં વાટી મસળવું.

૨૦=સાબુ અને આમરના ફુલ સંભાગે મેળવી શરીરે લગાડવું.

૨૧=કરોળીઓ—સુખડને ટંકનખારમાં ઘસીને શરીરે ચોપડે તો કરોળીઓ મટે.

૨૨=કરોળીઓ મટે—સમુદર ફળ પાણી સાથે ઘસી લગાડવું.

૨૩=મુળાના બીજને અંઘેડાના ખારના પાણીમાં વાટી મસળે.

૨૪=સાપ જાણવરને બાળીને કરેલી રાખને બેહેડાતા બીજના તેલ સાથ મેળવી લગાડે.

૨૫=મુળાનો રસ મસળે.

૨૬=ધાપાણ (ધાભણ) ૧ રતલ ગુલાબી રંગ ૦॥ તોલો મેળવી લગાડે.

કલેજાંના દરદો તથા બરોળ-બલોહર.

૧=કલેજું મોટું થાય ત્યારે ૦। તોલો અજમો ગોળ સાથે દરરોજ ખાવો.

૨=બરોળ અને કલેજાની ગાંઠને પીગળાવે છે. અસાળીઆને પાણીમાં પીગળાવી દુધ સાથે મેળવી રાબડી કરીને રોજ પીવાથાં લેવી. શરીરમાં લોહીની ગાંઠ બંધાઇ હોય તેને પણ એ તોડે છે.

૩ કલેજું (લીવર) પાકેલું હોય, સોજો આવેલો હોય કે ફાટેલું પણ હોય છતાં ડા૦ મુર મજબુત ભલામણ કરે છે કે, વીસ ગ્રેન ઇપેકેકયુના રોજ આપવું. બીજો અનુભવી ડા૦ આજ ઉપાય કબુલ કરી જણાવે છે કે, દરદીને વામીટ ન થાય માટે એની સાથે દસ ગ્રેન એશીડ ટેનીક અને એક ગ્રેન કેલોમેળ ઉમેરવું જોઇએ. ૧૫ દીવસ સુધી આ મુજબ દીનમાં બેવાર પાવું. દવા ખાધા પછી ચણાનું મગજ ખાય તો વામીટ આવતું અટકે.

૪=આંકડાના પાતરાની ઉદરકાણીના રસમાં ગોળી એક વાલની બનાવી તેમાંની એક ગોળી દીનમાં ૩ વાર ખાવી.

મુદાર પાઉડર=આંકડાના ઝાડના મૂળની છાલનો ભુકો ઇપેકેકયુના રુટના સઘળા ગુણને મળતો છે.

૫=બલોહર=કલેજાંનાદરદ—માટે આંકડાના પાંતરા અથવા મૂળનો ભુકો બલોહોર અને કલેજાના દરદો ઉપર ખવાય છે.

૬=કલેજાના=બરોળના દરદ માટે—કારેલાનો રસ તજ સાથે મેળવીને પીવાય છે.

૭=બરોળ—વજનમાં ૦॥ શેર કારેલાનો રસ, અને નીમક ૦॥ તોલો મેળવી પીવું.

૮=ગરમીના સઘળા આજાર, જલંદર, કલેજાનું દરદ, લોહી વીકાર, પીત વીકાર માટે કાસનીનો કાહાવો બનાવી પીવાય છે.

૯=કલેજાંના દરદ, કમળો, બરોળ, પીતનાં ચાટાં માટે ગળોનો સત્વ સારો છે.

૧૦=કલેજાનું દરદ—આંકડાના ઝાડની છાલ અને એળીઓ સંભાગે મેળવી તેની ગોળી ચણા જેવડી બનાવી દીનમાં ત્રણ વાર ખાવી.

૧૧=કલેજાના દરદ માટે—વઇદો નવસાર વાપરે છે:

૧૨=કલેજામાં દરદ થાય ત્યારે મધ અને કળી ચૂનો મેળવી કલેજાની જગાપર લગાડી ૨ દાએ.

૧૩=નવસાર બે આની ભાર હરડેના ઉકાળામાં પાવો.

૧૪=કડુ ০। તાલો, પાણી સાથે પીવું. કડું ચૂંક કરે તો સાથે પીંપર લેવી.

૧૫=મુળાના પાનનો રસ ૨ તોલા અને નવસાર બે વાલ પીવો.

૧૬=ગૌમુત્ર ૧ તોલા, નવસાર ૨ વાલ મેળવી પીવું.

૧૭–કલેજું મોટું દેખાય તો ০। તોલો અજમો, જુના ગોળ સાથે ખાવો.

૧૮=આંકડાના પાનને ઉદર કાણીના રસ સાથે મેળવી વાલ ૧ની ગોળી બનાવી રોજ ત્રણ ગોળી ખાવી.

૧૯–કાંકચીઆની ફાકી ૪ વાલ પાણી સાથે લેવું.

૨૦–સરગવાનું મુળ ૫ વાલ પાણીમાં ઘસી પીવું. અને એનો ઘસારો ચામડી પર લગાડવો.

૨૧–ઉપલેટ ચુરણ ০। તોલો મધમાં ફાકવું.

૨૨–કલેજાના દરદો, આંતરડું એકકપર ચડેલું હોય, પવન પેટનો માટે—આંકડાના મુળનું ચુરણ (મુદાર) ૩ વાલ, એસીદટેનીક ૨ વાલ, કેલોમેલ ૧ ગ્રેન આ મીશ્ર સહવારે ખાવું અને ફરી સાંજે ખાવું. વામીટ થવા દેવું નહિ. દવા ખાધા પછી ચણાનું મગજ ખાય તો વામીટ ન થાય.

૨૩=કલેજાંના દરદો માટે—દારૂ પીવાથી અને તંબાકુ ખાવાથી કલેજાંના દરદો થાય તે માટે ૧ જુલાબ લેવો. પગને તળીએ દીવેલ મસલાવ્યા કરવું અને કાળી દરાખ સેરડીના સરકામાં ભીંજવી રાખવી તેમાંથી બે તોલા દરાખ ખાનું ખાધા પછી રોજ ખાવી.

૨૪=કલેજાંના દુખાવામાટે દાડમની કળી અને સુનામખીની દાંડી વગરના પાન સંભાગે ચુરણ બનાવી ০॥ તોલો રોજ ખાવો.

૨૫=કલેજું, બલોહોર, ફેફસું ફુલે ત્યારે—મધ ૧ તોલો પાણી નવટાંક મેલવીને એક વાસણમાંથી બીજા વાસણમાં સો વાર નાંખે અને રોજ સહવારે ભુખે પેટે પીએ.

કળતર.

૧=કળતર—ખાંડ, સાકર ઘણી ખાવાથી સાંધાઓમાં કળટર થાય છે.

૨=કળતર થતી હોય તે જગા પર ૩) તોલા આંબાહળદ પાણીમાં ઘસી તેમાં ૧) તોલો સાજીખાર ઉમેરી ને કળતર વાળી જગા પર લગાડીઆ કરે.

શરીરની કળતર અને ચસક માટે—મરી, પીપર, સુંઠ એકેક તોલો ગંધક ૦॥ તોલો એ સઘળાને આદુના રસમાં ખરળ કરે, એક વાલના વજનની ગોળી બનાવે. સવાર સાંજ એકેક ગોળી ખાએ.

૩=કળતર માટે-મેથીના લાડુ બનાવી ખાવા.

અતિસાર, આમ-મરડો. સંગ્રહણી.

૧=અતિસાર, મરડો, આફરો—આ માટે દીવેલ ઘણું અકસીર બચ્ચાંઓને તે ઘણું ફાયદાકારક છે.

૨=અતિસાર લોહી સાથનો—માથાંને ઘીમાં તળીને ભુકો કરી ખવાડે.

૩=અતિસાર હોય તો—દરદીને ડુંટી ઉપર આદુનો રસ લગાડવાથી બહુ ફાયદો થાએ.

બાલકને સંગ્રહણી હોય તે માટે—સુંઠને પાણીમાં ઘસી તેટલુંજ ઘી, અને સાકર મેળવી ગરમ કરી ચટાડવું.

૪=આમને પાચન કરવામાં સુંઠ જેવી અકસીર છે તેવું લસણ પણ છે. આમ, અતિસાર, કોલેરા—એના આવના ઝાડા માટે લસણનો રસ પીવાથી ઝાડા બંધ થાએ છે

૫=આમ—અતિસાર—વરીઆળીનો કાઢવો પીવો અથવા વરીઆળી, સુંઠ એઓને ઘી લગાડી ભુંજીને ૦॥ તોલો ચુરણ ખાવું.

૬=અતિસારનો ઇલાજ—વડના કુમળા પાન અને તેની કીસીઓ (કુપળ)ને લાકડાની ખાંડનીમાં ખાંડી તેના કુચા કરતાં ૧૬) ઘણું પાણી નાખી ઉકાળવું, અરધું પાણી બળે ને કુચો ગાળી કહાડવો, ફરી તેને ચુલાપર ઉકાળી ગોળ જેવો ઘટ બનાવો તેની ૧) વાલની ગોળી કરવી, તે ગોળી, ૨) દીનમાં ૩) વાર હીંગસાથ ખવાડવી.

૭—અતિસાર—વડવાઇને ચોખાના ધોવાવણમાં છાસ સાથે પીવી

૮—સંમંડણી માટે—સુંઠ, ગમે આરેક એકેક તોલો, અફીણ ૦॥ તોલા લીંબુના રસમાં ચીનીબોર જેવી ગોળી કરી ખાવી. ખોરાક દહીંને ભાત લેવાં.

૯—આમ અતિસાર માટે સુંઠ, ગોળ, ઘી મેળવીને ખવાડવું. આમનું પાણી થાય છે જઠરાગ્ની વધે છે.

૧૦—અતીસારની ગોળી—અફીણ અને કેસર સંભાગે મેળવી મધ સાથ તેની ગોળીઓ ચોખાના દાણાં જેવડી બનાવવી. આ ગોળી ૨ સહવારે અને ૨ સાંજે ગળવી.

૧૧—અતિસાર માટે—કાકડાસીંગ, અતીવીખનો ઘસાડો મધમાં મેળવી પીવો.

૧૨—આમ મટે—મેથીની ભાજીનો રસ પાંચ તોલા અર્ધ સાકર સાથ મેળવી ખાવો.

૧૩—અતીસાર લોહી સાથનો—મેથીની ભાજીનો રસ બે તોલા અને કાળી દરાખનો રસ બે તોલા મેળવી પાવો.

કફ—બળગમ

૧૪=કફ—બળગમ માટે—કદાન્નઓ ગુદર (કતીરા) બળગમ કાપે તથા છાતીનો અને ગળાનો ચીકણો બલગમ કાઢે છે. ફેફસાનાં અને ફુકાના જખમને ફાયદો આપે છે.

૧૫=કફ પાચો પડી બહાર નીકળે—દાંડળીઆ થુવરની રાખ ૧ વાલ અરડુસાના પાનના રસમાં દીવસમાં ત્રણવાર આપવી.

૧૬=કફ નાશ પામે—ગોળ આદુ સાથ ખાવો.

૧૭=કફને દૂર કરે—મધ સાથ ગલોના સત્વ ખાએ.

કબજીઆત.

૧=કબજીઆત, પેટમાંના ખરાબ વાસ માટે—સુનામખી તોલા ૫, સુંઠ ૨ તોલા, સંચળ ૨ તોલા, એલચી ૦॥ તોલો આ પ્રમાણે વજનમાં મેળવી ચીનીબોર જેવા ગોળી બનાવી તે રોજ ગોળી ચુસીને ખાવી. સુનામખી પેટમાં દુખાવો કરે નહીં, માટે એના ફક્ત પાંનરા લેવા, ડાંખળી કહાડી નાખવી અથવા પાંતરાને ઘીનો પટ આપી ગરમ કરવા. સુનામખીની યાદ સાથે જુલાબનું મીઠું વાપરવાથી દુખાવો થાય નહીં.

૨=કબજીઆત--મીઠું મોટા આદમીની કબજીઆત દૂર કરે છે.

૩=કબજીઆત માટે—એલીઓ તથા હીંગ સરખે ભાગે લઇને તેમાંથી ૧ થી ૨ વાલ રાતરે ખાવી. ગર્ભવાળી સ્ત્રી માટે નહીં.

૪=કબજીઆત માટે—ઠાંડી વગરના સુનામખીના પાંદડાં, વરીઆળી અને સાકર સંભાગે મેળવી તેમાંથી ૦ાા તોલો ખાવા પછી રોજ બે વાર ખાવું.

૫=કબજીઆત માટે-૧ તોલો અથવા વધારે સાલેદનું તેલ ભુખે પેટ રોજ પીવું. સુનાવાળા પદાર્થ પેટમાં હોય તે નીકળી જાય.

૬=જુઓ "મળબંધ વાયુ" "નળબંધ વાયુ"

૭=કૈમજ (હીમજી હરડે) ને એક રાત ગૌમુત્રમાં ભીંજવી રાખે તેને ઘીમાં તળી ચુરણ બનાવે. ૦ા તોલો રોજ ખાય.

૮=હરડે અને સુંઠનું ચુરણ બે આની ભાર લેવું,

૯—નિસોતર ૧ાા તો૦ સંચળ ૦ાા તોલો સિંધાલુણ ૦ાા તોલો, જીરૂ ૦ાા તોલો, લીંબુના રસમાં ચણા જેવડી ગોળી બનાવી રોજ એકવાર અથવા બેવાર લેવી.

૧૦—ઇન્દ્રવારણું એક પાકું લઇ તેમાં સીંધાલુણ ૧ તોલો, સંચળ ૧ તોલો ભરવો. તેને ઘઉંના લોટનું પડ ચઢાવવું. ચૂલામાં સેકવું લોટ પાકી જાય ત્યારે કાઢી નાખી ફળને વાટી ચણા જેવડી ગોળી બનાવી સવાર સાંજ એકેક ખાવી. આથી ભુખ લાગે અને દસ્ત સાફ આવે.

૧૧—મેંદાડીની લેપડી પેટ ઉપર મુંક તો કબજીઆતથી થતો દુખાવો નરમ પડે.

૧૨—૦ાા શેર પાણીમાં એક ખાટાં લીંબુનો રસ તોલો, ૧ તથા સાકર નાખી પીએ.

૧૩—જુનો ગોળ ખાવામાં લેવાથી કબજીઆત મટે.

૧૪—વાયવડીંગ અને જેઠીમધનું ચુરણ ૦ા તોલો રોજ ખાવાથી ઘર કરી બેઠેલું દરદ સારૂં થાય.

કનક તેલ.

૧—ચામડીના રોગો માટે કનક તેલ પુંજવા લાયક છે. બનાવવાની રીત :—

જેઠીમધ, ગઉલા, મજીઠ, ચનદન પોયના, નાગકેસર દરેક ૧ તોલો, પાણી બસેર અને તલનું તેલ ૦ાા સેર, એ ઉકાળી પાણી બળી રહે અને તેલ ગાળી લેવું. એ તેલ ચામડી ઉપર મસળવાથી અનેક જાતના વ્યાધી સારા થાય છે.

કાનના દરદો

૧–કાનનો દુખાવો મટે—તુળસીના પાતરાંને ખાટા લીંબુના રસમાં વાટી તેના ૪ ટીપાં કાનમાં નાખવા, દીવસમાં ૩ વાર.

૨–કાનમાંથી રસી નીકળતી બંધ થાએ—બચ્ચાંના મુતરમાં દારમની છાલ ઘસી કાનમાં ટીપા નાંખવા.

૩–બચ્ચાંના કાનનું દુખવું મટે—જ્યારે બચ્ચાને કાનમાં દુખે ત્યારે માતાના દુધમાં મીઠું મેળવી તેના કાનમાં ટીપા મુકવા.

૪–કાનના દરદ નરમ પડે—ઉકાળેલા દુધના ૧૦ ટીપા કાનમાં નાખવા.

૫–કર્ણ સુળ ટળે—મોટી ભોંયરીંગણીની મુળીઉં પાણીમાં ઘસી કાને ભરવું.

૬– બચ્ચાંનો કાન પાકથાજ કરે અને રૂઝ નહીજ આવે તો પોટાસ આયોડાઇડ પીવામાં આપવો; બચ્ચું છેક નાનું હોય તો તેની માને તે પાવો.

૭–કાનનું ગળવું—ગળતાં કાનને પાણીથી ધોઈ સાફ કરીને અંદર નીચે મુજબ દવાના ૧૦ ટીપા નાખવા—ફટકડી ગ્રેન ૮, ઝીંક સોલફ્સ ગ્રેન ૮, પાણી ૧ આંઉસ.

૮–કાનમાં પરૂ તથા દુરગંધ હોય—કાનમાંથી પરૂ નીકળે અને કાન વાસ મારે તો ફુદનાના રસના ૧૦ ટીપા કાનમાં નાખવાં.

૯=કાનનો મેલ સુકાઇ ગયા હોય અને દુખાવો થાય તો મધ અને તલનું તેલ સભાગે મેલવી કાનમાં નાંખ તો મેલ બહાર આવે.

૧૦=કાનમાંથી વહેતું પરૂ બંધ થાય—મેંડીને દુધમાં બાફ્લી રાખવી. તેને વાટી રસ કાઢાડી કાનમાં નાંખવો.

૧૧=કાનના કીડા મરે—૪ વાલ એલીઓ; ૧ તોલો ગાયનું ઘી, દીવેલ અથવા તેલમાં ગરમ કરી કાનમાં નાંખવું.

૧૨=કાનનો દુખાવો મટે—કેરા ફળનો રસ કાનમાં નાંખવો.

૧૩=કાનની સુળ મટે—મુળાનો રસ, સરસીઉં તેલ અને આંકડાના પાતરાંનો રસ દરેક ૧૦ તોલા, પાણી ૨૦ તોલાને મેળવી અંગાર ઉપર ગરમ કરી પાણી બાળી નાંખ અને તેલ રહે તેના ટીપાં કાનમાં નાંખવા.

૧૪=કાનના દરદો માટે—કાંનફાડીના પાનનો રસ કાનમાં નાંખવો.

૧૫=કાનમાં ઢાંક પડે, કસારાં બોલે—રેહાન અને અજમો એ બંધેના પાદડાંનો રસ સંભાગે ૪ પઇસાભાર કહાડી, તેલ ૨ પઈસાભારમાં ઉકાળે, પાણી બળે ને તેલના ૧૦ ટીપાં કાનમાં રેડે.

૧૬=કાનો દુખાવો, બેહેરાપણું—એ માટે લસણની બે કળી ૧ તોલા મીઠા તેલમાં કકળાવી કાનમાં ટીપાં નાંખવા.

૧૭=શરદીથી કાન બેહેરા થાય તો સુંઠ, અને કોપરૂં ચાવીને દુખતા કાનની બાજુએ મોંડામાં રાખવું, છાણા બાળીને, તેનો સેક કરવો, તેનો ગરમ ધુમાડો કાનમાં જવા દેવા.

૧૮=કાનના ચસકા માટે—સુંઠ અને અરીઠા બંનેના થાનના દુધમાં ઘસી ટીપાં ૧૦ કાનમાં નાખવાં.

૧૯=કાનનો દુખાવો, બેહેરાપણું, સરદી થયલી હોય તો—એક લસણની કળી કાનમાં રાખે અથવા લસણને છુંદી તેલમાં કકડાવી કાનમાં મુકે તો શરદી તુટ છે.

૨૦=કાનમાં પાણી ભરાવાથી કાન પાકે તેનો ઇલાજ—લસણની કળી ૩, ફટકી બે આની ભાર બંનેને ભુકાં પાણીમાં ભીંજવી રાખવી. ૬ ઘડી સુધી રાખીને મીન તોલો ૦।, ધુપેલ તોલા પાંચમા ઉકાળો રીત ભાગે ત્યારે ઠંડુ પાડીને તે તેલના ૧૦ ટીપાં કાનમાં નાંખવા.

૨૧=કર્ણ સુળ, કાનમાં પુળી—વાંદાના પાનને કેળના પાનરામાં વીટાવી સેક કરવો પછી પાનનો રસ કઢાડી કાનમાં નાખવો.

૨૨=કાનમાં બેહેરાન ભાંગે—સમુદર ફળ ભાંમરાના રસમાં ઘસીને કાનમાં ટીપા મુકવાં.

૨૩=કાનમા નાસુર હોય તો ૦॥ વાલ ગોળને ૧ તોલો પાણીમાં એળવવાં અને પાણીમાં સમુદરફળ ઘસીને કાનમાં પાંચ ટીપા નાખવા.

૨૪—કાનના અથવા કોઇ બી નાસુર માટે—પ્રાપની કાંચળીની રાખ ૨) એન કાગળની બીડીમાં મુકી કાનમાં ફુંકવી.

૨૫=કાનના દુખાવા માટે સેકટાના મુળનો રસ કાનમાં નાખવો.

૨૬=કાનમાં અવાજ ખુસ્કીથી થાય—તો પેટ ભુખુ રાખે નહીં. દીવસમાં ૪ વાર ખાનુ લીએ અને કાનમાં બદામનું તેલ મુકે.

૨૭=કાનનું બહેરાપણું—જો સરદી લાગવાથી કાન બહેરા થયા હોય તો સુંઠ અથવા મરીને કોપરાં સાથે ચાવી. તે ભુકો જે કાન દુખતો હોય તે બાજુએ મોઢામાં મુકવો, સુંઠ અથવા મરી ગરમાવો આપે. અને કોપરૂં તે ગરમીથી મોંઢામાં છાગરો પડવા દે નહીં.

૨૮=શરદીથી કાન બહેર મારી જાય તો સફેદ મરી ચાવીને તે સરદીવાલા કાનની બાજુએ રાખવા. કોઇ સુંઠની ભલામણુ કરે છે, આથી કાનના અંદરની શરડી દુર થાય છે. તીખાશ મોંમાં છાગરા પડે નહી. તે માટે સાથે કાપડું લેવું. મોઢામા રસ થાય તે થુંકી નાંખવો, તે ગળી જવાય તો અડચણ નથી.

૨૯—કાનનો બહેરાટ મટે—આમળાના પાનનો રસ, મધ સાથ મેળવી કાનમાં ટીપાં નાંખે.

૩૦—બહેરાત થટે—ઇંદ્રવાણીના તાજાં ફળને તલના તેલમાં મેલવી.

૩૧—કાનનો બેહેરાટ ભાગે—ચોખ્ખું મધ, (મકા શહેરનું) સરકો, કાંડાનો રસ અને બકરીનો પીતો સંભાગે મેલવી ગરમ કરે, તે રસના ત્રણ ભાગ બળે અને ૧) ભાગ રહે તેમાં રૂ બોળીને તે કાકરો કાનમાં મુકે. ૩) દીવસમાં ફાયદો જણાએ.

કાનકચુરો કાનમાં ભરાયો હોય તો માઉંસનો ખીમો કરી કાન આગળ ધરવો. તેના વાસથી કાનકચુરો બહાર નીકળી માંસને વળગે છે. અંથવા મસાળેદાર ભુંજેલું માઉંસ કાન આગળ રાખે તો તેના વાસથી તે ખાવા આવે છે.

કાનકચુરો કાનમાં ભરાયો હોય તો—કાનમાં કાંદાનો રસ મુકે.
કાનકચુરો કપાળે ચઢીઓ હોય તો—નાખમાં કાંદાનો રસ મુકે.

કાનમાં માકડ.

માકડ કાનમાં ભરાયો હોય તો મધના ટીંપા નાખવાથી માકડ નીકળી જાય છે.

૩૨=કાનની દવા—કાયાપુટીનું તેલ એક ભાગ, મીઠું તલનું તેલ સાત ભાગ મેળવીને કાનમાં ટીપાં નાંખે છે. આ કાયાકુટીના તેલને એલચીનું અથવા લેવડાનું તેલ કહે છે.

૩૩=કાનમાં અવાજ—અખરોટ ખાવાથી નરમ પડે છે.

૩૪=કાનનો દૂખાવો—આંકડાના પાતરાનો રસ ૨) બે ટીપાં કાનમાં નાખવા.

ઉકાળેલાં દુધના ૧૦ ટીપાં કાનમાં નાંખવાથી કાનના દરદ નરમ પડે,

૩૫=કાનનો દુખાવો મટે—આકડાના પાન ઉપર ઘી લગાડી તેને ગરમ કરી રસ કાઢડી ને રસના ૫) ટીપા કાનમાં નાખવા.

કાનમાં દરદ.

૧—બીલ્વતિ ઓળુગમાં પાકેલુ તેલમાં ઉકાળી તે તેલ કાનમાં મુકે.

૨—કાંદાને બાફી તેનો રસ કાઢી કાનમાં નાખવો કાનમાં નાખતી વખતે રસ જરા ગરમ કરવો.

૩—નાગ (આળસીઆ) માંથી નિકળેલું ગાણું એગાના બાર ચોખા સોનું ૦॥ તોલો એની બનાવેલી વીંટીને તેલમાં ઉકાળી તે તેલ કાનમાં નાખે.

૪—બાળકને કાનમાંથી પરૂ નિકળે ત્યારે માતાના દુધમા રસવંતી સાથે મધ મેળવી કાનમાં મુકે.

૫—કાનમાં થતો અવાજ બંધ પડે તંબાકુની બીડીનો—ધુમાડો મોઢામાં ભરવો. નાખ અને મોઢું બંધ રાખવું. ધુમાડો બહાર કાઢવાની કોસેસ કરવી. ધુમાડો નિકળવાના રસ્તાં બધે બંધ હોવાથી ધુમાડો કાનની નસોમાં ભરાસે અને અવાજ થતો બંધ પડશે.

૬—કાનમાં થતા અવાજ બંધ પડે—સરકો અને બદામનું તેલ તેલ સંભાગે મેળવી કાનમાં મુકવો.

૭—કાનના દુખાવા માટે હાથની આંગળીથી અથવા બસથી દાંતના પારા ઘસવાં, દાંત પર ચંપી (massage) થવાથી ફાયદો થાય

૮—થુઅરના પાનને ગરમ કરી રસ કાઢે તે રસ કાનમાં મુકે પરૂં બંધ થાય.

૯—કાનમાં અવાજ ત્થા દુખાવા માટે અઘેડાના ખારને તેલમાં મેળવી કાનમાં મુકે.

૧૦—કાનમાંથી પરૂ નિકળે તે માટે ધંતુરાના પાનનો રસ કાનમાં નાખે ઉપરથી કું ભભરાવે.

૧૧—કાનમાં કિડા હોય અને કરડે તે માટે ભોય રીંગણીનો ધુમાડો કાનમા જવા દીએ તો કિડા બહાર આવે.

૧૨—કાનનો દુખાવો (બાલકની છાતી) માટે અકસોર ઈલાજ આંકડાના ઝાડના ૩) સોટા (જાડી ડાળી) લાવે ૧) ડાળીને કપડું વીંટાલે ૧) છેડે, અને બીજે છેડે દોરી બાંધી તેને લટકતું રાખે. પછી કપડું સળગાવે. તેમાંથી તેલ નીકળે તે એકઠું કરે.

આંકડાની બીજી ડાળીને ફરી લુગડું વીંટાળીને ઉપર મુજબ નિકળેલાં તેલમાં બોળી ફરી સળગાવી બીજીવાર તેલ કાઢે, આ મુજબ ૩) ડાળીમાં કપડું વીંટાળી તે તેલમાં બોળી ૩)જી વાર સળગાવી તેલ કાઢે તે તેલ કાનમા નાખે.

૧૩=મોરના પગને બાળેલું ચુરણ કાનમાં નાખે.

૧૪=મરેલા વીંછુ ને તેલમાં કકડાવી તે તેલ કાનમાં મુકે.

૧૫=કાનનો બહેરાટ મટે—બદામનું તેલ ૫) બાજ નગોડનો રસ ૫) વરણાના પાનનો રસ ૨ા) અઘેડાના બીજનું ચુરણ ૨ા) બકરીનું મુતર ૨ા, બીલીના ગર્ભને પાણીમાં વાટી બનાવેલો રસ ૨ા એનું તેલ બનાવી કાનમાં ૧) માસ સુધી નાંખે.

૧૬=બેહેરાટ માટે સાબરસીંગુ સેકટો, સુંઠ, ઘોડાવજ, હીંગ, પાણીમાં વાટી કાનની આસપાસ લગાડે.

૧૭=બેહેરાત માટે—ગાયનું મુતર (જુનું થાય તેમ વધારે ગુણ આવે) ૬) તો. વરાગડું મીઠું એક વાલ, હીંગ ૨) ઘઉં ભાર, સિંધાલુ ૪) ઘઉંભાર લીંબુનો રસ ૧૦) ટીપાં એને અંગાર ઉપર બફાવે ઉભરો આવે ને ઠંડુ પાડે, ૨ વટી તેના ટીપાં કાનમાં ઘણા દીવસ નાખે.

૧૮=આંકડાના પાન ઉપર ઘી ચોપડી ગરમ કરી રસ કાઢે તેના ટીપા કાનમાં નાંખે બહેરાટ મટે.

૧૯=બેહેરાટ માટે કુકડવેલના પાનનો રસ અને તલનું તેલ ઉકાળે તેલ બને તે કાનમાં નાખે.

૨૦=બેહેરાટ માટે તુમડીના પાનનો રસ અને તેલ ઉકાળે. કાનમાં નાંખે.

૨૧= બેહેરાટ માટે કરણના ફુલ વાટી તેલમાં પકાવી કાનમાં નાખે.

૨૨= બેહેરાટ માટે સરદીથી થયો હોય તો કાનની પાબડીના ભાગ ઉપર રાતા મલમની પટ્ટી મારે. અથવા કાનને મજબુત બાંધે. રાતરે સુતી વેળા જરૂર બાંધે,

૨૩= બેહેરાટ માટે આંકડાના પાનને બાફી રસ કાઢે તેમાં ૨) ટીપા રોઝાનું તેલ નાંખે. કાનમાં વાપરે.

૨૪=નબળાઇથી કાનનો બેહેરાત થાય ત્યારે, બીલાંનોગર ાા તો. દુધ ાા તોલો તેલ ૨ા તોલા પાણી ૨ા તો. ગાયનું મુતર ૨ા તો. એનું તેલ બનાવી કાનમાં મુકે.

૨૫=કેરડના કુંપળ, લવંગ અને બકરાનું મુતર જરા ગરમ કરી કાનમાં મુકે.

૨૬=સરસીઉં તેલ કાનમાં મુકે બેહેરાટ કમી થાય.

૨૭=દમરાના પાંનનો રસ ૦ા સેર, તેલ ાા સેર મોટાં વાસણમાં ઉકાળી તેલ બનાવવુ એને ઉભરાવા દેવું નહી.

કાનના [illegible]

૧-કાનના ચસકા બંધ પડે—કપૂર કાગદી અને ઘીગી કાઢી ગરમ પાણીમાં ઘસીને તેના ટીપાં કાનમાં નાંખવાથી ચસકા તરત નરમ પડે છે.

૨-બચ્ચાંને કાનનું દુખવું મટે—જ્યારે બચ્ચાંને કાનમાં દુખે ત્યારે માતાના દુધમાં મીઠું મેળવી તેના કાનમાં ટીપાં મુકવાં.

૩-કાનના દરદ માટે—ગલગોટાના પાનનો રસ કાનમાં નાખવો.

૪-કાનનો દુખાવો મટે—તુળસીના પાતરાંને ખાટાં લીંબુના રસમાં વાટી તેના ૪) ટીપાં કાનમાં નાખવાં, દીવસમાં ૩) વાર.

૫-કાનનો દુખાવો—આકડાના પાતરાંનો રસ ૨) બે ટીપાં કાનમાં નાંખવાથી દુખાવો, તથા ચસકા બંધ પડે છે.

૬-કાનના દરદ નરમ પડે—ઉકાળેલાં દુધના ૧૦ ટીપાં કાનમાં નાંખવાં.

૭-કાનમાંથી રસી નીકળતી બંધ થાએ—બચ્ચાના મુતરમાં દારૂની ભાંગ ભરી કાનમાં ટીપાં નાંખવા.

૮-કાનમાંથી પરૂ નીકળે (બચ્ચાંને) તો દીવેલ અને મધ દર ત્રીજે દીવસે પાવું. બે જુલાબ થાય એટલુંજ દીવેલ આપવું

કાનમાં જનાવર તથા મચ્છર ભરાયું હોય તો દીવેલ અથવા તેલ જરા ગરમ કરીને કુકું કાનમાં નાંખવું તેથી ગુંગળાઈને જાનવર મરી જશે અને મેલ સાથે બહાર નીકળશે.

૯-કાનમાં નાસુર, કાન પકો એ માટે—વંચો સારો ઇલાજ છે. જુઓ ગોગ ૧ રતી પાણી ૩૦ ટીપાં, સમુદરફળ ૧ રતી, એને મેળવી બે ટીપાં કાનમાં નાખવ.

૧૦-કાનમાંથી પરૂ નીકળે તે બંધ થાય—દાંડીવાળા થુવરની દાંડી ભેભટમાં સેકે તેનો રસ બાટલીમાં ભરી રાખે તેના ટીપાં પાંચ કાનમાં નાખવા.

૧૧-કાનકચુરો કાનમાં ભરાયલો હોય તો ગાયનું ઘી કાનમાં રેડવું.

૧૨-કાનકચુરો કાનમાં ગયો હોય તો સફેદ કાંદાનો રસ લુગડાથી ગાળીને કાનમાં નાંખે.

૧૩=કાનકચુરો ગાયનું ઘી જરા ગરમ કરી કાનમાં નાંખવાથી કાનકચુરો અંદર ભરાયો હોય તે બહાર આવે છે.

૧૪=કરણ શૂળ } મટે—ધાણા, હીંગ, સુંઠને સમભાગે ખુદે
કાનનો દુખાવો. } તેન.થી ૪) ઘણું તેલ અને ૪) ઘણું પાણી મેળવી ઉકાળો તેલ બનાવી કાનમાં નાંખે.

૧૫=કાનમાં દુઃખાવો, રસી, લોહી માટે, સેકટાના ઝાડની છાલ હથીઆર વડે નહી પણ પત્થર અણીદાર લઈ તે વતી કાઢવી; તેને પથરથી વાટી રસ કહાડવો; તે રસના ૫) ટીપાં કાનમાં મુકવાં. બીજીવાર મુકવાની જરૂર હોય તો મુકવાં.

૧૬—કાનમાંથી અમાય કાઢવા માટે લીંબુના રસનાં ટીપાં કાનમાં મુકવાં.

૧૭—કાન ગરમીથી દુખે તો લીંબુના ટીપા મુકવા.

૧૮—કાનમાં પરૂ થતું હોએ તો ઇંડાનાં કોતલાની રાખ કાનમાં નાખે તો પરૂં બંધ થાએ.

૧૯=કાનના દરદો માટે—આંબો, જાંબુરી, વડ, મહુડો એનાં કુમળા પાનની લેપડી બનાવવી. તે લેપડીના વજન કરતાં ૪ ઘણું તેલ અને ૪ ઘણું પાણી નાંખી ઉકાળી તેલ બનાવવું. તે તેલના ટીપાં કાનમાં નાંખવાં,

૨૦—કાનમાં અવાજ થાય તે માટે—સરસીઊં તેલ, આકડાના કુના પાનનો અથવા કપાસનાં છોડવાના રસના ટીપા કાનમાં નાંખવાં.

ઘોડા વજનું તેલ બોચી પર મસળવું. એરંડાનુ તેલ કાનમાં નાંખવું.

કાનનો બેરહોત.

૧=કાનનું બહેરાપણું—જો સરદી લાગવાથી કાન બહેરા થયા હોય તો સુંઠ અથવા મરીને કોપરાં સાથે ચાવી, તે ખુંદો જે કાન દુખતો હોય તે બાજુએ મોઢાંમાં રાખી મુકવો. સુંઠ અથવા મરી ગરમાવો આપે. અને કોપરૂં તે ગરમીથી ડાગરો પડવા દે નહીં.

૨=કાંદાનો રસ કપડાંથી ગાળીને કાનમાં મુકવો તેથી બહેરાસ તથા સરદી દુર થાય.

૩=આમળાનો પાનનો રસ, મધ સાથ મેળવી કાનમાં ટીપાં નાંખવા.

૪—કાન ફુટીઓ. કાનનો બહેરાટ, કાનનો દુઃખાવો સારો થાય—રેહાનના પાન હાથપર ચોળી તેનો રસ કાનમાં નાખવો

૫–બહેરાટ મટે—બીલ્લાંને ગઉમુતરમાં છુંદે, તેની ચટણી બનાવે. એક ભાગ ચટણી બે ભાગ બકરીનું દુધ, બે ભાગ પાણી, ૬ ભાગ તેલ ઉકાળી તેલ બનાવી કાંનમાં નાખે.

૬–કાનનો બહેરાટ મટે—ટરપેનતાઇન ૩૦, ટીપાં, સોલેદનું તેલ ૧૨૦ ટીપાં મેળવી તેના ૧૦ ટીપાં કાનમા નાખે.

૭–કાનનો બેહેરાટ ભાગે—આકડાના પાકા પાનને જરા ગરમ કરા તેનો રસ કાહાડી તેના ૮ ટીપાં કાનમાં નાખે.

૮–બેહેરાત—કુઇનાઇન ઘણું ખાવાથી કાને બેહેરાટ થાએ છે. તે માટે એસીદ બરોમીક દાઇલુટના દશ ટીપાં પાણી સાથ દીનમાં ત્રણ વાર આપવા અથવા ગળોનો પત્વ બે વાલ મધ સાથે આપો તો બેહેરાટ જાય છે.

૯–કાનનાં બહેરાટ મટે—માંગરાના રસમાં કાળી મુસળી ઘસી કાનમાં નાખવી.

૧૦=બહેરાટ માટે—ભુરાં કોહળાંનો રસ અથવા મુરબ્બો ખવાડે તો કુઇનાઇન ખાવાથી થયલો બેહેરાટ નીકળે. કુઇનાઇનની ગરમીથી ઉશ્કેરાએલા મગજના તંતુઓને બરોમાઇદ શાંત કરીને જડ બનાવે છે. પણ ગળો ગરમી ઓછી કરીને તંતુઓને પાણીમાં તરતાં બનાવે છે. એટલે બરોમાઇડ પોટાસ કરતાં બેહેરાટ દુર કરવા માટે ગળોનો સત્વ વધારે સારો છે.

કાનમાં કીડા,

૧=કાનમાંની બગાઈ નીકળે—સફરચંદ (સેબફળ) કાપી કાન પર મુકે તો જીવતી બગાય હોય તે બહાર આવે.

૨=કાનના કીડા મરે—સરકાના ૧૦ ટીપાં કાનમાં નાંખવાં.

૩=કાનના કીડા નીકલે—તનબમીના પાનનો રસ કાનમાં મેલીને ૩ દાબે તો જીવડા ૩ ઉપર એકઠા થાય.

૪=કાનમાં જીવાત હોય, કીનેડા પડી આવે તો—લોખંડનો તવાથી લોઇ ગરમ કરી તે ઉપર દીવેલ નાખવું. તવાથી ઉપરથી પડેલું દીવેલ કાનમાં નાખવાથી બગાઈ પીગળી બહાર ની અથવા લીમડાના પાનનું તેલ કાનમાં મુકવું.

૫-ગલેડીના વેલા મીઠા અને કડવા આવે છે જતીનમાં તેના કંદ રહે છે, કડવો વેલો રસાયણ બનાવા માટે ઉપયોગી છે; મીઠી ગલોડી દવા તરીકે વપરાય છે.

કાનના કીડા નીકળે—મીઠી ગલોડીના પાનનો રસ અને ચોખા જેવડી હીંગ મેલવી કાનમાં નાંખે અને ૩ કાનમાં ખાસે તો ૩ પર કીડા તરી આવે, અથવા મરી જઈ તેનો મેલ થઈ બહાર આવે. કાનમાં કીડા ન હોય ને એ રસ નાખે તો પણ અડચણ નથી.

બીજી વનસવતી કાનના કીડા કાઢવા માટે નીચે મુજબ છે.

૬=દુધેરી, ચમાર દુધેરીના ત્રણ પાનનો રસ કાનમાં નાખવો.

૭=ગળોડી અને આંબાના પાનનો રસ કાનમાં નાખવો.

૮=ચાંકાડોળી જેના ઉપર મરચાંના જેવાં ફળ થાય છે તેના પાનનો રસ કાનમાં નાખવો.

૯=કાનના કીડા દાંતના કીડા } નીકળે—હીંગ ૧) વાલ ભાંયરીંગણીના બી ૦ા તો, ખપે એટલું દીવેલ લઈ તેની ગોટી બનાવે એક હાળીમાં પાણી નાખે, તે પાણીમાં રાખે ભરેલો વાટકો મુકે. વાટકામાં ઈંગાર રાખે. ઈંગાર ઉપર પેલી ગોટી મુકે તે ઉપર કાનુ પાડેલું કાઢવનું કરવડું ઢાંક. કરવડાના કાનામાંથી ધુમારો નીકળે તે દુખતા દાંત ઉપર અથવા કાનમાં જવા દીએ કીડા બહાર નીકળી હાળીમાં પાણી પર પડે,

---

કીડ-ખુજળી-ચેળ-શરીરે લુખસ-ધવરો



૧=લીમડા, બોરડી, બાવળના પાન અથવા આમળા એમાંની ૧) ચીજ પાણીમાં ઉકાળી તે પાણીથી રોજ નાહવું.

૨=ગૌમુત શરીરે ચોળી નાહવું.

૩=ગળજીભી અથવા તાજી ગળોનો રસ પીવો.

૪=તાંદળજાની ભાજી ઉકાળી પીવી.

૫=ચારોળી પાણીમાં વાટી પીવી.

૬=તિફ્ળાંનું ચુરણ ખાવું. તીફળાંનું પાણી શરીરે ચોળવું.

૭=૪) વાલ ધોયલો ગંધક ઘી સાકર સાથ મેળવી રોજ ખાએ; તો કીડ ચેળના ચામડીની અંદરના કીડા મરે.

૮=શરીરે ધવરો, ખસ મટે—કાલાં મરી અને લીંબુનો રસ

સંભાગે મેળવી ધુપેલ સાથ એકરસ કરે અને શરીરે ખુબ મસળે અને ૦ા કલાક તડકે બેસે અને પછી પાણીથી ધોઇ નાંખે ચાર દીવસમાં ફાયદો થાય.

૯=ખુજળી શરીરે થાય તે માટે—મનસીલ ૧ તોલો બારીક કરી ૭ તોલા ઘીમાં ઉકાળે. તેને ઠંડા પાણીમાં નાંખે. ઘી બંધાય તે શરીરે મસળે.

૧૦=ખસ માટે—મરી અને આમલસારો ગંધક સંભાગે મેળવી ઘી સાથ મેળવી શરીરે મસલે અને સેક કરે.

૧૧=ગંધકનો મલમ ખીલ ઉપર ચોપડે છે. બહુ અકસીર છે.

૧૨=ટંકણખાર, પાણીમાં મેળવી લગાડે તો ખીસ સારી થાય.

૧૩=કોપરેલ અને લીંબુનો રસ મેળવી શરીરે લગાડવાથી ફાયદો થાય છે.

૧૪=ગાયનું મુતર ફોડવાળી ચામડી પર મસળવું.

૧૫=ગંધક, મોરથુથુ. કપુર સંભાગે ઘીમાં મેળવી લગાડવું

૧૬=ફોડ અને ચામડીના દરદ માટે—કણક તેલ મસળવાથી બહુ ફાયદો છે.

કનકતેલ—ચામડીના રોગો માટે આ તેલ પુંજવા લાયક છે. જેઠીમધ, ઘઉંલા, મજીઠ, ચંદન, પાપના. નાગકેશર દરેક ૧ તોલો, એને ૨ શેર પાણીમાં ઉકાળવું અને ૦ાા શેર તેલ નાખી પાણી બાળવું.

૧૭=ખુજળી ચાંદા એક દીવસમાં સારા થાએ

આંકડાનાં ૬૦) પાંતરાને ઉકળતા પાણીની વરાળથી બાફવાં તે પાંતરાને છુંદીને રસ કાઢવો. તેમાં ચાર તોલા તેલ નાંખવું. તેને ઉકાળવું પાણી બધું બળી જાય ત્યારે ૨) તોલા ગંધક નાંખવો ફરી ઉભરો આવે ને ઉતારી પાડવું. રાતે અગીઆર વાગે લાકડાના ઈંગાર આગળ શરીર શેકતા જવું અને તેલ મસળતા જવું બે કલાક આ મુજબ કર્યા કરવું પછી શરીરે ચણા ચોળીને નહાવું અને દુધ ભાત ખાઇને સુઇ જવું. આ ઉપાય ચોક્કસ છે.

૧૮=ચામડીના દરદો નરમ પડે—કુંવાડીઆના બીમાં અંગ્રેજી આયોડોફોર્મના જેવો ગુણ છે તેથી તેનું ચુરણ લગાડવાથી ચામડીના દરદો મટે.

૧૯=ખસ માટે—ધંતુરાના બીનું ચુરણ તેલમાં મેળવી લગાડે.

દારૂડી=શીઆળકાંટા.

૨૦=એના મુળને ચોક કહે છે, એના બીઆમાં અફીણના જેવો ગુણ છે.

ખુજળી માટે—એના ખાંડેલાં બીને તેલમાં ઉકાળી તે તેલ મસળો.

૨૧=કપીલો ૧) તોલો ઘી ૭ તોલાનો મલમ ખરજવું, દાદર, કોડ, ગુમડા ઉપર વપરાય છે.

૨૨=કોડ માટે ગંધક ખાવામાં અને લગાડવા માટે ઘણો ઉપયોગી છે.

ગંધકને શુદ્ધ કરવો—એક તપેલીમાં ઠડું દુધ મુકવું. ઉપર ઢીલો કટકો દુધને લાગે નહીં તેવી રીતે બાંધવો. લુગડામાં ગંધકનો ભુકો નાખવો તે ઉપર ઢાંકણુ ચતુ ઢાંકવું. ઢાંકના ઉપર અંગાર મુકવો. ગંધક ટપીને પાટલી થઈ દુધમાં પડશે બાકી કચરો કપડાં ઉપર રહી જશે. આ ગંધક શુદ્ધ થએલો ગણાય છે. ઘી સાથ ગધક મેળવીને દીવસમાં બે અથવા ૪ વાર મસળવું. ખસનું જોર વધું હોએ તો ‌॥ તોલો ગંધક મધમાં મેળવી રોજ ચાટણુ લેવું. ગંધક ખાવામાં કાંઇ નુકસાન કરે નહીં. હરસના મસાવાળા દરદીએ ગધક, મેંદીઆવળ (સુનામખી) અને ગુલાબની સુકી કળી સંભાગે મેળવી તેમાંથી ‌॥ તોલો દીવસમાં બે વાર મધ સાથે અવલે (ચાટણ કરે) અથવા રાતરે સુતી વેળા રૂ૦ ૧) ભાર સુધી રોજ ખાએ.

કાનશીલ નામનો ગંધક આવે છે તે પણ મસલવાના કામમાં વપરાય છે. પણ તેમાં કુદરતી રીતે સોમલ મળેલું હોય છે માટે તે વાપરતાં સંભાળ રાખવી. ખાવામાં તો લેવાજ નહીં, ગંધક જેવી સસ્તી, ગુણવાળી, જાણીતી ચીજનો ઉપયોગ બંધ થઈ ગયો છે કારણ આ જમાનાના લોકો તેનો વાસ ખમી શકતાં નથી

૨૩=આંબાના પાંદડાની રાખ ગાયના મુતરમાં મેળવી લગાડવી.

૨૪=આમલાનો ભુકો) તોલો અરધો પાણી સાથે રોજ સવારે ખાવો. યાને આમલાના ભુકાને પાણી સાથ મેળવી કોડ ઉપર મસળવો અને સુકાવવા દેવો.

ચમેલીના લીલાં અથવા સુકાં પાન પાણીમાં વાટી શરીરપર મસળવાં.

૨૫=ગાયનું છાણ શરીરે ચોળી ગરમ પાણીથી નાહવું.

૨૬=આંબાહળદ કડુ, અને જીરૂને વાટીને શરીરે ખસવાળી જગાએ મસળવું.

૨૭=કોડ મટે—એકસોવાર પાણીમાં ધોએલું ઘી કોડવાળી જગાપર મસળે તો ફાયદો થાય.

૨૮=ઘી ધોવાની રીત—કાસાની થાળીમાં ઘી નાંખી તેને ઠંડા પાણી સાથ ૧૦-૩૨ વાર મસળી, પાણી કહાડી નાખી ફરી આ

મુજબ મસળે આ : જો ૧૦૦ વખત મસળે. આ થયલું ઘી ઝેરી બને છે. માટે ખાવામાં શકાય નહી.

૨૯=અરીઠાનું ફીણ ઘી માં મેળવવું. દરદી તડકે બેસીને ઘી મસળે અને પછી થંડા પાણીથી નાહે.

૩૦=સુકા આમળા ૨) તોલાને ૧) સેર પાણીમાં ઉકાળે અને પા સેર પાણી રાખે તેમાં ગાયનું ઘી ૧ાા તોલો. સરસીઉ તેલ ાા તોલો. સીંધવ ૦ા તોલો, મેળવી શરીર પર લગાડી ૦ા કલાક તડકે બેસે. આ મુજબ ૭) દીન ચાલુ રાખે.

૩૧=ગંધક ૧ તોલો, તલનું તેલ ૮ તોલા સાથે મેળવે અને શરીરે લગાડે.

અથવા એક કપડાં ઉપર ઘી ચોપડે ને ઘી ઉપર ગંધક ભભરાવે ને લુગડાંનો કાકડો બનાવી, સળગાવી, કાકડો લટકતો રાખે: કાકડો બળતા જે તેલ ટપકે તે એકઠું કરે અને આ તેલ શરીરના ઘસરા પર લગાડે.

૩૨=તંબાકુ પાન ૦ા તોલો, ગધેડાંના લીંડીની રાખ ૧ તોલો. ધુપેલમાં મેળવીને શરીરે લગાડે.

૩૩=કીડ, ચવરો મરે=સીંદુર અને કાળા મરી સંભાગે વાટી ૭ ભાગ તેલમાં ગરમ કરી ગરમ ગરમ ચામડીપર લગાડે સુકાયા પછી પાણીથી ધોઇ નાંખે.

૩૪=ચવરો, કીડ મરે ૦ા તો સુરોખાર ૫ તો દહીંમાં તેના સારી પેંડે મસળે.

કીડ=ખુજલી=ખસ

૧=રાહલનો મલમ મસળે

મલમ બનાવવાની રીત ૧) ભાગ રાહાલ (રૂાંકઝે તે) ૮) ભાગ મીઠું તેલ; એને ગરમ કરી એક રસ કરવું થંડુ પડે ત્યારે એકેક તોલો થંડુ પાણી નાખતા જવું અને હાથવતી મસળતા જવું અથવા બીજી કોઇ રીતે હલાવતાં જવું એક રસ થાય અને પાણી એકેક તોલો નાખતા જવું જ્યાં સુધી સફેદ મલમ માખણ જેવો થાય ત્યાં સુધી આ ક્રીયા કરીઆ કરવી

૨=ધંતુરાના પાનને તેલમાં ઉકાળવા પાન બળી જાય તે તેલ મસળવામાં લેવું.


૩=ગાયનું ઘી લેવું તેમાં જેઠી મધની સીરી ઘસવા તેમાં કાઢે નાંખી લગાડવું.

૪=આકડાના પાનને વરાળથી બારી રસ કાઢે તેમાં ગંધક મેળવી શરીરે લગાડે બહુ જાગી કાગો આવે અગત્યાના ઝાડના પાનનો રસ મળળે,

કીડ શરીરપર ઉતપન થાય

૧=કવચ શરીરને લાગે તો કીડ ઉતપન થાય

૨=ઉધાંફળી (ખજુજીઓ) ના સુકા પાનનુ ચુરણ ચામડીને લગાડે તો કીડ થાએ અને બેચેની ઊતપન થાય



કીડા મરે માકડ. મચ્છ. મરે-જીવજંતુ મરે.



૧=માકડ ઓછા થાય—તલના છોડપર માકડો નામનો જીવડો થાય છે તે માકડ બધા ખાય જાય છે. માણસને કાંઇ નુંકસાન કરતો નથી.

૨=માખી દુર નાહશે—ઢોરના તેમજ માણસના બદનપર જુનું દીવેલ લગાડે તો માખી બેસે નહી. દીવેલનો વાસ માખીને પસંદ પડતો નથી

કપડાંમાં જીવજંતુ ન થાય માટે ખુશબોહ રાખવામાં આવે છે.

ખુસબોહની બનાવટ—દમનો, સુબો. ઉપલેટ, કપુર કાંસની, અઉલી, છડ, ચંદન, સુખડનો વેહેર એ સઘળાને સરખે ભાગે વાટી એકઠુ કરી પોતલી બનાવે.

૪=કપાળનો કીડા મરે—કડવાં કુકડવેલના પાંતરાંના રસને ૩ વાર સુંઘવું.

૫=ઢોરને કીડા પડે ત્યારે—બેહેડાંની છાલનો ભુકો ભાખરીમાં મેલવી ખવાડવો.

૬=કીડા ઢોરોને પડે તે માટે—પાપળાનું છાલનું ચુરણ રોટલામા નાખી ખવાડે તો કીડા મરે.

નાશ થવા માટે કાળીજીરી કપડામાં તથા ચોપડી સાથે રાખવી.

૭=કીડા મરે કોહવાટવાળા શરીરપર કીડા પડે તે ઉપર ગલ-ગોટા બુદીને બાંધે તો કીડા મરે

૮=કીડીઓનો ઉપદ્રવ જ્યાં થતો હોય ત્યાં ગંધકનો ભુકો નાંખવો.

૯=જીવડા મરે—કોહેલાં માંસ ઉપર કીડા થાય તે ઉપર તનમનીના પાનનો રસ મુકવો

૧૦ જુવા મરે—રેતાલ જગામાં તેમજ ઢોરોની બેસવાની જગામાં જુવા થાય છે. તે માણસના પગપર ચઢે છે અને કરડે છે, ચામડીમાં પેસે છે, તે જુઆ ઉપર કંટાશનું દુધ અથવા પારીનું પાણુ લગાડવું.

૧૧=કીડા મરે—કોહેલાં માઉસ ઉપર કીડા થાય તો કંટાસરા યુઅરનું દુધ લગાડવું.

૧૨=માંકડ મરે—મોંયરી=અગરડીના વેળાના રસથી માંકડ મરે અને એના વાસથી માકડ નાહશે.

૧૩=જંતુઓનો નાશ થાય—ઉંધી (ઉધઇ) વગેરે જીવજંતુને

૧૪=ઉધાઇ—જે જગા ઉપર ઉધાઇ થતી હોય ત્યાંના ઘરના બાંધકામના લાકડાં ઉપર ચુનો લગાડે તો ઉધાઇ લાકડાને લાગે નહી

૧૫=માકડ થાય તેહીં—મરી અને મરચાંનો ઉકાળો માંકડવાળી જગા ઉપર લગાડવો

કીડા મરે—જીવતંતુ મરે

૧=જાનુવરના શરીરના કોઈપી ભાગ ઉપર કીડા પડે તો કાંટા સળીઆના મુળને તલના તેલની ધુંઇ દઈને જાનુવરને ગળે બાંધે તો કીડા ખરી પડે. જે દીવસે આ ઈલાજ કરે તેજ દીવસે જુવારના ૧) રોટલાને તેલ ચોપડી કુતરાને ખવાડે

૨=ગંધક ખાનાર માસણુને માકર મચ્છર કરડે નહીં. કારણકે ગંધક ખાનારના સરીરમાંથી ગંધકનો વાસ નિકળીઆજ કરે ગંધકના વાસથી જીવજન્તુ દુર થાય

૩=રૂદ્રવંતીના આખા છોડનું ચુરણ અને વાયવડંગ ખાય, સુંઘે, અથવા સરેરે લગાડે તો શરીરના જંતુ મરે

૪=માઉસ કોહે અને કીડા પડે ત્યારે ખાટ ખટુમદીના વેળા (જે વેળા આખો ખાટો હોય છે.) તેનો કંદ પાણી સાથ વાટી કોહ-વાત ઉપર મુકે તો જીવડા ઉપર તરી આવે

૫=જાણધરોને કીડા પડે ત્યારે ભોંય રીંગણીનો પાલો નવટાક ખવાડે અથવા કરૂ ઝાડનો પાલો ખવાડે

૬=કવચના પાનનો રસ લગાડે

૭=ઘી અને સાકર મેળવી કોહવાટ ઉપર લગાડે તો જીવડા ઉપર નિકળી આવે.



કોલેરાની દવાઓ.

કોલેરામાંથી બચવાના ઇલાજો.

૧=મીઠાંનું પાણી ૧) ચમચી, ફટકડી, બે આની ભાર મેળવી મોટા માણુસને દીવસમાં ૩] વાર પાવું. જો આંખમાં રતાસ આવે અથવા ચળકાટ વધે તો જાણવું જે કોલેરા છે. દરદ શરૂ થાય કે તરત બને પગપર મજબુત પાટો બાંધવો જેથી દરદ આગળ વધે નહીં.

મીઠાનું પાણી બનાવવાની રીત=૨ તોલા પાણી અને ૨ તોલા મીઠું મેળવવું, મીઠું જેટલું પીગળે તેટલું પીગળાવી પાણી ગાળી લેવું. અથવા મીઠાના ઢગલા નીચે કાદવનું વાસણ ખાલી મુકવું. મોં ઉપર સાદડી ઢાંકવી. તે ઉપર મીઠાનો ઢગલો કરવો. ઘણા દીવસ પછી તે કાદવના વાસણમાં મીઠાનું પાણી ભરાસે, વાસણ ઉચક્યાએ તો ફુસાઈ જાય માટે મીઠાંનું પાણી તે વાસણ ઉચક્યા વગર કાઢવું. આથી રીતે બનેલું પાણી વધારે અકસીર છે.

કોલેરા માટે—ઝહેરકચરો ૧ લઇ તેના ૪ કટકા કરવા. તેમાંનો ૧ કટકો લઈ તેના ૪ ભાગ કરવા. આમાંનો ૧ કટકો ઝહેરકચરો, તજ, લવંગ, એલચી, ભફેદ મરી, બાડીઆન એની ચણા જેવડી ગોળી બનાવીને ફટકડીના ભુકામાં સાચવી રાખવી. ૧ ગોળી દીવસમા ૩ વાર આપવી.

કાળા ધતુરાના પાનના ૧૦ ટીપાં દહીમાં ખાવાથી કોલેરાના ... બંધ થાય છે.

અધેડાનાં મુળ પાણી સાથે વાટી પાવાં. લીમડાના પાનના રસમાં આમળાનું ચુરણ ખવાડે.

૩=કોલેરા લાગુ ન પડે તેનો ઇલાજ કાંદાઓ રોજ ૧ સેકીને ખાવો.

લસણ, સેકેલી હીંગ, મરી, મરચાંની ૧ વાલની ગોળી બનાવી ખાણું ખાધા પછી રોજ ખાવી.

પીવાની ચામાં દુધ નહિ નાખવું, પણ ફુદનો અને સુંઠ નાખી રોજ પીવી.

૪=લીમડાના પાનનો રસ અને મરી એની ગોળી બનાવી રોજ ખાય તો કોલેરા લાગુ પડે નહિ.

દમડાના પાનનો રસ અને કપુર ૧ રતી, હીંગ ૧ રતી એની ગોળી બનાવી રોજ ૧ ખાવાથી કોલેરાની અસર થાય નહી.

૬=કોલેરા લીંબુનો રસ ૧ તોલો રોજ પાણી સાથે પીવાથી કોલેરાના જન્તુ શરીરમાં દાખલ થઇ શકે નહિ.

૭=કોલેરાથી બચવા માટે રોજ સવારે આદુની ચટણી ખાવી. ત્રાંબાના વાસણનું પાણી પીવું. દર અડવાડીએ ૫ાનાના વાતીઆમાં અને હથેળીમાં ગન્ધકનો ભુકો પંદર મીનીટ સુધી મસળવો

૮=આંકડાના મુળની લીલી છાલ અને મરી સરખે ભાગે લઇ આદુના રસમાં ચણા જેવડી ગોળી બનાવી ૧ થી ૩ ગોળી દર ૩ કલાકે ખાય.

૯=અફીણ ૧ રતી, મરચાં ૧ રતી, એની ગોળી બનાવી આપે.

૧૦=દરેક ઝાડા ઉલટીએ નવટાંક તલનું તેલ પીવું. એક સેર તેલ પેટમાં જાય તો કોલેરા નરમ પડે.

૧૧=૧ સેર તલના તેલમાં ૦। સેર મરચાં ઉકાળવા, મરચાં કાળાં થાય ત્યાં સુધી ઉકાળો. એ તેલ ૧ ચમચો દરેક ઝાડા ઉલટી વખતે પીએ. કાળી જીરી ૦॥ તોલો, તલનું તેલ ૦॥ તોલો મેળવી પીએ તો તાત્કાળિક કોલેરા નરમ પડી જાય. પાણીની સોસ લાગે તો લવંગ, નાગરમોથ, કાયફળનો કાવો પીવો.

૧૨=ઘોડા તથા ગધેડાની લીંડનો રસ ૦॥ તોલો પીએ.

૧૩=જાયફળના પાનનો કાઢો પીએ તો તરત બંધ થાય.

૧૪=અફીણ ૧ તોલો, હીંગ ૫ તોલા, લવંગ ૧ તોલો, કાગદી પાકા લીંબુનો રસ ૫૦ તોલા લઈ નીચે મુજબ બનાવટ કરવી :—

૧૫=હીંગને શેકી ચુરણ કરવું, લવંગનું ચુરણ સાથે મેળવી લીંબુના રસમાં આખી રાત રાખી સવારે તેમાં અફીણ નાખી ખરલ કરવું ૨૫૦ ગોળી કરવી, હાથે વળગે નહી તે માટે સંગજીરૂ વાપરવું.

૧૬=જેઠીમધના કાવામાં ૧ તોલો કાંદાનો રસ નાખી પીવો.

૧૭=કથુતરનો તથા મરઘીની અગાર (હગાર) પાણીમાં પીએ.

૧૮=કોલેરા માટે કપુર અકસીર છે જે નીચલી મેળવણીથી તેનો ગુણ બહુ વધે છે. કપુર ૧૨ વાલ, પીપરમીંટના ફુલ ૮ વાલ, અજમાના ફુલ ૧ વાલ એની મેળવણી કરવાથી અરક બને છે તે ૫ ટીપાં ખાંડ સાથે દર અરધે કલાકે પાવા.

૧૯=એક બીલામાંને ૦॥ તોલો આમલીમાં વાટી નાખવું તેમાં ૨ તોલાં કાંદાનો રસ મેળવી દરદીને પાવું. ૫ મીનીટમાંજ ઝાડા

ઉલટી બંધ થાય. દવા બીજીવાર ખાવાની જરૂર હોતી નથી. આથી જઠરાગ્ની જાગે છે. અંગમાં ગરમી આવે છે અને જન્તુઓને મારે છે. આ કામ ઘણું અજબ રીતે કરે છે.

૨૦=બીજામું ૮ તોલા, આમથી ૯ તોલા વાટી કાંદાના રસમાં મેળવે ને લુગડાંથી ગાળે તે રસ ૦॥ તોલો પીએ.

૨૧=૧ વાલ સીંધવને, ૪ વાલ ઘીમાં મેળવી દર દસ મીનીટે ખવાડે જો આકરાં આવે તો સીંધવને તેલમાં ઉકાળી શરીરે મસળે. લીમડાના પાન, કપુર, અને હીંગની ગોળી બનાવી ખવાડે.


૨૨=ઝાડા ઉલટી માટે—દરીઆમાના મોટા કરચલાને ચુલાને માથે બાંધી રાખવા તે સુકાય ને તેનુ ચુરણ કરી તે ભુકો ખાવામાં લીએ.

૨૩=ચુલાના અડાયાની રાખ ૦॥ તોલો દર બે કલાક ખવાડવી.

૨૪=આંકડના ઝાડના મુળ ઉપરની છાલ, મરી, આદુ સંભાગે લેવી ચીનીબોર જેવડી ગોળી કરી તેમાંની બે ગોળી દર ૦॥ કલાક આપવી, દર અરધે અરધે કલાક આપ્યા કરવી.

૨૫=કાળી મટોડીનું પાણી પીવાથી ઝાડો ઉલટી નરમ પડે છે. ૧ તોલો કાળી માટી, ૧ તોલો પાણીમાં મેળવી પીવાય છે.

કોલેરાના ઈલાજો



૨૬=કોલેરાના ઝાડાનો બંધ થયા પછી પેટ ફુલી આવે તો સકુરામાં ગરમ પાણીની પીચકારી મારવી.

૨૭=ઘરમાં ધુમાડો નીચલી ચીજોનો કર્યા કરવો—સરકા, જુના કાગળ, ધોએલાં જુનાં લુગડાં તથા દોરડાં. સુખડ. અગર, તગર, લુબાન, સીસમનાં છોડાં. આટલી ચીજોના ધુમાડા ઉપયોગી છે.

૨૮=લસણ છોલીને તેના હારડા ગળાએ, કમરે અને દરવાજે બાંધવા. એથી કોલેરાના દરદીને ફાયદો થાય.

૨૯=કોલેરામાંથી બચવા માટે—કોલેરાના ઉપદ્રવવાળી જગામાં રહેનારાઓએ ગંધક હથેલીમાં તેમજ પગના તળીઆમાં પંદર મીનાટ સુધી દર આઠવાડીએ મસળવી.

૩૦=કોલેરાનું ઓસડ—કોલેરાના તાત્કાળી ઉપાય નીચે મુજબ છે;—અફીન ૧૮ ગ્રેન, મરી ૧૮ ગ્રેન, હીંગ ૧૮ ગ્રેન, એની ગોળી ૧૨ કરી એકેક ગોળી અરધે અરધે કલાકે આપવી.

હીંગ અફીણ કરતાં બેવડાં વજનમાં હોય તોજ અફીણનો ગુણ તોડી શકે.

૩૧=કોલેરામાં દસ ગ્રેન કુઇનાઇન એકેક કલાકે આપે છે. એકેક કલાકે ચાર વાર આપવું અથવા ઝાડાનો રંગ પીલાસ ઉપર આવે ત્યાં સુધી આપ્યા કરવું.

૩૨=કોલેરાપર અફીણપણું વપરાય છે. પણ લીમડાના ઝાડમાં બાકું પાડી તેમાં અફીણ મુકી તે બાકુ પુરી લેવું. ત્યાર પછી ૬ મહીને તે અફીન કાઢી વાપડવું.

૩૩=કોલેરા—સુકા નાળીએરના એક ઉંચ કટકાને કોતરી, તેમાં અફીણ મૂકી, સુંચામાં ખોસી, ઘીની બતી ઉપર ગરમ કરવું. તે અફીણ વાપરવામાં ઘણું સારૂં છે.

૨ થી ૫ વરસના બાળક માટે ૧ ચોખા ભાર, ૫ થી ૧૦ વરસના છોકરા માટે ૨ ચોખા ભાર અને મોટા માણસ માટે ૪ ચોખા ભાર. આ વજન પ્રમાણે ત્રણ ત્રણ કલાકે આપવું.

૩૪=કોલેરાની દવા ૧ થી ૫ ગ્રેઇન કપુર ખાવાથી શરીરે ગરમી આવે છે. ઝાડા ઉલટી બંધ પડે. કોલેરામાં દર ૧૫ મીનીટે ૨ ઘઉંભાર કપુર અપાય છે. શરૂઆતમાં આપો તો બહુ ગુણ કરે છે.

૩૫=ગંધક ત્રણ ભાર, કોલસો એક ઘઉંભાર બંને મેળવીને એક પડીકું બનાવવું. આવા પડીકાં દર ૦ા કલાકે મધ સાથ મેળવીને ચટાડવાં. પાણી સાથ ગળાવવું નહીં.

૩૬=(કોલેરાની ગોળી) કપુર ૧, હીંગ ૧, મરી કાળાં ૩, ભટકાનો ગર ૧, લસન ૪ ભાગ એખ ચણા જેવડી, ગોળી કરવી. તે દર ૦ા કલાકે આપવી. પહેલા ૩ ગોળી, પછીથી એકેક, આદુ અથવા ફુદીનાના રસમાં આપવી.

૩૭=કોલેરામાં—કપુર ૩ ગ્રેન, અફીણ ૦ાા ગ્રેન અને મરચાં ૦ાા ગ્રેનની ગોળી બનાવી એકેક કલાકે આપવી.

૩૮=કોલેરાના ઉપાય—મોરના એક પીછાના ચાલ્લાની રાખ પાણી સાથ મેળવી એક દરદીને પાવી. (એની કીંમત બેવી નહીં, એ ફકીરી નુસખો છે)

૩૯=ત્રાંબુ નીકળે—મોરના પીછામાંથી ત્રાંબુ નીકળે છે, ત્રાંબુ કાઢવાની રીત જુઓ "આળસીઆ" ના ભાગમાં. આ ત્રાંબાની વીંટી બનાવી, પાણીમાં બોળે તે પાણી દરદી પીએ તો ઝેર ઉતરે. (ત્રાંબુ કાઢવાની રીત "મોરથુથુમાંબી" છે)

૪૦=કોલેરા માટે ગંધકવટી ઉપયોગી છે ને બનાવવાની રીત—લસણ, જીરૂં, ગંધક, સિંધાલુણ, ત્રિકટુ, હીંગ. એનો લીંબુના રસમાં ગોળી કરવી.

૪૧=કોલેરામાં શરીર ઠંડુ પડે ત્યારે—મરચાં એક તોલો એક બાટલી બ્રાંડીમાં મેળવી શરીરે લગાડે તો શરીરમાં ગરમી આવે. અને સુકા મરચાં ૦॥ તોલો અને મીઠું એક તોલો ૧॥ શેર પાણીમાં ઉકાળીને એકેક તોલો આ પાણી દરદીને ૦॥ કલાકે પાવું. અફીણવાળી દવા આપવી નહીં.

૪૨=કોલેરા માટે—ટેક ઠંડા પડી ગયલા દરદીને રતનજોતનું ભુકીયું એક તોલો છાસમાં ઘાલીને, અંદર સાબરસીંગની ખાખ ૦॥ વાલ મેળવીને પાએ તો તરત નફો જણાય.

૪૩=ઝાડા ઉલટી માટે—કટોરાનું પાણી સારૂં છે, (જુઓ "કટોરાનું પાણી").

૪૪=કોલેરા માટે—જાયફળ ૩ માસા દરદીને ૦॥–૦। કલાક ખવાડી ઉપરથી ગરમ પાણી ૨ તોલા પાવાથી ઝાડા બંધ થાય છે.

૪૫=કોલેરા માટે—મરીની ભુકી ૦। તોલો ગરમ પાણીમાં પવી અથવા મરી ૧૦ ભાગ, અફીણ ૮ ભાગ, શેકેલી હીંગ ૧૦ ભાગ એની એક વાલ વજનની ગોળી એકેક કલાકે આપવી.

૪૬=કોલેરાનો દરદી થંડો પડી ગયો હોય તો—ગાયનું મુતર ૧ તોલો દર ૩ કલાકે પાવું.

૪૭=કોલેરા, સાપનું ઝેર, તથા અજીરણ—આ દરદો માટે મરચાંનો ઉકાળો વપરાય છે.

૪૮=કોલેરા તથા અજીરણ—મચ્છીના પેટમાંથી કાંકરી નીકળે છે જેને પેદર બઝાર કહે છે તેને કાંદાના રસમાં ઘસી પીવામાં આવે તો ચમત્કારી અસર થાય છે.

૪૯=કોલેરા માટે—મરી, હીંગ અને અફીણ સંભાગે મેળ ૧ વાલની ગોળી કરી એકેક કલાકે આપવી. કોલેરા , ૫૬; આપવી. ઘણો વખત થયા પછી આપવી નહીં.

૫૦=કોલેરા માટે—કાંદાનો રસ ૧ તોલો અરધે અરધે કલાકે દરદીને પાવો.

૫૧=કોલેરા—લીંબુના રસનો ગુણ જીવજંતુ મારવાનો છે. માટે રસમાં હીંગ, જીરૂં, લસણ, સુંઠ, સંચળ, મરી, પીપર, સીંધવ સંભાગે મેળવી ાા તોલો દર ૩ કલાકે દરદીને આપવું.

૫૨=કોલેરાની—કારેલાના રસમાં તલનું તેલ નાખી પીવાડવું,

૫૩=કોલેરાની દવા—લવંગ ૦ા સેર તેને ગરમ કરી ખુદવા, તેમાં રૂ. ૧ ભાર આકરાનું દુધ નાંખી ખરલ કરવું. ખરલ કરતાં જવું અંદર મધ મેળવતાં જવું. સારી પેઠે મળે ત્યારે તેની ગોળી ચણા જેવડી વાળીને એકજ વખત ૧ ગોળી ગરમ પાણી સાથે ગળાવવી. ૧ ચણા જેવડી અથવા ૨ વટાણા જેવડી ગોળી બનાવવી.

૫૪=કોલેરા પ્રીવેનટીવ—કોલેરા લાગુ નહીં પડે માટે રોજ સવાર નીચે લખેલી ચીજો ખાવીઃ—

લવંગ ૦ાા તોલા, મરચાં ૦ાા તોલા, સુંઠ ૦ાા તોલા, તજ ૦ાા તોલા, જાવંત્રી ૦ાા તોલા, જાયફળ ૧ નંગ, બ્રાંડી ૨૦ આંઉસમાં સાત દીવસ ભીંજવી, ગાળીને લેવું. ૧ થી ૨ તોલા રોજ પાણીમાં લેવું.

૫૫=કોલેરાના અને પ્લેગના બચાવ માટે—લીમડાની ગોળી રોજ ૧ ખાવી, લીમડાની ગોળીની બનાવટ—પાતરાં રૂપીઆ એક ભાર, કપુર રતી ૧, ગોળ સાથે ચણા જેવડી ગોળી બનાવી રાત્રે રોજ ખાવી.

૫૬=સોમલના ફુલ બનાવવાની રીત—૧૦) તોલા સોમલને ૧ાા સેર બ્રાંડી દારૂમાં મસળવો, તેને કાદવના વાસણમાં મુકવો: તે વાસણ ઉપર બીજું કાદવનું વાસણમાં મુકવો; તે ઉપર લુગડું ભીનુ મુકવું. તે લુગડું સુકાવા દેવું નહીં પણ ઉપર પાણી નાખીઆ કરવું. આ વાસણ નીચે અંગાર રાખવા જેથી સોમલ નીચલા વાસણમાંથી ઉડી ઉપલા વાસણમાં ચોંટી જશે.

૫૭=ઉપર મુજબ પાડેલાં સોમલના ફુલ ૦ા રતી અથવા વધારે આદુના રસમાં પાવાં કાંદા, ૪...ાા, તુંળશી એનો રસભી ચાલે. દર એક કલાકે ૧ પડીકું ૩ વાર આપવું. કોઈવાર ૧ પડીકાંથીજ કામ થાય છે.

તાંજાં જારી ગોળી—એ સોમલ અને મરીની બનાવટ છે.

કોઢ સફેદ અને કાળો

૧=બાપચી, આમલીના ચીચોડા છોલેલા, સમાન ભાગે ગૌમુત્રમાં વાટી લેપ કરે.

૨=બાવચી, હળદર, ગંધક બકાન લીમના લીલા પાનની ગોટી બનાવી, તેને ગૌમુત્રમાં ઘસી લગાડે. અથવા લીંબોળીને બાળીને કાઢેલું તેલ લગાડવું.

ધોળા, રાતા, કાળા ચાંદા, દાદર, ચિત્રી, કરોળીઓ એ સઘળાં એક જાતના દરદ છે. પણ સાધારણ રીતે સફેદ ચાંદાનેજ કોઢ ગણે છે. આ રોગ જેમ ચામડીમાં ઊંડો ઉતરે તેમ તે સખત ગણાય. વિરૂદ્ધ અન્નપાનનું સેવન થવાથી આરોગ ઉત્પન્ન થાય છે,

દુધ અને તેલના પદાર્થ,
દુધ અને માછી,
દુધ અને દારૂ.

આ વિરૂધ અનુપાન સાધારણ વપરાસમાં હોય છે, ગરીબ લોકો ખાવાની બીજી વસ્તુ છોડી શકતા નથી

દુધની બાધા રાખે છે; એટલે દુધ સાથ રોજની ખપતી ચીજ ખાવામાં આવી શકે નહીં તો કોઢને ફાયદો થાય.

૩—લોહી સાફ કરવાની પહેલી ફરજ છે માટે નીચલી ચીજો માંની એકનું સેવન કરવું એટલે સવાર સાંજ રોજ ઘણા દીવસ ચાલુ ખાવું,

આંબળાનું, કારીજીરીનુ, કાળાપાટનું, લીમડાના પંચાગનું એમાનું કોઇ બી એક ચુરણનું સેવન કરવું.

૪ તીફળાનો ઉકાળો ગુગળમા પીવો.

૫=આમળા, બેર, સાળ. બાબચીનુ ચુરણ લેવુ.

૬=એરંડાના પાનનો ઉકાળો પીવો.

૭=કોઢોડ બે જાતના થાય છે. સફેદ (દુધીઓ) અને લાલ.

દુધીઆ કોઢડ માટે—ઇંડાના કોટલાની રાખ ૧ તોલો, દીવેલ ૧ તોલા સ્પીરીટ ૧ તોલા એ સઘળાને મેળવી, બારીક કરી સુકવવું. તેમાં ૩ દીવસમાં કોહોડ બેસી જએ.

૮=સફેદ કોઢડ ઉપર નોપાતગોટાના બીને લીંબુના રસમાં ઘસીને લસાડવ..

૯=ધંતુરાના બી ૦ાા તોલો, કોઠીજી નવટાંક, બાવચી ૧ તોલો આંકડાના પાતરાં નંગ ૮ લઇ લેપ કરવો.

૧૦=બાવચી ૦ાા તોલો રોજ ખાવામાં અપાય છે. અથવા બાવચી, બો આમળા બે, હરડે ૧ નું દળ, આંબાહળદ બે. હીમજી

દરરોડ બે એનું ચુરણુ ૦ાા તોલો રોજ બે વાર ખાવું અથવા તેની ચાહ બનાવી પીવી.

૧૧=કાળો અને સફેદ કોઢ શાંત થાય—બાવચી જર પાણીમા ઘસી રોજ ૪ વાર દરદ પર લગાડ્યા કરવું. ચામડીમા રંગ બદલાય ત્યાં સુધી લગાડીઆ કરવું.

૧૨=બીલામાંના દાણું ૩. નવસાગર એક તોલો આ બંધેને લીંબુના રસમાં વાટી ગોળી બનાવે, ને ધોળી લીંબુના રસમાં ઘસી કોહોડ પર લગાડે.

૧૩=ગનશીલ લગાડે તો ચામડીનો રંગ બદલાય.

સફેદ કોઢ.

૧૪=કોઢ માઉંસ અને હાડકા સુધી પહોંચી ગયો તો તુલસી અર્ક પીવાથી ફાયદો થાય.

૧૫=બાવચી ાા મગજનું દહી બનાવે, તેનું માખણુ અને ખાસ દરેદી ખાએ તો સખત કોઢને બી ફાયદો આપે.

૧૬=ગંધક અને મુળાનો ખાર આદુના રસમાં ૧) દીન ખરળ કરી લગાડે.

૧૭=કુમાડીઆના બીજને દુધમા વાટી એરંડીઆ તેલ સાથે લસાડું

૧૮=મનસીલ અને અધેડાના ખારે લસાડે.

૧૯=કાળો કોઢ થાય, રસી નીકળે ત્યાંર દરદીને કામરીઆ સાપનુ માઉસ ખવાડે

૨૦=કનેરનું મુળીઉં તથા ફુલ થડ પાણીમાં કુટી. સફેદ કોહોડ ઉપર મુકવાથી ચામડીના રંગ બદલાય છે.

૨૧=કાળા કુમળા પાંનરાંને દીવેલમાં તળી તેમા બોદાર મેળવીને લગાડવું.

૨૨=ગરગુીના બી વાટી લેપ કરવો

૨૩=ચણોઠી, ભીલાંમુ, વચનાગ. લીંબોડીની મીજે સરખે ભાગે લઇ છાસમાં વાટીને લેપ કરવો.

૨૪=કાજુનું તેલ ચામડીં ઉપર લગાડ્યું હોય તો ચામડીના રંગમાં ફેર થાય છે. કોહોડના સફેદ ચાઠા ઉપર મસળે તો પોતાસ પરમેગેનેટની માફક ચામડીનો રંગ બદલે છે.

૨૫=ગંધકનું તેલ બે દીવસ માલીસ કરે પછી મારેલું સીસું ઉપર ભભરાવે તો કોહોડના ચાઠા જાય.

સફેદ કોઢવાળાને—ગંધક દુધમાં ખાવાથી ફાયદો થાય છે.

૨૬=ચોળાડીના લેપ કરી મુકવો.

૫—નાળીએરનું દુધ, કાળી જીરી સાથે મેળવી ખીલ ઉપર લગાડે છે. તે ચામડી સુવાળી કરે. મોઢા ઉપરના ખીલ નરમ કરે, મોઢા ઉપર કરચળી થતી અટકાવે છે. મીલ્ક ઓફ રોઝીસ જેવું છે. વેલાતી મીલ્ક ઓફ રોઝીસનું કામ ઘણા ઓછા પઇસામાં થાય છે.

૬-ગળવેલનો સત્વ વાલ ૪ મધ સાથે દીવસમાં ત્રણ વાર ખાવો.

૭-ચંણોઠી, સંચળ ખાર સાથે વાટી લેપ કરવો,

૮-ખીલ માટે દરાખના ઝાડને બાળી રાખ સરકા સાથે મેળવી.

૯=મોંઢાના ખીલ માટે તલના જુના ખોળને ગોમુત્ર સાથ મેળવીને લગાડવાં.

કાળી દરાખ વાટીને લગાડવાથી ખીલ મટે છે.

૧૦=જાયફળ દુધમાં ઘસી ખીલપર લગાડે.

૧૧=ખીલ મટે—મીંઢળના બી પાણીમાં ઘસી લગાડે.

૧૨=ખીલ મટે—લવંગને પાણીમાં ઘસી ખીલપર લગાડે.

૧૩=ખીલ—સમુદ્રફીણ પાણીમાં વાટી ચોપડવું.

૧૪=મોંઢાના ખીલ માટે—સરકો ૨ ભાગ, મધ ૧ ભાગ મેળવીને મોંઢે લગાડે.

૧૫-ખીલ મોંઢાના સારા થાય—કડવા વાલનો આટો સરકામાં મેળવી લગાડવો.

૧૬=ખીલ મોંઢાના માટે—બદામનું કોટલું અને બસરાઇ પાણીનો કુચો તેની ઠીકરી પાણીમાં ઘસી લગાડે.

ખીલ—બાળગાતુખમનો બારીક ભુકો, ઇંડાંની સફેદી સાથે મેળવી ખીલ ઉપર લગાડવો, ખીલ ફોડવા જોઇએ નહીં. ખીલ ફોડવાથી તેની રસી બીજીગમ લાગે છે અને નવા ખીલ વધે છે.

૧૭=મોંઢાના ખીલ તથા મસા સારા થાય—ભેંસના કાનનો મેલ લીંબુના રસમાં ઉનો કરી ખીલપર લગાડે તો ખીલ સારા થાય.

૧૮=મોંઢાના ખીલ માટે મરઘીના ઇંડાના કોટલાંની રાખ તથા હાડકા બાળીને તેની રાખ સરકા સાથે મેળવી લગાડે.

૧૯=ખીલ—માટે ચીની બોરની રાખ પાણી સાથે ચોપડવી.

૨૦=ખીલ મોંઢાના—મરી અને ગોરૂ ચંદન પાણીમાં ઘસી લગાડે તો ખીલ મટે.

૨૧=ખીલ માટે—માયુફળને ચોખાના ધોવાણમાં ઘસીને ચોપડે તો ખીલ મટે.

૨૨=ખીલ મોંઢા ઉપરના મટે—નાક ઉપર અથવા મોંઢા ઉપર ખીલ થાએ છે તેને દાબે તો અંદરથી પરૂ અથવા બીઓ નીકળે

છે ઓરતને દસ્તાન પેદા થાએ અને મરદને વિર્ય પેદા થાએ ત્યારે ખીલ થાએ છે. એ જુવાની શરૂ થવાની નીસાની છે, એના ઈલાજ મડનો આટો સરકામાં મેળવી લગાડવો,

ખીલ મોઢા પરના.

૨૩=મસુરની અથવા ચણાની દાળનો આટો, હલદર, તેલ મેળવી રાતરે લગાડવો.

૨૪=ચકલી અથવા કબુતરની ચરક સરકામાં લગાડવી.

૨૫=મસુર હલદર. લીંબુનો રસ મેળવી લગાડે.

૨૬=સીમલાના કાંટાને દુધ સાથ વાટી લગાડે.

૨૭=નવસાર અથવા ટણકનખાર ગુલાબ જળનાં ઘસી લગાડે.

૨૮=કડવી બદામ ગુલાબજળમાં વાટી તેનું દુધ લગાંડે

૨૯=કપુરને ગ્લીસરીટમાં મેળવી લગાડે.

૩૦=ટણકનખાર ૨) વાલ, સાકેર ૨) વાલ, લીંબુનો રસ ૨) તોલો મેળવી લગાડે.

૩૧=ગંધક ૭) વાલ, મેગનીસીઆ કારબોનસ ૨) વાલ મધ સાથ ખાવું ૧૫) દીન.

૩૨=કેસર, નાગકેસર, ઉપલેટ, રતાંજરી, રાળ સંભાગે સુખડ ના તેલનાં લગાડે.

૩૩=ગંધક, ટણકનખાર દુધમાં મેળવી લગાડે


૩૪=પારાનો માખણીઆ મલમ અને માખણ સંભાગે મેળવી લગાડે.

૩૫=કેરીનો અથવા લીંબુનો રસ લગાડે

૩૬=સરડા જાનવરને બાળી, ખાક કરે તે લગાડે

ખીલી

આંગળાં ઉપર ખીલી થાય, ત્યારે અગન બહુ બળે, ઊંઘ ન આવે ત્યારે દહી અને ભાતની પોતીસ બાંધવી, તે ફુટે, પાકે અને રૂઝ આવે ત્યાં સુધી બાંધવી.



ખારો ખાજામાં નીખ.

૧=ખોરો અથવા માથાના ફુલ્લા—ચાનાને સરકામાં વાટી માથે લેપ કરવો.

૨=ખોરો નિકળે અને જુ મરે—દરીઆના પાણીથી શરીર ખુબ ચોળીને નાહવું. કુવાના પાણીમાં મીઠું નાખીને ઉપર મુજબ કરો તોપણ ફાયદો થાય.

૩=જુ, ખોરો અને નીખ—પારાનો માખણીઓ મરમ અને માખણ સંભાગે મેળવી લગાડવો,

૪=માથાનો ખોરો—માથાની ઝીણી ફુલ્લી—ગકરીની લીંડ વાટીને માથે ચોપડવી તેથી ફુલ્લી સારી થાય છે.

(બાળકને) ખુંધ નીકળે

૧=દોરી પકડાવી હીંચકા ખવાડવા,

૨=આંસુંદરાના મૂળ ૦ા તોલો પાણીમાં ઉકાળી ૨) વાલ ગુંગળ મેળવી રોજ પાવું.

૩=ત્રીફળાંનો ઉકાળો, ગુંગળ મેળવી પાવો.

૪=ખુંધ બાળકને હોય તે માટે—આંસોંદરા ઝાડના મુળની છાલ ના તોલો દરરોજ ઉકાળી તેમાં ૧થી ૨ વાલ ગુંગળ નાંખી પાવી. ઉપલા કાહવાથી લોહીનો સુધારો પણ થાય છે.

ખોરાક

ખોરાક=શકતી વધારવા માટે

૧=શકતી આવે—પકેલો ફળ ખાવાથી શરીરે શકતી વધે છે.

૨=ચોખાને ખોરાક બધા ખોરાકમાં સારો છે. ચોખા જુના લેવા. નવા ચોખા ખાવાથી કેટલાક માણસોના પેટ આફળાઇ આવે છે.

જુના ચોખા સરવેને માફક છે. સીક માણસને માટે અચ્છો ખોરાક છે. તેને પકવવાની રીત નીચે મુજબ છે.

ઓસાવેલા ચોખાનો દરદીને માફક આવે છે. ઓછા પાણીમાં ઓસાવવાથી ચોખાનો કેટલોક કસ નીકળી જાય છે માટે એક શેર ચોખા ઓસવવામાં ચાર શેર પાણી જોઇએ. ચોખા વાસણના તળીઆમાં બેસે ત્યારે તૈયાર થયેલા સમજવા ત્યારે પાણી ઓગાળી કાઢવું અને ઘી નાખી ચોખા અંગારે રાખવા. ઓસાવવામાં પાણી વધુ લેવાથી ચોખા બગડતા નથી, અને કસ નીકળી જતો નથી, નવો ચોખો સરદી કરે છે, જેમ જુનો ચોખો તેમ ખાવામાં સારો. દરદી માટે જુના સાઠી લાલ વરીના ચોખા વધું સારા. ચળકતા કરેલા ચોખા કરતાં ઓછા છરેલા કુસ્કીવાળા ચોખા દરદીને ખાવામાં સારા છે.

અડદ. (૧ જાતનો અનાજ)

૩=પુષ્ટીકારક= વીર્ય વધારે= માઉંસ વધારે= દુધ થાનમાં વધારે=	અડદનો આટો ૦। લઈ ઘી ૨) તોલા સેકીને પછી મધમાં મેળવીમાં ૨) તોલાં ૨૧ દીન ખાવો.

એમાં છોલેલા કવચા ઉમેરવાથી ગુણ વધે છે.

૪=ખોરાક તરીકે કેળાં—કાચાં કેળાની છાલ કહાડી નાખી તેનું ચુરણ બનાવે. તે ચુરણ જલેબી, પુરી અને સીરો બનાવવામાં ખપ લાગે છે. આ ચુરણ દુધમાં ઉકાળે તો આરારૂટની માફક દુધને ઘારૂં કરે, અને ખોરાક તરીકે બાળકને અપાએ.

ખોરાક ખાવામાટે પતરાવળી.

પ=ખાખરાના પાનની પતરાવળીમાં જમવાથી ફાયદો છે. કેટલાક હીંદુઓ ચોમાસાની રૂતુમાં પોતાનું ભોજન ખાસ પતરાવળીમાં લીએ છે.

શરદીવાળાં પાકવાનો ખાખરાના પાનપર ખાવાથી અને ગરમીવાળાં પકવાનો કેલના પાતરાંપર ખાવાથી ફાયદો થાય છે.

ઉચ ન્યાતીના ભોજન કેલના પાતરામાં ખાવાથી શરીરે નુકશાન પહોંચે છે. પતરાવળીમાં ભોજન ખાનારાઓ કેલના પાતરાંપર ભોજન લીએ તે સુધારો કહેવાય નહીં.

૬=છાસ—દુધની છાસ બને છે. જેનો ઉપયોગ દેશી વઈદુ બહુ વખાણે છે, હવે અંગ્રેજી વઈદું તેને વખાણવા લાગ્યું છે. છાસ પાણી એ. ઘણી ઉમદા અને તનદુરસ્તીને ફાયદો આપનારી છે. ખોરાક પાચન કરે છે, ભુખ લગાડે છે અને શરીરમાં ચરબી વધારે છે. એ પુસ્ટીકારેક ખોરાક છે.

દુધનું દહી બને છે—દહી બનતાં તેમાં લેકટીક એસીડ પેદા કરે એવા જંતુઓ થાય છે, અને તે જંતુઓ આંતરડાના બીજા જંતુઓ જે ખોરાકને કોહવડાવે છે અને પેટમાં બગાડ કરે છે તે જંતુઓનો નાશ કરે છે. અને આ કોરીઆથી દહી પાચન શકતી વધારે છે અને શરીરે ફાયદો કરે છે.

દહી બનાવવાં દુધને ઉકાળવું જોઈએ, ને દુધમાં જરા દહી નાંખવાથી તાજા દુધનું દહી બને છે. તાજું અને મોળું દહી વધારે ગુણ આપે છે. કારણ કે લેકટીક એસીડ પેદા કરનારા જંતુઓ તે વખતે દહીમાં ઘણા હોય છે. પણ જેમ દહી જુનું અને ખાટું થાય તેમ તેનો ગુણ ઓછો થાય છે કારણ કે લેકટીક એસીડ પેદા કરનારા જંતુઓ ખટાસથી ઓછા થઈ જાય છે.

આ મુજબ તાજાજ દહીંની બનાવેલી મોળી છાસ ઘણી ઉપયોગી છે. સાધારણ ખાટી છાસ દરદને નુકસાન કરે, આ વાત ધ્યાન પર જરૂર રાખવી.

લેકટીક એસીડ દવા તરીકે એકલી લેવાથી છાસના જેટલો ગુણ જણાતો નથી. કારણ કે લેકટીક એસીડ આંતરડામાં જાય તે અગાઉ તે શરીરમાં પચી જાય છે અને નાશકારક જંતુઓ જે આંતરડામાં છે તેને મારવામાટે તે જગાએ પહોંચી શકતી નથી. દહીમાં અને છાસમાં એવું છે કે તે પેટમાં જવા પછી આંતરડામાં લેકટીક એસીડ બનાવે છે. અને તે એસીડ ત્યાંના ખરાબ જંતુઓનો નાશ કરે છે. જ્યારે છાસ દવા તરીકે શરીરના સુધારા માટે લેવી પડે તે વખતે ગોસ અને ચરબીવાળો ખોરાક ન લેવો પણ થોડા નીરસ હલકો ખોરાક લેવો. કેટલાક દરદીને છાસ પીવાથી ઝાડાઓ કમતી થાય છે કારણકે છાસમાં કેલસીઅમ ફોસફેટ આવે છે.

બચ્ચાંને દુધ જરપત ન થાએ તો દુધ ઉકાળતી વખતે જાયફળનું અડધું ફાડ્યું સાથે ઉકાળવામાં લેવું. ને ફાડ્યું પાણીથી ધોઈ સાફ કરી મુકવું. દર વેળા દુધ ઉકાળતી વેળા તે ફાડ્યું વાપરવું.

ભેજાને સાંટી આપવાનો તેમજ ઉંઘ લાવવાનો ગુણ જાયફળમાં છે.

૭=ચાહ રીત સર પીવામાં આવે તો તે ઘણો સારો ખોરાક છે. પાચણ શકતી વધારે છે, શરીરે ગરમાવો લાવે છે અને થાક ઉતારે છે.

ચાહ બનાવવાની રીત—ચાહને કોરા વાસણમાં નાંખવી, ચીનાઈ કાચીનું વાસણ હોય તે વધારે સારૂં તે ઉપર ઊકળેલું પાણી નાંખવુ. પાંચ મીનીટ રહેવા દઇ ઢુંછો ગાળી નાખવો. પાણી ઘણું ઉકાળવું નહી. પાણી ટાંકાનુ કે વરસાદનું અથવા મીઠા કુવાનું જોઇએ. ખારવાલું પાણી ચાહનો સ્વાદ બગાડે છે.

ચાહના પાંદડા ગરમ પાણીમાં ઘણો વાર રહેવાથી ટેનીક એસીડ, કફીન વગેરે ખેંચાઇ આવે છે. જે ભુખ મારી નાંખે છે, માથુ તપાવી મુક છે, બુધ્ધી ઓછી કરે છે, ખરૂં ખોટું પારખવાની અકલ ગુમ કરે છે.

ચાહની ખાસીયત—ગરમી જોઇએ ત્યારે પીવામાં ફાયદો છે. આપણા દેશમાં ચાહ પીવી એ મોટાઇ ગણાય છે. જેમ વધુ વખત ચાહ પીવાય તેમ મોટાઇ સમજાય છે. તેમાં નુકશાન છે.

પીવામાં ચાહ ગરમ સ્વભાવની છે. જો ચાહ ઘણી ગરમ પડે તો ખાંડ, દુધ, નાંખી તેનો ગરમાવો ઓછો કરીને મોટાઇ દેખાડવા ચાહ પીવાય છે.

૮=ચાહની ખાસીયત ગરમ છે. જ્યાં ગરમી જોઇતી હોય ત્યાં પીવામાં આવે તો તે વાજબી છે, પણ સખત તાપના દીવસમાં જ્યારે શરીર બળતું હોય ત્યારે ખરે બપોરે બે ત્રણ વાગે ચાહ પીવી એનો મતલબ સમજાતી નથી ચાહની ટેવ અફીણની ટેવ જેવી છે જો ચાહ મુકી દેવા ઇચ્છતા હો ત્યારે તેને બદલે નીચે મુજબ પીવું.

દેશી ચાહ—તુલસીના તથા બીલ્લીના પાંદડાં અને તજ એની ચાહ બનાવી પીવાથી બીનાઇ ચાહની ગરજ સારે છે.

૯=કર્દનો ખોરાક—કેળાં પાકાં એકલી સાથ ઘુંટી રોટી સાથ ખવાય છે. ઘઉં વધુ કરતાં તત્વ એમાં છે. ઘઉં કરતાં તે જલદી પચે છે. રોગી માટે તે ઉમદા અન્ન છે.

૧૦=ખોરાક—કેળાંને સુકવી ભૂકો કરી મેલીન્સ ફુડની માફક પાણી અથવા દુધ સાથ ખવાય છે. પુષ્ટીકારક છે. બચ્ચાંને બહુ માફક છે.

૧૧=પુષ્ટીકારક ખોરાક—અધકાચાં કેળાંને ભુંજી તેનો આટો બનાવી દુધ સાથ ઉકાલી ૭ દીવસ ખવાડે તો શરીરે પુષ્ટી આવે

૧૨+ખોરાક—જુરી જુવારના પોંક ખાવાથી શરીરે શક્તી વધે

૧૩+સૌથી સારો પુષ્ટીકારક ખોરાક—ગાયનું દુધ ગરમ કરી તેમાં ૦॥ તોલો ઘી અને ૦॥ તોલો સાકર નાખી રોજ બે વાર પીવું.

૧૪=દુધ જલદી બગડે નહીં—લાલ રંગની બાટલીમાં દુધ રાખે તો ઘણો વખત સારી હાલતમાં રહે અથવા દુધની બાટલી લાલરંગના કપડાંથી વીટાળી રાખે તો ૧૦ કલાક સુધી દુધ બગડે નહી.

૧૫=તાજુ દોહેલું દુધ પીવામાં પુષ્ટીકારક અને જલદી જરપત થાય તેવું હોય છે.

થંડું દુધ ગરમ કરીને પીવું એટલે ૧૨૫ ડીગરી જેટલું અથવા પી શકાય એવું ગરમ કરવું.

ઉકાળેલું ૨૧૨ ડીગ્રીવાળું દુધ પીવામાં ખોરાક તરીકે નગળું છે, ગુણ ઓછો આપે છે.

દુધ ખુલ્લું, ઉઘાડું ન મુકાય એવું કહેણુ ચાલે છે તેનું કારણ એવું કહેવામાં આવે છે જે, ગલોડી જાનવર દુધમા પોતાનો અઘાડ નાખે તે અઘાડ ઝેરી હોવાથી તે દુધ પીનાર દુઃખી થાય. દુધ ખુલ્લું ન રાખવાનું સંઘીન કારણ એ છે જે. શરીરપરના કોહવાટને તેમજ ગટરની ગંડકી અને ખરાબ હવા ચુસી લેવાની શક્તી દુધમાં છે. તેથી કોહવાટના તેમજ ગટરના જીવજંતુ દુધમાં ખેંચાઇ આવે છે. તેથી ઉઘાડું રાખેલું દુધ પીવાથી પીનારને તાવ ચઢી આવે છે અથવા બીજી કોઇ બીમારી લાગુ પડે છે.

૧૬=શક્તી વધે—બીજોરાનો મુરબ્બો ખાવાથી શક્તી વધે. શરબત બનાવી પીએ તેથીબી શક્તી વધે. મુરબ્બો બનાવવાની રીત એક વાસણમાં પાણી નાંખવું તે ઉપર કપડું બાંધવું. તે કપડાં ઉપર છાલ કાઢેલા બીજોરાના કટકા મુકવા અને ચુલે ચઢાવવું. પાણીની વરાળથી બીજોરૂં બફાએ તેને સાકરના શીરામાં મેલવી મુરબ્બો બનાવવો. શરબત બનાવવા માટે ઉપર મુજબ બીજોરાં બાફી પાણી સાથ વાટીને રસ કઢાડવો, તેને સાકર સાથ મેલવી શરબત બનાવવું.

૧૭=લેંડકીનો અથવા હરડેનો મુરબ્બો—હરડેને ઉકળતાં પાણીમાં એક રાત ભીંજવવી, પોચી પડે ને તે હરડેને કાંટાથી ચોખવી; એજ પાણીમાં સાકરની ચાસણી બનાવી તેમાં હરડે નાખવી અને ઇંગ્ર-સાપર. રાખવી આ મુરબ્બો જુનો થાય તેમ તેમાં ગુણ વધે છે.

૧૮=પુષ્ટીકારક—ઢોરને ગાજર કાચાં ખવાડવાથી અને માણસને ગાજરનો પાક કરી ખવાડવાથી પુષ્ટી વધે છે.

૧૯=ગધેડીનું દુધ ચાલુ પીવાથી—ખુંધી અગડે અને ઓછી થાય.

ગેટીનું દુધ—હૃદય નબળું હોય તેવા દરદીને નુકશાન કરે.

૨૦+૨૧=દુધ બચ્ચાં માટે—બચ્ચાંઓ માટે દુધ ગરમ કરવાની રીત હાલમાં નીચે મુજબ ચાલે છે—સોંઘું પાણી વગરનું દુધ પસંદ કરી તેને સારી પેઠે ઉકાળ્યા પછી બચ્ચાંઓને પીવાડવામાં આવે છે. દુધ ઉકાળવામાં પાણી દુધમાંથી ઓછું થાય છે. એટલે તેમાં ચીકાસનું પ્રમાણ વધે છે. આવી રીતે ઉકાળેલું દુધ નબળાં બચ્ચાને જરપત થઈ શકે નહીં અને ભારે પડે છે. માટે ફરી વધારું ભલામણ કરે છે કે બચ્ચાં માટે દુધ ગરમ કરો તેમાં વધુ પાણી નાખીને પાતળું કરો, અને ગરમ એટલું કરવું કે દુધની અંદર ઉત્પન્ન થયેલા જીવડા મરણ પામે. તેથી બચ્ચાંને આ રીતે જો બચ્ચાંઓને દુધ પાવામાં આવે તો મેલીન્સફુડ અને દુધના ડબ્બાની જરૂર પડે નહિ.

દુધ ઉકાળવાની રીત—૧ શેર દુધમાં ૦ા શેર પાણી નાખી ધીમી આંચે ઉકાળી પાણી બાળવું. વાસણ ખુલ્લું રાખવું. વાસણ ચુલા ઉપરથી ઉતાર્યા પછી થોડીવાર ઢાંકી રાખવું.

દુધ બચ્ચાંને ભારે પડે, પેટમાં ગાંઠ બંધાય, ઝાડા આવે. જરપત ન થાય તો દુધ અને પાણી સરખે ભાગે ઉકાળીને પાવું. તેથી ભારે પડે તો ટેપીઓકાની અથવા આરારૂટની કાંજી પાણી જેવી પાતળી કરી સુગંધી આપીને પાવી.

દુધ બચ્ચાંને ટકે નહીં તો લાઈમ વાટર, એટલે ચુનાનું નીતરૂં પાણી મેળવીને પાવું. ફાયદો ન જણાય તો ચુનાનું પાણી પ્રમાણમાં વધારે લેવું. અને એ ઉપાયને વળગીને રહેવું. બચ્ચાં માટે નાના દુધના જેવો બીજો સારો ખોરાક કોઈ નથી.

બચ્ચાંને દુધ જરપત થતું ન હોય તો દુધમાં ત્રીજે ભાગે પાણી નાખીને ગરમ કરવું. અંદર જવનું પાણી તથા ચુનાનું પાણી નાખવું. જવનું પાણી અને ચુનાનું પાણી ઘરમાં તાજું બનાવીને આપવામાં ઘણો ફાયદો થાય છે.

દુધને ખાટું થતુ અટકાવવા માટે નીચે મુજબ છે. એક શેર દુધમાં ૦ા તોલો સોડાબાઈ કારબન નાખવો. એક શેર દુધમાં

સોડા બેન્ઝોએટ બે વાલ નાખવો, એક શેર દુધમાં બે વાલ ટંકણખાર નાંખવો. આ પ્રતાપથી દુધ ઘણો વખત પીવા લાયક રહી શકે.

૨૨—માતાના દુધ જેવું બનાવટી દુધ—જ્યારે ગાય ભેસનું દુધ બચ્ચાંને જરપત ન થાય તો દુધ શેર ૦॥. પાણી શેર ૦L. સુગર ઓફ મીલ્ક ૦॥ તોલો મેળવી ગરમ કરી, ગાળીને પીવું.

પ્લાસમેન પાંઉડર—મલાઈ કાઢી લીધેલાં દુધને ઉકાળી જરા ધાટું થાય એટલે ગરમ રેતીના ઉપર મુકીને બાળીને ભુંકા કરે તે.

૨૩—બનાવટી દુધ—બદામ શેર ૦॥ લેવી. તેને ગરમ અથવા ઠંડા પાણીમાં ભીંજવી રાખીને છોળતાં કહાડવાં, ને બદામને છુંદવી અને પાણી નાખતા જવું અને લુગડાં વતી ગાળતા જવું આ મુજબ બદામનું દુધ શેર ચાર થાય ત્યાં સુધી છુંદીને રસ કહાડવો. જેમ વધારે ખુંદાય તેમ દુધ ઘાટ્ટું થાય. આ દુધ ચાર કલાક પછી ખટાસ મારે કડવી બદામ ન જોઈએ, તે નુકશાન કરે.

૨૪—દુધ થાનમાંથી પીવાય તે ગુણ વધુ કરે છે. ગોનું દુધ બહાર કાઢી બચ્ચાંને પીવાડે તો ગુણ ઘણો ઓછો આપે.

નબળાં બાળકને બકરીનું આંચળ મોઢામાં આપી દુધ પીવાડે તો બહુ મોટો ફાયદો થાય.

૨૫—બચ્ચાંને શક્તી આવે—એક તાજા ઇંડાંની સફેતી ચાલીસ ઘઉંભાર ખાંડ. અરધો શેર પાણી એની મેળવણી કરી તેમાંથી બબે તોલા પાણી દર બબે કલાકે બચ્ચાંને આપવું.

૨૬—બાળકો શરીરે પુષ્ટ થાય—૦। સેર કાળા તલ, બ શેર ખજુર મેળવી માવો બનાવી તેમાં ૦। શેર આસન મેળવવું ને તેના વડા બનાવી ઘીમાં તળીને એકથી બે રૂપીઆભાર રોજ ખવાડવાં. એક માસ સુધી ખવાડવાં. દસ વરસની અંદરના છોકરાંઓને ખવાડવા નહીં. કારણ કે ગરમ પડે.

૨૭—આસન અંગ્રેજી સેનેટોજન નામની દવાના સઘળા ગુણો ધરાવે છે.

બાળકને શક્તી આવે અને તન્દુરસ્ત થાય—૧ રૂમચી આસનને દુધમાં ઉકાળી બાળકને રોજ પાવું.

૨૮—બાળકોને શક્તી આવે—ખસખસને દુધમાં વાટવી. બીજા દુધમાં ઉકાળી બાળકોને રોજ પાય. ૩ મહીનાથી મોટાં બાળકને આ ઇલાજ કરવો, ૧ વાલથી વધુ ખસખસ બાળકની ઉમરના પ્રમાણુમાં લેવી.

૨૯—બાળક જલ્દી ઉધરે—કાંદા અને ગોળ મેળવી હમેશાં રોજ ખવાડવો.

બાળકના શરીરે ગરમી આવે—ઝીણો કાપેલો કાંદો દુંટીએ બાંધવો.

૩૦—બાળકને નજર ન લાગે તે માટે કેરબા દાણાની હારડી હાથે પેહરાવે.

૩૧—વજ્જર બુટ્ટીની માળા—અરીઠાના બીને બીંજની રાખે તે નરમ થાય તે વચમાં કાણું પાડે તેની માળા બનાવે. તે ગોડાઓને બીની માળા સોભા માટે પેહેરાવે અને નજર ન લાગે એવા હેતુથી પેહેરાવે છે.

ખોરાક નુકસાન કરે.

૧-સરદ ઋતુમાં દહીંનો ખોરાક ખાય તો નુકસાન થાય.

૨-(ગરમીની ઋતુમાં દહી સાકર સાથ ખવાય)

મીઠું ઘણું ખાવાથી પુરૂષાર્થ કમી થાય, (મીઠું પેટનોવાયુ તોડે)

૩-કઠોર ઘણો ખાવાથી પેટમા દુખે. માઉસમાં શક્તિ લાવવાનો જે ગુણ છે (નાઇટ્રોજન છે) તેના કરતાં વધારે ઘઉંમાં, વટાણામાં અને તુવરમાં છે.

૪-મધ ગરમ પાણીમાં પીએ તો નુકસાન થાય.

૫-દુધ નીચલી ચીજો સાથ નહી ખવાય; મગ, મૂળા કોઇપી જાતનો ખાર અને તેલ.

ખોરાક દવા તરીકે.

ઔષધ એટલે ૧) ચીજ, જે ખાધાથી દરદ સારૂં થાય પણ બીજું દરદ થાય નહી તેને ઔષધ કહેવું. માથાના દુખાવા માટે એનટીફિબ્રીન આપે તો માથાનો દુખાવો તરત નરમ પડે, પણ શરીરમાં સરદી થાય શરીર નબળું પડે, હાર્ટને ખરાબ અસર થાય માટે એને દવા સમજવી નહી.

જે વસ્તુ ખાવાથી મક્કમપણે પણ ધીરજથી ફાયદો થાય. કુદરત નાહસે અને બીજો આખી કોઈ ઉત્પન્ન ન થાય તેને દવા કહેવી નીચે મુજબ ખોરાકો કેટલાંક દરદને સારાં કરે છે અને દવા તરીકે ઉપયોગી જણાયલાં છે.

દુઃખ અને દરદ એટલે ખોરાક લેવામાં બેદરકારી વાપરેલી અને પાપ કરેલું તે પાપની શીક્ષા છે.

દરદોને દુર રાખવા માટે ખોરાક, તાજો થોડો, ચોખ્ખો અને સાદો જોઇએ. આ રીત સાચવી રાખવાથી દવા તરીકનું કામ ખોરાક કરે છે, અને એવો ખોરાક દરદને અટકાવે છે કેટલાક દરદો કેટલાક ચોકકસ ખોરાકથી દુર થાય છે.

૧—કોઇપણ ઝેરની અમન અને દાહ ઘી ખાવાથી નરમ પડે છે.

સાપના ઝેર માટે ઘી પીવુ એ ઉત્તમ ઇલાજ છે.

૨—સંગ્રહણી અને ઝાડાના દરદો છાસથી સાફ થાય છે.

૩—જવની ચાહ અને કાંજી પીસાબ છોડવે અને પીસાબ વધારે કરાવે.

૪—કળથી નામનુ અનાજ ખાવાથી મુત્રકચ્છને ફાયદો થાય છે.

૫=અડદ અનાજ વા વ્યાધીમાં ફાયદો કરે અને સરીરનું માઊંસ વધારે છે માઊંસ એટલે અડદ) માંસ બલ આદી કવાથ તે અડદની બનાવત છે

૬ અગ્નની મંદતા હોય ત્યારે મગનું ઓપામન ખવાડે છે.

૭ આંતરડામાં અગ્નની વધારનારાં નીચે મુજબ છે.

છાસ, મગનુ ઓસામન, ભડકું, સારી રીતે પકાવેલા ચોખા. છાસ. છાસની કઢી એવા બીજા હલકા ખોરાકે

૮=શ્વાસ મકરોગ (ઘુપ ધરુીજ લાગે,—ખાખાકરે) તે માટે ઘી ઘઉં અને કેળાં ઉપયોગી છે.

સ્ત્રીઓના કેટલાંક ખાસ દરદોમાં જીરૂં સારૂં છે, જીરાંપાક સ્ત્રીઓને ખાવામાં અપાય છે.

૧૦ પેટમા વાયુ. હીસતીરીઆં, પેટમાંગોળા માટે હીંગ સારી છે.

૧૧—મઢવાથી મંદ પડેલી સકતી પાછી આવે—નવટાંક તુંઅરની દાળને ૫) સેર પાણીમાં ઊકાળે, દાળ નરમ થયા પછી અધોળ પપેટા નાંખી ઉકાળે પાણી સઘળુ બળીજવા આવે ત્યારે પપેટાને છોળવાં,

દાળ સીજે એટલે પાણી સઘળું બળી રહે ત્યારે દાળમાં પપેટા નાખી ખુબ ઘુંટે ઘુંટતાં સોજુ ઘી અંદાજ અથવા વધારે નાખી સારી પેઠે ઘુંટી રોજ દરદીને ખવાડે.

૧૨=શકતી આપનારો ખોરાક તુલસી પાક, તુળસીનાનો ૦। શેર, મરી તો૦ ૧, ભાંગ તો૦ ૦॥, કેસર તો. ૦।, એલચી તો. ૧, બદામ મગજ સેર ૦।, માવો શેર ૦।, ચણાનો લોટ સેર ૦। ઘી સેર ૧।, સાકર સેર ૧॥. ચણાના લોટને ઘીનું મોણ દેવું. અંદર જરા દુધ છાંટવું બાકી રહેલું ઘી ગરમ કરી ચણાનો લોટ સેકવો. લોટ અરધો સેકાય પછી અંદર નાખવો (છુટો કરીને નાખવો) માવાનું પાણી ચુસાઇ જવા પછી બદામ છુંદેલી નાંખવી તે સોકાયા પછી બાકીનો મસાલો નાંખવો સાકરની ચાસણીમાં કેસર નાખવી, પછી બધો મસાલો મેળવી તેના કટકા પાડવા.

૧૩=દુધ એ અચ્છો ખોરાક છે. પણ જડપન થાય નહિ તો સરખે વજને પાણી નાખવું અંદર પીપળ નાંખવી ઉકાળીને પાણીનો ભાગ બાળી નાખીને થોડું થોડું પાપા અથવા અરધા કલાકે પીવું.

૧૪-ખોરાકને જેમ બને તેમ વધુ પકાવે. પોષણના તત્વ ઓછા થાય ઘીને ઊકાળવાથી પોષણ તત્વ ઓછો થાય, ઘીમાં કાંદા વઘારીને ચોખા રાંધો, તેના કરતાં ચોખા રાંધીને ઉપરથી ઘી નાખી આપણ સાવો ને વધારે પુષ્ટી કારક છે. અને હજમીઅત છે.


૧૫=મગફળીમાં માઉસ કરતા વધારે ચુયદા છે.

૧૬-કાંદાનો મુરબ્બો પુષ્ટી કારક છે.

૧૭-અજીરને મધમાં બોળી આખી રાત કાલારમાં રાખી સવારે ખાએ તો બહુ પુષ્ટી આવે.

૧૮-તરબુજ અને ખરબુજ ગુરદાના દરદીને ફાયદા આપે.

૧૯-આમળાનો મુરબ્બો વિર્યે સુધારક છે, દરેક ઘરમાં વપરાવો જોઇએ ખોરાક ચાવી ચાવીને ખાવાથી સ્વાદ વધારે લાગે. ઓછો ખોરાક પેટમાં લેવાની ટેવ રાખવાથી, પુષ્ટી આવે, ઉમર વધે, ઝાડો વાસ વગરનો થોડો આવે, ખોરાકને તત્વ પુષ્ટી આપવામાં વપરાય, બાકી થોડો ખોરાકનો કુંછો બહાર આવે.



પાકું-ગાંઠને ફુટ લાવવા માટે.

૧-કરંજ, નગોડના પાન, અરીઠા એઓનો રસ વર્મમાં [illegible] કાથો સંગજીરૂની ભુકી દાબવી.

૨-હીંગળો અને કાઠો સંજોગે મેળવી મુકવો.

૩-મે [illegible]રમાં ઘી મેળવીને લગાડવું.

૪-ગળી અને સાદો મલમ લગાડવો.

૫-કળી ચુનાનું નીતરૂં પાણી તેના પોતાં મુકવાં.

૬-લીમડાના પાનની રાખ ૨૨ [illegible] તેલ સાથ લગાડ.

૭-કાથો અને મોદાર ૧૦૦) વાર ધોયલાં ઘીમાં લગાડ.

૮-પાકેલી ગાંઠમાં જીવડા પડે તો તે ઉપર ખાંડ ભભરાવવી. ખાંડ ખાવા માટે કીડાં ઉપર તરી આવે ત્યારે કપુરનો ભુકો મુકવાથી કીડા મરી જાય.

ગર, ગાંઠ, ગુમડાં, બદ, પાકુ, [illegible]ખબલાઈ-ભાખબોમલી

૧-ગાંઠ પાકવામા અને ફોડવામાં કાંદાની પોટીસ [illegible] [illegible] છે. તેની સાથ લીમડાના પાતરાં, શેતુરના પાતરાં તથા [illegible] મેળાવે છે.

૨-પોટીસ—કાંદાને બાફી, પછી જરા ઘી અને [illegible] ફરી ગરમ કરવું અને તેની પોટીસ કરી ગર ગુમડા ઉપર મુ[illegible] તેઓને પકવે છે.

૩-ગુમડા—કાચી કેરીની ગોટલી પાણીમાં ઘસી[illegible] કરીને કાચા ગુમડા ઉપર લગાડે તો ગુમડાં ગામરાઇ જાય છે.

૪-ગાંઠ પકવની પાટે—જાયફળ, જાવંત્રી મેળવીને [illegible] સાથ ગરમ કરીને ગાંઠ ઉપર મુકી રૂ ડામી તે ઉપર કાળા [illegible] અથવા કાદાનો સેક કરવો.

૫-મજીઠનું [illegible] ગરમ [illegible] છે—ગુમડાં વીગેરે [illegible] માટે લપડી તરીકે વપરાય છે.

૬–બદ, કાખબલાઈ–તુળસીના પાતરાં, દીવેલાની કુંપલમાં વાટીને ગરમ પોટીસ મુકે તો બદ તથા કાખબલાઇ પીગળી જાય.

૭–સીંદુર શેર એક, મીઠું તેલ સવા શેર, ધીમી આંચે ઉકાળવું. વાસણ મોટું રાખવું કારણ કે તેલ ઉભાય છે. ઉકાળતાં હલાવ્યા કરવું. રંગ કાળો થાય ત્યારે તે મલમના બે ચાર ટીપાં ઠંડા પાણીમા નાંખવાં. મલમ જો પાતળો જણાય તો વધુ ઉકાળવું મલમ ઘણો ઘટ થઇ ગયો હોય તો બીજું તેલ નાંખવું, ચુલાપરથી ઉતારી બે તોલા મીણ નાંખવું. વધારે ઠંડુ પડે પછી કપુર બે તોલા નાખવો.

આ મલમની પટી ગાંઠ અને દરદ પકવવામાં અને રૂઝાવવામાં વપરાય છે.

૮–ગાંઠો બેસાઇ જાય–કુમારીઆના બીને થોડાવાર કુઆરના રસમાં રાખવા. નરમ થાય કે ગઉમુત્રમાં વાટી લેપ કરવો.

૯–ગુલાબાસના પાંદડાંની પોટીસ દરદને પકવે.

૧૦–ગાંઠ માટે–ચુનો અને ઇંડાની સફેતીનો લેપ કરવો.

૧૧–બદ માટે–કળના જડ માણસના મુતરમાં ગરમ કરી બાંધવી.

૧૨–બદ પર બાંધવું–કુવારના એક પાઠાને ચીરી અંદર રસવંતી તથા હળદર ભભરાવી, જરા ગરમ કરી બાંધવાથી બદ અથવા ગાંઠ [illegible] ઘણા દીવસની હોય તો પાકે.

૧૩–તીવર (તટાટના તાવના પાતરા)ના પાનની લેપડી મુકે તો ગાંઠ બેસી જાય

૧૪–ગાંઠ, કંઠમાલ, ગર ઓગળવા માટે–[illegible] પાનનો લેપ ૩) દીવસ રોજ એકવાર મુકે.

૧૫–ગાંઠ પાકે–ધતુરાના પાન ગોળ સાથે મેળવી તેની લેપડી મુકે.

૧૬–વડની રાખ અને ચુનો મેળવી ગાંઠ પર લગાડે તો ગાંઠ ફુટે, નસતર મારે તેમ કપાય.

૧૭–મરી કંદાનું મુળ ગરમ છે પણ તેની અગન બળતી નથી પાણીમાં ઘસી ચોપડે તો ગાંઠ બેસે અથવા પાકે.

૧૮–કાળીઆ સરસના પાન ખુંદી ગરમ કરી બબે કલાકે બાંધે તો ગાંઠ બાહ્ય ઉપર આવે. અંદર બેસવા દીએ નહીં.

૧૯–ગુમડાં શરીરે ઘણા થાય ત્યારે શરીરપર ગરમ પાણી નાંખે તો

૨૦—પથર ફોદીના પાનની લુગડી મુકે તો વાઢકાપ કરવાની જરૂર ન રહે

૨૧=અળુખડાંનો કંદ (અળવીની ગાંઠો) અને કાંની પોટીસ મુકે તો ગાંઠ બેસે.

૨૨=પલેગની ગાંઠ અને ગુમડાં પકાવવા આંસંધનુ મુલ પાણીમા ઘસી લગાડે.

૨૩=તળવણી=ટુર હુર=કાન ફોડી. પીળાં અને ધોળા ફુલ વાળો છોડ છે. એના પંચાંગની લેપડી બનાવે પલેગની ગાંઠ જે બાજુ હોય તેની સામેની બાજુના હાથની નાળી વાળી જગા ઉપર મુકે. નાળીના ઉપર મુકે નહી. પણ નાળી કોડની જગ્યાની હોય તેની પછાડી મુક નાળીની જગા ખુલ્લી, રાખી તેની પછાડી લેપડી મુકે.

૨૪=લીમડાના પાન ૫) તો. વાટીને ૫) તો તેલમાં ઊકાળે, પાણી બળી રહેને ૨ા તો. મીણ નાખી મલમ બનાવી લગાડે તો ધારૂં ફેએ

૨૫=ગર પકવવાનો મલમ સીંદુર ૦। શેર મીન ૧) શેર, દીવેલ ૧) શેર, બીરોજા ૦ાા શેર ઊકાળી મલમ બનાવી પતી ગાંઠ પર મુકે,

૨૬—ગર ગુમડાં માટે અડાયાંની રાખ ૧) તો પાણી ૦। શેર મેળવે. નીતરૂ પાણી ૨) તો. દવા તરીકે રોજ ૩) વાર પીએ.

૨૭-કેળાંનો ગર અને ગુંગળ સંભાગે મેળવી લગાડે તો ગાંઠ પાકે અથવા બેસી જાય

ગરમી શરીરમાં વધે

કાંદો શરીરે ઘસવાથી ગરમી આવે છે.

એક કાચો કાંદો ખાવાથી શરીરે ગરમીં આવે છે.

અમબર અથવા કસ્તુરી ખાવાથી મરવા પડેલા દરદીને શરીરે ગરમી અને હોસીઆરી આવે.

છાતીએ કફ-ગળફા

છાતી પર કફ બંધાય, ગળફા પડે, માથામાંથી કફ નીકળી ગળે ઉતરે તે માટે.

૧–મીઠાસ અને ખટાશ ખાવો નહી.

૨–અઘેડાંના ક્ષાર વાલ ૨) અને અરડુસીના પાનનો રસ એની ગોળી બનાવી ચુસવી

૩–પીપરનું ચુરણુ બે વાલ મધ સાથે રોજ ૩) વાર ખાવું.

૪–તુલસીનો રસ ૨) તોલા મધમાં પીવો.

૫–જવખાર વાલ ૨ મધ સાથ રોજ ૩ વાર ખાવો. ભોરીંગણીનો ઉકાળો પીવો

૬=ડાંડલીઆ થુઅરની રાખ વાલ ૧) અરડુસીના પાનના રસમા ૩) વાર

૭=આદુનો રસ ૧) તો० મધમાં પીવો.

૮=નવસાર અને ફટકડી એકેક વાલ પાણી સાથે લેવી.

૯=કાકડાસીંગનું ચુરણુ વાલ ૨) મધ સાથ લેવું.

૧૦=જંગલી પ્યાજનું ચુરણુ ૨) વાલ મધમાં લેવું.

૧૧=બેરસાલ અથવા કાકો ૧) વાલ, બેહેડા ૬) વાલ, મધ સાથે લેવું.

૧૨=ભીમસેની કપુર ૪) વાલ, પીપર વાલ ૧) મધ સાથે લેવું.

૧૩=લોબાનના ફુલ ૪) ભાગ, કપુર ૧) ભાગ, અફીણ ાા ભાગ, નવસાર ૨) ભાગ, મધ સાથ ૧) વાલની ગોળી બનાવી ખાવી.

૧૪=કપુર કાચલી (કપુર હળદર) ખાવામાં લેવાથી કફ બહાર નિકળે.

૧૫=કફપીગળે=બેહેડાંની છાલનુ ચુરણુ ાા તો० મધમાં ૪) વાર ખાય.

૧૬=નવસાર બે વાલ પાણી સાથ રોજ ૩) વાર ખવાડે.

૧૭=લોબાનના ફુલ ૧) વાલ ચેવલી પાન સાથ ખાએ,

૧૮=ગોળ અને આદુ ખાવામાં લેવાથી કફ સાંત થાય.

૧૯=ગુવારપાઠી અઘેડાંની રાખ ૧) તો० પાણી ૦ા શેર એનું નિતરૂં પાણી રોજ ૩) વાર પીવું.

૨૦=અધેડાનો ખાર ૧) વાલ ખાવાથી કફ પતલો થઇ બહાર નિકળે.

૨૧=છાતી પર બંધાયલો કફ છુટે બજ=ચોડાવજ ઘ્ર્ર૦૦૬ flagroot સરૂઆતમાં ૨ થી ૩) વાલ ચુરણ ખાય. પછી બબે કલાકે ૩ થી ૪) વાલ આપે તો કફ છુટો થાય. ૧૦) વાલ આપે તો ઓકારી આવે.

૨૨=રાત્રે સુતીવળા ગળાને દીવેળ મસળે.

૨૩=કડવા તુરીઆનું મગજ ૧) વાલ ખાય.

૨૪=આદુ અને હળદના રસ અને મીઠું સાથે લઇ મધમાં ચાટે.

૨૫=કફ. જમાં થયલો છુટે, નવસાર પાનમાં ખાય.

ગર—ગાંઠ—ગુંમડાં.

૧=ગર=ગાંઠ=પકવે—લીમડાંના પાતરાની પોટીસ કરે તો ગર ગાંઠ પાકે.

૨=ગાંઠ—વેગણાની પોટીસ ગાંઠ પકવે છે.

૩=ગર, ગાંઠ જલદી પાકે, કાચા વેગણાને પાણી સાથ ચટણી બનાવે તે ચટણી એક વાટકામાં મુકી અંગારપર રાખે, ઉપર બીજો વાટકો મુકે અને વરાળ બહાર જવા ન દીએ. તે ચટણી ગરમ ગરમ ગાંઠપર બાંધે. ૧ કલાકમાં ગાંઠ પાકે.

૪=ગુંમડામાંથી પરૂ કાઢવા માટે—એરંડીઆની મીંજની પોટીશ મુકવી.

૫=ગુમડા થાએ તે માટે—સુંઠ. કેરીની ગોટલી અને સુખડ પાણીમાં ઘસી ગુમડાંપર લગાડીઆ કરે.

૬=ગુમડાં—શરીર ઉપર ગરગુમડાં થયા કરે તો નીચે મુજબ દવામાંથી એકેક ચમચી દવા ત્રણ ત્રણ કલાકે પીવી—મીઠું ૧ાા ડ્રામ પાણી ૪ આઉંસ મેળવીને દવા બનાવવી.

૭=ગુમડાં અને ગાંઠ પાકવવા માટે મેથીને વાટી જરા નીમક સાથ પાણીમાં પોટીસ કરી બાંધે તો પાકે.

૮=ગાંઠ પેતની ખસે=ગાંઠ બેસે—આંકડાના દુધમાં કાકો અને રેવનચીનો સીરો ઘસી લગાડવો.

ગમગીનો મટે—દલગીરી મટે-જીવ ખુશીમાં રહે-ઉદાસી મટે

૧=ગમગીની દૂર થાય—કોઈ માણસ કોઈ ચોક્કસ બાબદ અથવા આફત ઉપર વાચાર કર્યા કરે અને દીલમાંથી તે વિચાર કાઢે નહી તેવા માણસને નીચલી દવા પાવી.

જુનું વાસ મારતું દીવેલ ૦ાા તોલો, જુલાબનું મીઠું ૦ાા તોલો, પાણી ૨ તોલા, આ ત્રણ ચીજ મેળવીને પાવા. એના ઓટકારમાં એવો વાસ નીકળ્યા કરશે જે તે વાસજ તેને યાદ આવશે અને આખો વખત મન ઉપર અસર કરશે તેથી પેલી અસલ આફત તદન ભુલી જવાશે. કારણ કે નાહના પ્રકારનાં દુખો મોટાં દુખો આવવાથી ભુલી જવાય છે.

૨=હીસતીરીઆ—અને તેની સાથની ગમગીની દૂર કરવા હીંગ વાપરવામાં આવે છે.

૩=ગમગીની તથા ઉદાસી માટે—ગમગીની, ઉદાસી ઉત્પન્ન કરનારો જીવ જંતુઓ આંતરડામાં થાય છે, તે છાસથી નીકળી જાય છે. અને ઉદાસી દૂર થાય છે. માટે છાસ પીવામાં બહુ લેવી.

૪=મનની ઉદાસી (દલગીરી) દૂર થાએ=અદુસા અને ખર્જુના પાંતરાં અને પીપર સંભાગે મેળવી તેની ફાકી ૦ા થી અર્ધો તોલો, સહવાર સાંજ પાણી સાથે લેવી.

૫=તમક તેજની ગોળી ખાવી. એની બનાવત માટે જુઓ " ઉંઘ આવે."



પાકું-ગાંઠ ફોડવા માટે.



૧=કબુતરની અગારનો લેપ મુકવો.

૨=લાકડરની બાળેલી ભસમ અને હળદરની ભુકી મેળવી લેપ કરવો.

૩=બકરીની લીંડનો લેપ કરવો,

૪=ગાંઠ ફોડવા પર કાઢવા. લીમડાના પાન, તલ અને મધની પોટીસ બાંધવી.

૫=સરપખાને મધ સાથ પોટીસ બનાવી મુકવી અથવા તલ વાટી લેપ કરવો.

ગુલમવાયુ-ગોળો પેટમાં-પેટમાં ગાંઠ.

૧=પેટનો ગોળો, પેટમાં ગાંઠ, ગુલમ વા માટે—ટંકનખાર અને જવખારનું ગોળ સાથ સેવન કરે તો જરૂર ફાયદો થાય.

૨=ગુલમવાયુ—ગોળો પેટમાં દોડતો ફરે તે માટે થુવર કંઠારી આના સુકા પાંતરાં શેર ૧, કલોંદર શેર ૦।, રાઇ ફજેતી શેર ૦। સીંધવ શેર ૦। એના અથાર બનાવી ખાવામાં લે છે.

ગોળીમાં પાણી ભરાએ.

તે માટે નીચલો ઉપાય સગવડ ભરેલો છે.

ખોરાસાની અજમાને વાટી તેની લેપડી ગોળી ઉપર લગાડવી. પછી બકાળ (મીઠા લીમડા) ના પાંદડાંને વાટી તેની લેપડી તંબાકુના લીલાં પાંદડા ઉપર લગાડવી તેને ગોળી ઉપર રાત્રે સુતી વેળા બાંધવી. એનાથી ગોળીમાંનું પાણી ઝરી જશે; એમ ચાર પાંચ દીવસ કરવું. લીલો તંબાકું અગન કરતો નથી, લીલો ન મળે તો પછી સુકા તંબાકુના પાંદડાને પાણીમાં ભીંજવી રાખી નરમ થએથી તે વાપરવા. જરા અગન બળવાનો સંભવ છે. આ ઉપરથી જો ગોળીમાં પાણી હશે તો તે બધું ઝરી જશે, પણ કોઇવાર કોઇક દરદીને એ પાણી પાછું ભરાય છે.

ગોળી મોટી થાય તે માટે.

વેગણું કાપી તેમાં ૨) માસા હિંગળો મુકી બાફે. તેનો ગર લીલા તંબાકુના પાનપર લગાડે અને ગોળીપર બાંધે. લીલો તંબાકુ ન મળે તો સુકા પાનને પાણીમાં ભીંજવી રાખી નરમ થાયને તે વાપરવું.

ગોળીનો સોજો બાફેલાં વેંગણને ગોળીપર બાંધવાથી ફાયદો થાય છે.

ગોળીમાં પાણી ભરાય તે માટેના ઇલાજો.

૧=ગોળીમાં પાણી (હાઇડ્રો સીલ) માટે-ખાવામાં કાચકાનો ભુકો વપરાય છે અને દીવેલાના પાંતરાં ઉપર એ ભુકો લગાડી ગોળીએ બાંધે છે.

૨=ગોળીમાં પાણી ઉતરે તે વેળા ડાયકાના જુકાનો દીવેલ સાથ લેપ કરી દીવેલના પાડાં ઉપર મુકી તે પાંદડાં ગોળી ઉપર બંધાય છે.

૩=ગોળીએ સોજો હોય તો નાચણીના પાંતરાં છુંદી, તેમાં દીવેલ નાખી ગરમ કરી ગોળીએ લેપ કરવો.

૪=દીવેલનો જુલાબ આ રોગમાં બબે દીવસે લેતા રહેવું.

૫=ત્રીફળાના ઉકાળામાં ગૌમુત્ર અથવા ગુંગળ નાખી પીવું.

૬=આંબળાના પાનનું વગાળીઉ રોજ બે વાર બાંધ્યા કરવું.

૭=ગોળીમાંનું પાણી નીકળે—આંબાના બી જે ચાપરા લાખના રંગના અને તે આકારના થાય છે, તેને પાણી સાથ ઘસી લેપ બનાવી ગોળીએ લગાડવા. ગોળીનું પાણી ઝરપી નીકળી જાય છે. રાત્રે સુતી વેળા લગાડવું. બીજાનું ખરાબ ન થાય તેની સંભાળ લેવી

૮=ગોળીમાં પાણી હોય ત્યારે ગોળી ચકચક, ડાબો તો ઉપર ચડે નહીં ત્યારે નીચે મુજબ લેપ લગાડ્યા કરવો—જવનો આટો, મોડ અને ગાયનું છાણ ગોળી પર ચોપડવું.



ગોળી મંડાઆય—હરમરીની છાલ ૦ા શેર તેલ ૧) શેર ઉકાળીને લેપકરી કાછો બાંધે.

ગોળીમાં પાણી હોય તે જગદરના પાણી માફક હાલતું હોય. દરદીને અધારી ઓરડીમાં રાખી તેના અંડકોસની એક બાજુએ બતી રાખ, બીજી બાજુથી જુએ તો પાણી દેખાય.

નીચલી દવામાંની ૧) દવા ઘણો લાંબો વખત લગાડે.

ટીંકચર આયોડાઇ.

પારાનો માખનીઆ મલમ.

રેડ આયોડાઇડ મરક્યુરીનો નરમ (પોચો) કરેલો મલમ.

બળતરાં બળે નહી ફોલ્લાઓ ઉઠે નહી તેમ જરા જરા લગાડવા.

સરકા જાયુફરનો બંધ વાસણમાં બનાવેલો કોયલો, પાણી સાથ ગોળીપર લગાડે. ગોળીમાં પાણી હવા ચરબી હોય તે દૂર થાએ.

શેહેરી કુબાત, લીલી વગડના રસ સાથ લગાડે

ગોળીમાં પાણી હોય તે માટે આંબાનું બી જેને ગાર બીજ કહે છે, ચાપરા લાખ જેવું ૫ગ ૪ા ઘણું મોટું છે તેને પાણીમાં ઘસી ઘણા દીવસ લગાડે તો પાણી ચુસાઇ જાય.

ગોળીએ સોજો-ગોળી મોટી થાય-વધરાવળ-ગોળીમાં હવા હોય-ગોળી વાથી ધે-અંડવૃદ્ધિ-ગોળીમા ખ.વ.જ થાય



૧=ગોળીપરનો સોજો મટે-લીલા ધાણુાના રસમાં ગુલેઅરમાની. રતાંજળી મેળવી લગાડવું અથવા કપાસના તથા દીવેલના મીયને હાથમીરના રસમાં લગાડવા.

૨=ગોળી વાએ વધે અને મોટી થાય ત્યારે ૦ા શેર કાંદાને ખમણે અને તેને શેર ૦ા ઘીમાં તળે, સોરમ બહાર નીકળે ને ઉતારે. એની પોટલી કરી ગોળાએ બાંધી આઠ પોહોર એટલે સવારથી બીજી સવાર સુધી બાંધી રાખે. બીજે પાટો તરત બાંધે. એ મુજબ ત્રણુ દીન કરે તો ગોળી નાહની થાય.

૩=કસાઇ છોડના મુળીઆં છુંદી ગાયના મુતરમાં ગરમ કરી ગોળીપર મુકવાં, (આ ઝાડના ઉપર મોતીના જેવા ફુળ થાય છે.)

૪=કાચબો બાળી તેની ખાક કરવી. પછી તેની સાથ દીવેલ અને સીંધવ ખાર સંભાગ મેળવી ગોળીપર લેપ કરવો. જુનુ દરદ દુર થાય છે.

૫=અંડવૃધ્ધી-ન્હદરવ ીના મુળનું ચુરણુ ૦ા તોલો, એરંડીઉ ૨) તોલા. ગાયનું દુધ ૪) તોલા આટલું ફક્ત ૩) દીવસ ખાગે તો ફાયદો થાએ. જો ૨૦) દીન ખાએ તો જનમમાં આ વ્યાધી પાછો થાએ નહીં.

૬=નગોડનું વરાળીઉં મુજેરી ગોળી ઉપર બાંધે છે. એ પાંતરાને પાંણીમાં ઉકાળી તે પાણીથી સંચીવાવાળા ભાગને શેક કરે.

૭=અજમો છુંદી બરાંડી સાથ મેળવીને ગોળીપર મુકવામાં આવે છે.

૮=ધંતુરાના પાનની થંદી લેપરી મુકયા કરવી.

૯=આમળાના પાનનો રસ લગાડે.

૧૦=આકડાના કુમળા પાન ૨) (કુમળીઆ એટલે ૨) પાન સાથેજ વળગેળાં હોય તેવાં નાનાં પાન) એવલી પાન ૩ તે ઉપર કાઠો, ચુનો. સોપારી. રીતમરની મુકી, બીડી બનાવી રોજ ૧ બીડી ત્રણ દીવસ ખાવી, ગરમી જણાય તો ઘી ખાવુ.

૧૧=ગોળી ઉપર જળદ દારૂ ચોપડી તે ઉપર ફટાકડીનું (અંદુકરી) ચુરણ છાંટવું. ઉપર અજમો ભભરાવવો અને તે ઉપર તંબાકુનું લીલુ પાન મુકી કાછો બાંધવો. પીસાબની નળી છુટી, મોકળી રાખવી. તબાકુનું પાન લીલું ન મળે તો સુકુપાન પાણીમાં બીજવી રાખી નરમ કરીને લેવું.

૧૨=આંતરડુ ઉતરઉં હોય તે જગા ઉપર નવસાર ૧ તોલો પાણી ૨૦ તોલામાં મેલવી તેના પોતાં મુકે.

૧૩=ગોળીમા હવા હોય, ગોળીમાં મવાડ હોય તે માટે ઇરા પાક ચાલુ ખાવામાં લેવો.

૧૪=ગોળો ચહડે ઉતરે અથવા ગુરઘુર અવાજ કરે તે માટે અવલસારો અજમો તેને નીચલી ૧૨) ચીજોના રસમાં ત્રણ ત્રણ પટ આપવા અને ખાવામાં લેવો:—

૧) નાની વાછરડીના મુતરમાં. ૨) શેરડીના રસમાં, ૩) આદુના રસમાં, ૪) કુઆરના ઠીબના રસમાં, ૫) કડવા સેકટાના મુળના રસમાં, ૬) ઓડીકલહારના રસમાં, ૭) પીળવંતના પાતરાંના રસમાં, ૮) ગલોના રસમાં, ૯) મરવ્નદના રસમાં, ૧૦) ભાંએ પાનરીના રસમાં, ૧૧) ભાંએ રીંગણીના રસમાં, ૧૨) સરપંખાના રસમાં. આવી રીતે પકાવેલા અજમાની ફાકી ૦॥ તોલો રોજ લેવી (અંગ્રેજી વૈદામાં જંતર પેરવા તથા વહાડકાપ કરવા સીવાએ બીજો ઈલાજ નથી.)

૧૫=સુનાગેરૂં, એળીઓ, સાબુ, જુની પુરાણી ઈંટ સંભાગે ચુરણ કરી લેપ લગાડીઆ કરવો.

૧૬—ગોળી ઘણી મોટી થાય તો ગોળી ઉપર ઠંડા પાણીની ધાર ૧૦ મીનીટ સુધી નાખવી. દીવસમાં ૫) વખત નાખવી. ખોરાકમાં ખીચડી દાળ ભાત ખાવા, ખોરાક અધુરે પેટે ખાવો; બહુ દાબીને લેવો નહી. આ ઈલાજ ૯ દીવસ ચાલુ રાખવો. ચંદા પાણીને બદલે પીવામાં ગરમ પાણી વાપરો તો તેથીબી ફાયદા થશે.

૧૭=ગોળી મોટી થાય તે માટે સીંધવ ૦। તોલો ગાયના ઘી સાથ સાત દીન ખાવું.

૧૮=આંકડાનું મુળીઉં દારૂમાં ઘસી ગોળીપર લગાડે અને કાછો બાંધે અથવા આંકડાના પાનપર દીવેલ લગાડી ગોળીપર બાંધે.

૧૯-ગોળી મોટી થાય યા સોજો આવે ત્યારે ધંતુરાના પાંદડાં છુંદીને તેની લેપડી બાંધવામાં આવે છે. અને ખાવામાં પાંદડાંનો ભુકો ૨ ગ્રેઇન અપાય છે.

૨૦=ભાંગરાનો રસ બે ભાગ, મીઠું એક ભાગ મેલવી લેપ કરે.

૨૧=૧ શેર પાણીને ત્રાંબાના વાસણમાં ઉકાળી ાા શેર રાખે. આ ાા શેર પાણીમાં ૧ાા તોલો તાવેલું ઘી નાખી ૧૫ દીવસ સુધી રોજ સહવારે પીવું.

૨૨-ચુનાની ફાંક ૧ તોલો, તપકીર તંબાકુની ૧ તોલો પાણી સાથ મલવી ગોળી ઉપર લેપ કરવો: ઓકારી થાય, ચક્કર આવે તો કાંદો સુંઘવો. અને ખાવો. આ ઇલાજ જેને સદે તેણે ચાલુ રાખવો.

૨૩-ગંધરાવળ-બાલકને અથવાં મોટા માણસની ગોળી મોટી થાય તે માટે દીવેલ અને દુધ રોજ ખવાડવું, તેથી ઘણુંજ ફાયદો થાએ છે. ૧) ઝાડો આવે એટલુંજ દીવેલ (ા અથવા ાા તોલો) રોજ લેવું.

૨૪-ગોળીમાં મવાદ હોય તે ઉપર પારાનો મલમ માખણ સાથે મેળવી મસળવો. અથવા પારાના સુકા મલમની પટી મારવાથી મવાદ વીખરાઇ જાય છે.

૨૫-ગોળી મોટી થાય તો—માજુફળ અને અસ્વગંધ પાણીમાં પીસીને ગરમ ગરમ લગાડવું.

૨૬=મોટી થયલી ગોળી. અથવા બીજા સોજા ઉપર મીઠાનો સેક કરે તો સોજો નરમ પડે.

૨૭=ગોળી નાની થાય—આકડાનું મુળીઉં દારૂમાં ઘસી ગોળી પર લગાડે અને કાછો બાંધે અથવા આકડાના પાનપર દીવેલ લગાડી ગોળીપર બાંધે

૨૮+૨૯=ગોળી થોડી હોય તે માટે—ાા તોલો આબળાનું ચુરણ દીવેલમાં ઘસી દુધ સાથ ખવાડવું.

૩૦=ગોળીએ સોજો ચડે તો આબળાના પાનનો રસ લગાડે.

૩૧-ગોળીપર સોજો હોય તો બકરીની લીંડી બકરીના મુતરમાં મેળવી ગરમ કરીને ગોળીપર લગાડે.

૩૨=ઘોઘરા નામનો કંદ (જે નવસારી ડીસ્ટ્રીકટમાં થાય છે) તેને પાણીમાં ઘસી રોજ લગાડે.

૩૩+૩૪=અરણીનું વરોળીઉં બાંધે

૩૫=અંડવૃધ્ધિનુ ભયંકર દરદ નાબુદ થાએ—કરચલાંને અથવા કાચંડા (કાચબો Crab) ને બાળી તેની રાખ કરી સિંધાલુણ સાથ લગાડે, અંદર તેલ મેળવે. અંતરગળ જેવું દરદ ૧૦) દીનમાં બેસી જાય એ આશ્ચર્ય વાત છે.

૩૬=ગોળીમાં ચરબી અથવા પાણી માટે—નહિકંદ નામનો ૧) જાતના વેળાનો કંદ છે. એના પાન ગીલોડીના વેળાના પાનને મળતાં છે. ગીલોડીના પાન કડવાં નથી. નહીકંદના પાન કડવાં .

નહીકંદના ફુલ મરચાં જેવાં છે. તે પાકે ત્યારે મરચાં માફક લાલ થાય છે, પણ તેમાં તીખાસ નથી પણ કડવાસ છે. આ કંદનુ ફળ. મરચાંના આકારને બરાબર મળતું છે, તેના બી પણ એક સરખાં છે. આ કંદ ચરબી નાબવામાં ઘણો ઉપોગી છે, પાણીમાં ઘસી ૩) દીન ચોપડવાથી આરામ થાય છે ગોળાએ ચરબી અથવા પાણી હોય તે કમી થાય છે,

૩૭=શુંગળ, એળીઓ, સીસારસ, નો લેપ મારવો.

૩૮=ગાંઠાળીરોજ્ન, અને સાંકુર ખુબ ભેગા તાથી, મલમ બને, તેની પતી મારવી. બાદ સાફ કરી પતી મારવી પતી કાઢી હોય ત્યારે ગરમ પાણી ઉપર રેડવું.


૩૯=એરંડીઆ તેલમા એરંડીઆના પાનોનો રસ સરખાગે મેળવી ઊકાળે તનુ તલ ગોળીએ મસળે; ગરમ પાણીથી સેક કરે.

૪૦=પાકેલા થુઅરના કાંટા કાઢી નાખી ચીરી અંદર મીઠું નાખે. કપડ છાન કરે; તમાકુના ભુકે; ઉપરથી કપડું કાઢી ગોળીપર બાંધે.

૪૧—એરંડીઆના પાનને ચુએ: તેની નસ કાઢી છુંદે. અંદર હીમ્બર જેવી ગોળીએ લગાડે. બે ત્રણ લેપ મારે. તેને બલીસ્ટર ઉઠે તો ગોળ અને પાણીનો જાડો લેપ બનાવી ગોળી પર લગાડે

૪૨—આમલાના પાનો અથવા રાયજેતના પાનો રસ ગોળાએ લગાડે.

૪૩—બ [illegible] ગોળી મોટી થાય ત્યારે નવસારના પોતાં મુકે.



ગળાંમા સોજો-ગળું બેડતું-ગલાનો કાકરો સુજે-ગળ [illegible] સુનું

૧-ગળાનો કાકરો સુજેલો નરમ [illegible]—અકલગરો મોંઢામાં રાખી ચુસ્યા કરવો.

૨-ગલાનો સોજો—આંબાના પાંતરો [illegible] ઉમાંડા ગળામાં લેવા. થી અંદરનો સોજો વીગેર નરમ પડે છે.

૩-કુળીજણ (એને પાનની જડ કહે [illegible] સારૂં કહે છે.) એમાં તીખાસ છે. અન્નને ખવાડવારી ન [illegible] છે. ધાતુ-પુષ્ટ છે. કુળીજન રાતે મોઢામાં રાખી ચુ[illegible] બેડતું ખુલતું થાય છે.

૪-સાકેર અને વરીઆરનું ચુર [illegible] રસ ગળ-વાથી ફાયદો થાય છે.

૫-ચણા સેકેલા બે તોલા. એલચી [illegible] અને નીમક બે આનીભાર. એની ફાકી મારી ઉપરથી [illegible]

૬-ચાવળને ગોળના શીરામ [illegible] ખાવા, બીજું કાંઈ ખાવું નહીં. નરમ લાગે તો [illegible] નરમ પાણી પીવું.

૭-અરડુસાના લીલા પાતરાંને વાટ [illegible] રસ તોલો ૧) કાઢી મધ તોલો ૦ા સાથે સવારે પીવા. [illegible] ખુલે છે.

૮-ગળસુનું થાય તે માટે—[illegible] કંઠની પોટીસ બાંધે.

૯-ગળું બેડેલું ખુલે, મોંઢાની ગરમી મટે—સફેદ અથવા લાલ ચણોઠીના પાન મોંઢામા રાખી ચુસવ.

૧૦-ચણોઠીના અને જુઠીના પાલા દરેક ૨ાા તોલો, કાથો બે તોલા એની ચણા જેવડી ગોળી બનાવી ૧ ગોળી મોંઢામાં રાખે ને રસ ગળે તો ગળાંને ફાયદો થાય.

૧૧-ગળે ગાંડ હોય તો પાનના રસ ૧) ભાગ, ચુનો ૧) ભાગ મેળવી બહારથી લગાડે.

૧૨-ગળુ આવે, ગળામા કાંટા ખુંચે તે માટે—ગુજે અરમાની. સુરોખાર સંભાગે કાકમીરના રસમાં મેળવી ગળાની બહાર ભર્યા કરે.

૧૩-ગળાના ગાંડ માટે—ગુજે અરમાની પાણીમાં મેળવી ગળા-પર લગાડવી. સુકાય ને ફરી લગાડવી.

૧૪—સૈંધવ, વજ, બાવચી, હળદર, મરી, પીપળ, એનું ચુરણ ના તો મધ સાથ ખાવું.

૧૫=જેઠીમધનો શીરો, આંમળા, વરીઆળી, મેંદી, આવળ, તજ, સાકેર સરખે ભાગે લઇ દુધમાં મેળવી ૧ વાલની ગોળીઓ બનાવી મોંહમાં રાખી ચુંસવી.

કાળીદરાખ, જેઠીમધ અને સાકેરનો કાહવો પીવો.

ફટકડીના કોગળા વારંવાર કરવા. અથવા અકલગરાનો કટકો મોમાં રાખવો.

વાયુથી હોયતો તલનું તેલ અને મીઠું એના કોગળા કરવા.

પિત્તથી હોયતો મધ અને ઘીનો કોગળો કરવો. કફથી હોય તો. સીંધાલુણ, મરી, મધના કોગળા કરવા. જમીઆ પછી મરી ઘીમા મેળવી ચાટવાં.

ગળામાં સોજો=ગળસુરો.

આબખાનું બીજ (ગારબીજ) ચાપરા લાખ જેવું છે. તેનું ગોપલું લાલ કેટલું પાણીમાં ઘસી લગાડે.

ગળાંનો કાકરો.

માયાંનું ચુરણ અથવા વંકુલાને બાળી કરેલું ચુરણુ મધ સાથ ગળાંમાં લગાડે.

ગળાંનો કાકરો વધે-પડજીભી મોટી થાય, ગળાના ગાંઠ-ગળેચું.

૧=ગળાનો કાકરો વધે, પડજીભી—ધાવડીના ફુલ તથા આંબોસાંગ સંભાગે લેઇ ગોળી ૨ વાલની બનાવી રાત દીન મોંઢેમાં રાખે તો એ દશી નરમ પડે.

૨=પરજીભ મોટી થાય, ખાંસી આવે તે માટે—આમળીના ચીંચોળા પાણીમાં ઘસી ટાળવાપર અને કાકરો લગાડવો.

૩=ગળાનો કાકરો મોટો થાય ત્યારે તે કપાવી તે ઉપર જવખાર દબે.

૪=ગળાંનો કાકરો સુજેલો હોય તે વેળા અકલગરો મોઢામાં રાખી તેનો રસ ગળીઆ કરવો.

૫=ગળાના ગાંઠ માટે ગુગળઅગમાની પાણીમાં મેળવી ગાંઠ વાળી જગા ઉપર વારંમવાર લગાડી લેપ કરવો.

૬=ગળામાં ગાંઠ થાય તે મેસે.

ધંતુરાના પાનની લેપડી ગળાં ઉપર ગાંઠની બાજુએ બાંધવી.

ગળાંમાં હાડકુ-ગળાંમાં કાંટો-કણાચું

૧=ગળામાં કાંટો અથવા હાડકું અટકીયું હોય તો—ગરમ ગરમ ચાવલનો મોટો ભુક એકદમ ગળી જવો.

૨=ઘઉની રોટલી ગરમ ગરમ મોટા ભુકમાં ખાવી.

૩=અંકુર આંગળી કાંનમાં દાબવી. દાંત ઉપર દાંત દાબવા, જીભ ટાળવે લગાડવી, નાંક બંધ રાખવું, દમ ઘુંટવો; ત્યારે ગળાંની નસ ફુલે ત્યારે મોઢા વાટે દમ એકદમ કાઢે, ત્યારે કાંટો અથવા હાડકું બહાર આવશે.

૪=ગળુ બેસે અથવા સુજે ત્યારે ૦ાા તોલો મરી, ૧ શેર ઉકળાતાં પાણીમાં નાખી તે થંડુ પાડીને કોગળા કરવા.

૫=ગળુ બેઠેલું હોય ત્યારે મુલેઠીની લાકડી મોઢામાં રાખવી. મોઢામાં રસ થાય તે બહાર થુકી નાંખવો.

૬=કણાચુ ગળામાં થાય, ગળામાં દુખાવો, ગળુ આવે તે માટે—માંધરાં કેળાંને ઉભું કાપી તેમાં મીઠું અને હળદ ભભરાવે ચુલાની બેગટમાં બાફી પોટીસ કરે.

૭=ગળાની ગાંઠ માટે મરચાંની લેપડી બહારથી લગાડે તેથી ગળાંની ગાંઠ પીગળી જાય.

૮=ગળાના દરદ માટે મેથી ખાવામાં આપે.

૯=ગળાંનો કાકરો મોટો થાએ તયારે કાસ્ટીકની માફક લસણનો રસ તે ઉપર લગાડે છે.

૧૦=ગલેચુ—કંઠ આગળ કાનની નીચે ગાંઠ થાય છે તે ઉપર મરીકંડાનું મુળીઉં ઘસીને લગાડે છે. આયોદાઇનનું કામ કરે છે.

૧૦ ગળેચુ=કંઠ આગળ.

૧૧=ગળું બેઠેલું—દરરોઝ ૫ વાલ, નીમક ૦૧ તોલો એ બન્ને મધ સાથે ખાય તો ગળુ ખુલે.

ગળું બેઠેલું—લવંગ, સાકર ચુસવાથી ખુલ્લુ થાય છે,

ગાં.=ગુમડાં પાકે.

૧૨=કરિહારી=કલગારી, (કલહ, કળાવી, ખડીઆ નાગ.)

ઘાસના જેવો છોડ થઈ એ વેલા વાડપર ચઢે છે. આદુના પાન જેવાં એના પાંદડાં છે, ફુલની પટી, જાસુદીના ફુલની પટી જેવી હોય છે. રંગ લાલ, પીળા, ભગવો ધોળો એમ બેરંગી હોય છે એનો કંદ ઝેરી છે. ઝાડ સોભા ભરેલું છે.

ગાંઠ પાકે, વાળો મરે—આ ઝાડના કદની લેપડી બાંધે.

૧૩=ફુલ્લા બેસે—શરીરપર ફુલ્લા થાય ને ઉપર જીરાંની લેપડી બાંધે તો ફુલ્લા વધે નહીં.

૧૫=શરીરે ગરગુમડાં થાએ તે માટે—આમળા હરડે, બેહેરાં, સુખડ સંભાગે મેળવવું. તેનું ૨) તોલા ચુરણ અને ૫) શેર થંડું પાણી લઈ કાદવના વાસણમાં મેળવી રાખવુ. અને ઢાંકી મુકવું. તેમ થી ૩) તોલા નીતરૂં પાણી રોજ ૪) વાર પીવું. તરસ લાગે ત્યારે એજ પાણી પીવું.

૧૬=ગુમડું પાકે, ગુમડાનું મોઢું નિકલે—પાનમાં ખાવાનો ચુનો દીવેલ સાથ ખુબ મેળવે. અને મલમની પટી બનાવી તે પટીપર સંચોરો ભભરાવે અને પટી ગુમડાંપર મુકે, ગુમડું પાકે. પરૂ બધુ નીકળી રહે, ત્યારે સંચોરા વગરની ઉપલા મલમની પટી મારે.

૧૭=ગુમડાંનું મોં નીકળે. નસ્તર મારીયા વગર ગુમડું ફુટે= મોરથુથુ, ચુનો, કબુતર અથવા મરઘીની અઘાર સંભાગે મેળવી તેનું એક ટપકૂં પાકેલાં ગુમડાંના વચ્ચે મુકે તો તે ગુમડાંનું મોં નીકળે અને પરૂ બહાર આવે.

૧૮=ગાંઠ પાકે—ચણોઠીની દાળ અને મીંઢળ વાટીને લેપ કરે તો ગાંઠ તનડીને ફુટે.

૧૯=ગુમડું પાકે—ચણાની દાળને દુધમાં વાટી ગરમ પોટીસ ગુમડાંપર બાંધે તો તે ગુમડું પાકે.

૨૦=ગડ, ગુમડાં પાકે—પીળવંતના પાન ખુંદી ગરમ કરી દરરોજ પોટીસ મુકવી. લાલમાં અને પીળામાં એક સરખા ગુણ છે.

૨૧=ચણોઠી લાલ અને સફેદ થાય છે, પાલા એક સરખા છે. બીના છોટલાના રંગમાં ફેર છે. ઉપરના છોટલાં ઝેરી હોય છે તે કાઢી નાંખી મગજ વાપરે છે. ૪ દીવસ ગઉમુત્રમાં બી ભીંજવી રાખવાથી ઉપરનાં કોટલાં નરમ થાય છે તેને કાઢી નાખી મગજ વપરાય છે.

કાખગામલી, કાખબલાઈ—બગલમાં ૧ જાતનો ફુલાવો થાય છે તે પકવવા માટે ચણોઠીને પાણીમાં વાટી ગરમ કરીને લગાડે તો જલદી પાકીને ફુટી જાય.

૨૨=ગાંઠ અને બદને પકવવા માટે સુવાની પોટીસ મુકવી.

૨૩=લીમડાના પાન અને હળદના પોટીસ ઘી સાથે મુકવી.

૨૪=આંકડાનું દુધ અને દેવનચીનો સીરો અને કાંદા એનો ૩) વાર લેપ કરવો.

૨૫=ત્રીધારા થોરના મુળનો રસ ચોપડવો.

૨૬=લીમડાના બાફેલા પાન અને મીઠું એની પોટીસ મુકવી.

૨૭=બીલામાનો રસ લગાડવો.

૨૮=કળી ચુનો અને મધ લગાડવું.

૨૯=આંકડાનું દુધ લગાડવું. તે સુકાયા પછી ૭) વાર લગાડવાથી ૧ કલાકમાં બદ પાકસે.

૩૦=ગરગાંઠને પકવ્યા પછી ફોડવા માટેના ઇલાજો.
સાજીખાર, જવખાર. પાકેલી ગાંઠપર મુકવાં.

૩૧=દારૂડીની ડાંડળીનો રસ ચોપડવાથી ગાંઠ ફુટે.

૩૨—હાથી દાંતનો ભુકો પાણીમાં વાટી પાકેલી ગાંઠ ઉપર મુકવાથી ગાંઠ ફુટે.

૩૩—પથારીમાં પડી રહેવાથી પડેલાં ઘારાં—ઘારાં ઉપર દીવેલના પોતાં મુકવાથી રૂઝ આવે છે.

૩૪—ચાંદી, ઘારાં વીગેરે જલદી રૂઝાય—જુના ગોળને ગરમ કરીને લુગડાં ઉપર મુકીને તેની પટી ઘારાં ઉપર ૪) દીવસ મુકવી.

૩૫—ગર, ગુમડાં પકવવા માટે—સીંદુર ૦I ભાગ, મીણ ૧) ભાગ, દીવેલ ૧) ભાગ; બારજો, ૦II ભાગ ઉકાળી મલમ બનાવે, તેની પટી મારે.

૩૬-ગરગુમડા ફુટે—સાજીખાર અને જવખાર પાણીમાં પીગળે તેટલું પીગળાવી તેનું ૧ ટીપું ગુમડાં પર મુકે.

૩૭—ગર અને ગાંઠ પીગળાવવા માટે—મધ અને ચુનો મેલવી લગાડે છે.

૩૮—વડના દુધમાં રૂ ભીંજવી મુકે, કાચુ ગર બેસી જાય, પાકુ હોય તે ફુટી જાય.

૩૯=ગર ગુમડાં માટે નાના બાળકોને રતાંજળી ગુલાબજળમાં ઘસી વારવાર લગાડે.

મોટાં બાળકને રતાંજળી, સુખડ અને સુંઠ પાણીમાં ઘસી લગાડે.

ગાલ ગુંદ

૧=બંધ ગળાની નીચે સોપારી જેવી ગાંઠ થાય, મોઢું ઉપડે નહી. ગાંઠમાં દુઃખાવો થાય, પછી કંઠમાળા થાય તે માટે નીલીના છોડ થાય છે, આખુ ચોમાસું રહે છે. ૨] ફુટ ઊંચા થાય છે. વેલાની માફક જમીનપર પસરે છે, ફુલ કાલા હોય છે, એને જગેજગ ગાંઠ હોય છે, એનુ મૂળ ઊમરાનું મૂળ, વચનાગ પાણીમાં ઘસી ૩] દીન ગાંઠને લગાડે તો ગાંઠ પીગળે.

૨=નીલીનું મૂળ ઘસી ગાંઠે લગાડે ગાંઠ નરમ પડે, દુખાવો ઓછો થાય ત્યારે કળી ચુણો અને ગોળ મેળવી લગાડે.

ગુલકન

ખરા ગુલાબની બીનાસ વગરની ફુલની પાંદરી ૧] ભાગ સાકર ૩] ભાગ ગુલાબની પાંતરી મસળવી અને ખાંડ મેળવવી ૦।। તોલો ગુલકંદ ખાવાથી, કલેજે થંડક પડે ઝાહડો સાફ આવે, ફેફસા મજબુત થાય, કલેજાંના દરદ સાફ થાય ભુખ વધે.

ગુરદાના દરદે:

રેતિ પીશાબે; પથરી પીસાબે.

૧=ગુરદાની રેતી માટે—ખરબુચાંની લીલી અથવા સુકી છાલની ચાહ રોજ બે વાર પીવાથી ગુરદાની રેતીનો દુખાવા બંધ થાએ, પીસાબ છુટે અને પથરી ધોવાએ.

૨=એમોનીઆક ગુંદર (ઓસોક—સંમગેબળ,)
ગુરદાની પથરી, તલ્લી, સોજો, ઉંડીઓ વા, સંધીવા માટે અમોનીઆક સારો છે.

૩=ગુરદાના દરદ માટે ઘીમાં વઘારેલી ચોળાઈની ભાજી રોજ ખાવી.

૪=ગરમાળાના ઝાડનો કોઈબી ભાગ આ માટે ઉપયોગી છે.

૫—પટોલ (સીવલીંગ) જેઠીમધ, કડું, સુંઠ, લીંમડાની અંતર છાલ, દેવદાર, મોઠ (નાગર) દરેક ૧ તોલો લઇ એના બે ભાગ કરી એક ભાગ પાણીમાં ઉકાળી દીવસમા બે પીવાર્ડુ.

૬=ગુરદાના દરદ, કમળાના દરદો, મરદને શક્તી વધે ને ફાયદો થાય—ગાજર ભુંજીને રોજ ખાવા.

૭—ગુરદાના દરદના દુખાવા માટે અરડુસીનો તથા વરાલીઆંનો સેક બહુજ ગુણ આપે છે.

મીરગી માથેભમરો-ઘેલાપણું-દીવાનાપણું-મગજે નબળાઈ-માલેખુલ્યા દીવાનાપણું.



૧–ઘેલાપણું—કપાશીઆનું મગજ નવટાંક અને ચોખા શેર ૦॥ એની ખીચડી બનાવી રોજ ખવાડવાથી ઘેલાપણું મટી જાય છે.

૨–દેવાના માણસને હીંગનું અંજન કરવાથી ફાયદો થાય છે. હીંગ વાલ પાંચ. મરી તોલો એક; મેથી તોલો એક, નગોડનો રસ તોલા બે ખરળ કરી બારીક અંજન આંખમાં કરવાથી ફાયદો થાય છે.

૩–માલેખુલ્યા=મેલન કોળીઆ, માખુલ્યા એક જાતનું માંથાનું દરદ છે. તેના ચિન્હ નીચે મુજબ છેઃ—આ ચીન્હોમાંથી કોઈબી એક અથવા વધું દરદીને લાગુ પડેલુ હોય, ગમગીની પેદા થાય, પેટમાં વગર કારણે ફકર લાગ્યા કરે, કોઇ દરદી એકદમ ચુપકીડી પકડી બેસી રહે, કોઇ દરદીને આંખે આખી આલમ ફરતી દેખાય, કોઇ દરદીને આંખે અંધારા આવે, અને દીવસ રાતના જેવો દેખાય તે માટે—આવા દરદીને ખસખસનું શરબત બે તોલા દીન ઉગને રોજ આપે.

૪–શરબત બનાવવાની રીત—ખસખસ ૧॥ શેર છુંદેલી, પાણી મણ ૧. એ બનેને કાદવના વાસણમાં ઉકાળી ૧૦ શેર રાખવું, અને ગાળી લેવું. ૨॥ શેર અથવા વધારે સાકર મેલવીને તેનું શરબત બનાવવું.

ગરમીની દેહવાળા દરદીને આ શરબત ફાયદો આપે. શરદીની દેહવાળા દરદીને નુકશાન કરે. માલેખુલ્યાનું દરદ શરદીથી હોય તો ચીનીકબાલા અને અકલગરો સંભાગે ચુરણ કરી તેનો ૧ તોલો ચુરણ મધ સાથ રોજ દરદીને ખવાડે.

૫–માલેખુલ્યા–મેલન કોળીઆનો બીજો ઇલાજ—બકરીના માથાનું ભેજું એક, મેદાની રોટી સાથ નેહાર કોઠે સવારે ખવાડે. રાત્રે સુતી વેળા ૦॥ તોલો ખસખસ. ૦॥ તોલો સાકર પાણી સાથ વાટીને રોજ પીએ.

૬–ગેલાપણું, આદમી વા પર જાએ, આદમી લવે બકે તે માટે—ગળધોટાના પાન છુંદી પગને તળીએ અથવા માથા ઉપર મુકે.

૭—માથે ભમરી ચકરી, મીરગી=ઘેલાપણું મટે અને તેની નીસાન રહે નહીં. ભોંયરીંગણીના બે ફળ (દીડવા) નો રસ કાહાડી તેના ૫) ટીંપા નાકમાં મુકે.

૮—ઘેલાપણું આ દરદ ભેજાંનું છે જો સરદીના કારણે હોય તો પવન શરીરે ફરતો ફરે, અને પાછો ભેજાં ઉપર આવે તે માટે માણસના હાડકાનું ચુરણ ૦॥ અથવા વધારે દુધમાં ઉકાળી પીએ

૯—ઘેલાપણા માટે—તીરૂળાં ૩) ભાગ તજ ૧। ભાગનું ચુરણ ૦। તોલો સવાર સાંજ રોજ ખાએ.

૧૦—ઘેલાપણાનો બીજો ઇલાજ—ગંધક ૪ તોલા. પારો, વચ-નીક, તનખાર. કનેરનીજડ, મરી, પીપર. અકલગરો બબે તોલા, સુંઠ, ચીનીકબાબ દરેક ૧ તોલો, ખાંડ તોલા ૫) એના ચુરણને ભાંગ-રાના રસમાં ચણા જેવડી ગોળી બનાવી સહવાર સાંજ એક વરસ સુધી દરદીને ખવાડે.

૧૧—ઘેલાપણું કમી થાય—મેથી અને મરી અંકેક તોલો, નગોડનો રસ બે તોલા અને ભંગ ૫ વાલને વાટીને ચુરણ કાબરી બનાવવું તેનું અંજન ૭ દીવસ કરવું. દરદીને ઓરડામાં એકલો રાખવો.

૧૨—મફ્લન-ફરામોસી-ગર્ફ કાલનું સાંભળેલું આજે યાદ આવે નહીં ને યાદી કમ થાએ માટે—મોથ, વજ, સુંઠ, દરેક તોલો, ૧॥, હરડે તોલા ૩॥, હરડે બેરાં ૩॥ તોલા, એનું ચુરણ બનાવે તેને પાંચ શેર મધમાં મેળવે, ને લબોટેલાં વાસણમાં કપડછંદ કરી જવની કોઠીમાં અથવા ઘઉંની કોઠીમાં અથવા ઘોડાની લીદમાં ૪૦ દીન દાબી રાખે. તેમાંથી રોજ સહવારે એક તોલો ૪ માસ સુધી ખાએ.

૧૩=બીજો ઇલાજ—મોડ, જડ (વજ) સુંઠ દરેક ૩॥ તોલા, મધ શેર પાંચ, તીરૂળ ૧૦ તોલા, એ સઘળાને લબોટેલાં વાસણમાં મુકે. જમીનમાં ખાડો ખોદી ને વાસણ ખાડામાં મુકે અને ને ખારો ઘોડાની લીદથી પુરે. ૪૦ દીન પછી કહાડે. તેમાંથી ચાર માસ રોજ સહવારે ખાએ.

૧૪=દીવાનપણું—નાડની ડાળીઓનો રસ બે તોલા એકલો અથવા જુના ઘી સાથ ખાવાથી ફાયદો છે,

૧૫=દીવાનાપણું—ધંતુરાનું બી ૧ અને પીપળ નંગ ૨૧ મેળવી તે ચુરણ ચાર તોલા જુના ઘી સાથ ખાવું. દર અંધવાડીએ ધંતુરાનું બી અંકેક વધારતા જવું. પાંચ ખાવામાં આવે ત્યાં સુધી વધવું. પછી દર અંધવાડીએ અંકેક લેવું.

૧૬=દીવાનાપણું, ઉન્માદ, ચિત્તભ્રમ, બેશુદ્ધા—આ નુકસામાં લખાયલી દરેક ચીજો એકલી વાપરવાથી પણ ગુણ જણાય છે, છતાં નીચે મુજબ નુકસો બહુ દરદીઓને ઘણો જલદી માફક આવેલો કહેવામાં આવે છે. બ્રહ્મી, ઘોડાવજ, સીંધવ, સંખાવલી, છીકણી (બેચણા) માલ કાકણી, કરીયારણી, લીંડીપીપર દરેક ત્રણત્રણ જવભાર, સુનાનો વરખ બે જવભાર, વછનાગ, ૧ ભાર, આનું ચુરણ ૧૦) વરસના જુના ઘી ૧) તોલા સાથ ચટાડવું તે પાચન થયા પછી સાકી ચોખા મગ, ઘી, ખાવું. આથી ભયંકર અને જુનું દરદ જડ મુળથી જાય છે,

---

ઘી અને મધ સરખા વજને કોઈ દીનભી ખાવું નહી. તે સંભાગે ખાવાથી ઝેર બને છે એવું કહેવાય છે. આ બાબદ હસી કાઢવી નહિં કારણ ઘણા વૈદોએ કહેલું છે મુળ મતલબ સમજાતી નથી.

૧૬=ઘેલાપણું કમી થાય—દરદીની આંખે કાંદાનો રસ આંજવો.

૧૭=દીવાનો માણસ હુસીયાર થાય—સમુદર ફળ ૦। તોલો, દરદી એ પોતાની પીસાબમાં ઘસીને પીવું.

ગોળો.

૧=પેટનો ગોળો જાય—પકાવેલો સમુદર ફળ ૦। તો રસ ભાંગરાના સાથે ખાવું. (પકવવાની રીત જુઓ "સમુદરફળ")

૨=ગુલમ—વાયુ—જલંદર—જળોદર—૦। તોલો સમુદર ફળનું મૂળ અને સીંધવ સમભાગે મળવી ઘી નાખી ખાવું.

૩=ગાંડ પેટની ખસે અથવા આંતરડું વળ ખાય—તો જીવતો ધોયલો પારો તોલા ૫ દરદીને પીવાડવો (શેર ૧ પારો પીવાય તોભી અડચણ નથી) તે ઝાડા વાટે નીકળી જાય છે. પારો વજન ભારે હોવાથી આંતરડામાંથી પસાર થતાં સીધા સરખાં આંતરડાને કરે છે. જો પારો નીકળે [illegible]ીં તો દરદીને ઉંધો ટાંગવો ત્યારે મોઢામાંથી પારો નીકળી પડશે. પછી દરદીને મરચાંનો રસ ચાનુ આપવો અને પેટ પાટો બાંધી રાખવો. આ દરદ માટે ઈલાજ કરતાં ધીમ થાય તો જીવ જોખમમાં આવે.

૪=પેટની ગાંઠ બેસે તેનો ઈલાજ—કુમારનો ગર, સાજીખાર, ગોળ સંભાગે લેવો કુમારથી અરધે હીસ્સે જવખાર, લેવો. એ સઘળાંને મેળવી તેમાંથી અરધો તોલો અથવા વધારે રોજ ખાવો.

ચામડી સુનમારે

ચામડી સુન મારે—કોકેન, વચનાગ, બેલેડોનાના ગુણ જેવો કનેરમાં ગુણ છે. ચામડીપર લગાડવાથી ચામડી સુન મારે.

શરીરની ચામડી જાડી થાય ત્યારે કુમારીઆના બી તથા પાંદડાં વાટીને લગાડે.

ઢીલું ચામડું કડણુ થાય—દાડમની છાલ અને ફટકી સંભાગે પાણીમાં મેલવીને ચામડીપર લગાડે તો સાત દીવસમાં લબડી પડેલું ચામડું કડણુ થાય.

ચરબી તવાય.

ચરબી વધે—શરીરમાં ચરબીનો વધારો કરવા માટે જાનવરની ચરબી ૦। તોલો અથવા ૦॥ તોલો, દુધ શેર ૧માં ઉકાળવી અને સારી પેઠે હલાવીને દુધ સાથે મેળવીને તે દુધ રોજ પીવું.

પેટમાંની ચરબી તવાય—નમુલી એ સેર જેવી, જડ પક્ષીના માળા જેવી ગુંચાએલી અને ઝાડ ઉપર થાય છે, તેના જડ જમીનમાં હોતી નથી. તે નમુલીને છુંડીને પેટ ઉપર બાંધે તો પેટમાની ચરબી તવાઈ જાય છે.

૧=મેથી—મેથીમાં આંટો અને ગુદર નથી. એમાં ચરબી વધારનારૂં તત્વ છે.

૨=ચામડી સુવાળી અને ચોખ્ખી રાખવા માટે મેદીના આટો પાણી સાથે મેળવી શરીરે મસળાય છે.

ચરબી ઘટે.

શરીરે ચરબી વધવાથી માણસ જાડુ થાય ત્યારે અરણીના પાનનું ચુરણ બે આની અથવા પાવલી ભાર મધ સાથ ચાટવું. ખોરાક ઓછો કરવો, ઘી, તેલ, માંસ, ઇંડાં ખાવા નહીં. અ[illegible] પરેજ, દુધ ,પાણી અને આટો ૧) માસ સુધી ખાવું. ખાટ [illegible] રસએક ચમચો ગરમ પાણી સાથ રોજ સવારે ભુખે પેટ પાવુ.

ચસકા મારે

આખા શરીરે ચસકા મારૂ તે માટે—સેકટાની છાલ અને સાંખર-સીંગડું પાણીમાં ઘસીને લગાડે અથવા એ ઘસારો અરધો તોલો પીવામાં લીએ. સેકટાના પાનમાં પણ એ ગુણ છે.

૧=ચામડી નરમ અને સુંવાળી થાય—બદામનું તેલ, ચામડી મસળવાથી અળસીના તેલ અને ગલીસેરાઈની માફક ચામડી થાએ છે.

ચાંદી-ચાંદા-ચાઠાં-વીસ્ફુટક.

૧=દારૂડી—એનાગ ધંતુરાનો છોડ ચોમાસામાં થાય છે, ફુલ પીળાં છે. ડીડવાં એરનદીના જેવા છે, પાન મુળાના પાન જેવાં છે. બી બંદુકના દારૂ જેવાં છે, આખે છોડે કાંટા હોય છે.

ચાંદા—એના રસથી ન રૂઝાનાં ચાંદા જલદી સાફ થાય છે.

રસનેસુકવી ભુકો કરવાથી અતજી આયોદોફારમના જેવો રંગ, વાસ અને ગુણ થાય છે.

૨=ચાંદા સારા થાય—કાથો અને મુદાસીંગ સંભાગે લઈ માખ-મેળવી લગાડે.

૩=ચાંદા વાસ મારતા, વારાં વાસ મારતાં—ચાંદા ઉપર તલની લપડી બાંધવાથી રૂઝ આવે છે, અને ખરાબ વાસ દુર થાય છે.

૪=ચાદાં શરીરે પડે તે ઉપર—નગોડના પાનની રાખ દાબે.

૫="વિસ્ફુટક"માં જુઓ,

૬=ઇંદ્રીએ ચાંદી પડે તે માટે ચાંદીને વારંમવાર ધોઇ સાફ રાખવં. જુહી, જાઈ, ધોળી કહેર. આકડો એના પાનના ઉકાળાથી ધોવું,

૭=મોદાર, કાથો, એલચીનું સુરણ ચાંદી ઉપર દાબવું, અથવા ઘી સાથ લગાડવું.

૮=સંખજીરૂ અને કાથાની ભુકી દાબવી.

૯=મોરથુથુ ૧) ભાગ, ૧ ૨) ભાગનું ચુરણ દાબવું.

૧૦=હરડે. બોરાં, આમળાની રાખ દાબવી.

૧૧=સંખજીરૂ ૧, તોલો. કાથા ॥ તોલો, રસ કપુર વાલ ૧ નું ચુરણ દાબવું.

૧૨=જીમરો, પીપળો, કાંટાસળીઓ એમાની ૧) ચીજની રાખ દાબવી.

૧૩=રસવંતી મધમાં લગાડવી.

૧૪–૧) ભાગ હીંગળો અને ૪) ભાગ કાથો એની ભુકી દાબવી.

૧૫=કરેણનું મુળ વાટી લગાડવું.

૧૬=ચાંદી રૂઝાએ—ખડી (એક જાતની માટી) ને પાણી સાથ મેળવી લેપ લગાડે.

૧૭=ચાંદીવાળા દરદીને માટે–ગરમીવાળા દરદી માટે–કૃમી જંતુને નાશ થાય–યાદદાસ વધે–શરીરનું ઝેહેર કહાડે–ક્ષય માટે–મરદને કમતાકાત માટે–ગરમીનાં જુના આંજાર માટે નીચે મુજબ ઉપાય ચાલુ રાખવો.

જેઠીમધ તથા વાવડીંગના બીજ (વિડંગ તનદુલેને) બારડી ઉપરના છોતાં કહાડી અંદરના બીનો ભુકો સંભાગે લઈ તેની ફાકી ૦ાા તોલો ૧ માસ સુધી ખાવી. (અથવા તેની ચાહ બનાવીને પીવી.) ખોરાકમાં ભાત, ઘી અને મગનું ઓસામણ લેવું અથવા મગ અને આમળા સુકાને પાણીમાં બાફી તેના ઓસામણને ઘી તથા જીરાંથી વઘાર કરીને ખાવું. ઉપલી ચીજોની ફાકી ૦ા તોલાથી સરૂ કરી તે દર અઠવાડીએ ૦ા તોલો વધારી ૧ તોલો સુધી વધવું. ફાકી અથવા ચાહના આકારમાં લેવું.

જેઠીમધ દેશી વઈદામાં બહુ ઉપયોગી ગણેલું છે. જીવણ વધારનાર છે—જેઠીમધને દુધ, ઘી, મધ, સાકર સાથ ખાવામાં લીએ છે.

૧૮=ચાંદી અથવા ચાંદા જેમાંથી રસી નીકળતી હોય તેના માટે અને ચાહ પડેલો હોય તે થાંટ પડવેલી ઘાંસણનો બારીક ભુકો દાબવામાં આવે છે. એનો મલમ કરીને વાપરે છે.

૧૯=ચાંદ—પદ–વિસફુટક—એ માટે કરેણનું મુળ પાણીમાં ઘસીને લગાડવું.

૨૦=ચાંદીના ઈલાજ—સુપારી બાળીને કોલસા કરી તેને કાથા સાથ ભેળીને, દરદીના મોંઢાની થુક સાથે લગાડે તો તરત રૂઝ આવે.

ચામડી સાફ થાએ—આમળાનો ભુકો શરીરે રોજ નાહતી વેળા મસળે તો ચામડી શાફ થાએ. આમળાનો ભુકો શરીરે રોજ નાહતી વેળા બાલને લગાડે તો બાલ કાળા થાય નહી.

મોંઢાની ખુબસુરતી વધે, ચામડી સુવાલી નરમ થાય—ચણાના આટાને દુધમાં મેળવી રોજ મોંઢાપર મસળીઆ કરે.

ચાહ દેશી [illegible] ચુરણ ૦ા તોલો ના શેર ઉકળેલા પાણીમા બે મીનીટ રાખી પીવું, તુળસીના પાન, કળારના પાન. આંબાના પાન, લજામનીના પાન, બીલીના પાન સંભાગે ચુરણુ કરી ૦ા તોલો ચુરણુ એક કપ માટે લેવું.

મીમોદી જાયુફરના દીલપર થાય તો દીવેલ લગાડે

ચામડી પરનો કળોસ મટે—ગાળ ઉપર કાળી છાયા પડે તે માટે બદામના મીંચને ઈંદ્રવાયાના ફુળમાં મુકી ચુલા તીચે ૬ દીવસ રાખે. આ મીંચ અથવા મધમાં અને સ્ત્રીના દુધમા ઘસી ગાળ ઉપર લગાડે તો ચામડા પરનો કાળાસ મટે

ચામડીના દરદો

૨૧=રસવંતી પાણીમાં ઘસી લગાડે.

૨૨=ગુલાબના ફુલ ૧) તો. ચાવલમાં મકાણી રોજ ખાય.

૨૩=કુમારનો રસ પીવાથી ફાયદો થાય.

ચાંદી=સીફીલીસ

પીસાબની નળીપર મરાબ ચાંદા પડે ફુગ ઉપર મોટા જખમ પડે, ફુલ ખરી જવાની અથવા કાપી નાખવાની હાલાપર હોય ત્યારે સાધુ યોગ જીવણ [illegible] બતાવેલો જાતમ ઈલાજ કરવો. આ ઈલાજથી અગન બહુ બળે દરદીને બે જણુ પકડી રાખે, ૦ા કલાક અગન ખમવી પડે, પછી પાણીથી ધોઈ નાખે, બીજે દીવસે ઉપર મુજબ કરે તો અગન ઓછી બળે ફુલ ખરી [illegible] અટકાવવું હોય અથવા [illegible] કાપવા દીવસો સુધી હેરાન થાવાનું હોય તો આ જાતમ ઈલાજ કરવો તે નીચે મુજબ છે.

લીલાં મરચાંની ઉપરની ચામડી (બી વગરની)ની [illegible] જખમ ઉપર બાંધે તો જળડી રૂઝ આવે, તેની અગન બહુ છે. કુમારનો રસ પીવાથી, વીસ ફુટકને ફાયદો થાય

ચુંક પેટમાં

ચોખા કળી ચુનાને લીંબુ રસમાં ૭ વાર પટ આપે. આ સુંઠ, કાથકી ફુલકડી, જાદર સંભાગે લઈ ગુંદરના પાણીથી અડધું [illegible] ગોળી બનાવે, બે ગોળી દર બે કલાકે ખાય.

છીંક આવે-છીંકણી.

૧=કાંદાનો રસ નાકમા નાંખવાથી છીંક આવે,

૨=તપકીર—નવસાર સફેદ મરી, કળી તુરઈ (તુરીઈ), કળી ચુનો એની સરખે ભાગે બનેલી તપકીર બહુ છીંક આવે છે.

૩=એસીડ સેલીસીક, અરીઠાની છાલનો ભુકો, અરક ગુળ, મરી, સ્વેત કરણપત્ર આ હરેક ચીજનો ભુકો કરી સુંઘવાથી છીંક ઘણી થાય છે.

૪=કુકડવેળ સુંઘવાથી છીંક આવે છે.

૫-છીંક આવે, માથાનું દરદ નરમ પડે માટે—ભુતરસના પાલાનું ચુરણ સુંઘે.

૬-ચાવ સુકણાનુ ચુરણ ૦॥ વાલ સુંઘે.

૭-સમુદ્ર ફળને નગોરના પાણના રસમાં ૭) દીન પળાળે. ૭) દીન છાયામાં સુકવે તેનું ચુરણ સુંઘે, તો માથાનો દુખાવો નરમ પડે છીંક ઘણી આવે.

૮—અર્કના મૂળ અથવા પાનનું ચુરણ સુંઘે

૯=કરણના પાનનું ચુરણ ૦॥ અથવા ૧) રતી સુંઘે

૧૦—અડબાની રાખ ૩) ભાગ મરી ૧) ભાગ આકડાના દુધનો અથવા પાનના રસનો પત આપી ૧) રતી સુંઘે

૧૧-પીળી કરેણની છાલનું ચુરણ સુંઘે.

૧૨-ધોળી કરેણના પાનનું ચુરણ સુંઘે

૧૩-કાય ફળનું ચુરણ સુંઘે,

૧૪-છીંકણી બંધ કરવી હોય, અથવાં સુંઘવાની દવાની અમલ ન ખમાએ તો નાખે ઘી લગાડવું.

છીપ.

છીપ—લાલ રંગના નુકના અળાઇની મા જાતપર થાય છે માટે—ધતુરાના પાનનો રસ ગંધક, . . સરખે ભાગે લઈ ખુબ મેળવીને દરદપર લગાડે.

છાતીએ પીત.

૧—છાતી દુઃખે તે માટે દાડમના રસમાં ૦ાા તોલો સુનામખી મેળવી ખવાડે.

૨—છાતીનો [illegible] મટે—સીધવખારની ભસ્મ ૧) વાલ મધ સાથ રોજ બે વાર ખાવી.

૩—છાતી પરથી લોહી પડે તે માટે —૦। તોલો અથવા વધારે હીરાદખણનું ચુરણને અરડુસાનાં પાંદડાંના ઇંડાની ૧) દાળમાં મેળવી રોજ ૩) વાર ૭) દીન ખવાડે; તેલ, ઘી, માછલી, ખટાશ, મરચું ખાએ નહ.

૪—છાતી સાફ થાએ—બળગમ મટે—ખાંડ સાથે સુનામખી ખાવી.

છાતીએ ધપકારો, હદય, (છાટીએ ધબ ધબ થવું) હાર્ટ ડીસીઝ.

૫—એમીલી નાઇટ્રેસ ૫) ટીપાં સુંઘવાં.

૬—એસીડ હાઇડ્રો સ્રીએમીક ડાઇલ્યુટ ૧૫ થી ૫૦) ટીપાં પાણી સાથ પીવાં.

૭—સુનાના વરખ ૨), લીંડીપીપર વાલ ૨), માખન ૧) તો. મધ ૨) તો. ૧) માસ સુધી ખાય. વરખ વગર ફાયદો ન જણાય.

૮—હદયની શુળ તરત મટે; સુનાના વરખ ૪) પાના, ગરમ ઘી ૪) તો. સાથે મેળવી ખાય.

૯—જેઠીમધનું ચુરણ મધ સાથ ખાવું. ખોરાક ફકટ દુધ.

જખમ ધાહ રૂઝે

૧—વાટેલી સાકર અથવા ખાંડ બહારના જખમ ઉપર દાબે તો લોહી બંધ થાય છે અને રૂઝ આવે છે.

૨—કોઈબી રીતે જખમ પડયો હોય તેમાં ઠંડા પાણીની ધાર રેડીને અંદરનો ભરાયેલો કચરો કાઢી નાખવો, તેથી પાકપર ચડે નહી. જખમની કોર દાબીને પાટો બાંધવો.

૩–જખમ માટે ઉમરાનું દુધ લુગડામાં નાંખીને જખમ ઉપર મુકવું. આ દુધ જખમ ઉપર પોપડી બાઝી લોહી બંધ કરે છે. સડેલા જખમ ઉપર ગંધક મુકવાથી ફાયદો છે.

૪–જખમ બાહેરનો હોય તે ઉપર પાચવેલ લગાડે તો લોહી બંધ થાય અને જખમ પાકે નહીં.

૫–જખમ ઉપર જેઠીમધનું ઘી મુકવું. વાહાડકાપ કીધા પછી ચામડીને રૂઝ લાવવા માટે જેઠીમધનું ઘી લગાડવું.

૬–જખમ જલદી રૂઝે.–૧૫) દીવસનું કામ ૧૫) કલાકમાં થાય.

પાડનેલ નામનો વેલો પથરપર ચડે છે, ફુલ ફળ થતાં નથી. એનું મૂળ પાણીમાં ઘસી જખમપર લગાડે.

૭–જખમને પાણીથી ધોવો, અંદર થંડી માટી મુકવી અને પાટો બાંધવો. કોહવાટને માટી ચુસી લીએ અને રૂઝ લાવે.

લુગડામાં માટી મુકી તેને ભીંજવી જખમપર પાટો બાંધે તો રૂઝ આવે.

શરીરની અંદરના ભાગમાંથી દરદ હોય તો ભીની માટીનો પાટો શરીરપર બાંધે તો ફાયદો થાય. ઠંડા પાણીના પાટા ઉપર ફલાલીન બાંધવામાં આવે છે તેમ મટોડીના પાટા ઉપર ફલાલીન બાંધવાની જરૂર નથી. મટોડી પોતેજ ગરમી ઉત્પન્ન કરે છે. ચીકણી મટોડી વધારે ગુણવાળી છે.

૮–જખમપર મધ મુકે તો રૂઝ જલદી આવે.

૯–વહાડકાપ કરવા પછી ટાંકા મારી જખમ રૂઝવે છે, ત્યારે એકોડાના ડોકાં કાપી નાંખી તેના ડોકાનો લેપ કરી જખમપર મુકે તો રૂઝ ઘણું જલદી આવે.

૧૦–ઉંડા જખમ રૂજવા માટે—ઘીને પાણીમાં ધોવું. ખીકાસ નીકળી રહે ત્યાં સુધી વારંવાર ધોવું. ૦। શેર ધોયલાં ઘીમાં મોરથુથુ બે વાલ મેળવવું. આ ઘી ઘણું જુનું થવાથી કઠણ થાય છે. આ મલમ ઉંડા જખમ રૂઝાવે છે.

ઓષધી ઘી અથવા તેલ બનાવવાની રીત—જે વસાણાનું ઘી અથવા તેલ બનાવવું હોય તે વસાણાનો સ્વરસ અથવા ચટણી (કલ્પ) ૧ ભાગ અને ઘી અથવા તેલ ૪ ભાગ લેવું જો, વનસ્પતી લીલી હોય તો વનસ્પતી કરતાં ૪ ઘણું પાણી નાખવું. ઘી બનાવવાની વનસ્પતી લીલી અને સુકી બને હોય તો વનસ્પતી કરતાં આઠ ઘણું પાણી નાંખવું. જો વનસ્પતી સુકી હોય તો ૧૬ ઘણું

પાણી નાખવું અને ઉકાળવું. પાણી બળી રહે તે ગાળી લેવું. એરકચરા જેવા સખત વનસ્પતી હોય તેને છુંદી ખોખરી કરી તેના વજન કરતાં ઘણું પાણી લઈને ઉકાળે તોજ બધો કસ તેલમાં અને ઘીમાં આવે. સુકી વનસ્પતી પાણી વગર તેલમાં ઉકાળો તો બળી ટળાય તે મુજબ તળાય, તેનો બધો કસ તેલમાં ઉતરે નહીં.

૧૧=તરપેનતાઈનનાં પોતાં જખમપર મુકે.

૧૨=ના સેર હીવેલમાં બપે એટલું લુગડું બોળે. તે લુગડાંને પાતલા ઉપર પાંથરે, તે ઉપર ગંધક ભભરાવે. તે લુગડાનો કાકરો બનાવે, વચેથી તાર સાથ બાંધી લટકાવે. કાકરાના બધે છેડા સળગાવે. જે તેલ તપકે તે એકઠું કરે. આ તેલમાં જુનો રૂ બોળી જખમપર મુકવો. તે ઉપર કોઈ પાતરૂં મુકી પાટો બાંધવો. બે દીવસ પાટો રહેવા દેવો. જરૂર હોય તો બીજી વાર પાટો બાંધવો.

૧૩=હાથ પગનો અંગુઠો, અથવા આંગળા વગેરે કપાઈ ગયાં હોએ, ફુતા પડવા જેવાં પણ થયાં હોય તેને દાબી બરાબર ગોઠવે ને તે ઉપર રતનજોટનું દુધ લગાડે તો પડ બંધાઈ ને ચામડી વળગેલી રહે, તે ઉપર જેઠીમધના વેલાના પાનની રાખ દાબે ને પાટો બાંધે. ઊંડા જખમ રૂઝવવા માટે જેઠીમધની રાખ બહુ સારી છે.

૧૪=પીપળાના દુધમાં રૂભીંજવી જખમપર મુકે.

૧૫=આસો સુદ ૧૦ (વીજીઆદસમી) ને દીને આપટાના (સમરી) પાન સોના તરીકે ઓળખાય છે. આ પાન આપવાં અને લેવાં તે સોનું આપવા અને લેવા બરાબર ગણાય છે. આટલું બધુ માન આ ઝાહાડને અપાય છે તે તેના ઉપયોગી ગુણ માટે છે. જખમ રૂજવવા માટે એ પાન સરસ છે.

૧૬=જખમનું લોહી બંધ કરવા માટે—ઠંડા પાણીની ધાર મુકવી, અને ઠંડા પાણીમાં મીઠું મેળવી તેમાં લુગડું ભીંજવી પાટો બાંધવો.

૧૭—કપાસના પાન વાટી બાંધવા.

૧૮—જખમ પાણી પર બંધાય તો તે સાફ કરી ગરમ કરેલા ઓળની પટી કરી મુકવી.

૧૯=રતન જોતના ઝાડના રસમાં લુગડું બોળી તે જખમપર મુકે તો જલદી રૂઝ આવે અને જખમ પાકે નહીં.

૨૦=કેરીના ફળ કાગડોમા (કાગડોલ) જુંજીને ખવાય છે. એ ઝાહાડની છાલનો બારીક ભુકો ઘા રૂજવે છે. આયોડોફારમનું કામ કરે છે.

૨૧–કાળી મુસળી ૦ા તોલો, ત્રિફળાં ૦ા તોલો મેળવી દરદી રોજ ખાય તો જખમ જળદી રૂઝે.

૨૨–જખમ [illegible] પાન છુંદીને અથવા મોંઢામાં ચાવીને જખમપર [illegible] જલદી રૂઝે

ક્ષતી [illegible] છે કારણ કે એ ઝાહાડ તેઓને ઘણું ઉપયોગી છે. લડાઇમા પડેલા જખમ રૂઝવવા માટે એ કામ આવે છે.

૨૩–જખમ તરત રૂઝે—સમરીની છાલનુ ચુરણ કરી ઘાની ઉપર મુકે અથવા ગાયના હાડકાને બારી તેની રાખ મુકે. આ ઝાડની નીચે હાર બેસ તો મરણ પામે.

૨૪–સમેરવો ઘાસની માફક થાય છે, ઘોરો માટે એક ખોરાક છે. કરેણના પાન જેવાં એના પાન થાએ છે, પણ નાકા પર અણી હોતી નથી. એના પાનની લેપડી જખમ ઉપર મુકે તો લોહી બંધ થાય.

૨૫=જખમ રૂઝે—ગમે એવો જખમ હોય તેમાં ભુંજેલી બારીક કાશી દાબીને પાનો બાંધે.

રતનજોટનુ દુધ હાથપર મસળીને લગાડ. રૂ ની રાખ, આદુ છુંદીને, ફટકડી, બંદુકરીના પાનની લેપડી, લસણ કાચી, કાંદા ઘીમાં બાલી કાળા કરીને, સુલા આગળનું ધુથસ. અવર કંટીના પાનનું ચુરણ ડુંગરના ઝાડની રાખ જખમ પર મુકે.

૨૬–જખમ જમેરો—કુતરાંન ટોપી વરસાદની રૂતુંમાં થાય છે. લીલી હોય ત્યારે સફેદ હોય છે સુકાયા પછી કાળી થાય છે. એનું ચુરણ જખમ પર દાબે તો જલદી રૂઝ આવે

૨૭–ઇંદ્રીના જખમ રૂઝે—ચોમાસામાં કુંભી ઉકરડા ઉપર થાય છે તેને ફળ, ફુલ, પાન, દાંખલી કાંઇ હોતું નથી. મુલાના મુલ જેવી દાંડી નીકળે છે. તે લીલું છે ત્યાં સુધી સફેદ છે, પછી કાળું થાય છે, આ બુટી તેની જડ સાથ લાવીને ચુરણ બનાવી જખમ પર બાંધે.

ફટકીનો ભુકો તે ઉપર દાબે.

વાઘનો જખમ રૂઝે—કુંવારના પાઠામાં હળદર મેળવીને જખમ બાંધે.

૨૮=જખમ પુરાય—રતનજોત ઝાડના ધમ લુગડુ ભીંજવી જખમ ઉપર મુકવાથી લોહી બંધ થાય છે, અને પોપડી બાઝે છે.

૨૯=જખમ રૂઝે—શરીરે વાઢાડ કાપ કર્યા પછી જખમ રૂઝાતો ન હોએ તો લીમડાના પાનની પોટીસ મુકવાથી જલદી રૂઝ આવે છે.

૩૦=જખમનું લોહી બંધ પડે—લુબાનનો અરક રૂમાં ભીંજવી જખમ પર મુકે. લુબાનના ફુલની ધુંઈ સફરાને આપે તો હરસનું લોહી બંધ થાય છે.

૩૧=ઘાહ રૂઝવવા માટે—સંગજીરાનો ભુકો ઘાપર દાબે છે.

૩૨=જખમ જલદી રૂઝે—હીરાકસીના પાણીથી જખમ ધોવો.

૩૩=જખમ અને નાસુર માટે મલમ—રાળ નવટાંક, ઘી નવટાંક બંનેને ઠંડા પાણીમાં મસળી ૭ વાર ધોવું. દાઝેલાં માટે આ મલમ બહુ થંડો છે. ઘીને બદલે તેલ લઇ શકાય.

૩૪—જખમ અને ઝરતો રાખવાનો મલમ—સાજી, સીંધવ, હીંગને માખણમાં મેળવી જખમ પર લગાડે તો રૂઝાએ નહીં.

૩૫—જખમ રૂઝે—ઘણો ઉંડો હોય તે અંકોલાના તેલથી રૂઝે છે.

૩૬—જખમ રૂઝવવા માટે—બીલામા નંગ ૪, તેલ નવટાંકમાં ઉકાળવાં, સંગજીરૂં ૦॥ તોલો મેળવવું, અને મરમા ભીંજ-વતી લગાડવું.

ઢોરના જખમ સારા થાય—ઉપલું તેલ લગાડવાથી જખમ સારો થાય છે.

૩૭—ઘા રૂઝે—સીનઘાલુણના પાણીમાં લુગડું બોળી જખમ પર મેળે તો છરીનો ઘા રૂઝે છે.

૩૮—જખમ, ચાંડા રૂઝે—મીઠાના પાણીમાં લુગડું બોળી જખમ પર મુકે, તે ઉપર ઝાડનું પાતરૂં મુંકી પાટો બાંધે તો રૂઝ આવે.

૩૯—જખમ જલદી રૂઝે—એરંડાની છાલ, મરી, લીંબુની છાલ ઉજળી ડોળીનું મૂળ પીવામાં આપે.

૪૦—કલખાપરી ઘા રૂઝવે; ચાંદી સાફ કરે: આયોદોફારમનું કામ કરે.

૪૧—ઘી, ઘણું જુનું હાડકું સડેલું હોય એવા જખમપર લગાડે તો ઘણો ફાયદો થાય.

૪૨—બકરીના થાંબુની ચામડી અથવા બકરાંનો ભેજા ઘીમાં તળીને ખાય તો ઘા જલદી રૂઝે.

૪૩—હાડ સાંકળની લેપડી જખમપર મુકે.

૪૪—લસણુનો ઉકાળાથી ઘાને ધુએ, અને તેનું પોતું ઘા ઉપર મુકે આ ઇલાજ લશકરી ખાતામા વપરાય છે,

૪૫—ગોળ ગરમ કરી તેના પાટા જખમપર મેલે.

૪૬—ખાંડ અથવા સાકરનો ધુમાડો આપવાથી જખમ જલદી રૂઝે, આ ધુમાડાથી જીવ જંતુ મરે; હવા સાફ થ

૪૭—મેંસ, માકુ અને લસણની લેપડીથી Tuberculosis of the bone) પગના આખા પંજાના હાડકાંએ ક્ષય લાગુ પડીઓ હોય, તે પગ કાપવા કાઢીઓ હોય, તે ઉપર લેપડી મુકે તો પગ સારો થાય. લસણની લેપડી મુકવા પહેલા જખમ ઉપર, ઘી માખણ. અથવા ચરબી લગાડે જેથી બગતરાં ઉઅે નહી.

૪૮—આંખ ફટામણીના ફળ વાટમાં થાય છે તેનું ચુરણ ઘા ઉપર લગાડે, તો ઘા પાકે નહીં, ધનુંવા થવા દીએ નહીં.

૪૯—મધ અને આટો સંભાગે પાણી સાથ મેળવી મલમ કરી લગાડે.

૫૦—મધ—હોજરી પર પડેલા જખમ (Ulcer) માટે મધ અને પાણી ભુખે પેટે પીવાથી રૂઝે. એકલું મધ ગરમ પડે, ફાયદો ન કરે.

૫૧—સંધીના પાનની લેપડીથી ઉંડો જખમ રૂઝે. આ પાનના બે ટુકડા કરે અને તરત પાછા મેળવે તો જોડાઇ જાય આ લેપડીથી કોહવાટ અને જીવજતું થાય નહીં.

૫૨—કાળીઆ સરસના ઝાડના થડમાં ૧) હાથ ખોદાન કરવાથી તેનું પોચુ જણાય તે કહાડી ચુરણ બનાવે, તે જખમ પર લગાડે તો તરત લોહી બંધ થાય અને એકજવાર ચુરણ દાબી પાટો નાંધવાથી જખમ રૂઝે,

૫૩—દારૂડીના મુળની છાલની લેપડી મુકે તે પેહેલાં બોરડી અથવા બાવળની છાલના ઉકાળાથી જખમ સારી પેઠે ધુએ.

૫૪—ગધેડાંની લીડને પાણી સાથ મેળવી જખમ પર બાંધે.

૫૫—ડીકામાલી જીવ જંતુ મારે છે; જખમને કોહવા કાટે; બાલકના કરમ બહાર કાઢવા એ ખાવામાં લેવાય છે. ભગનદરમાં એની પીચકારી મારે.

૫૬—તલવણીનો રસ ઘા પર લગાડે તળવણી સફેદ ફુલની અને પીળાં ફુલની થાય છે. પીળાં ફુલના રસમાં તાંબુ મળે છે. કીમીઆગરો વાપરે છે. હડતાળની ભસ્મ એનાથી થાય છે; હીંદુસ્તાનમાં એ ઉગે છે.

૫૭—તળવણીના ફુલો=કાગડાના ફુલો તળવણીની સીંગને કાકડાની સીંગ કહે છે.

જળોદર-જળંદર-કઠોદર-ના.રગોર.

૧—સૌથી સારો ઉપાય જળંદર માટે બીલામુ ૧) લઇ તેના માથા પરની ખોપરી કહાડી, તેના ૬૫) ૭) કટકા કરી, દુધમાં ઉકાળી, ગારીને પાવું. બીલામુ, સુંઠ, મરી, ત્રીફળાં, તલ સંભાગે ચુરણ બનાવી તે ૦। અથવા ૦॥ તોલો ચુરણ દુધમાં નાંખી પાવું. દવા- માંખી એજ અને ખોરાકમાં દુધ.

૨—સાંઢણી (ઉંટડી) નું ફક્ત દુધ ખોરાક તરીકે લેવાથી ઝાડા આવીને દરદ સાફ થાય.

૩—સરગવા છાલનો કાહવો જવખાર નાખી પીવો.

૪—અધેડાના આખા છોડનું ચુરણ ૧) તોલો ૧૬) તોલા પાણીમાં ઉકાળી ૪) તો. રહેને પાવું.

૫—એકલું ગૌમૂત્ર તો. ૧) રોજ બે વાર પીવું.

૬—કંટાળા થુવરને બાફી તેનો રસ ૧) તો. મધ સાથે ખાવાથી ઝાડા થશે; આ ઇલાજ આકરો છે. ગામડેના લોકોથી સહન થઇ શકે.

૭—કબુતરની અઘાર પાણીમાં ખખડાવીને પેટ ઉપર લેપ કરે. ખોરાકમાં ખીચડીને ઘી બીજું કાંઇ નહીં ખાવું.

૮—વાનો જળંદર, પીપવાળો જળંદર અથવા ગાંઠવાળો જળંદર હોય, એ માટે ખરસાણીના થુવરને ઘઊંના મેદામાં મેળવીને ખમીર બનાવવું, તેમાંથી ૨) માસા લઇ તેની રોટી જેવી ટીકરી કરી અંગાર ઉપર સેકીને ખવાડવી અથવા પાપડ ઉપર ખરસાણીનું દુધ ૧) માસા જેટલું લગાડી પાપડ ભુંજી ખાવામાં લેવો; ઝાડા વાટે બધુ નીકળી પડશે. તબીએત તપાસીને દુધ વધુ ઓછું આપવું.

૯—ખરચંપાની છાલ ૦। તોલો ચોખાના ધુણમાં ઘસી એકવીસ દીવસ પીવી.

૧૦—કાચો કાંદો ખાવામાં લેવો.

૧૧—દીવેલ તોલા ૩ બકરીના દુધ સાથે ચાર માસ સુધી પીવું.

૧૨—ઇંધરવણાનું એક તાજુ ફળ બસેર પાણીમાં ઉકાળી પાસેર રાખીને પીવું.

૧૩—એલીઓ, અને ઇંધરવણાનું ફળ વાટીને પેટ ઉપર ચુપડવું.

૧૪—કુમારીઆના બીનો ભુકો ૦। તોલો, ગોળ સાથે દીવસમાં બે વાર ખાવામાં આવે તો જળંદર નરમ પડે છે.

૧૫—જળંદરના દરદમાં રેચ લાવવા માટે થુવર કંટારીઓ જાડી દાંડીવાળાનું દુધ ૩ વાલ ખવાડે છે.

૧૬—જળંદર માટેદરીઆના—કોરાની ખાખ વપરાએ છે, એમાં ચુનાનો ભાગ છે, એને લીંબુના રસમાં ૧૦ પટ આપે. એની ખાંખ ૦૧ તોલો, ગોળ સાથે સહવારે અને બીજી વાર સાંજે ખાધાથી જંળદર મટે છે

૧૭—જળંદર—પેટના વાયુ માટે—અજમો ૨ તોલા અને ખારેકના જુજેલા ઠળીઆનું ચુરણુ ૧ તોલો મેળવી તે ચુરણુ બે આના ભાર રોજ બે વાર પાણી સાથ ખાવું. ઠળીઆંને ઘીને હાથ લગાડીને ગરમ કરે તો જુદો જલદી થાય.

૧૮—જળંદર, કઠોદર, નારગોર માટે—ખરસાણી થુઅરના દુધમાં ૧ શેર બાજરીનો અથવા જુઆરનો આટો મસલી તેની કાદવના ઠીકરામાં ધીમી આંચે રોટી બનાવી તે રોટીને ૫ દીવસ સુકવવી તે રોટીને ખુંદી જુદો કરી ફરી ખરસાણીના દુધ સાથ મસળી રોટી બનાવી પાંચ દીવસ સુકવવી. આ મુજબ ૪ વાર કરવું. શેર આટાની છેલી રોટી ૦૧ ની થશે. ચોથી વખત રોટી થાય તેને ગરમ ગરમ મસળીને બાજરી જેવડી ગોળી બનાવવી. આમાની બે ગોળી રોજ ૧ વાર ૩ દીવસ સુધી આપવી. પેટમાંથી ગળેલી જેવા કટકા પડશે. પછી ચાર ચાર દીવસે બે ગોળી આપવી અને ને એક માસ સુધી ચાર ચાર દીવસે આપ્યા કરવી, ધબાને મરજ દફે થાય ત્યાં સુધી આપવી, ખોરાકમાં વેંગણનું ભરત, વેંગણાની કાતરી ઘીમાં તળેલી, મેઠીની ભાજી અને રોટી.

૧૯—જળંદરની ઘણી સખત બીમારીવાળા દરદીની જીંદગીનો ભરોસો નથી, તેવાં દરદીને જુવાન ઘોડાનું મુતર, છાસ જેવું પહેલી ધારનું જવા દેવું, છેલી ધારનું નીતરૂં મુતર ઝીળવું તેને કપડાંથી ૭ વાર ગાળવું અને બે પઈસાભાર દરદીને રોજ પાવું.

૨૦—સારંગગાંઠ અને જળંદર માટે ઈલાજ—અજમો ભાર પઈસાભાર અને ખારેકના ૧૭ ઠળીઆનું ચુરન બનાવવું. અને તે ચુરણ બે આની ભાર રોજ પાણી સાથ બે વાર ખાવું.

૨૧—જુમખાદોરીના પાનનો રસ પાંચ તોલા આંતરે આંતરે પાવો. ૩ વાર પાવાથી ઝાડાના રસ્તે દરદ નીકળી જશે.

૨૨—જળંદર—પેટ કોઈબી કારણે મોટું થાય—ગરમારાના પાન ખુંદી ગરમ કરવાં, તેનો રસ ૫ તોલા કહાડી દરદીને રોજ બે વાર પાવો અને તેના પાનનું વરાળીઉ પેટે બાંધવું.

૨૩—વાયુંગોળો, સારંગમાંક અને જળંદર માટે—ઠરીઆ વગરની ખારક ૧૭ ભાગ, અજમો ૪ ભાગ, એનું ચુરણ ૦। તોલો ૧૫ દીન રોજ બે વાર ખાવું.

૨૪=મુળાના પાનનો રસ બે તોલા અને દીવેલ ૧ તોલો મેળવીને રોજ પીએ.

પીસાબે રેતી હોય તે નીકળે—મુળાના પાનનો રસ ચાર તોલા સહવારે ભુખે પેટે પીવો, ખમાએ એટલોવાર પીસાબ ખમવી, પછી એકદમ પીસાબ થવાથી રેતી બહાર નીકળશે.

૨૫=જળંદર માટે માણસની ખોપરીનું હાડકું પાણીમાં ઘસી દરદીને પાવું.

૨૬—જળંદર મટે—સમુદર ફળને દીવેલમાં ઘસી રોજ પીએ.

૨૭—જળંદર=પેટ મોટું થાય, પગ તવાઈ જાએ, (કંતરાઇ જાય) ને માટે—૦॥ શેર સુનામખી ૭) શેર પાણીમાં ભીંજવવી; ૩) કલાક પછી સુનામખી ચોળવી, ૧) રાત થારમાં રાખવી. અને કપડા વતી ગાળી લેવી. દરદીને તરસ લાગે ત્યારે આ પાણી પાયા કરવું.

૨૮=જળંદરવાળા દરદીના પેટપર દવાખુ કરીએ ને ખાડો પડે તો રાઇ ગાયના મુતરમાં ઘુંદીને ખાવી. ૧ થી ૪ વાલ.

૨૯—જળંદર—જળંદર વાથી થાય છે ને દરદી પાણી બહુ પીએ છે, તેનું પેટ ઠોકીએ ને ઢોલના જેવો અવાજ આવે, તે માટે લસણની કળીઓના છોલટા કહાડી તેને પથર ઉપર વાટીને પુરનાં મધમાં મેળવી રાખવી. સાત દીવસ પછી અથાઇ રહે ને તેમાંથી ૦। તોલો અથવા વધારે, દીન ૪૦) સુધી સહવારે ને સાંજે ખવાડવું.

૩૦=જળંદર તથા કલેજાંના દરદ માટે, ઘાંગરી માછલીની પથરી પાણીમાં ઘસીને પીએ.

૩૧=જળંદર, મરોળ, કાળજુ, સંધીવા માટે સુરીજન, એલચી સાથે મેળવીને તેની અકક વાલની ગોળી કરીને એક અથવા બે ગોળી દીવસમાં બે વાર ખાવી.

૩૨=જલોદર દખાને જળંદરવાળા દરદીને આંકડાના મુળનો કાઢવો અથવા મુળ પાણીમાં ઘસી ઘણા દીવસ પાવું.

૩૩=જળંદર, મનની દલગીરી, મગજની બીમારી માટે—કાળી કુટકીના મુળની ભુકી ૧ થી ૨ વાલ વપરાએ છે.

૩૪=જળંદર માટે દીવેલ તોલા ૩ બકરીના દુધ સાથે ચાર માસ સુધી પીવું.

૩૫=જળંદર—વાયુથી થયલા જળંદરવાળા દરદીનું પેટ અફાળવાથી ઢોલ જેવો અવાજ થાય તેને એક અથવા બે પઇસાભાર દીવેલ દુધમાં મેળવી રોજ પાવું. ૪ માસ ચાલુ રાખવાથી બધો વા નીકળી જાએ.

૩૬=જળંદર માટે ઇલાજ—કાંદાના બીનું ચુરણ ૪૫ તોલા અને જુના કામળાં (વાંસ) ની રાખ સંભાગે મેળવી તેમાંથી ૦ાા તોલો અથવા વધારે ૩) મહીના સુધી રોજ પાણી સાથ ખાવી પેટનું પાણી મુત્રમળમાં નીકળી જશે, અને વહાડકાપ કરવાની જરૂર રહેસે નહીં.

૩૭=જળંદર માટે—ખરૂના મુળનું ચુરણુ ૦ાા તોલો મધ સાથ ખાએ.

જળંદર=સોઠ રોગ=પેટની ગાંઠ=સોજો.

૩૮=લીંડીપીપરને ૫) તો. ને ખરસાની થુઅરના રસમાં આખો દીવસ ઘુંટવું. ૭) દીવસ ચાલું ઘુંટવું. રોજ થુઅરનો રસ તાજો બનાવવો એને સુકવી ચુરણુ બનાવે: ૧) અથવા ૨) રતી ચુરણુ પાણી સાથ આપે.

૩૯=ચીપનો ચુણો, જવખાર સિંધાલુણ સંભાગે મેળવી ૫) વાલ રોજ દહી સાથ ખવાડે.

૪૦=મોરથુથુ, લીંડીપીપર, ગંધક, હરડેની છાલ, સંભાગે મેળવે કુઅરના દુધમાં ૫) દીવસ ખરળ કરે, પછી ગરમાળાના રસમાં ૫) દીવસ ખરલ કરે. ૨) વાલ (બે વાલ) ચુરણુ રોજ ૧) વાર પાણી સાથ ખાવું.

૪૧=પોપટી અથવા ખીજાડીના પાનનો રસ સોજાપર લગાડે.

૪૨=રજ પાણીમાં ઘસી લગાડે,

૪૩=અરણીના પાણુ ગરમ પાણીમાં વાટી લગાડે.

૪૪=કીરમાણી અજમો પાણીમાં વાટી ગરમ કરી લગાડે.

૪૫=તાંજીઆના પાન બે રતી મધમાં મેળવી બળે પોહરે ચટાડે, છુટે અને સોજો ઊતરે.

૪૬-મકાઇની મુછ ૦ા તો. પાણીમાં વાટી પીવી.

૪૭-સુંઠ અને અજમો સંભાગે લઇ તેનુ ચુરણુ ૦ા તો. ગોળમાં ૨) વાર રોજ ખાય. અને એ બંધે ચીજને વાટી ગરમ કરી સોજા પર લગાડે.

૪૮-મરગવાના મુળ પાણીમાં ઘસી લગાડે.

૪૯-પાનકદો-જંગલીકાંદો, મીલ્કાટ્ટ ફટો જુઓ ૧) થી ૩)

વાલ મધ સાથ રોજ ૨) વાર આપે એથી પીસાબ છુટે,

૫૦-તુલસીઆં જીપતાના પાન ૦। તો. ખવાડે અને તેને ખરડ કરે.

૫૧-અડાર્માની શખ ૧) તો. અથવા વધારે પાણી ૦। સેર પાણીમાં નિતરૂં પાણી દવા તરીકે પીએ. વધારે પાણી પીવાય તેમ સારૂ.

૫૨-નગોરાના રસમાં સમુદ્રફળને નવ દીન પળાલે, છાયામાં મુકવે ૧) વાલ ચુરણુ ૦। સેર દૃધ સાથ ૭ દીન પીએ.

૫૩-ભીલામાનો સીરો ખાવાથી જળંદરને ફાયદો થાય. સીરો બનાવાની રીત—ભીલામું ૨) તો. ઘી ૨ાા તો. ઘઉંનો આટો ૨ાા તો. અને ખપે એટલી, ખાંડ. રોજ ૧) વાર ખાએ ગરમી દેખાય, સરીરે બફાળો ઘણો લાગે તો ખાવું બંધ કરે.

જીવજંતુ મરે-જીવડા મરે, માખી નાહશે, મચ્છર નાહશે-કીડા મરે.

૧-કોહવાટવાળાં ગુમડાં ઉપર દીકામાલીની રાખ મુકે તો અંદરના જીવડાં નીકળી પડે.

૨-કોહેલા શરીરના ભાગ આગળ ડીકામાલી પાણીમાં ઘસી લગાડે અથવા એનો ઉકાળો કરી ને દરદ... માત્રે ધુવે તો માંખી તે દરદ ઉપર બેસ નહીં અને તે કહવાટવાળા ભાગ ઉપર જીવજંતુ પાકે નહીં.

૩-જીણા જીવડા મારી નાંખવાનો કરંજમા ગુણ છે. માથાના ખોળા અને ચામડીના દરદો માટે આખું ઝાહાડ વપરાય છે.

ચામડીના દરદો માટે કોઇ મલમ બનાવવો તો તેમાં કરંજનું તેલ વાપરવું ફાયદાકારક છે.

૪-માખીઓ નાહસે—ધંતુરાના મુળીઆંને પાણીમાં ઉકાળી તે પાણી છાંટવાથી અથવા મુળીઆંનો ધુમાડો કરવાથી માખીઓ નાહસે છે.

૫-ચામડીના દરદો જંતુવાળા હોય તે ઉપર ધંતુરાના પાતરાંનો લેપ લગાડવાથી જીવડાં મરી જાય છે.

૬—માખી દુરથાય—ગંધક તેલમાં મેળવી ઘોડાના પગને લગાડે તો માંખી ઘોડાપર બેસે નહીં.

૭—ડંખ મારતાં જીવજંતુ નાહસે—ગુળએનમ ગમનો ધુમાડો કરે.

૮—રૂષીઓએ ગાયના મુત્રને અમૃતરૂપ માનેલું છે. તે બીજી એસીડો કરતાં જીવજંતુને અને બારીક જીવડાને વધારે જલદી નાસ કરે છે.

૯—હવા ચોખ્ખી થાય, જીવજંતુ મરે, સાકરને ઈંગાર ઉપર મુકી ધુમાડો કરે.

ક્ષયના જીવજંતુ મરે—સાકરનો ધુમાડો દરદીને આપવો. હુકો પીવામાં તંબાકુ સાથ ગોળ મેળવવામાં આવે છે તેની મતલબ ક્ષયના જીવજંતુનો નાસ કરવાનો છે.

૧૦=જીવડા મરે—શરીરપર કોહવાટ થઈ જીવડા પડે તો કાંઠા સળીઆના પાનનો રસ લગાડે, તો જીવડા મરી જાય.

૧૧=સીતાફળના પાંદડાં તથા બી જીવજંતુને મારે છે.

કોહવાટવાળા ભાગમાં, સીતાફળના પાદડાંની પોટીસ મુકવાથી કોહવાટને રૂઝવે છે.

૧૨=જીવજંતુ મરે—પાણીમાં ખરાબ જીવજંતુ હોય તો તેમાં લીંબુનો રસ નાખવાથી જીવજંતુ મરે છે.

૧૩=હોજરી અને આંતરડામાં જીવજંતુ થયા હોય તો લીંબુ, ટામેટો, લીલી દરાખ. એપલ વગેરે ખટાસવાળાં ફ્રુટનો રસ પીવાથી જીવજંતુ મરે. જે ફ્રુટનો રસ પેટમાં જવા પછી બી ખટાસ પકડતો હોય તે જીવજંતુ મારે છે. તે જરમી સાઇડ છે.

૧૪=જીવજંતુઓ પેદા થાય ચણાના લોટને મોંઢામાં ચાવીને બહાર કહાડી તે ઉપર દહીંનું પાણી રેડે તો પુષ્કળ જીવજંતુ પેદા થાય. કઠોર સાથ દુધ દહીં ખાવાથી અજીરણ થાય.

૧૫=કીડામારીના પાનનો રસ લગાડે તો, કીડા ખરી પડે

૧૬=માખી નાહશે—જ્યા કીડામારીના પાનનો રસ લગાડો ત્યાં માંખી ન આવે.

૧૭—જીવજંતુ મરે—લીમડાના બીનું તેલ બા ઉપર કારબોલીક તેલની જગાએ વપરાય છે. જીવડાને મારે છે, અને રૂઝ લાવે છે.

૧૮—જીવજંતુ મારવા માટે—લીક માણસના બીછાના આગળ સરકો છાંટવો.

૯=નાંકમાથી લોહી પડે, જીવડાં પરે—તો લીંબોળીનું તેલ નાકમાં મુકે

૨૦=મગજે પડેલા જીવડા નીકળે, શરીરપરના જીવડો મરે—કપુર. જાયફળ ડીકાંમાળી, તંબાકુ દરેક ૦। તોલો લેવો, ૬ તોલા તેલ અને ૧૪ તોલા પાણીમાં ઉકાળી તેલ બનાવી, તે તેલ લગાડવું. મગજ માટે તે તેલ નાંકમાં નાખવું.

૨૧=જીવજંતુ નાશ પામે, કીડા મરી જાય—૧ તોલો કરમડીનાં મુળને પાણીમાં વાટી ૪ તોલા તેલમાં નાંખી ઉકાળે, તે તેલ જખમમા પડેલા કીડાને લગાડે તો કીડા મરે.

૨૨=માખી દુર થાય—કરંજનું તેલ ચામડીપર લગાડે ત્યાં માખી બેસે નહીં. માખીનું જોર, ઉપદ્રવ, શ્રાવણ માસથી ભાદરવા સુધી રહે છે.

૨૩=જીવડા નીકળે—કોહાટવાળાં ગુમડાં ઉપર દીકામાલીની રાખ મુકે તો અંદરના જીવડા નીકળી પડે.

૨૪=જાનવરને કીડા પડે તો ભીલામાની ધુંઇ આપવી.

૨૫=કોહવાટના કીડા—શરીરપરના જખમ વાસ મારે અથવા તેમાં કીડા પડે તો મધને ગરમ કરી જરા ઘટ બનાવી તેની પટી કરી જખમ પર મુકાય છે.

૨૬=ઉડતા રોગના જીવજંતુઓનો ઘરોમાંથી નાશ કરવા માટે ચુનો ધોળવામાં આવે છે. તે વખતે ૧ મણ ચુનાના પાણીમાં પાશે તોલો મીઠું નાંખવાથી વધારે સારૂં પરીણામ આવે છે.

જુઓ "માખી નાહશે," "મચ્છર મરે."



જીભનો સ્વાદ સુધરે.



૧=મોંઢાનો સ્વાદ બગડેલો હોય તો બાવળની પાલી ચાવવી.

૨=જીભ સમરે, જીભે સ્વાદ વધે—અકલગરાનું છોડું મોઢામાં મુકી ચુસવું.

૩=જીભ સુન મારે, જડબાં બેહેર મારે—કુતરીઆ ઘાસનો રસ જીભે અથવા જડબાંએ લગાડે તો જીભ સુન મારે અને જડબાં બેહેર મારે.

૪=જીભ દાંતથી કપાય, અને દાંત આરપાર નીકલ્યો હોય અથવા જીભ સેજ વલગી રહી હોય તે જખમ રૂઝે—કાથો ૧॥ તોલો, એલચી પાન ૦। તોલો, બંને સારી પેઠે વાટવાં, આ ચુનો ૧

તાંમો તેલ ૧ તો. સાથે મેળવવો. બંને મેળવણી મેળવીને મલમ બનાવવો. ચેવલી પાનનો એક ટુકડો જીભની નીચે મુકવો, પછી જીભ પર મલમ લગાડી તે ઉપર બીજી પાનની પટી મુકવી. લોહી બંધ થાય નહીં તો ફરી ફરી આ ઇલાજ કરવો.

ઝાડા બંધ થાય.

૧=રાા માસા જાયફળનું ચુરણ દહીંમાં મેળવી ખાવું.

૨=ઝાહાડાના ઉપાય—કોઈ દરદીને ઝાહ્ડા રોજ થતા હોય તેને માટે નીચલો ઉપાય છે.

દીવેલ જુલાબનું ાા. તોલો, નારંગીનો રસ ૧૦ તોલા આ બનેને મેળવવું. તેમાંથી એક ચમચી પાણી વગર પીવુ, દીવસમાં ૫ વાર પીવું. જરૂર જણાય તો એકેક કલાકેપીવું.

૩=જમાલગોટાનો જુલાબ ઘણો લાગી ગયો હોય તો મરી ા તોલો પાણી સાથે ભેળીને પીવું. પછી દહીં ચાવલ ખાવા એટલે ઝાડો બંધ થાય

૪=ઝાડા બંધ થાય=વેંગણાની જડનું ચુરણ બે આની ભાર ગરમ પાણીમાં પીવું.

૫=જાનવરો ઘાસ ખાય છે તે ઘાસની કંઠી તોલો ા ઘી સાથે ખાવી.

ઝાડા લોહીના.

૬=આમળાનુ ચુરણ ાા. તો. અથવા આમળાનો મુરબો ખાય લોહી બંધ પડે.

૭=ગમે તે કારણથી લોહી પડે તે માટે=અરડુસીના પાનનો રસ ૧) તો. સાકર સાથ પ.એ. એમાં વાળો સાથે મેળવવાથી ગુણ વધે.

૮=મોઢાંમાથી પડતું લોહી બંધ થાય; અંજીર અથવા ઉમરાના પાકાં ફળ ખાય ૫) તો૦ સાકર સાથે.

૯=નાખમાંથી પડતુ લોહી બંધ થાય, ગાયના છાણના રસમાં જરા સાકર મેળવી, નાખમાં ટીપા મુકે.

૫=નાખમાંથી લોહી માટે ઘીમાં જરા સાકર મેળવી નાખે લગાડે.

૬=ગોળનું પાણી રાા તો૦ ૧૦) ટીપાં આદુના રસના મેળવી નાખે મુકે.

૧૨=લોહી જખમમાં—સંભરૂં હાથે ઝીપટાના પાનની ઢેપડી મુકે.

૧૩=અર્શ, ગરડા, અને ફેફસામાંથી પડતું લોહી માટે ઝાખરાના મુળને પાણીમાં ઘસી પીએ.

૧૪=સાંદીવા, અને નાકમાંથી પડતાં લોહી માટે, ચંદ્ર [illegible] શેર દુધમાં ૧) ૨) વાલ ફટકડી નાખે દુધ ફાટે; તેનુ ગાળેલુ પાણી પીએ.

ઝામરો.

શરીરપર ફોલ્લો થાય છે, તેમાં છાગરાની માફક પાણી ભરાય છે અને વેદના બહુ ચાલે છે. તે ઝામરો છે. તેના ઇલાજો.

૧=મેંદીના પાણીનો લેપ લગાડવો.

૨=સોનાગેરૂ પાણીમાં મેળવી લગાડવું.

૩=તુકમરીઆ પાણીમાં વાટી બાંધવાં.

૪=ગળીથી રંગાયલા દોરાને સોયમાં પોવો. સોયને ઝામરામાંથી કાઢી કહાડી દોરાના બંને છેડા બાંધી રાખવાથી ઝામરો સારે થાય છે.

૫=તાંડળજાની ભાજીનો રસ, મરી સાથ પીવો.

૬=ઝાંમરો તરત મટે—કાચા કેળાંની છાલની રાખ લગાડતાંજ ઝાંમરો શાંત પડે છે.

૭=ઝામરો—મરી અને તુકમરીઆની લેપડી મુકે.

૮=કાચાં કેળાંની છાલ ઝામરો સાફ કરે.

ઝામરવા.

૧=કોઈ ઇલાજ લાગુ ન પડે ત્યારે, નીચે મુજબ ઇલાજ લેવો. કડવાં તુરીઆંના ફળને પાણીમાં ૧) રાત ભીંજવે ए પાણીથી બાજરીના લોટનો રોટલો બનાવી માથે મુકે. તે રોટી ઉપર તુરીઆના બનેલા પાણીનું પોતું મુકવું. બપોરના ૧૨) થી ૪) કલાક સુધી કામ કરવું. દસ દીવસે આરામ થાય.

૨=સરપંખાનુ મુળ પાણીમાં ઘસી માથે લગાડે.

૩=કુકડવેલ અથવા કડવી તુંબડીના ફળના પાણીથી નાકનો રેચ લેવો. નાખ ઝંહરેને માથાનો દુખાવો નરમ પડે.

ઝાડો થાય-જુલાબ લાગે, પેટ આવે, દસ્ત આવે.

૧=જુલાબ માટે સ્યાયા કાઢેલી કાળી દરાખ ૦ાા શેર ગુલાબજળ ૦ાા શેર, ૧૨ કલાક ભીંજવી ૦ાા શેર રસ કહાડવો. તેનું સરબત બનાવી એક ચમચો પીવાથી ઝાહડા આવે છે.

૨=કપીલો એક ઝાડના ફળનો ભુકો છે. ગેરૂ ઈંટના ભુકા જેવો છે. સ્વાદમાં કડવો છે, સ્વભાવે ગરમ છે. રંગ વગેરે એના બી વપરાય છે.

જુલાબ, કરમો, આફરો, લોહીવીકાર માટે કપીલો વપરાય છે. ચાંદા ઉપર એનો મલમ કરી વાપરે છે.

૩=કપીલાનો જુલાબ પેટમાં દુખાવે છે માટે તેની સાથે હરડે, વાયવરંગ, સીંધવખાર વગેરે છે.

૪=જુલાબ બચ્ચાંના—દીવેલ અને મધ મેળવી ચટાડવું.

૫=જુલાબનું સરબત—ઇંદરવાની છાલ બે ભાગ, પાણી દસ ભાગ ઉકાળીને બે ભાગ રાખવું. જેટલી છાલ એટલી ખાંડ નાંખી સરબત બનાવવું. બે તોલા સરબત પાણી સાથ એકવાર પીવું.

૬=જુલાબ આવે—જેલપ-(ગુલબાસની જાતની ભુકી) હીંદુસ્તાનીના કરતાં વેલાતી જેલપમાં જોર વધુ છે. જુલાબના કામમાં આવે છે. માત્રા ૧ માસા છે. એ બળગમ કાપે છે.

જેલપને બદલે નીસોતર (નીસવત) વાપરે તો ચાલે છે. બનેના ગુણ સરખા છે. નીસોતર વધુ ગરમ છે.

૭=જુલાબનુ તેલ—જમાલગોટા, (શોધેલા) અમલસારો ગંધક, ટંકણખાર, સુંઠ, દરેક ૦ાા તોલો એ સરવેને ખાંડીને નાળીએરમાં ભરી તેનું મોઢ બંધ કરવું. એક ગજ પહોળો અને એક ગજ ઉંડો ખાડો જમીનમાં ખોદીને તે નાળીએર ૩૦ દીવસ રહેવા દેવું. તેમાંથી તેલ નીકળે તે નખે (વીસે) અથવા દુટીએ લગાડે તો જુલાબ આવે. જુલાબ બંધ ન થાય તો મરી ૦ા તોલો, ઘી ૧ તોલો, ખાવું અને પછી દહીં સાથે ચાવલ ખાય તો પેટ બંધ થાય.

૮=એકસ્ટ્રેટ કોલોસીંટ—ઈંદરવાણાના ફળના ગરનો એ સીરો છે. એ ફળનો ભુકો પણ થાય છે. ખુલાબ માટે આ આખું ફળ ઉપયોગી છે. મગજના તેમજ આંખના ખરાબ રસ માટે આનો જુલાબ સારો છે. ભુકાની માત્રા એકથી બે માસાની છે.

૯=શુંજ્યા વગરની ઇંદ્રજવની ભુકી ૦॥ તોલો પાણી સાથે ખાવી.

૧૦=ગરમાળાનો ગર ૦॥ તોલો ગરમ પાણી સાથે મેળવી પીવો.

૧૧=ઝાડો અને પીસાબ એક પહોરમાં છુટે—ઈંદરવણાનું મુળીઉ તોલો ૦॥ પાણી સાથે પીવું.

૧૨=જુલાબ માટે—ગૌમુત્રને કપડાંથી ગાળીને પીવો. જેમ વધારે વાર ગાળે તેમ રેચક ગુણ વધે છે. ગૌમુત્રને બાળવાથી તેનો ખાર નિકળે છે.

૧૩=જુલાબ માટે—ડુંટી ઉપર સુરજ મુખીનાં બીનાં તેલનું ટપકું પાડવું.

જુલાબ આવે, આમ વા નીકળે—ઘીમાં તળેલી હરડે અને સુનામખી સંભાગે ૦। થી ૦॥ તોલો મધમાં ચાટે.

હીમજી હરડે નાની કાચી—જુલાબ લાવે છે.

૧૪=શરીરે શકતી આવે. ઝાડો ખુલાસાથી લાવે—આમળાના ઝાડની છાલનુ ચુરણ ૦॥ તોલો દુધ સાથે ઉકાળીને પીએ.

૧૫=સુનામખી સાથ લીંબુનો રસ અને બતાસા મેળવીને ખાય તો જુલાબ ઘણો લાગે તે બંધ કરવો હોય તો ખીચડીને ઘી ખાવું.

૧૬=જુલાબ માટે—બારીક રેવનચીના ભુકાને સાતવાર સરકામાં પટ આપવો. આ આ પકાવેલો રેવનચી સીરો ૧ વાલ ખાંડ સાથે ફાકે ઉપરથી ગરમ પાણી પીએ, જેટલીવાર પાણી ગરમ પીવામાં આવે છે તેટલીવાર ઝાડો આવે છે.

૧૭=જુલાબ—એરનડીઆનો જુલાબ બધા જુલાબ કરતાં સારો છે. નબળાઇ બીલકુલ કરે નહી.

૧૮=ઝાહડો આવે—દીવેલાના ૧૦ બીના મગજને વાટી મધ સાથ ખાએ તો દીવેલના જેવો જુલાબ લાગે.

૧૯=ઝાડો આવે—માદો નરમ થાય—બદામ અને સાકર દરેક ૦॥ તોલો, માખણ એક તોલો મેળવી તેના બે વાર ખાવું, એમાં હીમજી હરડે ૦। તોલો મેળવે તો જરૂર ઝાડો આવે.

૨૦=વરીઆળીને કપડામાં મુકી મસળવાથી એની અણીવાળી છોતરી નીકળી જાય છે. એનો ભુકો ઘીમાં લાલ કરવો સાકરના સીરામાં નાંખી તેના કટકા બનાવવા. રોજ સવાર સાંજ ખાવાથી ઝાડો આવે છે.

૨૧=ગુબલાના ... ૨) તા૦ અથવા જરૂર જણાય તેટલી, ... માં રાંધે, તે ... જુલાબ સાફ આવે.

૨૨=કાળી દરાખ ... વગરની ૦ાા શેર, ગુલાબ ... શેર સાથ ૧) રાત ભીનાં રાખે તેને સવારે નીચવી ૦ાા શેર રસ કાઢે, ગુલાબ જળ બીજું ... ઘટે તે નાખી ૦ાા શેર રસ કાઢે. તેમાં ૧) શેર સાકર મેળવી સરબત બનાવે ૧) ચમચો સરબત પાણીમાં મેળવી સવારે ભુખે ... .

૨૩=વરીઆળ ... ભુકાને સાકરના શીરામાં મેળવી કોપરાપાકના જેવા કટકા કરી ૧) તા૦ રોજ સવારે ખાએ, કબજીઆત મટે.

૨૪=ગોળ ચાલુ ... વામાં લેવાથી કબજીઆત રહે નહીં.

૨૫=મોંયરીગસ્તુનું બંધ વાસણમાં બાળીને બનાવેલ ચુરણ ૧) રતિ પાન સાથ રોજ ખાય

૨૬=ઇચ્છા ભેદી રસ=૧) રતીભાર થંડા પાણા સાથ સવારે લેવું. ઝાડા આવ્યા કરે. ગરમ પાણી પીએ ત્યારે ઝાડા બંધ થાય.

૨૭=એ બનાવવાની રીત, ટંકણ ખાર, પારો, કાળાંમરી ગંધક આકક ભાગ સુંઠ ૨) ભાગ, ને પાળાના ૯) ભાગ એકત્ર કરી ચુરણ બનાવે.

૨૮=કારી માય ... ઉપર સુંદર ફુલ થાય છે, ફુલ ઉપરથી બલુ નીચેથી સફેદ ... છે. એનું મુળ પાણીમાં ઘસી પીવાથી જમાલ ગોટા માફક ઝાડા લાવે છે.

૨૯=જુલાબની ગોળી=એળીઓ ½ ભાગ સુંગ ½ ભાગ સાબુ ... ભાગ ૪) ગ્રેનની ગોળી કરી ૧) ખાવી, (Beecham's Pills છે.)

૩૦=જુલાબ લીધા પછી બીજે દીવસથી ૦ા તો૦ ત્રીફળા રોજ બે વાર લેવામાં ફાયદો છે. ત્રીફળામાં બેહડાં આવે છે, તેની અંદર નીમીજમાં ગેન લાવવાની ખાસીઅત છે. છતાં ચુરણ બનાવતાં બેહડાનો મીજ સાથે ખુંદી નાખવામાં કેટલાક વૈદ અડચણ જોતા નથી

૩૧=નખ ઉપર તા૦ દુરીએ લેપડી લગાડે તો તો ઝાહાડા થાય લેપડી બનાવવાની રીત=નિપાળાનું તેલ એરંડીની મીજ, ટંકણ પારો; સંભાગે લઇ, કંટાળાના દુધમાં ખુંદી લેપડી બનાવે.

૩૨=ઇંદ્ર વારણીના ફળ પીળાં અને રાતાં થાય છે; તે તથા તેના મળ ઝાહડા લાવવા ઉપયોગી છે. એના જુલાબથી પેટમાં દુખાવો થાય છે.

ફળની ગાબડી કાડે. ઉપર નીચે છાણા મુકી સળગાવે મ્હોડી લગાડે. ઉપર નીચે છાણા મુકી સળગાવે મ્હોડી લાલ થાયને ફળ બહાર કાઢે અંદરના મરી જુલાબ તરીકે વાપરે.

જુલાબ થાય.

૩૩—પાણીને ઉકાળતું ચોથે ભાગે બાળતું તે પાણી ૦। રસે અથવા વધારે રાતરે સુતી વખતે તેમજ સવારે ઉઠતી વેળા પીવું.

૩૪—ત્રાંબાના વાસણમાં રાખેલું પાણી સવારે મળસકે બીજાનેથી ઉઠતાંજ ૦। સેર અથવા વધારે પીએ તો કબજીઆત મટે, વાયુ, પિત, કફને સાંટી થાય.

૩૫—ઇચ્છાભેદીરસ—સુંઠ, મરી, પીપર, ગંધક ટંકણખાર, એકેક ભાગને પાળાના બીજ બે ભાગ એની બે રતીભારની ગોળી કરવી. ૧) ગોળી સાકર સાથ સેવન કરી. અડદના ધોણના પાણીના જેટલા ગુંટડા પીએ તેટલા ઝાડા થાય.

૩૬—નાભી જુલાબ મોરથુથુ. થોરનું દુધ, નેપાળો, એરંડીના બીજ સંભાગે લઇ લેપ કરી દુટીની આસપાસ લગાડે.

૩૭=ગૌંમુત્રને કપડામાંથી ગાળે અને પીએ જેટલી વખત ગાળે તેટલા ઝાડા થાય.

૩૮=પેટ ઉપર થંડા પાણીના પોતાં મુકે તો ઝાહડો થાય.

૩૯=દુધ=પીચકારીથી જુલાબ આપે=એક લાંબી પાંઇટ બાટલ, અથવા સાંકડા મોઢાંની સીસીને ગરમ પાણીમાં બોળે પછી તરત થંડા પાણીમાં મુકે તો તળીઉં નીકળી જાય ૧) સોટા ઉપર કપડું વીંટાળે; સીસીના તળીઆને બેસતુ આવે તેવું કરે. એટલે મોટી પીચ-કારી બને તે વટી દવા સફરામાં નાંખે.

જીભે કાતરા પડે.

લીંબોડાં લીલાં મોઢામાં મુકી ચાવે. ૫) મીનીટ રાખી થુંકી નાંખે.

જુ માથાની મરે-નંખ માથાની મરે—ચાન જુ મરે.

૧=કાળીજીરી લીંબુના રસ સાથ મેળવી માથામાં લગાડે તો માથાની જુ મરે.

૨=ઈંદ્રજવના બીનો ભુકો મસળે તો જુ મરે.

ચાન જુ મરે—દરીઆના પાણીથી શરીરને ખુબ ચોળીને નાહવું. કુવાના પાણીમાં મીઠું નાખીને ઉપર મુજબ કરો તોપણ ફાયદો થાય.

૩=કાંગફળ બે તોલા, તેલ ૦I શેર અને ચુલા પર કકડાવી, તેલ કરી, માથે ભરી, માથુ બે પહોર બાંધી રાખે તો જું ફરીથી થાએ નહી.

૪=જુ અને નીખ મરે—ગંધક, વાયવરંગ, મનસીલ દરેક ૮ તોલાને ગઉમુત્ર સાથ વાટી મેદા જેવું કરે તેમાં ૩III શેર ગઉમુત્ર અને ૧I શેર સરસીઓ તેલ મેળવી ચુલે ઉકાળે પાણી બળી રહે તે તેલ ગાળે, આ તેલ માથે લગાડે.

૬=બે ભાગ ગંધક, એક ભાગ પારા સાથ એકરસ કરે તે ભુકો બે વાલ જેટલો લઇ તેલમાં મેળવી રાતે માથે મસળે અને માથું બાંધી રાખે, સહવારે માથું છોડે તો જુ કપડાને વળગેલી જણાશે.

૭=પારાને નાગરવેલના પાનમાં સારી પેઠે મેળવીને કપડાં ઉપર લગાડે અને તે કપડુ માથે બાંધે તો જુ ખરી પડે.

વાળો નાશ પામે—પારો ૧ ભાગ, ઘી બે ભાગ, કોકમનું ઘી ૩ ભાગ મેળવી તે મલમ મસળે.

૮=ચણાને એક રાત છાસમાં ભીંજવી રાખવા તેને સહવારે છાસમાં વાટી માથે ચોળવા બે પોહોર પછી માથું ધોઇ નાખવું.

૯=જુ માથાંની, ખોડો માથાનો નીકળે—ઉજળી ખાંડની સાથ લીંબુનો રસ મેલવી માથે લગાડે.

૧૦=લીંબોડીનું તેલ ચોપડવાથી માથામાંની જુ મરી જાય છે.

જુ મરે—સીતાફળના ચુરણ માથે લગાંડી આખી રાત બાંધી રાખે તો નીખ અને જુ મરે.

૧૧=જુ, નીખ માટે—સચરો પાણી સાથે મેળવી લગાડે.

માથાની જુ—અરીઠાના ફીણથી મરે છે.

૧૨=શરીરે જુ પડે તો વજ્કાવલી ૧ ભાગ અને ઉપલેટ ૨ ભાગ તેલમાં ઉકાળીને ૭ દીન શરીર પર ચોપડીને નાહવું.

૧૩–જુ માટે ધંતુરાનું તેલ વપરાય છે.

૧૪–જુ મારવા માટે પારો પાનના રસમાં મસળીને લગાડવો.

૧૫–જુ માથે થવા દે નહીં—જેને વારંવાર માથે જું થતી હોય તેને નીચે મુજબ ગળે બાંધી રાખવું.

૧૬–બદામને ઝીણું કાનું પાડી મુકથી મુકવી. કીડીઓ અંદરનુ મગજ ખાઈ જાય ને બદામમાં પારો ભરવો. તેનું કાનું લાખથી બંધ કરવુ. આ બદામ ગળે લટકાવી રાખે તો જુ પાકે નહીં.

૧૭–જુ મરે—મધ માથે ચોપવાથી જુ મરે છે.

૧૮–જુ મારવા માટે પારાને મુગાના પાંતરાના રસમાં મસળીને લગાડવો.

જુ માથાની=લિખ (નિખ)

૧૯–કોકમના ઘીમાં બનાવેલો પારાનો મલમ લગાડે.

૨૦–ધુંતુરાના પાનનો રસ માથે લગાડે.

૨૧–ઈસપન છોડનું બનાવેલું તેલ માથે લગાડે.

૨૨–કડનો ઉકાળો માથે ઘસે.

૨૩–સરસીઉ અથવા લીમડાનુ તેલ માથે લગાડે.

૨૪–સીતાફળના બીના મગજને વાટી ઘી સાથ માથે લગાડે.

૨૫–સીપાચન ધુપેલમાં મેળવી લગાડે.

ઝેહેર ઉંદરના ડંખનું

૧ ઉંદરના કરડવાથી ઝેર ચડે છે. શરીરે ચાઠાં પડે, ભાઠાં ત્યારે આંકોળનું લાકડું ઘસીને પાવું અને ભાઠા ઉપર ચોપડવું. દરદીને માટી ખવડાવે ત્યારે ઉંદરનું ઝેહેર હોય તો માટીનો સ્વાદ ખાટો લાગે.

૨—સાપની કાંચળીનો ધુમાડો ૩ દીન આપવો.

૩—ઉંદરના ઝેર ઉપર દીવેલ લગાડવું.

૪—કોપરું મુળાના રસમાં વાટી લેપ કરવો.

૫—દીવેલ લગાડવું, અને દરદીએ મીઠું જરાએ કાંઇ પકવાનમાં ખાવું નહીં.

૬—દમશાનું મુળ અથવા દાળી પાણીમાં ઘસી લગાડે.

૭+૮—ઉંદરના ડંખથી બળતરાં બળે, ચાઠાં પડે તે ઉપર ઉંદરની લીંડી વાટી લગાડવી.

૯—ઉદરકાનીનો રસ શરીરે મસળવો અને પીવો.

ઉંદરના ડંખ માટે સુંઠ, મરી, પીપરને છાણના રસમાં ઘસી દરદીને અંજન કરે.

પેટની ગાંઠ ખસે—પેટમાં અવાજ થાય ઝાડા આવે.

સુંઠ, સુવા સંભાગે લઇ તેના આઠમે ભાગે એલચી લઇ એ બધાંને ગરમ કરી ચુરણ બનાવે તે ચુરણને સંભાગે સાકર મેળવી તે ૦I તો. ખાવું. વાએદી ચીજ ન ખાવી.

૧૦—ઉંદરના, અને સાપના ઝેર માટે—અંકોળાનું મુળ તો. ૦II, ચોખાના ધોવણમાં વાટી મધ સાથ ખવડાવવું. અંકોળાનું મુળ રેચક છે અને ઉલટી કરાવે છે અને તેથી ઝેર ઉતરે છે.

૧૧—ઉંદરના ડંખવાળા દરદીને, સાપની કાંચળીની ધુઇ ૩ દીવસ આપવી.

૧૨=ઉંદરના ઝેર માટે—ઉંદર કરડ્યો હોએ તો થોડા વખત ગયા પછી દરદીને રતવા જેવા ચાંઠ શરીરે નીકળે છે. સુનામુખી નો ઉકાળો ૭ દીવસ પાવો, જેથી ઝાડા સાફ આવે તો ઝેહેર નીકળી જાએ.

૧૩=ઉંદરના ઝેર ઉપર દીવેલ લગાડવું.

૧૪=ઉંદરના ઝેર માટે—કરંજ ના ઝાડની છાલ અથવા બી ઘસી લેપ કરે.

ઝેહેર ઉંદરનું.

૧૫=ઇંદ્ર વારુણના ફળમાં જેટલાં રહે તેટલાં મરી ભરી સુકવવાં તેમાંથી ૨૦J મરી રોજ. એ વાર દરદીને ખવાડે. ૪J થે દીને જુલાબ આપવો. હવામાં દરદીને રાખવા નહીં

૧૬—આંબાની છાલ ૦ા તો. મરી ૦ા તો. રોજ બેસાર ચોપવું

૧૭—લાલ ખીચડીનો દાંત ઘસી લગાડે જો દંખ અંકુરિ ન હોય તો. કાંદો, લસણ ખાવામાં ફાયદો છે.

૧૮—ફટકડીની લીંડી પાણી સાથ દંખપર લગાડે

૧૯—હળીખાર, કમરો વાટી દંખપર લગાડે, અથવા લેખડી મુકે, ૪ દીન પછી દંખની ગાંઠ તેના ઝેહેર સાથ બહાર આવે

ઝેર અફીણનું ઉતરે,

૧—ચોવાઈની ભાજીનો રસ ૦ા શેર પાવો, અને તે ભાજીની લેપડી ટાળવા પર મુકવી.

૨—અરણીનું મૂળ પાણીમાં ઘસી તે (આની ૧) તોલો પીવાડે તો ઝેહેર તરત ઉતરે. અફીણનું ઝેહેર કાઢવામાં એ અજબ ગુણ ધરાવે

૩—રસ ચોખાપુર હીંગ કુલવીને પાણી સાથે પાવી. જેટલું અફીણ ખાધું હોય તેથી બમણી હીંગ ખાવી જોઇએ.

૪—અફીણનું ઝેહેર ઉતરે—નોલવેળ (નોરવેલ) વેળાના કોમળી ભાગનું પાણી કરી દરદીના પેટમાં નાખે તો ઝાડો ઉલટી થાય નહી પણઅફીણ મટોડું થઇ જાએ. બે સુપ દરદીના પેટમાં આ રસ જાય તો હુશીયાર થાય.

નોરવેલના ફળ ૧) વરસ સુધી સાચવી રખાએ છે.

૫—જુઓ "ઝેર સોમળનું" નંબર ૩

૬—અફીણનું ઝેર ઉતરે—રૂના છોડના મુળની છાલનો રસ એક તોલો પીવો દરદી કદી મરે નહીં.

૭—અફીણનું ઝેર—વેંગણનો અથવા વેંગણના છોડના પાંદડાનો રસ તોલા પીવો.

૮—અફીણનું ઝેર—લુણી ભાજીનો રસ તોલા ૧૦ પીવાથી ઉતરે છે.

૯—અફીણનું ઝેર ઉતરે—પીધરખાર ખાવાથી ઝેર ઉતરે છે.

૧૦—વાંઝ કટોલીના કંદ ખવાડે તો વામીટ થાય અને ઝેહેર ઉતરે.

ગોળમાં અફીણ મેળવી મંકોડાને ખવાડે તો મંકોડાને અફીણનું ઝેર ચડે અને મુડદાળ થાય તે મંકોડાઓને વાંઝ કટોલીના કંદ ઉપર બે-૧૦ તો. પાછા હુશીઆર થઇ જાય.

૨૧–ફુલાનો અંત ૧). માસા પાણી સાથ ઝેર ઉતારે ખવાડે.

૨૨–ગરૂડ પક્ષી સાપનો કટ્ટો દુશમન છે તેમજ પાતાળ ગરૂડી (વછનવેલ)નો કંદ જે જમીનમાં ઉંડો રહે છે તે સાપના ઝેહેરનો કટ્ટો દુશમન છે. એને જામજમની કહે છે કારણ કે પાણીને એ જમાવે છે એ કંદ ખાવાથી ઉલતી થાય છે એ ખાધા પછી દુધ, જાયફળ સાકર સાથ પીવું.

અફીણનું ઝેહેર વધે.

પીપળાના ઝાડના પાનને રસ પીવાથી અફીણનું ઝેહેર વધે છે;

ઝેર કુતરાંનું–હડખરા ઉતરે.

૧–મીઠા પાણીનો કાચબો પકડવી, સુકવી, બારીક ભુકો કરવો, કાચબાની ભુકી પાંચ તોલા જેનર્સીઅન રૂટ ત્રણ તોલા, ઇસેસ તોલા ત્રણ મેળવી એક રસ કરવો તેમાંથી પેહેલે દીવસે ચાર માસા ખાવી પછી રોજ ૧ માસો વધારીને સવા તોલા થાએ ત્યાં સુધી ખાવું. ઘી સાથ મેળવી ખાવું. ઉપરથી પાણી પીવું.

૨–ધંતુરાના બે પાનરાંનો રસ કાઢી પાવો તેથી દરદી વધારે ઘેલો જણાય તો ફીકર નહીં પણ ઝેર નરમ પડશે.

૩–કાળા ધતુરાના બે પાંતરા દરદી ચાવી ખાઇ જાએ જો ચાવીને ન ખાએ તો તેનો રસ કાઢીને પાવો. આથી દરદી દીવાના જેવો થશે તેનો અડચણ કરવી નહી––૩ દીવસ પછી તે સારો થઇ જશે.

૪–ધંતુરાના ડીંડવાં, લીંબુના પાતરા, બીજોરાના પાતરાં ખુંદીને દંખ ઉપર લેપડી મુકવી.

કુતરું હડખયલું હોય ત્યારે કપડું પેહેરેલું હોય તો ઝેહેર લાગતું નથી, ચામડીમાં દાંતનો દંખ પડે પણ ઝેહેર લુગડામાં અટકી રહે છે.

૫–કુતરાનું ઝેર લાગે તે માટે ધંતુરાના કાઢવો પાવામાં આવે છે તેત ધંતુરાનું ઝેહેર ચડે તેના ઉતાર તરીકે જેઠીમધ ચાહ પાવામાં આવે છે.

૬=ધંતુરાના હીંડવાં અને બીજોરાં લીંબુના પાતરાં ખુંડી તેનો રસ જખમ ઉપર રેડવો ને તે લેપડી જખમ ઉપર બાંધવી. દીવસમાં ... નવી બાંધવી. એવી રીતે ૪ દીવસ કરયા કરવું.

૭—દંખ ધોઇને તે ઉપર દરાખના વેલાના લાકડાંની ખાખ સરકામાં મેળવી લગાડવી.

૮—ઝેરી કુતરૂં કરડવા પછી ૪૦ દીવસે ઝેર ચડે છે. ઝેર ચડે આગળ અથવા કુતરૂ કરડ્યા પછી ૧૫ થી ૨૫ દીવસમાં તે દરદીને નીચે મુજબ ખવાડવું:—

સહવારે ૦॥ તોલો લાકડાના કોલસાનો ભુકો ખવાડવો, અરધા કલાક પછી કાળા ધંતુરાના પાનનો રસ બે તોલા પાવો. વામીટ ન થાય માટે ઉપરથી ગોળ ખવાડવો અથવા બીજો ઉપાય લેવો. હવે દરદી તોફાન કરશે માટે દરદીને બાંધી ૪ કલાક બાર વાગા સુધી તડકે રાખવો. જો દરદી ઘેલાપણું બતાવે તો જાણવું જે એને ઝેરી કુતરાએ કરડેલો છે. બપોર પછી દરદી ઉપર ઘણા ઘડા પાણી નાંખવું તેથી તે ભુમો પાડશે. પછી તેને સાદો ખોરાક આપવો. ત્યાર પછી તેને કાંઇ થાય નહીં દરદીને જો હરખું લાગુ પડયું ન હોય તો તેના કપાળમાંથી લોહી કાઢવું અને ત્યાં ધતુરાના પાતરાંની પોટીસ દાબવી.

૯=આકડાના પાનનોરસ ૦॥ તોલો ગોળમાં મેળવી ૩ દીવસ ખવાડે. અથવા આકડાનું લીલું પાતરૂં ૧ પૈસાના આકાર જેટલું લઈ તેને ૨ ... ભાર દુધમાં વાટી પાવું. જો ઉલટી ન થાએ તો ફરીથી પાવું.

૧૦—કુતરાના દંખને પાણીથી સાફ કરે તે ઉપર મરચાનો આધાર મુકી તે ઉપર ત્રાબાનો પઇસો બાંધે.

૧૧—કરચલાનો શેરવો પીવાથી આ ઝેર ઉતરે છે.

૧૨—તુવરની દાળને આકડાના દુધમા (૭) પટ આપવા તેની ચણા જેવડી ગોળી બનાવી રોજ સવારે આપવી. જુલાબ થઇ ઝેહેર ઉતરશે.

૧૩+૧૪—ગોળ, તલનું તેલ, આકડાનુ દુધ સંભાગે મેળવી ૦॥ થી ૧ તોલો ખાવું. તેનાથી હડકવા ઉત્પન્ન કરનારા કીડા ઝાડા વાટે બહાર નીળી પડે છે,

૧૫—જીંજોટાનાં પાતરાં, કડવી તુમડીનો ગર એ બંનેની ગોળી ચીની બોર જેવી કરી ગોળમાં ૩ દીવસ ખવાડવી,

૧૬=અંકોલના ઝાડનું મુળું પાણીમાં ઘસીને, તે ઘસારો ૦॥ થી ૧) તોલો લઇ ઘીમાં મેળવી ખવાડવું.

૧૭—ઝેર નાગનું, સાપનું, વીંછુંનું ઉતરે—આકડાના પાંતરાને અને ગુંચળ [illegible] ધુપ આપે તો ઝેહેર ઉતરી જાય.

૧૮—કુતરાના ઝેર માટે—એશીઓ એક વાલથી ૫ વાલ સુધી જીરીનું થુલું [illegible] તોલા એની ફાકી સવારે અને સાંજે આપવી.

૧૯—કુતરીઆ ઘાસનો [illegible] તોલો ૦ા ગોળ સાથ મેળવી દીનમાં ૩ વાર ખવાડવો. સારૂ થાય ત્યાં સુધી ખવાડવું. પાણી બીલકુલ પાવું નહી. પાણીને બદલે દુધ પાવું. અથવા કુતરીઆં લીલા ઘાસના ફુલને પાણીમાં ભીંજવી તેનો રસ કહાડી ૧) ચમચો રસ, ૧) ચમચો મધ સાથ મેળવીને દીવસમાં બે વાર ૭) દીન સુધી પાવું. જો ઝેર દરદીને લાગુ હશે તો ઝાડા વાટે જીવડા નીકળશે.

૨૦—કુતરીઆં ઘાસના મુળની જડને પાણીમાં ઘસીને ડંખ ઉપર લગાડે અને [illegible] આપે.

૨૧—લીલી ઝેરી માખ (કનથારીસ) ૫ તોલા, મસુર ૫ તોલા કેસર, લવંગ, [illegible] દરેક ૧॥ તોલો કપડછાન કરી ૧ માસાની ટીકડી બનાવવી. તેમાંની અરધી ટીકડી (અડધો માંસો) સહવારે ખવાડવી [illegible] ગરમ નાહવાના પાણીમાં મુતરાવે અને તેજ પાણીથી નવાડે.

૨૨—કુતરીઆં ઘાસના બીનો ભુખમો સુકવી મધમાં ગોળી કરી આપે તો દરદીના ઝાડાવાટે ઝીણા જીવડા જેવું નીકળે ત્યારે જાણવું જે હડકાયલાં [illegible] દરદીનો કરડેલો છે.

૨૩—ગધેડાંના [illegible] રાખ માંસા ૨ (તોલાનો [illegible] ભાગ) દીવસમાં એક વાર [illegible] માસ સુધી ખવાડવો.

૨૪—દેવગાડુલ—[illegible]—નામ બાવચીઓ.

એના મુલ [illegible] તોલા પાણીમાં ઘુંટી રસ કહાડી સવાર સાંજ ૭ દીવસ દરદીને [illegible] પેટે પાવો.

૨૫—આંકડાના દુધના ટીપાં ૫) બાલકને અને ટીપાં ૧૦ મોટાં માણસને, બીડી પીવાના પાનમાં મુકી દરદીને ખવાડવાં. ગોળ, તેલ, અને આંકડાનું દુધ સમભાગે મીશ્ર કરી દરદપર લગાડવું અથવા આંકડાનું પાન ૧) [illegible] ગાયના દુધમાં મેળવી પાવું. જો વામીટ કરે તો ફરી પાવું. ૩) દીન પાવું.

૨૬—વેલાની આગલીના પાન દરદીને ચવાડવાં.

૨૭—તલનું તેલ, [illegible], ગોળ અને આંકડાનું દુધ સં-ભાગે મેળવી એક તોલા [illegible] વખારે દરદીને ખવાડવું.

૨૮—ઘીસોડી—ઝુમખંડ—કડવી ડોડીની છાલ અથવા બી વગરનો ગર ૨—૩ વાલ જેટલો થંડા પાણીમાં [illegible] કલાક ભીંજવી રાખે તેને ચોળીને ગાળે, ને પાણી સવાર [illegible] ૭ દીન સુધી દરદીને પાએ, આથી ઝાડાદ્વારા ઉતરી જઈ ઝેર નરમ પડશે.

૨૯—ઝેર ચઢી ગયેલું હોય, [illegible] કુતરાની માફક અવાજ કરતો હોય તો—ઝેર કચરાનું આખું બી [illegible] ખવાડવું. એટલે થોડા વખતમાં ઝાડો થશે, જેમાં [illegible] જીવડા નીકળશે, અને દરદીને આરામ પડશે

૩૦—ઝેર કચરાના બીને ખુંદીને [illegible] દુધમાં ૭ પટ આપવા તેમાંથી ૦॥ વાલ અથવા એક વાલ ચુરણ ગોળ સાથ મેળવીને દીવસમાં ૩ વાર ખવાડવું. પંદર દિવસ ચાલુ રાખવું.

૩૧—હડકુ ઉતરે આપવું ઝેર ઉતર—[illegible] વગાના પાન તુરીઆના પાન જેવાં થાય છે, તેની ઉપર [illegible] થાય છે, તે દોરીનો રસ બે તોલા દરદીને પાએ તો ઝાડા [illegible] જાળ પડ અને હડકું ઉતરે.

૩૨—ઝેર કચરાનું ૧ બી [illegible] ૨૨ કટકા કરવા ૧ કટકો રોજ ચુસીને ખાવો સોળ દીવસ ચાલુ ખાવા અથવા એક રતી ચુરણ ગોળ સાથે ૧૬ દીવસ રોજ ખાવું. અથવા ઝેર કચરાંની માણસનાં મુતર સાથ બનાવેલી લેપડી [illegible] મુકવી.

આ ઇલાજ તરત કરવો.

૩૩—કુતરાના ઝેર માટે—૦। તો. [illegible] કુમારનાં રસમાં ૭) દીન ખાવો.

૩૪—કુતરાના ઝેર માટે કુતરીઆં ઘાસનું ચુરણ ૦। તો. ગોળ સાથ ઝેહેર ઉતરે ત્યાં સુધી રોજ બે વાર ખાવું. ખટાઈ બીલકુલ ખાવી નહીં. જરાપી ખટાસ ખાશે તો ગુણ જણાય નહીં.

૩૫—કુતરાનું ઝેહેર—હડખાયલું કુતરું કરડે ત્યારે બાવલના પાનનો ચોખ્ખો રસ ૦) તોલા રોજ બે વાર દરદીને પાવો. ખોરાક બે કલાક સુધી આપવો નહીં.

મરી મસાલો, મીઠું, ખાટું ખવાડવું નહીં. આ ઉપાય તરત ચાલુ કરે તો હડકું લાગે નહીં.

૩૬—ધંતુરાનાં પાનનો ઉકાળો દરદીને પાવાથી તાણ અને જુસ્સો વધારે માલમ પડે છે. દરદી [illegible] અથવા પોતાના [illegible] પગને કરડે નહી તેવી રીતે તેને [illegible]. જોઇએ તે કરતાં વધુ ધંતુરો પાવાથી ધંતુરાનું ઝેર ચડેલું જણાય તો જેઠી મધના મૂળનો કાઢવો પાવો:—

આ દરદ માટે ધંતુરો ઘણો ઉપયોગી જણાય છે.

૩૯-કુતરાના ઝેર માટે—કરચલાંને ભુંજીને ખવાડે અથવા ર બનાવી પાય.

૪૦-કુતરાના ઝેર માટે—ઉંદરની લીંડીનો પાણી સાથ લેપ બનાવી ખપર મુંક

૪૧=કુતરાનું ઝેર ઉતરે—ઉબરાનું મુ અને ધંતુરાનું ફળ ચોખાના ધોવાણમાં પીવું.

૪૨=કુતરાનું ઝેર લાગે નહી—અંકાલના મુલનો કાઢવો બનાવી તેમાં ઘી નાખી દરદીને પાવો. ઝેરના જંતુ મારવાનો અને ઝાહાડો લાવવાનો ગુણ એમાં છે (કાઢવો ૧૦ તોલા થી ૪ તોલા)

હડખાયલાં કુતરાના ઝેર માટે—લસણુો છુંદી ડંખો ધોઇ પછી લસણ છુદેલી ડંખપર ઘસવી અને તેનો ધુંદો ડંખપર બાંધવો દરદીને ૭ દીન સુધી લસણુનો ઉકાળો ખોરાક ખાતી વખતે ખોરાક સાથે પાવો. હડખુ લાગશે નહીં, એની અસર અચુક છે.

૪૩=કુતરાના ઝેર માટે—લીમડાનાં પાંદડાનો રસ પાસેર લઇ ખાંડ નાખીને પાવાથી ઝેર ઉતરે છે.

૪૪=કુતરાનું ઝેર—વાઘનું માંસ ખાધાથી કુતરાનું ઝેર ચઢતું નથી.

૪૫=કુતરાનું ઝેર—ડંખ ધોઇ કારટીક લગાડવું અને શેરડીનો સરકો ૧ આંસ પાંણી સાથે મેળવી આઠ દીન પાવો.

૪૬=કુતરાનું ઝેહેર—દરગુના આંટાવાળા સીંગડાની અંદર સફેદ ભુકો રહે છે તે હડખુ લાગેલા દરદીને ખવડાવાથી ઝેર ઉતરે છે, એ ભુકો ખાવાથી ઝાધાડા ઉલટી થાય છે અને પેટમાંથી કીડા જેવા જાનવર પડે છે.

૪૭=રામબાવળીઆ ઉપર પીળાં ફુલ થાય છે તે ફુલની પંતરીનો રસ ૨) તોલા ૩) દીવસ પીવાથી કુતરાનુ ઝેહેર લાગતું નથી

૪૮=કુતરાના ઝેરનો ઉપાય—ફ્રેન્ચ એકેડેમીક સાએન્સમાં નવી શોધ થઇ છે જે, કુતરાના ડંખ ઉપર લસણુ છુંદી તરત બાંધી દેવી અને લસણુનો ઉકાલો ૭ દિવસ પાવો તો હડખુ માણસને લાગે નહીં. (આ ઇલાજ દેશી વૈદામાં તો બહુ આગળનો જણાયલો છે. પશ્ચિમના દેશમ શોધો થાય છે તે દેશે દેશ જાહેર-વામાં આવે છે. દેશી વઇદોમ. જે દવા ઉમદા છે તે ઘરનો પડોશી પણ જાણી શકતો નથી. આ રીતી મુજબ વઇદુ ઢંકાઇ ગયલું છે.)

(એક કળીવાળું લસણુ વધુ જોસ રાખે છે.)

કુતરાનું ઝેર--ડંખ ધોઇને ચુનો તરત લગાડી દેવો ને શેરડીને સરકો પાવો.

૪૯=કુતરાનું ઝેહેર, સાપનું ઝેહેર—લસણુની લેપડી ડંખ ઉપર મુકવી અને જેમ બને તેમ વધુ લસણુ દરદીને ખાવામાં આપવી, અથવા લસણુનો ઉકાળો પાવો. મોટે ગરમી જણાય તો ઘી પાવું. લસણુના રસમાં શમુદ્રફળ ઘસી દરદીને અંજન કરવુ.

૫૦-કુતરાનું ઝેર—સાબરસીંગનો વેહેર ૩ તોલા, પાણી શેર એકમાં ઉકાળી ૦ll શેર રાખીને પાવું.

કુતરાનું ઝેર—સાબરસીંગ ગરમ પાણીમાં ઘસીને પાવું.

કુતરાનું ઝેર—તાંબાના પઇસા ઉપર મરઘાનું ચરક (છેડ) લગાડી ડંખ ઉપર મુકવું.

૫૧-કુતરાનું ઝેર—કોઇ પણ ડંખ ઉપર દારૂ ગોળો મુકીને સળગાવવું. કોઇપણ જાનવરના ઝેર માટે આ ઇલાજ ૨૫ વરસ સુધી મી૦ મોરીઆરીએ અજમાવેલો છે.

૫૨-કુતરાના ઝેર માટે—બે તોલા શેરડીનો સરકો પાણી સાથે સવાર સાંજ પીવો.

૫૩-કુતરાનું ઝેર લાગે નહીં—ડંખને ધોઇને, કાસ્ટીક લગાડવું અને ૧ આંઉસ સરકો પાણી સાથે મેળવી આઠ દીન પાવો.

૫૪=કુતરાનું વીષ—સાટોડીનો ૨ તોલા રસ પાવો.

૫૫-કુતરાનું ઝેર ઉતરે—સાયંતીનો પાલો દરીયા કીનારે ઉજડ જગામ થાય છે, તેના ૫ તરાં ૦l તોલો ખવાડવાં. સામતાં ખવાડવાં નહીં કારણુ કે તેથી ઉલટી થાય છે. માટે ૧ પાતરૂં ચાવીને પછી બીજું એ મુજબ ૦l તોલો પાતરાં ખાઇ જવાં. ઉલટી થાય નહી તો દરદી બચે. ઉલટી થઇ તો દરદીની આશા થોડી રાખવી.

કુતરાનું ઝેહેર ઉતરે—સાયંતીના પાતરાં બાવળની પાલી કરતાં જરા મોટા છે. તેનું ફુલ જાંબુરા લાલ રંગનું છે. સવાદ કડવો છે. વાસ ઝેરી બદામના જેવો છે. તેના પાતરાં ઝેરને મારે છે.

૫૬-કુતરાના ઝેર માટે સેકટાના મુળીઆંનો રસ પાવામાં આવે અને ડંખ ઉપર સેકટાનો ગુંદર મુકે. અથવા સેકટાનાં પાતરાં, મરી, લસણુ, મીઠું, હળદરને વાટી લેપડી બનાવે, તે ખાવામા આપે અને ડંખ પર લગાડે.

૫૭—કુતરાના, વીંછુના તથા સાપના ઝેર માટે શરીરમાંથી પરસેવો કહાડવો જરૂરનો છે, માટે દરદીને ખુબ દોડાવીને અથવા કોઇબી દવાથી પરસેવો કહાડવો જરૂરનું છે.

૫૮—કુતરાનું ઝેર—પીપળાની વડવાઇનો ભુકો ાા તોલો પાણી સાથ પાવો; ઝેર ઉતરી શકે તેવું ન હશે અને દરદીનું આયુસ વધુ ન હશે તો દવા પેટમાં ટકશે નહીં. ૩ દીવસ એ ઇલાજ રોજ એક વાર સહવારે ચાલુ રાખશો. હડખું લાગેલો દરદી સારો થાય છે.

પરહેજી—તેલ, મરચું, ખાટું ન ખાવું.

૫૯=કુતરાના ઝેરનો ઇલાજ—કુવા આગળ ભીની જગા ઉપર પીળી પોપડી ઉડે છે તેની આંખ કાળી રહે છે. એક પોપડીને ગોલ સાથ મેળવીને ગોળી બનાવી દરદીને ખવાડવી. દરદી એકદમ આ ગોળી ગળી જાય તો જાણવું કે કુતરાનું ઝેર લાગુ નથી.

આ ગોળી જો દરદી ગળતાં અડચણ કરે તો જાણવું જે તેની ચાઉડીમાં કુતારાનું ઝેર લાગુ પડયું છે. આ ગોળી એક ૩ દીવસ સુધી જબરજસ્તીથી ગળાવવી, તેથી ઝેર ઉતરી જશે.

૬૦=કુતરાનું ઝેહેર—ફારૂકા ચોખ્ખું તોલો ાા થી ાા દરરોજ દીવસ ૩ સુધી ખાય તો કુતરાનું ઝેર લાગે નહી.

૬૧=કુતરાના દંખ ઉપર કુદ્દાને નીમક સાથે વાટીને લેપડી મુકવાથી ઝેર લાગે નહીં.

૬૨=કુતરાનું ઝેહેર—બાવળની કુમળી પાતરી પથર પર ખુંદી તેનો રસ કહાડે. ાા તોલાથી ૨ાા તોલા સુધી રસ દરદીને પાવો. ૩) દીન સુધી ભુખે પેટે સહવાર સાંજ પાવો. ૧ કલાક પછી ખાવાનું આપવું. ખોરાકમાં રાંધેલા ચોખા અને ચોખાની રોટી, દુધ અને છાસ આપવી. મીઠું અને દારૂ નુકશાન વધારે કરે છે. ૩) દીવસ પછી જખમ રૂજાશે. બાવળની કુમળી પાંતરી દરેક જાતના ઝેહેર ચુસવામાં ઉપયોગી છે,

૬૩=કુતરાનું ઝેર—હડખાયલા કુતરાં અથવા કોહલાંએ કરડેલાં દરદીનો જખમ પાણીથી સાફ કરી તે જખમને લોખંડના લાલ તપેલા સળીઆથી દાઝવો અને પછી તે ઘા ઉપર મીઠાનું લોશન (૧ ભાગ મીઠું અને ૧૫૦ ભાગ પાણી મેળવેલું) લગાડીઆજ કરવું.

૬૪=કુતરાનું ઝેર—ઓંયદોડીના મુળનો રસ સવા બે તોલા તથા ગાયનું ઘી સવા બે તોલા પાવામાં આપે તો કુતરાનું ઝેર ઉતરે.

૬૫=કુતરાનું ઝેહેર—ઓંપરીંગણીના આખા છોડનો કોલસો કરી તેની ભુકી દંખ ઉપર દાબવી અથવા બળતા દીવાના દીવેલમાં મેળવી લગાડવી.

૬૬=કુતરાંના ઝેહેર માટે—દંખપર તરતજ મરચીનો અથાર અને માણસની પીસાબ મેળવીને લગાડવી.

૬૭=કુતરાના ઝેહેર માટે—મીઠું દંખની અંદર ભરી પાટો બાંધવો. મીઠું પીગળી જાય ત્યારે ફરીથી મીઠું ભરવું.

કુતરાનો દંખ—મુળાના પાનની પોટીસ કરી ગરમ ગરમ દંખ પર બાંધવી.

૬૮=કુતરાના ઝેરનો ઇલાજ—અકલગરાના મુળના ચુરણને ખરસાનીના દુધમાં ૭ વાર પત આપવો. એકવાલ ભુકો ગોળમાં મેળવી ૧૫ દીવસ સુધી રોજ ૩–૩ વાર દરદીને ખવાડવો. ખોરાક ઘઉની રોટી અને ચણાની દાળ આપવી. ૧૫ દીવસ પછી નીચલો ઉપાય ચાલું રાખવો,

ઝેર કચલાંને ગાયના મુતરમાં ૭ દીન ભીંજવી રાખવા, તેની છાલ ઉપરથી કહાડી નાંખવી પછી તેને ખરસાણીના દુધમાં ? વાટી ૧ વાલની ગોળીઓ બનાવવી ૧ ગોળી દીનમાં ૩ વાર ૧૫ દીવસ ખાવી.

૭૪=કુતરાનાં દખ માટે—કાંદો છુંદી મધ સાથ મેળવી દંખ ઉપર મુકે તો ઝેહેર ચઢે નહી.

૭૫=કુતરાનું ઝેહેર માટે, વાઘની અથવા કુતરાના માથાની ખોપરીનું હાડકું અથવા તેઓનો સુકો દાંત પાણીમાં ઘસીને રદીને પાવો.

૭૬=કુતરાનું ઝેહેર ઉતરે—ચુલા પરની ધુમાસ, જુની ફટકીનો ભુકો, હીંગોરાંની છાલનો ભુકો સંભાગે મેળવી ૪ વાલની ગોળી બનાવે. એકેક ગોળી ૪ દીવસ ખવાડવી. પાણી ગોળીઓને લાગે નહીં. પાણી દરદી ઓને દેખાડે નહીં અને પાણી પીવા દરદીને આપે નહીં. ખોરાક જુવારની રોટી, ચોલાઇની ભાજી, ખીચડી, ઘી, વેગણ આંપવું.

૭૭=કોહોળીનો દંખ—વરસાદની ગર્જનાના ગભરાટથી તેમજ ટુંકી ખજુરીઓની ઘણી તાડી પીવાથી કોહોળી મસ્ત બનીને લોકોને કરડે છે તેનો ઉપાય વાઘના ચામડાંની રાખ ૧ ચોખાપુર અથવા વધારે દરદીને ખાવામાં આપવી.

૭૮=હડખાયલું કુતરૂં માણસને કરડે તો ઝેહેર એકદમ ચઢે નહી ત્યાંને વખતે, અથવા ઝેહેર ચઢવાનો વખત આવે ત્યારે દરદીને નીચે મુજબ થાય.

શરીરપર ઓઢેલું કાહાડી નાંખવાથી, તેમજ પાણી જોવાથી, ૧) વાસણમાંથી બીજાં વાસણમાં પાણી રેડાતું જોવાથી, પાણી પીવાથી તે દરદીને કમકમાટ છુટે; ખેંચતાણ અને ઢુજારો થઇ આવે, તેની આસપાસ જાણવરો ઊભાં હોય એવું તેને જણાય, મોઢાની લબ ચીકણી થાય; હાથ એકેકને વળગી રહે. બીજાને કરડવાના ચાળા કરે. આવા દરદીને પાણી પાવું નહી. તરસ મટાડવા સહરામાં પાણીની પીચકારી મારવી.

૭૯=પગ ઉપર છરીથી ચીરો પાડી તેમાં એમોન્યા મુકવું.

૮૦=ખાખરાના મૂળનીછાલ, કાલીજીરી સંભાગે ચુરણ ૦॥ તો. રોજ ૧) વાર તલના તેલમાં ખવાડવું.

૮૧=કુકડવેલનુ અને અદરામણીનું મૂળ, નસોતર, એળીઓ, ખાખરો, પીતપાપડો, સંભાગે ચુરણ ૦। તો ગરમ પાણી સાથ રોજ ૧) વાર આપવું.

૮૨=અફીણનની ગોળી ૦॥ વાલની દર ૩ કલાકે આપવી.

૮૩=આકરાના દુધમાં બાજરીનો આટો મસળી તેની ટીકરીઓ (ચાણકીઓ) બનાવે, દેવતા ઉપર શેકે, ૦॥ તોલો ખવાડે તો ઝાહડો ઉલતી થશે. ઝાહડો ઊલતી બંધ કરવા ખીચડી અને ઘી ખવાડે.

૮૪=કુતરૂ કરડીઆ પછી દરદીને, સંભાગે મેળવેલો કચરો અને મરીનુ ચુરણ ૦।) વાલ રોજ બે વાર ૧) માસ સુધી. ખવાડે અથવા લસણ અને કાંદો ખાવામાં ઘણો લીએ.

૮૫=અધેડાનું મૂળ ૦॥ તોલો પાણીમાં ઘસી મધમાં પાએ અને કૂંવર (કુમારનુ) પાઠુ અને સિંધવ મેળવી દંખ પર બાંધે.

૮૬=આકડાના દુધમાં બાજરીનો લોટ મેળવી ૧) વાલની ગોળી બનાવે, ૧) માસ સુધી સહવાર સાંજ એકેક ગોળી આપે ઉપરથી તરત ખાવાનુ આપે. જો ઓકારી થાય તો તે ફાયદા ભરેલી જાણવી.

બીજે મહીને સાગર ગોટાની ૧) વાલની ગોળી ખવાડવી.

ત્રીજે મહીને, આકડાના મૂળ ૦॥ તો. મરી ૧॥ તોલો એનું ૧) વાલ ચુરણ રોજ ખવાડવું, તરત ખાવાનુ આપવું.

૮૭=ચીતા વાઘનું જડબુ (દાઢના દાંત) ૦॥ તો પાણીમાં ઘસી પાવું.

૮૮=ધંતુરાના ડીંડવાનો રસ ૧) તો. અને દુધ, ઘી, ગોળ દરેક ૫) તો૦ મેળવી દરદીને ખવાડે.

૮૯=કુતરું કરડીઆ પછી ૪૦) દીવસ પછી ઝેર ચડે છે. કુતરૂ કરડી આ પછી ૧૫) ૨૦) ની અંદર નીચલો ઇલાજ કરવો. સહવારે દરદીને ૧) ચમચો ભરી લાકડાના કોલસાનો ભુકો ાા તો. ખવાડે પછી કાલા ધતુરાના પાનનો રસ ૨ાા તો૦ ખવાડે. તરત ઊલટી ન થવા દેવી, તે માટે તાડનો રસ, ખજુરનો કાકબ, ખજુરીના ઝાડનો રસ અથવા બીજી કોઇ ચીજ પીવામાં આપે. પછી દરદીને બાંધે, દરદી તોફાન કરવા લાગે, તેને ૧૨) વાગા સુધી તડકે રાખે, ધીમે ધીમે દરડી ગાંડો થતો જાએ. કુતરા માફક તોફાન કરે. ૧૨) વાગા પછી દરદીના માથા ઉપર ચંદા પાણીની ધાર નાંખે. આ દરદી સુદ્ધીમાં આવે અને ચંદા પાણી માટે અણગમો બતાવે ત્યારેજ પાણી રેડવું બંધ કરે. દરદીને થોડા દીવસ હલકો ખારાક આપે. આટલું થવાથી દરદીને ઝહેર ચડવાની ધાસ્તી રહે નહી

૯૦=કરખાવા લાગુ પડીઆ પછી પણ ઉપલો ઇલાજ ચાલે પણ વચારામાં,માથા ઉપર છરીથી કાપ મુકી તે કાપ ઉપર ધતુરાની લેપડી મુકે.

૯૧=હડખાયલું કુતરૂં કરડે ત્યારે પેહેલા સાત દીન સગતરાના ઝાડાડની કુંપળ ાા તોલો તથા મરીના દાણા ૨૧), પાણી તો ૫) લઇ જેમ ભાંગ ઘુંટે તેમ ઘુંટી સવારે પાએ. આથી ભવીસમાં હડકું લાગે નહી, જો હડકૂં લાગી ચુકયું હોય છતાં આ પ્રયોગ સરૂ કરવો. અને અજીરણ થાય એટલું તેલ પાવું. આથી દરદીને ઝાડા થશે. ઝાહડામાં હડકવાના જંતુ દેખાસે અને આરામ થશે. ૩) કલાકમાં જો આરામ ન જણાય તો આ ઇલાજ ફરી કરવો.

૯૨ (દા. અરદેસર પીરોજશાહ, ઘી કાંટા, ચીમનાભાઇ ટાવર, બરોડા.) ઉનાળાના દીવસોમાં આકરાના ઝાડ બહુ ખીલેલાં રહે છે તે વખતે તેના મુળની છાળનું કરેલુ ચુરણ ૨ થી ૪) રતી એટલે ૬ ગ્રેન. (ઉમરના પ્રમાણમાં) સવારે નને કોઠે રોજ ૪૦) દીન સુધી આપવું શરૂઆતમાં દીવેળનો જુલાબ લેવો. પછી દર અથવાડીએ લેવો.

૯૩=આંકડાંના ફુલના ઓખાનું ચુરણ ા તો ખવાડે. વામીટ થઈ ઝેહેર નીકળે.

૯૪=શ્રી વઝુવાડા પાસે ઉજ્જડ રણમાં એક વીરડો.
(પાણીનું ખમોચીઓ) રહે છે. તેનું પાણી પીવાય છે.

૯૫=વરાડ પ્રાંતમાં, સાતપુડા પર્વત આગળ, અકોટ ગામથી આસરે ૧૨ માઇલ દુર નરનાળા નામનો કીલ્લો છે, ત્યાં સક્કર નામે તળાવ છે, તલાવના કાંઠા ઉપર બુરાનુદીન નામના ઓળીયાની ઘોર છે. દરદી ત્યાં જાય, તળાવમાં ન્હાય, કબરના દરશન કરે, નાળીએર ફોડે તેનો પરસાદ વેહેંચે.

૯૬=દરદીને તળાવનું પાણી નાહીઆ પેહેલે ગડલું દેખાય, નાહી રહેઆ પછી પાણી સ્વચ્છ દેખાય, તે જગા ઉપરથી ઘર જતી વેળા પાછું ફરી જુએ નહી જો પાછુ ફરી જુએ તો હડકવા ફરીથી લાગુ પડે,

૯૭=આકડાના પાનનો રસ ૧) તો. ધતુરાના પાનનો રસ બે આની ભાર તેલ રૂા. રાા ભાર મેળવી પાવું. બીજે અને ત્રીજે દીવસે એ વજનના અરધે ભાગે પાવું.

૯૮=આકરાના મુળનુ ચુરણુ (૧૧ કષ) ૧૧ તો૦, ધતુરાના પાનનું ચુરણુ ૫) વાલ, સાકર ૧૧ તો. પાણી સાથ એકેક રતીની ગોળી બનાવે. ૫) વરસના બાલકને ૧) ગોળી રોજ બેવાર ખવાડે.

૧૦) વરસના છોકરાને ૨) ગોળી } રોજ ૧) વાર ૧) માંસસુધી.
મોટાં માણસને ૩) ગોળી }

ખવાડે. ગોળી ખાધા પછી પાણી પીવું નહીં. વામીટ થવા દેવું નહી, તે માટે ચણાના દાળીઆ ખવાડે.

૯૯=જેઠી મધ અને સરપંખાનો કાહવો પાવો. તેલ, મરચુ, ખાટું ન ખાવું.

વાંદરાનું ઝેર.



૧=વાંદરાનું ઝેર ઉતારવા માટે—સીંદુર માખણમાં મેળવી ઘા ઉપર લગાડવો.

૨=વાંદરો કરડે તેનું ઝેર—મોદારસીંગ (મુરદાસંખ) પાણીમાં ઘસીને ઘાપર લગાડે તો સારૂં થાય.

ઝેહેર પારાનું

૧=માંચાતરીનો રસ પાવો.

૨=પારો શરીરે ફુટી નીકળે તે માટે—ગળજીબાના મુળનો રસ બે તોલા પાવો અને શરીરે લગાડવો એની ભાજી રાંધી ખવડાવી.

૩=ચોળાઈની ભાજી ખાવી.

૪–કારેલીની જડ પાણીમાં ઘસી પીએ.

૫=રસ કપુર અથવા મારેલો પારો શરીરપર ફુટી નીકળે ત્યારે કેળના કંદનું પાણી ૦। શેર અને સાકર બે તોલા મેળવીને કાચના અગર ચીનાઈ વાસણમાં અથવા ચીણી વાસણમાં મુકી આખી રાત ઠારમાં મુકે. દરદી સવારે ભુખે પેટે પીએ. દરદીની પીસાબ ઝીણી તપાસે તો તેમાં નીચે પારો જણાય.

પારો બંધાય—અરીસાના પાનના રસમાં પારાને મસળે તો પારાની ગોટી બંધાએ. સ્વચ્છ કરેલાં તાંબા ઉપર આ ગોટી ઘસે તો તાંબાને ઝળકાટ આવે.

ઝેર સોમલનું.

૧=પેહેલી ઓકારી આપવી પછી પેટમાં ચુકારા થાય તે માટે ૦। તોલો કાથો, માખણ અથવા દુધ સાથે દર ૦। કલાકે આપવો.

૨=કેળના થડનો રસ પીવામાં સારો છે.

૩=અરીણનું ઝેર મટે—ચોમાસામાં જમીનમાં થાય છે તે આળ-સીઆં સુકાં અને મરી સભાગે લેવાં, બંનેને ખાંડી બારીક કપડાં-માંથી ગાળી અને બકરીના પીટટામાં મેળવી આંખે લગાડે તો મસાણે ગયેલો હુશીઆર થાએ, ૧) દીન થઇ ગયો હોય તો ઇલાજ કામ આવે નહી.

૪=ઉંબરાના ૧૦ પાતરાં વાટી તેનો રસ પાય. ત્રણ ત્રણ કલાકે ૩ વાર પાય તો સોમલનું ઝેર ઉતરે.

૫=સોમલના ઝેરની ગરમી ફુટી નીકળે ત્યારે—મુળાના પાનનો રસ ૦। શેર સવાર સાંજ પીવો. સોમલને મુળાના પાનના રસમાં ખરળ કરે તો અગ્નિ ઉત્પન્ન કરવાની તેની ખાશીએત નરમ પડે.

૬=સોમળનું ઝેર તરત ઉતરે—ઉંબરાની અંતર છાલનો કાહવો પીવો અથવા ૧ તોલો ઉમરાની છાલ પાણીમાં વાટી પાવી. ૧ વાર સોમળનો કટકો બીજી ચીજો સાથ મેળવી તડકે સુકાવા મુંકલો. બીજી ચીજોની ખુસબો સારી હોવાથી ૧ વાંદરો તે સોમળ ખાઇ ગયો. વાંદરાને સોમળની ખરાબ અસર લાગુ પડી અને લથડવા લાગ્યો. તે વાંદરો પાસે આવેલાં એક ઉમરાના ઝાડપર ગયો અને ઉમરાની છાલ ખાધી તેથી તે તરત હુશીઆર થએલો જણાયલો.

૭=ચણાની દાળને પાણીમાં ભીંજવે, તેને પાણીમાં વાટે, તેનુ પાણી પીએ.

૮=જેઠી મધનું મુળ ૧) તો. કુકડવેલના ઉકાળામાં ગરમ કરી પીવાથી, સોમલ, હડતાલ, કનેર, ચણોટીનું ઝેર ઉતરે. ઉપરથી ઘી ખાવું.

૯=કુતરાને સોમલનું ઝેહેર લાગું હોય તો, ખલુરંગની બાટલીનું પાણી પાવું.

બીલાડી ઝેહેર.

બીલાડીએ કરડેલા જખમ ઉપર—કાલા તલ પાણીમાં પીસી લગાડે અને ખાવામાં કુહનો આપે.

ઝેહેર સરડાનું.

૧=ઝેહેર સરડાનું માણસને લાગુ હોય તો ઝાહડો આવે, તે સાથે ચીથરાં જેવો મળ પડે તે માટે આંકડાનું મુળ ૦। તોલો પાણીમાં ઘસીને પાય તો સારૂં થાય

નોળીઆનું ઝેહેર.

નોળીઆનું ઝેહેર મટે—અરણીના ઝાહડાના છોડા પાણીમાં ઘસી લગાડે.

ઝેહેર વાઘનું.

૧=કુમાર ચીરી તેમાં હળદર મુકે, તેને સેકી જખમ પર મુકે.

૨=અરણી (Appel) ના પાલા સાથ મીઠું વાટી. લેપડી મુકે.

૩=થોરનું દુધ જખમપર મુકે તે ઉપર લીમડાના પાન મુકી પાટા બાંધે.

૪=વાઘે ફાંધેલા જખમ માટે—અરણીના પાલાની પોટીસ બાંધવાથી જલદી રૂઝ આવે છે.

ઝેહેર ઘીલોડીનું.

૧-ઘીલોડીના ઝેરનો ઉપાય—આશોપાલવ, આંબો, પીપળો એમાનું કોઇ પણ ઝાહાડનું મુળીયુ પાણીમાં ઘસીને પાવું તેથી ઝેર ઉતરે છે.

૨=ઘીલોડીને અડકવાથી હીંદુઓ અભડાય છે. એ સાપ બામણીના જેવી છે.

ઘીલોડી પોતાના અધાર દુધ અથવા એવી ધોળી ચીજમાં વધારે નાંખે છે. અધાર સાથ સફેદ ભાગ વળગેલો હોય છે તે ઝેરી છે. તે પેટમાં જવાથી ઝાહાડો તથા ઉલટી આવે છે,

૩-ઘરોળીનું ઝેર પેટમાં જાય ત્યારે ઝાહાડા ઉલટી થાય છે. માટે આંબાનાં ઝાડનું મુળીયું પાણીમાં ઘસી પાવું.

૪-ઘલોડી જાનવરનો અધાર (ગલ) લાગે તે માટે—ખજુરીની અથવા તાડની તાડી પીવી.

૫-ઘલોડીનું ઝેર પેટમાં ગયું હોય ત્યારે સોજો આવે, શરીરે સોયો ભોંકાયા જેવું થાય; શરીર પર લાલ રંગની ફોડકીઓ ઉઠે.

આ ઝહેરથી ઝાડા ઉલટી થાય છે,માટે—અબુલ, આસ, ખીમાર માયાં, દાડમની છાલ સંભાગે ચુરણ ૦। થી ૦॥ તોલો દર બે કલાકે આપવું, (પેહેલી બે ચીજ ઘણી ઉપયોગી છે),

૬-ખાંડ અને હળદ સમભાગે ૧) તો ફાકવી.

ઝહેર કચરાનું.

ઝેહેર કચરાનું ઝેહેર કપુર ઉતારે છે.

આમળાનું પાણી કરી પાવું અને માથે ઘી ઘસવું તરત ફાયદો થાય,

વીચ્છુનું ઝહેર

૧=જીરૂ-સફેદ જીરૂ—વધાડનું જીરૂ-ઉટમી જીરૂ, ખંભાતી જીરૂ Cummin Seedsએની ખાસીઅત થંડી છે.

વીચ્છુનો દંખ ઉતરે—જીરૂં, મીઠું, ઘી, મધ સંભાગે મેલવી દંખ ઉપર મુકે.

૨=કુમાડાની કાજળ અને આટો (લોટ) મેળવીને દંખ ઉપર લગાડે અથવા માણીનું માથું ડુંકમાં મેળવી દંખ પર બાંધે,

૩–પમારીઆનું મુળ ૧ વરસની અંદરનું (જુનુ ન ચાલે) પાણીમાં ઘસી ડંખ ઉપર લગાડવું. ડંખ ચઢી ચુકયો હોએ તે જગા આગળથી આ મુળીઉં ફેરવીને ડંખની જગા આગળ લાવવુ. આમ ઘણી વાર ફેરવવું મુળીઉં ચામડીથી અળગુ રાખવું. ચામડીને લગાડવું નહીં,

૪–થુઅર હાથલાનો છુંદી દંખ પર લેપડી મૂકવી,

૫–જાંબુના પાતરાંની પોટીશ મુકે,

૬=અફીણ અને હળદરને થુવરના દુધમાં ગોળી બનાવી તે ગોળી દંખ ઉપર મુકવી,

૭–વીચ્છુનો દંખ ઉતરે—ફરંગી ધંતુરાનું મુળીયું હાથમાં પકડવું.

૮– કપુંર ૧ વાલ, ચેતથી પાન સાથ ખવાય છે.

૯–કાચકીની મીચ પથર પર ઘસી ગરમ કરીને દંખપર ચોંટાડવી

૧૦–ભુરાં કોહળાંનું લીલું અથવા સુકુ ડીચુ પાણીમાં ઘસી દંખ ઉપર ચોપડવું,

૧૧–કાંદો છુંદી વીછુંના ડંખ ઉપર બાધવો તે એમોનીઆની માફક કામ કરે છે.

૧૨–કેરીનો ચીક વીછુના ડંખ ઉપર લગાડે છે.

૧૩–સફેદ આંકડાની જડ દરદીના બંધે કાનમાં ખોસવી અથવા આકરાનું દુધ દંખ ઉપર મૂકવું.

૧૪–ગુંદી ઝાડના ફળને ગુંદા કહે છે ગુંદાના પાનની લેપડી દંખ ઉપર મૂકે.

૧૫–ભીંડાનું મુળ પાણીમાં ઘસી લગાડવું અથવા મુળને છુંદી તેની લેપડી દંખપર બાંધવી.

૧૬ થોર–થુઅર ફાફલો, હાફગ; હાથવા ફાફલા થોર છુંદી લેપડી દંખપર મુકે.

૧૭–વીંછીનું ઝેર ઉતરે—આતવારે કપાસનું મળીઉં લાવી વીચ્છીના દંખ ઉપર ફેરવવું દંખ ચરેલા ભાગ આગળથી દંખ આગળ ફેરવવું શરીરને મુળીઉં લગાડવું નહીં.

૧૮–તંબાકુ ાા પૈસાભાર લઈ તેમાં તેટલું પાણી નાંખવું તેમાંથી બે ટીપાં દરદીની આંખમાં મુકવાં.

૧૯=આતવારે કાપેલા કેપારીઆના મુળને દરદી મોઢામાં મુકીને ચાવે અને થુંકો દંખ પર મુકે,

૨૦=ઉજળી ચણોઠીનું મુળ રવીવારે લાવે, દરદીની પાસે બેસી તેની ઉજણી દે તો ઝેર ઉતરે.

૨૧=વીછુનો ડંખ એક મીનીટમાં ઉતરે—ઘીસોડી કડવી (કુમ ખડા) નું બી પાણીમાં ઘસીને અથવા વાટીને વીછુંના દંખ ઉપર મુકે.

૨૨=દરદીને ખુબ દોડાવવાથી વીછુનો ડંખ ઉતરે છે.

૨૩=ખુરસાણી વજનો ૧ ટુકડો મોઢામાં ચાવી દરદીને જે બાજુ ડંખ મારીઓ હોય તે બાજુના સામેના કાનમાં ૩ વાર ફુંક મારવી.

૨૪=દાડમરીના પાનને પાણી વગર વાટી લેપડી કરી દંખ પર બાંધે.

૨૫=આંકડાનું મુળીયું પાણીમાં ઘસી લગાડે. જો દંખ સફરામાં મારેલો હોય તો પહેલાં સફરા પર ઘી લગાડે પછી મુળીઆનો ઘસારો લગાડે.

૨૬=ઘઉનો લોટ, રોટી કરવાના ઠીકરા પરની મેસ અને ગરમ પાણીની પોટીસ કરી ડંખપર મુકવી,

૨૭=૧ અરીઠાની છાલની ગોળ સાથ ૩ ગોળી બનાવવી. દરદીને એક ગોળી ખવાડી ઉપરથી ગરમ પાણી પાવું. એટલે દંખ ઉતરી જશે.

૨૮=દંખની સામી બાજુના કાનમાં પાનનો રસ નાંખે

૨૯=ઘોડાવજ મોઢામાં ચાવી, દરદીના કાનમાં પાંચ વાર ફુંટ મારે.

૩૦=નીમખ મોઢામાં ચાવી, દમ ઘુટી પછી દંખ ઉપર ધીરે ધીરે ફુંક મારવી

૩૧=બાજરીને ચલમમાં ભરી તેના ધુમાડાનો દમ લીએ અથવા બાજરી બાળીને ચુરણ કરવું. દરદીના દંખની સામી બાજુની આંખમાં તે ચુરણ આંજવું.

૩૨=આકડાના પાકા પાન હાથમાં મસળી રસ કહાડી તેના ટીપાં ૫) ૭) નાકમાં નાંખે તો છીંક આવે અને દંખ ઉતરે.

૩૩+૩૪=જમાળગોટા વાટીને લેપડી દંખપર મુકવી.

૩૫+૩૬=વીછુનો દંખ જલદી ઉતરે—મરેલી જાનવરને તેલમાં ઉકાળી તે તેલ દંખ ઉપર મુકે.

ગરોળી માણસને ચાટે તો શરીર ફુળી આવે છે માટે ગરોળી શરીરને લાગી હોય તો તે માણસને નાહવાની જરૂર છે; નાહવાથી ગલોડીની ખરાબ અસર શરીરને લાગતી નથી. ગલોડીને ઘેરીને નામે ઓળખે છે, ઘેરીના શરીરને અડકવાથી નાહવાની જેટલી જરૂર હીંદુઓએ જણાવી છે તેટલી જરૂર ગલોડીને અડકવા પછી નાહવાની જણાવેલી છે.

૩૭=મરચીના પીછ બારીક કાપી તેની બીડી બનાવે. (જેમ તંબાકૂની બીડી બનાવે છે તેમ) તે બીડી દરદી પીએ; તેનો ધુમાડો પેટમાં જવા દીએ. મરચાંનો અથાડ ખાવામાં તેમજ દંખપર લગાડવામાં વાપડે તો ફાયદો જણાય.

૩૮=એ વાલ તીઠું એક ચેવલી પાનમાં મુકી દરદીએ તે ખુબ ચાવી ચાંવીને ખાવું. ૧૦ મીનીટ પછી બીજીવાર ખાવું.

૩૯=વીચ્છુના દંખ ઉપર આમ્લીનો કચુકો (ઠરીઓ) ઘસીને મુકે તો વીચ્છુનું ઝેહેર ઉતરે.

૪૦=અઘેડાના છોડની ડાંખળી વીચ્છુના દંખ ઉપર ફેરવે તો દંખ ઉતરે. ડંખ ઉતરીને અસલ જગા ઉપર પાછો આવે ત્યારે અઘેડાના પાનની લેપડી મુકવી.

૪૧=ગાલવજ=સફેતવજ=વજગંધારો, મોઢામાં ચાવીને દંખની સામી બાજુના દરદીના કાનમાં ૩) વારફુંક મારે તો વિચ્છુનો દંખ ઉતરે.

૪૨=વીચ્છુનો દંખ ઉતરે—ઘીસોડીનું બી અથવા આમળાનું બી કાપીને દંખપર મુકે તો ઝેર ચુસી લે છે.

૪૩=વીંછીનો દંખ—પાનનો રસ સુંઘવો.

૪૪=વીચ્છુંએ દંખેલા માણસને, સત્યાનાશી જડ કોઇ માણસ હાથમાં પકડી દરદીને બતાવે તો દંખ ઉતરે, અગર બહુજ હોય તો દંખ પર લગાડે. વરસાદની ગરજનાના અવાજથી આ જડોનો જાય છે.

૪૫=વીંછુના દંખ માટે—અરીઠાની મીચ અથવા આમલીનો ચીચોડો પથર ઉપર ઘસી ગરમ ગરમ દંખ ઉપર દાબે તો દંખ નરમ પડે.

૪૬=વીંછુના દંખ માટે—લીલી હળદરના રસમાં ખપે એટલું મીઠું પીગળાવી રાખી તેનાં પાંચ ટીપાં આખમાં નાંખવાં. અને તે બાવણી પગના તળીઆમાં ચોપડવાથી ડંખ ઉતરે છે. લીલી હલ- તો સુકાની બુકી પાણીમાં ભીંજવીને ગાળી લેવી.

૪૭=વીંછુનો દંખ—ઘરના ચુલામાની અગાયા અથવા છાણાની રાખ માયના વાસી મુતરમાં મેળવી દંખ ઉપર લગાડે તો અમન નરમ પડે. મંતર ભણી વીંછુનો દંખ ઉનારનારા આ રાખ શરીર ઉપર લગાડે છે. દંખ નરમ પડે છે તે મંતરથી નહી પણ રાખના ગુણથી નરમ પડે છે દરેક દરદીને ફાયદો થતો નથી કારણ કે તે વીંછુની જાત ઉપર આધાર છે: ઘણા સખત દંખ ઉતરતો નથી.

૪૮=વીંછુના દંખ માટે લસનનો રસ મધમાં મેળવી પાવો.

૪૯=વીંછુનો દંખ ઉતરે—લીમડાના પાંદડાં ચાવીને જોરથી ફુંક મારવી. શરીરની દાબી બાજુ દખ હોય તો જમતા કાનમાં ફુંકવું. જમણી બાજુએ દંખ હોય તો ડાબા કાનમાં ફુકવું.

૫૧=વીંછુનો ડંખ—વચ્છનાગ પાણીમાં ઘસી લગાડવું.

૫૨=વીંછુનો દંખ મટે—સમુદર ફળ લીમડાના મુળ સાથ ઘસીને દંખને લગાડવું.

૫૩=વીંછુનો ડંખ—ધોળી સાટોડીનું મુળ આતવારે કાપવું. તે મુળ હાથમાં રાખી વીંછુને ચીડવીએ અને વીંછુ દંખ મારે તો પણ તેનું ઝેર ચરે નહી.

સાટોડાનું મૂળીયું મોઢે ચાવીને વીંછુ ઉપર મોઢાની થુક ઉડાડીએ તો આવી રીતે છંટાયલો વીંછુ ડંખ મારે તે કોઈને લાગે નહી.

૫૪=વીંછુનો દંખ ઉતરે—મોઢામાં મીઠુ પીગળાવી પછી દંખ ની ઉલટી બાજુના કાનમાં જોરથી ફુંક મારે. દંખ શરીરની દાબી બાજુએ હોય તો જમણાં કાનમાં અને જમણી બાજુએ હોય તો ડાબા કાનમાં જોરથી ફુંક મારે.

૫૫=વીછુનો દંખ ઉતરે—દરીઆનું મીઠું પાણીમાં પીગળાવી તેના ટીપા પાંચ આંખમાં નાખે. અથવા મીઠાનું પાણી કરી તેના ફટકા દરદીના મોંઢાપર મારે.

વીંછુનો દંખ ઉતરે—મુળાનો રસ દંખ ઉપર ઘસે તો ઉતરે.

૫૬=વીછુનો દંખ ઉતરે—આંકડાના પાકા પાન હાથમાં મસળી રસ કહાડી તેના ટીપાં ૫) ૭) નાકમાં નાખે તો છીંક આવે અને દંખ ઉતરે.

૫૭=વીછીનો દંખ ઉતરે—એલચી ચાવી દરદીના કાનમાં જોરથી ફુંક મારે.

૫૮—વીછુંના દંખ માટે—સફેદ કરેણનું મુળ પાણીમાં ઘસી દંખ ઉપર ફરી ફરી લગાડીઆ કરવું.

૫૯=વીછુનો દંખ ઉતરે—ારીકે જે બાજુએ દંખ હોય તે બાજુના કાનમાં મહેંદીનાં પાનનો રસ નાખવો.

૬૦—વીછુનો દંખ ઉતરે—નબાત ળા પઇસાભાર લઇ તેમાં તેટલું પાણી નાખવું તેમાંથી બે ટીપા દરદીની આંખમાં મુકવાં.

૬૧—વીછુનો દંખ ઉતરે—પમાડીઆનુ મુળ ૧ વરસની અંદરનુ, (જુનુ ન ચાલે) પાણીમાં ઘસી ડંખ ઉપર લગાડવું. દંખ ચઢી ચુક્યો હોએ તો ચડેલા દંખ આગળથી આ મુળીઉં ફેરવીને ડંખની જગા આગળ લાવવું આમ ઘણીવાર ફેરવવું. મુળીઉ ચામડીથી અળગુ રાખવું. ચામડીને લગાડવું નહી.

માથે આવેલી સ્ત્રીનો ઓછાયો આ મુળીઆં ઉપર પડવાથી તેનો ગુણ નીકળી જાય છે.

૬૨—વીછુનો ડંખ ઉતરે—આવળની પાલી મોંઢામા ચાવી ડંખ ઉપર ફુંક મારે તો દુખાવો નરમ પડે છે.

૬૩—વીછુનો ડંખ ઉતરે—આવળના પાલી ચાવીને દરદીને જે બાજુ દંખ હોય તેની સામી બાજુના કાનમાં જોરથી ફુંક મારવી.

૬૪—વીછુનો ડંખ ઉતરે—આકડાના પરદાના બી વાટીને દંખ ઉપર મુકવાં.

૬૫—વીછીના દંખ મટે—મરીના દાણા બે વાટી ડંખવાળી જગાની સામે બાજુની આંખમા આં વાટી ડંખ નરમ પડશે.

૬૬=વીછુનો દંખ શરીરની ડાબી બાજુએ હોય તો જમણી બાજુના કાનમાં મરચાંના અરક (ટીંકચર કેપસી સાઇ) ના બે ટીપા કાનમાં મુકવાથી દંખ તરત ઉતરી જાય છે. ટીપાં નાખવા પછી ગ્લીશેરાઇન અથવા સાકર પાણીમાં વાટી તેનાં પાંચ ટીપાં કાનમાં નાખવાની જરૂર છે.

૬૭=વીછુનું ઝેહેર ઉતરે—વીછુ દંખે ત્યારે દંખ ચઢીઓ હોય તે જાગાની ઉપર દોરી જોરથી બાંધે તો દંખ વધું ઉપર ચઢે નહીં, પછી માંખણ મળે તો નરમ પડે.

૬૮—વીછુનો ડંખ—નાગરવેલ પાન પર બીજું પાન ઉંધુ મુકી ને તે ઉપર નીમક મુકી ખુબ ચાવી ચાવીને રસ ગળવો. પા કલાક પછી ખપ પડે તો બીજીવાર ખાવું.

૬૯—વીછુનો દંખ મટે—મીઠું બા તોલો દંખ ઉપર બાંધી રાખવું.

૭૦=વીછુનો દંખ—એક તમાકો મીઠું, પાંચ તોલા પાણીમાં ઓગળાવી તેના પોતાં દંખ ઉપર મુકવાં.

વીછીનું ઝેર—મીઠાનું પાણી કરી, નાકમાં ૩ ટીપાં મુકવાથી ઝેર ઉતરે છે.

૭૧—વીછુંના ડંખ માટે દરદીની આંખમાં મીઠાંના પાણીના ટીપાં મુકવાં.

૭૨—વીછુનો ડંખ ઉતરે—આવલના લાકડાની રાખ ડંખ ઉપર દાબે તો ડંખ ઉતરે છે.

૭૩—વીછુંના ડંખ માટે—બોરડીના પાતરાનો રસ કાઢી કાનમાં રસનાં ટીપાં મુકવાં.

અથવા (લાલ કેસારી ખુંદીને ડંખ ઉપર મુકવી)

૭૪—વીછુના ડંખ માટે—ભીંડાના છોડની જડ ખુંદી ડંખ ઉપર મુકવાથી ડંખ ઉતરી જાય છે.

૭૫—વીચ્છુના ડંખ ઉપર મધ ચોપડવાથી ડંખ ઉતરે છે.

૭૬—વીચ્છુનો ડંખ ઉતરે—ઉબરાના પાન હાથ વતી તોડે (હાથ ન લગાડે અને મોંઢાથી તોડે તો વધારે અસર લાગે) તેનો રસ કઢાડે. દરદીને ઉભો રાખે તેની સામે ડંખ ઉતારનાર ઉભો રહે, દરદીની ડાબી બાજુએ વીછુનો ડંખ હોય તો ડંખ ઉતારનાર પોતાના જમના હાથપર પેલો રસ લગાડે. ખભાથી શરૂ કરી આંગળાં સુધી જોરથી રસ મસળે. જો ડંખ દરદીની જમણી બાજુએ હોય તો ડંખ ઉતારનાર પોતાના ડાબા હાથને તે રસ ખભાથી આંગળાં સુધી જોરથી મસલે એટલે દરદીને હાથ લગાડ્યા વગર અજાયબ રીતે ડંખ ઉતરે.

૭૭—વીચ્છુનો ડંખ ઉતરે—એરંડીઆના પાનનો રસ ડંખની સામી બાજુના દરદીના કાનમા નાખવો. ૦1—૦1 કલાકે ૩વાર નાખવો-

વીચ્છુના ડંખ માટે—૧ વાલ કપુર પાન સાથે દરદીએ ખાવો.

૭૮—વીચ્છુનો ડંખ ઉતરે—કમોદનું મુળ અથવા નીચે મુજબ બીજાં મુળીઆમાંથી કોઈપણ એક પાણીમાં ઘસી ડંખપર લગાડે વીચ્છુનો કાંટો, અઘેડો, બાટલીપર મારે છે. તે લાકડાંનો કારક, ગુચ) અંબેરીઓ, બંદુકડી, લગણુ, અને ગળી. ગળીના પાનનો રસ અથવા ગલોડાંના ઝાડના સાડાત્રણ પાન ખવાડે તો ડંખ ઉતરે.

૭૯—વીચ્છુનો ડંખ ઉતરે—કુતરીઆં ઘાસનો રસ ડંખપર લગાડે. કહેવત છે જે "વીચ્છુનું ઓખડ કુચી" (કુતરીઉ ઘા)

વીચ્છુનો ડંખ—હલધરની ધુંઇ તે જગા ઉપર ... અલમમાં હલધર મુકી ધુંઈ ...વી.

૮૦—વીચ્છુનો દંખ ઉતરે—વીચ્છુ કરડે કે તરત આકડાના મુળની સળી બંધે કાનમાં ખોસવી.

૮૧—વીચ્છુનો દંખ ઉતરે—રતાલુના પાનની અથવા સુકા કંદની લેપડી દંખપર મુકવી.

૮૨—વીંછીનો દંખ ઉતરે—લસણ અને મીઠું સંભાગે મેળવી તેની લેપડી દંખ ઉપર મૂકવી;

૮૩+૮૪—લસણ અને અધેડો સંભાગે મેળવી દંખ ઉપર પોટલી મુકવી.

૮૫—વીચ્છુનું દંખ—લીંબુ (ખાટા) નો રસ દંખ ઉપર મુકવો. અથવા દંખાયલા માણસે બહુ જોરથી દોડવું.

વીચ્છુના દંખ ઉપર વડનું દુધ ચોપડવું.

વીછીનો દંખ મટે—વાંદાનો લેપડી મૂકવી.

૮૬—સાપ અને વીછીના દંખની ઉપર વીંછીડાના પાતરાંની તથા મુળીઆની લેપડી મૂકવાથી ફાયદો થાય છે.

૮૭—વીછુંનો દંખત—સાટોડીનું મૂળ દરદીએ ચાવવું અને તે મૂળ ડંખપર બાંધવૂં.

૮૮—વીછુનો દંખ—પુંષ્ય નક્ષત્ર રવીવારે ઉત્તર બાજુનું સામરનું મુળ લાવવું. લાવનારનો ઓળો ઝાડ પડે નહીં. આ મુળ ચડેલાં દંખ આગળથી નીચે ફેરવવું અથવા ઘસી દંખ પર લગાડવું.

૮૯—વીછુનો દંખ ઉતરે— સનદેસરી એ જાતની થાય છે. સફેદ ફુલવાળી અને પીળા ફુલવાળી સફેદ ફુલવાળી સનદેસરી વધારે શકતી રાખે છે. સફેદ ફુલવાળી. સંદેસરીમાં બે જાત છે. નાના ફુલવાળી અને મોટા ફુલવાળી મોટા ફુલવાળીમાં ગુણ વધારે છે. આ ઝાડનું મુળ આતવારે બપોરે ત્રણ કલાક ઉતર દીશાથી કાઢવું બપોરના ૩ વાગે આ ઝાડમાં રસ એક સરખા ફરે છે તેથી આ વખતે કાપેલાં મુળીઆમાં ગુણ વધતો રહે છે એવું કહેવાય છે. આ મુળીયું હાથમાં પકડવું; શરીરથી બે આંગળ ઉંચુ રાખી દંખ ચડી ચુકયો હોય તે જગાથી તેને દંખની જગા સુધી ફેરવ્યા કરવું—આ મુજબ ળા કલાક અથવા વધુ વખત ફેરવવાથી દંખ ઉતરશે. ચડેલો દંખ આસતે આસતે દંખવાળી જગા આગળ નીચે ઉતરશે, ત્યાર પછી મુળીઉં દંખવાળી જગા ઉપર દાબવું. જો ઝેરની અગન નરમ ન પડે તો એ મુળીઉ પાણીમાં ઘસી દંખ ઉપર લગાડવું. મળીઆને વાપરતી વખતે પાણીથી ધોવું, તેથી કામ જલદી થાય છે. જ્યારે ઉપર મુળીઉ દાબે ત્યારે ત્યાં અગન વધારે લાગે છે. મુળીયું ફેરવતાં તે

આમડીથી ૨ આંગળ દુર રાખવાનું કારણ એ જે, જ્યારે મુળીયું આપડીને લાગે ત્યારે ત્યાં અગન વધે છે દંખ ઉપર મુળીઉં મુક્યા પછી અગન ન ખમી શકાય તે મુળીઉં ઉંચકી લેશો તો દંખ પાછો ચઢવા માંડશે. મુળીઉ દંખપર દાબો તેના કરતાં મુળીઉં પાણીમાં ઘસીને દંખ પર લગાડો તો અગન ઓછી જણાશે. મુળીયું ૧ વરસ પછીનું જુનું ચાલે નહીં,

૯૦—વીછું દંખ ઉતરે—વેગણનું મુળીયું પાણીમાં ઘસી લગાડે.

૯૧—વિછીડા છોડને ૨) કાંટાવાળાં વીચ્છુના આકારના ફળ થાય છે જેને વીછીઓ કહે છે. એના પાન તંબાકુના જેવાં મોટાં અને સુંવાળા થાય છે. કારતક માસમાં તે પાન પીળાં થઇ ખરી પડે છે.

૯૨—વીછીડા ઝાંખડના (છોડવાનું) ફળ જે વીચ્છુના આકારનું હોય છે. તે દરદી જૂએ તો દંખ ઉતરે.

૯૩—નવસાર, કળીચુનો, ટંકનખાર મેળવીને દરદીને સુઘાડે.

૯૪—મોરની પાંખોનો ધુમાડો, તમાકુની બીડીના ધુમાડાની માફક પેટમાં લીએ.

૯૫—૨૦) થી ૧) સુધી ઉલટું ૨૦) વાર ગણે.

૯૬—ટંકણખારનું નાનુ ફળ ગાંગડો દરદી ખાએ.

૯૭—વીચ્છુ તેના ઘરમાંથી નીકળતો જોએ તો ત્યાં ૧ વીચ્છુ બાળવો.

૯૮—પેળો મરડો, માતાની મરડો. એનું મુળ પાણીમાં ઘસી દંખ પર લગાડવું.

૯૯—કાકચાને ફળમાં વાટી તેની ગોળી બનાવવી તે ગોળી પાણીમાં ઘસી દંખ પર લગાડવી.

૧૦૦=હલદર ના તોર, આફીમ ના તો એની ધુંઇ દંખ ઉપર આપે.

૧૦૧=લીમડાના અને તોરડાના ૩) પાનને હાથપર મસળી દરદીને બતાવે અને પુછે કે આયુ છે.

દરદી કહેસે કે એ કાંઇ હવા છે. ફરી મસળીને બતાવે અને પુછે. આ મુજબ ૧૧) વાર પુછે. પછી તે લેપડી દંખપર બાંધે.

૧૦૨=મીઠું ૧) તાતોનો ખાર છે. વિચ્છુનો દંખ ખટાસ છે: તેથી મીઠું દંખને મારે (ઉતારે) આ કારણથી, મીઠું મોઢાંમાં ચાવી દરદીના કાનમાં ફુંક મારીઆકરે: અથવા મીઠાનું પાણી આંખમાં નાખે તો દંખ ઊતરે.

૧૦૩=ટાળાંને જીભ લગાડે, તેથી અગન ઝેર તે દંખપર લગાડે તે તરત ઝેહેર ઊતરે.

૧૦૪=કાનનો મેલ અથવા ચુનો દંખને લગાડે.
૧૦૫=તુલસીનુ મૂળ પાણીમા ઘસી પીવુ.
૧૦૬=સુદર અનનો કંદ પાણીમાં ઘસી પીવો.
૧૦૭=મંતર ભણવાથી દંખ ઊતરે.

૧) " અજીરા પારબતી તોરા, પુતર મરો, કયામત છોડદે, મરોડી છારદે, થન થન થન સબા " દંખ ઊતરે ત્યાં સુધી ભણે અને દંખ ઉપર ફુકમારીઆ કરે.

૨) જુમંતર, " પરબત પારપર સુરા ગાય. સુરા ગાયકા ગા બર બીછુ લાએ. છકારી છકારીમારે બીછું ચહડે, કપાલ ઝારૂ બીચ્છુ ઉતરે; આપની રાહે દુહાઈ નારસીંગકી, દુહાઈ ગોરા પારબતીકી, દુહાઇ માહે દવકી, દોહાઇનોના ચણાયણકી. "

દંખ ઉતરે ત્યાંસુધી ભણે અને દંખપર ફુકમારે,

દંખજરા નીચે ઊતરે તેને પાછો ચઢાવવો હોય તો મંતરમા " વીચ્છું ઊતરે આપની રાહે " એમ છે ત્યાં " વીચ્છુ ચડે આપની રાહે " એમ બોલવું.

૩ જુ મંતર " કાળે બીચ્છુ ધોળે બીચ્છુ સબ બીચ્છુકા રંગે, અજીરા ધાય, સીવગાએ, સીવગાએ રાવન કીકી બારી ઉતારી, જો ન ઊતરે તો દોહવાઇ પારવતીકી "

૧૦૮=ધતુરાપાનનો રસ દંખપર લગાડે તો દંખ ઉપર ચઢે નહી. દંખ ચઢેઓ હોય તો ચઢેલા ભાગને મથાળે આ રસ લગાડે તો દંખ ૩) તસુ નીચે ઉતરે. હવે દંખ હોય ત્યાં ફરીરસ લગાડે તો ૩) તસું ત્રીજીવાર દંખ ઊતરે આમુજબ કર્યા જવું. દંખ અસળજગા ઊપર આવે અને નિકળી જાય.

૧૦૯=બાવળના લાકડાંની રાખ દંખપર લગાડે અથવા પાણી સાથ બનાવેલી તેની લેપડી દંખપર મુકે. અથવા બાવળની પાની મોઢામાં ચાવી દરદીના કાનમાં ફુકમારે.

૧૧૦=પલાસ પાપડો આકડાના દુધમાં ઘસી દંખને લગાડે.

૧૧૧=મોરના પીછનો ચાંલ્લો, સણ, અમલસારો ગંધક સંભાગેના ચુરણનો ધુમાડો દંખપર આપો.

૧૧૨=વીચ્છુનાં દંખ ઉપર નીચલા મુળીઆ પાણીમા ઘસી લગાડે સીમળા, ઊતકંડી, કાળા અરડૂસા, અઘેડા, તકમરીઆં સમુદ્ર સોપ, ધોળી કકરડી, ચમાર દુધેલી હરહરવા, કંટાળી, સરસડા સરગવા, વિછીડા, મહ. હરીલા, માલકાકણી એમાનું કાઈપણ એક.

૧૧૩–વચબુાગ પાણીમાં ઘસી લગાડે. એની સાથે બોદીનો કરીઓથી વખણાય છે.

૧૧૪=બાવળની કુમળી પાળીનો ભુકો લઇ તેની બીડી બનાવી પીએ. અંદર જરા તંબાકુ બી નાખે.

૧૧૫–દરદીએ ખવાય એટલી ખાંડ ખાવી

૧૧૬=ફટકડીનું પાણી આંખે આંજે; ટીપાં આંખમાં નાંખે.

૧૧૭–સુકી હળેલી હળદનો ધુમાડો શરીરપર લેવો.

૧૧૮=સોપારી અને હાથના નખનું ચુરણ બનાવી તેની બીડી પીવી.

–ડંખ ચઢીઓ હોય ત્યાં સુધી પુસકળ રાખોડી ચોળવી.

૧૨૦=કરોળીઆનું પડ ચલમમાં મુકી તેનો ધુમાડો લેવો.

૧૨૧=નાગરવેલ પાન ઉપર બીજું પાન મુકે તે ઉપર ચપટી મીઠુ મુકી ચાવી ખાય ઉપરથી પાણી પીએ. અને મોંઢુ ધુએ.

૧૨૨=ડંખ ઉપર મધ મસળે.

૧૨૩–પાકાં કેળાં વાટી તેની લેપડી ડંખ ઊપર મુકે.

૧૨૪=જાંબુના પાનની લેપડી ડંખપર મુકે.

૧૨૫–બાજરી હુકામાં મુકી ધુમાડો લેવો.

૧૨૬=આમળીનો ચીચોરો અથવા કવચનું બી પથર પર ઘસી ગરમ ગરમ ડંખ ઉપર દાબે તે ચોંટી જાય.

૧૨૭=તુળસી અથવા વજને ચાવી તેનો રસ કાનમાં મુંકવો અથવા મોંઢામાની તે હવા કાનમાં ફુંકવી.

=કાળા ભાંગરાનો રસ સુંઘવો.

પના પાનની લેપડી મુકવી.

૧૩૦=ક્પ.સનુ મુળીઉં કાયદાસર રવીવારે લાવે તે ડંખ પર ફેરવે.

સગતરાનું મૂળ પાણીમાં ઘસી ડંખ પર લગાડે. આ રસ જો વિંચ્છુને લગાડે તો તે હાલી ચાલી સકે નહી.

હાડીઆ કસ્સનના પાનનો રસ સુંધે અથવા આંખે આંજે તો તાતકાલ ડંખ રૂઝે,

૧૩૧=ફટકડી=બંદુકરી, એના પાન તડકે મુકે તો ફાટે અને અવાજ કરે. એની લેપડી ડંખ ઉપર મ .

૧૩૨=અંઘેડાના ફુલ અથવા મુળ ઘસીને ડંખ પર મુકે.

૧૩૩=એલચો, ખટખટુંઓ ડંખ ઉપર બાંધે.

૧૩૪=કાળા ઘોડાના નખ સનીવારે ઉતારવાં તે જેબ કુંડીમાં રાખવાં, વીચ્છુના ડંખથી પીડાતા દરદીને તે નખ દેખાડે તો ડંખ ઉતરે.

૧૩૫=માખણ, લસણ, અથવા મુળાનો રસ મસળવો.

૧૩૬=આકડાની જડ બંધે કાનમાં ખોસવી.

૧૩૭=ફટકડીના પાણીના ૫, ટીંપા આંખમાં અથવા કાનમાં નાખવાં.

૧૩૮=ઘોડાવજ ચાવીને દરદીના કાનમાં ફુંક મારે.

૧૩૯=ખાવાનું મીઠું દંખ પર બાંધે,

૧૪૦=ખાવાના નાગરવેલ પાન ઉપર બીજું પાન મુકે તે ઉપર ચમટી મીંઠું નાખી બીડી બનાવી દરદીને ખાવા આપે જરૂર હોય તો ૫) ૫) મીનીટે ૩) વાર બીડી ખવાડવી, ૧૫) મીનીટમાં આરામ થાએ.

૧૪૧=ધંતુરાના પાનની અથવા કેરડાના ઝાડના ફળ પાકા જે નીચે પડયાં હોય [તેને કેરાં કહે છે] તેની લેપડી મુકે.

૧૪૨=અઘેડાના ફુલનો રસ અથવા મધ, અથવા સાકરનો ધસાડો દંખ ઉપર મસળે,

૧૪૩=જામફળ, જાંબુ, સીતા ફળના પાનને બંધે હાથમાં ચોળે તેનો રસ દંખ ઉપર લગાડે. દરદીને શરીરની જમની બાજું દંખ હોય તો દાબે હાથે રસ લગાડે દાબી બાજુ દંખ હોય તો જમને હાથે રશ લગાડે.

૧૪૪=ઉટ કંટાનું અથવા ધોળી કણેરનું મુળ પાણીમાં ધસી દંખ પર લગાડે,

૧૪૫–આમળીનો ચીચોરો, અથવા આબુવા (આબવા) ની સીંગનો સુકો દાણો પથર પર ધસી દંખ પર દાબે; તે ચોટી જાય ઝેહેર ચુસાઇ રહે ત્યાં સુધીજ વળગી રહે,

૧૪૬=તુલસીના પાન ચાવી દરદીના કાનમાં ફુંક મારે.

૧૪૭–પુષ્પ નક્ષત્ર ને દીવસે ધોળી સીમળાનું મુળ કાપે. કાપ નાર ઉત્તર દિશાએ ઉભો રહી કાપે એટલે તેના ઓળો ઝાડ પર પડવો ન જોઇએ, એટલે મુળ કાપનારની પીઠ પછાડી સુરજ ન જોઇએ આ મુળથી ૩ વાર દંખ ઉતારે અથવા મુળ પાણીમાં ધસી દંખ ચઢીઓ હોય ત્યાં સુધી લગાડે.

૧૪૮–લીમડાના પાન ચાવે મોંઢામાંથી હવા બહાર જવા દીએ નહી પણ દરદીના કાનમાં ફુક મારે.

૧૪૯=આકરાના કુપળનો રસ સુંગે

૧૫૦–દાડમના પાનની પાણી વગરની લેપડી દંખ પર મૂકે.

૧૫૨–અઘેડાના રસની લીટી દંખ ચઢીઓ હોય ત્યાં દોરે.


ઝેહેર નીચે ઉતરે ત્યારે જ્યાં દુખાવો હોય ત્યાં છુરીથી લીટી દોરે, આ મુજબ દંખની જગા આગળ દુખાવો આવે ત્યારે અઘેડાના પાનની પોટીશ દંખ ઉપર મુકે (અઘેડાની દાંખલી ઉપર વીશ્બુને મુકે તો તેને પક્ષઘાત થાય, એટલે ચાલી શકે નહીં) અઘેડાનું મુળ અથવા પાન દરદી ચાવે તો દંખ ઉતરે.

૧૫૩—ફાંગ એટલે ફેજીના વેળાનું મુળનો કટકો હાથમાં પકડે તો ઝેહેર ઉતરે, આ મુળીઉ જુનું થવે ગુણ રહેતો નથી.

૧૫૪—સંધસરો સફેદ ફુલવાળાનું મુળ વધારે ગુણકારી છે. મળીઆનો કટકો શરીરની ચામડીથી ૦ા તસુ દુર રાખી ફેરવવો. દંખ ચટીઓ હોય ત્યાંથી શરૂ કરી દંખની જગા સુધી ફેરવવું. દખની જગા આગળથી શરૂ કરવું નહીં. દરદ દંખ આગળ આવે ત્યારે મુળીઉં દંખ ઉપર મકવું. મુલ સુકાએલું હોય તો પાણીમાં ભીંજવી રાખવું.

૧૫૫—ખમી શકાય એવાં ગરમ પાણીમાં કોઇપી જાતનો દંખ હોય તે બોળે.

સાપનો ડંખ, સાપનું ઝેહેર.



૧—સાપનાં દંખથી દરદી બે સુંધ થયો હોય, શરીરે ઢીલાં થયાં હોય, મોઢાંમાથી ફીણુ નીકળતું હોય તેવાઓને પણ શેરડીનો સરકો તોલા ૨॥ દર ૫) મીનીટ પીવામાં આવે તો દરદી હુસીઆર થાય. આખે દીલે સરકો મસળે, તેથી વધુ ફાયદો થાય.

૨—સાપે દંખેલા દરદીની ઉપર ૧૬ ફીટ ઉંચાઇથી ખમી શકાય એવાં ગરમ પાણીની ધાર નાંખે તો દરદી હુસીઆર થાય.

૩—સાપ અને વીચ્છીના દંખ ઉપર કુતરીઆં ઘાસનો ચુમખો મસળે.

૪=૦। તોલો કાળી મુસળી બાલકની પીસાબમાં ઘસીને પીએ.

૫=સફેદ ચંપાની સીંગને દુધનો બાફ આપી રાખે જ્યારે સાપ કરડે ત્યારે તેને પાણીમાં ઘસી ડંખ પર લગાડે અને જ વાર ઘસીને પાએ અથવા ચંપાની લીલી છાલનો રસ ૨।। તોલા દરદીને પાએ તો ઉલટી થશે અને ઝેહેર ઉતરશે.

નાગચંપાની સીંગ કવચીતજ મળે છે. એને નાગ રાતરે ખાઇ જાય છે. માટે નાની સીંગ ફુટે કે તરત તેને ગુણપાટની કોઠળીમાં અથવા બીજી રીતે ઢાંકીને મોટી થવા દેવી. સાપના કબજામાં જવા દેવી નહીં. તે સીંગને દુધનો બાફ ૨ કલાક આપવો. દુધ ઉકાળવું તે ઉપર ચારણી મુકી તેમાં સીંગ મુકવી અને બે કલાક ઢાંકી રાખવી પછી વાપરવામાં લેવી.

૬+૭=નીપાળાના બીજમાંની અંદરની જીભ કાઢી નાંખે. બીજને લીંબુના રસમાં ૨૧ પત દેઇ તેની ગોળી કરી રાખે. તેને માણસના મુત્રમાં ઘસી અંજન કરે તો મુયલો દરદી જીવે.

૮=કંટોલાના (વાંઝીઆ) કંદને માટીના વાસણમાં ગાય અથવા બકરાંના મુત્ર સાથ સાત દીવસ તડકામાં રાખી સુકવ્યા પછી સાંપના ઝેહેર માટે વાપરે છે.

૯=વાંઝીઆ કંટોલાના કંદનો રસ ૨ થી ૪ તોલા પાવાથી અને તે કણ ડંખ ઉપર બાંધવાથી સાંપનું ઝેહેર ઉતરે છે.

૧૦=સાપના દંખ ઉપર કરમાનીની પોટીસ મુકાય છે.

૧૧=ઇંદરાવાણીનો રસ ૧) તોલો દરદીને પાય તો અરધા કલાક પછી વામીટ થઇને ઝેહેર ઉતરે, શરીર તપી આવે ત્યારે નવટાંક ઘી દરદીને પાવું અને ઊંઘવા દેવું નહી.

૧૨=કડવી નાયનો કાંડો—સાપના ઝેર ઉપર કામ આવે છે.

૧૩=કુતરી ઘાસની રસનું અનજન કરવું, સુંઘાડવું. દંખ પર લગાડવું. લીલા ઘાસનો રસ સુકવીને તેની પતરી જ્યારે જોઇએ ત્યારે પાણીમાં મેળવી વાપરવી.

૧૪=અળવેલનું મુળીયું અથવા કંદ વાલ ૨ વાટીને પીવાથી ઉલટી થાય; એ ત્રણવાર આ મુજબ પાઇ ઉળટી કરાવવી. વારંવાર દરદીને પાવું. ઉલટી થઇ ઝેર નીકળી જાય છે.

૧૫=નવસારનું પાણી બનાવવું જે બાજુએ દંખ હોએ તેની સામી બાજુના કાનમાં આ પાણી નાંખવું.

૧૬—અમલસારો ગંધક બચ્ચાંના મુતરમાં મેળવી દંખ ઉપર મેલવું.

૧૭=આંકુડરીનું મુળ પાણીમાં ઘસી આંખે આંજે તો મગડા સાપનું ઝેર ઉતરે.

૧૮=મંગુસનું ઠીકડું સાપના ખુતરમાં ઘસી ડંખને લગાડવું.

૧૯=થુવરને મનસાસીજ એટલે સાપનો ખુન કરીને કહે છે, કેટલાક લોકો સાપ ન કરડે માટે થુવરની માનતા લે છે એટલે આ ઝાડ આગળ જઈ બોલે છે "મને સાપના ડંખથી બચાવો" આથી અમુક રીતની રક્ષા મળે છે, કારણ કે દેશી વૈદું આ થુવરના મુળને સાપના ઝેરના ઉપાય તરીકે ઓળખાવે છે. એનું મુળ પાણીમાં ઘસી પાય છે.

૨૦=સાપના ડંખ માટે થુવરના મુળ અને મરી સંભાગે ખવાંડે

૨૧=ઘી તપાવીને દરદીને પાવું. દશ દશ મીનીટ જેટલું પીએ એટલું પાવું. સાપના ઝેરને લીધે દરદીને ઘી તો સવાદ ગરમ પાણી જેવો લાગે છે, ઝેર જેમ આકરૂં હોય તેમ ઘી વધારે પીવાએ. ૭ કલાકમાં ચાર રતલ ઘી પી શકાય છે. પેટમાંના જંતુ અને ઘી ઝાડા વાટે નીકળી જાય છે. ડંખ આગળના સોજા ઉપર લીમડાના પાતરાની લેપડી મુકવી. જેમ જેમ ઘી પાય તેમ તેમ દરદીને હુશીઆરી આવતી જાએ. ઘી પીવા પછી ૧૦ મીનીટમાં ઝાડા વાટે નીકળી જાય છે.

(સોજા ઘીને ધંથર સાથ મેળવે તો, પીગળી જસે. ભેળસેળનું ઘી પીમળે નહીં.)

૨૨=સાપના ડંખ ઉપર કેરોસીન તેલમાં રૂમાં મુકીને ડંખ ઉપર બે કલાક રાખવું.

૨૩=ઇનડીઅન ટેરીટરીમાં ઢોર ચારનારાં માણસો હંમેશાં પોતાની પાસે ગળીનો ભુકો રાખે છે, જનાવરને સાપ કરડે કે તરત તે ભુકો નાખે છે તેથી સાપનું ઝેર ચુસાઈ જાય છે.

૨૪=કપાસીઆનું મગજ પાણીમાં ઘસી આંખમાં આંજે તો સાપનું ઝેર ઉતરે.

૨૫=કાળી મરોડી દરદીને ખવાડે. જો મીઠી લાગે તો કાળા સાપનો ડંખ જાણવો, તીખું લાગે તો બીજા સાપનો ડંખ જાણવો મરોડી મીઠી લાગે તો ઉંદરનો ડંખ જાણવો. એનો માટે ઉતાર એ છે જે. જાંબુના પાતરાં, નાગના પાતરાં. કડવા દોધીનું મુળ, સનચળ એ એકઠું થંડા પાણીમાં વાટી પીવું.

૨૬=મરેલું જંગલી જે સોપારી જેવું થાય છે તેને પાણીમાં ઘસી તરત પાડે તો ઝેર ઉતરે.

૨૭=કનેર ચાર જાતની છે લાલ. સફેદ, પીળી, ગુલાબી. દવા માટે સફેદ સારી છે. જયાં સફેદ કરેણ હોય ત્યાં સાપ આવે નહી,

૨૮=સાપના દંખ માટે—ઝેર કચરાના બીને પાણી સાથ પીસી દંખ ઉપર મુકવું, દરદી મરી ગયેલો જણાય છતાં ઝેર કચરાનુ ચુરણ વાલ ૩ તેના કંઠમાં નાખે. ચુરણ ગરદન ઉપર અને આખે શરીરે મશળે તો ઝેર ઉતરે અથવા ડુટીના ઉપલા ભાગ પર (પેત પર) છરીથી કાપ મુકી તેમાં જમાલગોટો છુંદી દાબે.

૨૯=સાપના દંખ માટે જમાલગોટાના બીજ ચાર તોલા લુગડામાં બાંધી પોતલી કરી કાદવના અથવા ત્રાંબાના વાસણમાં તે પોતલી મૂકી તેની ઉપર બેસનું છાણુ ૫ શેર મુકવું. થોડું પાણી નાખવું અને અંગાર ઉપર ૪ કલાક રહેવા દેવું. બીજની ઉપરના છાળતા કાઢવા અને તેની અંદરની જીભ કહાડી નાખવી. એક તોલો મગજને વાટી તેમાં ૧૦ તોલા લીંબુનાં રસ મેળવવો. તેની ગોળી બનાવવી; તે ગોળીને મોઢાંની કુંકમાં ઘસી દરદીની બંધે આંખે આંજવી. આ ઇલાજ ઘણો સારો છે. ઝેર ચઢી ગયું હોય, બીમારી વધી ગઈ હોય, અને વખત બહુ વહી ગયો હોય છતાં આ ઇલાજ ફાયદો આપે છે.

જો દરદી મરી ગયલો જણાય તો તેના માથાના ટાળકપર છરીનો ઘા કરવો. લોહી ન નીકળે તો દરદી મરી ગયલો સમજવો જો લોહી નીકલે તો આ ઇલાજ ચાલુ કરવો. દરદીની આંખને દંખના ઝેરની ગરમી લાગે છે, માટે આંખની અંદર માખણ રોજ વારંવાર લગાડીઆ કરવું. દરદીને પાણીની તરસ બહુ લાગે છે પણ પાણી પીવા દેવું નહીં.

૩૦=ફટકડી ॥ તોલો અથવા વધારે દૂધમાં પાએ, જેમ પાણીમાં ફટકી નાંખવાથી કચરૂં અને કેટલાક ખાર ફટકી સાથે મળી જઇ નીચે ઠરી બેસે છે તેમ ઝેર સાથ ફટકી મળી જઇ તેનો ગુણ દોસ ઓછો કરે છે.

૩૧=અરીઠાને પાણીમાં ઘસી દરદીને આંખે આંજે, આંખ લાલ થઈ જાય ત્યારે માંખણ અથવા ઘી લગાડવાથી રતાસ મટે. સાપનું ઝેર સખત હોય તો અરીઠાનું પાણી પાય અને ઉલતી કરાવે. અરીઠાની છાલ ॥ તોલો અને ॥ શેર પાણી મેળવી પાય. ૧ કલાક પછી ફરી ફરી પાય, ઝેર ઉતરે ત્યાં સુધી એકેક કલાકે પાય. ઝાડા ઉલટી થઈ ને ઝેર નીકળી જાએ. બેહોસ થયલા દરદીને બી એ ઇલાજથી ફાયદો થાએ. દરદીના જડબાં

બેસી ગયા હોય તો અરીઠાં ખુંદીને જડબાંપર મસળે તો જડબાં ખુલે એટલે દવા પી શકાય.

૩૨=સાપનો દંશ લાગેવા પછી દરદીને પીસાબે સોજી પડે તો ૦॥ તોલો જીરૂ પાણીમાં વાટી ખવાડે અને ગુલાબના ફુલ પાણી સાથે કોદવના વાસણમાં ઉકાળીને પાય.

૩૩=આંકડાના કુમળાં પાનની કળી ચેયલી પાન સાથે ચવાડવી અથવા પાણીમાં વાટી અરધે અરધે કલાકે પાવી, દરદી કુની આર થાય ત્યાં સુધી એ મુજબ પાવી. પણ નવ કળીથી વધારે પાવી નહીં. (કળી એટલે ૨) પાન સાથે જોડાયલાં હોય તે.)

આકડાનું દુધ આંખે લાગે તો ભુણી હરડે પાણીમાં ઘસી દરદીની આંખે લગાડે, અથવા હરડે ખવાડે.

૩૪=આકાદોરી બે જાતની થાય છે જેના પાન ૩) ધારી છે. જે ઉપર લીલાં મરચાં જેવાં ફળ થાય છે, તેનું મુળ પાણીમાં ઘસી બે વાર અંજન કરે તો સાપનુ ઝેર ઉતરે.

૩૫=સફેદ આંકડાના મુળ, સફેદમરી, મોરથુથુ કુલેલુ સમભાગે મેળવી તેની અકેક માસાની ગોળી બનાવવી તે માની ગોળી ૧) દરદીને રોજ આપવી.

૩૬=સાપના ઝેહેર માટે—ખરસાણી થુઅરના પાન દરદીને ખવાડવાં.

૩૭—સાપનો દંખ ઉતરે—દરદી બેસુધ થયો હોય ત્યાં તેના માથા ઉપર છરીથી કાપ મુકવા, જો લોહી નીકળે તો જાણવું જે દરદીમાં જીવ છે. તે કાપની ઉપર નેપાળાની ટેપલી (ભેપડી) મુકવી. ઇલાજ અકસીર છે.

૩૮—અઝડા સાપનું ઝેહેર ઉતરે—નાહીવેલાના મુળના ૪) ઘસકરા પાસેર પાણીમાં મેળવીને દરદીને પાએ તો લીલા રંગનું વામીટ કરે અને ઝેર ઉતરે.

૩૯—ખમી શકાય એવાં ગરમ પાણીની ધાર ૫) ફુટ ઉંચાઈ એથી દરદીના માથાપર ૦॥ કલાક સુધી નાખે. દરદી જો સુધીમાં આવે, શરીર કંપાવે તો આ ઇલાજ વધુ વખત ચાલુ રાખવો.

૪૦—સાપના દંખ માટે—ગળજીભના મુળનો રસ પાવો.

સાપનું અને સોમળનું ઝેહેર ઉતરે—પોપટીના પાનનો રસ પાવાથી ઝેહેર તરત ઉતરે છે. એના બી પીવામાં અપાય નહી

પોપટીના પાલાનો વેલો વાલના કયારામા અથવા રવી તુલ ઓડે તે કયારામાં થાય છે. એ છોડ ઉપર કાળા ફળ વટાના જેવા થાય છે. તે ફળ ઉપર ધોળાં ટીપકા હોય છે.

૪૧—Culanoba, Tinos Qora Cardifolia, સાપના ઝેરનો ઉતાર—ગળોના વેળાનો કંદ, દુધમાં બાફી રાખવો, દરદીને તે પાણીમાં ઘસીને પાવો, દરદી બેસુધ થયલો હોય તો કંદ તાળવાંપર મસળે. જાનવર બેસુધ થયું હોય તો તેની જીભે કંદ મસળવો. હુશીયારીમાં આવે ને કંદ ઘસીને પાવો. એના મુળીઆમાં એવોજ ગુણ છે.

૪૨—ઓહોનીની એક જાતનો વેળો છે તે કાલનપુર, બેરેલીમાં થાય છે. નોરીઓ (ઊંદરનો દુશ્મન) જાનવર એના પાન ખોરાક તરીકે ખાય છે. નોરીઆને સાંપ દંખે એટલે નોરીઓ આ વેળાનું મુળ ખાય છે ત્યારે દંખ ચઢતો નથી.

સાંપનો દંખ ઉતરે—સાંપથી દંખાયલા દરદીને ૧ વાલ ઓહોનીનું મુળ ખવાડે તો ઝેર ચઢે નહીં.

મદારી લોકો ઓહોનીની છાલનો જુદ્ધ સાંપથી દંખાયલા દરદીને સુંઘાડે છે જેથી સાંપનું ઝેર ચઢતું નથી.

સાંપના ઝેરની કોથળી કહાડવી હોય ત્યારે સાંપને તોપલીમા બંધ કરે છે તે વેળા ઓહોનીની છાલનો જુકો તોપલીમાં મુકે છે. જેથી સાંપ ઉંઘનસી અને નબળો બને છે.

૪૪=જુના પીપળાના મુળની છાલનું ચુરણ તપકીરની માફક દરદી સુંગે, રોજ ૨) વાર સુગે, તેથી ઓકારી આવે અને ઝેહેર ઉતરે. જો નાકમાંથી લોહી પડે તો તે વધારે ફાયદા ભરેલું જાણવું.

૪૫=લીમડાપરની ॥ શેર ગળવેલને પાણી સાથ છુંદી તેનો રસ દરદીને પાવાથી વામીટ થશે અને ઝેર નીકળી જશે.

૪૬—દંખની આસપાસ છરીથી છેડ મરાવી જુંગળી વતે લોહી ચુસે. ૧ દેડકાને (ચેન વધારે સારી) ચીરીને તે દંખવાળી જગાએ બાંધે. તો અગન નરમ પેડે અને ઝેર બહાર આવે.

૪૭=કાળા સાપનું ઝેર ઉતરે—દંખ આગળ છરીથી છેડ પાડીને તે જગા ઊંદર ઉંદરને (નારી જાતીને) બાંધે.

૪૮=સાપના ઝેહેર માટે—મોટા એરંડીઆનું મુળ ઘસી ૧) તોલો પીવામાં આપે.

૪૯=સાપના દંખ ઉપર—મરચીનો પીત્તો મસળે તો ઝેર ચઢે નહીં.

૫૦=વેળાં મરીને સરસાડાના ફુલના રસમાં ૭ દીવસ ઘુંટવું અથવા ૭ ભાવના આપવી, આ મરીનુ ચુરણ ખાવામાં, સુંઘવામાં અંજન કરવામાં વાપરવું.

૫૧=સાપનુ ઝેર ઉતરે—પાંચ તોલા મધુનાસીનો રસ દરદીને પાય તો પીચકારી માફક ઝેર નીકળી જાએ. રસને સુકવી રાખી તેનુ ભુકો ના તોલો ખવાડે તો તે ઉપર મુજબ કામ કરે.

૫૨=સાપનું ઝેહેર ઉતરે—ચોળા (એક જાતનો કઠોર) ના આટાને આકડાના દુધથી ૪) વાર પત આપે, તેનુ ટંકા ૧) વાલ ખવાડે.

૫૩=સાપ અને વીંછુના દંખ માટે—મીઠું અને કાંદા છુંદીને તરત દંખ પર મુકે. સાપના દંખ ઉપર મુકવાથી તે લેપડી લીલી થાય ત્યારે કહાડી નાખી બીજી મુકવી,

૫ =દરદી બેભાનથી થયો હોય છતા એક વાલ મોરથુથુ બારીક દરદીના નાકમાં ફુકે, છેક મગજે જાય તેમ ફુકે તો ફાયદો થાય.

૫૫=સાંપના ઝેહેર માટે સાબરસીંગાના નાના કટકા કરી તેને ઘાસમાં વીટાળવા પછી તેને તાંબાની ડબ્બીમાં બંધ કરી તે ડબ્બીને તાપ આપવો. સાબરસીંગાના કટકા પાકવા પછી સાપના દંખ ઉપર મુકે તો તે દંખ પર વળગી રહે; અને લીલો થાય ત્યારે કહાડી દુધમાં ધુએ અને ફરી ફરી દંખપર મુક્યા કરે.

૫૬=સાપના દંખ માટે સાપનો મોહોરો બનાવવો—સાબરસીંગાને આમલીના ચીચોડાના કદ જેવાં કટકા કરવા, તે કટકાને ઘાસમાં વીટાળી તાંબાની દબ્બીમાં પેક કરી છાણાના તાપથી પકવવા. આ પકવેલો સાબરસીંગાનો કટકો સાપના મોહરા તરીકે વેચાય છે. મદારીઓ આ કટકાની કીંમત રૂપીઆ પાંચ કહી પછી ભાવમાં ઉતરતાં ઉતરતાં છેક આના પાંચથી વેચે છે. તેઓ એકના એકવીસ કરી લે છે. આ પકવેલા સાબરસીંગાના કટકામાં ઘણીને ખોટા સાપના મોહરામાં ગુણ એવો છે જે સાપના દંખ ઉપર પાણી લગાડીને જ્યારે એ મોહોરો મુકે છે ત્યારે તે કટકો દંખને વળગી રહે છે. થોડીવારમાં છુટો પડે છે. આ છુટા પડેલા કટકાને દુધમાં ધોઇ પાછો ફરીથી દંખ ઉપર મુકે તો ફરીથી ચોટે છે. આ મુજબ દંખ ઉપર ત્રણવાર ચોંટે છે. આ ક્રીયા નજરે જોવાથી, અજાણ્યા માણુસો મદારી માંગે તે કીંમત આ મોહરાની આપે છ.

૫૭=સાપનું ઝેર ઉતરે—સાંપે કરડેલો માણુસ ૩ દીન સુધી મરતો નથી, એવી કહેવત ચાલે છે. પુરાવામાં એ છે જે કેટલાક અસ્વાડ લોકો સાંપે કરડેલા દરદીને રાખી મુકી તેની આગળ ૩ દીવસને રાત ચાલુ ભજન કર્યા કરે છે. કેટલાક ગામમાં એવો રીવાજ છે કે સાંપે કરડેલા દરદીને લીમડાના ઝાડ ઉપર ઝોળી બાંધી તેમાં દીન સુવાડી રાખે છે.

લીમડાને અને સાપના ઝેરને વેર છે. સાપે કરડેલા દરદીને લીમડો ખવાડે તો કડવો લાગતો નથી, ઝહેર ઉતરે ત્યારે કડવો લાગે છે. એટલે ઝેરનું જોર વધુ હોય તો લીમડાનો કડવાસ જણાય નહીં.

ઘણે વખતે લીમડાનું જોર વધે ત્યારે ઝેરનું જોર ઘટે છે. લીમડો ઓછા પ્રમાણમાં લેવાથી ભુખ વધારે છે.

૫૮=સાપના દંખ માટે—રેહાનનો રસ ૫) તોલાં આપવો. ૩) ૪) વખત આપવાથી ઘણું સખત ઝેર ઇતરશે.

૫૯=સાપનો ડંખ—લસણ છુંદીને ગાયના ઘીમાં મેળવી દંખ ઉપર મેળવું.

સાપનુ, વીચ્છુનું, ઉંદરનું ઝહેર મટે—કાળાં મરીના ભુકાને લસનના રસ સાથે ગોળી બનાવી રાખે તેને પાણીમાં ઘસી દરદીને અંજન કરે.

૬૦=સાપના દંખ માટે—દરદીને અકેક તોલો લીમડાના પાંતરાનો રસ પાયાજ કરવો. દંખ ઉતરે ત્યાં સુધી ০।, ০।, કલાકે પાવો.

૬૧=સાપનું ઝેર—દરદીને લીંબુનો રસ પીવામાં આપે અને શરીરે ચોપડે. બે ત્રણ વાર આ મુજબ કરવું.

૬૨=સાપ ધામણુ પુછડું મારે છે તે દરદી કોહી કોહીને મરે. છે. તે દંખ ઉપર સરકો જળડ લઇને તેમાં કપડું ભીંજવી મુકે. સાપના દંખથી શરીર ફુલે, લોહી નીકળે, તે વેળા ૨ તોલા સરકો ૩, ૩, કલાકે પાવો.

૬૩=ચીત્રા સાપનું ઝેર ઉતરે—ઉમરાનુ મુળીઉં ০। તોલો પાણીમાં ઘસીને પીવું અને ઘસાડો દંખ ઉપર મુકવો.

૬૪=ધાયડા સાપનું ઝેર ચઢે નહીં—અરડુસો, કપાસ, દતેરો, વાંઝણી કંટોલી એમાંનું કોઉબી મુળીઉં ০। તોલા જેટલું ગૌમુત્રમાં ઘસીને પાવું.

૬૫=ખાખરાના ફુલને કેસુડા અને ફળીઓને [ફળને] પીન પાપડા કહે છે. એનો ગુંદર હીરા દખનના જેવો છે.

આ ઝાડને કાળું બનાવવાની રીત—ખાખરાના ઝાડના થડ આગળ બે હાથ ઉંડો ખાડો ખોદવો, અંદરના મુળને કોતરવું તેમાં ০।। શેર કાપેલાં બીલામાં ભરવાં. મુળ કોતરતાં જે વહેર પડેલો તે વેહેર બીલામાંની ઉપર દાબવો, પછી મટોડાંએ ખારો પુરી નાંખવો. ૭ માસ સુધી દર અડવાડીએ એ ઝાડમાં પાણી સીંપવું. એ ઝાડ માસ પછી કાળું થઈ જશે. જો ૭ માસમા કાંઇ ન થાય તો બે ત્રણ વાર એ ક્રીયા ચાલુ રાખવી, એટલે દર ૭ માસે બીલામું તેના મુળમાં દાટવું અને પાણી પાયા કરવું.

સાપનું ઝેર તરત ઉતરે —ઝાંળી અથવા ખાખરાના ઝાડના ફુલ તથા અતિવીસની કળી દરદીને ખવાડે અથવા ખાખરાના મુળ પાણીમાં ઘસી પી

૬૬=સાપનું ઝેર ઉતરે—ઘણી જાતના દંખ માટે કુકરપાડાના પાનનો રસ દરદીની શક્તી મુજબ પાવો. અથવા એના ફળની રેખા બે ગુંજાપુર લઈ પાણી સાથ પાવી. દરદીને પજવાડેથી ગરમી જણાય તો ઘી પાવું.

૬૭=સાપના ઝેર માટે જાણીતો ઇલાજ—કુંઓ બે જાતનો છે, જેને એકજ દાંડી છે તે નારી જાતી છે. તેમાં ગુણ નથી. શાખા ફુટે છે તે નર જાતી છે. તે નર જાતીના આ છોડનો રસ ત્રણથી પાંચ તોલા દરદીને ૦—૦ કલાકે, ચાર વાર પાવો. એના રસની ટીકરી બનાવી રાખે, જ્યારે ખપ પડે ત્યારે વાપરે. ખાતરી પુરવક ઇલાજ છે.

૬૮=શાપનો દંખ નરમ પડે—કેળના કંદનો રસ ૧ તોલો દરદીને પાય અને કુમળા પાનની લેપડી દંખપર મુકે.

૬૯=સાપનું ઝેર ઉતરે—અરીઠાને પાણીમાં ઘસી દરદીને આંખે આંજે, આંખ લાલ થઇ જાય ત્યારેમાંખણ અથવા ઘી આંખે લગાડવાથી રતાસ મટે. સાપનું ઝેર સખ્ત હોય તો અરીઠાનું પાણી પાય અને ઉળતી કરાવે. અરીઠાની છાલ ૦ાા તોલો અને ૦ા સેર પાણી મેળવી પાય, ૧ કલાક પછી ફરીફરી પાય. ઝેર ઉતરે ત્યાં સુધી એકેક કલાકે પાય ઝાડા ઉલટી થઈને ઝેર નીકળી જાએ. બેહોસ થયલા દરદીને પણ આ ઇલાજથી ફાયદો થાએ. દરદીના જડબાં બેસી ગયા હોય તો અરીઠા છુંદીને જડબાંપર મસળે તો તે જડબાં ખુલે એટલે દવા પી શકાય.

૭૦=સાપનું ઝેર ઉતરે—બે તોલા અંકોલ છાલ લઇ તેનો કાઢવો બનાવી તેમાંથી બે તોલા દર અડધા કલાકે પાવો. અંકુલનું ળ દરદીના મોંમા રાખવું. બીજો ઇલાજ ... અંકોલનું તેલ બે આનીભાર લઈ બે તોલા ઘીમાં મેળવી દર ૦ા કલાકે દરદીને ખવાડવું.

૭૧-૭૨=સાપનું ઝેર ઉતરે—કનેરના ફુલ:સુકાં, તંબાકુની તપકીર દરેક અરધો તોલો, એલચીદાણા ૦ા તોલો એનું ચુરણ દરદીને સુંઘાડવું.

૭=૩નોળીઓ કરડે, સાપ કરડે, વીછું દંખે, સાંપની ફુંકથી શરીર સુજી આવે—આ કરડો માટે ઇલાજ—કાંસકીનું મુળીઉં.

વીછી અથવા સુકું આર્ગુમાં ઘસી ઉપર લગાડે તે સુકાય ને ફરી ફરી લગાડીઆ કરે.

૭૪—સાપનું ઝેર ચડેલું હોય તો ઈસરમુલના મુળીઆનો ઘસારો ૦ાા તોલો અથવા જ્યારે દરદીને પાએ અને દંશપર લગાડે. પહેલે દીવસે ઘણીવાર પાય અને ઘણીવાર લગાડે. પછીના દીવસે રોજ ૧ વાર પાય અને ૧ વાર લગાડે, એ મુજબ ૭ દીન ચાલુ રાખે.

૭૫—મુળીઆના જેવોજ ગુણ એના પાતરામાંથી છે. સાપે કરડેલો દરદી બેહોસ થઇ ગયો હોય, માથાપર મુકેલું ઘી તવાતું પી નહીં હોય તો પણ આ ઇલાજ ચાલુ કરવો. ફટકીને પાણીમાં ઘસીને તેના ૪—૫ ટીંપા બેહોસ થયલા દરદીના નાકમાં બધે શીકરામાં નાખવાં. આ ઇલાજથી દરદીના મોઢામાં ફીણ આવશે. ત્યારે મોઢામાં લાકડાની વેલણ ઘાળી મોંઢું ખુલ્લું કરે અને ઉપર મુજબ મુળનો ઘસારો અથવા પાનનો રસ ૦ા, ૦ા કલાકે દરદી હુશીયાર થાય ત્યાં સુધી આપ્યા કરે.

૭૬—ઉંઘમાં સાપ કરડે—માણસ ઉંઘેલું હોય અને સાપ કરડે ત્યારે દરદીને ફેર આવે અને શરીરે અગન બળે તે વખતેથી આ ઇલાજ કરવો.

૭૭—સાપનું ઝેહેર—નવસારનું પાણી બનાવવું જે બાજુએ દંશ હોએ તેની સામી બાજુનાં કાનમાં આ પાણી નાંખવું.

૭૮—સાપનું ઝેર ઉતરે—ફટકી ૨૦ ચણોટીભાર, પાણી તોલા પાંચ, નવસારનાં અંરકનાં ટીપાં ૨૦ સાથે મેળવી દર ચાર કલાકે ૩, ૪ વાર પીવાથી ઝેર ઉતરે છે.

ઝેર સાપનું, ઉંદરનુ, વીછુંનું ઉતરે—ફુલવેલી ફટકી અરધા પઇસાભાર ૨ તોલા પાણીમાં મેળવીને પાવી.

૭૯—સાપનું ઝેહેર ઉતરે—૦ા તોલો ફટકી, નવટાંક પાણીમાં મેળવી દરદીને પાવી. ૦ા, ૦ા, કલાકે ત્રણવાર પાવી, ઓકારી થઇ ઝેહેર ઉતરશે,

૮૦—સાપના ઝેર માટે—બકરીની લીંડી બાળીને તેની રાખ કરી ખાવામાં આપે; અને બકરીની લીંડીનો લેપ કરવામાં આવે તો ઝેર ઉતરે છે.

૮૧—સાપનું ઝેર—સાપતા ઝેરના દંશ ઉપર મરી, સરકા સાથે મેળવી લગાડે છે.

૮૨—સાપના ડંખ માટે—(ત્રીકટુ) સંભાગે મરી, સુંઠ અને પીપરનું આંખે અંજન કરે અને મોરથુથાનું વામીટ આપે.

૮૩=સાપનું ઝેર—મદારીઓ સાપને કરડાવી, તરત ફટકીનું પાણી પીએ છે તેથી ઝેર, ચઢતું નથી.

૮૪=સાપનું ઝેર,—વીછુનો ઝેર—ફટકી ૨૦ ગ્રેન, સ્પીરીટ એમોનીઆ આરોમેટીક બે આઉંસ (અથવા ફટકી પીગળે તેટલું) એમાંથી વીસ ટીપાં પાંચ તોલા પાણી સાથે દર ચાર કલાકે આપવાથી ઝેર ઉતરે છે. વીછુનો દંખ તરત ઉતરવા માંડે છે.

૮૫=(પારડી SURAT) માં ' આકન ઓકન ' અથવા આખલું, ઓંખલું' એ નામનું ઘાસ થાય છે તેને પાણીમાં ઘુંટી તેનો ⅟ શેર રસ ૩ વાર પાએ તો સાંપનું ઝેહેર ઉતરે.

૮૬=સાપ ઝેરી છે તે જાણુવા માટે—દરદીને મરચું ચવાડે ને તે તીખું ન લાગે તો જાણવું જે સાપ ઝેરી છે.

સાપના ઝેરનો ઉપાય—દંખવાળા દરદીને માણસનું મુતર પાંચ તોલા દશ દશ મીનીટે પાવું. વધુ પીવામાં અપાય તો અડચણ નથી. શરીરે ઘી સારી પેઠે મસળવું. ઘળામાં ગરમી જણાય ગળુ સુકાય તો ઘી પાવું, સાપના દંખ માટે માણસનું મુત્ર ઉપયોગી છે એવું ઘણી વખત લખાયલુ છે.

સાપના ડંખ માટે તાત્કાળ ઉપાયો—સાપ કરડે કે તરત માણુસનું મુતર મદારી લોકો પીવામાં લે છે તેથી સાપનું ઝેર લાગતું નથી.

૮૭—સાપનું ઝેર ઉતરે—⅟ તોલો મીઠું લઈ તેને આંકડાના દુધની ભાવના આપે અને ગાયના દુધમાં પીવાડે તો ઉલટી થઇ ઝેર ઉતરે છે.

૮૮-સાપના ઝેર માટે—સફેદ આંકડાના મુળ, સફેદ મરી, મોરથુથુ કુળવેળું સંભાગે મેળવી તેની એકેક માસાની ગોળી બનાવી તેમાંની એક ગોળી દરદીને રોજ આપવી.

૮૯=ઝેર સાપનું, ધંતુરાનું, સોમલનું ઉતરે—કરંજના ઝાડની છાલનો રસ બે અથવા ત્રણ તોલા દરદીને પાય તો વાતીટ થઇ જઇ ઝેર નીકલી જાય,

૯૦=સાપના ઝેર માટે—કુકડવેલના (તુતરવેલ=પાડાવેલ) પાલાનો રસ દરદીને શક્તી મુજબ એકથી વધુ તોલો પાવો.

૯૧=સાપનો દંખ મટે—કુતરીઆં ઘાસને મુળ સુધાં લાવીને રસ કાહડે. દરદી બે સુધ હોય છતાં આ રસ નવટાંકથી ⅟ સેર સુધી તેને પીવામાં આપે. શરીરે રસ ચોપડે અને તેનો કુચો દંખ પર બાંધે તો દરદી હુસીઆર થાએ એનુ ચુરણુ ખાવાથી પણ ગુણ લાગે.

૯૨=સાપનુ ઝેર ઉતરે—ાા તોલો પકાવેલાં સમુદર ફળ આકરાંની પીસાળમાં ઘસીને પાવું. (પકાવવાની રીત જુઓ "સમુદર ફળ"]

સાપના ઝેરનું ઓષદ—સરસડાના ફળ, મુળની છાલ, વડની અંતર છાલ, લીલાપાન, ફુલ દરેક ૨૦ તોલા લઇ માણુસના મુત્રમાં વાટીને પછી ૧૦૦ તોલા મુત્રમાં મેળવવું, ચુલે ચઢાવી ખખડાવવું અને તેમાં ૫૦ તોલા ઘી નાખવું, મુત્ર સઘળું બળી જાય ત્યારે બાટલીમાં ભરી રાખવું. ૧ સેર ઘી દરદીને પાવાથી જરૂર દંખ ઉતરે છે, ૫, રતલ સુધી પીવાની કોઇ દરદીને જરૂ જણાય છે. પીધેલું ઘી ઝાડા વાટે નિકળી જાય છે. જેમ ઝેર જબરૂં તેમ ઘી વધુ ખપે છે

સાપના દંખવાલા દરદીને કોઈ વાર વીસફુટક જેવા ચાંઠાં ફુટી નીકળે છે.

૯૩=સાપનો દંખ—તરત ઈંગાર મુકીને દંખ બાળી મુકવો એ પહેલો ઉપાય.

દંખની જગાપર નીચે અને ઉપર જોરથી પાટા બાંધવાથી લોહી ફરતું બંધ થાય છે. અને ઝેર ચઢતું અટકે.

૯૪=સાપનું કરડેલું માણુસ ત્રણ દીવસ સુધી મરતું નથી, એવું દેશી વઇદુ કહે છે. તે અંગ્રેજી વઇદું અને આ જમાનાની સાધારણ ાાનતી નથી. પણ જેઓથી બને તેઓએ નીચલો સહેલો ઉપાય અજમાવી જોવો—સાપના દંખથી બે શુધ થઈ પડેલા માણુસને આંખે સુરોખાર બારીક વાટીને આંજવો. દરદી સુધીમાં આવે અને તે જીવતો છે એવી ખાત્રી થાય તો પછી અરીઠાનું પાણી પાઇને તે દરદીને વામીટ કરાવવું. ૨–૩ વાર અરીઠાનું પાણી પાઇ વામીટ કારાવ્યા પછી તેને ઉંઘ બહુ આવે પણ જરા બી ઉંઘવા દેવો નહી. સુઇઆ ભોકીને પણ જાગ્રત રાખવો એટલે હુશીઆર થશે. આ ઇલાજ ઘણી બાજુએથી એક સરખી રીતે વખાણુવામાં આવે છે

૯૫=સાપનો દંખ ઉતરે—ઉમરાનું ફળ દંખ ઉપર બાંધે.

૯૬=સાપનું ઝેર ઉતરે—પાંચ તોલા ઉંધાફુળીની જડ પાણી સાથ વાટીને તેના બે ભાગ કરે ૧ ભાગ દરદીને પાય. અરધા કલાક પછી બીજો ભાગ પાય.

૯૭=ઉંધાફુળીનો છોડ ૧ાા ફુટ ઉંચો થાય છે, આસમાની રંગના ફુળ ઉંધા આવે છે. ફુલના ઝુમખા થાય છે. ગર ગુમડા પકવવાનો ગુણ એમાં છે.

૯૮=સાપનું ઝેર ઉતરે—આમડાના મુળનો કાઢાવો અથવા પાનનો રસ દરદીની શકતી જોઇ પાવો.

જો ગળામાં અગન બળે તો ઘી પાવું. ધોળી કનેરનું મુળ પાણીમાં ઘસી આંખમાં ટીપાં મુકવાં.

૯૯—સાપનો દંખ ઉતરે—પાંચ તોલા કપાસના પાનનો રસ દરદીને પાવો.

૧૦૦—સાપના દંખ માટે—કરમદાનું મુળ પાણીમાં ઘસીને પાણીમાં વાટી ગાળીને પાવું. જો ઉલટી ન થાય તો જાણવું જે ઝેર ચડેલું નથી.

૧૦૧—સાપનો દંખ કોઇથી માણસ ચુસી શકે, ચુસનારના મોંમાં છાગરા અથવા ઘસારો કોઇથી જાતનો ન જોઇએ, ચુસનારે ખાંડી અથવા ઘીના કોગળા કર્યા કરવા, ચુસાએલુ ઝેર બહાર થુંકયા કરવુ, ગળવું નહીં, ચુસનાર માણસને દારૂ પીવો જોઇએ. ૧ કલાક સુધી ચુસવું પડે છે. ચુસતાં ચુસતાં માણસ થાકી જાય તો બીજો માણસ તરત વળગે.

૧૦૨=મરઘાંનો સફરો દંખ ઉપર દાબવો. મરઘું મરી જાય તો બીજું લેવું. એ પ્રમાણે મરઘાં મુકયાં કરવાં. ઝેર હશે ત્યાં સુધી મરઘાં મરી જશે.

રૂમળી વાટે ઝેર ખેંચાય છે.

૧૦૩—દંખ માટે—સાબરસીંગુ ના તોલો ઘસીને પાણી સાથે પાવું

૧૦૪—મરઘાની તાજી કલેજી દંખપર બાંધવી, તે ઠંડી પડે તો બીજી મુકવી.

૧૦૫—સાપ, વીછુ અને કુતરાનું ઝેર ઉતરે—સીતાફળનો અથવા રનસુખડીનો ઠળીઓ પાણીમાં ઘસી દંખ ઉપર લગાડવો.

૧૦૬—સાપનું ઝહેર લાગે નહીં, સાંપ નાહશે—જે માણસ પાસે ૧ તોલાને આસરે રસ કપુર હોએ તેને સાપ કરડે નહીં, તેનાથી સાપ દુર નાહશે. જો કરડે તો ઝેહેર ચઢે નહીં.

૧૦૭—સાપનું ઝેર—વછનાગ બે માસા પાણીમાં ઘસીને તરત પાય તો ઝેર ચઢે નહીં. કેટલાક ગોવાળીઆઓ હમેશાં પોતાના પાસે વછનાગ રાખે છે.

૧૦૮—હીગ અને મંધારો વજ બંધે વાટીને હાથ પર અને શરીરે લગાડી સાપને પકડે તો સાપ કરડે નહી

૧૦૯=સાપ નાહસે—મોરપીંછની, સીસમના વહેરની, ઇંડાના કોટલાંની, ધાણાની ધુંમથી સાપ નાહસે.

૧૧૦—ગોળ કુડાળું જમીન પર પાડે તે જગા પર સાપ આવે નહીં સાપને ઉંદરનો સીકાર બહુ પસંદ છે.

૧૧૧—સાપ કરડે નહીં—રીસામણીનું મૂળ હાથે બાંધે અથવા તે મૂળનો લેપ શરીરે લગાડે.



ઝેર સઘળી જાતના ઉતરે.

—:◆:—

૧—તાંદરજાની ભાજીનો રસ પીવામાં લેવાથી કોઇપી જાતનું ઝેર ઉતરે છે.

૨—સરવે જાતના ઝેર માટે—આકડાના કુમળીઆં (કૂમળાં પાન) પાણી સાથ વાટી તેનો રસ ઘી સાથ દરદીને પાવો.

૩—દંખની જગા સરકાથી અથવા દારૂથી ધોઇને પાનમાં ખાવાનો ચુનો પાણી સાથ મેળવીને દંખ ઉપર લગાડવો, તરતનો પેહેલો ઉપાય એ છે.

૪—વીછુ સીવાએના બધા ઝેહેરી જાનવરના દંખ ઉપર જંગલી કલાહરને છુદીને લેપડી બાંધે.

૫—તુમડી—પાતળ ગુચ્છી, ગુચ્છી, વાંદરાની ટોપી, ફુગ, ફનજી, ભુંટુંબી—નાગટુંબી—આ ચીજ ગામ વેરાવલ તાએ પાટણમાં ઘણી મળે છે.

૬—દરેક જાતના ઝેર માટે આ લચ્છી પાણી સાથ પીવામાં ઘણો ફાયદો છે.

૭—તનાજા (ચોળાઇ)ની ભાજીનો પાસેર રસ પાએ તો કોઇપી ઝેર ઉતરે, ન ઉતરે તો ભાજી છુંદીને ટાળવા ઉપર મુકવી.

૮—દરેક જાનવરના ઝેર માટે ઉપાય—બીજોરાના બી તોલો ૦ાા ફાકવા અથવા ખોખરા કરી પાણી સાથે પીવાં. બીજોરૂ તોલો ૦ાા નો કાહવો કરી પીવું.

૯—કુકડવેલ પીળાં ફુલની, તેના ડીટવાંનો ઊકાળો ગાયના મુત્ર સાથ પીએ.

૧૦—ગરમાળાનું મૂળ પાણીમાં ઘસી નાખે મુંહ.

૧૧—અંકોળાંના મૂળની છાલ પાણીમાં ઘસી પીવાથી, ખનીજ જીવજંતુના દંખના ઝેહેર ઉતરે

ઝેહેર સાપનું.

૧૨—ફટકડી ૨ થી ૪) વાલ, ગોળ સાથ મેળવી દર બે કલાકે દરદીને ખવાડે આ ઇલાજ અચુક જાણીતો છે.

૧૩—નાયનો વેલો થાય છે, ફળ કડવા અને મીઠાં એવી ૨ જાત છે. કડવા ફળવાળા વેલાનો કંદ પાણીમાં ઘસી દંખ ઉપર લગાડે અને ઘીમાં મેળવી ખવાડે, ઘીમાં લેવાથી જીભ સંકોચાતી નથી અને ગળુ બેસતું નથી.

૧૪—કંટાળાની બે જાત છે; વાંઝ કંટાળી ઉપર ફક્ત ફુલ આવે છે અને બીજી જાત ઉપર ફળ આવે છે. વાંઝ કંટાળીને પાણીમાં ઘુંટી દંખ ઉપર લેપડી મુકે; અને પાણીમાં ઘસી પીએ તો ઝાડા ઊલટી થઇ ઝેહેર નિકળે. વાંઝ કંટાળી ઝેહેરને મારે છે તેનો પુરાવો ગોળમાં અફીણ મેળવીને મકોરા (જાનવર) ને ખવાડે તો મકોરાને ઝેહેર ચડે અને મુરડાળ થાય એ પછી વાંઝ કંટોળાના કંદ ઉપર બેસાડે તો પાછા હુશીઆર થાય.

૧૫—નાલવેલ અને અવલવેલનાં કંદ ઉપર મુજબ વાપરે.

૧૬—વછનવેલ કડવી (કાલીપાત)નો કંદ ઉપર મુજ વાપરે વછનવેલ બે જાત છે; મીઠી છે તેને વેવડી કહે છે, કડવીના વાસણમાં મુકે તો રસ બંધાઇ જાય, સુકાપાનને પાણીમા મુકે તો પાણી બંધાઇ જાય.

૧૭—મોહરો સાપનો (Snake Stone) દંખ ઉપર દાબે તો તે વળગીજશે, બે મીનીટ પછી તે છુટો પડે ત્યારે પાણીમાં બોળવો, અને ફરી દંખ ઉપર મુકવો આ મુજબ દંખ ઉપર મોહરો વળગે ત્યાં સુધી કર્યા કરવું બનાવતી મોહરો—પાંકાં સાબર સીંગાને ફાવે તેવા કટકા કરવા તેને ઘાસમાં વિંટાળવા, તાંબાની દાબડીમાં મુકે, (તાંબાની રકાબી લીએ તે ઉપર બીજી ઢાંકેતો ચાલે) તેને છાણામાં દેંગારથી પકવે તે કાળું થાયને વાપરે.

૧૮—ઘણા અનુભવીઓનું કહેવું છેજ કે પાણીમાં ડુબેલો અને સાપે કરડેલો દરદી, જલદી મરતો નથી, દરદી બેશુધીમાં અને મુએલો જણાય છે, ત્રણ દીવસ સુધી તેને જીવવાની આસા છે.

ગુજરાતમાં ઘેડાઓની ૧) જાત છે તેમાં કેટલાક ઘેરાને સાપ કરડે, અને દરદી બેસુધ થાય ત્યારે દરદીને સુવાડી તે ઉપર લીમડાના પાનનો ઢગલો મુકે; અને બીજાઓ તેની આગળ બેસી ભજન કર્યા કરે. કોઇ દરદીને લીમડાના ઝાડ ઉપર બાંધી રાખવામાં આવે છે; આમ થવાથી ત્રણ દીવસની અંદર દરદી હુસીઆર થાય છે.

૧૯—કુતરીઆં ઘાસને તેના મૂળ સાથ કાઢી તેમાંથી રસ કાઢે તે રસ ૫) થી ૧૦) તો૦ દરદીને પાઓ. રસ સરીરે ચોલે, અને કુંચો દંખપર બાંધે.

૨૦—ગરનીનાખી ચમતકારી ઊપાય છે. ગરનીના મૂળનું ચુરણ ૧) તો. ઘીસાથ ખાવાથી ચામડીમાં પચેલુ ઝેર ઊતરે. દુધ સાથ ખાય તો લોહીમાં મળેલુ ઝેર ઉતરે, કંદના ચુરણ સાથ ખાએતો માઉંસમાં મળેલું ઝેર ઉતરે. હળદરના ચુરણ સાથ ખાયતો હાડકામાં લાગેલું ઝેર ઉતરે. આસંધના ચુરણ સાથ ખાએ તો ચરબીમાં લાગેલુ ઝેર ઊતરે. નોરવેલ કંદ સાથ ખાય તો વિર્યમાં મળેલુ ઝેર ઉતરે.

૨૧—ગલોનો કંદ ૨) ૩) વાલ દર ૦। કલાકે આપે તો ઉલટી થાય.

૨૨—કુકડવેલના પંચાગનો ભુકો ૨૫) તો સાકર ૧૦) તો. પાણી ૮૦) તોલા એનો રસ ૨) તો. દર દસ મીનીટે આપે.

૨૩—લીંબોળીનુ મગજ જરા જરા કરી ૧) સેરખાય તો દરદી બચે.

૨૪—જમાલ ગોટાનો ૧) ઊમદા ઇલાજ ૧) તો. જમાલ ગોટા, લઇ તેને લુગડાંમાં બાંધવો તે પોતલીને ૫૦) તો. ગાયના છાણમાં મુકવી. થોડું પાણી નાખી ૪) કલાક ગરમ કરવું. પછી જમાલ ગોટાના બીની ઉપલી છાલ અને અંદરની જીભ કાઢી નાખવી. ફકત ચોખ્ખા બીજ ૧) ભાગને ૧૦) ભાગ લીંબુના રસમાં ઘુંટી ઘુંટીને ગોળી બનાવે. તે ગોળી મોઢાંની થુંકમાં ઘસી દરદીની આંખે આંજે. દરદી મરેલા ન હોય પણ બેસુધ હાલતમાં હોય તો હુશીયાર થાય. દરદી જીવતા છે તે તપાસવા માટે તેના માથા પર છરીથી કાપ મુકવો. જો લોહી નિકળે તો જાણવું જે દરદીમાં જીવ છે. દરદી પાણી પીવા માગે તે આપવું નહીં. દરદ હુશીયાર થયા પછી તેની આંખે અગન બળે ત્યારે આંખમાં માખણ આંજે.

૨૫—મેઘનાગ (તાંદળજો)ના મૂળનો રસ ગુણકારી છે.

૨૬—પાટલાજુ (કાળીપાત)

દોહરો.

"મેઘનાગ (તાંદળજો) મુળ રસ હૈ ગુણકારી
પાટલાજું, (કાળીપાત) વિષ, હેતી તારી."

૨૭ "દો વાલ ફટકી ઘત ચટાના,
પાંચ પાંચ ઘટીકાએ ખાના.

એ ઇલાજ જો જલદી કરે,
સર્પ દંસકા વિષકુ હરે "

૨૮ "તાલ પર બારીક છેદ દેના,
રક્ત બહે એસી બીધ કેના,
જમાસ ગોટા (નિપાશો) લુબદી મુકો.
સર્પ વિષ દુખ હોવત દુરી
અનેક વખત અનુભવ લીઆ હે,
જુને પ્યા સો સમઝાયા હે. "

૨૯—નોરવેલન પાનની લેપડી દંખ ઉપર મુકે અને એના બે પાન ખાએ.

૩૦—ઘોડા આસુંદનું મુળ ૪ વાલ; મરી ૪) વાલ, દુધ સાથ ખાવું.

૩૧—કબુતરનો આઘાડ, માણસના બાલ, ગાયના સીંગડાના મુળ, મોર પીછાનાં ચાંદલા, જવનો લોટ, ધાણા, કપાસીઆના બીજ સરખે ભાગે લઇ તે ચુરણનો ૧) તો. કંગાર ઉપર મુકી આખે શરીરે તેની ધુઈ આપે.

૩૨—ખાખરાના મુળ ાા તો. પાણી ઘસી પીવા.

૩૩—લાઇકર પોતાસ ૧૫ ટીપા પાણી સાથ દર અરધે કલાકે પાવાં અને તે ટીપા પાણી સાથ મેળવી દંખ પર મેળવાં.

૩૪—કુબાનો છોડનું ાા તો. ચુરણ ખવાડે; તથા દંખ પર દાબે.

૩૫—દંખ ઉપર છરીનો કાપ મુકી તે ઉપર લાઇકર પોતાસ ૧) ભાગ, પાણી ૩) ભાગના પોતાં ચાલુ મુકવાં. પીવામાં નીચે મુજબ આપવું

લાઇકર પોતાસ ૧ તો. બ્રાંડી ૧૦ તો. પાણી ૭) તોલા એમાંથી ૨) તો અકેક કલાકે દરદીને પાવું (આશા મુકી બેઠેલા દરદીને ફાયદો થયલો જણાયલો છે.)

૩૬=સાપ કરડે કે તરત બાલકનું મુતર ૩) તો. પાવું અથવા દરદી પોતાનુ મુતર ૩) તો. પીવુ આથી ઝેહેર લાગુ પડસે નહી. આ ઇલાજ જાણીતો છે મુતરમાં એમોન્યાનો ભાગ છે વીચ્છુંના અને સાપના દંખ ઉપર એમોન્યા મુકાય છે. અંગ્રેજી વૈદમાં તે ઘણો જાણીતો ઇલાજ છે

૩૭=નેપાળાના બીજને લીંબુના રસના પટ આપી ગોળી બનાવે, તે ગોળીને પાણીમાં ઘસી અંજન કરે તો બેસુધ દરદી હુંશીઆર થાય

૩૮=સમુદ્ર ફળ ગાયના મુતરમાં ઘસી પાવાડે. અને ડંખપર લગાડે.
૩૯=ધી એકેક ચમચી ભરી દરદીને પાવા કરે. ૧) શેર સુધી પાએ.
૪૦=ફટકડી ૦। અથવા ૦॥ તો. દર ૦॥ કલાકે આપ્યા કરવી. ૦। શેર સુધી દરદીને ખવાડી શકાય.
૪૧=તુંમડીનો ગર (કડવી તુમડી) ૧) વાલ જેઠી મધ ૧] વાલ, એને જેઠી મધના ઉકાળામાં આપે.
૪૨=ગાયન, વજંતર દરદી આગળ થાય તો ફાયદો આપે, ઘેરાઓની કોઇક જાતમાં હાલમાં એવું બને છે, ઘેરાઓ એકઠા થઇ બે સુદ્ધ દરદીની આસપાસ બેશી ૩) દીન ભજન કરે છે.
૪૩=કુતરીઆં ઘાસનો રસ આંખમાં આંજે, ડંખ ઉપર મુકે અને પીવામાં બી આપે.
૪૪=નિપાળાના બીજોને લીંબુના રસમાં ૨૧) વાર પટ દીએ. તેની ગોળી બનાશે તેને માણસના મોઢાંની થુંક સાથ ઘસી અંજન કરે તો સખત ઝેહેર બી ઉતરે, અંજનથી આંખ લાલ થાય ત્યારે ઘી લગાડે.
કુતરીઆ ઘાસનો રસ ચોમાસામાં કાઢી લીએ, તેમાં ત્રણ તોલા રસમાં ૧) તો. સ્પીરીટ નાખે તો તે રસ આખુ વરસ ઉપયોગમા આવી શકે.
૪૫=નોરવેલ—નોલીઆવેલ—સાપસન—એ વેળાનો કોઇ બી ભાગ પાણી સાથ વાટી દરદીને પાએ; ઝાહડો, ઉલતી થયા વગર સાપનું ઝેહેર ઊતરે, તેમજ વીન્છૂનું અને અફીણનુ બી ઉતરે ૦॥ તો. કંદ અથવા પાન પાણી સાથ પાએ. દરદી બેસુધ્ધ હોય તો એ રસ દરદીની જીભ ઉપર અને છેક ગળાં સુધી ઘસે, જ્યારે દરદી જરા હુશીઆર થાય ત્યારે રસ પાવો.
૪૬=કુંઆનો સત્વ કાગળની બીડીમાં દરદીના નાખમાં ફુંકવો, તેથી દરદી જરા હુશીઆર થાય એટલે સત્વ પાણી સાથ દરદીને પાએ. કુઆના પાનનો રસ દરદીના નાખમાં નાખે તો બેસુધ્ધ દરદી હુશીઆર થાય.
૪૭—મોર પક્ષીના પિનામાં કાળાં મરીને વાટી સુકવે દરદીને એ ચુરણ વારંમવાર સુંઘાડે.
૪૮=ત્રાંબાની વીંટી પહેરી રાખવાથી સાપ કરડે નહીં.
વાટી બનાવવાની રીતી—
મોરના પીછની રાખ, ગોળ, ગુંગળ ચણોટી, ઘી, મધ, તંકણખાર સંભાગે ઘુંટીને સોનું ગાળવાની કુલડીમાં નાંખી, ખુબ તપાવી.

ત્રાંબુ કાઢે, જેમ આળસી આમાંથી ત્રાંબુ કાઢે છે તેમ (આળસીઆમાં ત્રાંબુ અને ક્ષાર કુસ્સ છે) એ બાબાની વીટી જાદુઈ અસર કરે છે.

૪૯=સમુદ્ર ફળને લસણના રસમાં ઘસી દરદીને આંજે.

૫૦=આબુટી (સેહ વધારે સારી) ના મુળ પાણીમાં ઘસી પાએ અને દંખપર લગાડે.

૫૧=કરોળીઆ નામનો છોડ જુવારના ખેતરમાં થાય છે તેના સુકા પાનને પાણીમાં ભીંજવી રસ કાઢી દરદીને પાએ.

૫૨=વાંઝ કટાળીના કંદના કટકા કરે તેને ૭ દીન ગૌમુત્રમાં રાખી સુકવી રાખે: ખપપડે ત્યારે દરદીને ૧) તોલો ખવાડે અને દંખપર બાંધે.

૫૩=વેલડીનુ મૂળ, પાણીમા ઘસી પાએ, આંખે આંજે, સુંઘાડે અને દંખ પર મુકે.

૪૫=રીસામણીનું મુળ પાણીમાં ઘસે હાથે લગાડે અથવા એનુ મૂળ હાથે બાંધે તો સાપ કરડે તો ઝેહેર ચઢવાનો ભય નથી; તેથી આ ઇલાજ કરી ભયંકર સાપ પકડવામાં કાંઇ ધાસ્તી નથી.

૫૫=કાળી માટીની લેપડી સાપના તેમજ વીછુના ડંખપર દર બે કલાકે મુકવી.

૫૬=જમીનમાં દરદીને દાટે; બેસુધ થયો હોય છતાં દરદીને જમીનમાં દાટે મોંઢું ખુલ્લું રાખે.

૫૭=લીમડાના પાન રોજ ખાનારને તેમજ અરીઠુ ખાનારને સાપનું ઝેહેર ચઢતું નથી.

૫૮=જ્યાં તુળસી હોય ત્યાં સાપ આવે નહી; સાપના દંખ ઉપર તુળસીની લેપડી મુકે. ઝેહેર ચુસાઇને લેપડી કાળી થાય ત્યારે બીજી નવી મુકે એ મુજબ મુકયા કરે, જ્યાં સુધી બધું ઝેહેર ચુસાએ ત્યાં સુધી.

૫૯=કવચનું બીઉ પથર પર ઘસી દંખ પર ચોંટાડે તો મોહ-રાની માફક કામ કરે.

૬૦=અરીઠાનું ચુરણ ાા તો. પાણી સાથ દરદીને પાવું જડબાં બંધ થયાં હોય તો ચુરણ દાંતના પારા પર ઘસવું દરદી હુશીઆર થાયને પછી ાા તો. ચુરણ ખવાડવું. સાપના ડંખથી શરીર ફાટે તો દરદી ને રોજ ાા વાલ ચુરણ ખવાડીઆ કરવું.

૬૧=કેળના ઝાડના થડનો રસ દરદીને પાવે.

૬૨–કુબડાનાપાનનો રસ પાવાથી કાળા સાપનું ઝેર ઉતરે.

૬૩—ઇગોરીઆ જે કપડાં ધોવાના કામમાં આવે છે તેની ધુંઇ આપવી.

૬૪—વાંઝણી કંકોડી=કટોળી,=વાંઝકકોડા, એના મૂળ ગાજરના જેવાં થાય છે; કંદ આખુ વરસ જમીનમાં રહે છે; ચોમાસામાં ફુટી વેળા થાય છે ઉપર પીળાં ફુલ થાય છે; તેના ૧) તો. નો રસ પીવાથી સાપનું, ઉંદરનું, બીતગરોડીનું ઝેહેર ઉતરે.

૬૫—સાપનુ ઝેહેર લાગે નહી—

ઘોડાવજની વાસ સાપને ભાવે નહી; મદારીલોક સાપ પકડતાં પહેલાં ઘોડાવજ ચાવી મોંહોમાં રાખે છે.

સાપ ઘરમાં દાખલ થઈ ન શકે માટે રતનાગીરીમાં ઘરો આગળ, દરવાજા આગળ ઘોડાવજનું ઝાડ રોપે છે. હીંગ, અને ઘોડાવજ પાણીમાં ઘસી હાથે લગાડે પછી સાપ પકડે તો સાપ દંખ મારે નહીં, અને હંગના વાસથી બેભાન જેવો થાય.

ધંતુરાનું ઝેર ઉતરે.



૧=ભોંયરીંગણીનો રસ ૪) તોલા પીવો.

૨=કપાસીઆના મગજનો કાંઢ (કોહવા) પીવો.

૩=તલનું તેલ ૧) તોલો ગરમ પાણી સાથ પીવું.

૪=ઘી પીવું અથવા દહીં ખાવું.

ધંતુરાનું ઝેર અને તેની કેફ ઉતરે—લાલ એરંડીઆના મુળ પાણીમાં વાટી પીએ.

ધંતુરાના ઝેર માટે—વેંગણના ૨ કટકા કરી તેને પાણીમાં ખુબ મેળવી તે પાણી પાવું અથવા ૨ તોલા ગઝિમુતર પાવું અથવા ૧ તોલો નીમક (મીઠું) પાણીમાં દોહી પાવું.

૫=ધંતુરાનું ઝેરે ઉતરે—ગાયનું દુધ અને સાકર ગરમ કરી પાવું.

૬=ધંતુરાનું અને કરેણ ઝાડનું ઝેર ઉતરે—દુધમાં સાકર દોહવી પીવું.

૭=ધંતુરાના ઝેરવાળાં દરદીની આંખની કીકી મોટી થાય છે. દીવાની રોશની જોવાથી કેફ વધુ ચઢે છે. કપાસના બીજ ખાવામાં લેવાથી અને કપાસના બીજનો અને કપાસના ફુલનો કાહવો પીવાથી ઝેર ઉતરે.

૮=જેઠીમધના મૂળીઆનો કાવો (કાહવો) પાવો.

કેરોસન તેલનું ઝેહેર.

હેર ઝાપરૂં ખાવાથી ઊતરે

ઝેહેર ધંતુરાના.

૧=ઘી માથે ઘસે તો પીવાની દવા કરતાં જળડી ફાયદો થાય.

૨=સોનાના વરખ ૨૫) ને ૪] રતલ પાણી માં ઊકાળે, તે પાણી દરદીને પીવામાં આપે. વરખ વગરનું ઊકાળેલું પાણી ગુણ કરે નહી.

૩=સંખાવળીનું પંચાંગ પાણીમાં વાટી પીએ.

૪=સમુદ્ર ફળ ગૌમૂત્રમાં પીએ.

ઝેહેર નિપાળાનું.

ઘોડા વજનો કાલસો ૩) વાલ પાણી સાથ આપે.

પાયણ જાણુવરનું ઝેહેર.

કચ્છના રણમાં આ જાણુવર થાય છે, તેના ઝેહેરથી માણુસ ઊંઘમાં મરે છે. કાંદાના વાસથીથી એ જાનવર દુર નાસે છે.

વચનાગનું ઝેર ઉતરે.

વચનાગનું ઝેહેર ઉતરે—૦। તોલો ટંકણુખાર ઘી સાથ ખાવો.

જોડો દંખે

૧=જોડો દંખે તે ઉપર—રતનજોતનું દુધ લગાડીઆ કરતું.

૨=જુની કામરી અને જુનું રદ ચપણું ચામડું ઘસીને લગાડીઆ કરવું.

ઝેહેર-દંખ માંખીનો અને ભમરાનો.

૧=તારાની કુંચી, પોકલ હોય તે દંખ ઉપર દાબે કુંચીના પોળાણ ભાગમા દંખ વાળો ભાગ ઉપસી આવશે, દંખનો કાંટો ઉપર તરી આવશે. તે ખેંચી કાઢવો.

૨=મગ અથવા મસુરની દાળને ગઊમુતરમાં વાટની તેને કાળી મટોડી સાથ મેળવી લેપડી મુકવી.

તરસ મટે-પાણીની સોસ મટે-મોંઢાની ગરમી સારી થાય.

૧=ગુલાબી ખીલી—કાથાને ગુલાબજળમાં પીગળાવીને તેની ગોળી અથવા ટીકરી બનાવે તે મોઢામાં રાખે.

૨=સોનું રૂપુ, અથવા લોખંડથી ઝામેલું પાણી પીવું.

૩=છાતીપરની દાહ તરસ માટે—ત્રાંબાના વાસણમાં પીવાનું પાણી રાખી તેમાં છુંદેલા ધાણાની પોતલી મુકી રાખે, અને તે પાણી પીએ. રોજ નવું પાણી બનાવી પીએ.

૪=તરસ મટે—મોટાં લીંબુ ૨=૩ નો રસ ખાંડ સાથે ચોળી ગાળી ને પાણી સાથ પીએ છે.

૫=તાવમાં તરસ લાગે તો સુખડ તોલો ,૧ પાણી ૧ાાં શેર સાથે ઉકાળી તે પાણી પીવામાં લીએ તો તરસ મટે.

૬=તરસ મટાડવા માટે—સુંઠ તોલો ૧ અથવા સુખડ તોલો પાણી સેર ૧ાા માં ઊકાળીને તે પાણી પીવામાં લેવું.

૭=સોપારી ચુસવાથી ઠુંક છુટે અને તરસ મટે.

૮=તરસ મટાડે—મોઢાંનો કડવાસ કાપે. ઝાડો લાગે-કાળી દરાખ ખાવાથી તથા તેનું સરબત પીવાથી ઉપલી અસર થાય છે. દરાખ વાપડતાં તેના ઠરીઆ હંમેશા કહાડી નાખવા જોઇએ.

તરસ મટે. પાણીની સોસ મટે.

પાણીની તરસ મટે.

૯=વરીઆળીનુ સરબત પાણી સાથ પીવું.

૧૦=ગોળનું પાણી પીવું.

૧૧=વડની વડવાઇની અથવા પીપળાની છાલની રાખ ૫) તો પાણી ૧) સેરમાં મેળવે; તેનુ નિતરૂં પાણી પીએ.

૧૨=ખારકનો ઠળીઓ મોંમાં રાખી ચુસે.

૧૩=ખડસેળીઆનું પાણી પીએ.

તાઢ વાઇને આવતો તાવ—મેલેરીઆ—વિષમ જ્વર—સતત—સંતત.

૧=મેલેરીઆ તાવ, ચોમાસાની બગડેલી હવાથી થતા તાવો, એગીઉ, દુર્જલ જ્વર અને ટાઢવાઇને આવતો રોજીઓ, આંતરીઓ, [તરીઓ] અને ચોથીઓ તાવ.

ચોમાસાંની ખરાબ હવા શરીરને લાગુ પડે તો મેલેરીઆ તાવ આવે.

જો હવાની ખરાબ અસર લોહીમાં લાગુ પડે તે તાવ ૧૨ કલાકને અંતરે આવે; જો ખરાબ હવા માંસમાં પેસી તો ૨૮ કલાકે તાવ પાછો આવે, જો મેદમાં દાખલ થાય તો તાવ ૪૮ કલાકે પાછો આવે. જો. હાડકામાં પેસી ગઇ તો ૭૨ કલાકે તાવ પાછો આવે.

કોઇ બી કડવા વસાણાનો કાઢવો ફાયદો આપે. જેમકે ખડસલીઓ, લીમડા, કરીઆતું, અતિવિખ, ગળો, પીપળીમુળ, કડુ એમાંથી એકનું ચુરણ ૦। તો. ખાવું.

સુંઠ, ધાણા, તજ, ગોખરુનો ઉકાળો પીવો.

૨=કરીઆતું, સુંઠ, ગળો રતાંજળીનો કવાથ પીવો.

૩=તુલસી અથવા કુવાનો રસ મરી સાથ પીવો.

૧૧—સુરોખાર અથવા સોડા સલફસ, પાણીમાં જેટલો પીગળે તેટલો પીગલાવવો તે ઘટ પાણીમાં સુમકું બોળી સુકવે, તે ઉપર લુબાનનો અર્ક નાખે, તેનો ધુમાડો હરદી લીએ.

૧૨—સુરાખારનું ઘટ પાણી બનાવે, તેમાં ખારના ચોથા ભાગે ધતુરાના પાનનું ચુરણ નાખે, ૧ દીવસ રહેવા દીએ. સુમકું ભીંજી ગાળે, તેમાં બ્લાટીંગ પેપર મુકે, અને સુકી તેનો ધુમાડો લીએ.

૧૩—સોમલનો અર્ક (તે અંગ્રેજી લાઇ કર આરસેનીકો) ૨ ટીંપા પાણી સાથ રોજ બેવાર, ખાધા પછી લીએ. આઠ દીવસ પછી બે દીવસ ખાંચો રાખે, આ મુજબ ચાલુ રાખે તો હાફણની જડ જાય.

૧૪—કસતુરી ૧ ભાગ, મરી ૨ ભાગ, સુંઠ બે ભાગ એક વાલની ગોળી ૨ રોજ ૩ વાર ખાય.

૧૫—ભોંયરીંગણીનું મુળ ૧૧ તો. પાણી ૧૫, તો. ઊકાળે, આઠ તોલા રાખે, એના ૩ ભાગ રોજ પીએ. રોજ તાજુ બનાવે.

૧૬—લવંગ, તજ, કપુર, અરીણ, સુંદર સંભાગે ૧, વાલની ગોળી બનાવે, ૨ ગોળી રોજ ૩, વાર લીએ.

૧૭—ભારંગના મુળ અને સુંઠ સંભાગે ૦॥ તો. ચુરણ આદુના રસમાં સવાર સાંજ લીએ.

૧૮—આદુ અને હળદર સંભાગે મેળવી એનો ધુમાડો લીએ.

૧૯—સરપખાના પંચાગના ચુરણની બીડી પીએ.

૨૦—પીળા એલીઆ ગોળ સાથ મેળવી વટાણા જેવડી, ગોળી બનાવે, ૧, ૨, ગોળી પાણી સાથ આપવી. ગોળી દાંતને લાગવી ન જોઇએ ઉપરથી સાકરનો સીરો ખવાડવો.

૨૧-અજમો અને ખસખસ સંભાગે ૦। તો, પાણી સાથે રોજ ૩, વાર ખાએ.

૨૨-કળાળીઆનું સફેદ પડ ૧ રતી, ગોળ સાથ રોજ ૩, વાર ખાવું. **Blatta** નામની દવા એમાંથી બને છે તે ડાકટરો વાપરે છે.

૨૩-ભુંજેલો ટનકણખાર ૧, તો, એલચી નંગ ૫ ભુંજેલી અતિવીષ ૧ તો, એનુ ચુરણ ૧, વાલ મધમાં રોજ બે વાર ખાવું.

૨૪-પીપલમૂળ ૦। તો, ખાઇને દુધ પીવું.

૨૫ ધતુરાના કાચા દીંડવામાં રહે તેટલાં બંગ ભરે, આટાનું પડ કરી બાફે. તેમાં અજમો ૨, તો, હીડીપીપર ૧, તો, અફીણ એઆની ભારે ગોળમાં ગોળી બનાવે સવાર સાંજ ૧, ગોળીનો રસ ગળે.

૨૬-આદુનો રસ અને મધ ચાટવું.

૨૭-અરડુસાના પાનના ચુરણની બીડી બનાવી પીએ. પાનનુ ચુરણ ૩, વાલ ખાએ. પાનનો રસ ૦।। તો. મધ સાથે અથવા આદુના રસ સાથ ખાએ. ક્ષયને, હાફણને ફાયદો કરે. અરડુસાના મૂળ અને પાનનો ઊકાળો, મરી, લીંડીપીપર સાથ ઉત્તમ ફાયદો આપે. (રાઈ અને દોધી ખાવાથી હાફણનું જોર વધે.

૨૮-રૂ વંતીને આખો છોડ ચુરણ તરીકે ૦। તો મધ સાથ ખવાય છે.

૨૯-ચોડાવજ (સ્વીટ ફ્લેગ) ૩, વાલ લેવું.

૩૦-હાફણ સર થાય એટલે હાફણની શરૂઆતમાં સુંઠ અને નીમખ સંભાગે ચુરણ ૦।। તો, લેવું.

૩૧-ગળાંમાં આંગળી ઘાળી વામીટ કરવું.

૩૨-ઘણું જોર હાફણનું હોય ત્યારે મોંઢાં ઉપર થંડુ પાણી છાંટવું. બરડાની કરોડ ઉપર રાઈ મુકવી.

૩૩-હાફણ મટે નહીં તેના ઈલાજો=સાંજે જાડી ખાવું, રાતરે ખાવું નહી. હીચકા ખાવાની કસરત ચાલુ રાખવી.

૩૪-હાફણ માટે ત્રાંબુ ઘણુ ઉપયોગી છે. તે નરમ આકારમાં ખાવું જોઇએ. મોરના પીછના ચાંદલામાં તાંબાનો પત છે માટે મોરના પીછની રાખ ૨, થી ૪ ચાર વાલ, મધ અને ઘી સાથ ખાવી. (મધ અને ઘી સરખાં પ્રમાણમાં ન લેવાય, તે લેવાથી નુકસાન થાય છે, મોરના પગમાંથી ત્રાંબાનો પત છે તેથી તેનું તેલ બની છે અને દવા તરીકે વપરાય છે.

૩૫-એળીઆ અને ગોળની ગોળી સારી છે. તે ગોળીને રૂપાનો વર્ખ ચઢાવી રોજ બેવાર બબે ગોળી ખાય તો ઘણો ફાયદો છે

૨, થી ૪, તો, ઘી ગરમ કરીને પીએ ાા કલાક સુધી પાણી પીએ નહી.

૩૬–મોરથુથુ ૫ા રતીનો અરધોભાગ રૂની ફ્લેકમાં લપેટી ગળી જવું. તાતકાલીક ગુણ આવે, હાફણ તરત નરમ પડે.

૩૭–વજ (ગંધીલોવજ) બેઆની ભાર ગરમ દુધમાં લેવું. ૩, કલાક પછી એકઆંની ભાર થંડા પાણીમાં લેવું. ૩, કલાક પછી ફરીથી થંડા પાણીમાં લેવું. કોઇ દરદીને વામીટ અથવા બકારી થાય, કોઇને ન થાય, પણ હાફણ જરૂર બેસે. કફના સઘળાં દરદ નરમ પડે.

૩૮–હીંચોળા ઉપર ઊંચાણ સુધી હીંચકા ખાવા.

દરાઝ, ખરજુ, લુખસ, કીડ–ધવડો હાથર—ગજકરણ.

૧–દરાજ—ગળકાને કાપી કટકા કરી ઘીનો હાથ દેવો, લોઢી ઉપર ઘીનું પોતું ફેરવી ગળકાને બાળી કોયલો કરવો. ૧૦૦ વાર ધોએલાં ઘીમાં મલમ કરી લગાડવો તેથી દરાજ મિટી જાય છે.

૨–દરાઝ માટે—ઘઉનું તેલ અને મરઘાંની ચરબી મેળવી લગાડવું.

૩–લુખસ, ખસ, હાથર સારી થાએ—૪ ભાગ તલના તેલ સાથ ૧ ભાગ ગંધક મેળવીને દીવસમાં બે અથવા ૪ વાર મસળે કપડાથી ગાળે.

૪–દરાઝ માટે—કાથો અને ફરાસ પાપડો મેળવીને લગાડવો.

૫–દરાઝ માટે—ગોઆ પાઉડરની માફક અમલસારો ગંધક વપરાય છે.

૬–એલીઆને સરકામાં ગાળીને લગાડવો. એલીઆને સરકામાં મેળવે, સુકવીને ભુકો બનાવે તે ગોઆ પાઉડર માફક વાપરે.

૭–પાગસનાં ડીંડવા પાણીમાં ઘસી લગાડવું.

૮–કુંવારીઆનાં બી એક ભાગ, સાજી ખાર બે ભાગ, જવ ખાર ૪ ભાગ, લીંબુના રસમાં મેળવી વાપરવું. દરાઝને ખંજવાળ્યાથી પહેલે ઘસવું ને પછી લગાડવું.

૯—કુવાડીઆ, અને લીમડાના પાંદડાનો રસ લીંબુના રસ સાથે દરાઝ ઉપર લગાડવામાં આવે છે.

૧૦—નાળીએરની કાચલીનું તેલ લગાડે છે. કાટલીને ચુલામાં મુકી સળગાવી તે બળતી કાટલીને પીતળની થાળીમાં મુકવી અને તેની ઉપર બીજું વાસણ ઢાંકવું. આ રીતે તેલ નીકળે છે.

૧૧—દીવેલ શેર ૦। ઉકાળવું તેમાં આંકડાનુ એક પાતરૂં નાખવું તે તળાઈ રહે ને બીજું નાખવું. એ મુજબ ૨૧ પાતરાં નાખવાં જ્યારે પાતરાં બળી જાય ત્યારે તેલ નીચે ઉતારી અંદર ૦॥ તોલો મનસીલ મેળવીને ચોપડવું. દરાઝ અને ખુજળી બે દીવસમાં સારી થાય છે.

ટંકનખાર ભાગ ૫, ઇસેસ ૪, ગુંગળ ૩, કપુર ૨. કાંડો ૩, ગંધક ૫, સાકર ૩, કુવાડીઆના બી ૪, મોરથુથુ ૨, લીંબુનો રસ ૫ ભાગ એને ગોટી બનાવી સુકવવી. તે પાણીમાં ઘસી દરાજ તથા ખરસવા ઉપર લગાડવી.

૧૨—દાંડીઆં થુવરની સુકી દાળા, આંકડાનાં પાંતરાં, ગોસદોડા સમભાગે બાળી, રાખ કરીને દીવેલમાં મેલવી ચોપડવું. તડકે બેસવું અને ગરમ પાણીએ નાહવું.

૧૩—ખડીઓ ખાર, અફીણ સુખડ સંભાગે મેળવીને લીંબુના રસમાં લગાડવું. દરાઝને છાણુથી ઘસીને લગાડવું.

૧૪—ગંધકના ભુકાને તેલ સાથ મેળવી મસળવાથી ચામડીના દરદ સારા થાય છે.

૧૫—આમલીનો ચીચોરો લીંબુના રસમાં ઘસીને લગાડવો.

૧૬—આમલીના પાતરાનો રસ પીવો,

૧૭—મીંઢી આવરનું મુળ લીંબુના રસમાં ઘસીને ચોપડે છે.

દરાઝ, ઉંદરી, સફેદ કોહોડ, કરોળીઓ, પીટના ચાઠાં માટે કાચું દીવેલ ૦॥ શેર, બોં પાતરીનો રસ ૦। શેરને ઉકાળવું પાણી બળી રહે ને મસળવામાં લેવું.

૧૯—કાચળીનું તેલ પાતાલ જંતરમાં કાહાડી દરાઝપર લગાડે.

૨૦—નવસાગર અને ફટકડી સંભાગે લીંબુના રસમાં મેળવી રોજ બે વાર લગાડે.

૨૧—કાચા પપાઇનો રસ લગાડવાથી ફાયદો છે.

૨૨—ગજકરણ માટે—કોઇબી મલમ વાપરો તેની ૧ દીવસ આગળ દરાંજની જગાપર કુળાની પોટીસ બાંધી રાખવી અને બીજે દીવસે મલમ લગાડે તો તરત ફાયદો થાય.

૨૩–કાડીઆમાં દીવેલનો ધરો થયો હોય તે લગાડે.

૨૪–દરાઝ આખા શરીરે હોય તે માટે—આવળ અથવા બોરડીની છાલના ઉકાળાથી ધોવું અને પીળાં ફુલ વાળી દારૂડીના મુળીઆની છાલનો લેપ કરવો જો આખા શરીરે હોય તો ૦॥ શેર છાસમાં ૧૦) મરીનાખી ઉકાળો બનાવી ૨ માસ સુધી રોજ પીવો. શરીર સુધરશે અને ચોખું થશે.

૨૫–ખરજવું અને દાદર એની જગા ઉપર ઘી ચોપડી કુતરા પાસ ચટાડવું.

૨૬=ખરાજવાં ઉપર જોરથી પાટાં બાંધી રાખવો છોડવો નહીં હવા ન લાગવાથી પોપરો બંધાઈ દરદ નીકળી જશે. પછી તાર લગાડી પાટો બાંધવો.

૨૭–ડાંડલીઆ કુઅરની સુકી દાંડી આકરાના પાન, ખસખસના એસ સરખે ભાગે બાળી તેની રાખ એરંડીઆ તેલમા મેળવી લગાડવી.

૨૮+૨૯–દાદરને ખણી ઘી ચોપડી ઉપર કળી ચુણો ભભરાવવો.

૩૦–ઘઉના લોટના ફુળાંની અથવા અળસીની પોટીસ દરાઝપર બાંધી તે જગા પકવવી અથવા નરમ કરવી; પછી બાવચીના બી મોંમા ચાવી તેની લેપડી દરદપર બાંધે તે વળગી રહે. લેપડી પોતાની મેળે નીકળે ત્યારેજ કાઢવી અને બીજી વાર આ ઈલાજ કરે.

૩૧–ચણાની દાળને બકરીના દુધમાં ૩) દીવસ ભીંજવી રાખે પછી તેને વાટીને લેપડી મુકે. આઠ દીવસ લેપ મુક્યા કરવો.

૩૨–દળેલી રાઇ દહી સાથ મેળવીને લગાડવી.

૩૩–લોબાન લીંબુના રસમાં ઘસી લગાડવું.

૩૪–સરપંખાના બીનું તેલ બનાવી દરાઝ પર લગાડવું.

૩૫–હળદરની રાખ, ચુનો, અને ચેવલી પાન વાટીને પાણી સાથ વાટીને લગાડવું.

૩૬–હીંગને લીંબુના રસમાં ઘસી લગાડવી.

૩૭–દાડમડીના પાનનો રસ મસળ્યા કરે તો દરાઝ સુકાઇ જાય.

૩૮–કુતરી (કુટેલા) ઘાસનો ઝુમખો દાદરવાળી જગાપર ઘસે તો અગન બળે અને દરાઝ સારી થાય.

દરાઝ=દાદર, ખરફસ=ખરજવું.

૩૯–લાકડીઓ ગંધક ૪) ભાગ. કળીચુનો ૧) ભાગ, તંબાકુ ૩) ભાગ, કેરોસીન તેલ ખપે તેટલું. મલમ કરી લગાડે.

૪૦–એળીઓ, કબુતરની અઘાર, સંભાગે ૨) તો० લઇ ०॥ શેર પાણીમા ૧) દીવસ બોળી રાખે, પછીથી લગાડે. એળીઆને કડવો બોર કહે છે. કુમારના છોડના રસમાંથી તે બને છે. હવામાંનો બીનાસ

એ ચુસે છે, અને મોટો થાય છે. ઓરડામાં એને રાખે છે, મસ્ચુરે ઓરડાનો બીનાસ એચુસી લીએ છે; તેથી મચ્છર થતાં નથી. કુમાર મચ્છર મારતો નથી, પણ તેને પેદા થવા દેતો નથી.

૪૧—ખરજવા માટે—૧) રાત થુલાની, અથવા અળસીની પોટીસ બાંધે પછી દવા લગાડે. ઉપર કોઇબો મોટું પાતરૂં મુકી પાટો બાંધે. ૮) દીવસ પછી પાટો છોડે.

૪૨—કાળી મટોડીની લેપડી મુકી પાટો બાંધે. રોજ બેવાર ૧) અથવાડીગી કરે.

૪૩—મહુડાની ડોળીની રાખ લગાડવી. પેહેલે ફ્ળાંને ખાંડ સાથ મેળવી પોટીસ કરી દરદ ઉપર મુકે જેથી કીડા બહાર નીકળી આવે, પછી રાખ લગાડે તો કીડા જળડી મરે.

૪૪—ફુલવેણું મોરથુથુ ૧) ભાગ, અમલ સારો ગંધક બે ભાગ, બોદાર ૨) ભાગને લીંબુના રસમાં ખુબ મસળો. ૧) ભાગ દવા અને ૨) ભાગ ૧૦૦) વાર પાણીથી ધોયલું ઘી મેળવી લગાડે. ખરજવાને ખુબ ઘસવું. તે ઉપર ખાંડ ભભરાવવી; તેથી જીવડા ઉપર તરી આવશે. પછી બારીક અફીમ રૂમાં મેળવી, પાણીમા બોળવું ખરજવાં ઉપર મુકી પાટો બાંધવો.

૪૫—કડવી નાયના મુળને લીંબુના રસમાં ઘસી લગાડે.

૪૬—વડનગરી મીઠાંની ગાંગરી રાત્રે સુતીવેળા મોંમાં રાખવી, સવારે તેને મોઢાંમાથી કાઢીને વાટે અને ખરજવાંપર લગાડે, તે ઉપર બેસનુ છાણુ લગાડી શેક કરે.

૪૭—ફુલવેળા ટંકણ ખારનુ ચુરણ ચોલેમોગરા તેલ સાથ લગાડે.

૪૮—બાવચીને મોઢાંમાં ચાવી દરાઝપર મુકી પાટો બાંધી રાખે. ૪) દીવસ સુધી રાખે,

૪૯—માંકડ દરાઝ પર ઘસે.

૫૦—સચોરો અને ચુનો મેળવી લગાડે.

દાંતના દરદો

દાંતના કીડા મરે, દાંતનો દુખાવો મટે,—હાલતા દાંત મજબુત થાય,—પારા સુઝેલા નરમ પડે,—દાંતનો કાળાશ મટે.

૧=દાંતના દરદ માટે અકલગરાનું મૂળીયું મોંઢામાં દુખતા દાંત આગળ રાખવું.

૨=હીંગ કીડાનો નાશ કરે છે. તે દાંતમાં દાબવાથી દાંતનું દરદ નરમ પડે છે.

૩=ફરીનો ચીક કાથા સાથે મેળવી દુખતા દાંત ઉપર મુકે છે.

૪=દાડમના પાતરાં ૦॥ તોલો ચાવવાં; મોઢામાં તેનો રસ એકઠો થાય તે થુંકી નાખવો, રસ ગળી જવો નહીં.

૫=અકલગરાના મુળનો અરક (ટીકચર પાએરેકરાઈ) રૂમાં મેળવીને દુખતા દાંત પર મુકે છે.

૬=ધતુરાના બીનો ધુમાડો દુખતા દાંત ઉપર લેવો.

૭=થુવરના સુકાં દુધને પોટલીમાં બાંધી પાણીમાં બોળી તે પોટલી દાંત ઉપર મુકે છે.

૮=ધતુરાના બીને છુંદી તેની પોટલી કરી દુખતા દાંત ઉપર મુકવામાં આવે છે.

૯—દાંતના કીડા નીકળી પડે—કાંદાના બીજનો ધુમાડો મોંમા લીએ તો દાંતના કીડા નીકળી પડે.

૧૦=કરંજના ઝાડની ડાખલીનું દાતણ કરવાથી દાંતના કીડા મરી જાય છે.

દાંતનું મંજન—એક ભાગ કપુર અને આઠ ભાગ ચાક મેળવી બનાવે છે. જે જથુક વાપરવામાં નુકશાન છે, એવું કેટલાક અનુભવીઓનું મત છે.

કપુર બારીક વાટી શકાય નહી તેથી તેમાં સ્પીરીટ અથવા કોલનવોટર નાંખો તો તરત બારીક ભુંકો થાય છે. નાળીએરનું પાણી તથા સરકો કપુર સાથે વાટે તો કપુર જલદીથી વટાઇ જાય છે. કપુર જલદી ઉડી જાય છે. કપુર સાથ કાળાં મરી હોય તો કપુરને ઉડતા વખત વધુ લાગે છે.

૧૧=લોહી, રસી બંધ કરે—કાથાની ભુકી દાંતના પારા પર નાખે.

૧૨=દાંતનું મંજન—દાડમના શુકા ફુલ ૫૦, ચીનીકબાલા બે તોલા, રૂમી મસ્તકી એક તોલો, કાથો એક તોલો, વાંસકપુર એક તોલો, એલચી એક તોલો, ફટકી ll તોલો, બદામના કોચલાં બાળેલા ૨॥ તોલા, બે તોલા સોપારી બાળેલી એ સઘળું મેળવવું. જો મંજન આકરૂં લાગે તો ચાક ઉમેરવો.

૧૩=દાંત કળતાં બંધ પડે—તુળસીના પાતરાંને છુંદીને કુળીજન અને લવંગ સાથે મેળવીને દાંત પર લેપડી મુકવી.

૧૪=દાંત સડેલાં હોય તેનો દુખાવો મટે—કપુર અને અફીણ સંભાગે લઇ તેની ગોળી બનાવી દાંત પર મુકે.

૧૫=દાંત હાલે—જો નાની ઉમરમાં દાંત હાલતા હોય તો તલનું તેલ અને સીંધાલુણ મેળવીને દાંતને લગાડે.

૧૬=દાંત મજબુત થાય—દાંતનું દરદ મટે—તલના તેલમાં સીંધા-લુણ મેળવી કોગળા કરવા.

૧૭=દાંતના દરેક દુખ મટે--બોલસરીના ઝાડની છાલનું ચુરણ બનાવી તેનું મંજન કરે.

૧૮=દાંતનો દુખાવો નરમ પડે--દુધેલીના પાનનો રસ કાનમાં નાંખે અને છુંદો દાંત પર મુકે તો દાંતના કીડા નીકળી આવે.

૧૯=એરંડાનું દાતણ કરવામાં ઘણો ફાયદો છે. તનદીરનું દુધ અડાયાની રાખમાં અથવા કાળી મટોડીમાં મેળવી દાંતનું મંજન બનાવી વાપડે તો હાલતા દાંતને મજબુત કરે. આ અકસીર ઇલાજ છે.

૨૦=જાયફળનું તેલ દુખના દાંતમાં મુકે.

૨૧=દાંતના પારા કારા હોય પારાપર શોજો હોય ત્યારે ચેવલી પાન ચાવે.

૨૨=દાઢ દુખે (વાઇથી) તો નાકમાં અને તાળવાપર દીવેલ લગાડવું.

૨૩=દાંતના કીડા મરે. મરીના ૭ દાણા અને મીઠું તેટલુંજ મેળવી દુખના દાંત ઉપર પોતલી મુકે મોઢામાં રસ એકઠો થાય તે બહાર કહાડે.

૨૪+૨૫=રતનજોતનું મુળીયું જીભટમાં સેકી તેને છુંદી દાત ઉપર મુકવું.

૨૬=દાંતના પારા સુજે ત્યારે—મીઠું દાબી લોહી કાડવું પછી ફટકી દાબી લોહી બંધ કરવું.

૨૭=દાંત સફેદ થાય. દાંતનો દુખાવો મટે—રતનજોતનું દુધ કાળી મટોડીમાં અથવા રાખમાં મેળવી મંજન બનાવી દાંતે ઘસે.

૨૮=દાંતનો દુખાવો નરમ પડે—મીંઢળની મીંજની પોતલી દાંત ઉપર મુકે. મોંઢામાં રસ છુટે તે બહાર કહાડે.

૨૯=દાંત હાલતાં મજબુત થાય—ભરવાડાના ઝાડનું અથવા કાંટા સળીઆનું દાટણ બનાવી દાંતે ઘસવું.

૩૦=દાંત મજબુત થાય—બોલસરીની છાલ દાંતે ચાવવી અથવા એ છાલનો ભુકો, બોંયરીંગણી, બદામના કોટલાની રાખ મેળવી મંજન કરે.

૩૧દાંત=હાલતાં હોય તો પીળવંતની દાખલીથી દાતણ કરે.

૩૨=દાંત હાલતા મજબુત થાય—ધમાસના ઉકાળાનાં કોગળા કરવા અથવા જુની દીવાલનું મટોડું દાંતે ઘસવું.

૩૩=લવંગ પાણીમાં વાટી તેના ટીપાં અથવા તલના તેલના ટીપાં કાનમાં નાખવાથી દાંતના દુખાવો તરત નરમ પડે છે.

૩૪=અકલગરો ચાવવાથી દાંતનું દરદ નરમ પડે.

૩૫=દાંતનો સરો, સોજો મટે—પીપર, સિંધવ, જીરૂં એનું ચુરણ દાંતે ઘસવું.

૩૬=કાચું અંજીર પારાપર મુકે તો દાંતનો સોજો નરમ પડે.

૩૭=અઘેડાના ફુલનો રસ લગાડે તો દાંતનું દરદ મટે.

૩૮=ઈંદ્રવરણાનું મુળ દાતે ઘસે તો કળતર મટે.

૩૯=રતનજોતનું ફુલ કાથા સાથ મેળવીને ચુરણ દાંતે ઘસે તો દાંત મજબુત થાય.

દાંતનું મંજન—રૂમી મસતકી, દાડમના ફુલ, હીમજ, સુકા આમળા બબે તોલા, માચરસ, હીરા દખણ એકેક તોલો મેળવવું.

૪૦=ગરમીથી પારા ચઢે } તે માટે વરીઆળી ચાવી મોંઢામાં
અને દાંત દુખે, દાઢ કળે. } રાખવી, અને રસ બહાર થુકવો.

૪૧=દાંત દુખતા નરમ પડે—સેવગાના ફુલ તથા પાન ચાવે.

૪૨=દાંતનો દુખાવો નરમ પડે—સુંઠ અને ફટકડી સંભાગે લઇ મંજન બનાવી દાંત ઘસે.

૪૩=દાંતનો દુખાવો નરમ પડે—વડ વધે તે વડના ઝાડપર ઉપરથી લટકતી મુળીનું ચુરણ બનાવી દાંતે રોજ મંજન કરે.

૪૪=દાંતના કીડા નીકળે—હીંગ, સુવા, અથવા કનેરની જડ એમાંની એક ચીજ દાંતપર રાખે.

૪૫=કળતા દાંત. } તે ફાયદો કરે—સપિસરાના પાન મોમાં
હીળતા દાંત. } રાખવા અને તેની લાકડાની સળીથી દાટણકરે.

૪૬—દાંતના પારા કાળા થયા હોય તો, સાજીખાર મધમાં મેળવી ઘસવું. મુરડાલ માંસ નીકળી જશે, અને નવું. આવશે.

૪૭—દાતમાનું લોહી બંધ પડે—મીઠાંના પાણીના કોગળા કરવાથી લોહી બંધ પડે છે.

૪૮—દાંત દુખે—જો ગરમ પાણી દાંતને લાગવાથી દાંત દુખે તો સુવા ચાવીને તેનો છુંદો દુખતા દાંત આંગળ રાખવો.

૪૯—દાંતનો દુખાવો—સેકટાનો ગુંદર દાંત ઉપર દાબે.

૫૦—દાંત દુખતા નરમ પડે—કપુર અને અફીણ સંભાગે લઇ ૧ વાલ જેવડી ગોળી બનાવી ૧ ગોળી દુખતા દાંત આગળ મુકે મોંઢામાં રસ નીકળે તે બહાર કહાડે. નીકળેનો રૂ અથવા ગોળી પેતમાં જાય નહી.

૫૧—દાંતની કળતર મટે—કાથો તોલા બે, કપુર ૦૧ તોલો, માયાં બે તોલા, ચાક તોલા ૪, બાવલની છાલ તોલા બેનું મંજન કરી દીવસમાં ૩ વાર દાતણ કરે.

૫૨—દાંત હીલતા મજબુત થાય—તંબાકુ ૪ તોલા, મરી ૧ તોલો, લવંગ ૦॥ તોલો, ફુલવેલી ફટકી ૪ તોલા મેળવી દાંતનું મંજન બનાવી વાપરવું.

૫૫—દાંતના પારાને લવંગ મજબુતી આપે છે. ખરાબ વાસ દુર કરે છે. દુખતાં અને કળતા દાંત ઉપર લવંગ ચાવીને રાખવાથી દુખાવો નરમ પડે છે, મોઢામાં ખરાબ વાસ આવે તેવા માણસોએ ચાર લવંગ રાતરે મોંઢામાં રાખી સુવું, સહવારે થુકી નાંખવાં.

૫૬—દાંત દુખવા માટે—વડનું દુધ રૂમાં ભીંજવી દાંત ઉપર મુકે છે.

વડવાઇ—વડની જડ, દાંત માટે સારી છે.

૫૭—દાંત મજબુત રહે—વડનું દાતણ રોજ કરવાથી દાંત મજબુત રહે છે.

૫૮—દાંતના કીડા નીકળે—ચાયવળંરગના બીજને લીંબુના રસમાં ગરમ કરવાં. તેની પોટલી દાંત પર મુકે તો દાંતના કીડા નીકળે છે.

દાંતમાં કીડા પડેલા હોય તો હીંગ અને ભોંયરીંગનીના બીજ સંભાગે આતસ ઉપર મેલીને તેનો ધુમાડો દુખતાં દાંત ઉપર લેવો.

૫૯—દાંતનો દુખાવો, દાંતનું હાલવું—રતનજોતના દુધમાં પાનમાં ખાવાનો કાથો ભીંજવી, સુકવીને દાંતપર ઘસવાથી દાંતનો દુખાવો નરમ પડે છે. અને હાલતા દાંતો મજબુત થાય છે. એ ઘણો જાણીતો ઇલાજ છે.

૬૦—દાતણ—લીમડાની ડાળીનું દાતણ કરવાથી મોંઢાના જીવ જંતુ મરી જાય છે.

૬૧—દાંત હાલતા હોએ તો સીંધવ અને પીપરનું ચુરણ દાંતે ઘસવું.

દાંત કળે અને હાલે તો નીચલું મંજન રોજ બે વાર કરવું.

૬૨—સીંધવ, લીંડી પીપર, જીરૂં, બદામના ફોતલાંની રાખ મેળવી મંજન બનાવવું.

૬૩—દાંત કળતા, દાંત દુખતા—આ દરદ માટે વજ્રદંતીના ઝાડની છાલ ચાવે તો ઘણો ફાયદો થાય છે, આ ઝાડના પાતરાં બોરડીના પાતરાં જેવાં પણ જરા નાનાં છે.

૬૪—હાલતા દાંત માટે—વાટવલંગ, મરડાસીંગ અને કાથો એનું ચુરણ કરી હાલતા દાંત ઉપર મુકી ઉંઘી જાય તો દાંત મજબુત થાય છે.

૬૫—અકીકની ભસ્મ—અકીકના પથરને ગરમ કરી પાણીમાં બોળવું. આ મુજબ ૪-૫ વાર કરવાથી બારીક ભુકો થઇ શકશે.

દાંત હાલતાં બંધ પડે—અકીક ભસમ એકલી અથવા મોતી અને પરવાળાની ભસમ સંભાગે મેળવી દાંતને લગાડે તો હાલતા દાંત મજબુત થાય; અને દાંત ઉપરની છારી નીકળી જાય.

૬૬—દાંત હાલે તે માટે—હીરાડકન ૫ તો૦, બાભુળ ૫ તો૦, ૨ તો૦ ફટકી (ફુલવેલી હોય તો ૧॥) સોનાગેરૂ ૦। તો૦, એનું મંજન બનાવી દાંતે ઘસે.

૬૭—દાંતનું મંજન—બદામના કોટલામાં એસીદ તેનીક ઘણી છે એની રાખમાં ખાર ઘણો છે. બદામના કોટલાંના કોલસાને ચાક સાથ મેળવી મંજન બનાવે. એકલો બદામના કોલસાનો ભુકાનુ મંજન કરે તો મોંઢામાં છાગરા પડે.

૬૮—દાંતના દરદ માટે ૪ ગ્રેન મીઠું સુંઘવાથી દાંતનો દુખાવો મટે છે. મીઠાંના પાણીના કોગળા કરવાથી જીભનો ઠરો સાફ થાયછે.

૬૯—દાંત દુખતા નરમ પડે—અકલગરો અને કારા જીરાંનું સંભાગે ચુરણ બનાવી તેની પોટલી કરી દાંત પર મુકે અથવા અકલગરો અને ફટકીનું સંભાગે ચુરણ કરી દાંતપર દાબે.

૭૦—દાંતનો દુખાવો નરમ પડે—ઇંદ્રિવાણીના ફુળને ગરમ તવાથા ઉપર મુક અને તેનો ધુમાડો દાંત પર લીએ તો અંદરના જીવડા બહાર પડે.

૭૧+૭૨+૭૩—દાંત દુખે—જો ગરમ પાણી દાંતને લાગવાથી દુખાવો થાએ તો મસતકી દુખતા દાંત આગળ દાબે.

૭૪+૭૫+૭૬—દાંતના દુખાવા માટે દાંત ઉપર પીપરમીટના ફુલ મુકવામાં આવે છે.

૭૭=પેપરમીન્ટના ફુલ અને કપુર સરખે લઇ સાથે મસળે અથવા જરા ગરમ કર તો તેલ જેવું બને છે. તે તેલ દાંતમાં મુકાય છે તથા બીજા કોઇ બી સરીરના દુખાવા પર મસળાય છે.

૭૮=દાંત દુખે ત્યારે ભોંયરીંગણીના બીની બીડી બનાવીને તેનો ધુમાડો મોંઢામાં લેવો. દાંત દુખતાં નરમ પડશે.

૭૯=હીલતા દાંતનો દુખાવો—મરડાસીંગ. વાખવડંગ તોલો દરેક ૦॥, કાથો તોલો ૦। વાટીને એક ચમતી દુખતા દાંતમાં રાતરે સુતી વખતે મુકી રાખે તો ફાયદો થાય.

૮૦=દાંતમાંથી લોહી નીકળે ત્યારે લીંબુ દાંતે તથા પારાએ ઘસે. કોઇથી ખટાસ સહેવાય નહીં તો મીઠાં લીંબુ વાપરે તેનો ગુણ બી એક સરખો છે.

૮૧=દાંતમાંથી લોહી, પરૂ પાણી નીકળે તો—હીરાબોરના કોગળ કરે.

૮૨=દાંત કોહેલાની ઉપર હીરાબોર મુકે તો દાંત નીકળી જાય એવું કેટલાક વઈદ કહે છે. અંગ્રેજી વઇદાંમાં તો એનો ભુકો દાંતને ઘસવાના મંજનમાં વપરાય છે તે પારાને કૌવત આપે છે.

૮૩–દાંતનું મંજન હાલતા–દાંત સારા થાય—લીંડી પીપર નાની, સીંધવ, લુણ, જીરૂં, બદામના કોચલાં બળેલાં સંભાગે મેળવી સવાર સાંજ દાંતે ઘસે.

૮૪=દાંતનું મંજન—મીઠું દાતને સાફ કરે છે. પારાને મજબુત કરે છે અને વાસને દુર કરે છે.

૮૫=મંજન—ફુકારેલી ફટકી ૧ ભાગ, કાળાં મરી ૧ ભાગ મેળવી બે વાર રોજ મંજન કરવાથી મોંઢાનો વાસ નરમ પડે છે.

૮૬=દાંતનું મંજન—બાવલની છાલ અને બદામના કોચલાના કાલસાને મીઠાં સાથ મેળવી દાંતનું મંજન બનાવે છે.

૮૭=દાંતનું મંજન—કાળા મરી અને ભુંજેલું મીઠું દાંતે ઘસવું.

૮૮=દાંત મજબુત થાય—દાંતનું દરદ મટે—તલના તેલમાં સીંધાલુણ મેળવી કોગળા કરવા.

૮૯=હાલતા દાંત મજબુત થાય—મોરસળીના (બોરસરી] ફુલ મગજને બહુજ તરી આપે, એની ખુસબો બહુ સારી છે. આ ઝાડની છાલરોજ ચાવે તો દાંત મજબુત થાય.

૯૦=દાંતના પારાનું માંઉસ કાચુ થયું હોય તેનો ઇલાજ } સાજી ખારને મધ સાથ મેળવી દાંતના પારા ઊપર રોજ ત્રણ વાર મસળે તો મુરદાળ માંઉંસ નિકળી જાય અને નવું માંઉંસ આવે. જો પારા ઉપર સોજો હોય તો ચેવલી પાન ચાવે.

દાંતના દરદો.

દાંત હાલતા મજબુટ થાય.

૯૧=વાવડીંગ, મરડા સીંગ, કાઠો સંભાગે ચુરણ ૨) વાલ રાત્રે સુતીવેળા ૨૧) દીવસ ખાએ.

૯૨=મોઢામાંથી ખરાબ વાસ નિકળે તે માટે ગોરખ મુદાનું ચુરણ ૦૧ તો. છાસ, અથવા સરકા સાથ ખાય.

૯૩=દાંત હાલતા અને સડતાં બંધ પડે.

૯૪=રોહીસ નામનું દાસ થાય છે; તેને ઘોર ખાય નહીં, તેના ફુલ ૧) ભાગ ઠીકરાં પર સેકેલું મીઠું ૭ ભાગ લેવું. કાદવની

કાંડલ્લીમાં મીઠાનું ૧] ઠર તે ઉપર કુળનુ થર એમ થર કરવો. કપડ છંદ કરી છાણાની ભઠીમાં સળગાવે, તે મીઠું મંજન તરીકે વાપરે.

૯૫=દાડમની છાલનું અથવા અકલકરાંનું ચુરણ દાંત પર ઘસે.

૯૬=અવાળુ ફુલે—કરમદીના ઝાડનુ મુળીકે પાણીમાં ઘસી લગાડીને દાબે અને મોંઢુ ગળતું રાખે.

૯૭=અવાળુ ફુલે તે મટે સેરી લુબાનને ગેરૂનો રંગ આપે તેને રૂમા મેળવી અવાળુ પર મુકે.

૯૮=દાંતમાંથી લોહી પુરૂ નિકળે તો અરડુસાના પાન ચાવે.

૯૯=દાંતનો દુખાવો; ચોખા સાથે તલને રાંધે, તુળસીના પાન અને કોપરાંનુ ખમન નાખી પકાવી ખાએ.

૧૦૦=દાંત હાલતા મુજબુત થાએ, ગંધીલો વજ, અને કોપરાને કાદવના વાસણમાં કપડ છંદ કરી બાળે (કોપરાંનું તેલ વાસણની બહાર ફુટી નિકળે, અને સઘળું બળી રહે ત્યાં સુધી છાણાનો ધંગાર રાખાવો, જો બાળવામાં ખાંમી રહેસે તો કોપરાંનો ખરાબ વાસ તેના કોયલામાં રહી જસે) આ પકાવેલા કોલસામાં ફુળવેલી ફટકડી, કાંઠા મેળવી મંજન બનાવી વાપરે (ફટકડીથી કોઇનાં દાંત ખટાય છે માટે ખપ જોગીજ લેવી.)

૧૦૧=દાંતના દુખાવા મટે અગત્યાના ઝાડનો ગુંદર દાબે અથવા સુંઠ અને નવસારનું ચુરણ દાબે.

૧૦૨=દાંતનો દુખાવો મટે; વડના દુધને રૂમાં મેળવી મુકવે તે રૂ પાણીમાં ભીંજવી દાંત પર મુકે દાંત હાલતા મજબુત થાય.

૧૦૩=દુખાવા માટે બીલાંનો ગુંદર દાબે અથવા એના મૂળનું દાટણ કરે.

૧૦૪=દુખાવા માટે કાળા મટોડીને પાણીમાં પળાલી અંદર દીવેલ નાંખી દાંતને ઘસે.

૧૦૫=દાઢમાં થતી કળતર માટે અકલગરો ૧) તો. ટનકન ખાર ૦। તો૦ દાઢપર દાબે તો નસતર મુકવાની જરૂર ન રહે.

દાંત અને દાડ દુખે તે ગાટે.

૧૦૬=આદુના કટકાને તુળસીના પાનમાં વીટાળી મોમાં રાખે અથવા દુખતા દાંતના ગાળ પર ચીત્રો પાણીમાં ઘસી લગાડે અને દુખતો દાંત ઉપર ખાંડ ભભરાવે; અથવા સાકરનો કટકો રાખે મીઠાસ ખાવાં જીવડા ઉપર આવે તે ચિત્રાની ગરમીથી મરે.

૧૦૭=સરસીઆ તેલ ૧) સેરમાં ૦। સેર મરચાં નાખી ઊકાળી તેલ બનાવે; આ તેલ કાનમાં નાખી ૫) તીનીટ રહેવા દીએ. કાનની

અંદર પણો ઝટકો લાગે તેવુ આકરૂં તેલ હોય તો અંદર બીજું તેલ ઉમેરે, ખમાય એવું તેલ બનાવે.

૧૦૮=આકરાના કુમળાં પાનને પાણી સાથ વાટે તે રસ કાનમાં નાખે. જે દાઢ દુખતી હોય તેની સામેના કાનમાં નાખે આ ઈલાજ ચોકસ છે.

૧૦૯=દાતના કીડા બહાર આવે—દરદીને તડકે સુવાડે. કાનમા તલનું તેલ નાખે. બે મીનીટ પછી તે તેલ કાઢી નાખે. આણમાંનાં પાનનો રસ કાનમાં નાખે તો દાતના કીડા કાનમાથીં જીવતા નિકળે

૧૧૦=વાવડીંગ નવટાંક ચુરણની પ] પોટલી બનાવે. ૧] પોટલી પાણીમાં બોળી, સેહવાય એટલી ગરમ પોટલી દાંત પર મુકવી, ૫ મીનીટ રાખવી એ મુજબ ૫] પોટલી વાપરવી.

૧૧૧–દાંતની કળતર મટે—ધાપાણુ ૧૦, ભાગ, નવસાર ૨. ભાગ મેળવી દાંતને લગાડે.

૧૧૨–દાંત ખરી પડે—અબુના પહાડ ઉપર દાંત પડાનું આહાડ થાય છે તેનુ દાટણ કરવાથી દાંત ખરી પડે. અથવા વડના દુધનું પુમરૂં મુકે તો હાલતા દાંત મજબુત થાય બહુ ધોકો હોય તે નિકળી પડે.

૧૧૩–દાંતના ખાડા પુરાય, ચંદરૂઝને છાથરમાં મેળવી મધ જેવડું જાડું બનાવી ખાડામાં તે મુકે. અથવા ઝીનસીકલોરાઇડના સોલ્યુસનમાં ઝીન્સી ઓકસાઇડ મેળવી ઘટ થાયને દાંતમાં મુકે.

૧૧૪–દાંત ઊખડે (Tooth rooter) ગુગ્ગર ૧) ભાગ, ૩) ભાગ હીરા બોર મેળવી હાલતાં દાંત પર મુકે તો ખરી પડે અથવા સેકટાના ગુંદરને મોંઢામાં રાખે તે નરમ થાય ને હીલતા દાંત ઉપર મુકે આ મુજબ રોજ કરે તો દાંત નિકળી પડે અથવા રામેડા ઝાડનું લાકડું લઇ તેની છાલની ભુકી બનાવી દાંત પર દાબે તો દાંત ખરી પડે, ઊખડી જાય.

૧૧૫–દાંતના પરૂ થાય તે માટે બાવળની પાળી, વડની વડવાઇ બોરસળીની છાલ, દરેક ૧, તોલો, પાણી ૧, સેર ઊકાળી ૦। સેર રાખે આ પાણી ૩, તોલા મોંઢામાં રાખવું, જ્યાં સુધી આંખમાં પાણી આવવા લાગે ત્યાં સુધી (૧૫–૨૦, મીનીટ) રાખી કોગળો કાઢી નાખે, આમ, રોજ ૩, વાર કરે ખાવાની દવામાં ગંધક ૧, વાલ. ત્રિફળાં ૪, વાલ મધ સાથ રોજ ૩, વાર ખાવું.

૧૧૬—માયાં (માય—માયફળ) કાઢો, બદામના છોડાંની રાખ એક તોલો, કપુર ૦ા તો, એની બનાવી. ગોળીને જરા ગરમ કરીઆથી ઝાંઝરી ખુંદાય છે.

૧૧૭—રૂમીમસતકી, દાડમના ફુલ સુકાં, ફીમંજ, આંબળા, કાથો દરેક ૨, તો, મોચરસ, હીરાદખણુ ૧, ૧, તો, એનુ મંજન રોજ દાંતે ઘસવાથી દાંત મજબુત રહે.

દાંત ઢીલા પડે.

૧—મીંઢળનું દાતન કરવાથી દાંત ઢીલા પડે છે. એના ફળ ગાંધીઓ વેચે છે.

૨—દાત કોહેલા હોય, કાઢી શકાતો નહીં હોય, બહુ દરદ કરે ત્યારે તેવલ કાંટીન નામનું કાંટાવાળું ઝાડ થાય છે તેનું દુધ અને આંકડાના દીંડવાં (કાપુસ) નું દુધ રૂમાં મેળવા તે ૧ દાંતમાં દાબવો દુખાવો તરત નરમ પડે.

૩—રામેઠા નામની વનસ્પતિની સળીઓ ઝેપટાના ઝાડની સળીઓ જેવી થાય છે. દક્ષિણ પ્રાંતો તરફ તે બહુજ થાય છે.

દાંત નીકળી પડે—રામેઠાની સળીથી દાતણ કરે અથવા એના ચુરણને દાંતપર દાબે.

૪=દાંત ભાંગેલો હોય તે ઉપર હીરાબોરને ફુલલામાં મુકી તેની પોતલી દાંત ઉપર વારંવાર મુકવી, ૩, ૪ દીનમાં બાકી રહેલો દાંત નીકળી જશે.

રામેઠાંના છોડ ૨) થી ૬) ફીટ ઊંચા થાય છે, એની છાલ લીસી અને ચીવટ હોય છે તેની ડાંખળીઓની શાખા નીકળે છે, તે મહાબલેશ્વર, માથેરાન, ખંડાળા ઘાટ અને, લાનોલીમાં બહુ થાય છે. ગુજરાત કાઠિઆવાડમાં થતી નથી, અંગ્રેજીમાં એને સેઝેરીઅનને નામે ઓળખે છે જે ફારમાકોપીઆમાં દાખલ છે. એની છાલ માછલાંઓને બેશુદ્ધ કરે છે તેથી માછીઓ એનો ઉપયોગ ઘણો કરે છે.એ વીદાહી એટલે Caustic છે, મોંઢામા આવતાં અગન જણાય છે, એનું લાકડું અથવા રાખ દાંતનો નાશ કરે છે. દાંતના પારા પોચા કરે છે અને દાંતને મુળમાંથી ઢીલા કરે છે. એની મદદથી દાંતમે સહેલાઇથી કેમ ઉખેડવા તે જણાયલું નથી.

ડોકી અને કમર વાંકી થાય.

નિશાળમાં શીખતી છોકરી ડોકાં આગળથી અને કમરમાંથી વાંકી વળે છે તે માટે તેઓથી ઉચકી શકાય એટલું મોટું પાણીનું ભરેલું વાસણ માથા ઉપર મુકી ચાલી શકાય એટલું રોજ ચાલવું

રૂપીલેટરી

નકામાં બાલ કાઢવા માટે બેરીઅમ સલફાઇદ ૧] ભાગ અને બળી મટોડી ૩) ભાગ મેળવે તેને પાણીમાં મેળવી લેપડી બનાવે અને બાલ પર લગાડે. પછી બાળ ઓખવી ,નાખે.



દાઝેલું–બળેલું

૧=ચુનાના મલમની (દેશી) બનાવટ—ચુનાને પાણીથી ધોઇ સુકવવો, કોઈ વઇદ ચુનો ધોવાની જરૂર જોતા નથી.

૧ તોલો ચુનો અને સાલીદ તેલ, મીઠું તેલ અથવા અળસીનું તેલ :૦૧ શેર સાથે મેળવી લાહી જેવું બનાવી મલમ તરીકે વાપરવું.

ચુનાનો મલમ [અંગ્રેજી] ચુનાનું નીતરૂં પાણી અને સાલીદનું તેલ અથવા તલનું તેલ મેળવવું. લાહી જેવું થાય ને લગાડવું

૨–દાઝેલાનો મલમ—૦૧ શેર ચુનાને પાણીમાં પલાળવો. નીતરૂ પાણી કહાઢી નાંખવું. ચુનાને કપડામાંથી ગાળવોં તેમાં એક શેર કોપરેલ નાંખી ખુબ હલાવવું. કથ્થો સફેદો ૦૧ શેર મેળવો, બે ત્રણ દીવસ પછી પાણી સુકાઇ જાય તો તેલ નાંખવું,

તરત દાઝેલા ઉપર આ મલમ ચોપડે તો ફોફ્ઇઆ ન ઉઠે, ફોફ્ઇઆ ઉપર ચોપડે તો પાકે નહી, પાકેલા ઉપર ચોપડે તો રૂઝ લાવે, અગન બળતી નરમ પડે માથાના સડનાં ચાંઠા સાફ કરે, (આ મલમ ઘણો ખાત્રીપુર્વક છે,)

૩–દાઝેલા ઉપર જુનુ ઘી ચોપડવું, અથવા તાજું ઘી ૧૦૦ વાર વાણીથી ધોઇને લગાડવું.

ઘી કોઇ બી વસાણાનું કાઢવું હોય તો તે વસાણાનો સ્વરસ અથવા કલક ૧ ભાગ, ઘી ૪ ભાગ, પાણી ૧૬ ભાગ લેવો. પાણી બળે ત્યાં સુધી ઉકાળવું અને ગાળી લેવું, કોઇ પાણીને બદલે દુધ લે છે, કોઈ ગાયનું મુતર લે છે.

૪—બળી જવું—દાઝવું—એના તરત ઉપાય તરીકે કાપરૂ સુકે પાણીમાં ઘસી ચોપડવાથી અગન તરત બંધ થાય છે, છાગરો પડયો હોય તે નરમ કરે, માંસ બલયું હોય તેને રૂઝ લાવે. ઘણો સરસ તાત્કાલિક અને સસ્તો ઈલાજ એ છે.

૫—દાઝવાથી અને બળવાથી દાહ બળ ત્યારે—એકેડાને પાણીમાં ઘસીને લગાડે તો થંડક પડે.

૬—દાઝેલું શરીર સારૂ થાક—પપેટા ખુંદીને બાંધે તો અગન નરમ પડે અને પાકવા દીએ નહી.

૭—દાઝેલા શરીર ઉપર ઉમરાની કુંપળ દહીમાં વાટીને ચોપડવી.

૮—દાઝેલા ભાગ ઉપર આમલીનો રગડો લગાડીઆ કરવા. અગન નરમ કરે, છાગરો પડે નહી.

૯—હીંગ પાણીમાં મેળવી ચોપડવી, હીંગ હમેશા જરા ગરમ કર્યા પછી વાપરવી, હીંગ ખાનારની પીસાબમાંથી હીંગનો વાસ નીકળે છે, હીંગ ગરમ કરવાથી તેનો કશ વધે છે,

૧૦—ગુળેઅસ્માની સરકામાં મેળવી લગાડવી,

૧૧—ઈંડાની સફેદી તેલમાં મેળવી ચોપડવી.

૧૨—દાઝેલાં શરીર ઉપર તરત દુધ ચોગડવું, છાસ તથા દહી પણ ચોપડાય છે.

૧૩—કુમારીઆના બીને બકરીના મુતરમાં ૭ દીવસ રાખવાં, પછી તે બીને પીસીને લગાડવાં.

૧૪—આંબાના પાંતરાની રાખ ૫૦ તોલા, ૦। તોલો મોરથુથાંની ભસ્મ મેળવીને દાઝેલાં ઉપર ભભરાવવી, દાઝેલો ભાગ ધોવા માટે ૦। તોલો મોરથુથુ અને બશેર પાણી મેળવીને વાપરવું,

૧૫—દાઝેલા ઉપર—બોરડીની કુંપળ વાટીને ચોપડવાથી અગન નરમ પડે છે.

૧૬—દાઝેલાંનો ઉપાય—કેળના કંદનું પાણી કહાડી લગાડવું અને છુદો બળેલી જગાપર બાંધવો.

૧૭—દાઝેલા ભાગ ઉપર તરત સરકો નાખે તો ફાયદો થાય.

૧૮—દાઝેલા માટે—એડાં ત્રીફળાં પાણીમાં ઘસીને દાઝેલા પર લગાડે તો શરીર બળીને ધોળું થયું હોય તો પણ અસલ રંગ પકડે છે.

બુઝા દાઝેલું.

૧૯=દાઝેલા ભાગ ઉપર ટંકણખાર અને તેલ મેળવી લગાડે.
" પાપડખાર " " "
" ચુનાનું પાણી " " "

૨૦=દાઝેલા શરીરપર કુમારનો રસ લગાડીઆ કરે.

૨૧=દાઝીઆ પછી તરત તેલ અથવા કુમારનો રસ, (અથવા કાંસરાની વિષ્ટા પાણી સાથ મેળવેલી) લગાડે.

૨૨=આબાના પાનની રખોદી તેલ સાથ લગાડે.

૨૩=આંબાની છાલનું ચુરણ કોપરેલમાં લગાડે.

૨૪=મોગથુથુના પાણીથી ધુએ.

૨૫=ફુલ્લા થયા હોય, અગન બળતી હોય ત્યારે ફુલ્લા ફોડે અને પાકુ તેલ (ધઊનીપુરી વગેરે બનાવ્યા પછી વધેલું તેલ) લગાડે અને બાવળની ઉપલી છાલ (અંતર છાલ નહી,) નું ચુરણ ભભરાવે આથી પાક પર ચઢે નહી.

દબરાયલું—વાગેલું—પછાડ—લોહીબાઝેળું—ટપકાયેલું.

૧=પડી ગયેલા અને ટપકાયલા માણસનું લોહી છુટું કરવા લીલાં નાળીએરના તરોપાનું પાણી પીવાડે.

૨=લોહીનો સોજો હોય તે માટે—નવસારના પાણીના પોતાં મુકવાથી લોહી વેરાઈ જાય છે.

૩=લોહીની ગાંઠ પીગળે—ગાંઠ ઉપર કાકરી બાંધે.

૪=કોપરૂં વાટી તેમાં ૪ ભાગ્ની હળદર મેળવી ગરમ બનાવી ચોટલીથી સેક કરવો ને પોટલી વાગેલા ઉપર બાંધી રાખવી.

૫=માર ખાવાથી અથવા ઉંચાઇએથી પડવાથી માણસ દબરાયો હોય, બેહોસ થયો હોય, બદન સુણી આવે તેનો ઈલાજ—માણસ લાંબા પગ રાખીને સુવે તેટલો ખાડો જમીનમાં ખોદે, તેમાં છાણા સળગાવી તે ખાડો ગરમ કરે, અંદરથી ઈંગાર કાઢી નાંખે. પછી આવારના પાન અથવા પીલવંતના પાન ખાડામાં મુકે. દરદીને તેપર સુવાડે બીજા પાંદડા દરદી ઉપર મુકે ઉપર બંદુસ ઓઢાડે.

આ પાંદડા બાળી તેની ઉપર દરદીને સુવાડે તો થોડા ફાયદો થાય.

૬=માર ખાવાથી કે પડી જવાથી સરીરે દુખાવો થાય તો અસાળીઆની ખીર પાણી સાથ બનાવી તે દુખાવાવાળી જગાપર લગાડે.

૭–પજાત, દભરાવું—આખા બીલામાંના કટકા કરવા ને તેને ઘીમાં તળવાં. તે ઘીની રોટી અથવા સીરો બનાવી, રોજ એક વાર ૭ દીન સુધી ખાવું ગરમ ચીજ ખાવી નહી, તડકે ફરવું નહી. આ ખરેખર ફુટે તો શરીરપર ફુલી ફુટે અને ચેળ આવે. ઇલાજ રામબાણ છે.

૮–માર ખાવાથી શરીરમાં ચસકા મારે–અફળાવા પછી શરીર દુખે તે માટે—મીનનું તેલ સરીરે ચોપડી ઓઢીને સુએ તો પરસેવો નીકળી આરામ થાય.

મીનનું તેલ બનાવવાની રીત—લાલ કાચી ઈટના કટકા, જાડી રેતી અને મીનને પાતાળ જંતરમાં મુકી તેલ કહાડે.

૯–લોહી બાઝેલું ફરતું થાય—માર ખાવાથી અથવા પડી જવાથી લોહી બાજી ગયું હોય તો મેદા લાકડી, આંબા હળદર, સાજીખારનો લેપ કરી ઉપર શેક કરવો.

૧૦–માર ખાવાથી બંધાયલું લોહી ફરતું થાય—મેથી ૨૧ દાણા. સુંઠ ૦। તોલો, સાકર ૧ તોલો મેળવી ખાવી અથવા તેઓની ચાહ બનાવી પીવી.

૧૧–કાળા તલ, એરંડીઆની બીજ વાટી તેલ સાથે લેપ કરી મારવો. અથવા તલના ખોળને ગરમ પાણીમાં મુકવો નરમ થાય ને લેપ બાંધવો.

૧૨–પડી જવાથી, અફળાવાથી લોહી બંધાય ત્યારે તરત ખાંડ અને મીઠું દરેક ૭ ૭ માસા ખાવું. ૦॥ તોલો ખાંડ અને ૦। તોલો હળદર દીવસમા બે વાર ફાકવી.

૧૩–લોહી બંધાયલું છુટું પડે—આંબાહળદ અને હીરાબોલ સંભાગે ઘસી ગરમ કરી ઉપર લગાડીઆ કરવું.

૧૪–લોહીની ગાંઠપીગળે—મોંવડાંનો દારૂ સાથ સુનામખી ખાવી.

૧૫=બાળકના પેટમાં ગાંઠ—બે વાલ પકાવેલું; સમુદર ફળ દુધમાં ઘસી પીવું.

૧૬–પજાટ, દભરાવું—એના ઉપર બીલામું બહુજ અકસીર છે. ફક્ત ૩) બીલામાંના ૧૫) કટકા કરી તેને ૮) તોલા ઘીમાં કકળાવે, પછી કટકા કાઢી નાખે, તે ઘીમાં લોટ દરદીથી ખવાય એટલો સેકવો આ સેકેલા લોટમાં ગોળનું ગરમ પાણી નાખી સીરો બનાવવો (મળીદો કરવો) ૭ દીવસ રોજ ૧) વાર આ ખાવાથી દરદી જરૂર હુશીઆર થાય છે.

૧૭–દભયલાં દરદીનું લોહી ફરતું કરવા મોમીઆઇ બહુ સારી છે, ખરી મોમીઆઈ ા વાલ ઘીમાં મેળવી ખાવામા આપે છે. ૧) વાલ મોમીઆઇ ૨) તોલા તેલમાં ગરમ કરી મસળવામાં લે છે.

બનાવટી મોમીઆઇ આવે છે તેમાં ભીલામુ મુખ્ય છે.

૧૮–લોહી બાજી ગયું હોય તે જગાએ લોધર અને આમળા વાટી લેપ કરવો.

૧૯=વાગેલું, લોહી બાઝેલું, દભરાયલું—વરીઆળીની જડ વાટી પાણી સાથે પીવી.

૨૦=વાગેલું, દભરાયલું અને લોહી બાઝેલું હોય તો ૦ા તોલો સાબરસીંગુ ઘસીને પાણીમાં પીવું. ફાયદો ઘણો કરે છે.

૨૧=વાગેલાં, દભડાયલાં, લોહી બાઝેલાં માટે—હઝરતે હાઉ બે માસા જેટલો પાણીમાં ઘસીને પીવો.

૨૨=વાગેલું અથવા દભડાએલું હોય તે માટે—રોહડો ાા તોલો લઇ મધમાં ઘસી ખવાડે. અથવા નાળીએરના તરોપાના પાણીમા મધ નાખી રોજ એક તરોપો સાત દીવસ પીવો, અથવા પીવાના પાણીમાં હળદના ગાંઠીઆ નાંખી ગરમ કરે, તે પાણી કાદવના વાસણમાં ભરી રાખે. દરદીને તરસ લાગે ત્યારે આ પાણી પીવાડે. કેરૂં અને મીઠાસ બીલકુલ ખાએ નહીં જો ખાય તો ધનઘોડીઓ વા થાય.

૨૩=પડી ગયલાં, ડભડાયલાં, માણુસને તરત ખાંડ અને હળધર સંભાગે મેળવી ૧ તોલો ખાવા આપવી.

વાગેલું, દભડાયલું, ભીતરનું બાઝેલું લોહી માટે—૧ તોલો કાચું વેગણું ખાંડ સાથે ખાવું.

૨૪=દભરાયલા માણુસે પીપળાનું એક પાન ગોળ સાથે ૨૧ દીવસ ખાવું.

૨૫=શરદીના દરદો, વા, લકવો, દમ, સુવા રોગ, દભડાયલાં—એને માટે ભીલામાનું તેલ શેર ૧, સફેદ રાળ શેર ૦ા, બેંસા ગુંગળ શેર ૦ા, હીંગળો તોલો ૧ આ ચીજોને ઉકાળી પાક જેવું ઘટ થાય અને ચીની રકાબી ઉપર થાપી દેવું. અને કટકા કરવા. એ બનાવતી મોમીઆઇ છે. દભરાયલા માણુસને મીઠાં તેલમાં એ મેળવી મસળે છે. ચણા જેટલી આ મોમીઆઇને ૫) તોલા ઘીમાં ગરમ કરી તે ાથી તોલો ૦ાા ઘી પીવામાં રોજ આપવું.

૨૬=પછાટ=દભરાવું—૫, ભીલામાંના ૨૦ કટકા કરવા ૦ા શેર ઘીમાં તળવા, રસ ઘીમાં મળી જાય ત્યારે ભીલામાંના કટકા કાઢી

નાખવા. તે ઘીમાં ખપતો ખપતો ઘઉંનો આટો પકાવી અંદર ગોળનું પાણી નાંખી શીરો બનાવવો. આ મુજબ બનેલો શીરો રોજ ચાર દીવસ ખવાડવો.

૨૭=પછાડ-દભરાવું—ઘણી સખત બીમારી હોય તો સાત બીલામાં લઇ તેના ચાર ચાર કટકા કરી ૦ા શેર ઘીમાં તળવા, પછી ઘીમાંથી બીલામા કહાડી નાખવા, ને ઘીમાં ઘઉંનો લોટ ખાઇ શકાય એટલો તલવો. ગોળની ચાસણી પાણી સાથે બનાવી તેમાં પેલો ઘી સાથનો આટો નાંખી શીરો- (મલીદો—મગજ) બનાવી દરેદીને સાત દીવસ એ મુજબ ખવાડવું. જો બીલામું ફુટી નીકળે તો ખાવું બંધ કરવું. અને બેસવું જાણુ ચોપડી તડકે ૨ કલાક બેસી નાહવું. ખોરાકમાં તેલ ગોળ, મરચુ ખાવું નહીં. બીલામું ખાધાથી શરીરમાં લોહી ફરતું થાય શરીરે ગરમાવો આવે અને શરીર લાલ થાય છે. ઝીણી ફુલ્લીઓ શરીર પર ફુટી નીકળે ત્યારે બીલામું ફુટીયું એમ સમજી ઉપર મુજબ તેનો ઉપાય કરવો.

પછાડ-દભરાયલું.

૨૮=ત્રણ બીલામાના કટકાને ઘી ૮) તો. માં ઊકાળે, કટકા બળી રહે અંદરનું તેલ બહાર નિકળે, ઘી કાળુ થાય ત્યારે કટકા કાઢી નાખે. ઘઊનો આટો ખપે એટલો નાખી સેકવો તેમાં ગોળનું પાણી નાખી સીરો બનાવવો, આ મુજબ રોજ તાજો સીરો બનાવી ખાવો. પિત્ત વિકાર અને લોહીઆર માણસને આ ગરમ પડે. સરીરે ગરમી ફુટે.

ગરમ રૂતુ હોય તો બીલામાં ઓછા લેવાં.

જુઓ "વાઘેલુ" "પછાડ" "ધમકાયલુ" "લોહી બાઝેલુ"

દરીઓ લાગે.

દરીઓ લાગવો—દરીઓ લાગવાથી ઓકારી થાય તે માટે મરચાં ખાવાં સારા છે.

દરાજ-ખરજુ-ખુજળી.

૧-દરાઝ માટે—હીંગને લીંબુના રસમા ઘસીને ચોપડે.

૨-દરાઝ માટે—દળેલી રાઇને દહી સાથ ઘુંટીને લેપ કરવો.

૩-દરાઝ માટે—રાઇના છાલાંને સરકામાં મેળવી તેની પોટલી કરી દરદપર મુકવી.

૪–દરાઝ માટે હળદર બાળી ચુના અને પાન સાથે મેળવી પાણીમાં ઘસી લગાડે.

૫–દાદર સારી થાય—કાસુંદરાનું મુળ પાણીમાં ઘસીને લગાડે.

૬–દરાઝ–ખરપસાં માટે—કલકલખાર સરકામાં મેળવી લગાડે અથવા લુગડું બોળીને તે ઉપર મુકે.

૭–દરાઝ ખુજલી માટે—દાડીઓ થુઅરની સુકી ડાળી, આકડાના પાતરાં, પોસ્તડોડા, સંભાગે બાળી, રાખ કરીને દીવેલમાં મેળવીને ચોપડવું. તડકે બેસવું અને ગરમ પાણીએ નાહવું.

૮–દરાઝ તથા ખુજલી માટે તેલ—દીવેલ શેર ૦। ઉકાળવું તેમાં આંકડાનું એક પાંતરૂં નાખવું તે તડાકો કરેને બીજું નાંખવું એ મુજબ ૭ પાંતરા નાંખવાં જ્યારે પાનરાં બળી જાય ત્યારે તેલ નીચે ઉતારી અંદર ০।। તોલો મનસીલ મેળવીને ચોપડવું. દરાઝ અને ખુજલી બે દીવસમાં સારી થાય છે.

૯–દરાઝ માટે—પારસના ડીંડવા પાણીમાં ઘસી લગાડવાં.

૧૦–દરાઝ માટે—પારો, ગંધક, આમળા, મોરથુથુ, લીંબુના રસમાં વાટીને લગાડવું.

૧૧–દરાઝ માટે તથા નબળી પડેલી નસો માટે—બીલામું ૧ તોલો, અનારની છાલ બે તોલા, અરીઠા ૧ તોલો એ સરવેને ખુંદી ০। શેર સરસીઆ તેલમાં રાંધે અને તેલ કાહડી તે તેલ મસળે.

૧૨–દરાઝ માટે—ઘઉંનું તેલ અને મરઘાની ચરબી મેળવી લગાડે તો દરાઝ જાય.

૧૩–દરાઝ માટે—મુળાના બીનો ગોળી લીંબુના રસમા કરવી અને દરાઝ ખણીને તે ઉપર તે ગોળી ઘસી લગાડવી.

૧૪–દરાઝ માટે કુરાસ પાપડો લીંબુના રસમાં ઘસીને લગાડે.

૧૫–દરાઝ–મોંયરીંગના દાણા છુંદીને દરાઝ ઉપર બાંધવાથી ફાયદો થાય છે.

૧૬–દરાઝ માટે—મેંદીના પાતરાં સરકામાં વાટી તેની લેપડી કરી દરાઝને ખનીને તે ઉપર લગાડવી.

૧૭–દરાઝ માટે—લીંબુના રસમાં આમલીનો ચીચોડો ઘસી લગાડે તો દરાઝ મટી જાય.

૧૮–દરાઝ માટે—લોબાન લીંબુના રસમાં ઘસી ચોપડવું.

૧૯–દરાઝ માટે—સરપંખાના બીનું તેલ અથવા બી વાટી તેલમાં ઉકાળી દરાંઝપર લગાડવું.

૨૦—દરોજ પુંજણી માટે—હડતાલ ૧ ભાગ, મીઠુ તેલ ૨ ભાગ લેઈને, હડતાળનો ભુકો થોરોથોરો તેલમાં નાંખતા જવું અને લાકડી વતી હલાવતા જવું, આંચ નરમ રાખવી. તેલ સળગી ઉઠે તો ઢાંકવું. પાછું ઉઘાડવું, સળગેતો ફરી પાછું ઢાંકવું, આ મુજબ વારંવાર ઉઘાડ ઢાંક કરવું.

૨૧—દરોઝ માટે—બદામના મગજને લીંબુના રસમાં ઘસી ૩ દીન લગાડે.

જુઓ " ખરજવુ " ખરજવું. " ખુજલી "

દારૂની કેફ ઉતરે.

૧—દારૂની કેફ ઉતરે—કાકરી ખવાડવાથી દારૂની કેફ ઉતરે.

દારૂ પોચો પડે—દારૂમાં કાકરીનો કટકો નાખે તો દારૂ નરમ પડી જાય છે.

૨—દારૂની નીસા ઉઝરે—ધાના ખાવાથી દારૂની કેફ ઉતરે છે.

૩—કેફ—દારૂની કેફ મીઠું ખાવાથી ઓછી થાય છે.

૪—દારૂ પીધેલાનું મોહોડુ વાસ મારે તે બંધ થાય—ઉપલેટ, એલચી, વાળો જેઠીમધ. સંભાગે પાનના રસમાં ગોળી એક વાલની કરી મોઢામાં રાખવી.

૫+૬—દારૂ પીધો હોય તેનો વાસ મોંઢામાંથી આવે નહીં તે માટે ઉપલેટ, એલચી, વાળો, જેઠીમધ, મોથ, ધાણા સંભાગે ચુરણ કરી એલચી પાનના રસમાં બોર જેવડી ગોળી કરી દારૂ પીનારે મોંઢામાં રાખવી.

૭—દારૂની તળપ ભાગે—દારૂ પીનારને દારૂ મળે નહીં અને દારૂ માટે ઘણી ઇચ્છા થાય ત્યારે કાળા મરીની ચાહ બનાવી ગરમ ગરમ પીવાથી સંતોષ મળે છે.

પીવાનો દારૂ સુધરે, દારૂનો ખરાબ વાસ નીકળી જાય. કંત્રી દારૂ સુધારવાનો નુકશો.

૧—કંત્રી દારૂ સુધારવા માટે—અજીઆન ૧ તોલો, કેસર, ૦। તોલો એલચી ૧ તોલો, ધાણા ૦। તોલો, કસ્તુરી ૧ વાલ, દારૂ આસન, આદર ૦।।। શેર, જેઠીમધ ૨ તોલો એ બધાને ૭ દીવસ ભીંજવી રાખી રોજ હલાવે, પછી ગાળી નાખે. વધુ ગરમી લાવવા માટે ચોપચીની ૧ તોલો, પીપળીનુંજના ગાંઠ ૧ તોલો નાખે.

૨—દારૂનો મસાલો—દારૂ મણ ૧, તજ તોલા ૬, ગુલાબનાં ફુલ શેર ૦।, ફુદનો શેર ૦।, પાનની જડ તોલા ૬, ખસખસ તોલા ૪, બકરાની મુડી આખી કાચી ૧, સઘળાંને પેક કરી રાખે, રાત રાખી સહવારે ભઠી સળગાવી દારૂ કાઢે.

૩—દારૂ મસાલેદાર, મહુડાંનો વાસ નીકળી જાય અને દારૂ સુધરે, બાદીઆન, એલચી, ધાણા દરેક તોલા ૧, કેસર તોલો ૦।, કસ્તુરી ૧ વાલ, જેઠી મધ ૨ તોલા, સાકર શેર ૦।।।, દારૂ એક ગાલન, સાત દીવસ ભીંજવી રાખે. અને દરગજ હલાવે.

૪—દેશી દારૂનો મસાલો—કેરવે (કેરવાસી બીસકીટમાં નાંખે છે તે) તોલો ૧।, એલચી તોલા બે, કીરમજ સારી જાતની તોલો ૦।।, જેઠી મધનું મુળીયું તોલો ૧, ગોળ શેર ૦।। દારૂ ૧ ગેલન

કેરવાસી ગરમ કરવી, એલચી ગરમ કરી ફોતરાં કાઢી નાખવાં. દરેક વસાણુ ખોખરૂં કરી ગોળ સાથ મેળવવું મલમલના ટુકડામાં પોટલી બનાવી તે પોટલી દારૂમાં તરતી રાખવી. પાંચ દીવસ પછી પોટલી કહાડી લેવી. વધુ વખત રહે તો અડચણ નથી. દારૂમાંથી મહુવડાનો ખરાબ વાસ તથા પાણી પાવાનો અવગુણ નીકળી જશે. દારૂ જેમ જુનો થશે તેમ સ્વાદમાં વધશે.

દારૂનુ વ્યસન છુટે.

ટીંક્ચર મરચાનું ૪ દરામ.
પોતાસ બ્રોમાઇડ ૪) દરામ
ટીંક્ચર ઝેહેર કચરો ૨) દરામ
સ્પીરીટ એમોન્યા આરોમેટીક ૩) ડ્રામ
તુમ્લુ સરબત ૬ ઔ.
૦।। તોલો (પા, ઔંસ) પાણી માં ૧૨ ૩) કલાકે પીવું.

દાઢી પાકે—માંકડીના કૂલ્લા.



૧—દાઢી પાકે—તે માટે લીંબુના રસમાં લુગડાંને ૩ પટ આપવા તેની રાખ કરવી, દાઢી ઉપર લીબુનો રસ ચોપડી તે ઉપર રાખ ભભરાવવી. આથી દાઢી પાકેલી સારી થાય છે,

૨—લીંબુનો રસ અને તલનું તેલ સમભાગે મેળવી લગાડે.

દીલ વાસ મારે—શરીર દુર્ગંધ મારે.

દીલ વાસ મારતું હોય તે માટે—કમોદના ચોખા (નવા વધારે સારા છે) શેર ૧। લેવા તેને પાણીમાં ઉકાળી પેજ બનાવવો. એક કુમળી કાકડીનું ડીંકું કાપી નાખી કાકડીની અંદરનો મવાદ કાહાડી નાંખ્યા પછી તેમાં ચોખાનો પેજ ભરવો. પેજ થડો પડયા પછી કાહાડીને પીવામાં લેવો, કાકડી ખાવામાં લેવી નહી.

૨=શરીર દુર્ગંધ મારે ત્યારે—બીલીના પાનનો રસ લગાડવો.

દીવાનાપણું-ઘેલાપણું-મગજ .. .. તી, ઘેલછા-ઉન્માદ, ચિતભ્રમ વાયુ.

૧=ઘેલાપણા માટે બે માની ભાર નાગર મોથ દુધમાં આપવી.

૨=પીપળાની વડવાઇ ના તો. પાણી સાથ પીવી. વડવાઇ સાથ ૦। વાલ અફીણ ઉમેરવાથી એનો ગુણ વધે છે.

૩=સુકા અરાસીઆંનો ભુકો ૧) રતી મધ સાથે ચાટવો.

૪=હરણના સીંગડાની રાખ ૨) વાલ, પીપર ૧) વાલ મધ સાથ ખવાડવી.

૫=આમાસાના ઉકાળમાં ઘી નાંખીને રોજ પીવું.

૬=ગાયનું જુનું ઘી ખાવામાં ગુણકારી છે.

૭=આ દરદ માટે સોનાનો વરખ વધારે કામ કરે છે અને બ્રાહ્મીનો પાલો સૌથી વધારે ઉપયોગી છે. આ ત્રણે વસ્તુ જુદી જુદી ઘણાં વખત ખાય તેમાં પણ ફાયદો છે. પણ બ્રાહ્મીનો પાલો ઘી સાથે ઉકાળી તેનું ઘી તો ૧ અથવા ૨ તથા સોનાના વરકનું પાનું ૧ રોજ ખવાડે તો બહુ ફાયદો થાય. ઇલાજ લાંબો વખત ચાલુ રાખવો.

૮=ધંતુરાનું બી ૧ અને પીપર નંગ ૨૧ મેળવી તે ચુરણ ચાર તોલા જુના ઘી સાથે રોજ ૧ વાર સાત દીવસ ખાવું, પછી દર અઠવાડીએ ધંતુરાનું બી એકેક વધારતા જવુ. પાંચ ખાવામાં આવે ત્યાં સુધી વધવું, પછી દર અઠવાડીએ એકેક ઓછું લેવું.

૯=તાડની ડાળીઓનો રસ બે તોલા એકલો અથવા જુના ઘી સાથ ખાવાથી ફાયદો થાય છે.

૧૦—દરદીએ બદામ રોજ સવાર ખાવી, અને બ્રહ્મીના પાનનો રસ ૨) તોલા ખાવો.

૧૧=૧) ટાંક કાળીમુસળીનું દરદી પોતાનીપીસાબમાં ઘસી પીએ તો ફાયદો થાય છે.

૧૨=મગજની બીમારીમાં ધંતુરાના ૪) બી અથવા પાનનો રસ ના તોલો ઘીમાં મેળવી ખવાડે છે.

૧૩=ઘેલા દરદીનું તોફાન નરમ કરવા કપુર ૧) વાલ દીવસમાં ૩) વાર ખવાડે તો ફાયદો થાય છે.

૧૪=મગજની બીમારી માટે—બ્રહ્મીના પાલાનું ચુરણ ના તોલો મેળવીને રોજ બે વાર ખાવું. ચાલુ રોજ બે વાર ખાવું. આ ઇલાજ બહુ જાણીતા છે.

૧૫=ઘેલાપણા માટે જુનું ઘી જાયુક ખાવું. અને માથે મસળવું. બ્રહ્મીના પાનનો રસ ૪ શે, ઘી ૪ શેર, મોડાવજ ૧૪ તોલા, કોષ્ટ, સંખપુષ્ટી, દરેક ના શેર, તેનું ઘી બનાવવું. ઉપલા દરદો માટે આ ઘીનું સેવન કરવું.

ચિત્તભ્રમ વાયુ, ઘેલાપણું, ઉનમાદ—બ્રહ્માનો રસ એક તોલો કુળીજણુ અથવા અકલ ગરો ૩ માસા અને ના તોલો મધ રોજ બે વાર આપ્યા જવુ. આ ઇલાજ ઘણો સારો છે.

જુઓ "ઘેલાપણુ"—"ઉન્દમાદ"—"મગજની બીમારી" "ચિતભ્રમ" વાયુ.



૧૬—જો દસ્તાન (માથે આવવાનુ) સ્ત્રીને બંધ થવાના સબબથી ચયું હોય તો સ્ત્રીની જાંગ ઉપર અથવા છુપા ભાગ આગળ જળો મુકાવે, જેથી દસ્તાન જવા માંડશે, અને ઘેલાપણું મટી જશે. ખાવાની દવામાં, વજ, ઉપલેટ, સંખાવળી, નાગકેસર દરેક સંભાગે ચુરણ બનાવે પછી બ્રહ્મીના પાન ૦। તો. કુસાકોહદરાંનો ગર ૦। તોલો એનો રસ પાણી સાથ કાઢવો, ઊપલું ચુરણ ૦। થી ૦॥ તો, આ રસમાં પીવું આ રસ નાખે અને આંખે લગાડવો.

૧૭—સરસવતી ચુરણ વાપરવું—બ્રહ્મીના પાન, સંખાવળી, આકડાકરણી, ઊનાક, એલચી, ગાવજબાન, સુંઠ, અકલકરો, એનું ચુરણ ૦। તો, રોજ બેવાર મધ સાથ ખાય.

૧૮—સલ્ફોનલ અથવા ટ્રીઓનલ ૧૦ થી ૨૦, ગ્રેન સુધી બેળા આપવું.

૧૯—દરદી નાહકનાશ અને બકવાટ કરે તો બ્રહ્મપીપળાની ઝાડવાંઈ ા તો, ખવાડે તરત ફાયદો થાય.

૨૦—ચિતભ્રમ વાયુ માટે—બોંયદંડી, (બ્રહમદંડી) તોલા ૧, થી ૨, મરી ૭, ધાણા પાણી ૫, તો. જેમ ભાંગ ઘુંટે તેમ ખુબ ઘુંટે, લુગડાંથી ગાલે, તેમાં ગરમ કરેલી ફાટલની ઠીકરીથી અથવા ગરમ પીલાથી તે પાણીને ઝમાવે અને પાય, બે દીવસ જોળટી થાય, ગાંડી મટી થાય. ૧૦ દીન ખવાડે. ખોરાક દુધનોજ લેવો.

બ્રહમદંડીને બદલે ભ્રમવાત, (તલકટો—આદાવાદે વાપડી સકાય એ બન્ને જુદી જાત છે પણ ગુણ એકજ છે.

૨૧—મોથ અને કરીઆતું સંભાગે ૨॥ તો, પાણી ૨૫, તો, ઉકાળી ઉકાળો બનાવે ૫, તો, દર ૩ કલાકે પીએ. સાથે ખાંડ અને દુધ વાપડે તો અડચણ નથી. (કરીઆતાંથી ગુણ વધે છે)

૨૨—અરણી ઝાડ વારે વાર થાય છે. ફુલમાં સુગંધી છે, એનુ લાકડું રંગે પીળું છે, એ ઝાડની બે દાંખળી સાથે મળે તો ઈંગાર પડે છે. જ્યારે હવનની ક્રીઆ થાય છે, એ ઝાડથી બનેલો આતસ વપડાય છે. એના પાનનો રસ અથવા મુળ પાણીમાં ઘસી પીવાય છે. મગજની બીમારી સુધરે છે.

૨૩—તીવર. (પીટીટની તાવની દવાના પાન)ના પાન ઉકાળી તે પાણીથી દરદીને નહવાડે.

૨૪—માલકાકણીનુ તેલ ૧૫ થી ૬૦ ટીપા આપે ા તો, સુધી આપી શકાય.

૨૫—મગજે સાંટી થાય—રેતાળ જમીન ઉપર આવેલાં ટીંબા ટેકરા ઉપર મુંજ નામનું ઘાસ થાય છે. તે દોરડાં બનાવવામાં કામ આવે છે. આ ઘાસ ઉપર કારતક માસમાં ૨ આવે છે તે ઘણો ચદ્દો છે. તેની તોપી બનાવી પેહેરવાથી મગજનો જુસ્સો અજબ નરમ પડે છે. કામ કીમતી દવાથી થતું નથી.

૨૬—ઘોડાવજ ૩, વાલ સાથ બ્રહ્મી મેળવી ઘણો વખત સુધી ખાય તો ગમે તેવું દીવાનાપણું દુર થાય. દરદીને સાંકળથી બાંધવા પડે તેવો દરદી સુધરે.

૨૭—સોનાનો વરક ૩ પાના, ધોળાં મરી ૨ વાલ, ઘી ૧) તો, સવારે ભુખે પેટે ૨૦, દીન ખવાડે. માનસીક સ્થીતી સુધરે, સાધારણ ચિત અહમીત સુધરે.

૨૮—કોડાનું ચુરણ ૦॥ તો. રોજ બે વાર લેવું.

૨૯—લોહભસ્મ ૧, વાલ જટામાસી ૪ વાલ, સોનામુખી ૪, વાલ, બધે વાલની ગોળી રોજ બે વાર લેવાથી સાંટી થાય, ગેહસી જાય.

૩૦—સાધારણ ખમી શકાય એવું ગરમ પાણી ઝારામાં નાખી વરસાદ વરસે તેમ દરદીના માથા ઉપર ઘણી ઉંચાએથી (૧, ૨, ફુટ ઉંચેથી) નાખે. રોજ આ મુજબ કરવું ગરમને બદલે થંડુ પાણીબી ચાલે, પવનનો સપાટો લાગવો ન જોઇએ. આઇલાજથી દ્રસ્તી બળ વધે. મગજે સાંટી, અને આનંદ થાય, ભમરી મટે,

૩૧—કડવી તુબડીના ગર્ભ સાથ તેલ પકાવી નાખમાં મુકે,

૩૨—સુવરના કાનનું લોહી ૧) ટીપુ નાખ મુકે

૩૩—વાંઝ કંટોળીના રસના ટીપા નાખમાં મુકવા રૂદક્ષની માળા પેહેરવી અને ભકતી કરવી.

તાણુ–વનુરવા.

૩૪—કડવી તુમડીના ગર્ભનો નાસ લીએ. અથવા કબુતર અધાડ ના તો. ખાય અથવા ાા વાલ કસતુરી ખાએ.

ધ્રુજારી.

૧—ધ્રુજારી મટે—તુળસીના પાતરાંના રસમાં પીપર ઘસીને પાય તો ધ્રુજારી મટે.

૨—હાથ પગના ધ્રુજારા માટે—ઝેહેર કચલાને પાણીમાં ઉકાળી ઉપરની છાલ કાઢી નાંખવી, આ સાફ કરેલા કચલા, અફીણ, મરી સંભાગે લઇ તેમાંથી ૧ રતીભાર દરરોજ સવારે ખાવું

૩—હાથ ધ્રુજે—હાથમાં કલમ પકડાય નહીં, બરડાના કાંધામાં દુખાવો થાય—તે માટે ઝેહેર કચરાના ભુકાનું ઉપર દેખવા મુજબ સેવન કરવું. લખતી વેળા સ્ટીલ પેનનું રાખવું નહીં.

૪=ઝેહેર કચરો સુદ્ધ કરેલો ૧થી બે વાલ રોજ લેવો. ઝેહેર કચરાને ગૌમૂત્રમાં ૩ કલાક બાફવાં, ઉપરની છાલ કાઢવી, તેની બે ફાડ વચ્ચેની જીભ કાહાડી નાંખવી, તેને સેકી ચુરણ બનાવવું. આ ક્રીયા થવાથી, એનુ ઝેહેર, કડવાશ, અને ઉગ્રતા ઓછી થાય છે, તેથી ૧થી ૨ વાલ દર ટંકે લઇ શકાય છે.

ધાત વધે—વર્ય વધે—શરીરે શક્તિ આવે પુરૂષાતન વધે.

૧—ધાત વધે—ધાત [illegible] માટે તલ, મોચરસ, બોં કોળું, સરખે ભાગે મેળવી ૧ તોલો [illegible] સાંજ ખાવું.

૨—પુરૂષાતન વધે—[illegible] ઘી અને ગોળ સંભાગે મેળવી તેમાંથી ૧) તોલો રોજ સ[illegible] ખાઇ ઉપરથી દુધ પીવું.

૩—વીર્યનો વધારો, શર[illegible] ખેતી—દારૂડીની છાલનો રસ તોલા ૪૦, શાકર તોલા ૨૦, કેસ[illegible] ૪, જાયફળ તોલો ૦॥, કેવડાનું પાણી તોલા ૨૦, એનું સર[illegible] ૧ તોલો સરબત ને દુધ ૦॥ શેર સાથે પીવું..

૪—શરીરે શકિત આવે—[illegible] ગાચુીના બીજ તોલો ૧॥, ઘઉનો આટો તોલો ૧॥ એની ૩ [illegible] કાળી મોટી મરઘીને ખવાડે ૧ અથવા ૨ પહોર પછી [illegible] કરે સાફ કરી જીના કટકા કરી ૧ શેર અથવા ગુડતા ઘી[illegible] આ પકાવેલી મરઘી નવ દીવસ સુધી ખાવી, ભુરી બા[illegible] ખાય તો અડચણ નહીં.

૫—શકતી માટે—મરી. [illegible] સુંઠ દરેક ૧, એક દાડાની દાળ. એ બધાને મધ સાથે [illegible] કરી દીવસમાં બે વાર ખાય તો શક્તી બહુ વધે છે.

૬—વીર્ય વધે—મસતકી. [illegible] મરોટની બીજ ૦। તોલો મધ સાથે મેળવી રાત્રે ચાટે તો [illegible] છે. જાવંત્રી પાન સાથે સહવારના પહોરમાં ખાય તો વધુ [illegible]ય.

૭—શરીરે શકતી વધે—મ[illegible] શેર ૧, કાળા તલ ૩ પૈસાભાર, લાલ ચણોટી ૩ પઇસા[illegible] ના બી ૩ પઇસાભાર તથા ભાંગ પઇસાભાર લેવી. તેને [illegible] ટ દેવા અને પાતાળ જંતરમાં તેલ ગાળી લેવું. આ તેલના [illegible] પાનપર લગાડી ખાવાં અને તેલ પાન પર લગાડી તે પા[illegible] તથા માઊંસના લોચા ઉપર બાધે તો શકતી આવે.

૮—વીર્ય વધે—૧ કળીવા[illegible] એક અને એક શેર દુધ ઉકાળી લુગડાંથી ગાળીને રોજ [illegible].

૯—બધીજ રેહે, કઉવત [illegible]—નાના બીજ તોલો ૦। વાટી પાણી સાથ ત્રણ દીવસ પીએ [illegible] બંધીજ રહે.

૧૦—વીર્ય વધે—મુસળી કંદના બીજ નવટાંકના ભુકાને ગોળ સાથ ચીની બોર જેવડી ગોળી બનાવી દરરોજ ૧ ખાય તો શરીર તાકાદ વધે.

૧૧—વીર્ય વધે—બકરાના અંડોળ, (કપોળાઓ) ઘી, બાડીપીપર સાથ ગરમ કરી દુધમાં પકાવી ખાય તો હીલવા ચાલવાની શકતી ઘણી આવે.

૧૨—વીર્ય વધે—સહવારે રોજ બદામ ખાવી.

૧૩—ધાતુ પુષ્ટ—કાચા કુમળા ભીંડા ખાવામાં ધાતુપુષ્ટ છે.

૧૪—શકતી માટે—ઘઉંનો આટો શેર ૧ લેવો, ૧ શેર ઘીમાં તળાવો પછી નીચલી ચીજો સાથે મેળવવો—ગોળ શેર ૧] જુનો ૩ વર્ષનો લેવો. ગાયનું ઘી ૧ શેર. આંબા હળદર, અસાળીઓ, મેથી, અખેરી, માલ કાકણીના બીજ, ગોખરૂ દરેક શેર ०।, ભોંયરીંગણીના બી શેર ०।। મેળવીને રોજ એક તોલો ખાવો.

વિર્ય વધે, બળ વધે, સ્તનમાં દુધ વધે.

૧૫—અળદની દાળનો આટો, ઘી, ખાંડમાં પકાવી તેનો લાડુ બનાવી રોજ ખાવામાં લેવો. અડદ અને દુધ સાથે ખાવામાં શરીરને નુકસાન થાય છે.

૧૬—દીલ સાફ રહે—જો સુનામખી ગાયના દુધ સાથે રોજ ખાય તો મરાદનગી વધે—જો બકરીના દુધ સાથે રોજ ખાય તો નહીં—હરણના દુધ સાથે રોજ ખાય તો ચાલવાની શકતી વધે.

૧૭—ધાતુ પુષ્ટી માટે—રતનજોતની કળી ૫) ઘીમાં તળી સાંકર સાથે રોજ બે વાર ખાવી.

૧૮—વિર્ય વધે, સ્ત્રીને દુધ વધે—०।। તોલો અસાળીઆને દુધ સાથે પકાવી ખીર બનાવી રોજ ખાવી.

૧૯—વીર્ય વધે, પીત્ત અને દાહ મટે, પીસાબે અગન, પીસાબમાં પરૂ—આ દરદો માટે ૧ તોલો કમળ કાકડી પાણીમાં વાટી પીએ તો બહુજ મોટો ફાયદો થાય. બીજની અંદર લીલો પદાર્થ છે તે કહાડી નાંખવો. ખોરાકમાં મગની દાળ અને ચોખા ખાવા.

પુરૂષાતન વધે—કાંદાનો રસ, આદુનો રસ, મધ, ઘી, સંભાગે મેળવીને ૨ તોલા રોજ સહવારે ખાવું.

૨૦—ધાતુ પુષ્ટીનો પ્રયોગ—અડદની દાળ ૨ શેરને ૧ શેર કાંદાના રસમાં પટ આપવો આ મુજબ ૨૦ પટ આપવા, એટલે ૧ મણ કાંદા વાપરવા. આ દાળનો દેખાવ માણેકના રંગના જેવા થશે.

આ બે તોલા દાળને દુધમાં પલાળવી, દાળ ચરી રહે એટલે ર) તોલો સાકર સાથે ઘુંટવી, તેમાં ાા અથવા એક શેર દુધ નાંખી ઉકાળીને ૪૦ દીન સુધી રોજ સવારે પીવી.

૨૧—નબળાઈ દુર થાય, શરીર શકતી વધે—આમળાના કુમળા પકડાના રસમાં મ..મલનું લુગડું એક હાથ ભીંજવી છાયામાં સુકવે આ મુજબ ચઉદ પટ આપે. પછી તે કપડાના ચઉદ ભાગ પાડે ૧ ભાગ દુધમાં ઉકાળી પીવું.

ધાતુ પુષ્ટી ચુરણ—આવળના કુમળાં પકડાનું ચુરણ, ખાંડ, સતાવરી, ગોખરૂ, મુસળી સંભાગે મેળવી તેનું ા તો ચુરણ ાા શેર દુધમાં ઉકાળી રોજ બે વાર પીવું.


૨૨—સમુદ્રફળી ૧ ભાગ, પીપર ૭ ભાગ, મધ ૭ ભાગ મેળવીને તેમાંથી ા અથવા અરધો તોલો ખોરાક ખાધા પછી રોજ ઠંડા પાણી સાથે ખાવો.

૨૩=પુરૂષાતન માટે—આંબાના ઝાડનો વાંદો, ગોખરૂ, સુનવે હેલ સંભાગે મેળવીને ૨—૩ પઇસાભાર સાકર સાથે ખાવો અથવા ઉકાળો કરી પીવો.

૨૪—વીર્ય વધે, શકતી વધે—આમળાના ચુરણને, લીલા આમળાના રસમાં બે વાર પટ આપી છાયામાં સુકવે. ા તોલો ચુરણ સાકર સાથે રોજ બે વાર ભુખ પેટે ખાય ઉપરથી દુધ પીએ.

મરદને શકતી વધે—ખાખરાના મુળનું ચુરણ લાખ દીધેલાં કાદવના વાસણમાં મુકે. તે વાસણ ઢાંકી ઉપર ઈંગાર કરે. તો મુળમાંથી રસ ઝરે. રસના ૪ ટીંપાં પાનપર મુકી ખાય તો એકદમ શકતી વધે.

જુઓ "ધાત વધે"—"વિર્ય વધે"—"શરીરે શક્તિ આવે" "પુરૂષાતન વધે"



નસોને શકિત આવે—ઢીલી નસ મજબુત થાય.

૧—નસો ઢીલી પડે ત્યારે—વછનાગ, અફીણ, ધંતુરાનાં બી સંભાગે ચુરણ કરી ગાયના ઘીમાં મેળવી નસો ઉપર લેપ કરે તો તાત્કાળ ચમત્કાર બતાવે છે અને નસોમાં શકિત વધે છે.

૨—નશો ઢીલી પડે ત્યારે—વછનાગ, ભીંડા, ગળો સંભાગે ઘસીને નસો પર લેપ લગાડવો. લેપ સુકાયા પછી ગરમ પાણીથી ધોઈ ઘી મસળવુ.

નસો છુટી પડે—વજ, આસંધ, ગજપીપર સંભાગે ભેંસના માખણુમાં મેળવી મુરદાલ જગાપર લેપ કરે તો શકતી આવે.

૩—નસોને શકતી આવે—ચરબી મીઠાં તેલ સાથે ગરમ કરી તેમાં થોડોક મુશક નાંખી, તેલ ધીલી પડેલી અને નબળી નસો ઉપર લગાડે તો તેમાં શકતી આવે

૪—નબળી નસોનો લેપ—સીંધવ અને કબુતરનો છેડ સંભાગે લેવો. મધ સાથ મેળવી ૭ દીન લેપ કરવો ઢીલી નસો મજબુત થાય છે.

ઢીલી નસ માટે—સીંધવ પીસી, ઘીમાં લેપ કરવો.

ઢીલી નસ માટે—સુંઠ અને ખારેકના ઠરીઆ ઘી સાથે મેળવી લગાડે તો નસમાં શકતી આવે છે.

૫—ઢીલી નસ માટે, શકતીનો લેપ—હીંગળો, કપુર, જવખાર સંભાગે લઇ મધ સાથે લેપ લગાડે.

૬—નસોનો દુ:ખાવો, હાથનો માર ખાવાથી થતો દુ:ખાવો, પેટની ગાંઠ મટે—વા તોલો અથવા વધારે ઉમરાનું દુધ ૧૪ દીન સુધી રોજ સહવારે ચાટે.

ઉંબરો-કાળો ઉંબરો-ભોંય ઉંબરો-કઠુંબરી.

આ ઝાડ ખારેટીના જાતનું છે, ખારેટીના પાનને ખાંચો હોય છે. ઉંબરાના પાનને ખાંચો નથી. ફળ બંનેના એકસરખાં છે.

૭-ઢીલી નસો મજબુત થાય—કનેરના મુળને ગધેડાના મુતરમાં ઘસી લેપ કરે.

૮—નસોને તાકાત માટે—દાલચીણીને ગાયના મુતરમાં ઘસીને લગાડે.

૯—ઢીલી નસોને કૌવત આવે—સુંઠ અને ખારેકનો ઠળીઓ ઘીમાં ઘસીને નસો ઉપર મસળે.

૧૦—ઢીલી નસો મજબુત થાય—શુરીજન પાણીમાં ઘસી ચામડી ઉપર લગાડવાથી નસોમાં જોર આવે.

૧૧—ઢીલી નસોને જોર આવે વીર્ય સુધરે—સુવરની ચરબી અને મધ સંભાગે મેળવીને આખા ડીલ ઉપર મસળવાથી શરીરની નસોને મજબુતી આવે. નસ ફુલે અને લોહીનું ફરવું વધારે જોરથી થાય.

૧૨—ઢીલી નસ મજબુત થાય—દારકટીલા નામના જાનવરનું તેલ, સાહાડાના તેલ માફક કાઢે, એ તેલ બહુ જલદ છે. તેલ નસપર લગાડી બકરાની મુંડીના ગોસના ટીકા બાંધે અને ઉપર ચેવલી પાન-

ઉંધા બાંધિ સોજો આવે (ઉઠે) તો ગાજનું ઘી રોજ બે વાર ચોપડવું. હાર કરીલો, સરદા, અને સાહાડાની જાતનું પણ ઝેરી જાનવર છે. એની ફુકથી અંધાપો આવે એનું માંસ જરાબી ખાધામાં આવે. તો મરણ નીપજે. એ પ્રાણી જાતના રંગ બદલે છે.

૧૩—નસોને શકતી આવે. બંધેજ રહે, હાથ ધ્રુજતા નરમ પડે—રતનજોતનું દુધ ૩ દીવસ લગાડયા કરવું, તેથી ચમડી પર લોહી ફરતું થશે. વધુ લગાડે તો ફાફુઇઓ ઉઠે. અથવા રતનજોતનું દુધ ૧ ભાગ પાણી ૫ ભાગ મેળવીને તેનાં પોતાં નબળી નસવાળા ભાગ ઉપર મુકી ૧ કલાક રહેવા દેવું. એ પ્રમાણે રોજ લગાડવું. અથવા ધ્રુજતા હાથના આંગલાં આ પાણીમાં રોજ ૧ કલાક બોળી રાખવાં.

૧૪—શરીરના નસો મજબુત થાય. લવંગ, સુંઠ, અકલગરો સંભાગે લઈ બારીક કરીને ચામડી ઉપર મસળે.

સાહાડાનું તેલ—મરદને શક્તી માટે ઉપયોગી છે. સાહાડાને ચીરી અંદર નીચે મુજબ મસાલો ૧ રસ કરી ભરવો. જાયફળ, જાવંત્રી લંવગ, કેસર એકેક ભાગ, સફેદ લોબાન, માલકાકણી બબે ભાગ, સાહાડાની અંદર મસાલો ભરી તેને સીવી લેવો. પોણો ચુલા ઉપર કોરવંકો મુકીને તેલ નીકળે તે કાઢી લેવું. આ તેલ ઢીલી પડેલી નસપર ચોળીએ તો નસ મજબુત થાય. કોમળ ચામડીને લગાડે તો ફોફુઈઆ ઉઠે.

૧૫—ખેંચાયલી નસ છુટી પડે—પડી જવાથી. અફળાવાથી અથવા કુટેવથી નસ ગંટાઈ અને ખેંચાઇ ગઇ હોય તો મધ અને સીંધવ મેળવી માલેસ કરવું;

૧૬—નસ ઢીલી પડી હોય તો અબરકનો ભુકો નસો ઉપર મસળવાથી શકિત આવે છે.

દેશી વઇદું અબરકને ખાવામાં બહુ વાપરે છે.

૧૭—નસ મજબુત થાય—પીપરલીંડી, ખાંડ મધ સંભાગે મેલવી લેપ કરે, તે ઉપર નાગરવેલ પાન બાંધે.

૧૮—ધીળી લસમાં શકતી આવે—૦ તો, પાન ૦ાા તો, સફેદ કનેરની છાલ છુંદી તેમાં ૨, તો, તેલ નાખી ઉકાળે; પાણી બળી રહે ને તેલ ગાળી લીએ. આ તેલ નસપર મસળે.

૧૯—કચરાનું તેલ—આ તેલ ગાઉટી ઓઇલ તરીકે ઓળખાય છે. તે નકવા, સાંધાનું દરદ, નસની નબળાઇ માટે ચોળવામાં આવે છે. બનાવવાના રીત—કચરાને તેલ યા દીવેલનો હાથ દઇ

ઠીકરા ઉપર સેકવા અને ફુગને બહાર કહાડવા. બળવા દેવા નહીં (બળીને કાળા થાય તો તેલમાં કસ આવે નહીં.) થંડા પડે મે ખુંદવા બહુ બારીક નહીં. ચુનાના વજન કરતાં ચાર ગણું દુધ નાખવું અને ઉકાળવું પછી ચુના કરતાં બેવડું તેલ તલનું નાખવું. અને ઉકાળવું. દુધનો માવો બધારો અને તેલ જુદું પડે તે નીતારી લેવું. સ્પીરીટમાં જેટલો કસ કચરાનો ઉતરે છે તેટલો તેલમાં ઉતરતો નથી એમ કેટલાક માને છે.

૨૦=શરીરની ધીલી નશો માટે—ધંતુરાનું ઘી બનાવીને દીવસમાં બે વાર ધીલી થયલી નશો પર મસળવું અને વટાણા જેટલું ખાવામાં એક વાર લેવું આ મોગલાઇ ઈલાજ છે.

૨૧=નસ ગંઠાએલી છુટી પડે—ફટકી ૦ાા તોલો મધ ૫) તો૦ ઘી તો૦ ૨, ગરમ કરી એક રસ કરે તેમાં કપડું બોળીને ગંઠાયલા ભાગપર મુકી પાટો બાંધે.

ઢીલી નસ મજબુત થાય, શરીરનાં નબળા અવયવો મજબુત થાય—પીળવંતના ફળના સુકા ગાભા ભરડી તેની બીજ કહાડે તેનું તેલ બનાવે તે તેલ ઘીના જેવું ઘટ છે. રંગે પીળું છે, તેને માખણ કહે છે આ ઘી વઘારમાં લેવાય છે; વાયડી તરકારી અથવા કોર સાથ ખવાય છે. આ તેલ મસળવાથી ફાયદો થાય છે.

જુઓ " પુરૂષાતન "–" મરદને શક્તી "

૨૨–સફેદ કણેરની, આકડાની, ધંતુરાની જડ. ધંતુરાના બી, અકલગરો, માલકાકણીના બીજ, ચણોટી, રૂમી મસતકી, દરેક બે તોલા, એનું ચુરણ બનાવી ૧૦ શેર દુધમાં ઉકાળે, દુધ ૭) શેર રહે તેનું ઘી બનાવે તે ઘી ગળવેળ અથવા એરંડીઆના પાતરાં પર લગાડે અને ઢીલી નસ પર બાંધે.

૨૩–આળસીઆં શરીરની સુસ્તી ભાગે—આળસીઆ ૦ાા તો. તેલ ૨) તો. કમર કાકડી ૦ાા તોલો પાણી ૧૬ તોલા એઓને ઉકાળી તેલ બનાવી પગની એડીએ લગાડે.

૨૪–ગાડરનું દુધ મસળે. ૧૫ દીવસ.

ગાયનો પીતો મસળે. ,,

પીપલાની છાલની રાખ માખણમાં મેળવી મસળે અને લેપ લગાડે.

રીંગણનું ફુલ, કોઠમડો, વજ કાવલી, આસન, પાણીમાં ઘસી લેપ કરે. અથવા એની ગોટી બનાવે, તે ઘસીને લેપ કરે.

૨૫–નસો માટે—ખારેકની ઠળીઓ અને સુંઠ, મધ સાથ ઘસીને નસો ઉપર મસળવો.

૨૬—ઓરેકને મધ સાથે ઘસીને નસો પર મસળ.

૨૭—તજ તથા ચીનીકબાલા સંભાગે લઇ મધમાં બોર જેવી ગોળી બનાવવી. સાંજે ખાધા પછી તે ગોળી મોઢામાં મુકી ચાવે, તેનો મગજ કહાડે, તે ચીક ચામડીને લગાડી એક પહોર સુધી રાખે, તેથી ચામડીની નસ ફુલે છે અને શકતી આવે છે.

૨૮—ઢીલી નસ મજબુત થાય—લાલ, તથા સફેદ ચણોટીનું દેવડાગરીના ફળનું મુળીઉ પાણીમાં ઘસીને ચામડી પર દીન ૧૪ લગાડે તો મજબુતાઇ આવે.

૨૯—અફીણ, જાયફળ, કેશર, કાળા ધંતુરાના બી સંભાગે લઇ માખણ સાથે લેપ કરી નબળી નસો પર લગાડવું.

નબળાઇને લીધે શરીરના માંઉંસના લોચા દુઃખે છે તથા ઉડે છે ત્યારે અફીણ ખાવામાં આપે છે.

૩૦—આળસીઆને, બકરાના ગોસ સાથ ખુંદી દીન સાત સુધી લેપ કરવો.

આળસીઆં, ઉજળી કનેરની જડ, ઉજળી ચણોઠીની જડ, એ દરેક એકેક તોલો. દેડકો એક, તેલ તોલા બે, એનું તેલ કહાડી કાગળ ઉપર ચોપડી ઢીલી નસો ઉપર બાધવું.

૩૧—પારસ ભીંડીનું ડીંટવું કપુર સાથ મેળવી લેપ કરી ઉપર ધંતુરાનું પાતરૂં બાધવું.

૩૨—કઉચાની જડ બકરાંનાં મુતરમાં ઘસી નસોને લગાડે, તો નસોમાં સકતી આવે.

૩૩—તજ અને ચીનીકબાલા સંભાગે લઇ મધ સાથે તેની ગોળીઓ ૦। તોલાની બનાવે તે ગોળી ૧, મોઢામાં ચાવીને તે ફુલે ઢીલી થયલી અને અડી ગયલી નસો પર લગાડે અને ૩, કલાક રાખે તો ફાયદો થાય.

૩૪=કનીરની જડને ઇંડાની સફેતીમાં ઘસીને ચામડી પર લેપ કરવો.

૩૫=કંટાળા થુવરના દુધમાં કપડું ૭ વાર ભીંજવવું, એવાં સાત પત દેવાં. લોઢાની કડછીમાં ગરમ કરી લુગડું તેમાં બોળી તેની પટી ૨૧ દીવસ સુધી નસપર બાંધવી, જયાં લાલ થવાનો સંભવ છે. બત્રીસતર ઉઠે એટલીવાર રાખવું નહી. જો બત્રીસતર ઉઠે તો ગાયના ઘીમાં હીરાદખન અને સફેતો મેલવી મલમ કરી લગાડવો.

૩૬=કબુતરની લીંડી (ધાબાલ) સીંધવખાર સાથ સંભાગે મધમાં મેળવીને લેપ લગાડવો ઉપર પાન બાંધવું દીન સાત સુધી લેપ કરવો.

૩૭=કબુતરની પીખાલ અને સીંધાલુણ સંભાગે લઇ મધ સાથે પીસીને ચામડી ઉપર લેપ કરે.

૩૮=સુંઠ અને ખારેક સંભાગે ઘીમાં ઘસીને લેપ કરી નસો ઉપર મસળવું.

૩૯=ચંપેલીના પાંતરાનો લેપ નબળી નસો ઉપર બાંધવો.

૪૦=નસગંડાઇ ગઇ હોય—રોહીડો (અથવા અગર) દારૂમાં ઘસીને લેપ કરે,

બદામનું તેલ ૧ ભાગ ટરપેનટાઇન બે ભાગ, કપુર ૧ ભાગ, મીણ એક ભાગ, જેહતુનનું (સાલીદનું) તેલ બે ભાગ, રાજમ પાંચ ભાગને ગરમ કરી મલમ બનાવી મસલીઆ કરવું.

૪૧=ઢીલી નસો મજબુત થાય—ભીમસેની કપુર, કેસર, લવંગ, મુળાના બીજ સંભાગે લઈ ચુરણ બનાવે તેને ત્રણ પોહોર ખરલ કરે. પછી દારૂમાં મેલવી તેનો લેપ કરી નસો ઉપર લગાડે અને તે ઉપર ચેવલી પાન બાંધે. ત્રણ દીન આ ઇલાજ ચાલુ રાખે તો ધ્રુજરી વગેરે દુર થાય અને નસોમાં શક્તી આવે.

૪૨=ઢીલી પડેલી નસોને શક્તી માટે—મરી. ખાંડ, ઇસપન વાટી મધમા મેળવી લેપ કરેથી શક્તી આવે છે.

૪૩=નસને મજબુની આવે—મરઘાંનો પીતો અને મોદારસીંગ વાટીને લેપ કરે તો નસોને શકતી આવે છે.

૪૪=નસોમાં શક્તી આવે—મુળાના બીજ તોલો ૦॥ નવટાંક તેલ નસોપર મસળે તો નસમાં જોર વધે છે.

૪૫=ઢીલી નસ મજબુત થાય—અંકાલની છાલના રસમાં બળ-બીજ અને ધંતુરાની જડ ઘસી નસપર લેપ કરે.

૪૬=ઢીલી નસ મજબુત થાય—અંકોલાનું તેલ ૧ માસ સુધી મસળવું.

૪૭=ઢીલી નસ મજબુત થાએ; સુંઠ, ખારક; વેસંધ સંભાગે પાણી સાથે ઘસીને ધગાડે,

૪૮ હાથની નસ ગંઠાઇ જાય ત્યારે સીંધાલુણ હાથમાં રાખી મુકે તો નસ છુટે, અથવા સીંધવ પાણીમાં મેળવી નસપર લગાડે

ઢીલી નસ મજબુત થાય—સીંધવ, કબુતરનો અધાર મધમાં મેળવી લેપ કરે ૭) દીન ચાલુ રાખે.



નાકના દરદો—નસકોરી ફુટ—નાકમાંથી ચીપડા પડે. આગરૂ. નાકમાંથી લોહી પડે અને પીંદસ.

૧=અરડુસીના પાનનો રસ, ખજુર સાકર સાથ પીવો (પાન બાફી, હાથે ચોળી, રસ કહાડવો.

૨=કુરૂકોળું કોળબી બનાવત કરી ખાવું.

૩=બકરીનું દુધ સાકર સાથ પીવું.

૪=દરાખનો રસ, દુધ, સાકર મેળવી પીવું.

૫—આંબાની અથવા જાંબુની છાલ ૪) તોલા રાતરે ભીંજવી મધ સાથ સહવારે તેનું પાંણી પીવું.

૬—ગાયના છાણનો રસ ૧) તોલો અને ઘી તોલો ૧) મધ તોલો ૦૧ મેળવી પીવું.

૭—લોહીના ગાંઠા પડતા હોય તો જંગલી પારેવા (ચકલા)નુ ચુરણ અથવા કબુતરની અઘાર વાલ ૪ મધ સાથ ખાવી.

૮—સેરડીનો રસ પીવાથી લોહીની ઊલતી ૫ દીવસમાં નરમ પડે.

૯=કપાસના પાન અથવા કપાસીઆ સાકર સાથ ખાય.

૧૦=આવળની અથવા બોરડીની અંતર છાલનું ચુરણ દહીં સાકર સાથ દીવસમાં ૩) વાર ખાવું.

૧૧=સરપંખાના મુળનું ચુરણ બે વાલ સાકર સાથ ખાવું.

૧૨=ફુલવેલી ફટકડી ૨) વાલ, દહીં સાકર સાથ ખાવી.

૧૩=નસકોરી માટે ૫) તોલા ખજુર ૫) તોલા ઘી ખાવું.

નસકોરી ફુટયા કરતી હોય તો દરદીએ કેરબાની માળા પેહેરી રાખવાથી ફાયદો થાય છે.

૧૪=નસકોરી ફુટવા પછી કાંદાના ૨ કટકા કરી ગળે બાંધે તો લોહી બંધ થાય.

૧૫=નસકોરી ફુટે તે બંધ થાય—ઠંડા પાણીમાં લુગડું ભીંજવી ૧) કટકો માથાંપર મુકવો, બીજો ગરદનપર મુકવો.

૧૬=નસકોરી ફુટવાની ટેવ હોય, મગજ ખાલી થયું હોય તે માટે—એક શેર દુધી છોળી તેનો રસ કહાડે, તેમાં ૦૧ શેર માખન અને ૧ તોલો નાગકેશર મુકી ઉકાળે અને ઘી બનાવી તે નાકમાં મુકે. ઉકાળવા માટે વાસણ લોખંડનું જોઇએ તાંબાનું વાસણ નુકશાન

કરે. [માથુ] વાકું વાળી ઘી સારી પેઠે મગજમાં જવા દેવું. ઘી ગળામાં [illegible] લગાર પણ નથી.

૧૭—નસકોરી ફુટવાની ટેવવાળા દરદીને—પાણી જુની [illegible] છાંનું રોજ છુંદી સુંઘારવું અને છાનું રોજ પાણીમાં વાટી માથે મુકવું. એ મુજબ કાળી સટોડી પણ કામ કરે છે.

૧૮—નસકોરી માટે—દાડમના ફુલનો રસ, આંબાની ગોટલીનો રસ અથવા કાંદાનો રસ અથવા આંમળાના ચુરણને પાણીમાં મેળવી માથે લગાડે અથવા ૧૦૦) વાર ધોયલું ઘી માથે મુકે, અથવા તાંદલજાની ભાજીના પાનનો રસ અને ઘી સંભાગે ઉકાળી ઘી બનાવે અને તે ઘી આખા શરીરે લગાડે.

૧૯—નાકમાંથી લોહી, પર પડે—હરસના આજારવાળા દરદીને નાકમાંથી લોહી પડે તો લોહી બંધ ન થવું જોઇએ. લોહી બંધ કરવાની જરૂર પડે તો દુધીનો ગર, ચોલાઈની ભાજી અથવા ધાણાની ભાજી છુંદીને માથી ઉપર બાંધવી અથવા સુખડ ગુલાબમાં ઘસી માથીએ લગાડવું.

૨૦—નાકની બદબો નરમ પડે—માછલી અથવા વીસરૂં ખાવાથી, નાકે દમ લેતાં એક જાતની બદબો વીસરાત નિકળે છે તે માટે કોકમીર ખાવા, દાળમાં અથવા ચાવલમાં નાખીને ખાય તો ફાયદો થાય.

૨૧—ચોમાસામાં હવાવાળી જગાપર કુતરાના કાન જેવી વસ્તુ જમીનમાંથી નીકળે છે. તે જરા કઠણ ગોળ અથવા લંબગોળ રહે છે, એક ઈંચ લાંબી થાય છે. ગાજનીઆની માફક તે ઉપર છત્રી જેવા આકાર થતો નથી. અને સુકવીને ચુરણ કરે તો બલું રંગનું ચુરણ થાય છે. આ ચુરણ ૪ વાલ અને તપકીર બે વાલ મેળવી નાકમાં લગાડે તો નાકના છોડ, ચીપડા [નાકમાંથી નીકળતાં બંધ થાય.

નાકમાંથી લોહી પડે તો—કાંદો ભાંગીને સુંઘવો.

૨૨—નાકમાંથી નીકળતી ફોલ, નીકળતું લોહી બંધ પડે—૪ તોલા ઘીમાં કેશર અને સાકર દરેક ાા તોલો ઉકાળીને ઘી નાકમાં ૧૪ દીવસ મુકવું.

૨૩—નાકમાથી લોહી, પડે પડે—તો હીરાબોરનો ધુમાડો નાકે લેવો.

૨૪—નસકોરી ફુટે તે માટે સરકાના પોતાં માથાંપર મુકે તો લોહી બંધ થાય

૨૫—નાકમાંથી લોહી વારંવાર નિકળે તે માટે ખજુર [illegible] ઘી [illegible] કરી [illegible] તોલા સવારે દિન [illegible] રોજ બે વાર [illegible].

૨૫—જીરૂં, ઘી, અને સાકર મેળવી ૧ તો. અથવા વધારે ઘણાં દીવસ ખાવાથી લોહી બંધ થાય.

૨૬—દહી, જુનો ગોળ ૪) વાલ મેળવી રોજ સવારે ખાવાથી રક્તપાટ મટે.

૨૭—સરંપંખાનું મુળ પાણીમાં ઘસી સાંકર મેળવી ખાવાથી લોહી બંધ થાય.

૨૮—કપાસના પાનનો અથવાં લીલાં દીદવાનો રસ ૧) તો સાકર સાથ ખાવાથી લોહી પડતું બંધ થાય.

૨૯—કપાસીઆનું મગજ પાણીમાં વાટી સાકર સાથ પીવાથી લોહી બંધ પડે.

૩૦=નાકની છોડ મટે—દહી, મરી, અને ગોળ ખાવો અથવા ઘી ગોળ અને વાયવડંગ ખાવા.

૩૧=સુતી વેળા બે આનીભાર મરીની ભુકી ફાકવી. ઉપરથી પાણીપીવું—નાકના છોડ સારા થાય.

૩૨=તુલસીના પાનનું ચુરણુ નાકના છોડ માટે સુંઘવું.

૩૩=નાકના જખમ માટે જાઈના પાનનો રસ અને જુનું ઘી અથવા એકલું જુનું ઘી નાખે લગાડે.

છેક જખમ પગ, અથવા મગજે જવા દેવું નાકમાં જુનો મસો હોય તે માટે—કરણુ, જાઇ અને મેણુશના ફળને તેલમાં મેળવી લગાડવું.

નાકના દરદ=પીનસ. માટે તેલ.

નાખમાં તેલ નીચે મુજબનું મુકે—ગુલાબના ફુલ ૧ ભાગ, અફીમ ૦। ભાગ, તેલ ૨) ભાગ, કોકમનું ઘી ૨) ભાગ, કેસર ½ ભાગ, બોદા પથરી ૦। ભાગ ભાગ, ફુલ, અફીમ, કેસરને પાણીમાં પીગળાવે, તેમા તેલ, ઘી નાંખી ઉકાળે પછી બોડા પથરી મેળવે.

પીનસ,

૩૪=નાખમાંથી પુરૂ અને લોહી પડે એવી હાલતમાં બી સરસી ઉ તેલ નાખે લગાડે તો જીવડા બહાર આવે અને કીસ ગુગળ અથવા પથથીઆ ગુંગળની ગોળી બે રોજ ૩] વારૂ ખવાડે.

૩૫-આસ્તી કપુર કળી ચુનો ગાયના ઘીમાં મેળવી સુંઘે છેક મગજે જવા દીએ, ૭) દીન દીવસ પછી મગજના જંતુ બહાર નિકળે.

૩૬=ડાભદાના પાનનો રસ ૪) તો ગંધક ૧), ભાગ ઘી ૫) ભાગ ઊકાળી ઘી બનાવે તે રોજ ૩) વાર સુંઘે, છીંક લાવનારી દવા (આકડાના ફુલની રાખ) સુંઘે.

૩૭—પીનસની સરૂઆતમાંજ બીલીના પાનનો રસ નાકે મુકયા કરે અથવા પાનનું ચુરણ સુંઘે.

—સંગજીરૂં સુંઘવ.થી નાખમાંથી કીડા પડે, માથાનો દુખાવો નરમ થાય.

૩૮—રીંગણી (બંદાલ) નો ડોડો પાણીમાં બીંજવી રસ કાઢી સુંઘ.

જુઓ "પીંનસ," "આગરૂ" "નસકોરી"

નસકોરી ફુટે.

૧=નસકોરી ફુટી લોહી નિકળે ત્યારે દરદીએ હાથની મુઠી જોરથી વાળવી, અને દોરવું હાક લાગે ત્યારે કોઇ ઊંચે જગાએ અથવા ખુરસી પર ચઢી જવું.

૨=ગધેડાંના લીંડા ઉપર પાણી છાંટી સુંઘીઆ કરે.

૩=બાવળના પડદાનો ચીક ટાળવે અને માથે લગાડે.

નલ બંધ વાયુ.

જવખાર, સાજીખાર ર) તો. આબા હળદ ૧ તો. નું ચુરણ ૦ાા તો રોજ બે વાર ફાંક.

નાકમાં ભરાયલી ચીજ નીકળે

જ્યારે કોઇ બી ચીજ નાંખમાં ભરાઈ જાય ત્યારે જે નાક ખુલ્લું હોય તેમાં છીંકણી સુંઘાડે.

આકરાના દૂધમાં અડાયાની રાખ બીંજવી તેની છીંકણી બનલે છીંક આવે ત્યારે મોઢું ;અને ખુલ્લું નાખ બંધ રાખે, છીં આવે ત્યારે ભરાયલી ચીજ બહાર નિકળે.

નિંદ્રા આવે, ઉંઘ લાવે.

૧=નિંદ્રા લાવવા માટે, ૧) વાલ ભાંગ અને ૪) વાલ મરી મધમાં ખાવા.

૨=અફીણ લુગડાંમાં મુકી તે વારંવાર સુંઘવું.

૩=ખસખસ અને સાકર મેળવી ૧) તોલો ચાવી ચાવીને રાતરે ખાવી.

૪—ખસખસના પોસ ૦ા તોલો પાણીમાં ઉકાળી પીવો.

૫=ખૂરાસાની અજમો ૧) વાલ મધ સાંજ રાતરે ખાવા.

૬=પીપળીમુળના ગઠોડાનું ચુરણ ૦। તોલો મધમાં રાતરે ખાવું.

૭=ઉંઘ લાવવા માટે પગના તળીઆ પર લસનું તેલ મસળવું.


૮=ઉંઘ લાવવા માટે પિલુડીના મુળનો ઉકાળો ગોળ નાંખી પીવો.

૯=રાતરે ખોરાક ખાવો નહીં જરૂર હોય તો ભેંસનું ગરમ દુધ પીવું.

જુઓ "ઉંઘ લાવે"

નખ ચામડીમાં પેસે.

નખને ગરમ પાણીમાં બોળી રાખી સેકે, પછી તે ઉપર ફટકી મુકી પાટો બાંધે, રખ નરમ થાય, અને ફાવતું કાપી નાખે.



નખ છેર.

નખ છેર માટે—બકરાંના પીટ્ટાને જરા કાનું પાડી નખ છેર પર બાંધે. પાણી સુકાઇ જાય ત્યારે ખપ જણાય તો બીજો પીટ્ટો બાધે, અથવા જુનો રૂ બાંધી પાણીથી ભીંજેલો રાખે.

નીસા છુટે.

નીસા અફીણની છુટે—અફીણનું બંધારણ છુટે. ૧ રતી કપુર રોજ ૩) વાર ખાએ.

જુઓ "અફીણનું બંધારણ"

નાળગોર—જળંદર.

૧=નારગોર માટે—કંટારા થુવરના દુધમાં બાજરીના આટાની ગોળી વાલ જેવડી આપે તો પેટ આવે. (એમ સ્કેમોનાઇનનું કામ એ કરે છે.)

૨=ગલ પાપડીનો વેલો વડના ઝાડના નીચે અને ઉનાળામાં તળાવની પારે. અને ચરમા વાડામાં થાય છે પાતરાં ગોળ હોય છે, અથવા કોઇવાર લાંબા થાય છે. કમોઇના ઝાડના પાન જેવાં એના પાન છે. એની ઉપર ઝીણી સીંગ થાય છે.

નારગોર માટે—એના ગોળ પાન ૦। તોલો લેવાં તેને દુધ સાથ વાટી ગોળ મેળવી ખવાડવાં, ઉપરથી બકરીનું દુધ પાવું. રોટી અને આદુ સિવાય બીજું કાંઈ ખાવું નહીં.

૩=બાજરીના આટાને કંટારીઆ થુઅરના દુધમાં મેળવી ગોળી ૧ વાલ જેવડી બનાવે ને ૧ અથવા વધુ ગોળી દરરોજ દરદી ખાએ અને ઉપરથી છાસ પાએ,

૪=નારગોર માટે—સુરત શહેરની પાસે પુના ગામમાં ખાડી પર નગ્ગોટી ઝાડ થાય છે, તેના પાનનો રસ બે તોલા પાએ અને રસ પેતપર લગાડે.

૫—નારગોર માટે—તળાવના પાણીમાં નારીની ભાજી થાય છે તે ૧ તોલો ભાજી છુંદી તેનો રસ સહવારે પીવો. તે ભાજી બાફીને બપોરે અને રાતરે ખાવી. અને તેને લેપડી પેતપર મુકવી.

૬—જળદંર—કરવી શેરડી ખાવાથી જળદંરને ફાયદો છે.

૭—જળદંર. પેતના દરદો, ઝાડાની કબજીઆત માટે—સુનામખી નસ કાઢેલી, નીસેતર, જીરૂં, સફેદ દરેક ૨ તોલા, સુરોખાર ૦॥ તોલો, મધ ૫ તોલો. મેળવીને પાક બનાવવો. તેમાંથી ૦। તોલો અથવ વધારે ખાવો.

૮—જળદંર માટે—રાઇ બારીક કરી ગાયના મુતરમાં ૧ થી ૪ વાલ ખાવી.

૯—જળદંર—જેને વાયુનું જળદંર હોય, જેનુ પેટ ઠોકવાથી ઘોળના જેવો અવાજ કરે, તે દરદીને રાઇ ૦। તોલો અથવા ઓછી વધતી લઇને ગાયના મુતર સાથ મેળવી રોજ ચવાડવી, જેના પેટ પર આંગળી દાબવાથી ખાડો પડે અથવા પેટમાં ગાંઠ બંધાય તે દરદ જોખમભરેલું છે.

૧૦—જલંદર, બરોળ, લીવર, પીસાબ—આ દરદો માટે ૦। તોલો સાટોદો, સુંઠ અને કરીઆતાનો કાવો, પીવામાં આપે છે.

નાસુર—વરણ—ભગંદર.

૧—નાસુર અને વરણ—પરૂવાળા જખમ ઉપર ગોળ બાંધવાથી પરૂ સાફ થાય છે.

૨—નાસુર માટે—નાસનાના પાંતરાં છાયામાં સુકાવી બાળીને સખ કરી તે રાખ દાબવાથી નાસુર જાય અને જખમ રૂઝાય. આ ઈલાજ ઘણો સારો છે.

૩—નાસુર માટે—એંસાગુગળ તથા કળી ચુનો બંને બરાબર લઈને પાણીનાં ટીપાં નાંખતા જવું ને ખરળ કરતાં જવું, પછી તેનો કાકરો કરી નાસુરમાં મુકે, તે ઉપર મલમની પટી લગાડે ને ત્યાં લગણુ મલમ લગાડયા કરે.

૪—નાસુર માટે—ગાંજાના પાલાનો રસ નાસુરમાં ભરવો. નાસુર એરડું હોય તો તેમાં ફટકડી ઉમેરવી. પીચકારી વતી રસ નાંખવો.

૫—નાસુર—નાસુરવાળા દરદીને થુવર કનટાસરાનો સુકો ગર કુકામાં રેજ સવારમાં પીવાડવો.

૬—ચકલીના અઘારનો લેપ નાસુપર મુકવાથી ફાયદો થાય છે.

૭—આમલીના કચુકાને પાણીમાં પલારી રાખી છોટલા કહાડી નાંખવા, તેજ પાણીમાં કચુકાને વાટીને તેની બતી બનાવવી અને નાસુરમાં મુકવી, આથી દુઃખાવો થાય છે પણ જલદી સારૂ થાય છે.

૮—ખજુરના ઠળીઆને તેલમાં બાળીને તે તેલ મસળવું અને નાસુરમાં મુકવું,

૯—આમલીના ચીચોરાની રાખ અને બીલાડીનું હાડકુ ઘસીને ભુકો કરી બંને મેળવીને અંદર મુકવુ.

૧૦—જેટલી જાડી જોઇએ તેટલી રૂની જોત બનાવી તેને ઈંડાની સફેતીમાં બોળી નાસુરમાં મુકવાથી સારૂં થાય છે.

૧૧—નાસુર અને વ્રણ ઉપર આસનનો ભુકો કરી ભભરાવો.

૧૨—નાસુર સારૂ થાય—ઈંડાની જરદી અને મીઠું, લીમડાના ઝાડની સળીથી મેળવવું.

૧૩—નાસુર માટે—કાળા તલ વાટીને લેપડી મુકવી.

સફેદ તલ ખાવામાં સારા છે. કાલા તલ દવામાં સારો છે.

૧૪—નાસુર સારૂ થાય—આમળીના ચીચોરા પાણીમાં ઘસીને નાસુરપર લગાડે, તે ઘસાડો નાસુરની અંદર જવાથી વધુ ફાયદો થાય.

૧૫—નાસુર વ્રણ ઉપર હળદર બારીક ભભરાવવી.

૧૬—ભગંદર માટે—માણુસના હાડકાંના બારીક ભુકાનો મલમ કરવો, તેને રેસમના કકરા ઉપર લગાડવો અને ભગંદરમાં મુકવો, અથવા હાડકું પાણીમાં ઘસી ભંગદરની અંદર અને ઉપર મુકવું.

૧૭—નાસુર ઉપર સમુદ્ર સોસની રાખ મુકવી. અથવા નાંસુરમાં ભરવી.

૧૮—નાસુર—સાટોડીના પાતરાંની લેપડી નાસુર ઉપર મુકે, તો ફાયદો થાય.

૧૯=નાસુર-ભગંદર—સાટોડીના પાંદડાને છુંદીને નાસુર ઉપર મુકે તો પેરૂં ચુસાઈ જાય અને રૂઝ આવે.

૨૦=નાસુર માટે—સાપની કાંચળીની રાખ ઉમરાના દુધમાં મેળવી તેનું પુંમડું નાસુર ઉપર ૧૦ દીવસ મુકયા કરે.

નાસુર—સાપની કાંચળીની રાખ નાસુર ઉપર ભભરાવે તો ફાયદો થાય.

૨૧=નાસુર માટે—સતાવરીનું મુળ પાણીમાં ઘસી લગાડવું.

૨૨=નાસુરવાલો દરદી—હંમેશા લીમડાનું દાતણ કરે તો ફાયદો થાય છે.

વડવાઈની લેપડી—ભગંદર ઉપર મુકે તો ફાયદો થાય છે.

૨૩=ભગંદર માટે—પારસના ફળનો રસ ભગંદરની અંદર મુકવાથી રૂંઝ લાવે છે.

૨૪—નાસુર સારૂ થાય—મીણનું તેલ નાસુરમાં મુકે. તેલ બનાવવાની રીત—૩ાા શેર મીઠું ગરમ કરવું. ગરમ થયલું મીઠું આતસ ઉપર મુકવાથી ફુટે નહીં ત્યાં સુધી ઠીકરાં ઉપર ગરમ કરવુ. તે મીઠાંને જંતરમાં મુકી તેની ઉપર ૧ શેર મીણ મુકી અરક કહાડે તેમ તેલ કહાડવું. પહેલાં તેલના થોડા ટીપાં રદ કરી પછીનું તેલ એકઠું કરવું. તે તેલ નાસુર માટે બહુ સારૂં છે. જંતરમાં મીઠું રહે તે જખમ ઉપર દાબવાથી જખમ રૂઝે છે.

૨૫—નાસુર માટે—મરઘીના પીછાંની રાખ તથા હરણનાં સીંગડાની રાખ મેળવીને નાસુરમા મુકે તો તે રૂઝે.

૨૬—નાસુર—વ્રણ ઉપર મરઘાંના પીછાંની અથવા ઈંડાના કોચલાની રાખ ભભરાવવાથી નાચુર બંધ થાય છે.

૨૭—નાસુર (વ્રણ) માટે—મસુર બાળીને રાખ મુકે તો નાસુર સારૂં થાય છે. મોંઢા ઉપર ચાડાં અથવા સફેદ દાઘ પડે તો મસુરનો આટો પાણી સાથે મેળવીને મસળવો.

૨૮—નાસુર માટે—માયાની બાળેલી રાખ નાસુર ઉપર ભભરાવવી.

૨૯—નાસુર માટે—કામળી બાળીને રાખ કરી તેમાં મોરથુથુ મેળવી લગાડે તો રૂઝ આવે છે.

૩૦—ભગંદર મટે—ઉંદર. કોહોડ, બીલાડી, કુતરી એમાંથી કોઈબી જાનવરના નળાનું હાડકું પાણીમાં ઘસી ભગંદરમાં મુકે.

૩૧—પીંદસ, નાકમાં નાસુર માટે—ગાયના ઘીમાં કાંદો લાલ કરી રોજ ખાવો; ઘી બાકી રહે તે નાકમાં મુકવું, અને મગજપર જવા દેવું. માછલી, તેલ, મરચું ખાતું નહી. કાંદો અને ઘી લોખંડના

વાસણમાં ગરમ કરવું, અથવા કલઈવાળું વાસણ ત્રાંબાનું લેવું. કલઈ વગરના તાંબાના વાસણમાં ઉકાળેલું ઘી નાદમાં મુકે તો નાખમાં નાસુર પડે.

૩૨–કાંસકી (અતીબળા)ના લીલાં અથવા સુકા પાનની લેપડી ઉપર ગોળ મુકે અને દરદપર બાંધે.

૩૩–ભાંગરાના પાનની લેપડી મુકે.

૩૪–મરી કંઠાનુ મૂળ અથવા પાન વાટી ભગંદરમાં મુકે.

૩૫–લીમડાના તેલની પીચકારી મારે.

૩૬–બાવચી, કાળાતલ, દીવેલાના પાન વાટી, બકરીના દુધ સાથ વાટી ભગનદર પર મુકે.

૩૭–જેઠી મધ અને વાયવડીંગનુ ચુરણ ૦ા તો અથવા વડીઆળી ૦ા તો. રોજ બે વાર ખાય તો ઘર કરી બેઠેલું દરદ નરમ પડે, હીંગ, ચણા, આદુ, ગળપણ ખાવું નહી.

૩૮–ગધેડાંના લીડા અરધા તાજાં અને અરધાં વાસી લેવા, ૧) વાસણમાં મુકી બાળવાં, તે ઉપર થાળી ઢાંકવી; થાળી ઉપર પાણી નાખવું અથવા ભીનું કપડું મુકવું થાળીની નીચે મેસ બંધાય તે ગાયના દુધ સાથ મેળવી નાસુરમાં મુકે.

૩૯–બકરાના દાબા પગની નળીની ભસ્મ, રાખ, કળીચુનો મેળવી લગાડે.

૪૦ ગજેનના બીને તેલમાં મસલી લગાડે,

૪૧–સાજીખાર અને સિંદુર લગાડે.

૪૨–મેથીને ઘીનો પટ દઈ બાળે તેને મલમ સાથ મેળવી લગાડે. ઉપર મલમની પટી મારે.

૪૩–૧) સેર બીલામાને તેલ નવટાંક નિકળસે તેમાં મીન અને રાહલ દરેક ૪) પૈસા ભાર મેળવી મલમ બનાવી લગાડે.

૪૪–સંધેસરાના પાનની લેપડીમા સંખજીરૂ મુકી લેપડી મુકે; તો જળડી ફાયદો થાય.

૪૫–માણુસનાં નખની રાખ અને અફીણ સંભાગે મેળવી મુકેતો નાસુર રૂઝે.

૪૬–કાચબાના પીઠની રાખ, અથવા બીલાડીના હાડકાની રાખ, અથવા સાબર સીંગાની રાખ મધ સાથ નાસુરમાં મેલવું.

૪૭–બકરાંનાં બાલ અને તેલ સંભાગે ઇંગારપર મુકે તેને હલાવી આ કરે, બાલ પીગળે તેને તેલ સાથ એકરસ કરવો. તે રસ વાપડવો. આતેલ સાથ ચોઠે ભાગે મીન મેળવે તો મલમ થાય.

૪૮–બકરાંના હાડકાનો ભુકો, એરંડીઆના બીજ સાથ મેળવી લગાડે.

૪૯—અરણીના પાનનો રસ નાસુરમાં મેળે.

૫૦—બકરાની નળીની ખાકથી, ભમનદર, (ભાદર, ભાહોડ) માટે નાસુર ટાળવામાં હોય તેને બી ફાયદો કરે.

૫૧—કુતરાની જીભનુ ચુરણ અને કુતલીઆંના બેન્નંનું ચુરણ ભુગરી વટે નાસુરમાં છાંટે.

૫૨—ત્રીફળા અને વાયવડીંગ સંભાગે ૦ા તો ખાવુખાવું.

૫૩—આંબાના કુમળાં પાનને ગધેડાંના લોહી સાથ મેળવી લગાડે.

૫૪—ડોનાવાન સોલ્યુસનના ટીપા ૧૦ થી ૩૦) સુધા રોજ બે વાર ચાલુ પીએ.

૫૫—લીઓડીનુ તેલ ૧૫ થી ૩૦) ટીપાં રોજ બેવાર પીઆ કરે.

પીસાબે લોહી.

પીસાબે પડતું લોહી બંધ થાય—કાકડીનું મગજ ૦ા અથવા ૧ તોલો પાણી સાથ ખુબ વાટીને તે સહવારે ભુખે પેટ પીએ જરુર હોય તો બીજીવાર સાંજે ભુખે પેટ પીએ.

પીસાબે રેતી—પીસાબે પથરી—પીસાબ છુટે—ગુરદાના દરદો.

૧—પથરી પીગળે—ટંકનખાર પાણી સાથ ઘસીને પીએ તો રી પીગળે.

૨—પથરી પીસાબની પીગળે—તુમડીના બીજનું ચુરણ ૦ા તોલો ૧૦) તોલા ગેટીના દુધમાં ઉકાળી દીવસમાં ૨) વાર પીવું.

૩—પથરી—વીર્યને અટકાવાથી પથરી બંધાય છે ને માટે તલસરાની રાખ મધમાં આપવી.

૪—પથરી માટે—નરમાનાના પાતરાંનો રસ તોલા ૫) તથા જીરૂં ૦ા તોલો મેળવીને ૭ દીવસ પીવું.

૫—પથરી પીગળી જાય—કાંટી સળીઆનો છોડ મુળ સાથે આખો સુકવીને બારીક ભુકી કરી તે ૦ા તોલો પાણી સાથે ખાય તો પીસાબની પથરી પીગળે છે.

૬—પીસાબે બંધાતી પથરી માટે—કબુતરનો આધાર ૧ વાલ, મરી ૧ વાલ, મધમાં મેળવી એની ત્રણ ગોળીઓ બનાવી અકક

ગોળી દીવસમાં ત્રણ વાર આપવી રોજ તાજી ગોળી બનાવવી. એમાં પીસાબની પથરીને પીગળાવવાનો ગુણ છે.

૭=પથરી પીસાબે હોય તો ગાઓજબાન=ગલજીભી=બોપાથરીનો રસ પીવાથી ફાયદો થાય છે.

૮=પથરી પીસાબે હોય તે માટે—૨ થી ૪ વાલ ટંકનખાર પાણીમાં ઘસી પાંચ દીવસ પીવો. અંગ્રેજીમાં બોરોસાઈટ્રેટ ઓફ મેગનીસીઆ અપાય છે.

૯=પથરીનો રોગ દુર થાય—૩ વાલ જવખાર, સાકર, ગાયની છાસમાં મેળવી પીવું.

૧૦=પથરી માટે જાંબુ ખાવાથી ફાયદો થાય છે.

૧૧=પથરી માટે—ખાંડ શેર ૦।, જવખાર તોલા બે મેળવી તેમાંથી એકેક તોલો દીવસમાં ૩ વાર ખાવો. અને ઉપર છાસ પીવી. આ પીવાથી કદાચ વામીટ થાય.

૧૨=પથરીના દુખાવામાં પીસાબ છોડાવવા માટે ગરમ દુધમાં જુનો ગોળ નાંખી પીવું.

૧૩=ક્ષાર મુત્રળ. પીસાબે કાંકરી, પથરી—તલના તલસરાં એટલે સુકી સાંઠીને બાળી ખાર કાઢે છે તે ખાર બે વાલ ખાવામાં આપે.

૧૪=પથરી બે જાતની હોય છે તેમાં એક સફેદ ચુનાની જાતની અને બીજી હાથ વડે મસલાય તેવી હોય છે તે માટે ખટાસવાળી દવા સારી છે. તે માટે એસીડ સલફ્યુરીક આરોમેટીક પીવામાં ચાલુ રાખવી,

ગમએમોનીઆક=ઓસોક=સમગોપળ. ગુરદાની પથરી, તલ્લીનો સોજો, ગાંઠીઆ વા. અને સંધીવાને માટે સારો છે.

૧૫=પથરી નીકળે છે—જુની ઈંટનો ભુકો ૦। તોલા અને ખાંડ બુરૂ ૦॥ તોલો મેળવી દરરોજ ફાકવું.

૧૬=પથરી પીસાબે—ગોખરુના બીજ તોલો ૦॥. મધ તોલો ૦॥, ઘેટીનું દુધ તોલા ૧૦, સાત દીવસ પીવું.

૧૭=પથરી માટે—ગુંદર તોલા ત્રણ ઉકળતા પાણી શેર ચારમાં મેળવવું, થંડું પડે ને જ્યારે તરસ લાગે ત્યારે તે પાણી પીવું.

૧૮=પથરી (ખટાસ વાળી) હથોડીથી ભાગે નહીં તેવી પથરી માટે—દરદીએ ચુનાનું નીતરૂ પાણી હંમેશ સાધારણ પીવાના પાણીને બદલે પીવું જોઇએ.

૧૯=પથરી પીસાબે હોય તે માટે—નાળીએરનું પાણી શેર ૧૦) ગરમ કરે; જરા ધાડું થાય ને તેમાં જાયફળ, સુંઠ, મરી પીપર, જાવનેત્રી નીયમસર નાંખી બાટલીમાં ભરી રાખે. ૧) તો૦ સવાર

સાંજ દરદી પીએ; તો પથરી પીગળે—અથવા નાળીએરનું પાણી ૨) તો. તેમાં કબુતરનો અંગાર ૧ વાલ મેળવી, ગાળીને દરદી ૧૪) દીન પીએ.

૨૦=પીસાબે પથરી હોય તે પીગળે—આંબાહળદનું ચુરણુ ૪) વાલ લેવું તેને આમલીના પાનના રસ ૦। શેરમાં મેળવી ૨૧) દીવસ પીવું. પેહેલા બે દીવસ પછી દરદીની પીસાબ ઝીલીને તપાસી જોવી. નીચે થરો માલમ પડે અને રેતી જણાય તો જાણવું જે પથરી પીગળે છે. મીઠું અથવા કોઇબી જાતનો ખાર ખાવો નહીં.

૨૧=વરણની છાલ ૧) રતલ, પાણી ૧૬ રતલ એઓને ઉકાળી ૪) રતલ પાણી રાખવું. નીચે મુજબ કળથી, સીંધાલુણ, વાવડીંગ, સાકર, જવખાર, કોળાંના બીનું મગજ, ગોખરું દરેક ચાર તોલા (આમાંની જેટલી મળે એટલી ચીજો લેવી.) એ બધાને પાણીમાં વાટી ચટણી બનાવી વરણાના ઉકાળામાં મુકવી. તેમાં ઘી ૧। શેર નાંખવું. ધીમાં ઈંગારથી પાણી બાળી ઘી ગાળી લેવું. રોજ ૨) તોલા ઘી ખાય તો પથરી તુટે.

૨૨=પીસાબે પથરી હોય તે માટે—ઘણા ઘંડા ખાવાથી પથરી થવાનો સંભવ છે. મુળાના પાંદડાં અને લીંબુ અથવા સાલીદના પાદડાં અને સગો ખાવાથી પથરી બંધાતી નથી, અને બંધાએલી પથરી પીગળે છે.

પીસાબે પથરી હોએ તેને બહાર કાદયા પછી જો સાલીદના પાનના રસ અને સરકાની મેળવણીમાં મુકે તો તે પથરી પીગળે છે. એ ચોકસ છે,

૨૩=પથરી પીગળે—વાંઝ કંટીળીના છોડને ફળ આવતાં નથી, એનો પાન અથવા મુળનું ચુરણુ અરધો વાલ પાણી સાથ ખવાડવામાં આવે છે, એમાં ઝાડો ઉલટી લાવવાનો ગુણ છે. માટે પથરી વાળા દરદીને પથરી પીગળવવા માટે ઘણા ઓછા પ્રમાણમાં આપવું એટલે ઝાડો ઉલટી થાય નહીં એટલા વજનમાં આપવું.

૨૪=પીસાબની પથરી પીગળે—મરઘીના ૧૫) ઇંડાંના કોટલાના ચુરણુને ઘી સાથ મેળવવું તે બધું ૧૫) દીવસમાં દરદીએ ખાઇ જવું.

૨૫=પીસાબે પથરી હોય તે માટે સુરોખાર ટાંક ૨) ઘસેલી કોરી ટાંક ૨) બગાસ વાલ ૨) મેળવી તે બધું ૧૫) દીવસમાં ખાવું.

૨૬=કાચી હળદ તોલો ૧) વાસી પાણી સાથ ૧૫) દીવસ પીએ.

૨૭=રેતી પીસાબે હોએ તે કાદવા માટે—૧ તોલો કાકડીના મગજને ગરમ પાણી સાથ પીવાં.

૨૮=ધાતુપુષ્ટ, પીસાબે .રેતી—નસોમાં બળતી નબળા અને પીસાબે રેતી માટે ગોખરૂ બહુ સારાં છે. ચાહ બનાવી પીવી.

૨૯=રેતીનો દુખાવો મટે—ગોખરૂની ચાહે પેટ ભરી પીવી. સાથે સરપંખાના પાનશેં ૩ સાથે લીએ તો ઘણો ફાયદો થાય.

૩૦=પથરી પીગળે—સાટોડના (પથર ચટી) પનચાંગનું ચુરણ ૦ાા તો. અને સાકર ૧) તો પાણી સાથ મેળવી દીવસમાં બે વાર પીએ.

૩૧=ધાંગરી માછલી. (શીંગાળી માછલીના) માથામાંથી નીકળતો ગરમ કરેલો પથર તેને હજરતે હાઉ કહે છે.

પીસાબ છોડવે, પથરી પીગળે. } ૧ અથવા ૨) વાલ અથવા વધારે હજરતે હાઉને પાણીમાં ઘસી રોજ બે વાર પીએ એમાં ૨) વાલ સીંધવ નાંખે તો ગુણ વધ.

૩૨=પીસાબ છોડવવાના બીજા ઇળાજો, તણખીની છાલનો ઉકાળો સાગવાનના ઝાડના બીજ પાણીમાં વાટીને મુઠીભર વસંત વેળાનો વેળાનો રસ સાકર સાથે, જાંબુ પેટ ભરીને ખાવાં અથવા ફુલનો અથવા પાંતરાંનો રસ એટલી ચીજો ખાવામાં લીએ. મીઠું અને ઘી મેળવી દુંતી ઉપર મેલવાથી પીસાબ છુટે.

૩૩=પથરી માટે—બોરોસાત્રેટ ઓફ મેગનીશીઆ વપરાય છે તેની બનાવટ નીચે મુજબ છે—મેગનસ કારમોનસ ૧૫=ગરેન એસીડ સાઇત્રીક ૦ાા આઉંસ ગરમ પાણી ખપે એટલું નવું. બધાંને મેળવી ચુલાપર બાળીને ભુકો બનાવવો. પ્રમાણમા ૧૦ થી ૧૫ ગરેન ભુકો પાણી સાથ દીવસમાં ત્રણ વાર પીવો. અથવા મેગનીસકારબોનસ ૧ દરામ, એસીડ સાઇત્રીક ૨ દરામ, બોરેકસ ૨ દરામ અને પાણી ૮ આઊંસ, એ બધાને મેળવીને તેમાંથી ૨ દરામ દવા ૩ તોલા પાણી સાથે મેળવી રોજ ત્રણવ.ર પીવાથી પીસાપની પથરી મટે છે.

૩૪=પથરી હોય તે રેતી થઈ નીકળી જાય—બોય પાતરી બે પઇસાંભાર, જીરૂં તોલો ૦ાા ગાયનું ઘી બે પઇસાભાર ઘીમાં જીરૂં વધારી પાતરાંની ભાજી મનાવી ૩ દીવસ ખાય તો પથરીને તથા રેતીને કમી કરે.

૩૫=રેતી પોસાબે પડતી હોય—કુમળો મુળો પાંદડા સાથે સવારે રોજ ખાવાથી રેતી ધોવાઈ જાય છે. મુળો સાંજે ખાવામાં અવગુણ છે.

ગુરદાનો દુખાવો—મુળાના પાતરાંની ભાજી ઘીમાં બનાવીને ખાવી, અથવા લીંબુનો રસ તોલા ૨ાા અથવા મુળાનો રસ તોલા ૨ાા પીવો.

૩૬=કબુટરની અઘાર ૦। તોલો. નાળીએના પાણીમાં નાખી ૭ દીન પીએ, સવારની પીસાબમા રેતી જણાએ તે જાણવું જે પથરી પીગળે છે.

૩૭=પીસાબે રેતી અથવા પથરી હોય તે પીગળે—કેવડાની જડ સીલી બે તોલા, પાણી ૩ શેરને ઉકાળી ૦॥ શેર રાખવું, તેમાથી ૨॥ તોલા રોજ ૩ વાર પીવું.

૩૮=પથરી માટે—સરગવાની છાલનો કાહવો, મરી, પીપર, સાથ પીવો.

પથરી માટે સુરોખાર ૩ વાલ, ક્રીમ તારટર તોલો ૦।, પાણી તોલા ૮ મેળવી તેના ભાગ ત્રણ કરી. દીનમાં ૩ વાર પીએ.

પથરી—હકીકની ભસ્મ ખાવાથી પીસાબની પથરી પીગળે છે.

૩૯=પથરી માટે—૦। થી ૦॥ તોલો હળદર ગોળ સાથે ખાવી ઉપરથી જવનો અથવા ધઉનો ઉકાળો પીવો.

૪૪–રેતી પીસાબે હોય તે નીકળે, આમણ બહાર આવેલું પાછુ બેસે—કમળના ફુલનો ગુળકણ બનાવી ૧ તોલો રોજ સહવારે ખાય.

૪૫–પથરી પીસાબે હોય તે પીપળે—કુંવારનો રસ ૦॥ તોલો અથવા વધારે, હળદર બે આનીભાર મેલવીને રોજ બે વાર દરદીને ખવાડે.

૪૬–પીસાબે રેતી હોય અને દુખાવો ઘણો થાય તો—કેસુરીના ફુલની પોટીશ દુખાવા ઉપર મુકવી. તે પોટીસના ઉપર ગરમ પાણીની બાટલી, ગરમ ઇંટ અથવા ગરમ પથર મુકી રાખવો.

૪૯–પથરી માટે—રેહાનના બી તોલા ૭, પીવાના પાણી શેર ૫ માં ભીંજવી રાખી કાદવના વાસણમાં ગાળી રાખવું. પાણીની તરસ લાગે ત્યારે આખો દિવસ એ પાણી પીવું. પાણી રોજ નવું બનાવવું.

પથરી—પીપર, મધ, છાસ પીવી.

૪૮=પથરી માટે—સીંધવ ૨ તોલાના પડીકાં ૨૧ બનાવી તેમાંનુ પડીકું ૧ રોજ ગાયની છાસમાં પીએ. પછી ઉભો ઉભો પેટ ભરીને છાસ પીએ તો પથરીના દરદ ટળે.

પથરી માટે—સીંધા લુણ ૧ તોલાના ૧૨ પડીકા કરી તેમાંથી એક સહવારે ખાવું અને ઊભા ઉભા ગાયની છાસ પીવી.

૪૯=પથરીમાટે—સુનામખી કાકડીના રસ સાથ પીવી.

પથરી દુર થાય—સુનામખી કાકડીના બી સાથ ખાવી.

પથરી માટે—હજરતે યાકૂક ૨ માસા જેટલો, પાણીમાં ઘસીને રોજ પીવાથી પથરી ગળી જશે.

૫૦—પથરી પીગળે—બે વાલ હજરતે હાંડીને ચોખાના ધુણમાં ઘસીને પીવાડે.

ગુરદા દરદ માટે— ફુલ અથવા લીમડાના ઝાડનો કોઈ પણ ભાગ રેતી અથવા ગુરદાના દરદને ફાયદો કરે છે. કોઈ પણ રીતે એ ખાવામાં લેવાથી ફાયદો થાય છે.

૫૧—પથરી માટે— બે સાબુની ચણા જેવડી ગોળીઓ બનાવી તેમાંથી રોજ આખો દીવસ ગોળી ૨૦ થી ૩૦ સુધી ચુસ્યા કરવી.

૫૨—પથરી પીસાબે હોય તે પીગળે—જુની ઈંટ પાંચ વાલ, ખાંડ ૧૫ વાલ મેળવી રોજ ખાવી.

૫૩=ક્ષાર મુત્રલ, પીસાબે કાંકરી, પથરી—તલના તેલસરાં એટલે સુકી સાંઠીને બાળી રાખ કાઢે છે તેમાંથી બનેલો ખાર બે વાલ ખાવામાં આપે છે.

૫૪=ગુરડાની રેતી માટે—પટોલ, જેઠીમધ, કડુ, સુંઠ, લીમડાની અંતરછાળ, દેવદાર, મોક (નાનેર) દરેક ૧ તોલો લઇ એના બે ભાગ કરી એક ભાગ પાણીમાં ઉકાળી દીવસમાં બે વાર પીવું.

૫૫=રેતી પીસાબે—ચોળાઇની ભાજીના બીની ચાહ પીવાથી પીસાબની રેતી નીકળી પડે છે.

પથરી હોય તો પાલખની ભાજી, ચોલઇની ભાજી, કાકડી, ડોધી, દાડમ વગેરેમાંથી કોઇ બી એક ખાવામાં લેવું.

૫૬=પથરી બહાર નીકળે—પથરી પીસાબની નળીમાં અટકે તો બદામના તેલની પીચકારી મારવાથી બહાર નીકળે છે.

પથરી—પીસાબે પથરી હોય તે માટે બોય રીંગરીનું મુળીઉ ઘસીને પાવું અથવા મુળીઆનો ઉકાળો કરી પીવો.

પથરી=અલોહોર માટે—રાઈ અને સીંધવ સંભાગે મેળવી ૧ તોલો ગૌમુત્ર સાથે ખવાડવું.

૫૭=પથરી માટે—સુકુ અથવા લીલું લસણ ખાવામાં રોજ ઘણું વાપરે છે. તેને પથરી બાઝતી નથી.

ગુરદાના દરદ, રેતી—લીમડાની છાલનો કાહવો દીવસમાં ત્રણ વાર પીવાથી દરદ નરમ પડે છે.

૫૮=રેતી કાઢે છે—એમોનીઆ બેનઝોએટ રોજ ૧૦ ગ્રેન ખાવાથી ધાત જતી અટકે અને રેતી પીગળે છે. લોબાન, ખાંડ દરેક ૨॥ પઇસાભાર અને ઘઉંનો આટો ૩ પઇસાભાર મેળવીને ૧॥ પઇસાભાર ભુકો મધમાં લેવો. ઉપાય ચોકસ છે.

પીસાબે પથરી=અસમરી=પાણુવી.

૧=પથરી પીગળે— બીરબુટીનું ચુરણ ૧૫ ગ્રેન ગોળ સાથ ખાએ, ઉપરથી કળથીનો ઉકાળો ઘણો પીએ, ખોરાકમાં ભાત અને મગ ખાએ તો પથરી પીગળે.

૨=કોહલુ લાલ, પાકટનો ૨ તોલા રસ સવારે અને સાંજે ભુખે પેટે પીએ, ૧૫ દીવસમા ફાયદો જણાય. પથરી મોટી હોય તો ઘણા દીવસ પીએ. પીસાબ વધુ થાય, રેટી ધોવાઇ જાય પથરી પીગળે

૩=સરપંખાના પાનનો રસ ૨ તોલા સાકર સાથ પીએ.

૪=જાબુરાના ઝાડની છાલનો અથવા ઠરીઆની ચાહ અથવા કાહવો રોજ બે વાર પીવો.

૫=સફેદ રાળ ૫ તોલા, જેઠીમધ ૨ તોલા, નાની એળચી ૧ તોલો, કપુર માસા બે, સાકર તોલા ૯ નું ચુરણ ૭ માસા પાણી સાથ ખાવું.

૬=લીમડાના પાનની ભસ્મ (સફેદ) કરી પાણી મેળવી તેનો ખાર બનાવે, ૧ રતી ખાર ગોખરૂની ચાહ સાથ રોજ બે વાર પીએ,

૭=કદાની છાલનું ચુરણુ ાા તોલો ફાકી ઉપરથી કેસુરીના ફુલ ની ચાહ પીએ.

૮=કારીના ૬૬ દાણાને ૧ ઉંસ પાણીમાં ઉકાળે. પાણી બળી રહે ત્યારે કારી છુંદે તેમાં ૨ ઉંસ પાણી નાંખી ફરી ઉકાળે ૧ ઉંસ પાણી રાખે તેમાં ૩૦ ટીપાં સ્પીરીટ ઇથર નાઇતર મેળવી રોજ બે વાર પીએ. બે માસ સુધી ચાલુ પીએ.

૯=દાભરો—એક જંગલી ઘાસ છે જે જમીન બગાડે છે, કોઇ ચીજ તેવા ઘાસના ખેતરમાં પાકી શકતી નથી. એના મુળીઆ જમીનમાં ઉંડા જાય છે, તેના થડ નજદીક કોર્કિનેજ ગોટી જેવું થાય છે તેને દાભરાનું ફુલ કહે છે. તે ફુલને કાન સાથ બાંધેલું રાખે તો આંખનું ફુલુ કપાય છે. એ દાભરાનું મુળ પાણીમાં ઘસી પીવાથી પથરી પીગળે,

૧૦=ચોલાઇની ભાજી, પાલકની ભાજી, દોધી એમાંનું કોઇ બી એક પાણીમાં ઉકાળી પીવામાં લેવું. આ ચીજો ખોરાક તરીકે ઘણી ખાવી.

૧૧+૧૨=રેતીનો દુખાવો થાય ત્યારે ૧૦ કાલાં મરીને ાા શેર પાણીમાં મેળવી તે પાણીને ઉંચી ધારથી ૨૦૦ વખત ૧ ગલાસમાંથી બીજા ગલાસમાં નાખી પછી પીએ.

૧૩મુળો તેના પાતરાં સાથે સવારે ભૂખે પેટ દરદી રોજ ખાએ.

૧૪=તલના ઝાડની રાખ મધ સાથ ખાવી.

૧૫=પીસાબે તનકમારે ત્યારે તલના ઝાડની બાળેલી કાળી રાખ દુધ અથવા મધ સાથ ખાવી.

૧૬=મકઇની મુછ ૧ તોલો પાણી સાથ ઉકાળી સાકેર મેળવી રોજ ૩ વાર એક માસ પીએ ગુરદાના તેમજ ફુકાના દરદો મટે.

૧૭=રેવણુ ચીની, પાષણુ ભેદ, સુરોખાર. એલર્ચી સંભાગે ચુરણુ બનાવી, ૦ા તોલા ચુરણુના ૪ ભાગ કરે. ૧ ભાગ પાછલી રાતના ૪ વાગે પછી બીજા પડીકાં એકેક કલાક દુધ અને પાણીના મીશ્રન સાથ લેવાં. છાંયામાં રહેવું. તડકે ન જવું.

૧૮–ઉપલસરી, જીરૂ સાકરનો કાહવો પીવો.

૧૯–સારીવા, ઇનડીઅન સારસા ૫ તોલા પાણી ૧ા સેરમાં ૧ રાત ભીંજવી રાખે. ૫ તોલા પાણી રોજ ૩ વાર પીએ તો પીસાબ છુટે.

૨૦=અદેહાના બીનો ખાર જેમાં પોતાસ કારબ છે તે પાણીમાં પીએ,

૨૧=વાંઝણી કટોળીના કંડનું ચુરણુ ૦ા તોલો મધ, સાકર સાથ ખાવાથી પથરીનું હરદ મટે તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી,

૨૨–ગુરદાના દરદો (બ્રાઇટ દીસીઝ) અરડુસી અને લીમડાના પાનના વરાલીઆંથી સેક કરવો. અરડુસીના પાનનો રસ ૦ાા તોલો મધ સાથ લેવાથી ચમતકારીક અસર થાય છે.

૨૩=કાકડીના બીજ અને પાણી વાટી પીએ.

૨૪–કાકડીના બીજ, જીરૂ સાકર પાણીમાં વાટી પીએ.

૨૫=સરગવાના મુળનો રસ પાણી સાથ પીએ.

૨૬=કાકડીના બી અને સાકેર ચાવી ખાવી.

૨૭=તલના ઝાડને બાળી કરેલી રાખ, દુધ, મધ સાથ બે ત્રણુ વાર ખાવાથી સારી અસર થાય છે.

૨૮=સરપંખાના પાનનો રસ ૪ તોલો સાકેર સાથ રોજ પીવો.

લાંપડીના બી ૦ા તોલો પાણી ૫ તોલામાં વાટી પીએ તો પીસાબની નળીમાં પીસાબ માટે સળી મુકવી પડે નહીં. ૦ા, ૦ાા કલાકમાં પીસાબ ન થાય તો ફરી એ દવા પાવી. એમાં પીસાબ છોડવાનો મોટો ગુણુ રહેલો છે.

૨૯=તોલો, કબુતરનો અઘાર ૧ાા તો આ બનેને નાળીએરના પાણીમાં દીન સાત સુધી ધીસે તેમાંથી ૧ વાલ દીવસમાં ખવાડે.

પીસાબ છુટે

૩૦–કેસુદા (ખાખરાના ફુલ) ફુલ બાફી પીરૂ ઉપર મુકે.

૩૧=ગળોના પાનનો રસ પીરૂએ ચોપડવો.

૩૨=કેળના છોડનું પાણી ઉના ઘી સાથ પીવું.

૩૩=કાકડી અને ભૂરાં કોહરાના મગજનો ૧ આંગળ જાડો લેપ ઇંદ્રી અને પીરૂ ઉપર કરવો.

૩૪–નેટરનો કટકો આડ આંગળ લાંબો લઇ એક નાકેથી સળગાવે, બીજુ નાકુ દરદી મોઢામાં લીએ અને દમ ખેંચે. ધુમાડો પેટમાં લીએ.

૩૫–નેટરની ગાંઠને ચોખાના ધોવણુમા ઘસી પીવું.

૩૬–પાઉઝરના પથરને ચોખાના ધોવણુમાં ઘસી પાવું.

૩૭–નવસાર છુડેલો ૧ શેરને માટીના વાસણુમાં મુકી કપડછંડ કરે, ચુલે ધીરી આંચ પર ૩ કલાક ગખે પછી ઇંગાર કાઢી લીએ. ચુલા પર વાસણુને થંડુ પડવા દીએ. ૦। શેર વાસણુમાં બાઝેલો ખાર બાલકને ૨ વાલ, મોટાંને ૫ વાલ આપે પીસાબ જરૂર છુટે.

૩૮–ઝરખ જાણુવરનો અધાર ઇંદ્રીએ લગાડે તો પીસાબ છુટે અને દુટીની આસપાસ લગાડે તો ઝાહડો થાય.

૩૯–કુતરીઆ ઘાસના બી ૦॥ તોલો ને છાસમાં આપે અથવા સરબત નીચે મુજબ કરી પાએ.

કુતરીઆ ઘાસને પાણી સાથ છુંદી કાઢેલો રસ ૧ શેર સાકર ૧ શેર, ૦। તોલો એલચી ગરમ કર્યા વગર હલાવીને સરબત બનાવે તે લાંબો વખત બગડે નહીં.

૪૦–વિછોડાના પાનનું ચુરણ ૨ વાલ છાસ સાથ પીએ.

૪૧–લીંબુના બીનું ચુરણ ૦॥ તોલો પાણી સાથ પીએ.

૪૨–મકાઇના રેસા તોલા ૧ પાણી ૧ શેર ઉકાળી ૦। શેર પાણી રાખે તે ૦॥ તોલો પાણી બબે કલાકે આપે. પીસાબ વધે ત્યાં સુધી આપ્યા કરે. પથરીમાંતેમજ જળંદરમાં આ ચમત્કારીક છે.

૪૩–ફુલવેલો, ખડીઓ ખાર અને ફુલવેલી ફટકડી પીસાબની નળીમાં મુકે તો ખાત્રી પુર્વક પીસાબ છુટે.

૪૪–ઇંદ્રવણુાનું મુળ પાણીમાં ઘસી પીએ તો પીસાબ અને ઝાહડા છુટે.

મોરના પીછની રાખ તથા મુજની દોરી ૧ વાલ ગરમ પાણી સાથ પીએ.

૪૬—પરવાળાંની ખાક ૧ વાલ એલચી ૧ વાલ દુધ સાથે ખાવી.
૪૭—ઉંદરની લીંડી, સુરોખાંર એની લેપડી દુંટી પર મુકે, ઉપર મુળાનું પાન બાંધે.

રેતી પીસાબે પથરી.

૧=ગોખરૂ ૧) તો. પાણી ૧) શેર કાદવના વાસણુમા ઊકાળે ૫) તોલા રાખે તેમાં ૦। તો. જવખાર મેળવી સવાર સાંજ પીએ ખોરાકમાં છાસ ભાત મુળાનું શાક.

૨=ગોખરૂ તો ૨॥, વરીઆળી તોલા ૨॥, જેઠી મધ ૦॥ તો. સિંધવ બેઆની ભાર, ઘી તો ૦॥ પાણી શેર ૧) ઊકાળી ૦। શેર રાખી રોજ બેવાર પીવું

૩=મુલાના પાતરાંની ભાજી ખાવી.

૪=સિંધવ ૨) તો. તેના ૨૧) પડીકા કરવાં ૧) પડીકુ ગાયના દુધની છાસમાં સવારે ભુખે પેટ લેવું ઉપરથી ઊભા ઊભા પીવાએ એટલી છાસ પીવી

૫=ગાજર ભુંજીને રોજ ખાએ ગુરદા દરદ દફે થાય.

૬=નાળીએરના પાણી સાથ કબુતરની અધાર ૦। તો રોજ સવારે ૨૧) દીન સુધી પીએ

૭=લાપડુ ઘાસ એકલ મુખી જેને એકજ મુળ હોય (ઘણા મુળ વાળું ન જોઇએ) ને ૦॥ તો. પાણીમાં વાટી પીએ તો પથરી પીગળે (પથરની કાકરીને એ મુળની વચે દાબી. તે મોંઢામાં રાખે તો કાંકરી ભાગીને રેતી થઇ જાય)

૮=ઘોડાવેલના પાન સાકર સાથ ખાએ, ઝાડા ઊળતી ન થાય એટલું પ્રમાણ રાખે

૯—કડવી કંટોળી (વાંઝ કંટોળી)ના પાન સાકર સાથ ખાએ ઝાડા ઊળટી થઇ ન જાયે એટલાં, પાન ખાવામાં લીએ.

૧૦—ગોખરૂના છોડ (જ્યારે ફળ તરતના લાગેલાં હોય, ફળ કઠણ થાએ તે આગળ) ને છાયામાં સુકવે, ચુરણ બનાવે તેને લીલાં ગોખરૂના રસનો પત આપે. આ ૫) તો. ચુરણ દુધમાં ઊકાળી રોજ પીએ. તો, ધાતુના અનેક વિકારો દુર થાએ, બળ બુદ્ધી વધે; રેતી પથરી દુર થાય અને પ્રદરની નામ નીશાન રહે નહી. કામ વિલાસની શકતી બહુજ વધે.

૧૧—પીસાબે રેતી ખટાસની અને ખારની હોય છે. તે હલદના રંગથી બનેલાં કાગળથી જણાઇ આવે.

ખારની રેતી હોય તો લીંબુ વગેરે ખટાસ ખવાડવો.

ખટાસની રેતી હોય તો જવખાર, પાપડખાર, સાજીખાર, સોધેલો ટણુકનખાર દવા તરીકે આપવો.

રેતી અથવા પથરી કોઇપણ જાતની હોય તે માટે ચીકણો પદાર્થ આપવો. જેવાં કે, અળસીની, ચાહ, ગુંદરનુ અથવા પાષણ ભેદનું પાણી પીવું. કોઇ એક ચીજનુ સેવન કરવું.

૧૨—નાઇટરો મ્યુરેટીક એસીદ દાઇલુટના ૧૨) ટીપાં પાણી સાથ દર બે કલાંકે આપવાં

લાલ રેતીવાળી પીસાબમાં બળુ કાગળ બોળે તો કાગલ લાલ થાય. (બળુ કાગળ બનાવવાની રીત, લીટમસ જે ગળીના જેવું હોય છે તેને પાણીમાં પીગલાવે તેમાં સફેદ બલાટીંગ મુકી રાખે, કાગળ બળુ થાય ને કાઢી લેવો.)

સફેદ રેતીવાળી પીસાબમાં હળડીઆ કાગળ બોળે તો કાગળ બદામી રંગનો અથવા નારંગીના રંગનો થઇ જાય.

(હળડીઆં કાગળ બનાવવાની રીત—હળડના પાણીમાં અથવા તેના અરકમાં સફેદ બલાટીગ બોળી રાખવો.)

પીસાબ છોડવવાની દવા આપતાં દરદીને સરદી લાગે નહી તે તપાસવું, ઘણી દવા સરદી કરે છે, શરીર નબળુ કરે છે, હાર્ટ નબળું કરે, શરીર પોચું કરે અને એક દુખ સારૂ કરવા પેહેલાં શરીરમાં બીજું દરદ દાખલ કરે, ખારો વગેરે આકરી દવા આપતાં દરદીના શરીરની બહુ તપાસ કરવી.

દરદીનો પીસાબ લાલ લોહી જેવો હોય તેમાં પથરી અને રેતી છેજ એમ માની લેવું નહી

યાદ રાખવું જે મજીઠ, હાથીઆ કુઅરના પાકાં દીડવા અને પતંગનુ લાકડુ એઓની બનાવેલી દવા ખાનાર દરદીની પીસાબ લાલ લોહી જેવી થાય છે.

પીસાબમાં રગડો જણાય ત્યારે રેતી છે એમ માની ન લેવું ફોસફેટ નામનો ખાર બી હોગ છે; જો એ ખાર પીસાબે જતો હોય તો નીમખનો ખાર (એસીદ હાઇડો કલોરીક દીલ્યુટ) અને ઝેર કચરાનો અરક ઘણુજ નાના પ્રમાણમાં પીવાથી પીસાબ ઘણી જળડી ચોખી થાય છે.

પરસેવો.

૧+પરસેવો ઘણો થતો અટકે—ચણાનો આટો ૪ તોલા, સુંઠનો ભુકો ૧ તોલો મેળવીને પરસેવાવાળી જગાપર લગાડે.

૨=પરસેવો ઘણો છુટે તે બંધ થાય—જાંબુના ઠળીઆ પાણીમાં ઘસીને શરીરે લગાડે.

૩=પરસેવો નહી થાય માટે—આમલી સુકું છાણુ અને મીઠાંના કાદવના વાસણનાં કટકા સંભાગે વાટી તેનું ચુરણ શરીરે લગાડે.

૪=પરસેવો હાથ પગમાં ઘણો નીકળે—બાવળની સુકી પાલીનો ભુકો મસળવામાં આવે તો પરસેવો બંધ થાય.

૫=હાથ પગે ઝરી છુટે તો મગ બાળીને તેની રાખ બનાવી મસળવી.

૬=હાથ પગના ઝરાં છુટે તો બોરડીના પાંતરાં વાટીને ચોળવાં.

૭=ખહીવાળા દરદીને પુષ્કળ પરસેવા થાય તે વેળા છાતી ઉપર શેરડીનો સરકો ૧ ભાગ, પાણી ૨ ભાગ મેળવીને છાતી ઉપર લગાડવું.

પરસેવો ઘણો થાય.

માણસના શરીરની કાખમાં, હાથ પગના તળીઆંમાં ઘણો થાય ત્યારે ધંતુરાના પાનના રસનો ધન (extract) ૧ વાલ ફટકી ૧) વાલ પાણી ૨॥ તો૦ મેળવવી રોજ બે વાર શરીરે લગાડવું. ધંતુરાના પાનના રસનો ધન (એકસ્ટ્રેક્ટ) ½ રતી ૧) વાલનો ૬) ઠો ભાગ દહી, સાકર સાથ ખાએ.

ઉટકંટારો=દારૂડીનો રસ સરીરે લગાડે. કાળી મટોડી શરીર પર મસળે તે સુકાયા પછી નાહે તો પરસેવો ગંધાતો ખરાબ વાસનો નીકળતો......બંધ થાય.

પનીરની બનાવત.

૧–પનીર બને—પનીરબંદ ૨॥ તો૦ ને એક શેર પાણીમાં ઉકાળી કાહવો બનાવે ૧) ગેલન ગરમ કરી દુધમાં નાખો ૦॥ કલાક રહેવા દીએ તો દુધ બંધાઇ, તેના પનીર બને.

૨–દુધનું પનીર બને–દુધ સેજ ગરમ કરી અંદર મરચીનો ઠેઠવો નાખે. દુધ દહી જેવું થાય તેનો પનીરનો આકાર બનાવે.

પલેગનો તાવ.

૧–પલેગ,—લીંબુનો રસ ૧) તો. રોજ પાણી સાથ પીવાથી પલેગનાં જંતુ શરીરમાં દાખલ થઈ શકે નહી.

૨-૧ ટીંપુ ટીંકચર આયોડાઇન પાણી સાથ પલેગના ઉપદ્રવ વખતે રોજ બે વાર પીએ તો પલેગના જંતુ શરીરે લાગે પડે નહી.

પ્રમેહ—પરમો.

૧—ભોંય આમળી તો. ૧) અને મરી દાણા ૧૫ વાટી પાણી સાથ ૭ દીવસ પીવું.

૨—ત્રીફળાંનો ઉકાળો—મરી, મધ સાથ પીવો. લોઢરનું ચુરણ ૦। તો૦ મધમાં લેવાથી જુનો પરમો મટે. કાકડીનો મગજ પાણીમાં વાટી પીવો.

તાંદલજાની ભાજીના મુલીઆનો રસ ૨) તો. મધ સાથ પીવો ચીનીકબાબ ૫) તો. કુલવેળી ફટકી ૦। તો. કાથો ૦। તો. એનું ચુરણ ૦। થી ૦।। તો. પાણી સાથ દીનમાં ૩) વાર લેવું.

મુળાના પાનનો રસ ૨) તો રોજ બે વાર લેવો. જવખાર ૦।, સાકર ૧ તો. અરધા શેર પાણીમાં પીવું.

૩—પરમો જુનો મટે—જાંબના કુમળાં પાનનો રસ ૧) તો. ઘી એક તોલો, રાળની ભુકી ૨) વાળ મેળવી સવારે પીવું. સાત દીવસમાં ફાયદો થશે. ખોરાક—ચોખા, ઘઉં, ઘી, સાકર દુધ, જાઇને ચંબેલીના બદલે ચંગેલીના પાનનો રસ ચાલે છે.

૪—પ્રમેહે મટે—ભીંડાના બીનું સરબત પીવાથી મરમી મટે.

૫—પરમો તણુક સાથનો મટે—તલના સુકા પાન એક તોલો પાણીમાં આખી રાત ભીંજવી રાખે અને સહવારે ગાળી પીએ. ૭ દીન ચાલુ રાખે.

૬—પ્રમેહ મટે—ગાજરનો રસ ૭ તોલા, સાકેર અઢી તોલા રોજ એક વાર પીએ.

૭—પરમો લોહી સાથનો—તાંદલીઆની ભાજી તેના મુળ સાથ છુંદીને રસ કહાડે. તે ૦। શેર રસમાં ખાણ્ડુ નાંખી ૭) દીન પીએ તો ફાયદો થાએ. અથવા ઉત્રાહણનું મુળીઉ ૦। તોલા ચોખાના ધુણ સાથ ઘસીને પીએ.

૮—પરમા માટે—દુધેલીનો ભુકો અને સુંઠ સંભાગે મેળવીને ૦।। તોલા લઇ ખાંડ સાથ રોજ ૩ વાર ખાય તો ૧૮ જાતના પરમા સારા થાય છે.

૧૦—પરમો જુનો હોય તે માટે નાળીએરના ત્રોફાનું (કાચા તરોપાનું) પાની પીવામાં આપે છે.

૧૧—પરમા માટે—ઘી, આમલાનો રસ ૨ તોલા. ખાંડ એક પઈસાભાર દીન ૭ સુધી પાવું. આમલામાં ટેનીક આસીદ ઘણી છે.

૧૨—પરમો જાય—તરબુચની ગાબડી કાઢી અંદર ●। શેર સાકર, ○। શેર કાળી દરાખ ઠરીઆ વગરની, ૧ જાયફળની ભુકી મુકીને તરબુચની ગાબડી પાછી બીડવી તેને ૩ દીવસ ઠારમાં રાખી તેનો રસ કહાડી બાટલીમાં ભરી રાખવો તેમાંથી ૧ ગલાસ સહવાર સાંજ પીવો.

૧૩—પરમો વાસ મારતો મટે—કમોદના ચોખાની પાણી જેવી પાતળી કાજી પીવી.

ચોખા વાયડા છે એમ સમજવામાં આવે છે તે નવા ચોખા છે. જુના ચોખા પકાવેલા હોય તો દરદાને જરાબી અવગુણ કરે નહીં.

ચોખા સાથ દાળ વાપરવાથી તેનો વાયરો ગુણ ઓછો થાય છે.

ચોખા અને દાળ જુદા પકાવી એ ખોરાક હલકો છે. ને જલદી જરપત થાય છે, કેહેવત છે જે "દાળ ભાકા સુતરાખાના, મેરે ભરૂશે ગાઉં મત જાના."

ખીચડી ભારે છે પણ દાળ મગની વાપરી હોય તો તે ખીચડી હલકી છે અને તે જરપત જલદી થાય છે.

૧૪—તણુખીઓ પરમો, આતસીઓ તાવ નરમ પડે—ચણોટીન પાનનો રસ ૨ તોલો પીવો.

૧૫—પરમો વીસ જાતનો સારો થાય, કમળો સારો થાય. ગળ વેલનો રસ ૫ તોલા મધ સાથ પીવો.

૧૬—પ્રમેહ મટે—નવટાંક ઘઉંને પાણીમાં ૧ રાત ભીંજવી રાખે સહવારે ઘઉંને છુંદી તેનો રસ કહાડે તે રસ ૩ તોલા લેઇ તેમાં સાકર મેળવી સહવાર સાંજ રોજ પીવો.

૧૭—પીસાબે ગરમી. પીસાબે પરૂ હોય તે માટે—આમળ તોલા ૧॥ પાણી શેર ○॥) એક રાત ભીંજવી રાખે. સહવારે ભુખે પેટે મધ એક તોલો મેળવીને પીવું.

૧૮—પીસાબે બળતરા થાય તે નરમ પડે—○॥ તોલો જીરૂ જુના ગોળ સાથે મેળવી દીવસમાં ૩ વાર ખાએ.

૧૯—પરમો રગતીઓ, પરમો લોહીવાળો—પરમા માટે બળબીજના પાતરાંનો રસ શેર ○। પીવો, પાતરાં ન મળે તે બળબીજ, એખરો ખાંડ સંભાગે મેળવી ○॥ તોલો દીવસમાં ૨ વાર ફાકે તો પરમો વારો થાય.

૨૦–જુનો પરમો, સ્રીના છુપાં દરદો—બાવળના પાતરાંના ઉકાળાની પીચકારી મારવાથી જુનો પરમો તથા સ્રીના છુપા દરદો ને ફાયદો થાય છે.

૨૧–પરમો ભીંડાના બીનો ઉકાળો પીવાથી પરમાના અને પીસા બના ફુકાના સોજાને ફાયદો થાય છે.

૨૨–જુનો પરમો—કોઇવાર મરચાં ખાવાથી પરમો નરમ પડે છે,

૨૩–પીસાબે ગરમી, પાસાબે પરૂ હોય તે સાફ થાય—અંકોલની કુમળી ડાળીઓનું સુરણુ ૦। તોલો મધમાં મેળવી રોજ ૨ વાર ખાવુ.

૨૪–પરમો જુનો—ચીનીકબાલા તોલા ૫] ફુલવેલી ફટકી રોજ ૩] વાર પાણી સાથ લેવી.

પ્રમેહ—વડવાઇનો કાહવો પાવો.

૨૫–પરમો છારીઓ જાય—સાજીખાર, તજ સાથે પાણીમાં ઘસીને ખાઓ.

૨૬–પરમો—સંવેસાની અને બાવળની પાલી પાણી સાથ છુંદી રસ કહાડી ૦। શેર રસ, સાકેર સાથે, ૭ દીન પાએ તો પરમો સારો થાય.

૨૭–પીસાબે ગરમી તથા પરૂ મટે—૧૦૦ વરસની જુંની ઈંટ ૦। તોલો પાણી સાથે મેળવી દીનમાં ૩ વાર પીએ.

૨૮–પીસાબે અગન હોય તે મટે—કપાસના છોડના લીલાં ફળ દરદીએ ચુસવાં અથવા કપાસના ફળ ૧ તોલો, સાકર ૦॥ તોલો પાણીમાં વાટી; ગાળીને પીવું.

૨૯=પીસાબે ગરમી હોય તે મટે—કુમારનો રસ ૧ તોલો, જીરૂં અને મરી બએ વાલ મેળવી દીવસમાં ૩ વાર ખાવું.

૩૦=પીસાબે ગરમી હોય, અથવા પરૂ પડે તે સારૂ થાય—કુતરીઆ ઘાસનાં બીના ઝુંમખાનું ચુરણુ ૦॥ તોલો સાકર સાથ મેળવીને ખાય.

૩૧–પરમો—જુના પરમા માટે લોધરનો ભૂકો તોલો ૦। મધ સાથે ખવાડે છે.

૩૨=દુધ વડનું—પરમા ઉપર પીવામાં વાપરે છે.

૩૩–પરમો—વડનું ૦। તોલો દુધ, સાકરમાં ચાટવું. ઉપરથી ગાયનું દુધ પીવું તેથી પરમો નરમ પડશે.

૩૪=હજારીઆ ગોતાનું એક ફુલ, અને ૨ વાલ જાયફળ, મેળ-વીને તેની ફાકી પાણી સાથે લેવાથી પરમો મટે છે અને પીસાબ છુટે છે.

૩૫–પરમા માટે—હળદર વાલ બે, ગળોનો રસ પાંચ તોલા, મધ એક તોલો, દીવસમાં એક વખત લેવું. ઘણા દીવસ સુધી લેવું.

૩૬–પરમો—આમળાનો રસ ૫ તોલા, મધ ૧ તોલો, હળદરનો ભુકો બે વાલ, સુખડનો ઘસારો બે વાલ, એ મુજબ દીનમાં ૩ વાર પીવું.

૩૭=પરમા, હરસ, ધાતુ વીકાર મટે—રતનજોતનું મુળીઉં બે આનીભાર દુધમાં ઘસી સાકર સાથ પીવું.

૩૮=પરમો જુનો—રાજમ ખાવામાં લે છે, ઉપાય ઘણો વખણાયલો છે. એનો ભુકો ખુલ્લી હવામાં ખુલ્લો રહેવા દેવામાં આવે તો, કાઇવાર હવા અને ગરમીના કારણથી આપો આપ સળગી ઉઠે છે.

૩૯=પરમા ઘણી જાતના સારા થાએ—સરવાલા (ઉખડરા ઘાસનો તો. ભુકો ખાંડમાં મેળવી ખાય.

૪૦=પરમો તનખીઓ મટે—સુનાગેરૂ અને સાકર સંભાગે મેળવી ૦॥ તો. ફાકી મારે ઉપરથી, વાસી પાણી પીએ. સાત દીન ચાલુ રાખે.

૪૧=સુજાક પરમા } માટે અકસીર ઇલાજ—સિલાજીત દરેક દરદીને લાગુ પડી શકે.

લીમડાની ગળોનો સત્વ, કેરબો, સિલાજીત, બળમીંજ. ચીનીક બાળા, એલચીદાણા, સોનાગેરૂ સંભાગે મેળવી તેનું ચુરણ ૦॥ તોલો મધ સાથ મેળવી રોજ ૩) વાર ખાવું.

૪૨=પરમો મટે ધાતુ પુષ્ટી થાય } વડના ટેટાને વાટી સાકર સાથ ખાય અથવા વડનું દુધ ૧૦) ટીપાં પતાસા સાથ ખાય.

૪૩–પીસાબે ગરમી હોય, પીસાબે પરૂ નીકળે તે માટે—૧) તોલો કોપરૂં ઘણો વાર ચાવીને ખાવાથી ફાયદો થાય છે.

૪૪=બહુફળી-બાહુફળી-મુંઢેરી—એના પાનમાં ચીકાસ બહુ છે, તેથી ધાતુને પુષ્ટી આપે અને પીસાબે ગરમી નરમ કરે.

૪૫–પરમો-પ્રદરના દરદ, કમરનો દુખાવો મટે, ધાતુ સુધરે—બહુફળીના પાન છાયામાં સુકવી ચુરણ બનાવે તે ચુરણ ૦॥ તોલો સવાર સાંજ ખાય.

૪૬–પરમા માટે—બહુબળીના કુમળા પાનનો રસ એક તોલો સાકર સાથ સાત દીન પાવા.

૪૭–પરમો સારો થાય—મુળાના પાંતરાનો રસ તાજો રોજ બે પઇસા ભાર પીવો.

૪૮–પરમો—મુળાના પાતરાંનો રસ ટાંક ૯), ગોળ ટાંક ૨॥, જીરૂં ટાંક ૧ મેળવીને પીવો.

૪૯=કાઠાની દોરી બાળીને તેની રાખ ૦। તો. ખાંડ ૧) તોલો ખાવાથી પરમાંના દરદમા ઊનવા બળતો નરમ પડે.

૫૦=ફટકડી ૦। તો. છાસ ૧) શેરમાં નાખી છાસ પીવી ઉપરથી દાળીઆ, મમરા ખાવા, સાંજે ભાત અને છાસ ખાવી ૩) દીન આ ઇલાજ કરવો.

૫૧=ભીલામા બેના કટકા કરી ૧) તો. ઘીમાં ઊકાળે. લોખંડની કઢાઇમાં ઊકાળે. ભીલામું બળી જાય ત્યારે ઘી ગાળી લીએ, ૦।। વાલ જેટલુ ઘી, ચેવલી પાન ઉપર લગાડી ચાવી ખાએ. પહરેજી કાંઇ નથી.

૫૨—બાવલના કુમલાં અંકૂરો (પાન) ૧) તો. સાકર સાથ સવાર સાંજ ખાએ.

૫૩—મુળાના પાનનો રસ અને ઘી અેકક તો. મેળવી ખાવું

૫૪=દારૂ દીઓ જે ઉપર પીળાં ફુલ અને ખસખસના જેવાં કાળાં બી થાય છે તેના પાનનો રસ ૩) પૈસાભાર સાકર સાથ ૭) દીન લેવો. આથી જુલાબ થશે ઊળટી થાય તો પીતનો બગાડ નિકળે

૫૫=રાહલ અને પકાવેલો સુરોખાર સંભાગે બેઆની ભાર ૩] વાર આપે;

સુરોખાર પકાવવાની રીત—હાથી દાંતના વહેર ઉપર સુરોખાર મુકે તેની ઉપર બીજે હાથી દાંતનો ભુકો મુકે અને સળગાવે. સુરાખારમાં સળગવાની શકતી છે જો સુતરના દોરાને સુરાખારના ઘટ પાણીમાં બોળી સુકવે પછી લાંબો મુકે એક નાંકથી સળગાવે તો બળતો બળતો બીજા નાકા સુધી જાય.

૫૬—દીવેલનો જુલાબ પરમાની શરૂઆત થતાંજ લેવાની જરૂર છે અને થંદા પાણીનું પોતું અથવા સુગરલેડ લોસનનું પોતું ફુસપર બાંધવું જોઇએ.

૫૭—બાસમ કોપેવા ૩૦ ટીપા અથવા ગરજન ઓઇલ ૧૫] ટીપા બતાસામાં રોજ ૩) વાર પીવાં

૫૮—અળસી, ગોખરૂ અથવા જવ એમાની ૧] વસ્તુની ચાહ ભુખે પેતે પેત ભરીને પીવી રોજ બે વાર પીવી.

૫૯—ટ્ઇનાઇન પરમાવાળા દરદીને ખવાડે તો પરમો અંદર વધે.

૬૦—અગત્યાના ઝાડના ફુલ સાકર સાથે મેળવી ગુળકંનુ બનાવે. અને ભુખે પેત ૧] તો. બે વાર રોજ ખાએ.

૬૧—કુતરીઆં ઘાસનું શરબત પાવું તે બનાવવાની રીત કુતરીઆં ઘાસના માંજર (ફુલ) લેળીઆં ૧] શેર ગાંઠુ પાણી ૨] શેર એલચી

શેકેલી શરબત બનાવ્યા પછી નાખવી. આ ચીજોને ચુલાપર ઉકાળવાની જરૂર નથી, પાણીને પહેલાં ઉકાળી થડુ પાડી વાપરવું. એલચી હોવાથી, આ ઉકાળીઆ વગરનું શરબત બગડતું નથી, ઘણો લાંબો વખત ટકી શકે છે એ ખચીત કરી જાણવું. આ શરબત ૩ તોલા રોજ ૩ વાર પીવું.

૬૨—કુતરીઆ ઘાસ, મુળ સાથે સુકવે તેને બાળી કાળી ભસ્મ બનાવે, બે આની ભાર ભસ્મ મધ સાથ રોજ બે વાર ખાએ.

૬૩—ઉમરા (ઉમરડા)નું મૂળ બતાસામા આપવું.

૬૪—નાળીઅર ખુબ ચાવી ચાવીને ખાવું. નાળીએરનું પાણી દવા તરીકે રોજ ૩ વારપીવું.

૬૫—મરઘીના ઇંડાને કાચુ ખાઇ જવું. તેલ, મરચુ, ગરમ ચીજ ન ખાવી, અજબ રીતે ફાયદો થાય છે.

૬૬—એરજી, લુબાણુ, ગુંગળ, મસતકી એની ગોળી ૧ વાલની બનાવી ૨ ગોળી રોજ ૩ વાર ખાએ.

૬૭—ભેસનું છાણુ પાણી સાથ મેળવે, તેનો રસ ૨ તોલા પીએ તો પરમાની તનક ૧ દીનમાં નરમ પડે.

પાંડુ રોગ—લોહી શરીરે વધે.

૧—શરીરમાથી લોહી ઓછું થવાથી શરીર ફીકું પડે છે તેને પાંડુ રોગ કહે છે, એ માટે લોહી વધારવાના ઇલાજ લેવા.

શિલાજીત, હરડે, વાયવરંગ, મધ, સાકર ખાવી, લોઢાની કઢાઇમાં દુધ ગરમ કરી પીવું. ગળો સત્વ; મધ અને ઘી ખાવું. ત્રીફળાંનું ચુરણ ૦૫ તો. મધમાં ખાવું.

પાંડુ રોગ માટે—ગઉમુત્રને કપડામાંથી ગાલીને એકથી બે તોલા દરદીને સવારે રોજ ૧ વાર એક્વીસ દીન પાવું.

પાંડુરોગ, આલકોટ, આખે શરીરે સોજો, ચેહરો ફીકો.

૧—અકરાંની લીંડી ૧૬ ભાગ, વડનગરી મીઠું ૪, દારૂ હળદર ૪) સીધવ ૪) એનું ચુરણ ૧) વાલથી ૦૫ તો. અપાય,

૨ ગૌમુત્રને ૨૧) વાર કપડેથી ગાડે. તે ૧) તો. મુતરમાં ૧) વાલ કુકારલી ફટકી મેળવી પાવી. ૨૧ દીવસથી ૪૧ દીવસ પાવી.

૩—ગૌમુત્રનો ખાર બનાવી ૧ વાલ પાણી સાથ રોજ ખાએ.

૪—બાલકનો ચેહરો ફીકો થાય ત્યારે ત્રીફળા, મંદુર, મધ સાથ ખવાડે.

પાલ લાગે-પાલ્યાં પાણી.

૧-ખરાબ પાણીથી પાળ લાગેલું કપાય—મરી શેર ૦॥ કોપરૂ શેર ૦॥, જવખાર તોલો એક એ સરવેને ગોળ સાથ મેળવી ૧૫ ગોળીઓ બનાવી એકેક ગોળા ૧૪ દીવસ ખાવી.

૨-પાલ પાણીનો લાગે તો મરી, કોપરૂં સંભાગે મેળવી તોલો ૧॥ રોજ ખાવું. અથવા મરી અને કોપરૂં દરેક શેર ૦॥ અને જવખાર ૧ તો મેળવીને ૦॥ તોલો ભુકો રોજ ખાવામાં લેવો.

૩=ખરાબ પાણીથી થતી બીમારી—વાયવંગની ચાહ બનાવી રોજ બે વાર પીવી. ખરાબ પાણીવાળી જગામાં તાવ લાગુ પડે છે, બરોળ મોટી થાય છે, ઝાડો સાફ નથી થતો, ભુખ લાગતી નથી. એવી જગા ઉપર રહેનારે આ ચાહ રોજ પીવી અથવા પીવાની ચાહમાં વાયવળંગ નાંખી રોજ ચાહ પીવી.

૪=પાલ લાગે—નબળા પાણીથી પાલ લાગે, પેટ મોટું થાય ત્યારે ૧) તોલો કોપરૂં અને ૦। તોલો મરી મેળવીને રોજ ખાય.

પાણી સ્વચ્છ થાય.

૧) વાલ ફટકી ૧૦) શેર પીવાના પાણીમાં મેળવે તો ૧ કલાક પછી સઘળો કચરો નીચે ઠરી જાય.

પાણી સ્વચ્છ કરે—જાંબુરીમાં પાણી સ્વચ્છ કરવાને મોટો ગુણ છે. કુવામાં, અને તળાવમાં સેવાલ જેવાં જંતુ થયો હોય તો જાંબુના ઝાડની ડાંખળી પાણીમાં મુકે તો સેવાળ મરી જાય.



પારૂગલો—ગણુ પડવું—બાળશોષ—સુકટાણુ—બાળકનાં માથાંમાં ખાડો—બાળકનું સુકાવું.

૧ આ દરદમાં બાળક તવાય, પેટ મોટું થાય, ટાલવે ખાપો પડે, એ માટે બાળકને અને માતાને ખોરાક હલકો આપવો.

૧=ગર્ભ રહ્યા પછી માતા પોતાના બાળકને ધવાડે તો તે બાળક નબળું પડે છે તે માટે મરીની ચાહમાં સાકર નાંખી રોજ ૨) વાર

પીવી. કાળી પાટનું મુળીયુ પાણીમાં ઘસી પાવું. લીંડીપીપર ૧) રતી મધમાં પાવી.

૨=મોટી હરડે અને તજ થંડા પાણીમાં ઘસી પાવી. આદુનો રસ અને નીમક મેળવી પાવું. સીંધાલુણ મધમ મેળવી ગરમ કરી ગોળ સાથ પાવું.

૩=ઘામણમાં ચુનાનું તત્વ છે તે હાડકાના બંધારણમાં મજબુતી આપે છે. ક્ષયના રોગ માટે ઉપયોગી છે. એને પકવવાં પહેલાં કોઇ અનુભવીઓ અને કુવારપાઠાના રસમાં ૧) દીવસ બોલી રાખે છે. પછી છાણાની ભઠીમાં પકવે છે.

૪=સુકતાન માટે ઉપયોગી છે. ૧) વાલ ઘાભણ ઘી, અથવા માખન સાથ સાકર મેળવી ખાવામાં આપે છે; અને એક વાલ ઘાભણ, માખન, ઘી, સાથે મેળવી બાળકના શરીરે રોજ મસળી નહવાડે છે. બીજાં દરદો માટે દરદના પ્રમાણમાં ઘાભણ વધતું ઓછું અને જુદાં જુદા અનુપાણ સાથ ખાવામાં આપે છે.

૫=બાળકનું ટાળક ઉછરે—તો એરંડીઆના પાન ઉપર ઘી લગાડી માથાપર મુકવાં.

૬=વજ અને જાયફળ દુધમાં વાટી તાળવે થેપલી મુકવી. જવખાર અને મધ મેળવી તાળવે ઘસવું. વેવડી અથવા વાસણ વેલના પાનની થેપલી મુકવી. સાબરશીંગુ દુધમાં ઘસી તાળવે ભરવું અને બાળકને જરા પાવું.

૭=સુકગળું—નાંના બાળકનું ગલું સુકાય છે, હાથ પગ ગળી જાય છે તેનો ઇલાજ:—

૮=ગળાને પાણીથી ધોવું પછી માખણ અને તલનું તેલ મેળવીને ગળાં ઉપર મસળવું અને લુંગડાની કોડળીમાં મીઠું ભરીને તે ગળાંએ બાંધવી. માખણ, તેલ, અને મીઠું મસળવાથી સુકગલું સારૂ છે.

૯=બાલકને પારૂરો લાગવો, તાલવું બેસવું—એ માટે ઉંબરાના દુધમાં ભીંનવેલું કપડું ટાળવા પરના ખાડામાં મુકવું. ઉમરાનું દુધ ૧૫ ટીપાં મેથીના લોટમાં ખવાડવું. ગરમ પાણીમાં મીઠું નાંખી તે પાણીથી નહવાડવું.

૧૦—બાળક ચાર માંસનું થવા પછી તેને દુધ પાણીના મીશ્રમાં, ખાપરીઉં ઘસી રોજ બે વાર પાવું ઘણો લાંબો વખત ચાલુ રાખવું.

૧૧=ચોખો નવસાર (નવસારને પાણીમાં પીગળાવી, પાણી બાળી નાખી બનાવેલો ખાર) ૧) રતી દરાખ સાથ મેળવી રોજ ૧) વાર આપવો.

૧૨=માતાને ત્રીફળાંનું ચુરણ દુધ સાથે આપી તેનું દુધ સુધારવું.

૧૩–ઓડાસીંગ, પીપર, એલચી એકેક તોલો લઇ નાગરવેલના પાનના રસમાં ચણા જેટલી ગોળી બનાવી હરડે અને સંચળનો ઘસાડો કરી તે સાથે રોજ સવારે પાવી.

૧૪–બાળકને ટાળવું પડે તે ઉપડે—સાબરસીંગું દુધમાં ઘસી બાળકને પાવું અને ઘીમાં ઘસી માથા ઉપર લગાડવું:—(જાયફળ અને વજ પાણીમાં ઘસી માથે લગાડવું.)

૧૫–બાલકના માથામાં ખાડો પડે અને તવઇ જાય ત્યારે વડના દુધમાં રૂનું પુમરૂં ભીંજવી ટાળકપર મુકે. ઉપર કોઇ ઝાહાડનું મોટું પાતરૂં મુકી પાટો બાંધે.

૧૬–સ્ત્રીને ગર્ભ રહેલો હોય ત્યારે સ્ત્રીએ બાળકને ધવાડવુ નહીં.

૧૭=ધવાડનારી સ્ત્રીને પાણી પડતું હોય તો તપખીર તબાસીર બએ આની ભાર દુધ સાથ મેળવી રોજ આપવું, આથી ઝાડો સુધરી ફાયદો થશે.

૧૮=માથાના ખારામાં ઉમરાનુ છીર (દુધ) દાબવું, અને ધુપેલ તેલ લગાડવું.

૧૯=દુધમાં દોહયું. (વલોયું) જાયફળ ૧) આઠ દીવસમાં પાણી સાથ ઘસી બાળકને ખવાડી દેવું. બીજા ઉપાયની જરૂર રહેશે નહીં.

દોહીઉ જાયફળ બનાવવાની રીત=ગાયનું દુધ દોવારા વાસણમાં ૧) જાયળ રાખી ને ઉપર દુધની ધાર પાડવી. દુધનું દહી જમાવતી વખતે તે જાયફળ દહીના વાસણમાં રહેવાં દેવું—દહીની છાસ વલોવતી વખત પણ તે જાયફળ દહીમાંજ રાખવું. આવી ક્રીયા ૭ વાર કરવી. આવી રીતે તૈયાર થયલું જાયફળ દોહ્યું અને વળોયું કહેવાયે છે. બાળકને નવી જીંદગી તે બક્ષે છે.

૨૦=પાકગલો—બાલકને ટાળવે ખાડો=ગળુ પડે વજ અને જાયફળ ઘસી ટાળવે લેપ મુકે

ઉપલ્યું-ટાણુ-વરાધ, સસણી.

પાકગલો—બાલસોપ—સુકતાણુ ઉપલ્યું—ટાણુ—વગાધ સસણી કનવલસન બાલકના ભાગ્યે બાલકને ઉપલ્યુ થાય ત્યારે તે ટગર ટગર જોયા કરે, દાત કચ કચાવે, ઊંઘમાં ચોંકે, ઊંઘમા બોલે, આંખ ફટકે, અગુઠા વળેલા રહે.

૧ =ગંધેલા વજ, માલ કાકણી, કેસર, પીપળાની વડવઇ, કસતુરી સંભાગે ચણા ૨) વાલ પાણી સાથ સવારે ખવાડે.

૨૨=સસણી માટે—સંખના આકારના સંખલા જે તલાવમાં થાય છે તેમાં જીવડા રહે છે. દરીઆની છીપની એ જાત છે. એની ખાક, અજમાને બાળેલી ખાકનું સંભાગનુ ચુરણ ૧) રતી પાનના રસમાં ખવાડે તરત નરમ પડે.

૨૩=પીપળાની વડવાઇનું ચુરણ ખવાડે

૨૪=અગત્યના ઝાડના ફુલ સાકર સાથ ખવાડે સસણી માટે

૨૫=સસણી માટે તરતના જણુમેલાં વાછરડાંનું છાણુ અપાય છે.

૨૬=ગોળ ૬) વરસનો જુનો, ૨॥ તો. કુમારનો સત્વ (એળીઓ) ૪) વાલ એમાંથી ૧) વાલ ખવાડવું. ઉપલ્યાં માટે જાણીતો ઇલાજ છે.

૨૭=વાયવર્ડીંગ નંગ ૧) રોજ આપવું ૧) માસનું બાલક થાય પછી આપવુ બીજે મહીને ૨] આપવાં. દરમાસે એકેક વધારવુ ૬) માસ સુધી આપવું.

૨૮=ટાળવું બેસે—તે માટે ઘોડાવજ, જાયફળ સંભાગે દુધમાં ઘસી ટાળવે લગાડે. અને, તજ, હરડે દળ, ઉપલેટ ૧ થી ૨] વાલ દુધ સાથ આપે.

૨૯=મોરનુ આખુ પીછ લેવું તેને વીટાળી કુકડી પાડવી અંગારા ઉપર મુકી તેની ધુંર્ઇ દરદીને આપવી. તેની રાખ અને મરી સભાગે મેળવી ૪) વાલ મધમા ચટાડવું.

૩૦=અગર (ઇંગલવુદ) ની ૩ જાત છે. તેમાં જે કાળું વજને ભારી પાણીમાં ડુબે તેવું, દાંતમાં દાબે તો ચપતુ થાય છે, તેને પાણીમાં અથવા દારૂમાં ઘસી છાતીએ લગાડે.

૩૧=ખાટ ખટુંબો=એલચો=અહીરાવણ=મહીરાવણ—ધામારો—ઘાય મારીલ,=જખ્મેહયાત=એરપલાંટ એનુ પાન જમીનમાં દાટે તો તેના જેટલાં ખુના હોય તેટલાં ખુણાંમાંથી પીળા નીકળે. દાંડી રોપે તો ઊગે, પાનને કોરે ખાંચા ખાચા હોય છે, ખાવામા ખતાસ છે; એના ભજીઆં તથા ચટણી બને છે, દાળી ઉપર પાન સામ સામાં ચાંય છે ટોચ ઉપર ફુળ નળી આકારના રાતા અને જાંબુરાં થાય છે વરસમાં કોઇબી વખતે તે રોપાય છે. ખાતર છાણનું જોઇએ છે. સસણી માટે એ પાન બાલકની છાતીએ બાંધે છે પેત મોટુ થાય ત્યાં બાંધે છે.

૩૨=વાવલી (લીલા ઝાડા થાય તે) લીમડાનું કુપણ આગળનું હાથની આંગળી જેટલું જાડું કુમળું લાકડુ ભેભટમાં (ભરસાદમા) જુંજી પાણીમાં ઘસી રોજ પાવું

૩૩=લીમડાના પાન વાટી પેતે બાંધે.

૩૪=મગરની અધાર, અથવા ગોરૂચદન, ચંપાન કળી, બાં ને રસ (૧ પાનનો રસ) સેળાના સેકેલા કાંટા, એમાની ૧) ચીજ ગોળ સાથ ખવાડે.

૩૫=સીતાબના પાન, વરાધ્યાનો રસ, કાસંદ્રાનો રસ, એમાંથી કોઇ એક નીમખ અથવા ગોળ સાથ ખવાડે.

૩૬=તંબાકુ અને સાધવની ખાખ ૦ા થી ૧) વાલ, ગરણીના રૂ) બી સાથ વરાધ માટે ખવાડે.

૩૭—સસણી માટે અરડુસીના રસ સાથ, તંબકુની રાખ આપે. (તંબાકૂની રાખ બનાવવા માટે જુઓ "કૂકડીઆ ખાંસી")

૩૮=સસણી માટે ગૌમુત્ર લુગડાંમાંથી બેવાર ગારી પાવું.

૩૯=વરાધ માટે ગરણીનાબી અતિ ઉત્તમ ઔષદ છે, બીજને સેક ચુરણ બનાવી ૦ા અથવા ૧) વાલ બસ છે.

૪૦=પાતાલ તુમેડી—નાગતુમડી સાપના દરમાં થાય છે, તે ઊપર ફળ આવે છે તાણુ માટે રામબાણુ ઇલાજ છે. મોટા માણસને રૂ) વાલ અપાય છે, આંચકી માટે બાલકને ૦ા વાલ આપે.

૪૧—કાકડા સીંગનું ચુરણ ૧ થી ૪) રતી મધ સાથ રોજ બે વાર આપવી.

૪૨—આંચકી માટે ધોળી દુંગળી વાટી તેમાં ઘી મેળવી ટાળવે લેપડી મુકે



ધાતુ હીણુ થાય—ધાત નબળી પડે.

૧—ધાતુ હીણુ થાય—મીઠું ઘણું ખાવાથી ધાતુ હીણુ થાય અને દારૂની કેફ ચઢે નહીં.

૨—મરદને શક્તિ કમ થાય—કેળાં ઘણા ખાવાથી મરદને શક્તિ ઘટે છે.

ધાતુપુષ્ટ—વિર્યસ્ત્રાવ—પુરૂષાટણુ—મરદને શક્તિ-વિર્યવર્ધક.

૧—ધાતુ પુષ્ટી માટે વડનું દુધ બતાસામાં ખાવું.

૨—વીર્યશ્રાવ—સ્વપ્નામાં ધાત જાય તે ધાત જતી વેળા વીર્યનું જોસ ન હોય તો દરદીને નીચે મુજબ આપવું. આચનીઆ

ગ્રેન એક, એસીદ ફાસફેરીક દાઇલ્યુટ આંઉસ ૨ મેળવીને એમાંથી ૨૫ ટીપાં ૨ આંઉસ પાણી સાથે ખાધા પછી દીવસમાં બેવાર આપવું.

૩=ધાતુ વર્ધક, મગજને પુષ્ટીકારક—શીતાવરીનું ૦ાા તાલો ચુરણુ, ઘી અને સાકર સાથ ખાય છે. સ્ત્રીઓના દરદો માટે ખાસ છે.

૪=શક્તિ વધે—સુકાયલા સરડાને બારીક ભુકો કરીને ખાવામાં લે છે. તેથી પુરૂષાતન વધે છે. નસોમાં શકિત આવે છે.

૫=પુરૂષાતન માટે—સાહડાના તેલના પાંચ ટીપાં, પાનમાં ખાવાં અને ખેંચાઇ ગયલી નસો ઉપર તેલ માલીસ કરવું.

૬=મરદને શકિત આવે, ખેંચાયલી નસો છુટે—સરસવના ઝાડના કુમળાં પીળા, દુધમાં અથવા ઘીમાં મેળવી લેપ કરે, નરમ ચામડી ઉપર લગાડે નહીં; ઢીલી નસો ઉપર લગાડે.

૭=પુરૂષાતન વધે—સાજીખાર ચણાના છોડના મુળના પાણીમા ખાઓ.

૮—ધાતુ પુષ્ટી માટે—સતાવરીના મુળનું ચુરણ ૧ તાલો દુધ સાથે રાત્રે રોજ પાવું.

ધાત વધે—સાજીખાર સાકર સાથ ખાય તો નવી ધાત વધે.

૯—મરદને શકિત માટે—સાંભરસીંગાની રાખ તાલો ૦। રોજ મધ સાથ ખાવી.

૧૦—ધાતુની નબળાઈ, સુજેલી ગોળી, નબળું હયયું, ખહી, ખાંસી, હાફણુ—સાબરસીંગના ટુકડા કરી તેને આંકડાના દુધમાં મેળવ્યા પછી ખુલ્લા અંગારમાં ભુંજવા. તેની ખાખ બે વાલ મધ સાથે આ દરદો માટે ખાવી.

૧૧—મરદને શકતી (બંધેજ)—અકલ, ચીનીકબાલા, ખસખસ, મુસળી કંદ, કુળીજન, લવંગ, અસકંડ, ફોફલ, સંભાગે લઇ મધ સાથ ચીનીબોર જેવી ગોળી કરી સવારના પોહોરમાં ખાય તો બહુજ તાકાટ વધે.

૧૨—ધાત જતી બંધ થાય—અળસીની ચાહ પીવી અથવા અળસીના બીનો ભુકો ૦ાા તાલો મધમાં મેળવી રોજ બે વાર ખાવો,

૧૩—ધાત જાય ત્યારે—લુણીની ભાજી કાચી સવારે ૦ાાથી ૧ તાલો ખાવી અથવા ઘી સાથે પકાવી ખાવી. આથી પીસાબે ધાત જતી અટકે છે.

૧૪-વીર્ય માટે—સાલમ તોલો ૧ દુધમાં ઉકાળી ૭ દીવસ રોજ પીવામાં લેવો.

૧૫-વીર્ય માટે સાલમ તોલો૧ તથા દુધ શેર ૧ ને ઉકાળી અંદર જાયફળ, જાવંત્રી, એલચી, લવીંગ અને કેસર એકેક વાલ નાખવું. બદામની મીંજ, અખરોટ, પીસ્તાં, ખસખસ, વરીઆળી, સાકર સંભાગે મેળવી તે એક તોલો દુધમાં નાખી પીવું.

૧૬-આસન, આસધ, અશ્વગંધ, અશ્વગંદ.

અશ્વગંધ=અશ્વ એટલે ઘોડો; ગંધ એટલે વાસ, આસનનો વાસ ઘોડાના વાસ જેવા હોવાથી તેને અશ્વગંધ કહે છે.

મરદને શકિત આવે-ઘડપણની નબળાઈ દુર થાય-વીર્યનો વધારો થાય -મગજે શકિત વધે,-કુટેવથી થયલી નબળાઇ સારી થાય-ગર્ભસ્થાન સુધરે-શરીરે કુળેલી સ્ત્રીને ફાયદો આપે,—આટલા ફાયદા માટે આસન સારી પેઠે જણાઈ ચુકયું છે. ૦॥ અથવા ૧) તોલા ૧) રાત પલારી રાખી સવારે ૦॥ શેર દુધમાં ઉકાળી ૦॥ તોલો ચોખ્ખુ ગાયનું ઘી નાંખી પીવું.

આસંધનો અરક અને વાઇન તૈયાર બનાવી વેલાતી દવા તરીકે વેચાય છે તેના ગુણો નીચે મુજબ જણાવ્યા છે.

Asandh Wine is the best "pick me up." It has been recognised as the best Tonic in nervous debility, Ezhaustion, Loss of memory, Brain fag, Dimness of sight, Confusion of ideas, loss of vigour, Palpitation of heart, sleeplessness Incapcity of study or business.

પાઠું-ગર ગુમડા-બદ, ગાંઠ.

૧-પાઠાંપર કપાસના પાતરાં છુંદી, ટંડા બાંધવાથી દરદને નરમ કરી પકવે છે.

૨-પાઠું—કડવા દુધીની છાલ અથવા બી છુંદીને પાકા ઉપર બાંધે તો પાઠું તરતનું હોય તો તે બેસી જાય. જુનું હોય તે પાકે.

મીઠાં દુધીના મગજનું તેલ ઘણું ઠંડુ છે. માથા ઉપર ચોપડે, નાકમાં નાંખે તો માથું દુખતુ નરમ પડે.

૩-પાઠું—કરીઆતું, હરડાં, બેહેડાં, આમળા, દરેક ૦। તોલો લઇ પાણીમાં ઉકાળો કરી પાવો.

૪=પાઠું—કડવી દુધીની છાલ અથવા બી પાણી સાથ છુંદી માવો કરી પાઠાંપર લેપડી મુકયા કરવી. તરતનું હશે તો બેસી જશે અને જુનું હશે તો પાકીને ફુટી જશે. રસી નીકળી ગયા પછી એ લેપડી મુકવી નહી.

૫–ગાંઠ તથા બદ બેશે—આકડાના દુધમાં કાંધા અને રેવનચીનો સીરો ઘસી લગાડવો.

૬–બદ માટે—હળદરને દીવેલમાં તળવી. સરકામાં ઉકાળવી અને લેપ કરી મુકવો.

૭–કાળો મલમ, ગર ગુમડાં માટે—સીંદુર શેર ૦॥, તેલ સેર ૧ માં ખુબ ઉકાળવું. ચાસણી આવે ને મીણુ નવટાંક ઉમેરવું.

ગાંઠ, દરદ પીગળાવવા માટે મલમ (બેરજીનો મલમ)—સીંદુર શેર ૦॥।, તેલ શેર ૧ માં ઉકાળી ચાસણી આવે ને બેરજી શેર ૦॥ નાખે.

૮–દરદ ફુટે (નસ્તર મારવું ન પડે)—ઉપર મુજબ કાળો મલમ તોલો ૧, મોરથુથુ તોલો ૦॥, સોમલ તોલો ૦॥ મેળવીને તેનું ૧ ટીપું દરદ ઉપર મુકે તો તે ફુટે. નસ્તર મારવું ન પડે.

૯=બદ નરમ પડે—૦॥ વાલ સાપની કાંચળી ગોળમાં મેળવી દરદીને રોજ ૧) વાર ૩) દીવસ ખવાડે.

૧૦–પાઠું બાવળની કુમળી પાંદડી અને બોરડીના પાંદડા છુંદી લેપ કરી બાંધે તો પાઠું અને ગુમડાં પાકે છે.

૧૧–બાવળની પાલી છુંદી .તેનો લેપ પાઠાં ઉપર મુકે તો, પાઠાંની અગન નરમ પડે છે અને પકવે છે.

૧૨–પાઠું—લીંબડાની છાલને છુંદી પાઠા ઉપર સાત દીવસ બાંધે તો પાઠું બેસી જાય છે, જુનું હોય તો તે પાકે છે.

૧૩–પાઠું રૂઝે—હળદરના ભુકાને ૪) વરસના છોકરાના મુતરમાં ખખડાવી તેનો પટો કરી પાઠા ઉપર મુકે અને તે ૩) ૪) દીન પાઠાં ઉપર રહેવા દીએ.

૧૪–પાઠું રૂઝવવાનો મલમ—સીંદુર, રાહલ, કપુર, કાથો, દરેક એક તોલો ૦॥। શેર ગાયના ઘીમાં મેળવી થાળીમાં મુકી તાંબાના કાંસીઆથી મસળવું.

૧૫–બલોહર, પાઠું વધરાઈ જાય—ખજુરીઆના પાનની થંદી લેપડી મુકે તો પાઠું, તથા બલોહર પાકે નહીં. ખજુરીઆના પાનની માફકજ રાયસીંગના ઝાડના પાતરાં કામ કરે છે.

૧૬—પાકું, બલોહર પીગળે—કાકમડાનો વેળો થાય છે તે ઉપર કડવા કાકમરા થાય છે, તેનો ગર અને હળદર સરખે ભાગે મેળવી તેમાંથી ૧ તોલો અથવા વધારે રોજ બે વાર ખાવા.

૧૭—હીરા કસી ૧) વાલ પાણી બે તોલા, એમ લુગડું બાળે ... કોહવાટવાળા ભાગ ઊપર મુકે તે ઉપર હીરાકસીનું પાણી ચાલુ મુકે, લુગડું સુકાવા દીએ નહી કોહવાટનો ભાગ છુટો પડે તે સાફ કરી રૂઝનો મલમ લગાડે.

૧૮—નાછકંદ (મર્ચાવેલો) ના પાન, ફુલ ગીલોડાનાં જેવાં છે. ફળ મરચાં જેવાં સવાદમાં છે. પાન શરીરપર ચોળે તો, મરચાં માફક ચચરે, અને ફુલ્લાં થાય. એનો કંદ ૧) તો, પાણીમાં ઘસી દરદીને પાએ રોજ ૩) વાર પાએ તો સખતમાં સખત પાકુ મટે. કંદના ઘસારામાં જરા મીઠું નાખીને પીએ. તેલ, ઘી, દુધ ખાવુ નહી. ઘઊંની ફુલી, ગોળ અને દાળનું પાણી ખાવું. સખત પાકુ મટે.

પીંદસ—આગરૂ—નાકમાં છોટ—નાકના દરદો.

૧—પીનસ સારો થાય, પીનસનું લોહી બંધ પડે—પાનનો રસ ૧ તોલો, કપુર એક માસો મેળવી તેના ટીપા પાંચ સહવાર સાંજ નાકમાં નાંખવાં.

૨—નાકમાં પીંદસ, મસા તથા કીડા—ચકુંદરના પાતરાંનો રસ કરી ટીપાં નાકમાં મુકવાં.

૩—નાકમાં છોડ બંધાય,—પીંદસ,—નાકનો સ્વાસોસ્વાસ બંધ હોય—એ માટે ચણોઠીનાં મુળીઆંને પાણી ઘસીને સુંઘે છે.

૪—પીનદસ માટે—તનદીરીના પાતરાંનો રસ ૧ તોલો તથા કપુર ટાંક ાા મેળવીને નાકમાં ટીપાં નાખવાં.

૫—પીંદસ—કપુરને ગીલોડીના રસમાં મેળવી નાકમાં ટીપાં મુક અથવા નાસ આપે તો પીંદસ જાય.

૬—પીંદસ—એ નાકનું દરદ છે. નાકનાં ઊપરનાં ભાગમાં જખમ રહે છે. તેમાંથી વાસ ખરાબ નીકળે છે પછી પરૂ જેવી રસી નીકળે છે. પછી ચીપડા અને લોહી નીકળે છે. પછી નાક બેસી જાય છે. રૂઝ લાવનારી દવા વપરાય છે. પણ દરદ પાછું થાય છે. એનો દેશી સહેલો ઉપાય અકસીર નીચે મુજબ છે.

ધોરમુરાનાં લીલાં પાંદડાં છુંદીને તેને ગાયના ઘીમાં ધીમી આંચે કકડાવવાં, પાંદડાં કકડાં થાય ને ઘી ગાળી લવું. ઘી લીલા રંગનું થાય છે અથવા સુકા પાંદડાંને પાણીના ભીના લુગડામાં બાંધી રાખવાં તે પાંદડાં નરમ થાય ત્યારે છુંદીને ઘી સાથે ઉકાળવાં. આ ઘી નાકમાં રોજ ૩ વાર સારી પેઠે મુકવું. ગળામાં જાય તેની અડચણ નથી. આ ઉપાય સહેલો છે અને ચોકસ છે અથવા એના પાંદડાંની બીડી બનાવી તેનો ધુમાડો નાક વાટે બહાર કાઢવો. જો દરદ વધી, ગયેલું હોય તો બંને ઉપાય ચાલું કરવા. ઇલાજ બહુ સારો ને સસ્તો ખાત્રીપૂર્વક છે.

૭=પીનસ મટે—૦।। તોલા સફેદ મરી બારીક વાટે અને ત્રણ તોલા ગાયના ઘીમાં કકડાવે તે ઘી નાકમાં મુકે.

૮=પીનસ નાકમાં હોય, ખુસબો અથવા બદબો નાક લાગે નહીં તે માટે—કલોંજીને ગવડાના મુતરમાં મેળવી દરરોજ સુંઘ્યા કરવું.

૯=પીનસ—ગ્રીમડાના બીજનું તેલ સુંઘવાથી ચાપડા બંધાય નહીં અને ખરાબ વાસ દુર થાય છે.

૧૦=પીનસ માટે—દરદીના નાકમાં દીવેલ રોજ ૩-૪ વાર, મુકયા કરવું. મરચાં ન ખાવાં.

પીંડસ (Coryza) હગદની ધુપ નાકમાં લેવી.

પીસાબ છુટે—ગુરદાના દરદ—પીસાબ રેતી.

૧-પીસાબ છુટે—પેરૂ ઉપર ઠંડા પાણીની ધાર ૨) ફુટની ઉંચાઇએથી નાખવી.

૨-કાળી મુસળી લીંબુના રસમાં ઘસી ફુંટી અને પેડુ પર ઘસે તો પીસાબ છુટે.

૩-પીસાબ છુટે—બે તોલા ગોખરૂને ૦।। શેર દુધમાં પકાવી ખીર કરીને ખાએ. અથવા બે તોલા ગોખરૂ, બે તોલા સાકર એક શેર પાણી એને ઉકાળી ૦।। શેર રાખી પીવું.

૪-જીરૂં અને સુનામખી સંભાગે લઇ લીંબુના રસમાં મેળવી તેમાંથી ૦। તોલો રોજ ૩ વાર ખાવો.

૫—પીસાબનો હરેક આજાર જાય—કાળા તલ, ઘઉં, કેસુરીના ફુલ, ભલભીચ, એલચી દરેક ૧ શેર લેવું. દરેક વસાણું આતસપર સેકીને ભુકો કરવો, તેમાં ૦ાા શેર સુંઠ મેળવવી. ખાંડ શેર એકનો શીરો કરી ભેળેલું વસાણું તેમાં નાંખી એક રસ કરી તેમાંથી ૨) તોલા સહવારે અને ૨) તોલા સાંજે ખાવું.

૬—પીસાબ છુટે—ઇંદ્રીમાં કપુર અથવા સુરોખાર મુકે તો પીસાબ છુટે. આ ઉપાય ઘણીવાર ચાલુ રાખવામાં નુકસાન થાય છે.

૭—તલના છોડની સાઠીની રાખ મધ સાથે અથવા દુધ સાથે પીવી

૮—દુધ અને પાણી સંભાગે પેટ ભરીને પીવું.

૯—કાકડીનો મગજ ૧ તોલો પાણીમાં ઉકાળીને પીવો.

૧૦—ગોખરૂનો ઉકાળો અને જવખાર ૨ વાલ. પીવાથી પીસાબ છુટે છે.

ગોખરૂં પીસાબના દરદને અને રેતીને ફાયદો આપે છે. એની ચાહ વધારે પીવાથી પેટ તણુાઈ આવતું નથી. ચાહ પેટ ભરીને વધારે પીવાથી ફાયદો ઘણો છે. ચાહ પીવાથી રેતી પીસાબે હોય તે મટી જાય છે. તાવવાળા દરદીને ગોખરૂની ચાહ આપી શકાય નહીં.

૧૧—ગુરદાના દરદ તથા ધાતુ માટે—ગોખરૂં ૭ દાણા, પીપરીમુળ તોલો ૦। સાકર, ૦। તોલો દરરોજ પાણી સાથ દીવસમાં ૨ વાર પીવું.

૧૨—પીસાબ વારમવાર થતી બંધ થાય—તલ ૨ ભાગ, અજમો ૧ ભાગ મેળવી તેની ફાકી દીવસમાં ત્રણુ વાર મારવી.

૧૩—પીસાબ છુટે—નાની કોડી પાણીમાં ઘસીને પીવી.

૧૪—ઉંદરની લીંડી અને સુરોખાર વાટી પેઢુ ઉપર લેપડી મુકવી. ઉપર મોરાના પાતરા બાંધવા, તેથી પીસાબ છુટે છે.

૧૫—ખારેક તથા કોપરૂ દરેક ૦ાા તોલો વાટીને ખાવું.

૧૬—ગોખરૂની ચાહ પીસાબ છોડવે છે. શક્તી વધારે છે. ધાતુપુષ્ટ છે.

૧૭—છાસમાં જવખાર નાખી પીએ તો પીસાબ છુટે.

૧૮—જવનું પાણી બે તોલા સુરાખાર સાથ પીવું. અથવા જવનું એકલું પાણી પુષ્કળ પેટ ભરીને પીવું.

૧૯—કેળના ઝાડનો રસ પીવાથી પીસાબ છુટે છે.

૨૦—ગોખરૂને દુધમાં રાંધી પેઢુંપર મુકવું.

૨૧—લોહીની પીસાબ થાય તો—ભાંગ, એલચી, વરીઆળીને પાણીમાં વાટીને પાવી; જે દરદીને અફીણ આપી શકાતું નથી તેને ભાંગ ફાયદો કરે છે.

૨૨–જવખાર પીસાબ છોડાવવા માટે પીવામાં લેવો. (સોદા બાઈ કારબાન પણ વપરાય છે.)

૨૩–પીસાબ છુટે—૧૦ કાળાં મરી છુંદીને ૦॥ શેર પાણીમાં નાંખી તે પાણીને ૨૫૦ વાર એક વાસણમાંથી બીજા વાસણમાં ઉંચી ધારથી નાંખી બનાવવું અને તે પાવું.

૨૪–પીસાબ છુટે—મુળાના પાંદડાં અને સુરોખાર છુંદી પેડુ ઉપર બાંધે તો પીસાબ છુટે છે.

૨૫–પીસાબ છુટે—મુળાના પાતરાનો ૦। શેર રસ પીએ તો પીસાબ છુટે.

૨૬–પીસાબ છુટે—ઉંદરની લીંડી ૦॥ તોલો, અને સુરોખાર તોલો ૦॥ વાટીને દુંટી માંહે ભરે અને તેની ઉપર મુળાના પાનરાં બાંધે તો પીસાબ છુટે.

૨૭–મુળાનો રસ તોલા ૨॥, સાકર તોલો ૧। મેળવી દીનમાં બે વાર પીવો.

૨૮–પીસાબ બંધ થયલો જલદી છુટે—કડા છાલ અને કેશરીના ફુલ સંભાગે લઈ તે મેળવણીનો ૧ તોલો ૦। શેર પાણીમાં ૧ રાત ભીંજવી રાખી સહવારે તે પાણી ગાળીને પીવું.

૨૯–પીસાબ બંધ હોય, પીસાબે તનક મારે તે માટે—ભુરાં કોહળાંનો રસ ૨) તોલા, સાકર ૧) તોલો મેળવી ૩) દીન પીએ.

૩૦–પીસાબ છોડવવા માટે—ત્રીફળાનો ઉકાળો પીએ.

૩૧–પીસાબ છુટે—પીસાબ બંધ થઇ ગઇ હોય તો કેળના રોપાનું પાણી પાંચ તોલા, તાવેલું ઘી બે તોલા મેળવી પાવું. ચમતકાર એ છે જે આવી રીતે ખાધેલું ઘી છુટું પડી પીસાબ વાટે નીકલી પડે છે અને પેસાબનો રસ્તો મોકળો કરે છે. સ્રીને જલદી ફાયદો કરે છે.

૩૨–પીસાબ છુટે—કેસુડાના ફુલ ખાંડીને પેડુપર મુકે તે ઉપર ગરમ પાણીથી ભરેલી બાટલી મુકી રાખે તો પીસાબ છુટે.

૩૩–પીસાબ ઘણી છુટે તો ટીકચર સ્ટીલ ટીપા ૨૫ અને પાણી આઉંસ ૧॥ પીવું. બબે કલાકે ૩ વાર પીવાથી પીસાબ બંધ થાય છે.

૩૪–પીસાબ છુટે—સીતાફળનું મુલ ૦। તોલો પાણીમાં ઘસીને પીવુ.

૩૫–પીસાબનો આરંભે ઘણો હોય તો સુવા શેર ૧૫, મધ શેર ૦॥, ખાંડ શેર ૦॥ એના લાડવા કરી ખાવા.

પીસાબ છોડવે—૦॥ તોલો સોદાબાઈ કારબ પીવાથી પીસાબ છુટે છે.

૩૬—પીસાબ છુટે—ઉંટના પેટમાંથી નીકળતો પથર પાણીમાં ઘસીને પેઢુ ઉપર લેપ કરે.

અરીઠામાં મેલ કાપવાનો ગુણ, સાબુ કરતાં પાંચ ઘણો વધારે છે. પીસાબ છોડવે—અરીઠાના પાણી સાથ ઉંદરની લીંડીની લેપડી કરી પેઢુ ઉપર મુકવી.

પીસાબ બંધ થએલો ખુલે—સમુદ્ર ફળ લીંબુના રસમાં ઘસીને કુટી અને પેઢું ઉપર લગાડવું.

૩૭—પીસાબ બંધ થયલો ખુલે—સરગવાનો ઉકાળો ગરમ કરી પીએ. (રાઇની માફક સરગુઆના મુળની છાલ પ્લાસ્ટર વપરાય તરીક છે.)

૩૮—પીસાબ ખંચાય ત્યારે સાકર અને જુવારનો આંટો સંભાગે મેળવીને ૦। થી ૦॥ તોલો રોજ સહવાર સાંજ પાણી સાથ ખાવો.

૩૯+૪૦—પીસાબ છુટે—લીલા આંબળા રસ પાવો.

૪૧—જવખાર ૦। તોલો, ૦॥ શેર પાણી અને સાકર મેળવી પાવામાં લેવું.

૪૨—ભોગરીંગણીનો ઉકાળો ૧૦) તોલા મધ ૧ તોલો પીવું.

૪૩-કેસુંડા બે તોલા પાણી વીસ તોલામાં ઉકાળી બેઆનીભાર સુરોખાર તેમા નાંખી પીવું.

૪૪—દરભના—કાંસડાના, ડાંગરના, તલસરાંના સેરડીના મુલ સંભાગે લઇ બાળી તેની રાખમાંથી ખાર કહાડે તેનો ગુણ ઘણો છે.

૪૫-કાંસડીના મુલનો ઉકાળો પાવો.

કેસુડાના ફુલ બારી પારૂ ઉપર બાંધવાં અને ઉપર બાટલીનો સેક કરવો.

૪૬—કાંદો બાફીને તેની પોટીસ પેઢુપર બાંધવી.

૪૭—ગોળ ઉના દુધમાં મેળવી પાવા.

૪૮—તુકમરીઆં અથવા ગોખરૂ છુંદીને થંડા પાણીમાં પલાળી રાખી તેના ચીકણો લુઆબ સાકર સાથ પાવો.

૪૯+૫૦—સરગવાના મુળની છાલનો ચાહ પીવી.

૫૧—છાસ જેવો પીસાબ થાય તે માટે હળદર અથવા દારૂ હળદરનો કવાથ પાવો.

૫૨—પીસાબ છાસ જેવો જાય ત્યારે—માયાં બેઆનીભાર ભુકો કરી પાણી સાથ રોજ ૩ વાર ખાએ.

પીસાબ બંધ થાય ત્યારે ૦। શેર સુરોખારને ૩૫) શેર પાણીમાં ઉકાળે અને ખમી શકાય એવું ગરમ પાણી તેમાથી લઇ

પેત અને પેઢુ ઉપર શેક કરે અથવા એ ગરમ પાણીમાં લુગડુ ભીંજવી પેત અને પેઢુ ઉપર મુકે. જો પીસાબ ઘણોજ થાય તો ખસખસના પોસનો સેક કરે.

૫૪–પીસાબે બળતરાં બળતાં હોય તે માટે–લુણીની ભાજીનો રસ ૫) તોલા, અને સાકર ૫) તોલાનું સરબત બનાવી પીએ.

૫૫–પેસાબ છાસ જેવો જાય ત્યારે દરદીએ બપોરે તાડી ૧॥ શેર પીવી.

પીસાબ ઉંઘમાં.

પીસાબ ઉંઘમાં થઇ જાય તો ધાણા તથા ખાંડ સાથે મેળવીને રોજ ફાકવી.

બાલકને પીસાબ ઉંઘમાં થાય ત્યારે ધતુરાના પાનના રસનાં ૨૨) ટીપાં પાણી સાથ આપવાં. આ વનસપતી ઝેહેરી છે માટે પ્રમાણ પ્રમાણેજ આપવું

મુત્રકચ્છ–પીસાબ વારંવાર થતો અટકે.

૧–પીસાબ થોડી થાય—કપુર, એલચી, તજ, ગોળ પાખણ-ભેદ, પીપળ સંભાગે ગોળ સાથ મેળવીને, વજને બે આની ભાર લઇ, ચોખાના ધુણ સાથ પીએ તો પીસાબ કમી થાય.

૨–પીસાબ બંધ કરવા માટે—કાંદો ગરમ ગરમ પેઢુ ઉપર બાંધવામાં આવે છે.

૩–પીસાબ વારવાર થતો અટકે—ધાવડીના ફુલ ૦॥ તોલો રોજ ખાવાં,

૪–પાસાબે થતાં દરદ માટે ગળોનો સત્વ અને હલદર સંભાગે મેળવી તેમાંથી બે આની ભાર ચુરણ દીવસમાં ૩ વાર ખાય તો બળતરાં અને તનક બંધ થાય.

૫–પીસાબ વારંવાર આવતો અટકે—ખજુર ઘીમાં તળીને તેમાં પીપળ, અજમો, કાળા તલ મૂકીને ખાય તો પીસાબનો આરજો ટળે.

૬–મુત્ર કચ્છ માટે—તાડનું મુળીઉ ચોખાના ધોવાણમ ઘાસી પાવું.

૭–પીસાબ વારંવાર થાય—ઇસપગુળ, ન..
સંભાગે મેળવીને ૦॥ તોલો દીવસમાં બે વાર ખાવો.

૮—પીસાબ બે અખત્યાર આવે, તે ગરમીની હોય તો પાણીની તરસ ઘણી લાગે તેનો ઇલાજ...ધાણા, સુખડ લીમડાની છાલ, મોઠ, એલચી, નાગકેસર એ સરવેનો ઊકાળો સાકર સાથે પીવો.

૯—મુત્ર કચ્છ માટે—ભોંયરીંગણીનો રસ બે તોલા, મધ ૦। તોલા સાથ પીવામાં લેવો.

૧૦—પીસાબ ઘણી થતી હોય તો—૧] તોલો આદુનો રસ, સાકર સાથ મેળવી દીવસમાં બે વાર પીવો.

૧૧—પીસાબ વારંવાર થતી હોય—તો બાવલના કુમળા, બી વગરના પડદા (સીંગ) નું ચુરણ અને સાકર સંભાગે મેલવીને તેમાંથી એક તોલો લેવો, તેના ૭ ભાગ કરવા. એક પડીકુ રોજ સહવારે ખાવું.

૧૩—સરગવાનું મુળીઉં શેર ૦। પાણી શેર ૨ માં ઉકાળી ૦। શેર રાખી તેમાંથી પાંચ તોલા પાણી રોજ બે વાર પીવું.

૧૪—મુત્રકચ્છ—૦॥ તોલો સામરની છાલનું ચુરણ દુધમાં પીવું.

૧૫—મુતરકછ માટે—સંધેસરાનું મુળીઉં શેર ૦।. પાણી શેર ૨ માં ઉકાળી ૦। શેર રાખવું. તેમાંથી ૦। થી ૦॥ તોલો પાણી સાથ પીવું.

૧૬—પીસાબ બે અખત્યાર આવે—સરદીનું કારણ હોય તો તરસ લાગે નહી અને પીસાબ ઉતાવળે આવે. તે માટે મારેલું લોહુ ૧૦ ભાગ સુંઠ ૨૦ ભાગ, સાકર ૩૦ ભાગ મેળવીને દરરોજ ૦। તોલો ખાવું.

૧૭—પીસાબ વારંવાર થાય તો સુવા શેર ૧।, મધ શેર ૦॥ એરીએ. ગુંદર શેર ૦।. ખાંડ શેર ૫, તેના લાડવા કરી ૧૪ દીવસ ખાવા. પીસાબ ઘણી થાય તેનો ઇલાજ—સુવા ૧ શેર, મેદો શેર ૦॥, ગુંદર ૦॥ શેર, ખાંડ ૦॥। શેર, ઘી ૧) શેર એના લાડુ બનાવે. સહવારે ૦। શેર અને ૦। શેર સાંજે ભુખે પેટે ખાય.

૧૮—મુત્ર કચ્છ માટે—એલચી ૦। તોલાનું ચુરણ મધમાં ખાવું.

મુત્ર કચ્છ માટે—કેળના કંદનો રસ ૧ તોલો, ગાયનું મુતર ૦॥ તોલો મેળવી પાવું.

પીસાબ ટપકે.

દરદીને પીસાબ તપકીઆ કરે તે ઝીલવાનું કાંઇ સાધન મેળવી ન શકા હોય તો, કોલસાના ભુકાની કોથરી બનાવે અને પીસાબની નળી આગળ બાંધે. પીસાબ અંદર પડે પણ વાસ બહાર ન આવે.

૧૯—લાલ કોહલાનો રસ ૨) તો૦ રોજ બે વાર પીએ તો ટપકટો પીસાબ બંધ થાય.

૨૦–ઉપલસરી, જીરૂં, સાકર એનો કાઢવો પીવો.

૨૧–જુનો ગોળ દુધમાં નાખી પીવું.

૨૨–આદાનો રસ, ખરી સાકરમાં મેળવી બે વખત પાવો.

૨૩–અંધેડાનો ખાર બે વાલ ખાએ.

૨૪–કુનેરીઆં ઘાસના લોકાકનુ ચુરણુ ૦। તો૦ ગૌમુત્ર સાથ ખાએ.

૨૫–બહુ મુત્ર (Poliguros) આદુના રસમાં સાકર નાખી ખાએ.


૨૬–જળ ભાંગરો, કાળાનલ, પડવાસની, ફાકી ખાવાથી, દીવસે તેમજ રાત્રે થતો ઘણો પીસાબ અટકે.

૨૭–અનેનાસ રસમાં અમમર, જાયફળ, ગીપર લેવું.

૨૮–બાલકના મુત્ર કચ્છમાટે સુરોખાર અને સુંઠ ઘસીને પાએ.

૨૯–તાદળજા ભાજીના મુળનો ઉકાળો, લઇ તેમાં ૦। વાલ સલાજીત નાખી પીએ.

૩૦–ગોખરૂનો ઊકાળો જવખાર સાથ પીએ.



પીત છાતીએ–છાતીએ પીત.



૧–પીત જાય—સાજીખાર ખાંડમાં ખાવો.

૨–પીત ખાવું છાતીએ—૦। તોલો સાતોદીના મુળ સહવારે રોજ ૧૪ દીન સુધી ચાવી ચાવીને ખાવું.

૩–પીત માટે—ત્રીફળાની ચાહ રાતરે બનાવે અને ખાંડ સાથ સવારે પીએ તો પીત મટે અને જુલાબ આવે.

૪–છાતીએ પીત થાય પીસાબે વાતુ જાય તે માટે—પાકેલું ૧ કેરૂં, ઘી ૦॥ તોલા સાથ ભુખે પેટે સહવારે ૭ દીન ખાય. જો કોઇ દરદીને થંડી લાગી આવે તો ઘીમાં ૦। તોલો મધ મેળવીને ખાય.

પીત છાતી રહેવું મટે—કોટની અંદરનો પાકેલો ગર ૦। તોલો સાકર ૦। તોલો મેલવીને ખાવો.

કડવું તુરીઉં—કરૂસીરવળ-પીટફળ એકજ છે. ડોડકી–ડોળકી, ધીસોડી, ગળકા કડવા, દુધી, તુમડી કડવી. આ દરેક ચીજ કડવી હોય ત્યારે તેનો ગુણ એક સરખો છે. આ ચીજોનો લીલો રસ અથવા સુકા ગરને પાણીમાં પળાલી કાઢેલા રસના દસ દસ ટીપાં

નાકમાં મુકવાં અથવા ખાવાં, અથવા આ ફુલોનું બારીક ચુરણ રતી એક સુંઘાડવું, તેથી પીટ ઝરે છે. આ નાસીકા રેચ બંધ કરવો હોય તો ઘી સુંઘવું. નાકમા ટીપાં મુકવાં પહેલાં ઘી ચાટવું જેથી ગળામાં ચચુચણાટ લાગે નહીં.

પીત છાતીએ—કારેલાના પાનનો રસ ૧ તોલો પાવાથી ઓકારી આવી પીત બહાર પડશે અથવા ઝાડા વાટે નીકળી જશે.

પીત–છાતીએ.

૧–ગુલ કણુ=ખાવાથી છાતીના દાહ નરમ પડે.

૨–ગોળ અને હરડે ખાએ.

૩–અડાયાની રાખ ૧) તોલો પાસેર પાણીમાં મેળવે, નીતર્યું પાણી દવા તરીકે ૨ાા તો૰ રોજ ૩) વાર પીએ.

૪–સોનાનો વરખ ૧) પાનું, આમળા ૦ા તો, ઘી સાથ ૨૦ દીન ખાય, સોનાના વરખ વગર ૪૦) દીને ખાએ.

પીતના ચાઠાં–પીત શરીરે–રગત પીત.

૧–પીત શરીર ઉપર—આમળાનો તથા લીંબુનો રસ એકેક તોલો મેળવી ૧૪ દીન સુધી પાવો. પીતના ચાંદા તથા ફાટેલી ચામડી સાફ થાએ છે.

૨–પીતના ચાંદા—દીવસમાં બે વાર ચોળાઇની ભાજી દરરોજ ખાવી.

૩–પીતના ચાંદા માટે—અમળાનો ભુકો અરધો તોલો, પાણી સાથે રોજ સવારે ભુખે પેટે ખાવો. અથવા આમળાનો ભુકો અરધો તોલો, અરધો તોલો ઘી સાથ મેળવી રોજ સહવારે ભૂખે પેટે ખાવું. અથવા આમળાનો મુરબો ૨ તોલા, આમળાના ઘી સાથે સહવારે રોજ ખાવો.

૪–પીતના ચાંઠા ઉપર છાસ પીવી બહુ સારી છે, પણ આગલા વખતમાં જેને છાસ કહેતા હતા તેવી છાસ આજે મુશ્કેલીથી મળે છે. છાસના ગુણો ઘણા છે, જે ગરીબ વર્ગમાં જાણીતા છે.

૫–પીત શરીરે, તથા ખરફસું મટે–ધંતુરાના ડીંદવામા આંમળીના એક ચીચોરા જેટલો ગંધક મુકી, કપડ છંદ કદી અંગારમાં બાફવો. તે ગંધક તેલમાં મેળવી શરીરે લગાડવો. ગંધક સાથ એક વાલ મોરથુથુ લેવાથી ફાયદો જળદી થાય.

પીતના ચાંઠા શરીરે.

૧—કોઠીના પાનને બાળી, ઘી સાથ મેળવી ચાઠાં પર લગાડે.
૨—સાગવાનના પાન સાથ ઊકળેલા પાણીથી નાહવું.
૩—મરી ગાયના ઘી સાથ ખુબ મેળવી ચાઠાંપર લગાડે.

પેટમાં ચરબી.

પેટમાંની ચરબી તવાઇ જાય—નમુળી એ સેવ જેવી જડ, પક્ષીના માળા જેવી ગુંથાએલી ઝાડ ઉપર થાય છે તેની જડ જમીનમાં હોતી નથી. તે નમુળીને ખુંદીને પેટ ઉપર બાંધે તો પેટમાંની ચરબી તવાઇ જાય.

પુરૂષાટન—મરદને શક્તા વધે—ધાતુપુષ્ટી વધે; પુરૂષાર્થ વધે—નબળાઇ મટે—નસ ઢીલી મજબુત થાય.

૧—મરદને શકતી વધે—પીપર, લવંગ, અકલગરો, દરેક પાંચ તોલા લઇ તેમાં મધ ૦॥ શેર મેળવી એક તોલો રોજ ખાવું,

૨—મરદને શકતી વધે—ગુંગલ (અબાસીલ) તાંક એક બકરીના માંસ સાથ ખુંદી તેમાં મીઠું, મરી, હળદ, આદુનો રસ મેળવી ૩ કલાક રાખે, પછી ઘઉંની રોટી સાથ એ માંસ કાચું સાત દીન ખાય.

શકતી વધે—જેઠીમધનું ચુરણ, ઘી, અને મધ, મેળવી ખાય, ઉપરથી સાકેરવાળું દુધ પીએ.

૩+૪=પુરૂષાતન માટે—જાયફળ, લવંગ, કેસર. અફીણ, સુંઠ સંજોગે લઇ પાનના રસમાં ૧ વાલની ગોળી બનાવી એકેક ગોળી ૧૪ દીન ખાવી.

૫=પુરૂષાતન વધે—ખારેક ૦। શેરને પાણીમાં ઉકાળવી પોચી પડે કે તેને ચીરીને ઠળીઆ કાઢી નાખવા. ખારેકને સુકાવવા દેવી. ખારેક કઠણુ થાય પછી દરેકમાં બે વાલ અફીણ ભરી દોરાથી બાંધવી. પછી શેર દુધમાં ઉકાળી રોજ અડધી અથવા આખી ખાવી.

પુરૂષાતન વધે—કાળી મુસલીના કણુનુ ચુરણુ ઘીમાં તળીને રોજ ૦॥ અથવા એક તોલો ખાવું.

૬—મરદને શકિત વધે—ગાજરના બીજ ૦॥ તોલો મધ સાથે દીવસ ઉગતે ખાવાં.

૭—પુરૂષાતન વધે—ચીનીકબાલા, અકલગરો, જીરૂં, મુસળીકંદ, નગોરના બી, કાસમપા તથા એખરાના બી, ગોખરૂ, સુંઠ, વછનાગ કડિયા, માલકાકણી, ધતુર ન્નતક સભાગે લઈ તેની ચણા જેવડી ગોળી બનાવી રાતરે એક ગોળી ખાય. ઉપરથી દુધ પીએ, અકરૂં બેસીને દુધ પીવાથી પુરૂષાતન વધે છે. અકરૂ બેસવાની ટેવથી હરસના મસા થાય છે.

૮—પુરૂષાર્થ વધે—ગજપીપર, અસંધ, વજ, સંભાગે લઈ ભેંસના માખણમાં મેળવી લેપ કરવો. ખેંચાઇ ગયલી નસ છુટે.

૯—ચોપચીની—મરદને શકતી માટે બહુ વખણાય છે.

પુરૂષાતન વધે—ગંધકનું તેળ ૫) ટીંપા ચેવલી પાનપર લગાડી રોજ ખાય તેલની બનાવત માટે જુઓ " ઢીલી નસો. "

૧૦—મરદને શકતી આવે, યાદદાસ વધે, લકવાને ફાયદો કરે, ગર્ભવાળી સ્ત્રીની ઉલટી માટે જાદુઇ ઈલાજ, મીઠી પીસાબને ફાયદો કરે, ઉગતી ખાધા પછી થાય તેને મટાડે—ઝેહેર કચરો શુદ્ધ કરવા માટે ૭ દીવસ તેનો ગૌમુત્રમાં બોળી રાખે. ઉપરની છાલ કાઢી નાખે, તેને ઘીનો હાથ લગાડી ગરમ કરે. ચુરણ બનાવી સંભાગે મરી મેલવે. તેમાંથી ૦॥ થી ૧ વાલ સુધી સાત દીન સહવારે રોજ ખાય પછી બે દીવસ ખાંચો રાખે, વળી સાત દીન ખાય, એ મુજબ ચાલુ ખાએ.

૧૧—પુરૂષાતન વધે—કપુર નાહના પ્રમાણમાં લેવાથી પુરૂષાતન વધે.

પુરૂષાતન—વાથી અટકેલા સાંધા છુટા થાય—તેલ ગંધકનું એક સળી પાન સાથ ખાવું.

૧૨—શકતી માટે—ચીનીકબાલા, સુઠ, અજમો, અકલગરો, તજ, લવગ, જાયફળ, કાકડીના બીજ સંભાગે મેળવી સાકેર સાથ ૦॥ તોલો ખાએ.

પુરૂષાતન વધે—ચણોટીનું મુળ ૦। તોલો દુધ સાથ ૭ દીવસ પીએ તો બહુ શકતી વધે.

૧૩—શકતીની ગોળી—જાયફળ તોલા ૦॥। ના વજનથી ઓછું ન હોય તે લેવું. તેની ગામડી કાઢી અંદર અફીણ વાલ ૮ ભરી બંધ કરી ઘઉંના આટામાં લેપ કરે (ગલેફ કરે). ભાતના છાણાંના ઢગલાની વચે જાયફળ મુકે. તે ઢગલા ઉપર સુતરના ૪ દોરા મુકી આડ ગમથી તે દોરા સળગાવે. છાણાં બળી રહેને ખળમાં વાટી

૪ ભાગ કરવા તેમાંનો ૧) ભાગ રાત્રેખાવો અને દુધ શેર ૧ પીવું તેથી શકતી વધે છે.

૧૪—નબળાઇ માટે—ખજુર ચાર પઇસાભાર, પીપળ તોલો ol, દુધ શેર એક મેળવી, અંદર મધ નાખી ગરમ કરી સાત દીવસ પીવું.

પુરૂષત્વ, ધાતુ વધારે—એ આની ભાર ચનોઠીના પાનરાંના ઉકાળીને દુધ સાથ મેળવી સાત દીવસ સવાર સાંજ પીએ.

૧૫—પુરૂષાતન—દુધ બકરીનું શકતી આપનારૂં, વીરય વધારનારૂં અને ભુખ લગાડનારૂં છે. જો સુનામખીની ફાંકી સાથ આ દુધ રોજ પીવામાં આવે તો પુરૂષાતન ઘણું વધે છે.

૧૬—પુરૂષાતન વધે—તુળસીના બી અને ગોળ સંભાગે મેળવી તેમાંથી ૧ તોલો રોજ સહવારે ખાઇ ઉપરથી દુધ પીવું.

૧૭—પુરૂષાતન વધે—આદુનો રસ oll તોલો, પીઆજનો રસ oll તોલો, ગાયનું ઘી ૧) તોલો, મધ oll તોલો. એડાની દાળ (જરડી) એક. મેળવીને દીન એકવીસ પીવી. ઉપલી ચીજોનો કુચો રહે તે ઘીમાં તળી રોટલી સાથે ખાવો. માંસનો ખોરાક લેવો નહી.

૧૮—પુરૂષાતન—કાલુ માછલી અને કરચલાં, એ ચીજોપુરૂષાતનમાં બહુજ ઉપયોગી છે. એને આતસ ઉપર ભુંજી ખાય છે એની ખાખ બનાવીને ઘી સાથ ખાવામા લે છે.

૧૯—પુરૂષાતન વધે—કરચલાનો રસ પીવાથી શકતી વધે છે. તે સ્વભાવે બહુ ગરમ છે.

૨૦—પુરૂષાતન પાછું આવે—કનેરના ઝાડ ઉપર સફેદ ફુલ થાય છે તે ઝાડના જડની છાલ અને કાળા ધંતુરાની છાલ દરેક oll શેર ગાયના દુધમાં ઉકળી દુધ ol શેર રાખી તેનુ ઘી બનાવવું. તે ઘી મગના જેટલું વજને પાનમાં મુકી સવારે ખાય તો ૭ દીનમાં ફાયદો જણાય છે. ખાટું ખારૂં ન ખાવું. વળી એજ ઘીને પાન ઉપર ચોપડી તે પછી નબળી નસો ઉપર બાંધે તો શકતી આવે

હાથ દરાજથી બગડેલો મરદ સમરે—ઉજળી કનેરની જડ. ઉજળી ચણોઠીની જડ, આળસીઆં દરેક તોલા ૨, દેડકો એક, તલનું તેલ ચાર તોલા સર્વે એકઠું કરી લોઢાના વાસણમાં મુકી અંગાર ઉપર મુકી. તેલ કહાડવું તે તેલ કાગળ ઉપર ચોપડી નબળી નસોને લગાડે તો શકતી આવે છે.

૨૧–પુરૂષાતન વધે—ચહ્લાના ભેજાને ખાંડ સાથ ખાવાથી શકતી વધે. ઢીલી નસ માટે લેપ—નર ચહ્લાનું લોહી ઢીલી નસોને અને બીને લસાડે તો શકતી આવે છે.

૨૨–ધાતુનું બંધારણ થાય—મરદનેશકતી આવ—અકલગરો, લવીંગ, પીપર, ભાંગ, ઉપલેટ દરેક સરખે ભાગે લઇ તેમાં મધ મેળવી ચીનીબોર જેવડી ગોળી બનાવી તેમાની એકેક ગોળી સાત દીવસ ખાવી અને ઉપરથી દુધ પીવું.

૨૩–શકતી વધે—ખુરાસાની અજમો અને બાવળની સુકી પાલી સંભાગે મેળવી રોજ ૦ાા તોલો ખાવામાં આવે તો શકતી વધે.

૨૪–પુષ્ટી માટે—ઇંડાની દાલ, મધ, ઘી સાથે મેળવી ખોરાક તરીકે લેવાય છે.

૨૫–પુરૂષાત આવે—કાચા ઈંડાની દાલ ૧, અને ૦ાા તોલો ઘી મેળવી એકવીસ દીવસ ખાવું. બ્રહ્મચારી એક મહીના સુધી રહેવું.

૨૬–મરદને શકતી વધે—ચુંદર ૦ા તોલો, ઉજળી, ખાંડ સાથ ત્રણ દીવસ ખાય અને ઉપરથી પાણી પીએ.

૨૭–શકતી આવે—મરઘી તથા મોરના ઇડાના કોચલાની રાખ ૧ થી ૧ાા વાલ, પીપર બે વાલ, મધ સાથ મેળવી રોજ ખાય તો મરદ તેમજ ઓરતને શકતી આવે.

૨૮–પુરૂષાતન મટે—આળસીઆનો ભુકો વાલ બે થી ૪ ગોળ સાથ ખાય તો શકિત વધે છે.

અળસીઆં (ભુનાગ)–અણુસીઆ

૨૯–આણેસીઆ ચોમાસાની ૠતુમાં જમીનમાં પાકે છે. એ મટોડું ખાઇને જીવે છે અને દવાના કામમાં વાપરવા હોય તો ખાધેલું મટોડું છેદાવી બહાર કાઢવું જોઇએ, તે માટે આળસીઆનાં ઉપર લીંબુનો રસ નાંખ્યો હોય તો આળસીઆના પેટમાંનું મટોડું નીકળી પડે છે.

૩૦–મરદને શકતી વધે—એકથી બે તોલાલસણને ઘીમાં તળવું અને ભુખે પેટે સહવારે ખાવું, લસણ તળતાં વધેલુ ઘી દાળ ભાત સાથ ખાય.

૩૧–ગંધક (અમલસાર)નું તેલ—અમલસારો ગંધક શેર પોણો, આકડાના પાકા પાનનો રસ શેર બે લેવો. ગંધકને રોજ રાત્રે ત્રણ પૈસાભાર રસની સાથ ખરળ કરે. રાતે ખરળ કરે ને દીવસે તડકે કે. આ મુજબ અઢી માસ ખરળ કરો અંદરથી તેલ નિકળે. આ

તેલના ૫) ટીપાં પાન પર લગાડે ને ખાય તો મરદને શક્તી વધે. ઢીલી નસોપર મસળે તો ફાયદો થાય.

ગંધક તેલ—ગંધકને આંકડાના દુધમાં બે દીવસ વાટવી તેની ટીકરી બનાવી છાયામાં સુકવવી. પાણી સાથ તે ટીકરીને ધીમે આંચે ઉકાળવાથી તેલ તરી આવે છે.

૩૨–પુરૂષતાન, લકવો, લોહીને ફરતું કરવું અને શરીરમાં ગરમી લાવવા ઇંડાનું તેલ મસળે. પાંચથી પંદર ટીપાં તેલ ઉપલા દરદો માટે દુધમાં સવાર સાંજ પાવામાં આપે.

ઇંડાનું તેલ કાઢવાની રીત—બાફેલા ઈંડાની દાળને જુદા કરી ગરમ દારૂમાં અથવા બ્રાંડીમાં મુકવુ. ઘણે વખતે તેલ દારૂ સાથે મલી જશે તેને ગાલીને તડકે મુંકવું. દારૂ ઉડી જશે ને તેલ રહી જશે.

બાફેલા ઈંડાની દાલને લોખંડના વાસણમાં બહુ શેકે તો તે બલીને કાલી થશે. ગરમી ચાલુ રાખવાથી તેલ છુટું પડશે.

ઇંડાનું તેલ બનાવતાં ૨૧) ઇંડાની દાળમાં ૧) માસો પારો મેળવાની ભલામણ કેટલાક અનુભવી કરે છે.

ઇંડાનુ તેલ કાઢતી વેળા, ઈંડાવાળુ વાસણ ચુલા ઉપર જરા વાંકુ રાખે તો તેલ છુટું પડે.

૩૩–મરદને શક્તી વધે—રેગમાહી ટાંક ૪) પીપર ટાંક ૭), મધ ટાંક પાંચ મેળવીને રોજ ૦। તો. અથવા વધારે ખાએ. અથવા સુસબા...ના બી ૦। તો. ગોળમાં રોજ ખાએ.

૩૪–મરદને શકતી આવે—લવંગ, પીપર, અકલગરો. ઉપલેત દરેક ટાંક ૫), મધ ૧) શેરમાં મેળવી પાક બનાવે અને સાત દિનમાં પુરો કરે. જો વીર્ય બળતું હોય એટલે વિર્ય નિકળતાં ચામડીને ગરમાવો લાગતો હોય તો ભાંગનુ ઘી ૫) ટાંક ઉમેરવું.

૩૫–પુરૂષાતન ઘટે—કપુર મોટા પ્રમાણમાં લેવાથી વાર્યનું જોર નરમ પડે.

મરદને સકતી વધે છે. થુઅરના ફળનો રસ કહાડી લેવા પછી બીને સુકવવા તેને ખાંડી આટો બનાવવો તેના, પેડાં બનાવી ખાવા. ૧) શેર માવો, ૦। શેર બીનો લોટ, ૧) તો. એલચી, ૦। તો. ભાંગ, ૧) તો. મરી, સાકર ૧। શેર એઓને મેળવી પેંડા બનાવી રોજ ૪) તો. ખાવાં.

તુલસીના બી, પીપળથી પેપડી, શીવલીંગના બીજ, બીલાંના ફળમાંથી નીકળે તે બી એ બધાં બીના પેંડા બનાવી ખાવાથી શકતા વધે.

૩૬–વીર્ય બંધેજ રહે—બાવલના ઝાડના ફુમલાં પાન તેની સાથના લીલા કાંટા સાથે લાવી તેનું ચુરણ બનાવે, ૦। અથવા ૦॥ તો. ચુરણ ખાય ઉપરથી દુધ પીએ. પાન છાયામાં સુકવે.

૩૭–વીર્ય વધે—સુંઠ, અસન દરેકટાંક ૪), ખારેક ટાંક ૫) દુધ સાથ મેળવી ૭) દીવસ પીએ.

મેથી, મોચરસ, બોંયકોહરૂં સંભાગે લઈ શેરડીના રસમાં ચીની બોર જેવડી ગોળી ૧ ટાંકની બનાવી રોજ સહવારે ૧૪ દીવસ સુધી ખાય. દુધ માખણ વગેરે ખોરાક લીએ. ખાટું, ખારૂં ન ખાય.

૩૮–ઢીલી નસો મજબુત થાય—ઇંડાની દાળ, ઘી સાથ અથવા તેલ સાથ મેળવીને લગાડે તો નસોમાં જોર આવે અને માઉંસ કડણ થાએ.

૩૯–મરદને શકતી વધે—(પાદશાહી ઇલાજ છે) ધોળી મુસળી કાળી મુસળી, અકળકરો, ઇંદિર જવ, ગોખરૂ, ગળોનું સત્વ, મોચરસ, બહુફળી, લસોડા, કચાઉ, બળબીજ. એખરો, ચીનીકબાબ, બાવચી એ સઘળૂં સંભાગે મેલવી ૦॥ તોલો ચુરણ સહવારે નેહાર કોઠે ખાએ તો શકતી ઘણીજ વધે.

૪૦–કૌવત વધે, મોઢે લાલી આવે, તેજી વધે—રતાલુ કંદ ઘીમા તલી રોજ ખાએ. અથવા ઘીમાં તળેલો કાંદો, બદામ, ચારોલી, લાલ દરાખ, આ સઘલાંને ઘીમાં તલી રોજ સહવારે ભુખે પેટે ખાએ. ચંડી મોસમમાં ખાવાથી બહુ તેજી આવે. આ તેજાનું રોજ ૫) તોલા ખાએ.

૪૧–શરીરે તાકાત વધે. શક્તિ લાવવા માટે લોખંડની બનેલી દવા સારી છે તેમાં હીરાકસી ઉત્તમ છે.

૪૨–પુરૂષાર્થ માટે—રેગ માછલી ૭ ભાગ, પીપર ૫ ભાગ મેળવી તેમાથી ૦। તોલો ચુરણ મધ સાથે રોજ ખાવો. (આ ઉપાય સલામતી ભરેલો અને ચોકસ છે.)

૪૩+૪૪–મરદને શકતી—આસરેસીંગાની ખાખ તોલો ૦। મધ સાથે દીન ૫ ખાય તો શકતી વધે,

૪૫–મરદને શકતી વધે—હળદને ગાયના પીતાના પાણીમાં ભીંજવી સુકાવીને ખાવામાં લેવી.

૪૬–શરીરે શકતી આવે. ઝાડો ખુલાસાથી આવે—આમળાના આડની છાલનું ચુરણ ૦॥ તોલો દુધ સાથે ઉકાળીને પાએ.

૪૭–મરદને શકતી આવે—એ વાલ કેસર અને ચણા અને સાકર ૦॥ તોલો રોજ ફાકે.

૪૮—પારો બંધાએ—સાતોડીના મુળના રસમાં પારો (ધાતુ) મસળે તો મસકા જેવો થાય, આ મસકાને આમલીના પાનના રસમાં ઉકાળે તો કઠણ થઇ જાય. મારાના ગલાસ બનાવી તેમાં દુધ ૦।। કલાક રાખીને તે દુધ પીએ તો ક્ષયના જંતુ મરે. ક્ષયવાળા દરદીને ફાયદો થાય, શરીરે શકિત આવે.

૪૯—શકિત વધે } પીવાના પાણીમાં સોનું રાખે અને તે પાણી
આયુસ વધે. } પીએ, અથવા સોનાને પાણીમાં ઉકાળી તે પાણી પીએ.

૫૦—શકિત ઘણી વધે—હાથલા થુઅરના દીંડવાંના બીનો લોટ બનાવે તેનો પાક કરી ખાય.

૫૧—શકિત પુષ્કળ વધે—બકરીના દુધ સાથ સુનામખી ખાવી.

૫૨—ઘીમાં તળેલો ગુંદર ૦ા તોલો સાકર સાથે ખાવો.

૫૩—ભોંયકોળૂ અથવા વીદારીકંદ ૦ા તોલો સાકર સાથ દુધમાં લેવો.

૫૪—રૂમીમસતકી બેઆની ભાર, બદામનું મગજ ૦।। તોલો, સાકર ૧) તોલો. એની ફાકી ૦ા તોલો અથવા ૦।। તોલો દુધમાં લેવી.

૫૫—સાલમ, મુસરી, ગોખરૂ, સતાવરી, આસંધ એનું ચુરણ ૧) તોલો દુધમાં પીવું.

૫૬—એખરો, બહુફળી, મોચરસ, ચોપચીની, ગળોસત્વ એમાંની એક બી ચીજ લાંબો વખત ખાવી.

૫૭—ધોવાઇ ગયેલા મરદ માટે આસંધ, તલ, અડદ, સુંઠ, ગોળ, ઘી, સંભાગે લઇ લાડુ બનાવી, રોજ ૨) તોલા લાડુ ખાવા અને દુધ પીવું.

૫૮—અકલકરો, લવંગ, પીપર, ભાંગ, ઉપલેટ સંભાગે ચુરણ બનાવી, બેઆની ભાર ચુરણ મધમાં ચાટવું. ઉપરથી દુધ પીવું.

૫૯—અફીણ, જાયફળ, જાવંત્રી, તજ, કેસર, એલચી, સંભાગે મેળવી પાનના રસમાં વાલ વજનની ગોળી બનાવી રોજ ૧) ખાવી, ઉપરથી દુધ પીવું.

૬૦—ચણોઠીના મુળનું ચુરણ ૦।। તોલો, સાકર ૦ા તોલો દુધ સાથ પીવું.

૬૧—અકલગરાનું મુળીઉં, અબરક કાચી, ઇંદ્રાપર લગાડવી.

જુઓ ", મરદને શકિત" "ધાતુ પુષ્ટી" "નસ ઢીલી" "નબળાઇ."



પેટનો પવન.

૧=પેટમાંનો પવન છુટે—શેરડીનો સરકો અને પાણી. સભાગે ગરમ કરી પેટ ઉપર પોતાં મુકે.

૨=પેટમાં વાયુ હોય તો—નગોડાના પાન કુમળાં ૪ ચાવી ખાવાં.

૩=પેટનો પવન=અંતરગળ=કલેજાનાં દરદો=આંતરડું એકેકપર ચઢેલું હોય તે=પવન પેટનો મટે—આકડાના મુળનું ચુરણ (મુદાર) ૩ વાલ, એસીદટેનીક ૨) વાલ, કેલોમેલ ૧ ગ્રેન. આ મીશ્ર સહવારે ખાવું અને ફરી સાંજે ખાવું. વામીટ થવા દેવું નહીં, દવા ખાધા પછી ચણાનું મગજ ખાય તો વામીટ ન થાય.

૪=પેટમાંનો બળગમ નીકળે—॥ તો. નીસોતર મધ સાથે ખવાડે.

૫=પેટનો મલ નીકળે—ગુંદીના પાન છુંદી બાફીને પેટપર બાંધે.

પેટના દરદો-પેટનો દુખાવો.

૧= પેટ ફુલે તે માટે—લસણના ફોતરાં કહાડી ૧) રતલ ગ્લાસમાં ભીંજવી રાખે. સહવારે તેમાંની ૧) તો. લસણ, ૦॥ તો. સીંધાલુણ, સેકેલી હીંગ ૦। તો. આદુનો રસ ૧॥ તો. તેની એકેક વાલની ગોળી બનાવે. ૧) અથવા ૩) ગોળી આદુના રસ સાથે ખાય.

૨=પેટની ચુંક મટે—હીંગ ૧) વાલ, ઘી સાથ ખાવી લસણની કળી ગળી જવી. બાળેલી છીપનું ચુરણ ૦। તો. ગોળ સાથ ખાવું. શંખની ભસ્મ ૦। તો લીંબુના રસમાં ખાવી. કીડામારીનું ચુરણ ૦। તો. પાણીમાં ખાવું. સોદા (સાજીખાર) અને હળદર સંભાગે મેળવી ૦॥ તો. ખાવી.

૩=પેટના દરદ દુર થાય—કાળી મુસળી ૦। તો. ગરમ પાણીમાં ખાવી.

૪=પેટનો દુખાવો—ચણાના છોડ ઉપર પતલું કપડું રાત્રે ઢાંકે, તેની ઉપર રાત્રે ઓસ પડે તે સહવારે નીચવીને એકઠું કરે, તે પીવાથી પેટનો દુખાવો નરમ પડે, એને ચણાનો ખાર કહે છે.

ચણાનો ખાર ખરો છે તે પારખવા માટે મેથીના દાણાને આ ખારના પાણીમાં બોળી સુકવે, સાત પત આપે; આ મેથીને મટોડામાં મેળવી ઉપર પાણી છાંટે તો તરત ભાજી ઉગે.

૫=પેટનો દુખાવો હોય તો એ ઓનદીઉં સીલાકમ પાંઉંડ, લવંગ સાથ મેળવી આપે.

૬=પેટના દરદ એ માલુમ હોય તે માટે—સુંઠ સાથ સુનામખી ખાવી.

૭=પેટનો દુખાવા માટે પેપરમીંટના ફુલ પાન સાથે ખાવામાં આવે છે.


૮=પેટમાં પવન હોય ત્યારે—મરી, હીંગ, કપુર સંભાગ મેળવી ૨ થી ૪ વાલ પાણી સાથે ખાય.

૯=ચુંકો થયો હોય તો મધ શેર ૦। પાણી શેર ત્રણ સાથે ઉકાળી શેર ૧ રહે ત્યારે તેમાંથી બબે તોલા પીવામાં આપવું.

મધ અને પાણી સરખા ભાગે પીવું એ નુકશાન કરતા છે. મધ અને ઘી સરખે ભાગે ખાવાથી નુકશાન થાય છે.

૧૦=પેટના રોગો માટે—અજમો ૧૪ તોલા, ટંકણ ૧ તો એનું ચુરણ ૦॥ થી ૧ તોલો પાણી સાથે મેળવી રોજ બે વાર ખાવું.

૧૧=પેટના સઘળાં દરદો=ચોપડા ગાંઠ=મુઝારા ગાંઠ સારી થાય ઉટકંટાનું આખું ઝાડ ૧૦ તોલા લઇ પાંચ શેર પાણીમાં ઉકાળી ૦॥ શેર રાખે. તેમાં પાંચ તોલા ગોળ મેળવે:તેમાંથી એકેક તોલો દરદીને રોજ ૩ વાર પાય.




પેતમાં સુળ.

૧=પેતમાં સુળ, પંખામાં સળ માટે નાળીએરમાં ભરાય તેટલું મીઠું ભરવું. પાછું બંધ કરી છાણામાં સળગાવવું. આ મીઠું ૨) વાલ, લીંડીપીપર ૧] વાલ રોજ બે વાર ખાવી.

૨=મુળાનો રસ ૨) તો० લીંબુનો રસ ૨) તો. જવખાર ०। તો० પાણી ०। સેર એના ૩) ભાગ કરી રોજ ૩) વાર પીવું.

૩=પરિણામ સુળ=ખાધા પછી સુળ થાય તે માટે લીંડીપીપર ૧૬ તો. પાણી ૨૫૬) તો. ઉકાળી ૩૨) તો. રાખે. ૪) તો. લીંડી પીપરની પાણી સાથ ચટણી બનાવે, આ ચટણી અને ઉપર મુજબ બનેલો કાહવો, તથા ૧૦) તોલો ઘી ઉકાળી ઘી બનાવે. ખાધા પછી ૧) તો આ ઘી ચાટવુ.



પેટના ગાંઠ ખસે—આમળ ખસે.

૧=પેટની ગાંઠ ખસે છે. એટલે આંતરડું વલ ખાય છે, તે વખતે દરદીના અંગુઠાંને અથવા પગના ટેટાંને મજબુત બાંધે છે.

૨=પેટની ગાંઠ ખસી હોય તે માટે કાંસકીના *મુળને શનિવારે નોતરૂં દેવું. આતવારે તે લાવી સણુની દોરી સાથ બાંધી પગની છેલ્લી આંગલીએ બાંધવું. જો ગાંઠ જમની બાજુએ ખસી હોય તો ડબા પગે બાંધવું જો ડાબી બાજુએ ખસી હોય તો જમાના પગની છેલ્લી આંગલીએ બાંધે.

આકડાના દુધમાં કાઢો અને રેવનચીનો સીરો મેળવી લગાડે.

૩=આમળ ખસે ત્યારે—૪ વાલ દુધેલીના લોટમાં મેળવી ખાવામાં લીએ છે અને રોજ ચાલુ રાખે છે.

૪=ગોળો. અને પેટની ગાંઠ માટે—આબ્બા વેળાના પાન છુંદી તેનો રસ ડુંટી નીચે પેઢુપર લગાડે. પછી તેનો છુંદો ગરમ કરી પેઢુપર બાંધે, અને પેઢુને તડકો લગાડે.

૫=પેટની ગાંઠ ખસેલી હોય તે ઠેકાણે આવે—અમોઘના રસ પાંચથી દસ તોલામાં જરા ઘીનાંખી દરદીએ ઉભા ઉભા પીવું.

૬=પેઢુની ગાંઠ, આંતરડાંનો સોજો, બલારની ગાંઠ, પેટના દરદો } માટે—ચુવાની ભાજીના પંચાંગનું સુરણુ ૦| તોલો ગોળ સાથે ખાવું.

૭=ચામડીનો દરદો, આંતરડાંનો દુખાવો, પેટનો દુખાવો, ગાંઠ, બદ } આ સઘળાં દરદોને ગરમ સેક ફાયદો આપે છે.

કીડ તથા ચામડીના દરદો માટે છાણુનો સેક સારો છે; બીજાં દરદો માટે પથરનો, બાટલીનો. રેતીનો, નળીઆનો સેક સારો છે.

ગાંઠ ખસે, અવાજ પેટમાં થાય, ઝાડા આવે ત્યારે, સુંઠ, સુવા દરેક ૧ ભાગ, એલચી ½ ભાગ, સાકર ૨ ભાગ એનું સુરણુ ०॥ તોલો ખાય.

પેતની બાંઠ=નાભી=પીચોટી.

ડુંટીની નીચે પેટની ગાંઠ ખસે છે એવું માનવામાં આવે છે, પણ નાભીની નીચે ગાંઠ જેવું કાંઇ નથી. જે જે દરદ જણાય છે તે નળ બંધ વાયુના, અજીરણુના, પવનના કબજીઆતના છે. ગાંઠ ચોળવાથી એટલે નાભીની આસપાસની જગા મસળવાથી ફાયદો થાય છે ખરો પણુ તેનું કારણુ એ છે જે મસળવાથી અંદરના ભાગો પોચા પડે છે અને તેને ચેટણુ આવે છે.

૮=અસેળીઓ ०॥ તોલો. સાકર ०॥ તો. સવારે પીવું.

[illegible] ના તો. [illegible] ના તો. મધ સાથે લેવું.

૧૦=[illegible], [illegible], [illegible]નો લેપ નાભી ઉપર મુકવો.

૧૧=દુંટી આગળ પેટની ગાંઠ ખસે છે, એવું કહેવાય તેને પચોટી કહે છે પચોટીમાં આંતરડું જ્યારે દુંટીની ઉપર ખસે ત્યારે ઓકારી થાય છે, જ્યારે આંતરડું દુંટીની નીચે ખસે ત્યારે ઝાડા થાય છે જ્યાં ખસે છે ત્યાં નાડીના ધપકારા જણાય છે. (Aortic Pulsation) તેનો ઇલાજ.

૧૨=દરદીને ચતા સુવાડે પગને. અંગુઠા પકડી થપકાવે અને દરદીના પગની પાતલી ઉપર મુકી મારે.

૧૩=દરદીના પગના અંગુઠા અને તેની પાસેની આંગળીને દોરાથી સાથે બાંધે.

૧૪=દરદીને ચતા સુવાડે. તેના બંધે પગો આસ્તે આસ્તે ઉંચા કરે, સીધી લીટીમાં આવે, બરાબર ઉંચા સીધી લીટીમાં આવે ત્યારે પાછા ધીરે ધીરે જમીન પર લાવે આ મુજબ દસ મીનીટ સુધી સવારે ૩) દીન કરે.

૧૫=પગ લાંબા રાખી બેસવું હાથો ટાન આગળથી સીધા ઉંચા રાખવા. કમરમાંથી વળી પગના અંગુઠા હાથવડે પકડવા. હાથ ઉભા રાખેલા તેમજ રહેવા દેવા. એને પશ્ચીમ તાન કહે છે) ધીમે ધીમે ટેવ પાડી માથું પગના ગુઠણને લગાડી રાખવું.

૧૬=દવા તરીકે કુમાર પેટપર બાંધે તેથી ગાંઠ ઓગળે, પેટકઠણ હોય તે પોચું પડે. મળનો જમાવ નિકળી જાય.

૧૭=પેટની ગાંઠ ખસે ત્યારે ચતા સુવું. પગલાંબા રાખવા, પગને ધીરે ધીરે ઉંચા કરે. સીધા ઉભા કરે. પછી પાછા ધીરે ધીરે નીચે મુકે આ મુજબ ૧૦) વાર આરામ ઠીક લાગે ત્યાં સુધી કરે.

પેટની ગાંઠ ખસે=પચોટી

૧૮=પેટની ગાંઠ ખસેલી હોય તે દરદીને સવારે ભુખે પેટ ચતા સુવાડે, ખમી શકાય એટલું પાણીનું ભારી વાસણ દરદીની દુંટી ઉપર મુકવું. ૦।। કલાક પછી તે ઉંચકી લેવું—પછી બંધે પગ સાથે રાખી આસતે આસતે ઉંચકી સીધા કરવા. (પગ અને શરીર વચ્ચે કાટખુણો બને તેમ) ધીરે ધીરે પાછા જમીન પર મુકવા. આ મુજબ ૩) વાર કરવું.

૧૯=નાભીની સઘળી બાજુએ નારીનો ધપકારો ફરતો રહે છે. જે બાજુએ નારીનો ધપકારો જણાય તે બાજુએ નારીના ધપકારા

ઉપર ૧) પૈસો મુકવો તે ઉપર ૧) વાલ કપુર મુકી સળગાવવો. તે ઉપર ગલાસ અથવા કળસીઓ નાનો ઉંધો વાળવો, પૈસાના ઘેરાવા કરતાં ગલાસનો ઘેરાવો મોટો જોઇએ. વાટી બુજાઇ જાએ, ત્યારે ડુટી ઉપર મુકેલું ગલાસ અથવા કળસીઓ ચોંટી રહેશે ૦॥ કલાક પછી તે દાબીને ઉંચકી લેવો અને ઉપર લખવા મુજબ ફરી ૩) વાર પણ ઉંચા નીચા કરવા,

૨૦=જો કળસીઓ મુકે તો તે બહુ મોટો ન જોઇએ. બહુ મોટો કળસીઓ ઘણું જોર કરવા છતાં છુટો પડે નહીં ત્યારે કળસીઆની કોર આગળ ચામડી કાપીને હવા કરસીઆની અંદર મોકલવી પડે ત્યારે કરસીઓ ઉપડે.

૨૧–કાંસકીના છોડને શનીવારે સાંજે નોતરૂં ધારા મુજબ કરે. આતવારે સૂર્ય ઉગ્યા પહેલાં ૩॥ પાતરાં કાંસકીના તોડી લાવે અને દરદીને ખવાડે.



પેતમાં ચરબી—ચરબીથી શરીર જાડું બને તે પાતળું થાય.

૧=ત્રીફળા ૪) તોલા નો કાહવો રોજ પીવો.

૨=ઉકાળેલું પાણી ઠંડુ પાડીને મધ નાંખીને રોજ સહવારે પીવું.

૩=લીંડીપીપર અથવા ચિત્રક મુળનું ચુરણ ૨ થી ૪ વાલ રોજ મધમાં લેવું, ગરમ પડે તો ચાલુ રાખવું નહી.

૪=સુંઠ, મરી, પીપર, ત્રીફળાં મોથ, વાવડીંગ સંભાગે લેવું. તે ચુરણમાં બરાબર ગુગળ મેળવવો. તેમાંથી ૦ તોલો સવાર સાંજ ખાવો.

૫=૧) ગલાસ પાણીમાં ૧) લીંબુનો રસ નીચવી સહવારે પીવાથી ૧૫) દીવસમાં ફેર જણાશે.

૬=હરડેનું ચુરણ શરીરે ઘસી પછી રોજ નાહવું. આથી નિકળતો પરસેવો ઓછો થશે ને ફાયદો જણાશે.

પેટ મોટુ થયલું હોય—દમ—સાસ આવે.

ગોસ વેલ નામનો વેલો થાય છે તેના ઉપર બોરડીના કાંટા જેવા કાંટા થાય છે તેનો ઘસારો દારૂમાં પીવો—(૩ દીવસમાં ફાયદો જણાશે.

પીત છાતીએ–છાતીએ પીત–છાતીએ દાહ.

૧=પીત નાશ પામે—ગોળ, હરડે સાથ ખાવો.

૨=પીત છાતીપર થાય તે માટે—આમલાનું ચુરણ ૦ા તોલો સાકેર સાથ રોજ બે વાર પીવું.

૩=પીત છાતીએ થાય તે માટે—બેઠાં અને આમળાનું ચુરણ ૦ા તોલો અથવા વધારે ખાધા પછી લેવું.

૪=પીતના ઉછાળા માટે દાળ ભાતમાં કોકમને બદલે આમળા નાંખવાં.

પીપર મધ સાથ ખાવી.

૦ા તોલો આમળાની ભુકી પાણી સાથ લેવી.

છાતીની દાહ નરમ પડે લુણીભાજીનું ચુરણ ૦ા તોલો મધમાં મેળવી ખાય.

૫=છાતી ઉપર પીત ચડે—હરડે, જીરૂં સફેદ, પીપળીમુળ એ સરવેને સંભાગે મેળવીને ૦ા તોલો ફાકવું.

૬=છાતીએ પીત થાય, પીસાબે ધાત જાય તે માટે—પાકેલું ૧) કેરૂં, ઘી ૦ા તોલા સાથે ભુખે પેટે સહવારે ૮ દીન ખાય. જો કાઇ દરદીને ઠંડી લાગી આવે તો ઘીમાં ૦ા તોલો મધ મેળવીને ખાય.

૭=છાતી ઉપર દાહ માટે—૦ા તોલો મીઠું, ૦ા તોલો સોડાબાઇ કારબન, સોડા વાટર સાથે પીવું.

જુઓ "ચરબી પેટમાં"

ફાંસ લાગે–કાંટો ભાંગે.

ફાંસ લાગે અથવા કાંટો ભાંગે તો લસણ છુંદીને બાંધવું કાંટો ન નીકળે તો પછી બકરાનું ફેફસું બાંધવું, કાંટો ખેંચાઇ ખાવશે.

ફેફરૂ–વાઇ–અપસમાર–મુરગી.

૧=અરીઠાનું બારીક ચુરણ, માલ કાકણી અને મરીનું ચુરણ, કાળાં મરી અને દુધેળીના ફળનું ચુરણ, આમાંનું કોઇબી એક ચુરણ સુધાડવાથી ફાયદો થાય છે.

વાવડીંગ અને પીપરનું ચુરણ ૦॥ તોલો રોજ સાંજ સવાર ખવાડવું.

ફેફરૂ મટે—સમુદ્રફળ ભેંસના મુતરમાં ઘસી નાકમાં મુકે. અથવા નાસલીએ, સમુદ્રફળ પકવીને વાપરવાથી ગુણે વધે છે. પકવવાની રીત જુઓ " સમુદ્રફળ "

૨=ગાયનું ઘી, દુધ, દહી, તથા ગાયના છાણનો રસ દરેક ૦। શેર મેળવવું તેમાં ૫ તોલા ઘી બીજું નાખી ગરમ કરવું. સર્વ બળી જાય અને ઘી ગાળી લેવું. ફેફરાવાળા બાલકને બે આનીભાર અને મોટાં માણસને ૦॥ તોલો રોજ બે વાર ખવાડવું

૩=ભુરાં કોરાંનો રસ અને જેઠી મધ રોજ પીવું.

૪=કાળી સરસની છાલ અથવા બી તથા કરંજના બી પાણીમાં ઘસી અજંન કરવું.

૫=હાથીના મુત્રના ૨) ટીપાં વાઇ આવે ત્યારે નાકમાં નાંખવા

૬=સુરોખાર ૧) વાલ લઇ ઘોડાના ખુસીઆ ઉપરના પરસેવા સાથ મેળવી બંધે નાખના ફીફ્રાંમાં મુકે.

૭=સસલું જાણવરના કાન કાપીને તેનું લોહી નાખમાં અને કાનમાં મુકે.

૮=પીપળાની વડવાઇનો ભુકો ૦। તોલો લેવો તેને પાણીમાં મેળવી પાવો, અફીણ અરધો વાલ ઉમેરવાથી વધુ ફાયદો થાય છે.

૯—બાવલના ઝાડના ફુલને ઘીમાં તળી તેનો ભુકો કરી મધમાં અથવા ગોળમાં ગોળી ચણા જેટલી બનાવી ૭) દીન ખાવી.

૧૦—લીલા કુકકડપાડા (તુરીઆં) માં વીંછુ મુકવો. તે સુકાય બાદ વિછી સુધાં તેનું ચુરણ બનાવવું. જ્યારે વાઇ થાએ ત્યારે તે ચુરણ સુંઘાડવુ.

૧૧—આંકડાનું દુધ અડાયાની રાખમાં મેળવી સુકવીને સુંઘાડે તો ફેફરૂં મટી જાય.

૧૨—જ્યારે બ્રોમાઇડ નહી કામ કરે ત્યારે ૧૫ ગ્રેઇન ટંકનખાર દીવસમાં ત્રણવાર ખવાડવું.

૧૩—કાંદાનો રસ નાંખમાં નાખે તેથી છીંક આવી નાકમાંથી કીડા પડે તો ફીકરૂં જતુ રહે. કોઈ વાર તે કીડા મગજે ચઢે તો. નુંકસાન કરે,

૧૪—બોલવાનું ભાન ન હોય ત્યારે પારો, કનેરની જડ, પીપર, અકળગરો દરેક તોલા ૨, ચીનીકબાબ તોલો ૧, ગંધક તોલા ૪,

મરી તોલા ૨, તનકનખાર તોલા ૨, શુંઠ તોલો ૧, ખાંડ તોલા ૪. એ બધાને ભાંગરાના રસમાં મેળવી ચીનીબોર જેવી ગોળી બનાવી. તેમાંની ૧ ગોળી સહવારે અને ૧ ગોળી ખવાડે.

૧૫–બારસ પીપળના દીંદવાના રસના ટીપાં નાકમાં મુકે તો નાકમાંથી કીડો બહાર આવે. દીંદવા લીલા ન મળે તો સુકાને પાણીમાં ઘસીને વાપડે. એ મુજબ જુમખા દોળીના પાનનો રસ નાકમાં મુકે તો ફાયદો થાય.

૧૬–પીકરા માટે—સુંઠનો બુકો, નાંખમાં ઘસવો અથવા સુંઠ પાણીમાં ઘસીને ટીપાં નાકમાં નાખમાં.

મુર્છા–વાયુ માટે–લવંગ ઘસી અજંન કરવું.

૧૭–મોટો ઉંદર (કોહોર) ના સફરામાં વજ કાઢવી મુકે, તે ઉંદરને હાંડીમાં મુકી ૨ માસ જમીનમાં દાટવો, પછી આ વજકાવલીને જવના પાણીમાં ઘસીને ટીપાં ૩ નાકમાં નાખે તો કીડો મરે ને પીકરું નરમ પડે.

૧૮–ફેફરે આવે નહીં—ઉભી રીંગણીના ફળ અને ફુલના રસમાં ૧ લુંગડાને ૭ પત આપવા. તે લુગડાને સાકરના પાણીથી ભીંજવી દરદીને સુંઘાડવું.

૧૯–પીકરું મટે—અકલમરો અને વજનું સંભાગે ચુરણ બનાવી તે ચુરણ ૧૦ વાલ મધમાં મેળવી રોજ ૩ વાર ખવાડે.

૨૦–દુધવાળી લીંબોડીઓ લેવી તેને કાદવના વાસણમાં બંધ કરી પાણીવાળા ખબોચીઆમાં દાટવી. જે ખબોચીઓ ૬ માસ સુધી ભીનાસવાળો રહે. ૬ માસ પછી લીંબોડી કાઢે. સો મરીના દાણાને કંટારીઆ ફુવરના મુલની ગાબદી કાઢી તેમાં મુકે અને ૬ માસ પછી તે કાઢે. લીંબોડી અને મરીનું ચુરણ બનાવે. તે ચુરણ દરદીને સુંઘાડેનો છીંક આવે અને મગજનો કરમ બહાર પડે, અથવા અંદર મરી જાએ.

૨૧–દરદીને બોલવા ચાલવાનું ભાન રહે નહીં તે માટે ભોયરીંગણીના દીંડવાનો રસ બે ટીપાં નાકમાં નાખે તો મુરગીના આજારને ફાયદો થાય, તેલ ખાવું નુકશાન કારક છે.

૨૨–મુરગીનો આજાર (મગજનો બગાડો)—ભોંયરીંગણીના દીંડવાનો રસ બે ટીપાં નાકમાં નાંખે તો હુશીયરી આવે.

પીકરાવાળા દરદીને મીઠું ખાવા દેવું નહીં, પીકરાની અકસીર દવા બ્રોમાઇડ છે. તેનો ગુણ મીઠું તોડી નાંખે છે.

૨૩–પીકરું—સુંઠ ને મધ સાથે ઘસીને નાકમાં ૪ ટીપાં મુકવાં.

૨૪=તલનો રસ એ સઘળાંને મેળવી છાયામાં સુકવે તેને બકરાંના મુતરમાં ખરળ કરે, ગોળી બનાવે, તે ગોળી બકરાંના મુતરમાં ઘસી અંજન કરે.

૨૫-ધોળા કાંદાનો રસ દરદીને સુધાડે અને આંખમાં આંજે.

૨૬=હાથીનું મુતર નસકોરામાં મુકે તો મગજના કીડા બહાર નિકળે.

૨૭=ધોડાવજ ૪) વાલ, રાસના ૪) વાલ, જેઠામાસી ૮) વાલ, ફુલવેલો તંકણખાર ૪) વાલ, પાણી oıı શેર. એને ઉકાળી o। શેર રાખવું, તેના ૨) ભાગ કરી સવાર સાંજ પાવું. ૩) દીનમાં ફાયદો જણાય. ૧૪) દીનમાં દરદ દફે થાએ.

૨૮=ખંદાલ (રીંગણી અથવા વાંદો) સેર o।, મરી તો. ૧), મઊમુત્ર o। સેર મેળવી તેનો રસ કાઢી, સુકવી ચુરણ બનાવે. દરદીને નાંસ આપી વાંકો રાખે તો અંદરનો કીડો બહાર પડે.

૨૯=ભોંયરીંગણીના ફળ, તથા પાનનો રસ નાખે મુકે.

૩૦-સમુદ્ર ફળને નગોડના પાનના રસમાં ૯) દીન પરાળે. ૭) દીન છાયામાં સુકવે, તેનુ ચુરણ ૫) વાલ તુળસીપત્ર અને લવંગ સાથ ૫)દીન ખાય.

૩૧=આંકડાંના ઝાડ ઉપર આકધોલરો નામના જીવડા થાય છે. જેઠ માસમાં એ ઝાડની નીચે જીવડા મરી ગયલા તેના ખોખા રહે છે તે ખોખાંનુ ચુરણ ૧) રતી ભાર દરદીને ગોળ સાથ ખવાડે.

૩૨=માણસના માથાની ખોપરીનું ચુરણ સુંધે. ફેફરૂં આવે ત્યારે ૨) ૩) વાર સુંધાડે.

૩૩=કુતરાના વિષ્ટાનું ચુરણ બે આની ભાર પાણી સાથ પાએ તો ફેફરૂં ફરી થાય નહી.

૩૪=વલા નામનું જીવડું ભાદરવા અને શ્રાવણ માસમાં ધાસ ઉપર થાય છે. થુંક અથવા સફેદ ફીણના જેવા પરપોટા ધાસ પર જોવામાં આવે છે; એની અંદર વલા (જીવડો) રહે છે તે પોતાના મોઢામાથી ફીણ કાઢીઆ કરે છે. આ ફીણવાળું ધાસ ઢોરના ખાવામાં આવે, તો ઢોર શરીરે અકડી જાય છે, શરીર કાળું પડે છે, ખોરાક લેતું નથી. આ દરદને વલો ચઢીઓ છે એમ કહે છે. ઇલાજમાં મરીનો ભુકો દુધ સાથ ૪) દીન ખવાડે છે. આ વલા (જીવડા) હીસતીરીઆ માટે રામબાણ ઉપાય છે અજબ પરીણામ આવે છે.

વલા (જીવડું) ધાસ પર જણાય તેને વચમાંથી પકડી દાબે તો તેના મોઢામાંથી ફીણ નિકળે, તે ફીણ સીસીમાં એકઠું કરે, અંદર

કાળાં મરી નાંખી બંધ કરે, તાઢ તડકામાં રાખી ૧૦) દીવસ પછી કીણુ સુકાઇ જાય ત્યારે તેનું (મરીનું) ચુરણુ બનાવે. તે ચુરણુ ાા તો. સુધી કાગળની નળી વટે નસકોરામાં ફુકે. દરદીને છીંકો આવે, ાા કલાકમા નાકમાથી કીડો નીકળે તેનું શરીર લાંબુ અને મોં કાળુ રહે છે.

૩૫=ગોખરૂના મૂળ ૧૬ તો. ની ચટણી, ઘી ૬૪) તો. પાણી ૨૫૬) તોલા એનું ઘી બનાવી ૨) તો. ઘી રોજ બે વાર ખાય તો કીકરાંનુ ભયંકર દરદ સારૂં થાય.

૩૬=લીમડાની કાચી લીંબોડીને કાદવના વાસણમાં મજબુત પેક કરી જ્યાં હમેસા કાદવ રહેતો હોય ત્યાં દાટે. વાસણમાં પાણી ન જવું જોઇએ. ૭ માસ પછી લીંબોડીનું ચુરણુ બનાવી સુંઘવામાં લીએ. તેથી મગજનો કીડો મરે અથવા બહાર આવે.

૩૭=ઉંટના માથામાંથી નીકળેલા કીડાનું ચુરણુ સુંઘાડે. (ઉંટ લીમડાના પાન બહું ખાવાથી તેના નાકમાંથી કીડો બહાર પડે છે)

૩૮=દરદીની બત્રીસી બેસી ગઇ હોય તો કપુરની ધુંધ આપે.

૩૯=કડવા તુરીઆ અને ડુમરીનો ગર સંભાગે લઇ કારેલીના રસમાં બનાવેલી ગોળી આપે. આ બંધે વસ્તુનો રસ નાખે મુકવાથી પણ ફાયદા થાય.

રેફરૂ, વાઇ, મુરગી, હીસટીરીઆ.

૪૦=ધોળો વજ ૧) વાલ રોજ સવારે મધમા ખાય.

૪૧=માલ કાકણી, લીમડાના પાન, જેઠીમધ. સરગવાની છાલ દરેક ાા તોલો. તેલ ૫) તો. ગૌમુત્ર ૨૦) તો. એનું તેલ મસળવું.

ફુલ્લો હથેલીમાં

હથેલીમાં ફુલ્લો થાય છે તેમાં અગન બહુ બળે છે, નસ્તર લગાડે તો અગન વધારે બળે; અને ફુટે તે પાછો ભરાએ તે માટે કુડેલીના પાનની ગરમ લીપડી ફુલ્લાપર મુકે. તેમાં જરા મીઠું બી નાખે, એ લેપડી ઉપર લીમડાના પાનનું વરાળીઉં બાંધે તો જલદી ફુલ્લો પાકે. કુડેલીના વેળાના પાનની સીધી બાજુએ કાળી સહીના જેવી છાંટ હોય છે.

ફટકીઆ વા.

શરીર ઉપર ફુલ્લા થાય; તેના ચેપથી બીજા ફુલ્લા વધે તે માટે આંબળા, મરી, અજમો એકેક તોલો. મોરથુથુ બે આની ભાર, એઓને કાચાપાકી શેકી ચુરણુ બનાવે. ૧૦) તો. દુધને ત્રાંબાના વાસણમાં મુકી દહી બનાવે. દહીનો મઠો કરી તેમાં ઉપલુ ચુરણુ મેળવી લગાડે.

ફુલ્લા શરીરે

ગરમીની મોસમમાં શરીરને ફુલ્લા થયા કરે તો તે દરદીને થંડીની મોસમમાં બે આની ભાર ગંધક દુધમાં ઉકાળી રોજ ૧) વાર ૧૫) દીવસ ખવાડે.

ફુલુ-આંખનું ફુલુ.

૧—આંખનું ફુલું—વાઘણનું દુધ આંખે લગાડવાથી ફુલું કપાય છે.

૨—આંખનું ફુલું—વાઘણનુ દુધ, દાભાનું ફુલ, ચીનાઇ સાકર, બકરીના દુધમાં ઘસી આંખે લગાડવું,

૩—આંખના ફુલાં માટે—સમુદ્રફળ પાણીમાં ઘસી આંખે આંજવું.

૪—આંખના ફુલાં માટે—ઉજળી ચણોઠીનું મુળ આંખે અંજન કરવું.

૫—ફુલું આંખનું મટે—આંખ ગળે તે માટે ધોળી સાટોડીનું મુળ મધમાં ઘસી અંજન કરવું.

૬—ફુલું—આંખના ફુલાં માટે—સાબરસીંગુ પાણીમાં ઘસીને આંખે લગાડયા કરવુ.

૭—આંખના ફુલાં માટે—અરીઠાનું પણી અરીઠાને પાણી સાથે દોહલીને) આંખે આંજે,

૮—ફુલું આંખનું—અરીઠાની છાલ પાણીમા ઘસીને આંખે આંજે

આંખનું ફુલું કપાય—લવંગ અને ધોળી ચણોઠીનું મુળીઉ પાણીમાં ઘસી આંખે લગાડે તો ફુલું મટે,

૯—કુતરાના દાંતને પાણીમાં ઘસી આંખે લગાડે તો ૨૦ વરસનું ફુલું કપાય.

૧૦—આંખનું ફુલું—અખીરાના બીજ, ઉજળી ચુંજ પાણીમાં ઘસીને આંખે લગાડવું,

૧૧—આંખનું ફુલું—થોડા વખતનું હોય તો આતવારે શેરડીનું મુળ લાવીને ફુલાંવાળી આંખની પાસેના કાનપર બાંધવું.

૧૨—આંખનું ફુલું જાય—સમુદ્રફળ ગધેડીનો દાંત પાણીમાં ઘસીને આંખે આંજવું,

૧૩—આંખનું ફુલું બચ્ચાનું કપાય—સાકર અને ચલ્લાંની અઘાર વાટી બારીક કરીને આંખમા છાટવું.

૧૪—ફુલું—જીનજેટાનું મુળીઊ પાણીમાં ઘસી આંજે,

૧૫—ફુલું—સાટોડીનું મુળ રવીવારે લાવી, ધુપ દઇ કાને બાંધવું.

૧૬=ફુલું—હાથી દાંતને છાસમાં ઘસી આંખમાં આંજે તે ફુલું કપાય.

૧૭=ફુલું આંખનું—હરણુ (કરીઆળ) નું સીંગડું છોકરીની માતાના થાનના દુધમાં ઘસી આંખે આંજે.

૧૮—સીતલાથી પડેલું આંખનું ફુલુ સારૂં થાય—ઉંટની દાઢના દાંતને પાણીમાં ઘસી ફુલાં પર લગાડે.

૧૯—આંખમાં ફુલું, આંખમાં માઉંસ વધે એ માટે—કરંજના બીઆના ચુરણને ખાખરાના ફુલના રસમાં ૩ વાર પત આપે, તેની સલી બનાવે, તે સલી પાણીમા ઘસી આંખમાં લગાડે તો આંખના દરદો સારા થાય, જે આંખના દરદો કાપી કહાડવા જેવા હોય તે પણ આ ઘસારો લગાડવાથી સારાં થાય,

૨૦—આંખનું ફુલું સારૂં થાય—માણસના કાનનો મેલ મધમાં મેલવી ખુબ ખરળ કરી તેનું અંજન કરે.

બફારો શરીરે.

મુળકન ખાવાથી શરીરનો બફાળો નરમ પડે.

બરલ=બહરેલ—તલ્લીફુલે—રેઝાન મોટી—એગીઉકેક.

૧=નવસાર ૧ તી ૨) વાલ પાકા પપાઉ સાથ ખાએ.

૨= „ ૨) વાલ પાણી સાથ રોજ ૩) વાર ખાએ.

૩—તલ્લી ફુલે, બહલાર વધે તે માટેઉંદરાકસી ૦॥ વાલ અથવા લોહ નો અરક ૧૦ ટીપા પાણી સાથ રોજ ૩) વાર પીએ તે દરદો આ ઇલાજથી જરૂર કપાય છે, પણ કોઠો કબજનકી થાય માટે જુલાબનુ મીઠું સાથે જરૂર જોઇએ. ઇલાજ ખાતરી પૂર્વક છે.

૪—રૂરપંખાનું મુળીઉ ૦। તો. ૩) તો. તેમાં ઘસી ૨.વારે જુંમ પેતે આપવું.

૫—લીંડીપીપર બે વાલ મધ ૦॥ તો. છાસ ૨) તો. મેળવી સવારે પીવું.

૬—સિધાલુણ, રાઇ, હળદર, કરેક ૬) તો. છાસ ૧૦) સેર કાદવના વાસણમાં નાખી મોઢુ બંધ કરે, ૩) દીવસ જમીનમા દાટે પછી ગાળીને સાસીમાં ભરે. ૩) તો. રોજ ૩) વાર પીએ, ગમે એવી મોટી બહરોલ હોય તે મટી જાય.

૭—આંકડાના પાનની રાખ ૧) થી ૨) વાલ મધ સાથ લેવી.

૮—દાબી બાજુ પાંસરાં આગળ ગાંઠ થાય છે, તે માટે હકીમ નીલુસનો અકસીર ઇલાજ. કનેરની જડ સરકામાં ઘસી લગાડવી. અને ૨) વાલ જેટલી જડ પાણીમાં ઘસી અથવા ચુરણ કરી ખાવી. સરબત સાથે ખાવી. આ જડ ઝેહેરી છે, પણ આ ઇલાજ ઉમદા છે.

૯—ટંકણખાર ફુલવેલો ૨) વાલ અથવા વધારે ચેવલી પાન સાથ ખાવો.

૧૦—અંજીર ૧) શેરને ૦॥ સેર સરકામાં બોળી રાખવાં. અંજીર ૪) નંગ રોજ સવારે ખાવા, અને તેની પોટીસ ગાંઠ પર મુકવી. અને તે સરકો ખાવામાં લેવો.

૧૧—દોરાનું અથવા ગોળીનું પોત મુકે, અથવા બીલીસતર ઉડાડે અથવા દામ દીએ, અને ૪) માસ સુધી તે ઝરવા દીએ, રૂઝાવા દીએ નહીં.

૧૨—નગોડનો રસ ૧) તો. ગૌમુત્ર ૨) તોલા રોજ પીએ.

૧૩—રગત રાહિડો અને મોટી હરડે ગૌમુત્રમાં પીએ.

૧૪—એક નાળિએરના સાખા કાઢી ગોટો બનાવે, તેની આંખ ફોડી ભરાય એટલું મીઠું ભરવું. આંખ પાછી બધ કરે નાળીએરને આઠ દીવસ પાણીમાં રાખે ત્યાર પછી નાળીએર ફોડી અંદરના કોપરાંના ૭ ભાગ કરે. ગોળ સાથે ૧) ભાગ રોજ ખવાડવો, આ મુજબ ૩) નાળીએર ૨૧) દીન ખાય. તમામ ઉદર રોગ મટે.

૧૫—વેંગણાના ખેતરમાં દરદીને સુર્ય ઉગવા પહેલાં લઇ જવો કાચું વેંગણું દરદી ખાય, ૭ દીન ખાએ તો આરામ થાય.

૧૬—જવના ઝાડના લાકડાંનું પ્યાલું બનાવી તેમાં પાણી ભરી રાખે અને પીએ, અને તેમાં ખાવાનું મુકી ખાય તો બરોલ ઓગળે.

૧૭—અહલોરની ગોળી—જવખાર, સુરોખાર, ખડીઓ ખાર, નવસાર, રેવનચીનો સીરો, એળીઓ, હીરાકસી સંભાગે કુમારના રસમાં ૪) પોહોર (૧૨ કલાક) ઘુંટે. જેમ વધુ ઘુંટે તેમ વધુ ગુણ આવે, ચણા જેવડી ગોળી બનાવે, રોજ ૨) અથવા ૩) ગોળી વરીઆળીના પાણી સાથ ખાય.

૧૮–મીઠુ ૨) સેર ને વાટી વાટકામાં ભરી, કપડછંદ કરી ગજપુતમાં છાણા સાથ સળગાવે તે મીઠામાં ૦। શેર અજમો મેળવી ફાકી બનાવે. ૦। તો. ખાવામાં લીએ.

૧૯–અસાળીઓ ૧) વાલ ૩) વાર લેવો.

૨૦–ગરણીના બી ૨ થી ૬) વાલ, સુંઠ સાથ લેવો.

૨૧–કરીઆતાંની ચાલ સાથ નવસાર ૨) ૩) વાલ લેવો.

૨૨–કાકડીઆ શુઅરના લાલ ફુલનું સરબત પીવું.

૨૩–પીપળાની કુંપળો, કુમળા પાન મધ સાથ ખાવા.

૨૪–સમુદ્રફળને નગોડના રસમાં ૯) દીન બીનાવે, છાયામાં સુકવે તે ચુરણ ૨) વાલ ખાય.

૨૫–સરપંખાનુ મૂળ છાસમાં ઘસી પીએ (આ છોડમાંથી ગળીનો રંગ બને છે.)

૨૬–તાડની જટા (સુકાં કુલો) માંથી ખાર કાઢે તે ગોળ સાથ ખાએ.

૨૭–કોઠીની ખાખ, લીંબુના રસ સાથ ખાએ.

બળગમ છુટો પડે

ચેવલી પાનમાં જવખાર ૨) વાલ, લવંગ ૩) મુકી આદુના રસમાં છુંદી પાય તો ૬) માસનો બળગમ જાય.

ફેફસું ફુલે.

૧–ફેફસું ફુલેલું હોય અને ઝાહાડા આવવાંનું દરદ હોય તો પમારીઆ પીસીને પીવાડે તો દરદ જાય.

ફોડાં શરીરે—ધાહડા.

સરપંખાની રાખ દાબવાથી ઘાહડાં રૂઝે

બફારો—ગરમી–શરીરે ઉકળાટ.

બફારો ઓછો થાય—તાપના દીવસમાં તડકે ગરમ કરેલા પાહણીથી નાહવું.

બરફની માફક તરબુજ પીવામાં તેમજ લગાડવામાં કામ આવે. માથે તાવ ન ચઢવા દેવા માટે કાળી મટોડીને પાણીમાં

ભીંજવી તેને લુગડાં ઉપર મુકી તે લુગડું માથા ઉપર મુકવામાં આવે તો તેનાથી ભેજાને ઠંડક રહે, અને આ ઠંડક આખા શરીરે પસરે નહીં.

ઠંડક માટે બીજો ઇલાજ—જુનાં મકાનની દીવાલનું ખારૂં બારીક ભુકો કરી કાળી મટોડીની માફકજ વપરાય છે. કાળી મટોડના જેવોજ તેમાં ગુણછે.

અંધેજ—પુરૂષાટણ—મરદને શકતી—ધાતુ પુષ્ટી વિર્ય વધે.

૧–અંધેજની ગોળી—જાયફળ ૧ (પોણા તોલાથી ઓછું નહીં હોવું. જોઇએ) તેને કોતરી તેમાં વાવ ૮ અફીણ ભરે. ગાબડું બંધ કરી ઘઉંના આટાનો ગલેફ કરે, ભાતના છાલાના એક ઢગલામાં જાયફળ વચમાં મુકે, તે ઉપર ૪ સુતરના દોરા મુકી તેના આર છેડા સળગાવે, છાલા થંડા પડે ને જાયફળ વાટીને ૪ ભાગ કરે. ૧ ભાગ પાકા પાનમાં મુકી ચાવી ખાય. ઉપરથી ૧ શેર દુધ પીએ.

૨–અંધેજ રહે, પાણી પડે નહીં–ભુજેલા ફોલેલા ચણા, ખાંડ સાથે ખાય તો હમેલવાળી સ્ત્રીને ધાત ન જાય અથવા પાણી પડતું બંધ થાએ.

૩–અધેજની ગોળી–શહતીની ગોળી–સાંકર. ચીનાઈ કપુર લવંગ જાયફળ, જાવંત્રી, અકલગરો, અફીણ, ભાંગના બીજ સંભાગે લઇ મધમાં અંકક વાલની ગોળી બનાવે. ૧) ગોળી ખાઇ ઉપરથી દુધ પીએ.

જુઓ "પુરૂષાટન," "મરદને શકતી" "ધાતુ પુષ્ટી" "વિર્ય વધે"

બગલ વાસ મારે

૧–બગલ વાસ મારતી હોય તો બોડાસીંગ પાણીમાં ગસી લગાડે તો વાસ બંધ થાય.

બળગમ દુર થાય, કફ, મટે.

બળગમ ૬ માસમાં દુર થાય—લવંગ નંગ ૩, જવખાર વાલ ૨) આદુના રસમાં વાટી પાન સાથે ખાવું.

કફ ગળાંનો છુટો પડે—બદામ ગરમ કરી નંગ ૧૫ સહવારે ખાએ. જુઓ "કફ" "ખાંસી"

બળી જવું.

બળી ગયલા અથવા પાકપર ચડેલા શરીરના કોઈ બી ભાગ સાફ કરવા માટે ચણાનો લોટ દુધમાં મેળવી લગાડવો અને પાણીથી ધોઇ નાંખી ઘીનો મલમ લગડવો જુવો "દાઝવું"

બરોળ—કલેજાંના દરદ—કમળો—પ્લીહ—યકૃત

૧—બરોળ તથા ખાંસી—કોરીને લીંબુના રસમાં તથા ચોખાની કાંજીમાં ભીંજવી રાખવાથી ચોખી થાય છે. કાદવના વાસણમાં પેક કરીને એને પકવે છે. પછી લીબુના રસમાં બોળે છે. એ મુજબ સાત વાર પકવે અને ૭ વાર લીંબુના રસમાં બોળે. બરોળ, હાંફણ, ખાંસી ઉપર કોડીની આ ખાખ વાપરે છે.

૨—બરોળની ગાંઠ મટે—ઇંદરાયણના ફળમાં લાહોરી મીઠું ભરી તેના ઉપર ઘંઉના લોટનું પડ ચડાવી ચુલામાં બાફવું. ફળને બાળવું નહીં. તે ફળને નીમખ સુદ્ધાં વાટી ભુકો કરવો. તેમાંથી ૦। થી ૦॥ તોલો પાણી સાથે રોજ સહવારે ખાવું.

૩—બરોળ માટે તાડના ઝાડની રાખમાંથી ખાર બનાવી તે ૨) વાલ ખાવામાં આપે.

૪—બરોળ માટે—જવખાર, સાજીખાર, સંચર સંભાગે મેળવી ૦।થી ૦॥ તોલો ખાવામાં લેવું.

૫—બરોસ મટે—થુવરના ડીડવાંનો રસ સાકર સાથ ગરમ કરી પાવો.

૬—બારોળ માટે—ડાબી બાજુએ પેટ પર દાણાની માફક સોજો જણાય અને બરોળ ફુલે તે ઉપર ચુનો અને મધ સભાગે મેળવી રોજ લગાડે ઉપર રૂ દબાવે અને કુમારનો રસ અને હળદર સંભાગે મેળવી તેમાંથી ૧ તોલો. બે વાર ખાવી.

૭—૫.રોળ પીગળી જાય—આસન ૧ તોલો, જવ ખાર, સંચળ. સીંધવ, આંબાહળદ દરેક બબે તોલા. આ ચીજોને નાળીએરને કાણું પાડી તેમાં ભરવું. તે નાળીએરને પાછું બંધ કરી બાળવું. ઉપરની કાચલી બળી રહે ત્યારે નાળીએર વસાના સાથ છુંદી એક રસ કરવું. તેમાંથી તોલો એક રોજ ખાવું. દવા ખાવાની ૩) દીવસ આગળ નસોતરનો જુલાબ લેવો. મેથીની ભાજી, વેંગણાંનું ભરત, ચોખા, જુવાર, એટલી ચીજ ખાવો, ચીકાસ ખાવો નહીં.

૮—બરોળ માટે મરી અને ટંકણખારનું સેવન કરવું.

૯—કમળા માટે મરી અને કરીઆતું રોજ ૩ વાર વાપરવું.

૧૦—બરોળ માટે સરપંખાનું ચુરણ ॥ તો. રોજ ખાવું.

૧૧—બરોળ માટે—રાઇ તોલા ૩ અને ખસી કરેલા બળદનું મતર એક શેર મેલવવું. તેમાંથી એક તોલો રોજ પીવું.

૧૨—બરોળ તથા લોહીની ગાંઠ મટે—રોહેડો ૦। તો. મધ સાથે રોજ ૩) વાર ખાય. ઉપાય બીજો—ગાંઠ પર મધ ચોપડી તે ઉપર ચુનાની ફાંક છાંટે અને રૂ દબાવે. ત્રીજો ઉપાય—કુમાર અને હળદર સંભાગે એક તોલો રોજ એક વાર ખાય.

૧૪—બરોડ માટે—મરજાતના મુળનો ભુકો ભારોભાર ખાંડમાં મેળવીને તેમાંથી તોલો ૧ સવારે પાણી સાથે ૭ દીવસ ખાવો.

૧૫—બરોળ તથા કલેજાનાં દરદો માટે—હરડે ૬ ભાગ, જવખાર ૫ ભાગ. પીપળ ૪ ભાગ એની ફાકી બનાવી ૦॥ તોલો રોજ બે વાર ખાધા પછી ખાવી.

૧૬—બ્લીહ—બરોડ માટે—હળદર ભુકો ૦॥ તોલો અને કુમારનો રસ ૪ તોલા મેળવી દીનમાં બે વાર પીવો.

૧૭—બરોડ માટે—ફટકી ૧, જવખાર ૨, નવસાર ૨, સુરોખાર ૪, સીંધવ ૧ ભાગ, આ પ્રમાણમાં મેળવીને એનો ભુકો બનાવવો. ૧ થી ૩ વાલ ભુકો પાણી સાથે પીવો. બરોળ માટે જાણીતા દેશી ઉપાય છે. ખાર મોટા પ્રમાણમાં ચાલુ ખાવાથી વિર્ય નબળું થાય.

૧૮—બરોળ, પેટમાં ગોળો, પેટનો આફરો સારો થાય—સંચોરો સંચળ જવખાર, ટંકણખાર, ફુલવેલો સરખે ભાગે લેવો, તેને કુંમારના રસ સાથે મેળવીને ચીનીબોર જેવડી ગોળી બનાવી ૧ અથવા ૨ ગોળી રોજ પાણી સાથ ગળવી. ખાવામાં ગોસ અને રોટલી લેવી.

૧૯—બરોડ—સુકાં અંજીર શેર ૧, સરકો શેર ૦॥ મેળવી તેમાંથી દરરોજ સહવારે ૪ અંજીર ખાવાં. સરકો ખાવામાં લેવો, આથી બરોળ સારી થાય છે.

૨૦—સરકામાં ભીંજવેલા અંજીરનો લેપ બરોળપર બાંધે અને ચંદરૂસ માસો ૧ સરકા સાથે ચટાડે તો બરોળ સારી થાય.

૨૧—બરોળ માટે નીચલા ઉપાયો છે—બલીસ્ટર મુકીને, દોરાનું પોત મુકીને, ગોળીનું પોટ મુકીને, દાહામ મુકીને ચાર મહીના સુધી આ દરદના ભાગને ઝરવા દેવું.

૨૨=ચેવલી પાન સાથે ફુલવેલો ટંકનખાર ખવાડે તો બરોળ સારી થાય.

૨૩=બરોળ ડાબી બાજુના પાંસળાં નીચે હોય છે, તે માટે કનેરના જડની છાલ વાલ બે રોજ સાથે ખાવી અને સરકા સાથે વાટી બરોળપર ચોપડવી. આ જડ ઝહેરી છે. (હકીમ નીલાનુસ કહે છે જે બારોળ માટે એના જેવા બીજો કોઇ ઉપાય નથી.)

૨૪=લીવર (યકત) દુખાવા માટે મુળાનો રસ તોલા ૨।। દીવસમાં ૩ વાર પીવો અને બહાર દરદવાળી ચામડી ઉપર મસળવો. બરોળ માટે મેથી ખાવામાં ફાયદો છે.

જવના ઝાડનાં લાગડાં પ્યાલામાં જમવું અને પાણી પીવું તે બરોળને ફાયદો કરે છે.

૨૫—બરોળની ગોળી—જવખાર, ખડીઓખાર, નવસાર, એળીઓ રેવનચીનો સોરો, હીરાકસી સંભાગે કુમારના પાનનાં રસમાં ૪ પહોર (૧૨ કલાક) મસળીને ચણા જેટલી ગોળી કરવી, તેમાની ગોળી ૨ રોજ વરીયાળીના પાણીમાં ગળવી.

(આ વસાણા વધુ વખત મસળાય તો ગુણ વધે છે.)

૨૬=મરજાતના મુળ—છાયામાં સુકવી બારીક કરી બારોબાર ખાંડ મેળવી ૧ તોલો સહવારે પાણી સાથે મેળવી દીન સાત પીવાથી બરોળ મટે છે.

૨૭=બરોળ મટે—નવસાર બેઆની ભાર પાણીમાં મેળવી રોજ બે વાર પીવો પાકા પપાઉન ખાવામાં ઘણો ફાયદો છે.

૨૮=કમળા માટે સસતો અને સેહેલો ઇલાજ: પાનમાં ખાવાનો ચુનો ૧) થી ૩] વાલ સુધી માખણ સાથ રોજ બે વાર ૬) દીવસ સુધી ચાટવો જુઓ "કલેજાંના દરદ" કમળો.

અદહજમી-પેટનો દુખાવો-પેટનો-પવન-અજીરણ ભુખ લાગે

૧—ચતુરૌસન એટલે સુંઠ, મરી, પીપર પીપરીમુળનું સંભાગે ચુરણ—અદહજમી, સળેખમ પેટનો દુખાવો અને પેટના પવનને માટે ની તો ખવાય છે.

૨=ત્રીકટૂ એટલે સુંઠ, મરી, પીપર ઉપલાં દરદ માટે વપરાય છે.

૩=અદહજમી—ખાધેલું કાચું ઝાડા વાટે નીકળી પડે } તે માટે વરીઆળી. એલચી સાત કચરો દરેક ૧) તોલો તેમાં ૫) તોલા સાકર મેળવી ૦ાા તોલો ખાય અને ચુરણ ઉપરની વાસી પાણી પીએ.

૪—વરીઆળી પાક બનાવવાની રીત—સુનામખી જીનીહરડે, ગુલાબના ફુલ દરેક ૬ તોલા નીસોતર ૧) તો. (એમાં જુલાબ લાવવનો ગુણ છે માટેખપે એટલો લેવો) વરીઆળી. કાળી દરાખ દરેક ૬) તો. એને ઘીમાં તળે અને શાકરના સીરામાં પાક બનાવેલી રાત્રે સુતી વેળા ખપે એટલો ખાય.

૫=અંધકોશ માટે—સિંધવ અને લીંબુના રસમાં આંથેલી સુંઠની ફાંકી ૦ાા તો. રોજ બેવાર ખાધા પછી લેવી.

જુઓ "પેટનો દુખાવો" પેટનો પવન.

બાલ કાળા થાય.

૧—બાલ કાળા અને તેજસ્વી બને=તળેલા આમળા ૮ ભાગ કોપરું ગોવાઈ સુંકું ૪ ભાગ, કપુરકાચલી, કચોરો, સુંગંધીવાળો. મોથ, અગર, તગર, સુખડ, ગૂલાબ કળી એકેક તોલા એ બધાને પાણીમાં મેળવીને બાલ ઉપર લગાડે.

૨—બાલ સફેદ થતા અટકે, બાળ કાળા ભમર જેવા થાએ—નાહતી વેલા દર વખતે આમળાનું ચુરણબાલ પર ઘસવું.

૩=સફેત બાલ કાળા થાય—બાવલની કુમળી પાલી અને કુમલાં પાનનું ચુરણ અને અજમો સંભાગે ચુરણ કરી ૦ાા તોલો ચુરણનું સેવન કરે

૪—બાલ કાળા થાય—ખાખરાના જડની રાખ ૧૦ તોલા, છીપ બાલીને ચુણો કરેલી તે ૨ાા તોલા, એ ચીજોને લોખંડના

વાસણમાં મુકી, સીસાના બટાથી ઘુટે. ભાંગરાનો રસ નાખે અને ઘુટે. બે દીવસ સુધી ઘુંટીઆ કરે. પછી તે બાલને લગાડે તો સંફદ બાલ કાળા થાય.

૫—બાલ કાળા થાય—સાપની કાંચલીનું તલ બાલે લગાડે તો બાલ કાળા થાય છે.

૬—બાલ કાળા થાય—નગોડના પાતરાંની ચટણી શેર ૧. મધ શેર ૧, ઘી શેર ૧, લોઢાના વાસણમાં મેળવી ઉપર લોઢાનું ઢાંકણુ ઢાંકી ૪૦ દીવસ અનાજની કોઠીમાં રાખી તેમાંથી ૧ આંગલી દીન ૩ ચાટે તો બાલ કાળા થાય. ભાંગરો ખાવાથી બાલ કાળા થાય છે, ભાંગરાના રસ સાથે સુનામખી ૧ મહીનો ખાવાથી બાલ કાળા થાય છે અને કાળા રહે છે.

ફુલ સાથના ભાંગરાને સંફદ ભાંગરો કહે છે. ફુળ સાથના ભાંગરાને કાળો ભાગરો કહે છે.

૭=૮—ભાંગરાનું તલ બનાવવાનીરીત—ભાંગરાનો રસ ૧૫ તોલા મંડુલ ૧) તો. ત્રીફળ ૧) તો. ઉપલરી ૧) તો. તલ ચાર તોલા આ વજનથી લઇને લોખંડના વાસણમાં ઉકાળવું. પાણી બળી જાય ત્યારે ગાળી લેવું.

બાલ વધારવા અને બાલ કાળા કરવા માટે ભાંગરાનું તેલ વાપરવું.

૯—બાલ કાળા થાએ—ભાંગરો, હરડાં બેહેડાં આંબળા, કાળાં મરી, લોખડના કાટ એ સરવેને સંભાગે સેરડીના રસમાં ૧ માસ મેળવી બાલને લગાડે.

૧૦—બાલ કાળા તરત થાય—૩) ભાગ આંબળાં ૨) ભાગ બેહેડાં, ૧) ભાગ હરડે, ૫) ભાગ આંબાની ગોટલી, ૧) ભાગ લોઢાનો કાટ એ સઘળાની પાણી સાથ ચટણી કરી લોઢાના વાસણમાં આખી રાત રહેવા દો અને સહવારે તેનો લેપ કરવો અથવા દીવસે ભીંજવી રાખી રાતરે લેપ કરી સહવારે બાલ ધોઇ નાખવા.

૧૧—બાલ કાળા થાય—સાપનું ડોકું કાપી નાખવું. એક હાલ્લામાં ઘઉં શેર ૧૦ ભરી તેમાં ડોકા વગરનો સાપ મુકે તેની ઉપર ઘોડાની લીંડ મુકી ૪૦ દીવસ જમીનમાં દાટ, પછી ઘઉં મરઘીને ખવાડે તે મરઘીના સંફદ પીછાં કાળાં થઇ જાય; તે મરઘી હલાલ કરી તેના માઉંસને છુદી, સુકવીને તેનુ ચુરણુ બનાવી તેની ગોળી બોર જેવી બનાવી માણુમ રોજ ખાય તો બાલ કાળાથાય અને જુવાન દેખાય.

૧૨—બાલ કાળા થાય—ત્રીફળ (હરડા બેહરાં આમળાં) ગળીના પાન લોઢાનો ભુકો, ભાગરાના રસમાં ઘુંટી ગધેડીના મુતરમાં મેળવી બાલ ઉપર લેપ કરવો.

ભાંગરાનો રસ, લોઢાનો કાટ, હરડાં બેહરાં આમળાં, ઉપલ સારીના મુલ (સારીવા) (એ સારીવાને બદલે સારસાના મુલ ચાલે) સરખે ભાગે લેવું. ધીમી આંચે ઉકાળવું આ લેપ લગાડવાથી બાલ કાળા મજબુત થાય છે.

૧૩—હરડાં, બેહેરાં, આમળા. દાડમની છાલ, કાળો ભાંગરો, સીસાંની રાખ, દરાખની જડ, લોખંડનો કાટ, સરખે વજને લેવા. તેને ભાંગરાના રસમાં ૩) વાર પત આપવો. તેને લોઢાંના વાસણમાં મુકી ઉપરથી ભાંગરાનો રસ નાખે, રસમાં મસાળો ડુબે. અને રસ બે આંગળ ઉપર રહે તેટલો ભાંગરાનો રસ નાખે. આ વાસણને ઘોડાની લીડમાં ૪૦) દીન બંધ રાખે. આ કલપ બાલને મસળે તો ૬) માસ સુધી બાલ કાળો રહે.

૧૪—બાલ કાળા થાય—સીંદુર, સાબુ, ચુનો સંભાગે લઈ પાણીમાં ઘુંટી બાલને લગાડે, અને ઉપર નાગરવેલનું પાન બાંધે તો બે કલાકમાં બાલ કાળા થાય.

૧૫—બાલ વધે, બાલ કાળા થાય—લીંબોડીનું તેલ એક માસ બાલને લગાડે અને નાખે સુંઘે.

૧૬—બાલ કાળા થાય—સુનામખી ભાંગરાના રસ સાથે સેવન કરે.

૧૭—બાલ કાળા થાય—વેંગણું લીલું, જમાલગોટો, બીલામો સંભાગે ઘુંટીને તેની લેપડી કરે. લીમડાના ઝાડને કાંણું પાડી અંદર તે લેપડી મુકે અને તે કાણું, ગાબડું મારી પુરી લીએ. ઉપર છાણ કાદવ લગાડે. ઝાડ ઉપર ફુલ આવશે તે કાળા રંગના આવશે તે પાન સાથે ખાવાથી બાલ કાળા થાય છે. બકરાને એ ફુલ ખવાડે તો સફેદ બકરૂં કાળું થઈ જાય છે, ઝાડનાં ફુલ કાળાં ન થાય તો આ ઇલાજ વરસમાં બે વાર કરવો.

૧૮—બાલ કાળા થાય—ટાલક પર બાલ આવે—જટામાસી માથા પર લગાડે

૧૯—બાલ કાળા થાય—જાયફળના તેલમાં બાલ કાળા કરવાનો ગુણ છે. જો બાલ ભુરા કરવા હોય તો અરધું તેલ અને અરધું પાણી મેલવવું અને બાલમાં મસળવું.

૨૦—બાલ કાળા થાય—ઇંદ્રવાએણાના બીનું તેલ બાલ ઉપર ઘણા દીવસ લગાડે તો બાલ કાળા થાય.

૨૧—બાલ સફેદ થતા અટકે, બાલ કાળા ભમર જેવા થાય—નાહતી વેળા દર વખતે આમળાનું ચુરણ બાલપર ઘસવું.

બચપણમાં સફેદ થયલા બાલ કાળા થાય—હરડે ૧) ભાગ બેહેરાં ૧) ભાગ આમળા ૩) ભાગ કાચી કેરીની ગોટલી ૩) ભાગ લોખંડની ભસ્મ ૧) ભાગ પાણીમાં વાટીને લોખંડની કઢાઇમાં ૧) રાત રાખી આ પછી લેપ લગાડે. અથવા હરડે ભાગ ૧), આમળા ભાગ ૩), કાચી કેરીની ગોટલી ભાગ ૩), એઓને પાણી સાથ મેળવી લોખંડની ખળમાં ઘુંટવું, પાણી સુકાયને બીજું પાણી નાંખી, રોજ ઘુંટવું અથવા હલાવવું. આ મુજબ ૧૦) દીવસ કર્યા કરવું. વસાણાની દુનીઠ એરસીડ ખળના લોખંડ સાથ મળીને કાળા ભમર જેવા લેપ થશે, તેને તલના તેલમાં મેળવી ચપુમાં ભરી રાખવા, સુકાય નહીં એટલું તેલ નાંખવું. આ તેલ લગાડવાથી સફેદ બાલ તરત કાળા થાય. ઘણા દીવસ ચાલુ રાખે તો બાલના કુદરતી રંગ ફેરવાઇ જાય.

૨૨—બાલ કાળા થાય—જાંબુના ઠળીઆ છાયામાં સુકવે, તેને ખાંડી બુડતાં તેલમાં મેળવી સાત દીન જમીનમાં દાટી રાખે તેલ ગાળીને બાલને લગાડે ૭ દીવસ પછી દાટેલા જાંબુને ગરમ કરીને ગારી લઇએ.

૨૩—બાલ સફેદ થતા અટકે—ઘઉંના કોમળા છોડના કુણીયાંની લેપડી રાત્રે સુતી વેળા બાલપર મુકે તો બાલ કાળા થાય ૩ દીવસ લેપડી મુકે.

૨૪-બાલ કાળા થાય—ઘઉંના છોડના પાનની પોટીસ બે રેલા બાલવાળી જગાપર આખી રાત બાંધી રાખે. ૩ દીવસ આ મુજબ કરે તો નવા નીકળતા બાલ કાલા આવે. મોટા બાલ હોય તે આ ઇલાજથી કાળા થાય નહીં. ૩ મહીને આ ઇલાજ ફરી કરવો પડે છે.

૨૫-સફેદ બાલ કાળા થાય—ભીલામાના રસમાં મેથીને સાત પટ આપે, તે મેથી જમીનમાં રોપી તેની ભાજી ખાવામા લે તો બાળ હમેશ કાળા રહે. સફેદ વાલના બકરાને એ ભાજી ખવાડે તો તેના બાલ કાળા થાય.

૨૬—ભીલામાના કટકા કરી જમીનમાં મેળવે તેમાં પાણી સીંચે ચાર દીવસ પછી તે જમીનમાં મેથી રોપે. તે ભાજી ખાનારના સફેદ બાલ કાળા થાય.

૨૭—બાલ સફેત થતા અટકે—ગળવેલનું ચુરણ ૧૦૦ ભાગ, ઘી વીસ ભાગ, મધ ૧૬ ભાગ ગરમ કરી ૦॥ થી ૧ તો. રોજ સહવારે ખાવો. એનો પાક બની શકે.

૨૮—બાલ હંમેશ માટે કાળા થાય—કાળા ફુલના જળ ભાંગરાના બી ૦। તોલો રોજ ખાવામાં લીએ; અને તેનું સેવન લાંબો વખત કરે.

૨૯—બાલ કાળા કરવાનો ઇલાજ—માયાં ૧ તોલો, હરડે પીળી ૧ તોલો, ફટકી તોલા બે, દાડમડીના પાકટ પાન તોલા પાંચ આ ચુરણને ૭ તોલા લીંબુના રસમાં ખરળ કરવું, લોખંડના દાબડામાં પેક કરી જમીનમાં દાટવું, રોજ ઉપર પાણી નાખવું, અને તે જગા ભીની રાખવી. પછી તે માવાને લોખંડની ખળમાં પીસવું. ૭ તોલા મીઠા તેલમાં મેળવી લોખંડની કઢાઇમા ઉકાળી પાણી બાળવું તે તેલ રોજ બાલે ભરવું.

આ ચુરણને લોખંડની ખળમાં મુકી ઘુંટે, તેમાં પાણી નાંખે બીજે દીવસે પાણી સુકાઇ જાય ત્યારે ફરી પાણી નાંખીને ઘુંટે, આ મુજબ પાંચ દીવસ કરે તો જમીનમાં દાટવાની જરૂર રહે નહીં.

૩૦—બાલ કાળા કરવા માટે ભાંગરાનું તેલ નીચે મુજબ બનાવી લગાડે.

લોઢાંનો ભુકો, હરડે, આમળાં, બેહેડાં, કપુરી મધુરી એના ચુરણની ચટણી પાણી સાથ બનાવે. આ ચટણીથી ૪ ધણું તલનું તેલ અને ૧૬ ધણો ભાંગરાનો રસ મેળવી ઉકાળી તેલ બનાવવું.

સફેદ બાલ કાળા થાય.

૧ લોઢાંનો જર (કાટ) ભાંગરાનો રસ, ગળી, સંભાગે મેળવી ગૌમુતરમાં ૭) દીન ભીંજવી રાખે; તેનો લેપ બાલને લગાડે ૧) પહોર પછી ધોઇ નાંખે.

૨ હરડાં, બેહેરાં, આમળા દરેક ૫) તોલા, જુનું કાટ ખાધેલું લોહડું ૫) તો. એને લોઢાની કઢાઇમાં ૨) દીવસ પાણીમાં ભીંજવી રાખવું. ૪૦) તો. ધુપરેલ, અથવા કોપરેલ, નાખી ઉકાળી તેલ બનાવી રોજ બાલે લગાડવું. બાલ સફેદ દેખાવા લાગે કે આ તેલ રોજ લગાડવું. કાળા બાલને જોઇતો ખોરાક શરીર આપી શકતું નથી. તે ખોરાક બાલને આ તેલ મસળવાથી મળે છે. હેરડુસ અને વાર્કટ આઇલવાળાં હેર ઓઇલ ખુશબોદાર હોવાથી નાકને પસંદ આવે છે; પણ તેઓ બાલનો કાળાશ કમી કરે છે તે ચોકસ જાણવું.

૩ જાયફળનું અથવા ઇંદ્રાણાનું તેલ રોજ જાથુક વાપરવું.

૪ કલપ—અમલસારો ગંધક અને ફટકી એકેક તો. કાસ્ટીક (રૂપાની બનાવત) દશ આની ભાર, ગુલાબજળ ૧૦) તો. દરેક

ચીજને જુદી જુદી ગુલાબજળમાં પીગળાવે, સઘળી સાથે મેળવે, અને પીછી વળી લગાડે.

૫ કલપ—પારો ૧) તો. ગંધક ૩) તોલા, કાસ્ટીક ૧) તો. ગુલાબજળ ૧૬ તો. પારો અને ગંધક સાથે પીસવું. તે મળી જાય તે ગુલાબજળમાં પીગળાવેલી કાસ્ટીક, ધીમે ધીમે મેળવી કલપ બનાવવો.

૬ સિંદુર અને ચુનો પાણીમાં મેળવી લગાડે.

૭ કલપ લગાડતાં પેહેલાં આમળાના પાણીથી બાલ ધોવા, ખાસ જરૂરનું છે. કલપ લગાડીઆ પછી અથવા રોજ બાલને આમળાનું તેલ લગાડવું.

૮ કલપ—માયાં ૧૦) તો. નવસાર ૬ માસા, ફટકડી ૬) માસા, બોદારસીંગ ૪) માસા, કાળી હરડેની છાલ ૮) માસા, સંગ સિખ ૨) માસા, મોરથુથુ કાસુ ૩) માસા, આમળા ૧) તો. ૧) હરીદાની છાલ, હીરાકસી ૧) માસો, તાંબાનો ચુરો (ભુકો) ૨ તો.

માયાને તેલનો હાથ લગાડી ગરમ કરવાં. આ સઘળી ચીજોને ૧) શેર પાણીમાં વાટી લોખંડના વાસણમાં મુકી ૭) દીન જમીનમાં દાટવું. પછી તેને ઉકાળી ગાળવું તેમાં ૧) શેર તેલ નાખી પાણીને બાળવું, આ તેલ વાપરવું.

૯ કલપ—ખડી, કળી ચુનો, બોડારસીંગ, સંભાગે ચુરણ કરી આમળાના અથવા કુવાના પાણીમાં મેળવવું. (લાહી જેવું બનાવવું) પાણીથી ધોયલા બાલને લગાડવું. ચેવલી પાન ઉપર બાંધવું.

૧૦ સેકેલાં માયાં ૨) સંગસિખ ૩) તો. નવસાર ૩) માસા, એનું ચુરણ આમળાના પાણી સાથ, લોખંડના વાસણમાં ખુબ ઘસવું. બાલને લગાડવું, સુકાયા પછી ફરી બે વાર લગાડવું, એટલે રંગ પાકો થાએ.

૧૧ જાંબુ ૧) શેર છુંદી, તેલમાં તર કરી જમીનમાં ૭) દીન દાટે, તે તેલ વાલને લગાડે.

૧૨ સિંદુર, સાબુ, અને ચુનો, સંભાગે પાણી સાથ મેળવી બાલને લગાડે.

૧૩ મેથીને બીલામાના રસમાં ૭) વાર પટ આપે. તેની ભાજી બનાવી ખાનારના સફેદ બાલ કાળા થાય.

આમળાનું તેલ લગાડીઆ કરવું. આમળા ૧) શેર, પાણી ૪) શેર ઉકાળી ૧) શેર પાણી રાખવું. તેમાં ૧) શેર તેલ અથવા કોપરેલ મેળવી ધીરે ધીરે પાણી બાલવું. અને તેલ ગાળી લેવું.

બાલ વધે—બાલ ખરતા અટકે—બાલ પાછા ઉગે.

૧=બાળ વધે અને સુંવાળા થાય—કસુંમબાના બી અને બાસની રાખ તેલમાં મેળવી વાલના મુળમાં લગાડવી.

૨=બાળ વધે—કલોંજીને પાણીમાં વાટીને સાત દીન માથે ચોળે તો બાલ વધે.

૩=બાલને પુષ્ટી આપે—તલના પાતરાંનો ઉકાળો બાલને ચોપડે તો બાલ વધે અને કાળા થાય.

૪=બાલ વધારવા તથા બાલ ખરતા અટકાવવા માટે—કોપરેલ તેલ ઘણું સારૂં છે પણ તે જલદી ખોરૂં થઈ જાય છે તેથી વાપરવાની સગવડ પડતી નથી, આ કોપરેલમાં સુગંધી તેલ નાંખી હેર ઓઇલ બનાવે અને રોજ વાપડે.

૫=બાલ વધે, બાલ નવા આવે—બાલ ઉપર ટરપેનટાઇન મસળે અને ટાળક ઉપર ઘસડે તો લોહીનું ફરવું થાય. અને બાલની વૃદ્ધિ થાય

૬=માથાના ટાળક ઉપર બાળ વધારવા માટે ધંતુરાના પાંદડાનો રસ વેસેલાઇન સાથે મેળવી ખુબ મસળવું.

ધંતુરાની બે જાત છે, સફેદ દાંડીનો અને બીજો કાળી દાંડીનો કાળી દાંડીવાળામાં દવાનો ગુણ વધારે છે.

૭=વાળ ખરતા અટકે, વાળ ટાળકપર ઉગે—ગુંજાદી તેલ લગાવાથી ખરતા બાલ અટકે તથા ટાળકપર બાલ ઉગે તે તેલ નીચે મુજબ બને છે—

ભાંગરાનો રસ ૧ શેર, લાલ ચણોટીનો ભુકો ૨॥ તોલો, તેલ ૧૦ તોલા પાણી બળે ત્યાં સુધી ઉકાળવું, અને તેલ બાલને ચોપડવું.

૮=બાલ પાછા આવે—ચણોઠીના મુળ અને ફુલ વાટી લેપ કરવો તે ટાળકપર મુકવાથી બાલ પાછા ઉગે છે.

૯—ટાળકપર વાળ ઉગે,—કરંજાદી તેલ—જાઇના પાતરાં, કરંજની છાલ, ચીત્રકના મુળ, કનેરના મુળ, સંભાગે ખુંદી પાણી નાંખી કલ્પ (લોંદો) કરવો, ચાર ઘણું તેલ મેળવવું, પાણી બાળી તેલ ટાળકપર લગાડે તો વાળ પાછા ઉગે.

૧૦=માથાના બાલ કવખતે સફેદ થાય તે અટકાવવા માટે જાયફળનું તેલ પાણી સાથ મેળવીને અથવા નરૂં તેલ બાલને લગાડવું.

૧૧—બાલ નરમ અને મોટા થાય—નાહતી વેળા કાલા તલના પાતરાં માથે ચોળવાં.

૧૨–બાલનો વધારો—જેઠીમધનું તેલ વાપરવાથી વાળ વધે.

૧૩–માથાના ટાળકપર બાલ આવે—ચણોઠી, રસવંતી, હાથી-દાંતની રાખ, પાણી સાથે મેળવી માથે લગાડે તો ઘણો ફાયદો થાય.

૧૪–બાલ વધે—કારેલીનું મુળ પાણીમાં ઘસી માથે લગાડવાથી બાલ વધે છે.

૧૫–બાલ વધે—મેથીને પાણીમાં વાટી બાલપર લગાડે.

૧૬=બાલ ખરતા અટકે—કાળી (પથરચટી) પરેસીઆવસાનની રાખ ખરતા બાલના મુળમાં ખુબ મસળવી.

૧૭=બાલ મધે, ટાળકપર બાલ આવે—જાસુદીના ફુલને સફેદ ગાયના મુતરમાં વાટી લેપડી મુકે અથવા માથે મસળે.

૧૮=દાઢી અને મુછના બાલ પાછા આવે—જેઠીમધ અને લીલાં આમળાં દરેક ૦। શેર, તલનું તેલ ૧ સેર, દુધ ૧ શેરને ઉકાળવું માવા જેવું થાય ને એક શેર પાણી નાખી ફરી ઉકાળવું. પાણી બળે ને તેલ ગારી લેવું, તે તેલ બાલે લગાડવું.

૧૯=બાલ વધે—માથાપર ટાળક પડયું હોય તે ઉપર સોનાનો કટકો ઘસે અને પછી ચણોઠીના મુળનો ભુકો ૧ તો. અને ભોંયરીંગણીના ડીંટવાનો રસ બે તોલા મેળવી ચટણી બનાવી ટાળકપર મુકે.

૨૦=બાલ ચીતારા હોય બાલ ખરતા હોય તે માટે–૦। સેર આમળાને ૧) શેર પાણીમાં ૩) દીવસ ભીજવી રાખવા, તેમાં ૦॥ સેર ઘી નાખી, ઉકાળી પાણી બાળી નાંખવું. ઘી ગાળીને માથે ચોળવું.

બાલ મોટા કરવા હોય તો–આમળાનું તેલ બનાવી બાલપર લગાડવું

૨૧=બાલ વધે–ગરમ દવા ખાવાથી માથે ટાળક પડે તે માટે ગોખરૂ, તલના ઝાડના ફળ, મધ, ઘી, સંભાગે મેળવી લેપડી કરી ટાળકપર રાખે–ટાળકને તુવાલથી ઘસે અથવા સેક કરે અથવા કાંદો મસળે અને ત્યાં લોહી ફરતું કરે.

૨૨–ટાળક (માથાંપરના બાલ ખરે તે) મેથી વાટીને લેપડી મુકવી.

૨૩–રસવંતી, હાથી દાંતની રાખ, અને ગાડરનુ દુધ સંભાગે મેળવી લેપ કરવો.

૨૪=કડવા પરવળના પાનનો રસ ૩) દીવસ માથાંપર લગાડવો.

૨૫=બાલ વધારવા માટે આંમળાનું તેલ સારૂં છે. લીદ: આમળાનો રસ ૧) શેર (સુકાં આમળા ૦॥ શેરનો ઉકાળો ચાલી શકે) વાળો. મોથ, કપુર કાચલી, ગુલાબના ફુલ, ઘઉંલા, તજ તમાલ

પત્ર, બ્રહ્મી, દરેક તોલો ૧. દમરો તો. ૧૦) આ વસાણું ખાંડી, આમળાના રસ સાથે મેળવી ૫) શેર તેલમાં ઉકાળે અને તેલ બનાવે. આ તેલ રોજ વાપરવાથી વાલ સફેદ થતા અટકે અને મોટા થાય.

૨૬=માથાના બાલ વધે—ખંકાલનું તેલ માથે લગાડીઆ કરે તો બાલ જલદી વધે.

૨૭=બાલ ખરતા અટકે—પરેરીઆવમાની રાખ ખરતા બાલના મુળમાં ... મસળવી.

૨૮=બાલ વધે—બાવચીનું તેલ માથે લગાડે તો બાલ વધે છે, બાવચી કેનકાર દીમનો ગુણ ધરાવે છે.

૨૯—બાલ ન હોય ત્યાં આવે બાલ વધે—તદુકમાખતું, લવંગ, ચીની કપુર દરેક તોલો ૦। તેને તેલ શેર ૦। માં મેળવીને જાડું કરી ચામડી ઉપર લગાડવું.

૩૦—તાળક માટે—મીલામાની છાલનો રસ મધ સાથે મેળવી તાલક પર લગાડે તો વાળ ઉગે.

૩૧—ખરતા બાલ અટકે—તાળક ઉપર કાંદો, મરી, અને મીઠું ઘસવું. તે જગા ઉપર લોહી ફરતું થાય તો બાલ વધવાને ઉત્તેજન મળી શકે.

૩૨—બાલ પાછાં આવે—અકરાંની લીંડીને છાયામાં સુકવી કાઢી હાંલ્લીમાં મુકી તેમાં પાણી નાંખવું. જમીનમાં ખાડો ખોદી તેમાં બીજું મોટું વાસણ મુકવું. તે વાસણમાં લીંડીવાળું વાસણ બરાબર કપડછંડ કરીને મુકવું અને છાણા મુકી સળગાવવું, વાસ નીકળે ત્યારે ધુવો થયેલો જાણવો. વાસણ કાઢી પેલા મસાળ જેવા ધુવામાં ટંકનખાર તોલા ૨. બોડાસીંગ તોલા ૦॥, ઘી તોલા ૨ મેળવીને બાલવાળી જગા ઉપર લગાડે તો બાલ ફરી ઉગે છે.

૩૩—બાલ વધે અને બાલ કાળા થાય—બોરડી ... લીમડાના પાતરાં વાટીને બાલમાં લગાડી ૪ ઘડી પછી નાહવું. ... બોરડીના પાતરાને સરસના ખી સાથે વાટીને માથામાં ઘસી ... પાણીએ નાહાય તો બાલ વધે છે.

૩૪—માથાના તાળક ઉપર બાલ પાછા ... ના પીલા ફુલની અંદર ડીંડવું થાય છે તેને છુદી તેની લેપડી આણી ... બાંધી રાખવી. ઘણા દીવસ મુકવી.

૩૫—બાલ પાછાં આવે—ભોંયરીંગણીનો રસ મધ સાથે મેળવીને માથાપર લગાડે તો બાલ પાછા આવે.

૩૬—બાલ માથાના ખરી પડે ત્યારે માથામાં બદામનું તેલ ઘસવું, એલેરાટ ધડમજુલો હોય ત્યારે બદામનું તેલ ૧ તોલો ખાવા તથા સોડી, દાળ, અથવા ભાત સાથે રોજ ખાવું.

૩૭—બાલ ખરે, નહી—માથાના ખરતા બાલ પર લીંબુ ઘસવું.

૩૮—બાલ ખરી પડે નહી, બાલ પાછા ઉગે—સાપની કાંચળી બાળી ગુલ્ફેતામાં ખરલ કરી લેપ કરવો.

૩૯—બાલ વધે છે—ચીમોડીનું તેલ બાલનો વધારો કરે છે, ખરી ગયેલા બાલ પાછા લાવે છે.

બાલ વધારવા માટે—લીંબુના રસમાં આમળાનો ભુકો મેળવી લગાડવું.

૪૦—બાલ મોટા થાય—કોલનવોટર ૨) આઉંસ, ટીંકચર કેંનડાર ડીસ ૨ દ્રામ. લવનંદર તેલ ૧૦ ટીપાં મેળવી દીવસમાં બે વાર બાલ પર ઘસવું. ચામડી સુજી આવે તો બંધ કરવું. અથવા કોપરાના તેલ ૧ શેર સાથે કપુર ૧ તોલો મેળવી લગાડવું.

૪૧—બાલ વધારવા માટે—ગોખરૂં, તલના ઝાડના ફુલ, મધ, ઘી સરખે ભાગે વાટી, લેપ કરી તાળવામાં લગાડવું. સેવળ ખાધા પછી અને બલીસ્ટર લગાડ્યા પછી ખરી ગયલા બાલ પાછા આવે છે.

બાલ વધે.

ધુપરેલ=ધુપેલું તેલ=ધુપ તેલ, ધુપેલ માથે લગાડે.

બનાવવાની રીત

૪૨—સીસમના છોડાં, ગુલાબની કળી, પડો પાંદડી, રતાંજળી, ધોલું સુખડ, મોથ, વાળો, લુબાન મરી, કચરો, નખલી, ગઉલા, તમાલ પતર, કપુરકાચલી, આંમળા દરેક બે તોલા લઇ અધકચરી કુટી નાખે તેમાં ૧૦) રતલ તેલ નાખી ૧૦) દીવસ પલાળી રાખે પાતાલયંત્રથી તેલ કાઢે (પહેલે ઉકાળી પછી પાતાલ યંત્રમાંથી ગાળે તો વધારે સારો માલ થાય.)

૪૩—ટાલક પર બાલ ઉગે=કાચાં એરંડીઆમાં રાખ વાટી ટાલક પર મુકે.

૪૪—નિપાળો ૧) ભાગ, એરંડીઆના બીજ ૯ ભાગ મેળવી ટાળક પર લગાડે.

૪૫—ઉપદંસ (ગરમી) ને લીધે ટાલક પડે તો પારો ૧) ભાગ એરનડીના બીજ ૯) ભાગ મેળવી લગાડે.

૪૬—અંકોલાના તેલ ફલક પર લગાડે (અંકોલાનું તેલ લઇ તેમાં કોઇના ઝાડનું બી ભીંજવી રાખે પછી જમીનમાં દાટે તો ઝાડ જલદી ઉગે, અને ફળ જલદી આપે. અંકોળાનું તેલ બનાવવાની રીત.

મગજનું ચુરણ કરે, તેને મીઠા તેલનો પત આપી તડકે મુકે. ૧) દીવસમાં તેલ સુકાઇ જાય, આ મુજબ ૫) વખત પત આપે. આ લેપને કાંસાની થાળી ઉપર લગાડવો તે થાળી બીજી મોટી થાળી ઉપર ઉપર ઢાંકી, જેઠ માસના જબરા તાપમાં તડકે મુકે. તો નીચલી થાળીમાં તેલ નીપરાઇને પડે. બીજી રીત; અંકોલાના મગજને પથર પર ઘસે, ઘસેલા ભાગ પર ચણાના લોટનો લેપ કરે તે મગજોને વાડકામાં મુકી તડકે રાખે.

૪૭—ગુલાબના ફુલને પાણીમાં વાટી નાહતી વેળા રોજ લગાડે ૦। કલાક રાખી પછી નાહે.

૪૮—સેમળાના ફુના મુળ, ધોળી મુસળી, કમલ કંદ, સંભાગે ૦ાા. ચુરણ બકરીના દુધ સાથ ખાય.

૪૯—ચણોટીના મળનુ ચુરણ ભોયરીંગણીના રસમાં ટાલકને લગાડે.

૫૦—ચણોટીની બીજ ૫) તો. ભાગરાના રસમાં ૭) પત આપે એલચી, જટામાસી, કપુરકાચલી, ઉપ્લેટ દરેક ૫) તો. ૧૦) શેર પાણી અને ૬૦) તો. તેલ નાખી ઉકાળે તેલ બનાવી લગાડે.

૫૧—આમળાં ને તેલ લગાડી સેકે, ચુરણ બનાવી લીએ. ૮) ભાગ આ ચુરણ કપુરકાચલી ૨) ભાગ, સુકોપરૂ ૨) ભાગ મોથ, સુખડ, વાળો અંકભાગ; આ ચુરણને પાણીમાં ભીંજવે ૦ાા કલાક પછી નાહતી વખતે માથે લગાડે.

૫૨—લીમડાના પાનનો માવો ૨) તો. કોપરેલ ૦। શેર, ધીમી આંચે ગરમ કરી તેલ બનાવી લગાડે. એમાં ૦ાાા તો. ગ્લીસરાઇન નાંખે.

૫૩—કંકાડીના મુળ, અને રાફડાની ધુળ છાસમાં મેળવી લગાડે, ૦। કલાક પછી ધોઇ નાંખે.

૫૪—કરકાનુ મુળ જળમાં ઘસી લગાડે.

૫૫—કાળા તલના ફુલ અથવા પાન વાટીને બાલને લગાડે.

૫૬—ટોપરૂ અને આમળા વાટી બાલને લગાડે.

બાલ ઉગે નહી.

૧—બાલ ન ઉગે—મધેડાનાશીંડા શેર ૨૦ (છાયામાંસુકરેલા) નવી માટની હાંલ્લીમાં મુંકવાં તેમાં પાણી નાખી કપડછંદ કરવુ. વરાળ નીકળે નહી તેમ કરવું. જમીનમાં એક બીજુંમોટું વાસણ દાટી તેમાં શી ઠાલાળુ વાસણ મુકવું. તે ઉપર છાણા મુકી સળગાવવાં. શીંગો વાંસ નીકળે ત્યારે વાસણ ઉચકી લેવું વાસણમાં ચુવો મધાછ જેવો થાય તે જુદો પાડી લેવો પછી ટંકનખાર તોલો ૧॥, શી તોલો ૧॥, બોડાસીંગ તોલો ૧॥, મેળવીને એ મેળવણી ચુવા સાથે એકઠી કરી બાલને લગાડવાથી બાલ ઉગતા નથી. (બાલ ફરી આવે—બકરીની લીંડ બાળીને જો આ ઇલાજ કીધો હોય તો બાળ વધે અને ખડતા અટકે)

૨=બાલ ઉગે નહી—બાલ કાપી નાંખી તે જગા ઉપર નીચલી દવા પાણીમાં મેળવી ૭) દીવસ લગાડે. મનસીલ ০॥ તો. હડતાલ ૨) તો. સંખ ૨) તો. સાજીખાર ૧) ભાગ.

૩=બાલ ઉગે નહી—વીછું તેલમાં ઉકાળી તેનો લેપ કરી બાલ ઉપર લગાડે તો બાલ ખરી પડે અને ફરી ઉગે નહીં.

૪=બાલ ઉગે નહીં—સરકાની સાથ ઇસપગુળનો લાબ મેળવે બાળ કઢાવીને તે જગા ઉપર તે લાબ લગાડે તો બાલ ઉગે નહીં.

બાલ ઉગે નહીં—બાલ ખરી પડે—સરકાની સાથ ઉંદરની લીંડી મેળવી બાલ ઉપર લેપ કરે તો બાલ ખરી પડે અને બીજા ઊગે નહીં.

૫=બાલ ન ઉગે—સીલારસ બાલપર ચોપડીને ઘડી ૨) રાખે તેની ઉપર સેક કરે તો બાલ જાય. ફરી ન થાય. ૧ વાર કરવાથી ન બને તો ૩ વાર કરવું.

૬=બાલ ઉગે નહીં—લસોટા પાણીમાં ઉકાળી તે પાણીથી બાલ કાઢવાની જગા ભીંજવવી.

૭=બાલ ખરી પડે—ચુનો અને પીળી હડતાલ સંભાગે લઇ. છાસમાં ખરલ કરી ચુરણ બનાવે. તે ચુરણ પાણી સાથે મેળવી લેપ બનાવી બાલને લગાડે તો બાલ ખરી પડે, પાછા ઉગે નહીં.

બાલ કાઢવાની દવા,

૮=હડતાળ ૧) ભાગ કળીચુણો ૧૧ ભાગ થોરનુ દુધ ૧૧ ભાગ મેળવવું આ ભુકાને ગરમ પાણી સાથ મેળવી બાલ ઉપર લગાડે; સુકાયા પછી બાલ ઓખવી નાખે.

૯=કળીચુનો ૧] ભાગ, પોતાસ બાયકારબ બે ભાગ, કોકસો ૬ ભાગ એનો લેપ કરી બાલ પર લગાડે.

૧૦=બેરીઅમ સલફાઇદ, કાંજીના ઘાડા પાણીમાં મેળવી લગાડે

સોડીઅમ સલફાઇદને કાંજીના, ઘાડા પાણીમાં લગાડે.

૧૧=બોડીઅમ સલફાઇટ, ચોખના આટા સાથ લગાડે.

૧૨=સંખ ભસ્મ, ૪] હડતાલ ૨], સાજીખાર ૧), મનસીલ ૦ા ભાગ પાણી સાથ લગાડે.

૧૩=ચુનો, હડતાલ, ધઊનો લોટ સંમ ભાગે પાણી સાથ લગાડે

૧૪=બેરીઅમ સલ ફાઈદ ૧) ભાગ ગરમ પાણી ૩) ભાગ; મેળવે. એનું નિતરૂ પાણી આંગળી વતી બાલ પર લગાડે.

૧૫=કળીચુનો, કુકડાનો અધાર, ભારસાંકળ, ધંતુરાનો રસ, ઘોડાનું મૂત્ર મેળવી લેપ કરે, બાલ જતા રહે.

બાલ તોરો.

બાલ તોરા માટે પારસના પાતરાં છુંદી જરા નીમક નાંખી લેપડી બાધવી.

બાલ સાફ થાય.

૧=બાલ સાફ થાય—અરીઠાની છાલ પાણીમાં ભીજવી નરમ કરે તેને છુંદીને કાળી મટોડી સાથ મેળવી સાબુ જેવા કટકા બનાવે એનાથી બાલ ધુવે. શરીરનો મેલ કાપવામાં પણ એ ઉત્તમ છે. કપડાં ધોવામાં આ સાબુ સારો છે.

૨=બાલ સાફ થાય—બાલનો ચીકાસ નીકળે. ૧) તો આમળાને ૦ા શેર પાણીમાં ગરમ કરી તે પાણી માથે ચોળે, એમાં ૦ા તો. તેલ નાંખે તો બાલ નરમ થાય.

૩=બાલ સાફ થાય, ચીકાશ નીકળે. કોપરૂં નાલીએરનું તેની ચટણી પાણીમાં મેળવી બાલ ઉપર મસળે.

ધાસ્તી દુર થાય.

છાતીની બ્હીક દુર થાય—સ્કુલનો છોકરો પરીક્ષક આગળ ગભરાઇ જતો હોય તેમજ નાટક કરનારો છોકરો સ્ટેજપર આવતા ગભરાય તો ૫ ટીપાં અરીઠાનો અર્ક પાણી સાથે આપે અને પછી કામ કરાવે તો ધાસ્તી લાગે નહીં,

બાળક ઉંઘમાં મુતરે.

૧=છોકરૂં ઉંઘમા મુતરી ઉઠે તે માટે—આંકડાંનું મુળ અને કાળા તલ સંભાગે લેવા, તેમાંથી ૨) થી ૪) વાલ ભુકો ગોળ સાથ રોજ દીન ઉગતે ખાવા.

૨=બાળક ઉંઘમાં મુતરે તે માટે—બે વાલ ગલાનો સત્વ રોજ બે વાર મધ સાથે બાળકને ખવાડે તો ફાયદો થાય.

૩-પીસાબ ઉંઘમાં થાય તે માટે—જે ગરમીની રૂતુ હોય તો ધાણા અને ખાંડ મેલવીને ૧ તોલો ખવાડે.

૪=બચ્ચું ઉંઘમાં મુતરે—આકરાના ફુલ સુકાં શેર ૦। ને ગોળ સાથે મેળવી તેની ૧ વાલની ગોળી કરવી, તેમાંની એક ગોળી પાણી સાથ ઘરી સહવારે પીવી.

૫=તલ ૧) તોલો. રોજ રાતરે સુતીવેળા ૧) મહીનો ખવાડે.

૬=છાયામાં સુકવેલાં આકરાના ફુલ અને કાળા તલ સંભાગે મેળવી બે આની ભાર ખવાડે.

૭=વરસાદની ગાવડી=પગવગરની બીરબુટી અને માલકાંકણી બે આની ભાર મોટા માણસને ખવાડે. બાલકને ઉમરના પ્રમાણમાં આપે.

૮=કણુક બીજ, ટંકણખાર, હીંગળો, સંભાગે લેવું. તેના વજન બરાબર ત્રિકટુ લેવું. ૧) રતી સવાર સાંજ લેવી.

બાળક બીહે.

૧=બચ્ચું બીહે અથવા બચ્ચાં જીવે નહી તેનો ઇલાજ—રવીવારે બરી ફજરમાં દાદમરીનું મુળીઉં ઉગમણી દસા તરફનું લાવે, તે મુળીઆને સુતરથી બાંધી બચ્ચાંને ગળે બાંધી રાખે તો ફાયદો થાય એવી કહેતી ચાલે છે.

બાલક ઉંઘમાં બીહે-ચીસ પાડે-ચમકે.

૨=કરમ અથવા અજીરણના સબબે હોય તો ત્રિફળાં અને લીંડી પીપર સંભાગે ૧) વાલ મધ સાથે ખવારે.

૩=એરંડીનુ મીજ, ઉંદરની લીંડી, સમભાગે લીંબુના રસ સાથ મેળવી ગુદાએ લગાડે.

૪=ઉંઘમાં રડે—ત્યારે, જાયફળ પાણીમાં ઘસી રાતરે કપાળે લગાડે.

બાળકને કબજીઆત.

બાળકના ઝાહડાની કબજીઆત મટે—આકડાના પાન ઉપર દીવેલ ચોપડી પેટ ઉપર મુકે તો બચ્ચાંનો કબજીઆત મટે.

બાળકના પેટમાં ભાર.

૧=બચ્ચાંને પેટમાં ભાર—હોય ત્યારે ૧૦ ટીપાં સુર્યમુખી ફુળનો રસ પાવો.

૨=બચ્ચાનું પેટ કઠણુ હોય તો પાચુ પડે-સમુદર ફળ ા અથવા ાા વાલ દુધમાં મેળવી પાવામાં આપવું.

૩=બાળકનું પેટ ચડે—તો ાા તોલો કારેલાના પાનનો રસ પાવાથી ઉલટી થઇને પેટ નરમ પડે.

બાળકને દુધની ગાંઠ બંધાય.

૧=મુબારકી—બાળકના પેટમાં દુધની ગાંઠ • મટે—દુધેલીના પાનનો રસ પાવો. દુધેલીના મુળ દુધમાં ઉકાળી ૩ દીવસ પાએ તો ૩ દીવસમાં ઝાડા વાટે ગાંઠ નીકળી જાય.

બાળક નીરોગી રહે.

૧=તાવ, ખાંસી, ઝાડો, કફ વગેરે બાળકોના બ્યાધી માટે અતિ વિષ અથવા કાકડાસીંગ ૧)થી રતી ૩ સુધી રોજ ૩ વાર ખવાડવી.

૨=બાલકના હરેક દરદ મટે—ખાંસી, વાઇ, પેટ કબજ, ગરમી વગેરે મટે. } હરડે અને કરીઆતુ પાણીમાં ઘસી પાવું

બાળક નિરોગી રહે.

બાલ દવા—બાલા ગોટી.

૧=બાલ ચાતુ ભેદ=બાલકને તાવ, ઝાડો, ખાંસી, ઉલ્ટી માટે મોથ, કાકડાસીંગ, અતિવિષની કળી, પીપર, જેઠીમધ એનુચુરણ બનાવે ૧) થી ૪ વાલ રોજ ૩) વાર આપે.

૨=બાલકના સઘળાં દરદો માટે કડુ સારૂં છે, એનુ ચુરણ આદુના રસમાં મેળવી સુકવે પછી ફુદનાના રસમાં સુકવે તેની ગોટી બનાવે, પાણીમાં ઘસી પીએ, આ કીરીઆથી કડુનો ગુણ વધે છે.

બાલ ગોટીકા=બાલા ગોળી.

૧=કરીઆતુ, મોટી હરડે, હીમજી હરડે, અમલતાસનો ગર્ભ (ગરમારાનો ગોળ) જેઠી મધ, સુનામખી, ને કાળી દરાખમાં ગોળી વાળે, બે આની ભાર ગોળી પાણીમાં ઘસીં પાએ તો તબીઅત સારી રહે.

૨=ઝાડા, ઊળતી, તથા ઉંઘમાં બકબકારા માટે બાલાગોળી—અજમો, ખારેક, કેસર એકેક તોલો, હરડે ૨) તો૦ જાયફળ, મોચ રસ ૦।। તો. અફીણ ૦।। તોલો, મધ અને જાવંતરી બબે તોલા લવંગ ૨) તો૦ એની બાજરી જેવડી ગોળી રોજ ૨) વાર ખવાડે.

૩=બાલકને રક્ષણ કરનારી માતા જ્યાં ન હોય ત્યાં હરડે ને બાલકની માતા સમજવી. હરડેનું સવન રાખવાથી બાલકના અનેક વ્યાધી દુર થાય. સઘળી જાતના ફળોમાં હરડ, તથા બેહડાં, અને આમળા, એટલાંજ ફળ છે જે અવગુણ નજ કરે.

૪=લવંગ, પીપર, એલચી, લીંડીપીપર (?) બીમોડી, મુપીછ (મોરના પીછ)ની રાખ સંભાગે મગ જેવડી ગોળીં બનાવી પાણીમાં ઘસી આપે તો તાવ, ઝાડો, ઊળતી, કરમ નરમ પડે.

બાળકના ગાલ પંચોલા.

૧=બાળકના ગાલ પંચોલા—આ રોગ બાળકને થાય છે. ગાલ સુજી આવે છે અને તાવ ચદે છે. તે માટે સોનાગેરૂં, સુંઠ, રાસના, અરણીના મુળ સંભાગે પાણીમાં વાટી લેપ કરે.

બાળકને ગોવરૂં.

૧=બાળકને ગોવરૂં આવે તે માટે—સુખડ, વાળા. હરડાં, બેહેડાં, આમળા સઘ પાણીથી ભરેલી ૧) થાવરમાં બીંજવી રાખે તરસ લાગે ત્યારે એ પાણી પાએ.

૨=તાવ, ખાંસી, ઉલટીમાં અતીવિષ બચ્ચાં માટે ખાસ છે. માત્રા એક વાલથી બે વાલ સુધી મધ સાથે આપવી.

૩=અતિ વીષથી તાવ, ઉધરસ, ઉલટી, ઝાડા અને કરમનો નાસ થાય. એ બાળકુંદવા છે. બાળકના સઘળાં દરદ માટે સારો ઇલાજ છે=અતીવીષની કળી કડવી હોય છે. તે બાળકોના દરદો માટે સાધારણ અને ચોકકસ ઇલાજ છે.

ાાથી ૧ વાલ મધ સાથ અપાય છે. નીચે મુજબ મેળવણી વધારે ફાયદો કરતા છે. અતીવીષ, પીપર, કાકડા સીંગ એનું ચુરણ ાાથી ૧ વાલ મધ સાથ મેળવી રોજ બે વાર આપે તો બાળકોના સઘળાં દરદોને ફાયદો આપે અને નુકસાન કાંઈ કરે નહીં. એ બાળ દવા નીર્ભય અને સર્વોત્તમ છે.

૪–અજમો ૧, હરડે, ૧. ખારક ૧, જાયફળ ૧, મોચરસ ૧, અફીણ ાા, કેસર ૧, મધ ૨ ભાગ, આ પ્રમાણમાં મેળવીને તેની ગોળી ાા ચેનની બનાવવી. બચ્ચાંને ૧ આપવાથી બાળ નિરોગી રહે.

૫=બાળક નિરોગી રહે—બાળક ૧) મહીનાનું થાય ત્યાં સુધી રોજ ૧) વાયરંગનું ચુરણ મધ સાથ આપવું. પછી ૨) મહીનાનું થાય ત્યાં સુધી બે આપવાં. આ મુજબ દર માસે એકેક વાયવરંગ વધારીઆ જવું.

બાળકને ગોવરૂં.

૬–દરેક બાલકને ૧) વાર ગોઉરૂં આવે છે. પહેલાં તાવ દેખાય અને ૩) દીન પછી શરીરે ફુલ્લા થાય, તે ફુલ્લા જો ૨ દીવસમા બેસી જાય તો જાણને જોખમ સમજવો. પહેલાં હાફણ ચદે ને મરણ થાય. ગોઉરાની ઋતુમાં ૧ વાલ ગંધક બાલકોને રોજ ૩ વાર ખવાડે. અને ગંધક શરીરે મસળે.

બાળક શરીરે ગળે—દુર્બળ થાય તે માટે.

૧=ઉબરાના ફળનું ચૂરણ, ઘોડાવજ સંભાગે ચુરણ બનાવી ૨થી ૪ વાલ મધમાં રોજ ખવાડવું.

૨=અસંધ ૧) તો. પાણીમાં મેળવી ચટણી કરવી. તેમાં ૧૬ તોા દુધ, ૪ તો. ઘી નાખીને ધીમે ધીમે ઉકાળી ઘી બનાવવું. તે ઘી ાા તોલો અથવા વધારે રોજ બાળકને ખવાડવું.

૩=સંખાવળી અને ઉંબરાનું ચુરણ વાલ ૨ થી ૪ મધ સાથે રોજ બે વાર ખવાડવું.

૪—ઉમરાના પાનનો અથવા ફળ રસ ધાવણમાં પાવો.

૫—ખસખસને દુધમાં વાટી રાબડી કરી પાવી. આ રાબડીથી ઝાડા બંધ થાય છે. અને શકતી આવે છે.

૬—બાળકને શકતી આવે, બાળકને પુષ્ટી આવે. } તલ અને આસંધ સંભાગે લેવા, તેમાં ખપે એટલો ખજુર લેવો. તેના વડા બનાવી ગાયના ઘીમા તળી બાળકને રોજ ખાવામાં આપવા. વલાતી ઘણા દીવસની વાસી બીસકીટ કરતાં આ વધારે ગુણ આપે છે.

બાલક શરીરે ગળે—બાળક સુકાનું જાય.

બાલક દીવસે દીવસ ગળી જતું હોય તો ૧) તો. ચણાની દાળને વડના દુધમાં પળાલી છાયામાં સુકવે. પછી ગેમરાના દુધમાં મેળવી સુકવે. એમાં જાયફળ જાવંતરી, એલચી, અકેક આનીભાર અને અફીમ ાા વાલ મેળવી ચણા એવડી ગોળી બનાવે. ૧) ગોળી માતાના દુધમા પાએ.

બાલક તવાઇ જાય.

ઉમરા (ગુલ્લર)ના દુધની ગોળીનું સેવન કરે, બાલક તેમજ મોટાં માણસ માટે પણ એ ઇલાજ છે.

બાલક જનમથી નબળું હોય.

મજો, ગોખરૂ આમળાનુ ચુરણ ૨ થી ૪) વાલ રોજ ૩) વાર સાકેર સાથ ખવાડે. કુવાના પાણીમાં મીઠું નાખી તે પાણીથી રોજ નલવાડે.

બાળકનો ખોરાક.

૧—બચ્ચાંને દુધ જરૂપત ન થાય તો દુધ ઉકાળતી વખતે જાયફળનું અરધું ફાડચુ ઉકાળવામાં લેવું. તે ફાડચું પાણીથી ધોઇ સાફ કરી મુકવું. દર વળા દુધ ઉકાળતાં તે ફાડચું વાપરવું. બેજાને સાંતી આપવાનો તેમજ ઉંઘ લાવવાના ગુણ જાયફળમાં છે.

૨—બચ્ચાં માટે દુધ ગરમ કરવાની રીત નીચે મુજબ છે—ચોખ્ખુ પાણી વગરનું દુધ પસંદ કરી તેને સારી પેઠે ઉકાળ્યા પછી બચ્ચાંને તે દુધ પાવાનો હાલ રીવાજ છે. પણ દુધ ઉકાળવામાં પાણી દુધમાંથી ઓછું થાય છે અને તે ઉકાળેલું દુધ જાડુ થાય છે, એટલે તેમા મેંડાસનું પ્રમાણ વધે છે. આવી રીતે ઉકાળેલુ દુધ નબળાં બચ્ચાંને હજમ થઇ શકે નહીં, અને ભારે પડે છે. માટે દેશી મીંઠું બલામણ

કરે છે કે બચ્ચાં માટે દુધ ગરમ કરો તેમાં વધુ પાણી નાંખીને દુધ પાતલું કરો, અને ગરમ એટલુંજ કરવું કે દુધની અંદર ઉત્પન્ન થયલાં જંતુ મરણ પામે. દેશી વૈદાની રીતે જો બચ્ચાંને દુધ પાવામાં આવે તો મેલીન્સફુડ અને દુધના દાબડાની જરૂર પડે નહીં.

૩—દુધ ઉકાળવાની રીત—૧ શેર દુધમાં ૦। શેર પાણી નાખી ધીમી આંચે ઉકાળી પાણી બાળવું. વાસણ ખુલ્લું રાખવું. વાસણ ચુલા ઉપરથી ઉતારયા પછી દુધને થોડી વાર હલાવવું. તેમાં છારી બંધાવા દેવી નહીં.

૪—માતાના દુધ જેવું બનાવટી દુધ—જ્યારે ગાય ભેંસનું દુધ બચ્ચાંને જરપત ન થાય તો દુધ શેર ૦॥, પાણી શેર ૦।, સુગર ઓફ મીલ્ક ૦॥ તોલો મેળવી ગરમ કરી પાવું.

૫—વાસી દુધ અથવા સવારનું દુધ બપોરે ગરમ કરવાથી કોઇવાર ફાટી જાય છે. તેનું કારણ એ છે જે દુધમાં પેદા થયલા ખટાસને થોડી ગરમી મળે છે ત્યારે તે ખટાસ પાણી અને દુધને જુદાં પાડે છે. દુધ ગરમ કરતી વેળા જો ગરમી શરૂઆતથી વધુ હોય તો ખટાસની અસર દુધન ઉપર થઈ શકતી નથી. માટે વાસી દુધ ગરમ કરતાં બળતું ચુલામાં પેહેલેથી મોટુ કરવું, અથવા ખાલી વાસણને પહેલાં ખુબ તપાવીને પછી દુધ તેમાં નાખવું.

૬—પલાસમેન પાઉડર—મલાઇ કાઢી લીધેલાં દુધને ઉકાળી જરા ઘાડું થાય એટલે ગરમ રેતીના ઉપર મુકીને બાળી ને ભુકો કરે તે.

૭—બચ્ચાંને દુધ જરપત થાય નહીં તે વેળા દુધ ન આપતાં અંગ્રેજી દાક્ટરો જવના પાણીની ભલામણ કરે છે અને પછી જવના પાણીમાં ધીરે ધીરે દુધ ઉમેરવા કહે છે. અંગ્રેજી જવને ઠેકાણે દેશી ઇલાજ મગ છે. મગના ઓસામણની ભલામણ વઇદું કરે છે. જ્યાં જવ (બારલી) ન મળે ત્યાં મગ ઢગલાબંધ મળે છે. અને તેનો ગુણ જરાએ ઓછો નથી.

આખા મગ વાયુકરતા છે.

૮—સોય=સોયા (સોયા બીન્સ) એનો આકાર વાલના જેવો છે. સઘળે ઠેકાણે મળે છે; ૧૨॥ તો૦ સોયને ૨॥ સેર પાણીમા બોળવી (૧) રાત રાખવા. તેને ખુંદી અંદરનુ દુધ કાઢવું, સોયાના દુધની જરા વાસ આવે છે જે ઉકાળવાથી નીકળી જાય છે. ધાવણા બાલક આ દુધ પીસકે. એ ચાહમાં પીવાય, ચુસ્તાનું પાણી એ દુધમાં નાખવાથી

એનુ પનીર બને; ૫) તોલા બીમાંથી ૬) તોલા પનીર બને. મેળવણુ આ દુધમાં નાખવાથી દહી થાય છે. એ દુધને ઊકાળે તો ઊભરો આવે; અને તર પણ થાય, એનુ માખણુ બને નહી કારણુ એમાં તેલી પદાર્થ છે. દુધ કાઢતા ખુંછો રહે તેના બીસકીટ બને. સોયાબીન્સ કાફીની માફક ભુંજાય, અને કાફીનુ કામ કરે. (રીકિટીસ) બાલક જેના હાડકાંમાં ખામી હોય તેને એનુ દુધ ગુણ કરે; એમાં ફ્રાસફરસનું પ્રમાણુ ઘણું છે.

૯—સાબુ ચોખાનો આટો, સાકર, પાણી અને થોડું દુધ. ઊકાળીને બાલકને પાએ, તો મેલીન્સ કુદની મરજ સારે. એમા ધાપાણુ જરા નાખવા કોઈક કહે છે.

બાળકનું પેટ ચડે.

૧—સેવની ઓસામણનું પાણી ૧ તોલો રોજ પાવાથી બાળકનું પેટ ચઢી આવે, અથવા પેટમાં દુખાવો થાય, તે બીમારીઓ સારી થાય.

૨—એલચી, ધાણા, વાયવરંગ, અખરોટ અને કુદનો આ બધી ચીજો કરમીવાળાં બાળકને ફ્રાયદો કરે.

૩—પેટ ચડે—બાળક મટોડું ખાય અને પેટ ચડે તો ગેરૂં (એક જાતની માટી) બાળકને ખવાડે તો પેટ નરમ પડે.

૪—બાળકનું પેટ ભારે હોય તે માટે—ડીકામાલી અને કાલો બોર પાણીમાં ઘસીને પેટપર લગાડવો. દુટીની ઉપર લગાડવું નહીં. અથવા એળીઓ ગઉ મુત્રમાં ઘસી પેટપર લગાડવો (દુટીપર લગાડવો નહીં. ઝાડો થઇ રોગ નીકળી જશે.

૫—બાળકને દુધ પચે નહી તે માટે ગોંસવેલ એક જાતનો કાંટાવાળો વેલો છે તે પાણીમાં ઘસી પાવો.

બાલક બોબરૂં-તોતરૂં.

તોતરૂં બોલવાનું સુધરે; હળદર, વેખંડ, ઉપલેટ, પીપર, સુંઠ, જીરૂં અજમોદ, જેઠીમધ, ઘી એનુ ચાટણ રોજ ખવાડે.

બાળકની દુંટી મોટી થાય

૧—બાળકની દુંટી મોટી હોય તે ઉપર દીવેલ અને મધ સાથે ભેળવી લગાડયા કરવું.

૨—બાળકની દુટીમાંથી આંતરડું દેખાય——એ માટે બબીલને ગુલાબ સાથે એકરસ કરી તેની લુગડાંની પટી કરી મુકે. અને તે પટી દુંટીપર મુકે તો દુટી સંધાઇ જાય.

બાલકની દુંટી બહાર નીકળે.

૩—દુંટી ઉપર રૂ મુકે તે ઉપર લાકડાંનો બુચ મુકે, દુંટીની જાડાઈ જેટલો બુચ મુકે. તે દાબે અને તેની ઉપર પલાસ્ટરની પટી વળગાડે, અથવા બુચને દાબેલો રાખે.

બાળકના દાંત ફુટે.

૧—દાંત બચ્ચાંને આવે છે તે વેળા બહુ વેદના થાય છે. કોઇ-વાર લીલા ઝાડા બહુ થાય છે તાવ ખસતો નથી, બચ્ચું મુરદાલ થઇ જાય છે. અંગ્રેજી દવામાં સુદીંગસીરપ, ટીદીંગ પાઉડર કેલોમળ આપવામાં આવે છે. દેશી વહદું બાળાવજની ભલામણ કરે છે. બાળા-વજને પાણીમાં ઘસીને મોંઢાના પારા ઉપર મસળે, અથવા બાળાવજનું આંગળીયું બચ્ચું ચુસ્યા કરે તો વદના ઘણી ઓછી થાય છે.

૨—દાંત ફુટે—બચ્ચાંના તેમજ (Wisdom teeth) મોટા માણસના દાંત ફુટે અથવા પારામાં દુખાવો થાય ત્યારે, લીંબુનો રસ પારા ઉપર મસળે છે.

૩—દાંત ફુટે ને દુખાવો થાય ત્યારે—કેળાંના ફુલનો રસ મોઢાના પારાપર ઘસવો.

૪—દાંત નીકળતાં બાળકને થતી પીડા—બાળકને દાંત ફુટતી વેળા તાવ, ઝાડા, ઉલટી થાય છે તે માટે ધાવડીના ફુલ, પીપર, આંબ-ળાનું ચુરણ, મધમાં મેળવી દાંતના પારાપર ઘસવું.

૫—બચ્ચાંના દાંત ફુટે ત્યારે પેટ આવે, પારા ગરમ રહે, તે વખતે પારા ઉપર માખણ ચોપડયા કરવું.

૬—દાંત—બચ્ચાંને પહેલા દાંત આવતાં તેમજ મોટાને છેલ્લાં દાંતો (Wisdom Teeth) આવતાં દુખાવો થાય ત્યારે મધ પારા ઉપર મસળવું.

૭=દાંત આવે ત્યારે ઝાડા થાય, તાણ આવે, દુખાવો થાય, ત્યારે ધાવડીના ફુલ. લીંડીપીપર, આમળાના રસમાં મેળવી દાતના પારાપર લગાડે.

૮=કાળીપાટ અને નરગંડીના મુળ બંધેને સાથે વીટાળી ગળે બાંધી રાખે.

૯=કાળીઆ સરસુના બીનો હાર ગળે બાંધી રાખે.

૧૦=મકદ્ય નીંદમાંથી ઊઠ્યા હાંડી બંધ તે દાડાને બાળી કોલસો બનાવે ૧) ૨) વાલ પાણી અથવા છાસ સાથ ખવાડે, ઝાડા બંધ થાય.

બાળકને પીસાબ ખેંચાઈને આવે.

૧—બાળકને પીસાબ ખેંચાઈને આવે—બાળકને પથરીને લીધે પીસાબ ખેંચાઈ આવે છે એવું માની લેવું નહીં, પણ દીવેલ ઈંદ્રીપર મસળવું તેથી પીસાબ સાફ આવે.

૨—બાળકને ગરમી—બાળક જનમ્યાં પછી ૧૫ દીવસમાં ગરમી ફુટી નીકળે તો ગુલછડીનો કણ, હળદર વાટી માખણમાં મેળવી લગાડવું.

૩—બાળકને ગરમી થાય તે માટે—બાળક જનમ્યા પછી ૧૫ દીવસમાં ફોલ્લાઓ થાય છે તે માટે ગરમારાનો પાલો દુધમાં વાટી શરીરે ચોપડવો.

૪=બાળકની ખાંસી માટે—પાન નાગરવેલનો રસ ૦। તો. મધ સાથે મેળવી ખવાડે.

૫—જનમેલા બાળકને કફ થાય ત્યારે—બાળક ઘુરે છે, તે વેળા ભાંગરાના રસના બે ટીપાં અને મધ ૪ ટીપાં મેળવી તાળવે લગાડે તો કફ નીકળી પડે.

૬=ખાંસી ધાવતા બાળકને હોય તે માટે—૧ એલચી, લવંગ, લવંગના વજન જેટલો અજમો, એના ચુરણને ચેવલી પાનમાં મુકી બીડી બનાવવી. ૧ તોલા પાણીમાં આ બીડી ઉકાળવી, પછી તેજ ગરમ પાણી અને બીડીને વાટી તેનું પાણી ગાળી લેવું. તે પાણી એઆની ભાર બાળકને દીવસમાં ૩ વાર પાવું. અને તેનો કુચો બાળકની માતાને ખવાડવો.

બાળકની ડુંટી પાકે—નાભિ પાકે.

૧—બાળકની ડુંટી પાકે ત્યારે બકરીની લીંડી દુધમાં વાટી લેપ કરવો.

૨—સુખડ અને તજની બારીક ભુકી દાબવી; અથવા પાણીમાં ઘસી લગાડયા કરવું.

બાળકને મુબારકી રોગ.

૧–બાળકનો મુબારકી રોગ—જેમાં પેટ મોટું થાય, ગળાપર સોજો આવે, પેટમાં ગાંઠ થાય, પીસાબ પીળો આવે તે માટે—ખેર ઝાડની અંતરછાલ ૩ માસા લઇ દુધમાં ઉકાળી રોજ બે વાર પાવી.

બાળકની ગોળી મોટી થાય.

૧–બાળકની ગોળી મોટી થાય તો—દીવેલ ગોળી પર મસળ્યા કરવું.

બાળકને આંકડી આવે.

૧=બાળકને આંકડી આવે તો—લાલ કાંદો ભાંગીને સુંધાડવો.

૨=બચ્ચાંને આંકડી—પીપળાની વડવાઇ સ્રીના દુધમાં ચાર ઘસકરા ઘસીને પાવી. (ઇલાજ સારો છે.)

૩=વજ્જર બુટ્ટીની માળા—અરીઠાના બીને ભીંજવી રાખે. તે નરમ થાય ને વચમાં કાણું પાડે આ બીની માળા બનાવે. તે છોકરાઓને શોભા માટે પેહેરાવે અને નજર ન લાગે એવા વીચારથી બાળકને પેહેરાવાનો રીવાજ છે.

બાળકને કીડ થાય.

૧=બાળકની પીસાબની જગે કીડ થાય તો—દીવેલ મસળવું.

૨=ઇંદ્રીનો ધુમટો સંકોચાય, બાળકની ઇંદ્રીનો ધુમટો સંકોચાય તે માટે, ૧ માણસે પોતાના મોઢામાં પાણી ભરવું. બાળકની ઇંદ્રી પકડી તેના ઉપર મોંઢામાંના પાણીથી જોરથી પીચકારો મારવી. ૭) દીવસ આ પ્રયોગ કરવો.

બાળક જળદી બોલે.

૧=અકલગરાનું મુળીઉં મોઢામાં રાખવાથી ચણચણાટ લાગે છે, અને બોલવાનું ઉ-તેજન મળે છે.

૨=પોપટને આ મુળીઉં ખવાડવાથી તે જલદી બોલતાં શીખે છે.

૩=બચ્ચાંઓને અક્કલગરાના મુળનું આંગળીઉં બનાવી ચુસવા આપે તો બાળક જળદી બોલે છે.

૪=બાળક જળદી બોલે—પીપળાના ફળ, એટલે પેંપડી ખાવાથી ફાયદો થાય. એનો પાક અથવા પેંડા કરી ખવાય છે.

૫=બાળકના મોઢાંની વાસ મટે—કરડે અને બદામ ઘસીને ચટાડે.

૬=બાળક રોરો કરે—ત્રિફલા, અને લીંડીપીપરનું ચુરણ ૧ થી ૩) રતી મધ અથવા ઘીમાં ખવાડે.

બાલક જલદી બોલે-બાલક ચાલાક થાય.

સરસવતી ચુરણ—ત્રિકટું, ત્રિફળાં, અજવાન, સતાવરી, વજ, બ્રહ્મી, ભારંગી, માલ કાકણી સંભાગે ચુરણ કરી યોગ્ય માત્રા મધ સાથ આપે તો બાલક બોલવામાં ચાલાક થાય.

બાળકને બેશુદ્ધી આવે-બત્રીસી બેસે-બેભાની થાય.

૧—બચ્ચું બેશુદ્ધીમાંથી શુદ્ધીમાં આવે—કોઈ કોઇ વાર ઝાડો કબજ હોવાના કારણે બચ્ચું બેશુદ્ધીમાં આવે છે તે વેળા ગરમ પાણીની પીચકારી સફરામાં મારવાથી ઝાડો થઇ બચ્ચું હોશીયાર બને છે.

૨=ીખમાં નામનું ઝાહડ ૪) ફુટ ઉંચું થાય છે, નેપાલ અને ભુતાનમાં એ ઉગે છે. એ ઝાહાડ પાસે જે સુવે તે બેશુદ્ધ થઇ જાય છે, એનું મૂળ જે સુંઘે તે બેશુદ્ધ થાય છે; આવા બેશુદ્ધ થયલા દરદીને નિરવીશીનું મુળ સુંઘાડવાથી હુશિઆર થાય છે.

૩=દાંતની બત્રીસી બેસે તે માટે—મોરના પીછાંની રાખ મધમાં મેળવી દરદીને ખવાડે અથવા દાંતના પારા ઉપર ઘસે. અથવા લવંગને ઘીમાં ઘસી અજંન કરે.

૪=જાગૃતી આવે છે—બેભાની દુર થાય—બેશુદ્ધીવાળાને કાંદાનો રસ સુંઘવાથી સુદ્ધી આવે છે.

૫=બેસુદ્ધી માટે—મરી, સુંઠ, પીપળ, સરખે ભાગે મેળવી એનો બારીક ભુકો કાગળની નળીમાં ભરી નાકમાં ફુંકવાથી બેશુદ્ધ માણસ હુશિઆર થાય છે.

૬—વીજળીથી, પાણીમાં ડુબવાથી અથવા સાપના દંખથી માણસ બેશુધ્ધ થઇ ગયો હોય તો—ડોકું સીવાય આખું શરીર ભીની માટીથી ઢાંકવું અથવા હાથ અને પગ માટીમાં દાટવા.

૭—પાણીમાં ડુબેલું બેશુધ થયેલું માણસ હુશીઆર થાય—પાણીમાં ડુબેલાં બેશુધ થયલાં દરદીને જમીનમાં ખાડો ખોદી તેમાં મુકે, મોંહ ખુલ્લું રાખે અને શરીર પર મીઠું મુકીને આખું શરીર બંધ કરે. આ મુજબ મટોડું પણ કામ કરે છે.

૮—મુચ્છું બેશુધ થાય છે (ઝાડો બંધ હોવાને લીધે)—ત્યારે કુપડાંથી ગાળેથી કાજી અને દીવેલ એની પીચકારી મારવી.

૯—વાયુથી બત્રીસી બંધ થાય—તો લવંગ, લીડીપીપર, ટંકનખાર ફુલાવેલો સંભાગે લઈ ડીકરાં પર ગરમ કરી ચુરણ બનાવી શીશામાં ભરી રાખવું. ખપ પડવે મધમાં મેળવી બત્રીસી અને પારા ઉપર લગાડવાથી દરદી હુશિઆર થાય.

૧૦—બેશુદ્ધી બચ્ચાંને—ઝાડા કબજ હોવાથી કોઇ બચ્ચાંને બેશુદ્ધી થાય છે તે વેળા રેહાનના પાંતરાના રસની પીચકારી સફરામાં મારવી.

૧૧—ચુનો અને નવસાર સભાગે બાટલીમા ભરે ઉપર જરા પાણી નાખે અને સુંઘાડે.

૧૨—અગનીકુમાર—પારો, ગંધક, મરી, પીપર, અકલકરો, તજ. સંભાગે ચુરણ કરી દાંતે ઘસે, તો બત્રીસી ખુલે,

૧૩—ધતુરાના બી, અને મરીની ગોળી બનાવે, તે પાણીમાં ઘસી અનજન કરે.

૧૪—પીપર ગાયના દુધમાં ઘસી અનજન કરે.

૧૫—અજમો, મરી, સોપ, આ ખાવામાં રોજ લીએ તો મુર્છાનો રોગ મટે.

૧૬—બેભાની દરદી બકારો કરે તો સમુદ્રફળ પાણીમાં ઘસી અંજન કરી.

બેહેરાટ—કાનના દરદો.

બેહેરાટ માટે—કાંદાનો રસ ૫, ટીપા કાનમાં રોજ નાખવાં.

૨—સુખડનું તેલ ૫, ટીપા કાનમાં નાખવાં.

૩—કાનનો બેહેરાટ જાય—હીંગ ૧ વાલ, સ્ત્રીના થાનના દુધમાં ઘસી ગરમ કરી તેના દસ ટીપાં કાનમાં નાખવાં.

૫—કાનનો બહેરાટ ભાગે—આંકડાના પાકા પાનને જરા ગરમ કરી તેનો રસ કાઢાડી તેનાં ટીપાં કાનમાં નાખે.

૬—કાનનો બેહેરાટ ભાગે—ઉંટનું મુતર કાનમાં નાખે.

૭-બેહેરાટ જાય—બદામનું તેલ તો.૧ તોલો, સરસો ૦॥ તોલો, ઉકાળવું, પાણી બળી રહે ને ગાળી લેવું. તે તેલ કાનમાં નાંખવું.

૮-ઘડપણનો બેહેરાટ હોય તે માટે બદામનું તાજું બનાવેલું તેલ. તોલો ૧, દાળ અથવા ભાત સાથે રોજ ખાવું.

બેહુરાટ થાય.

૧-સળગમ કાચું ખાવાથી બેહેરાટ થાએ.

૨-કવીનાઈન નામુક ઘણું ખાવાથી બેહેરાટ થાય.

૩-નબળાં માણસને સરદી લાગવાથી બેહેરાટ વધે.

બુધ્ધી વધે-યાદદાસ્ત વધે-મગજ શક્તી વધે.

૧-બુધ્ધી વર્ધક—વજ બુધ્ધી વધારે છે. આગલા વખતમાં માતાઓ વજને ઘીમાં ઘસી પીપળાના પાન ઉપર મુકી પોતાના બાળકને ચટાડતાં હતાં અને એનું અથાણું બનાવી ખાના સાથે બાળકને ખવાડતાં હતાં, તેની મતલબ બાળકની બુધ્ધી વધારવાની હતી.

૨-યાદદાસ્ત શક્તી વધે—અઘેડો, કુલ્હગળો, વાવડીંગ, હરડે, સંખાવલી સંભાગે મેળવી ૦। તોલા રોજ ખાય તો મગજની નબળાઇ દુર થાય.

૩-યાદદાસ્ત વધે, મગજ સુધરે—સેરીલોબાન તોલા ૨॥, વજ તોલા ૨॥, મોઠ તોલા ૨॥, લીંડીપીપર તોલો ૧, સુંઠ તોલો ૧, મધ ૨૦, તોલા, ગળો સત્વ તોલો ૧, એ સર્વનો પાક બનાવી રોજ સહવારે તોલો ૧ અથવા વધારે ખાવો.

૪=મગજની શક્તી વધે—છોલેલી બદામના મગજ ૧) તો. એલચી ૦। તો. સાકેર ૦। તો. ગાયનું ગી ૨) તો. આ સઘળાનું મીશ્રણ કરી કલઇના વાસણમાં ૧) રાત ઠારમાં રાખી ને સવારમાં ખાય. આ મુજબ ૧) અઠવાડીઓ ચાલુ ખાય તો ફાયદો થાય.

૫=છોલેલી બદામનો મગજ ૧૦) તો, એલચી દાણા ૫) તો. પીસ્તાં, ખસખસ, દરેક ૫) તો. એનું ચુરણ કરવું. ગાયના દુધનો માવો ૧) શેર, સાકર ૧) શેર અને ઉપર મુજબ ચૂરણ મેળવી પેંડા બનાવી રોજ ૫) તો. ખાવા.

૬=કેળાંનો અથવા આમળાનો મુરબ્બો રોજ ખાવો.

૭=બુધ્ધી વધારવા વજ ૦। તો. દુધ અથવા ઘી સાથ ૨) મહીના ખાવો. જો ઉલટી આવે તો વજન ઓછું કરવું.

૮=લીંડી પીપરનું ચુરણ ૦। તો. મધમાં ખાવું. ત્રીફળાનું ચૂરણ ૦। તો. ઘીમા ૧) વરસ સુધી સેવન કરવાથી બુધ્ધી વધે. બાલ સફેદ થાય નહીં. ચામડીએ કરચલી આવે નહીં.

૯=બુદ્ધીવર્ધક—ખોરાકમા ચોખા અને દુધ ઉતમ છે. છાલાપાલામાં બ્રાહ્મી, સંખાવલી, વજ, માલકાકણી, ભાંગરો, અઘેડો, બાવચી મોચરસ, કેટકી, વાવડીંગ, આંબળાં, વિદારીકંદ છે. ઉપલી ચીજોમાંની કોઇબી એક ચીજનું સેવન કરવું.

૧૦=કોઇબી છાલાપાલાનું ઘી બનાવવામાં જુનું ઘી લેવું તેમાં. બુધ્ધીવર્ધક ગૂણ વધારે છે.

૧૧=આંમળાનું ચુરણ ૧૬ તોલા ને લીલા આમળાના રસમાં મેળવવુ. અને સુકવવું તેના વજન બરાબર ઘી, લીંડી પીપર બે તો. સાકર ૪) તો. મેળવી એક બરણીમાં ભરી રાખી આખું વરસ વાપરવું.

બળબુદ્ધી વધે—આમળા અને તલ સંભાગે મેળવી તેમાંથી ૦॥ તો. લઇ મધ સાથ મેળવી, રોજ સહવારે ૧૪) દીન ખાવું.

જુઓ " યાદદાસ્ત વધે, મગજ ખીલે. "

મન સકટી ખીલે-યાદ શકતી વધે

૧=અડાયાંની રાખ ૧) મુઠી ભરીને ૧) શેર પાણીમાં નાખે પાણી નીતરૂં થાય તે પીએ. ૬) માસ સુધી ચાલુ રાખે તો મનની સકટી વધે, કફ, અજીરણ, પિત્ત, હરસમસા ગુમદાં વગેરે ૫૬) રોગ દફે થાય. તરૂણ અવસથા થાય.

૨—લઘુ સરસ વતી ચુરણ—વાયવરંગ, સતાવરી, સુંઠ, આસંગંધ ખોરાસાની વજ ઉપલેટ, જળભાંગરો, બાવચી, જીરૂં. વાળો, જેઠીમધ સીંધવ, અડુસો, બ્રહમી, સંખાવળી લીંમડાની, ગિરપની ગળો અઘેડા એનુચુરણ (૧) ટાંક ઘી સાકર સાથ રોજ બેવાર ખાએ,

૩ વદ સરસ્વતી ચુરણ—લીંડીપીપર, મરી, કેસર, નાગકેસર, માલ કાકણી, લવંગ, અક્કલ કરો, તજ, તમાલપત્ર, ચીની કબાબ, સાકર, જાયફળ, હરડે, આસંધ, ખોરાસાની અજમો, ઉપલેટ, બાવચી સીંધવ, અડુશો, બ્રેહ્મા, સંખાવળી, ગળો લીમડાની, અધેડા, સુંઠ સતાવરી, વાયવડગ, એનુ ચુરણ ઘી સાકર સાથ રોજ બે વાર ખાય.

૪—માલ કાકણીનું તેલ જ્ઞાન તંતુને ઉત્તેજન આપે છે એનુ તેલ, તલના તેલ જેવું કાળું હોય છે. બીજને ખાંડે અને પાણી સાથ ઉકાળે તો કાળા રંગનું તેલ નીકળે. બેરીબેરી દરદ માટે એ અકસીર છે. પીસાય છુટે તેથી સોજા નરમ પડે. ૧૦ થી ૩૦) ટીંપા અપાય છે માલકાકણી સાથ લોબાન, લવંગ, જાયફળ, જાવંત્રી મેળવે તો વીશેષ ગુણ આપે; (એનો અર્ક બનવા જોગ છે.) અને સંધીવાને નરમ પાડે.

૫—માલ કાકણીના પીલેલા તેલને ૧) ત્રાંબાના વાસણમાં ભરી ઢાંકને બંધ કરે; તેને જમીનમાં ૭ માસ દાટી રાખે, તે જમીન ઉપર ડામરના ફોતરાં સળગાવી સેજ ગરમી આપે, તે તેલ ખાવામાં લેવું. પેહલે દીવસે ૧૫) ટીપાં (૧ માસો) રોજ ૧૫) ટીંપા વધારે; ૪ થે દીવસે ૬૦) ટીંપા થાય પછી વધારવાં નહી પણ રોજ ૬૦) ટીપાં લેવાં ખોરાકમાં દુધ, મીઠાં વગરનું ભાત, રોટી, ખાવી, આ પ્રયોગ ૩) ૬) અથવા ૧૨ માસ ચાલું રાખે જેમ વધુ વાર ચાલુ રાખે તેમ વધુ ફાયદો મળે. આગળના વખતમાં ગુરૂઓ પોતાના ચેલાઓને ૩) માસ સુધી આ પ્રયોગ કરતા હતા. ધારણા અને સ્મરણ શકતીને વધારવાને એનામાં ગુણ છે તેથી દીવાના દરદીને માટે માલકાકણીનાં બીઆં ઉપયોગી છે.

૬—સરસ્વતી ચુરણ—(મદનિગ્રહ ગ્રંથમાં છે તે) આસગંધ, વજ, ઉપલેટ, કાળો ભાંગરો, બાવચી, અજમોદ, જેઠીમધ સીંધવ, અડુસાની અંતર છાલ, પદમી, સંખાવળી, સંખપુષ્પ, ૧) ટાંક ચુરણ સવારે ઘી સાકર સાથ ૭) દીન ખાય, ૨૧) દીન ખાવાથી ઘણો ફાયદો થાય,

૭—માલ કાકણીનું ચુરણ બે આની ભાર, બીરબુટી ૧) જેના પગ ખેરવી નાખેલા હોય તે સવાર સાંજ પાન સાથ ખાય. (બીરબુટી એને વરસાદની ગાવડીઓ કહે છે, વરસાદની સરૂઆતમાં ખેતરોમાં નીકળે છે. જુઆના આકારનું હોય છે, મખમલ જેવા લાલ જણાય છે.)

૮—જેઠી મધનુ ચુરણ બેઆની ભાર રોજ બેવાર ખાય.

૯—માલ કાકણી બે વાલ અથવા વધારે રોજ બે વાર ખાય. લાંબો વખત ચાલુ રાખે.

૧૦—તમક તેજની ગોળી ખાએ (એની બનાવત માટે જુઓ " ઉંઘ આવે ")

૧૧—સરસવતી ચુરણ બ્રહ્મચારી આતમા રાંમનુ—બ્રહ્મી, સંખાવળી, (સંખ પુષ્પી) માલ કાકણી, અકલ કરો, સુંઠ દરેક ૫) તો, અનીસુ, ઉનાબ, ગાવજુબાન દરેક ૨) તો, લવંગ, કાચા એલચીદાણા, વજ ખુરાસાની, દરેક ૧) તો. બેઆની ભાર મધ સાથ અથવા માખન સાકર સાથ રોજ લેવું.

બુદ્ધ કમી થાય.

૧=લકવાની કસરથી બુધ્ધી જડ થાય તે માટે ગામત્રમાં સોધેલા કચરો ઘીમાં તળેલો, અને મરી સંભાગનું ચુરણ ૬) વાલ સવારે ૧૫) દીન ખાવું ૪) દીવસ ખાચો રાખી ફરીખાવું. આ મુજબ ૪) દીવસનો ખાંચી રાખી ખાયા કરવું.

૨=માંથે બોજો ઊચકવાથી બુધ્ધી કમી થાય. અથવા ભાર મુકવાથી બુદ્ધી કમી થાય છે. કમ બુધ્ધીવાળાં માણસ બોજો માંથે ઉચકે, સ્ત્રીઓ બોજો માથે હમેસ મુંક, ખરો મરદ માંબે-મુંકે નહીં કમ બુધ્ધીવાળો જ માથાપર ધપ્પોમાય: ખરે મરદ આમાં બહુ જ અપમાન લીએ માથાપર ધપ્પો મારવો, એથી એવું બતાવવું કે ધપ્પો ખાનાર કમ અકગા છે. જે કામ બુધ્ધીવાળો માણસ સાંખી શકે નહીં. બુધ્ધી ઘટે—ટીંડા રાના મુળનું સાક ખાવાથી બુધ્ધી ઓછી થાય.

બુદ્ધીવધે સ્મરણ શકતી વધે.

૧—સોનાના વરકનું પાનુ.૧, પીપર ૧) વાલ, મધ સાથ રોજ ખાવુ.

૨—ભાંગરાનુ ચુરણ મધ સાથ બે આનીભાર રોજ લેવું.

૩—જખ્મીને લીધે બુધ્ધી ઓછી થાય તે માટે

૪—માલ કાકણીના બીજ ૧૨) અધ કચરાં કરી ગળી જવાં, અથવા દુધમાં ખાવાં.

૫—માલકાકણીનું તેલ ૫) ટીંપા દુધ સાથે રોજ ખાવાં.

૬—તજ, વજ, મોથ, ઉદરકાની, મરી સંભાગે ચુરણ બે આની ભાર રોજ ખાએ.

૭—તાજી જેઠીમાસીનું ચુરણ બેઆની ભાર રોજ ખાએ.

નાસુર=ભગંદર.

૧=નાસુર સારૂં થાય—થુઅરનું દુધ અને સીંધવ મેળવી તેમાં ડા બોળી તે કાકડો નાસુરમાં મુકવા.

૨=નાસુર માટે—ગુગળ અને ચુનો સંભાગે પાણીની સાથે મેળવી ારમાં મુકે તો ફાયદો થાય.

૩=નાસુર, ખરાબ ચાંદા, થાન પાકે—તે ઉપર ગળીનું ચુરણુ તો ફાયદો થાય અથવા કાયફળના લાકડાંને બાળી તેની રાખ અથવા ધુપેલમાં મેળવી લગાડે.

૪=ભગંદર અને નાસુર માટે ખાવાની દવા—હરડે, બહેરાં, મળાં પીપર દરેક ચાર તોલા, એ સવને [illegible] ખુંદી રૂ. [illegible]ની ગોળી કરી ભગંદર તથા નાસુર માટે રોજ બે વાર ખાવા

૫—ભગંદર માટે—પારસના ફળનો રસ ભગંદરની અંદર મુક ા રૂઝ લાવે છે

૬—ભગંદર—નાસુર—આ દરદોની અંદર અફીણનું તેલ મુકે તો જલદી આવે.

૭=ભગંદર માટે અરડુસાના પાંતરાં વાટી અંદર જરા મીઠું ા લેપડી કરી ભગંદરની ઉપર મુકવી.

૮—થુવર ખરસાંની—(દાંડળીઓ—તેતરીઓ—ગાજુરીઓ) આ જાતનો દવાના કામમાં વધુ વપરાય છે.

કંટારીઆ થુવરના દુધની માફકજ આ થુવરનું દુધ સિંધવ સાથે ને ભગંદરમાં મુકે તો રૂઝ આવે. અંદર નહી જતા શકે તો સાથે મેળવીને પાતળુ કરીને જખમપાં મુકે.

૯—ભગંદર માટે—અરડુસાના મગીઆંને પાણીમાં વાટી ભગંદર રોજ બે વાર મુકે.

૧૦—ચાંદી, બદ, વીરફુટક, ભગંદર માટે—કડવા તુરીઆંના બીનું અને સુંડ અંકક તોલો પાણી ૧૬) તોલા તલનું તેલ ૪) એ સઘળાંને ઉકાળવું પાણી બળી જાય ને તેલ દરદ પર ું.

૧-ભગંદરની ઉપર કરંજની છાલ અથવા પાંદડાની પોટીસ ી ભગંદરનું મહોડું પુરાઇ જાય છે.

૨=ભગંદર માટે, ગલોડી (ચાર પગું જાનવર)નું તેલ ટાંચણી અંદર મુકવું. ભગંદર રફતે રફતે સારૂં થાય છે.

૧૩=ભગદર–પીનસ–માટે તરસાના હાડકાં પાણીમાં ઘસી પાવાં અથવા બીલાડીનું હાડકું ત્રીફળાં કાહવામાં ઘસી પાવું. તરસાના હાડકાં પાણીમાં ઘસી નાંખમાં ટીપાં મુકવાં.

૧૪=નાસુર રક્તપીતનું સારૂં થાય—પારો માસા પાંચ, હળદર માસા ૧૦, ઘી માસા ૩૦ ને સારી પેઠે મેળવી તે મલમ રૂની સાથ મેળવી નાસુરમાં મુકે. તેની ઉપર સીંદુરના મલમની પટી મુકે.

૧૫—નાસુર સારૂં થાય—આમલીનો ચીચોડો પાણીમાં ઘસીને નાસુર પર લગાડે, નાસુરની અંદર મુકે તો વધુ ફાયદો થાય.

૧૬=ભગંનદર માટે ઇલાજ–ત્રીફળાના કાહવામાં ૧ વાલ ખેર સાલ, ૩ વાલ વાયવરંગ, ૦। તોલો ઘી નાંખી દરદીને રોજ બે વાર પાયા કરવું.

૧૭—નાસુર, ગરમીના આજારથી પગના નળાં પર પડે તે માટે દરદીને ૧૨ દીવસ બીછાના પર સુવાડવો. નાસુરવાળો પગ શરીર કરતાં ૦॥ ફુટ ઉંચો રાખવો. નાસુર ઉપર તાજા ઠંડા પાણીના પોતાં મુકવા. બીલસ ચાલુ રાખવો.

૧૮=ભગંદરને ફાયદો થાય—લીબોર્ટનું તેલ અંદર મુકે તો જખમ પુરાય. અથવા લીમડાના પાન, તલ અને ઘઉંનો લોટ એની લેપડી કરી જખમ પર મુકે.

૧૯=ભગંદર માટે—ભગંદરવાળા દરદીને દરરોજ વરીઆળી લાંબા વખત સુધી ખાવી, અથવા વરીઆળી ઘીમાં સેકીને તે ભુખે પટે ખાવી, વધારે ખાવામાં નુકસાન નથી.

ભગંદર—નાસુર માટે નીચલા ઈલાજો.

૧=કંટાળા કુઅર નું દુધ મુકવું.

૨=માણસના હાડકાં પાણીમાં ઘસી અંદર મુકવું.

૩=પારસ પીપળાના ફળનો રસ અંદર મુકવો.

૪=હળદર, આકડાનું દુધ, સીંધલુણ, ગુંગળ, કરેણના મુળ, ઇંદ્ર-જવ દરેક ૧) તો. તેની ચટણી કરવી તેમાં ૫) તો. તેલ અને પાણી ૦॥ શેર નાંખી તેલ બનાવી તે તેલ છીદ્રમાં નાખવું

૫=ત્રીફળાં, ૧ તો. પાપર ૧, ગુંગળ તો. ૫, એનું ચુરણ ૦। મધ સાથ રોજ ખાવું, અને લોહી સુધારવું.

૬=નાસુર અને ભગંદર-શરૂઆતમાં ફોલ્લી થાય તેને બેસાડી દેવા માટે લેપ ઘગાડવો, વડના પાન, ઈંટનો ભુંકો, સુંઠ, ગળો અને માટી ઠીનો લેપ મુકવો. ફુલ્લી ન વખરાઈ જાય તો પકવવી

જવખાર, સાજીખાર, ટંકણખાર નાસુરપર મુકે તો તે ફાટે, અને મોં મોટું થાય. અથવા સુંઠ, સરસવ, સાટોડી, અને સરગવાના મુળની છાલ અને છાસ એ લી જાડી પોટીશ બનાવી મુકવાથી નાસુર ફાટી જશે.

૭=ચમેલીના તથા વડના પાન, ગળો, સુંઠ, સીંધવ, છાસમાં લેપ કરી મુકવાથી વ્રણ રૂઝાએ છે.

૮=નસોતર, તલ, નેપાલાના મુલ, મજીઠ, સીંધવ, છાસ એનો લેપ થવાથી વ્રણ રૂઝાય

૯=લોહીવાળા અને વેદનાવાળા વ્રણ ઉપર તલ, લીમડાના પાન, જેઠીમધ, દૃધ એનો લેપ મુકવો.

૧૦=નાસુર રૂઝવવા માટે—સીંધાલુણ અને મધને મેળવી તેમાં સુતરની દોરી બોળી વ્રણમાં મુકવી.

૧૧=કપુરાનું ચુરણ અને સીંદુર પાણીમાં મેળવી, ચટણી કરીને તેને સરસીઆં તેલમાં વધુ પાણી નાંખી પકવવું. તે તેલ નાસુરમાં મુકવું.

૧૨=લસણુની લેપડી મુકવાથી અંદરના જંતુ મરે. મરઘાના પીછાંની રાખ, અથવા મસુરની દાળની રાખ, જખમપર દબાવે.

જુઓ "નાસુર"

ભસ્મક રોગ.

૧—ભસ્મક રોગ—અતિ ખાખા કરે તે. બાળક ઘણું ખાય. પણ અંગ લીએ નહી તે માટે બાળકને ઘી, કેળાં ખવાડવાં.

૨—અઘેડાના બી રાજ વાત અથવા વચારે દૃધમાં વાટી ખીર બનાવી ખવાડે. જુઓ બાળક બહુ ખાય.

ભસ્મક રોગ—ખાય ખાયને ભુખ લાગે.

૧—૧) તો દીવલ દૃધમાં મેળવી થોડા દીવસ પીએ.

૨—આ બાડાના બી ને દૃધ સાથ ઉકાળી ખીર બનાવીને ખાએ.

૩—ઘી, સાકર, પાકાં કેળાં ખાય.

૪—કમળ કાકડીની દુધમાં ખીર બનાવી ખાવી.

૫—કમળ ફુલ દુધમાં પીવાં.

૬—ઉમરાના જમીનમાં મૂળ હોય તે કાપે તેનો રસ કાઢી પીએ.

૭—મયુર શિખા ઉપર કાચીજીરી જેવા બી થાય છે, જેમાંથી ધોળો પદાર્થ નિકળે છે, તે બીને દુધમાં ઉકાળી પીવાથી ૨ માંસ ભુખ્યા રહેવાશે, અને શરીરે શકતી ઘટે નહી.

૮—અઘેડાના બીજની ખીર ખાએતો ઘણા દીન ભુખ લાગે નહીં.

ભાવના આપવી=પત આપવા

વસાણાને ભાવના આપવી એટલે. વસાણાનું ચુરણ કરવું, જે ચીજની ભાવના આપવી હોય તે ચીજનો રસ બનાવી તે ચુરણ પગળે એટલો રસ નાખી, સુકાય ત્યાં સુધી ઘુટે ત્યારે ૧) પત આપ્યો એમ જાણવું.

ભાંગની કેફ ઉતરે—નિશા ઉતરે.

૧—નીશા ભાંગની ઉતરે—જાયફળ ખાવાં અથવા ૦૧ તોલો તુઅરની દાળ પાણીમાં વાટી ખાવી.

૨=થોડો દારૂ પીવાથી ભાંગની કેફ કમી થાય.

૩—ભાંગની કેફ ઉતરે—દહીં અને સાકર ખાય. મળાઇ અને સાકર ખાય. ચાહ ગરમ ગરમ પીવાથી કેફ તરત ઉતરે છે.

જુઓ " નીશા ઉતરે "

ભુતજ્વર.

ભુતજ્વર—સર્વ મુખીના ફુલ કાનમાં રાખવાથી ફાયદો છે.

ભેદવાયુ.

૧—ભેદ વાયુને લીધે અંગ વાસ મારે તેનો ઇલાજ—હરડે દાડમડીનાં કુમળાં પાતરાં, લીમડાના પાતરાં, આંબાના કુમળાં પાતરાં સંભાગે લેવાં તે બધાનું મીશ્ર ૪ તોલા લઇ બશેર પાણીમાં ઉકાળી ૦૧ શેર પાણી રહે તેમાંથી અરધુ અરધુ દીવસમાં બે વાર પીવું. રોજ તાજુ બનાવવું.

૨-બેદ્દવાયુ (મોઢું પેટ થાય તે.) હીરા-(શંખ) આગમાં બાળીને ગરમ કરીને, અરડુસાના, માંકડાંના રસમાં ખાળ કરીને ૨ [illegible] વાલ, મધ સાથે આમળાથી બેદવાયુ મટી જાય છે.

૩-બેદવાયુ મટે—પીપરીમૂળ, જવ, ઘી, આમળાં, વાયવડીંગ, આ ચારે સંભાગે, મેળવી તેમાંથી [illegible] તોલો વજન [illegible] ને [illegible] સુંઠ સાથે મેળવી રોજ સવારે [illegible] ઉપરથી પાણી પીએ.

ભરનીગર.

ભરનીગર—ગુમડાં ફુટે અને પાછાં ભરાય તે માટે બોયરીંગણીનાં પીળા ફુલ ખુંદી લેપડીની વચે કાણું પાડી તે કાણું ગુમડાંના મો ઉપર મુકવું અથવા ભરનીગરનું મોં ખુલ્લું રાખી આસપાસ પીળાં ફુલનો લેપ કરવો.

બીલામું ઉડે.

૧-બીલામું ફુટી નીકળે ત્યારે—તલ, દુધ અને માખણની મેળવણી કરી લેપ કરે.

૨-બીલામાંનું તેલ—બીલામાને સેહેજ ગરમ કરવાં. એક થાળીમાં મુકી તે ઉપર બીજી થાળી મુકી ઘણા જોરથી દબાણ કરવું તેથી તેલ નીકળશે.

૩-બીલામું શરીરે ઉડે ત્યારે—એહેડાં પાણીમાં ઘસી લગાડવાં.

૪-બીલામું ઉડે ત્યારે દુધના ફીણમાં તલને વાટી લેપડી કરી મુકવી અથવા ચારોળીના દુધમાં તલ વાટીને લેપડી લગાડવી.

૫-બીલામું ઉડે-બળતરાં બળે—એ ઉપર આમલીના પાંતરાં ખુંદી બાંધવા.

ભુંદણી-ચાંદુ પગે થાય.

૧-પગે ભુંડણી થાય એટલે પગના નળાપર ચાંદુ પડે, માઉસ દેખાય અને રસી ગળે. એ માટે બાવળની છાલ પાણીમાં ઉકાળે, તે પાણીથી જખમ ધુએ અને પછી બોરડીના પાનની લેપડી ચાંદા પર મુકે.

ર—લેપડી બનાવવાની રીત—સહવારે દાંતણ પાણી કર્યા પહેલાં ઓરડીના પાનને મોઢામાંના લબ સાથ ચાટે અને લેપડી બનાવે.

૩—ચાંદા સારા થાય—૧૦૦ વાર ધોયલા ઘીમાં મુડારસીંગ અને કાઠો સંભાગે લઇ, મેળવી લગાડે.

૪—પગે ભુંડણી થાય તેનો ઇલાજ—પગના નળા ઉપર ગોળ ચાઠું પડે છે, માઉંસ દેખાય છે અને ઘસી ગએ છે. મોરથુથુ ઠીકરાં ઉપર ગરમ કરી તેની ભુકી તે ચાઠાં ઉપર લગાડી તે ઉપર કાળા મલમની પટી મારે.

ભુખ કમી થાય.

૧—ભુખ મરી જાય—ગોખરાંના બીજ પીસીને આટો કરે. દુધમાં આંગળાં બીજની આટામાં બોળે અને ચાટે તો ભુખ મરે.

૨—ભુખ બંધ પડે—દેહેજ ઝાહડના બી અથવા પાંતરા હુકામાં ભરી પીએ તો કેફ ચહડે, ભુખ ભાંગે.

દેહેજ ઝાડના ફુલ મમરાં જેવાં થાય છે તેના દાણા ખસ ખસ જેવા થાય છે. તેને ગોખરાં, ગંજો તથા ભરેમંદી સુરતના લોક કહે છે કેફ બીજા વ્યસનની ટેવ આ ઇલાજથી મટે.

૪—ભુખ કમી થાય—લીમડાના પાંદડાં ચાવવાથી ભુખ મારી જાય છે. જંગલના સાધુઓ ભુખ ઓછી કરવા તે પાંદડાં ચાવે છે.

શીતળાના દરદીને લીમડાની કુમળી પાતરી (કુમળા પાન) અને જેઠીમધનું છોડું ઘસી પાણી સાથે તેની ગોળી બનાવી ૧ વાલ જેટલી ગોળી દરરોજ દાણા દેખાય ત્યાં સુધી આપવી. આથી દાણા બહુ નીકળે નહીં, અને પીડા ઓછી થાય.

ભુખ વધે—અજીરણ મટે—ખોરાક પચે.

૧—ભુખ વધે—મોઢે સ્વાદ આવે—લીંબોળી અને લવંગ પાણીમાં વાટીને પાએ.

૨—ભુખ વધે—લીંડીપીપર ૧) તોલો, પાણી ૧૦ તોલા ઉકાળી ૨॥ તોલા રાખી મધ સાથ પીવું.

૩—ભુખ લાગે—સાજીખાર મધ સા ખાવો.

૪-ભુખ લાગે—લીંબુનો રસ ૦॥ તોલો, આદુનો રસ ૧ તોલો, સીંધાલુણ ૬ વાલ મેળવી ખાવાની ૧) કલાક આગળથી પીવો.

૫=અગની દીપન ગોળી—સુંઠ ૧ ભાગ, ગંધક ૨ ભાગ, ઈંદ્રજવ, મરી, સીંધવ એકેક ભાગ મેળવીને એની ગોળી કરી ખાવી. શરીરે ગરમાવો આવે. ભુખ લાગે, પાચન શકિત વધે,

૬-ભુખ વધે—સુનામખી મધ સાથે રોજ ૦। તોલો, ખાવી.

૭-ભુખ લગાડે, અજીરણ તોડે, લેહેજત વધે, મોંઢાનો વાસ દુર કરે—સુનામખી ૫ તોલા, હરડે તોલા ૨, સંચર ૦॥ તોલા. એલચી તોલો ૦। એને કુટી, કપડછંદ કરી, ફાકી મારે. વજન ૦। થી ૦॥ તોલો,

૮-જઠર, અને આંતરડાના વ્યાધી મટે-એનરોની ખુલ્લી હવા ખાવાથી એ વ્યાધી ઘટે છે અને ભુખ વધુ લાગે છે,

૯-ખાધેલું પાચન થાય. ઝાડો સાફ આવે—વડાગરૂં મીઠું, ખારા ઘોડાનું મીઠું, લાલ મીઠું, હરડે, વરીઆળી, અને સુનામખી આ ચીજોની મેળવણી ખાવામાં લીએ.

૧૦-પપાઉં પાકું ખાવાથી ખોરાક જરપન થાય છે. એ જાતે ગરમ છે.

૧૧-ભુખ લાગે—જે માણસને ભુખ નહીં લાગતી હોય તેણે ખાવાના વખતની ૧ કલાક આગળ પીવાય એટલું પાણી પીવું. અરધો કલાક હીંધોળા ઉપર હીંચકા ખાવા અથવા હીંચકાવાળી ખુરશી ઉપર હીંચકા ખાવા. આ ઇલાજથી ભુખ લાગે છે.

૧૨-માંદગી ભોગવ્યા પછી ખોરાક તરીકે મગ ખાવાની ભલામણ થાય છે; બધા કઠોળમાં એ હલકા અને પચી શકે તેવો ખોરાક છે. મગનું ઉકાળેલું પાણી નબળા માણસને પીવામાં અપાય છે.

અપવાસ કીધા પછી હોજરી નબળી પડેલી હોય છે ત્યારે હલકા ખોરાક તરીકે મગની ખીચડી ખાવામાં અપાય છે.

કઠોળની જાતમાં મગ ઘણા ઉમદા છે. કોઇ પણ દરદી મગ ખાઇ શકે છે. મગનું ઓસામણ પીએ તો જરાએ નુકશાન નથી. તે ખોરાક તરીકે કામ કરે છે. દુધની ગરજ સારે છે.

૧૩-ભુખને વધારે—સમુદ્રફળ ૦। તોલો કપાસના પાતરાંના રસ સાથે ખાવું.

૧૪-ભુખ લાગે—સાજીખાર ખજુર સાથે ખાવો.

૧૫–ભુખ લગાડે—૦। તોલો સુંઠ અને ૨ વાલ મીઠું મેળવી ખાધા અગાઉ ફાકી મારે તો ભુખ લાગે, જીભમાં સ્વાદ વધે, ગળું સાફ થાય.

૧૬–ભુખ લાગે—અજમો, સુઠ સંભાગે મેળવી ૦। તોલો. ચુરણ મધમાં ચાટે.

૧૭–ઉંદરકાની વેળાના પાન ઉંદરના કાન જેવાં હોય છે, ફળ નાના ગુંગરા જેવાં હોય છે. ફુળ ગુલાબી રંગના છે. એના પાન માંથી દુધ નીકળે છે. એના પાન ચોળવાથી કાકરીના જેવો વાસ નીકળે છે.

ખોરાક પાચન થાએ—ઉંદરકાનીના પાનનું દુધ ખાવાથી ખોરાક પચે છે.

૧૮–ભુખ ઘણી લાગે—ખજ પીપળાના ફળનું ચુરણ ૦॥ તોલો ખાવામાં લેવું.

૧૯–ખોરાક પચે. ભુખ વધે—ફુદનો ખાવાથી ખોરાક પચે.

ભુખ લાગે—અમલસારા ગંધકનાં તેલની એક સળી પાન સાથ ખાય તો ત્રણ શેર અનાજ ખાઈ જવા જેવી ભુખ લાગે. તેલ બનાવવાની રીત જુઓ "ગંધકનું તેલ"

૨૦=ભુખ લાગે—મીઠી આવળના પાંતરાંનો ભુકો દાડમની કળીના રસ સાથ સંભાગે મેળવી ૦॥ તોલો ખાય તો ભુખ ઘણી લાગે. એમાં નુકશાન કાંઇ નથી.

૨૧=ભુખ લાગે–કડુ ખાવાથી ભુખ છુટે છે. એ વેલાયતી જે નશીઅનના મુળીઆનો ગુણ ધરાવે છે. (કાળી કુટકી જુદી ચીજ છે તેને Hellebore કહે છે.)

૨૨=ભુખ લગાડે—આકડાના ફુલ, પીપળ, પીપળીમુળ, સીંધાલુણ દરેક ૨) તોલા, અકલગરો, લવંગ દરેક ૧) તોલો અને ૦। શેર પાણીમાં ખરળ કરી અને ચણા જેવડી ગોળી બનાવી ખાવી. જેમ ખરળ ઘણા દીવસ કરે તેમ ગુણ વધે છે.

૨૩=ભુખ વધારવા માટે, રોજ બે વાર દરાખ પાક ખાવો (જુઓ દરાખ પાક=દરાખ આસવ,)

૨૪=ભુખ વધે–ગોળ સાથે સુનામખી ખાવી.

૨૫=ભુખ વધે–૦। તો. કાળી મુસળી, એલચી સાથે ખાય. અથવા ૦। તોલો કપાસના પાન અને નીમક સાથે ખાય,

૨૬=ભુખ ઘણી લાગે–સીંધવ તોલા ૨) હરડેનો દળ તો. ૬, ચીતરો તોલા. ૩) પીપર તોલા. ૪) એનું ચુરણ ૦। અથવા અરધો તોલો રોજ સહવારે ખાય.

૨૭=ભુખ લગાડવા માટે, અજીરણ માટે—ત્રીકુટું (મરી, પીપર, સુંઠ સંભાગે) ૩ થી ૫ વાલ પાણી સાથે ખાવું


૨૮=સમુદ્ર મીઠું Sea Salt, ભુખ લગાડે છે, તરસ લગાડે છે. ઇન્ટર મીટન્ટ તાવ બરોળ સાથેની હોય તે માટે મીઠું ખાવામાં આપે છે.

૨૯=ખાધેલું પાચન થતું ન હોય તો આમલીની ઉપરની છાલની રાખ ૬) માસા રાતરે ખાવી.

૩૦=ભુખ વધારવા માટે સીંધવ અને લીંબુના રસમાં આદેલી સુંઠનું ચુરણ ૦ા તોલો ફાકે,

૩૧=દરાખ આસવ ૧ તોલો પીવા.

જુઓ "અરજીન" ખોરાક પચે.



મલમ રૂઝનો—મલમ પકવવાનો.



૧=મલમ પકવવાનો—કાંપેલ શેર ૧, રાળ તોલા ૩, મોરથુથુ તોલો ૧ાા ઉપર મુજબ પાણી સાથ થાળીમાં મસળી મલમ બનાવી વાપરવો.

૨=રૂઝવાનો મલમ—સીંદૂર ૫ પઇસાભાર, મીણ ૦ાા પઇસાભાર ગાયના ઘીમાં પકાવી આગરી કરી મારે તો દરદોને રૂઝવે.

૩=મલમ રૂઝનો—મીણ ૧) ભાગ, મધ ૪) ભાગ ગરમ કરી મલમ બનાવવો. સાદા મલમને બદલે આ મલમ વપરાય છે.


૪=પીંડસનો મલમ—ઘી ગરમ કરી અંદર રાળ નાંખી મલમ કરવો.

૫=મલમ રાળનો—રાળ શેર ૦ા, મીઠું તેલ શેર ૦ાા, રતાંજરી તોલા ૩, પાણી શેર ૩. થાળીમાં રાળ અને તેલ નાંખી થોડાં થોડાં પાણીથી મસળે. પાણી સઘળું અંદર પચે ને રતાંજરી મેળવવી.

પારાનો માખનીઓ મલમ—મધુ મલમ.

હાડકાની ખાક ૨) ભાગ, એરંડોની મીજ ૪) ભાગ, પારો ૧) ભાગ મેળવે તો મલમ બને.

મગજની બીમારી–મગજે વાઇ–મગજે નબળાઈ–મગજે ફેર–મગજે પુષ્ટી.



૧–મગજનો વાયુ–મસ્તક વાયુ—આકડાના પાકેલા પાન માથા ઉપર બાંધે.

૨–મગજને શાંતિ માટે—સંખાવળી, બ્રહ્મી, તુલસી, બાલ્સીના પાનની ચાહ બનાવી રોજ પીવી,

૩–સતાવરી અને આસનનું ચુરણ ાા તોલો દુધમાં ખાવું.

૪–પીત્ત છાતીપરનું, ફેર, ઘુમરી સારી થાય—સુકી બદામના બીજ ૧) તોલો, સાકર ાા તોલા સાથે વાટીને રોજ સહવારે મળસકે ખાય.

૫–બ્રહ્મીના પાલાનું ઘી બનાવવાની રીત—૫ તોલા પાનરાંનો રસ, ૧ શેર ઘીમાં ઉકાળી તે ઘી રોજ ખાય તો મગજની બીમારી ટળી જાય અને મગજની ભમરી માટે, તથા મગજ બગડેલું સુધરે.

૬–ભમરી માટે—બ્રહ્મીના પાનનો રસ માથે લગાડવો.

૭–મગજ ખસેલું હોય તે દરદીને—ધંતુરાના પાનનો રસ, ા થી ાા તોલો પીવામાં આપવો. અથવા ધંતુરાના ૪ બી ખવાડવા. ધંતુરો મગજની બીમારી ઉત્પન્ન કરવાનો ગુણ ધરાવે છે. છતાં મગજની કોઇક બીમારીમાં આ ઇલાજ કામ લાગી શકે. “ઝેર ઝેરને મારે” “ગરમી ગરમીને મારે.” આ રીત મુજબ આ ઇલાજ ફાયદો આપે.

૮–મગજે વાઇ, મગજે નબળાઇ માટે—અજમો અને કેર-માની અજમો દરેક ાા શેર, સંચળ ા શેર, વરીઆળી ૫ તોલા એઓને છુંદી ગાયના મુતરમાં ૭ વાર પત આપવા. તેનું ચુરણ સાકર સાથે મેળવી રોજ બે વાર ખાવું. ખટાસ અને તેલ બીલકુલ ખાવું નહીં.

૯–મગજની નબળાઇ માટે—અજમા અને ખસખસના મેળ-વણી ખવાય છે. એ અડગરી, લાંકુણ, મગજની નબળાઇ, ઘુમરી અને ગર્ભવાળી સ્ત્રીઓની ઓકારીને ફાયદો આપે.

૧૦–મગજની બીમારીને ફાયદો કરે—કપાસનો મગજ ાા તોલો પાણીમાં ઘુંટીને રોજ ૧ વાર પીવાડવો.

૧૧–મગજે પુષ્ટી—ધામણાનું ચુરણ–(નાગબળા ચુરણ) સુંઘ-વામા આવે તો મગજને પુષ્ટી મળે છે.

૧૨–મગજને પુષ્ટી મળે, હીસટરીઆને ફાયદો આપે—લોહ ભસ્મ ૧ ભાગ. જટામાસી ૪ ભાગ, હીંગ ૪ ભાગ એની એક વાલની ગોળી બનાવી રોજ ૧ ગોળી ૩ વાર ખાવી.

૧૩–મગજ સુધરે—ગુલાબઆસીના કંદનું ચુરણ ૦ાા તોલો દુધમાં પીએ.

૧૪=૧૫–મગજ સુકાય તે માટે—૦। શેર ગાયના ઘીમાં એક તોલો ખુંદેલો નાગકેશર ઉકાળીં ઘી બનાવી નાકે લગાડે.

૧૬–મગજ શાંત થાય—કપાસીઆનું તેલ ૭ દીવસ માથે ઘસે.

૧૭–મુર્છા, ચીતભ્રમ, હેડકી, મગજ ફરે, ધ્યાન રહે નહીં. માટે—ધમાસાના ઉકાળામાં ઘી નાંખી પીવું. ૦। શેર ધમાસો, અને બશેર પાણીને ઉકાળવુ. ૦ાા શેર રાખવું તેમાંથી ૨ાા તોલા કાઢવો ઘી સાથ રોજ ૩ વાર પીવા.

૧૮–મગજ ગળે—તે માટે ધોરમુળાનું ઘી નાકે મુકવું.

૧૯–મગજની બીમારીવાળાને બ્રહ્મીના પાલાનુ ચુરણ ૦ાા તોલો મધમાં આપવું અથવા કોલરાના મગજ ૦ાા તો, અને કડ બેઆની ભાર આપવું, અથવા શંખાવળીનો રસ ૪) તો, અને કડ બેઆની ભાર આપવા.

૨૦–ફેર આવે તે માટે—સતાવરી ૨ તો, ઘી ૪ તો, દુધ ૪) તોલા એઓને ઉકાળી ઘી બનાવવું. તે ઘી ૨ તો, ખાવું.

૨૧–માલકાકડી ૮) ભાગ, સુંઠ ૮) ભાગ, અજમો ૨ ભાગ, એનું ચુરણ ૦ાા તો, ગોળ સાથ ખાવું.

૨૨–મરી સાકર ને ઘી ચાટવું.

૨૩–બદામ, ઘી, સાકર, ગરમ કરી ખાવું.

૨૪–સુંઠ ખાવી અને પાણીમાં ઘસી અંજન કરવું.

૨૫–ગળો સત્વ દુધમાં પીવું.

૨૬–મગજ સુકાય તે માટે સુખડને પાણી સાથ ઘસવું. તેમાં સાકર મેળવી શીશીમાં ભરવું. ખપ હોય ત્યારે વારંવાર સુંઘવું.

૨૮=ભમરી આવે તો વાએવડંગની માળા કરી કાને બાંધવી.

મગજે વાઈ, ફેર, ચકકર નરમ પડે—સુંઠ એકલી, અથવા સંભાગે લવંગ મેળવી તેનું આંખે અંજન કરે.

માથાંની ભમરી—(Vertigo) હળધરની લેપડી માથા ઉપર મુકવી અને બાંધી રાખવી.

૨૯=ભમરી મટે, હાથ પગના બળતરાં મટે—મરી શાકર અને ઘી ચાટે તો આ દરદોને ફાયદો થાય.

૩૦=મગજે ભમરી તથા વાયુ માટે સુરમો આંજે તેથી ફાયદો થાય.

૩૧=મગજે વાઇ—ધ્યાન બરાબર રહે નહીં—હળદર અને શાકેર દરેક ૦। તોલો પાણી સાથ દીનમાં ૨ વાર ખાવી.

હીમજી હરડે તોલા ૫) ને ૧) શેર પાણીમાં ઉકાળીને ૦। શેર રાખી તેના ત્રણ ભાગ કરવા. ૧) દીનમાં ૩ ભાગ લેવા.

૩૨=ભીલામાનો આસવ—ભીલામા શેર ૧૦, ગોળ મણ ૦॥, પાણી મણ ૩, બાવળની છાલ શેર ૭, મરી શેર ૦।, બેહેડાં શેર ૦।, અફીણ તોલા ૫:—


પ્રથમ ભીલામાને પાણીમાં ૩ દીવસ ભીજવવાં, ચોથે દીવસે તેમાં બાવળની છાલ નાખવી, પાંચમે દીવસે તેમાં ગોળ નાંખવો, પછી છઠે દીવસે ઉપલો બધો મસાલો અને મધ શેર ૦॥ નાખી ચુલે ચઢાવવું.

અરધો કલાક ઉકાળીને તેમાં લવંગ ૧॥ તોલો, જાવંત્રી ૧॥ તોલો, વજ ૩ તોલા, કેસર ૧ તોલો, કસ્તુરી ૧ તોલો, ગુલાબનું અત્તર ૧ તો. મેળવી, ફરી થોડીવાર ચુલાહ ઉપર ઉકાળવું. પછી તેને ગાળીને એકમાસ બંધ રાખવું. એમાંથી ૫ તોલા સહવાર સાંજ લેવું, આથી ગાંડા માણસ સારા થાય છે.

ભમરી મગજે ચકરી.

અડાયાની રાખ આકડાના દુધથી ભીંજવી છાયામાં સુકવી, છીકણી તરીક સુંઘે.

જુઓ 'વાઈ મગજે' 'મગજે નબલાઇ'
'ઘેલાપણું' દીવાનાપણું=મુર્છા.



મળ વિકાર.

૧=મળ વિકાર માટે—પેટ ભરી ગરમ પાણી પીવું.

૨=પેટમાં બાલ ગયો હોય તો અનેનાસ અથવા જાંબુ ખાવાથી તે ઝાહડા વાટે નીકળી જાય.

૩=નળબંધ વાયુ, જળોદર માટે—૦। શેર ઘઉંના આટામાં ૦। શેર થુઅર કનતારીઆનું દુધ મેળવી રોટી બનાવે, તે રોટીનું એક પડ ચેરવે અને એક કાચું રાખી, તેનો ભુકો કરે, ૦॥ તોલો ભુકો ગરમ પાણી સાથે ખાવો.

૪=મળની પીડા દુર થાય—મરી અને શાકરનો કાહવો પીવો.

૫=બાલકનો મળ બંધ વાયુ નરમ કરવા આંકડાના પાન બાફી પેટપર મુકે.

૬=નળબંધ વાયુ માટે—મુલો સવારે ભુખે પેટે ચાવી ખાય.

૭=લસણ અને આદુ દરેક ૩ શેરની કાતરી કરી ૪૦ દીવસ તડકે અને ઠારમાં રાખી તેને ખરળ કરે. પછી જરા ઘી લગાડી તડકે મુકવું. આ મુજબ ફરી ઘી લગાડી ખરળ કરે. આ મુજબ ૨૫ દીવસ તડકે મુકવું. આખરે એનું વજન પાશેર રહેશે. તેમાંથી ૦ા તોલો વજન લઇ ચેવલી પાન સાથે રોજ ખાવું.

૮=ગરમ ગરમ ઘી, પીવાય એટલું ત્રણ દીવસ પીવું. રાત્રે પેટ ભરીને ગોળ ખાવો. બીજું કાંઇ ખાવું નહીં.

૯=મળ સુખ્ખી થાય—વાયવરંગ અને અજમાનું ચુરણ ૦ા તોલો મધમાં આપવું.

૧૦=મળ છુટે—સસદફળ અને હરડે પાણીમાં ઘસીને પીએ.

૧૧=જુઓ ' મળ બંધ વાયુ, " નળ બંધ વાયુ. "

મરદને શકતી વધે.

૧=મરદને શકતી પુષ્ટાતન માટે—એક શેર આદુની ઝીણી કાતરી કરી તેને ઘીમાં તળી ભુકતાં મધમાં સાત દીન રાખવું અને આદુ રોજ ૧ તોલો ખાવું.

૨=મરદને શકતી મધે—સફેદ લુગડાંને આકડાનાં દુધમાં સાત વાર પટ આપવા પછી કાળા જાંબુના ઝાડની અંતરછાલના રસનો પટ ૧ વાર આપવો. આ લુગડાંને ઘીમાં તળવું, એની પટી કરીને નબળી નસ ઉપર બાંધવી તે પાતળી નરમ ચાંમડીને લાગે નહીં. લાગે તો છાગરો પડે. ત્રણ દીવસ પટી નસ ઉપર બાંધવી. જો ગરમાવો અને અગન લાગે તો પટી કહાડી નાંખવી, નહીં તો ફોલ્લા પડે. લુગડું તલતાં ઘી વધે તેમાંથી એક વાલ ભાર ઘી લઇ પાન સાથે મેળવી ખાવામાં લેવું. એકવીસ દીવસ સુધી બ્રહ્મચારી રહેવું.

૩=શકતી આવે—કાંદાનો તથા આદુનો રસ, મધ, એકેક તોલો ઘી ૦ા તોલો રોજ ખાવાથી નબળો પડેલો પુરૂષ પાછો બને છે.

૪=ઢીલા પડેલા મરદ માટે—એકસ્ટ્રેકટ નકસવામીકા ૧૫ ગ્રેન, એકસ્ટ્રેકટ કેનેબીસ ઇનિદીકા ૧૫ ગ્રેન, એકસ્ટ્રેકટ અરગટ ૧૫ ગ્રેન એની ત્રીસ ગોળી કરવી. એક ગોળી સહવાર સાંજ લેવી. ઉપરથી દુધ પીવું.

૫=પુરૂષાતન– કાંદા ઘીમાં વધારી લાલ કરી ખાધાથી શકતી વધે છે.

૬=મરદને શકતી આવે—ગાયનાં પીત્તાના રસમા લીલી હળધર ને સાત પટ આપે એટલે સાત વાર ભીંજવી સુકવીને મરદ ખાય તો શકતી વધે.

૭=શરીરે તાકાત માટે—અફીણ ૦॥ તોલો, લવંગ ૩ તોલા, કેશર ૧ તોલો, જાયફળ ૨ તોલા, સાકેર ૦। શેર. આ ચીજો પાણી સાથે મેળવી વટાણા જેવી ગોળીઓ બનાવવી. ૧ ગોળી સાંજે અને બીજી સવારે ખાવી અને તે ઊપર ૦॥ શેર દુધ પીવું. ગરમી ઘણી જણાય તો લીંબુનું શરબત પીવું,

૮=ઝેહેર કચરા–ઝેહેરી કચરા—આ ઘણીજ ઉપયોગી ચીજ છે. એનો ભુકો ખાવામાં આપે છે, શરીરની શકતી માટે ગણો જાણીતો ઇલાજ છે. મરદને શકતી વધારે છે, લકવા તથા શરીરના બીજા લોચા ઢીલા પડી ગયલા હોય, મગજના દરદ હોય, ઝાહાડો અને પીસાબ આપોઆપ થતી હોય, ખોરાક ખાધેલો પાછો નીકળી જાય, ઝાહડાની કબજીઆત. અને મીઠી નીસાબ હોય તે માટે ઘણો લાંબો વખ્ત કચરો વાપરવો પડે છે.

કચરાનો ભુકો—કચરાને ગાયના મુતરમાં ઉકાળવા. તે ફુલે ત્યારે ઉપરની ચામડી કહાડી નાંખવી, બે ફાડની વચે જીની જીભ હોય છે તે કહાડી નાંખવી, પછી કચરાને સુકાવા દેઇને દીવેલનો હાથ ચોપડી ઠીંકરા ઉપર સેકવા, બળવા દેવા નહીં. લાલ થાય ને ભુકો કરવો.

જુઓ "નસઢીળી પડે" "પુરૂષાતન" શરીરે શકતી "વિર્ય વધે."

મન શકતી ખીલે–યાદદાસ્ત વધે–બુધ્ધી વધે.

૧=યાદદાસ્ત વધે=—યાદદાસ્ત શકિત માલકાકણી વધારે છે, જેમ જાયફળ, આમળાં, પસ્તા, બદામ, ઘી, કાંદાનો મુરબ્બો ખાવાથી યાદશકિત વધે છે. તેમ માલકાકણીથી વધે છે.

૨=બુદ્ધિ યાદસક્તિ વધે છે—માલકાકણીનો વેલો થાય છે તે યાદદાસ્ત વધારવાનો ગુણ ધરાવે છે.

૩=મગજને પુષ્ટી—ધામણાનું ચુરણ સુંઘવામાં આવે તો મગજને પુષ્ટી મળે છે.

૪=મનશક્તિ ખીલે— માલકાકણી (જ્યોતિષ્મતી) નું તેલ ૩ ટીપાં નાગરવેલીપાનપર લગાડી ખાએ અથવા માલકાકણીના બી નંગ ૫) પાન સાથે મેળવીને ચાવી જાય તો બુદ્ધિ વધે અને મનશક્તિ ખીલે,

૫=બેચેનને શાંતિ આપે—તુકમે કાહુની ચાહ બનાવી રોજ પીવી.

જુઓ "આદદાસ" "બુદ્ધીકમ"

મરડો, આમવાયુ—અતિસાર—ઝાડા ઘણા થાય—સંગ્રહણી.

૧—મરડા મટે—કબજીઆત મટે—તરસ મટે—ઇસપગોળ ॥ તોલો ખાંડ ॥ તોલો મેળવી, ફાકી મારી ઉપરથી પાણી પીવું. ૫) તોલા ઇસબગોળ અને ૧ શેર પાણી મેળવી ॥ કલાક રહેવા દેવું. પછી લુગડાંએ ગાળીને સાકર સાથ મેળવી ૩) તોલા પાણી પીવું.

૨—મરડો—આવરના મુળ અને ડાંખળી વચ્ચેના ભાગની છાલનો ભુકો ૧) વાલ દહીં સાથે ખાવાથી મરડો મટે. ને આંતરડાનો જખમ રૂઝાય છે.

૩—મરડો તથા ગળાનો સોજો—ઝીણા કરમદાં જેવા કેરીના નાના મરવાનો ભુકો તોલો ॥. સાકર તોલો પાંચ દીવસ લેવાથી મરડો મટે છે. તથા બેઠેલુ ગળું ખુલે છે. આંબાના માહોરને ચુસવાથી પણ બેઠેલું ગળું ઉપડે છે.

૪—આમ વાયુ—એમાં કમ્મર, પીઠ અને બરડો દુખે ત્યારે ખજુર ॥ શેરને પાણીમાં ભીંજવી ચોળીને તેનું પાણી ગાળીને પીવું એ મુજબ સાત દીવસ પીવું.

૫—મરડા માટે—ઇસપગુળના બીઆં, ॥ થી ૧ તોલો. લાલ ખાંડ સાથે ફાકવાથી મરડો મટે, લોહી બંધ થાય.

ઇસપગુળ એક તોલો, સાકર અરધો તોલો, પાણીમાં અરધો કલાક ભીંજવી દરરોજ એકવાર પીવું. લોહી બંધ થાય અને મરડો સારો થાય.

લોહીનો ઝાડે થાય તો ઇસગુળ ०। તોલો સેકીને છુંદીને દહીં સાથે ખાવો. ઝાડામાં અગન લગતી હોય તો સાકર સાથે લેવી.

૬–મરડો મટે—ઇંદ્રજવને ભુજીને સાકર સંભાગે મેળવીને તેમાંથી ०॥ તોલો ફાકી દીવસમાં ૩) વાર ખાવી.

૭—હીંગ ખાવાથી મરડો થયો હોય તથા પીસાબ બંધ થઇ હોય તો દરદીને વઘારનું જીરૂં સુંઘાડવું અથવા ખવાડવું.

૮–મરડો—સરદી લાગવાથી મરડો થયો હોય તો ચાર પાંચ તોલા સાકર સહવારમાં ભુખે પેટે ચાવી ચાવીને ખાઇ જવાથી મરડો મટે છે.

૯–મરડો—મરડા ઉપર અકસીર ઇલાજ દીવલ છે. આંતરડાનો કચરો કાઢી નાંખી સાફ કરે છે. દીવેલનો જુલાબ બચ્ચાંને નીર્ભયપણે અપાય છે. સાથે આદુનો રસ નાખે તો ટડો પડે નહીં.

૧૦–મરડો—અતીસાર– જાયફળ, અફીણ, ખારેક સંભાગે લઇ પાનના રસમાં ઘુંટી ચણા જેટલી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી દીનમાં ૩ વાર છાસ સાથે ૭ દીન ખાવી.

૧૧–આમ, જળસ દુર થાય—જૂના ગોળ સાથે સુંઠ ખાવી.
(નવો ગોળ ભારે અને ગરમ છે.)

૧૨–મરડો–લોહી–પરૂવાળો ઝાહડો—કરનલ આર. રોબર્ટસન કહે છે જે તજનો ભુકો બે આની ભાર (૩૦ ગ્રેન) આપવાથી બહુજ ફાયદો થાય છે. જો સાથે ૫) ગ્રેન સેલોલ આપ્યું હોય તો બહુ જલદી ફાયદો કરે.

૧૩–મરડાને માટે—ચોખાને ત્રણ વાર ધોવા. સુકવી. દુધ સાકર સાથ પકવી ખાવાથી મરડાવાળા દરદીને ફાયદો થાય છે.

૧૪–સંગ્રહણી—મરડા માટે ઓથમીજીરૂં તોલા ०। દહી ०॥ શેર સાથ મેળવી દીવસમાં ૩ વાર ખવાડે.

૧૫–મરડો લોહી સાથનો—ગુળદાવડીના ફુલનો ભુકો ०। તોલો મોળાં તાજા દહીં સાથ ખવાડવાનો આ ઇલાજ અકસીર છે.

૧૬–મરડો—અરણીની છાલનું ચુરણ ૪ વાલ, અફીણ ०॥ રતી મેળવી ૧ વાલના વજનની ગોળી બનાવી તેમાની ગોળી ૧ દીવસમાં ૩ વાર પાણી સાથે ગળવી.

૧૭–અફીણ ૧ ભાગ, આકડાના મુળની છાલ ૨ ભાગ એની ગોળી ૧ વાલની આદુના રસમાં બનાવે. આ ગોળી ૧ મધ સાથ રોજ ૩ વાર લીએ; પાણી ઉપરથી પીએ નહી પણ ઘી સાકર ખાય તો વધુ ફાયદો થાય.

૧૮—બોરસરી (બોલસરી=બાલેસરી=બકુલી) ના ઝાડના બીયાં પાણીમાં ઘસી પીવાથી મરડો મટે પડે.

૨૦=મરડો મટે—જુની હરડે દીવેલમાં તળેલી ૧) ભાગ કાચી હરડે ૧) ભાગ મેળવે અને ૦॥ તોલો અથવા વધારે ખાય.

૨૧=મરડા સારા થાવે—સુવાનું ચુરણ ૦। શેર અને ૧) શેર ઘઉંનો મેંદો મેળવી તેની રોટી કરી દરદીને ૩) થી ૭) દીન ખવાડે.

૨૨=મરડા માટે—વછનાગના ટીંકચરનું ૧ ટીપું પાણી સાથે દર ૦। કલાક પીવું. ૧ કલાક થયા પછી ૧ ટીપું પાણી સાથે દર ૧ કલાક પીવું.

૨૩=મરડો—સાકર ત્રણ ચાર તોલા સવારે ચાવીને ખાવાથી મરડો મટે છે.

૨૪=મરડાની, ઝાડાની ચુંક—સુંઠ ઘીમાં તળી ખવાડે અથવા સુંઠના ઉકાળામાં દીવેલ નાંખી પીવાથી ચુંક, સુળ, બીટ વગેરે તોફાન બેસી જાય છે.

૨૫=અતિસાર અને આમ મટે—ઉંબરાના દુધનાં પાંચ ટીપાં ખાંડ સાથ ખાવાં.

૨૬=સંગ્રહણી, વારંવાર ઝાડો થાય તે માટે—૧ તોલો એખરો દહીં સાથે ખવાડે.

મરડો માટે—પેટુપર રાઈનુ પલાસટર મારવું,

મરડો માટે—સેકેલી વરીઆળી ૧) તોલો, વગર સેકેલી વરી આળી ૧) તોલો. સાકર ૨) તોલા એનું ચુરણ ૦॥ તોલો દીનમાં ૩) વાર ફાકી ઉપરથી પાણી પીએ.

૨૭=ઝાડાનું લોહી નરમ પડે—સુંઠ તોલો ૦॥. દુધ સેર ૦॥, પાણી શેર ૧) અર્ધુ પાણી બાળી ગાળીને પીવું.

મરડો—સંખજીરૂં ૦॥ તોલો, ૦। તોલો સાકર સાથ ફાકે, યા દહીં સાથે ખાય. અથવા ધાણા વરીઆળીને સંભાગે ભુંજીને સાકર સાથે ખાય.

૨૮=મરડા માટે—૦। તોલો સંખજીરાને મલાઇ અથવા માખણ સાથે મેળવીને ખાવું.

૨૯—મરડા માટે—હરડે તોલા ૪॥, વરીઆલી તોલા ૪॥, ઇસબગુલ ૬॥ તો. ઘીમાં સેકીને ભુકો કરી, તેમાંથી એક તોલોના ફાકી મારી પાણી પીએ.

૩૦=મરડા માટે—હીમજી હરડે નંગ ૧૧ ને બોખરી કરી ગરમ પાણીમાં ભીંજવી, ઉપરનું પાણી કાઢી નાંખી નીચલા ઠરાને સાકર સાથે ખાવો. પેટનો દુખાવો, લોહી, સીમીટ બંધ થશે.

૩૧=મરડા માટે ૫) તોલા હીમજી હરડે ઘીમાં તળવી, અને પાંચ તોલા કાચી લેવી તે બંનેને સાથે ખુંદી તેમાંથી ૦॥ તોલો દીવસમાં ત્રણ વાર ખાંડ સાથે ફાકવી.

૩૨—લોહીના ઝાહદા બંધ પડે—આમલાનો ચુરણ્ણો ૩ તોલાં સહવાર સાંજ ખાવો અથવા આમળાનું ચુરણ ૦। તોલો ઘીમાં મેળવીને ભુખે પેટે રોજ ૩ વાર ખાવું.

૩૩=મરડો સારો થાય—ખસખસ, દીવેલમાં તલેળી હીમજી હરડે, ઘીનો હાથ દઇ સેકેલી વળીઆળી, એલચી દરેક ૦॥ તોલો, અફીણ ૦॥ વાલ એનું ચુરણ ૦। થી ૦॥ તોલા ચોખાના ધુવણમાં રોજ ૩ વાર ખાવું.

૩૪=મરડા માટે—ખસખસ અઢી તોલા ખોખરી કરવી તેના ઉપર ૨૦ તોલા ઉકળતું પાણી નાખી ઢાંકવું, ઠુંડુ પડે ને ગાળી લેવું. તેમાંથી બે તોલા પાણી સાકર સાથ રોજ ત્રણ વખત પીવું.

૩૫=ઝાડા, મરડો, મીઠી પીસાબ—એ માટે બાવળના ગુંદરનુ પાણી પીવામાં લેવું અથવા બાવળના ગુંદરના પાણીનું સરબત બનાવીને પીવું.

૩૬=ઝાડા વાટે લોહી—ગુંદરનું પાણી પીવામાં આપ્યાથી ઝાડા વાટે પડતું લોહી અટકે છે.

૩૭=રક્તાતિસાર, લોહી સાથના ઝાડા—બાવળના કુમળા પાનનો રસ ૧) તોલો, મધ ૧) તોલો, દુધ તોલા ૫), ઘી ૧) થી ૫) તોલા મેળવીને પીવાથી બંધ થાય છે.

૩૮=બાળકને અતિસાર—બીલ્લાંનો ગર, ધાવરી, વાળો, લોધર, પીપર, સંભાગે મેળવીને ભુકો કરી તેમાંથી બે વાલ દીવસમાં ૩ વાર ખવાડવું,

૩૯=સંગ્રહણી માટે બીલ્લાનો ગર, સુંઠ દરેક ૦। તોલો, ગોળમાં મેળવી દીનમાં ૩) વાર ખવાડવું.

૪૦=લોહીના ઝાડા અટકે—બોરડીની લાખ તોલો ૦। થી ૦॥ મધમાં ચાટે તો રક્તસ્રાવ અટકે, અથવા બોરડીની અંતર છાલ તો. ૦। અથવા ૦॥ વાટી દહી તથા સાકર સાથે ખાય તો લોહી બંધ થાય.

૪૧=અતિસાર માટે—ભોંડીનું મુળ ૦। તોલો, કાંસકીનું મુળ ૦। તોલો ઘસીને રાહાલ બેઆની ભાર અને સાકર સાથે ખાવું.

લોહીનું પડવું—કોઇ વાર ઘણાં મરચાં ખાવાથી લોહી નરમ પડે છે.

૪૨+૪૩—મરડો—દુધ ગરમ કરી તેમાં લીંબુનો રસ નીચવવાથી પાણી છુટું પડે છે તે પાણીમાં સાકર નાખી પીવાથી મરડો સારો થાય છે.

૪૪—મરડો અને ઝાડા માટે બાવળની પાલીનો રસ અથવા છાલની ચાહ પીવામાં આવે છે. બાવળના છાલનો ઉકાળો પીચકારી તરીકે વાપરવાથી પરમો વગેરે બીજી બીમારીને ફાયદો કરે છે.

ઝાડાનું દરદ મટે, મરડો મટે—કુમળાં બાવળના પાતરાંનો રસ ૪) તોલા ત્રણ દીવસ સુધી દહાડામાં ૩ વાર પીવો.

૪૫—મરડો, ઝાડો—એને માટે બાવળની કુપળને પાણી સાથ છુંદીને તેનો રસ પીવામાં આપે છે. અથવા પાંદડાના ઉકાળાની પીચકારી સફરામાં મારે છે.

૪૬—ઝાડા છુટવા, મીઠી પીસાબ—ઝાડા છુટે તથા મીઠી પીસાબ હોય તે માટે પાંચ તોલા બાવળની છાલનો ઉકાળો દીવસમાં ૩ વાર પીવો.

બાવળની છાલ ૪ તોલા, પાણી શેર ૧। એને ઉકાળીને ગાળી નાખવું એટલે ઉકાળો બને છે.

૪૭—મરડો, આમવાયુ માટે—અરડુસાના પાન અને સાકર અંકક તોલો ૯૪ દુધમાં ઉકાળી રોજ બે વાર પીએ.

મરડો—અતિસાર—રકતાતીસાર.

૪૮—આકડાના મુળની છાલ ૧૬) ભાગ, જીરૂ ૮) ભાગ જવખાર ૪) મોથ ૮) અરીણ ૪) ભાગ એની ગોળી બે રતીની બનાવે. ૧) ગોળી રોજ ત્રણવાર લીએ. સરૂઆતમાં દીવેલનો જુલાબ લેવો. આખા સીવાય બીજું કાંઇ ખાવું નહી.

૪૯—લોહીવાળા ઝાડા અને મરડા માટે અડુસાના પાનનો રસ ઘણો સરસ ઇલાજ છે.

૫૦—કડાની છાલ જેવું બીજું દેસી ઔષધ મરડાનું લોહી બંધ કરવા માટે એકબી નથી. (ઇપેકેકયુના જેવું કામ કરે છે.) કડાના ઝાડની છાલ તે કડાછાલ, તેના બી તે ઇંદ્રજવ એમાં કોઇબી નુકશાન કરતા ચીજ નથી; નાના બાલકને આપે તો અડચણ નથી. કડાછાલનો ખાર વધુ ગુણ આપે છે.

૫૧—આ ઇલાજો બાલકો માટે રામબાણ ઉપાય છે. એનો ઉકાળો બનાવી દવા તરીકે પીવાએ.

૫૨—વડના કુમળા પાન (કુંપળો) સાકર સાથ ખાએ.

૫૩–કોડીઓ લોબાણ અને અફીણ સંભાગે ૧) વાલ ચુરણ ખાય. અથવા એ બધેને ગરમ કરે, એક રસ થાય ત્યારે ૧) વાલની ગોળી બનાવી ખાય.

૫૪–જાયફળ, જાવંતરી, કેસર, અફીણ સંભાગે ઉમરાના દુધમાં ચણોટી જેવડી ગોળી બનાવી ખાએ.

૫૫–કાળા ધતુરાના બીની સજીવણ રાખ (એટલે કાયલો) ૧) વાલ મધ સાથ ખાય તો સોજાવાળો અતિસાર મટે.

૫૬–બે તોલા આદુને ચીરવું વચમા ૨) વાલ અફીણ મુકવું. કુટપાતની રીતે પકવવું તેનું ચુરણ બે વાલ રોજ બે વાર આપવું.

૫૭–મરડાસીંગ, હરડે હીમજી, વરીઆળી, સુંઠ સેકીને સંભાગે ચુરણ કરે. મોટા માણુસને પથી ૧૦) વાલ તેમાં દીવેલના ૧૫) ટીપા મેળવી ગરમ પાણી સાથ આપે રોજ ૩) વાર. લોહી સાથના ૫૦) ઝાડા રોજ આવતા હોય તેબી અટકે.

૫૮–ઘી રૂા. બે ભાર, મેઠી રૂા. ૦।। ભારને કાદવના વાસણમાં વધારવી તેમાં ૫) શેર છાસ વઘારવી, જુના (૪ વરસના) ચોખા ૧૦) તોલા તેમાં નાખી ખીર બનાવે. તેમાં જીરું, હળદર, સંચળ ૦। તો. દરેક નાખે. રોગીને એ ખીર સીવાય બીજું કાંઇ ખાવાનું આપે નહી તો ૭) દીનમાં સંગ્રહની મટે.

૫૯–હીંગ, કાડો, તુળસીના લીલાં પાન, અફીણ સંભાગે એની મગ જેવડી ગોળી કરે ૨) ગોળી દીનમાં બે વાર આપે સરૂઆતમાં ગરમ દુધ સાથ દીવેળનો જુલાબ લીએ.

૬૦–મોચરસ ૦।। તો. દહી સાથ ખાય.

૬૧–ઇસબગુળ, વરીઆળી, હીમજી હરડે કાદવના ઠીકરામાં સેકે ૮) વાલ ચુરણ રોજ ૩) વાર ખાય.

૬૨–સંગ્રહણી માટે કોઈ ઇલાજ લાગુ ન પડે તો નીચે મુજબ કરવો. હીંગ, રૂમી મસતકી, ગુગળ એકેક માસો, અફીણ ૪) રતી, ખારક બે લેવી, ખારકને દુધમાં ભીંજવી રાખવી ઠળીઆ કાઢી નાખવાં તેમાં ઉપલું ચુરણ ભરવું. ઘઉનો લોટનું તે ઉપર ચઢાવી છાણાના અંગારમાં બાફવું તેની મગ જેવડી ૨) ગોળી સવારે દહીના મઠા સાથે ખાય. દવા ખાધા પછી ૧) કલાકે ૧] તો૦ માખન દરદીને આપવું.

૬૩–ગળો સત્વ, ૧) વાલ ગુંદર ૨) વાલ મોરથુથુ ૧ રતી. એની ૬) ગોળી બનાવે ૧) ગોળી દર ૩) કલાકે ખાય.

૬૪–શુઅરનુ દુધ દુટીએ ચોપડવું, ફુલ્લા ઊંડે, અગન બળે તો ઘી ચોપડવું મરડો, સંગ્રહણી અટકે.

૬૫–સુંઠને ઘીમાં સેકી રાતી કરે, સભાગે સાકર મેળવી ૦॥ તો. ખાય તો ચમતકારીક ફાયદો થાય.

૬૬–ખુચ જે બાટલીઓ ઉપર મારે છે તેની કાલી રાખ બે વાલ દહીં સાથ ખવાડે, લોહી, પરૂ પડતા ભયંકર મરડો સારો થાય

૬૭–સુંઠ અને ગોળ ખાવાથી, આમ, (જળાસ) મટે.

૬૮–આ [illegible] મરડા માટે, સુંઠ, જાયફળ સભાગે ૨) થી ૪ વાલ ઘીમાં [illegible] મધ સાથ ખવાડે.

૬૯–[illegible] ક્રોટા આરોમેટીકનુ કામ કરનાર ચાક, સુંઠ, હીરાદખણુ, જાયફળ [illegible] ૨) વાલ બાલકને આપે.

૭૦–કસણું ઉભી ચીરે, ૧) રતી અફીણ અંદર મુકી, ગરમ કરેને ખવાડે.

૭૧–અંઘાડાના છાલનો ઘસારો મધ સાથે આપે.

૭૨–સુરણનુ ચુરણ ઘીમાં તળી ખવાડે.

૭૩–વડની વડવાઇ ચોખાના ધુણ સાથ વાટીને છાસ સાથ ખાય.

૭૪–જાંબુ આમળીના પાન ૧) તો. ખાય, આમ, વાયુ મટે.

૭૫–દન્તકાના મીંઠાં દહીં સાથ ખવાડે ઝાડા મટે.

૭૬–મરડો અને લોહી માટે કુમકરા, સાકર, સંગજીરૂં સભાગે. ૦॥ તો. ખાએ.

મસા શરીર પરના ખરે–તલ શરીરપરના મટે.

૧=તલ તથા મસા જતા રહે–ધાણા વાટીને લેપકી કરી મુકવી.

૨=શરીર ઉપરના મસા માટેનો અકસીર ઇલાજ—ચુનો પાન ઉપર લગાડીને તે ઉપર ખાવાનો કાથો ભભરાવી તેના બીડી વાળી મસા ઉપર ઘસવાથી મસો તરત નીકળે છે: પાનનો દાંડો, જે દાંડો પાન ખાતી વેળા કાહાડી નંખાય છે તે દાંડાનો ગુન્હોજ બાહુજ અકસીર છે અને તે મસા ઉપર ઘસવાથી મસો તરત નીકસી જાય છે. મસો નિકળ્યા પછી તે ખાડામાં કાથો, ચુનો મુકે છે. એ ઇલાજ અકસીર છે.

૩+મસા શરીર પરના ખરી પડે––ફટકીને દાંતમાં મેળવીને શરીરની ઉપરના મસાને લગાડે તો મસા ખરી પડે.

૪=મસા શરીરપરના ખરી પડે—કાંદો ૦। તોલો, ફુળવેલો પાપડીઓખાર ૧) તોલો, ચુનો ૧) તોલો મેળવી મસા ઉપર મુકે તો મસો ખરી પડે.

૫+૬—મસા શરીરપરના ખરી પડે—સંચોરો અને કળીચુનો પાણી સાથ મેળવી સળીથી લગાડે.

૭—ખરસવું મટે—મસા શરીરપરના નિકળે—સુરોખાર, ટનકન ખાર, ખડીઓ ખાર એકેક પૈસાભાર, ચુનો ૧) પાઇભાર, મેળવી પાણી સાથે પીછીવતી લગાડે. આ લગાડવાથી અગન બળે છે.

૮—મસા શરીર પરના ખરી પડે—આતસપર ફુલવેલો સંચોરો અને કળીચુનો સંભાગે મેળવવો અને કાંદાના રસમાં મેળવી મસા ઉપર વગાડવો.

૯—શરીરપરના મસા ખરી પડે—મીઠું પાણીમાં મેળવીને લગાડ્યા કરે.

૧૦+૧૧—શરીરપરના મસા સારા થાય—કળી ચૂનો દીન ઉગતે ૧ વાલ ખાય તો મસા જાય. ચૂનો અને સંચોરો પાણીમાં મલમ કરીને લગાડે તો મસા ખરી પડે.

૧૨—મસા, રકતપીત, ક્ષય—શાક અને અથાણા તરીકે ગીલોડાં ખવાય છે. કડવાં ગીલોડાના રોપાનું મુળીયું પાણીમાં ઘસીને પીએ તો ક્ષય, રકતપીત, અને મસાના રોગ સારા થાય છે.

મસા—કડવી ગીલોડીના પાંદડાનો રસ અને ચુનાનો ગાંગડો મેળવી મસા ઉપર દશ મીનીટ લગાડવાથી મસો ઘસાઇ જશે. આસપાસની બીજી જગાએ આ લેપડી લાગે નહી. જો લાગે તો બીજી ચામડી ખરાબ થાય છે.

૧૩—મસા—શરીર ઉપર થતાં ઝાઝા મસા માટે અબેરીનો છોડ જીવતો હોય ત્યારે તેનો કાંટો આતવારે લાવી તે વતી ૧) મસો કહાડે તો બધા મસા નીકળી જાય એવું કહેવામાં આવે છે.

મસા માટે અબેરીઆનો કંદ આતવારે લાવી મસા ઉપર ઘસે તો શરીરપરના મસા નીકળે છે.

૧૪—આકડાનું તેલ મસળવાથી સરીરપરના મસા સુકાઇ જાય છે. ખસ તથા ખરસવું મટે છે.

૧૫—મસા—અઘેડાનો ખાર અને હડતાલ સંભાગે મેળવીને નાના શરીરપરના મસા ઉપર લગાડવાથી તે ખરી પડે છે.

૧૬—શરીરપરના મસા—માથા ઉપર તથા આખા શરીર ઉપર ઝાઝા મસા થાય છે તે માટે ચુનો અને કાથો ખાવાના પાનમાં

મુકીને તેની બીડી બનાવવી તે બાડી મસા ઉપર ઘસવી. તેથી તરત મસા નીકળી જાય અથવા કેલસીઅમ સલ્ફાઇદની ગોળી ૦। ગ્રેન વાળી એક રોજ ખાવી.

૧૭=૧૮–મસા–મસાની ઉપર કાંદો ઘસવાથી મસા ખરી પડે છે.

૧૯–ચુકનદરના પાતરાં, અથવા ખુરખાનનાં પાતરાં શરીર પર ઘસવાથી મસા ખરી પડે છે.

૨૦–મસા ખરી પડે–ચીત્રા, ટનકનખાર, હળદ, ગોળ, સંભાગે મેળવી લગાડે.

૨૨–તલ તથા મસા જતા રહે–ધાણા વાટીને લેપડી મુકવી.

૨૩–શરીર પરના મસા અને તલ માટે–ચુનો અને સાજીખાર પાણીમાં વાટી ચોપડે તો શરીરપરના તલ તથા મસા ખરી પડે છે.

૨૪–શરીરપરના મસા ખરી પડે—ફુલવેલો સંચારો ૧) તોલો, કળીચુનો એક તોલો, પ્યાજ ૬) તોલા મેળવીને મસા ઉપર લગડયા કરવું.

શરીર ઉપર તેમજ નાકમાં, જીભ ઉપર, હોઠ ઉપર અને સફરામાં ચામડી ઉપર અંકુરો ફુટે છે તેને ખેરવી કાઢવાના ઇલાજો.

૨૫–અઘેડાનો ખાર પાણી સાથ લગાડવો.

૨૬–હરતાળ અને અઘેડાનો ખાર મેળવી લગાડવો.

૨૭–આકડાનું દુધ લગાડીઆ કરવાથી, મસો બળી જશે.

૨૮–ચુનો, સાજીખાર, પાણી સાથ લગાડવો.

૨૯–ફટકડી, એરડીઆમાં મેળવી લગાડવી

૩૦–મસા નાકમાં—પીપર, ધુમાડાની મેંસ, દેવદાર, દુધ, સીંધાલુણ, અંઘેડાના બી, દરેક ૦। તોલો, તેલ ૨॥ તોલામાં ઉકાળી તેલ બનાવ લગાડવાથી નાકના મસા દુર થાય.

હરડાં બેહરાં, ૦। તો, સુગરલેડનું પાણી ૧૫ તો, અરીઠુનો અર્ક ૨॥ તો, મેળવી મસા ઉપર લગાડે. એસીડ લેકટીક અને ગલીસેરાઇન તલપર લગાડે. કાગળની બીડીનો ધુમાડો ૦। કલાક સુધી મસા પર લગાડે.

તલ અને શરીરપરના મસા માટે, એસીદ લેકટીક અને ગલીસેરાઇન સભાગે મેળવી રોજ બે વાર લગાડે.

મંતરથી દરદ દફે થાય.

(ભંતર) મંતર, તંતર, અને જંતરથી દરદો સારા થાય છે. જંતર એટલે કાગળ ઉપર હીસાબી આંકડા લખીને તે શરીર ઉપર બાંધીને દરદને હટાડવું તે.

મંતર—એટલે ખોદાનું નામ ઇયાદ કરી દરદને દફે કરવું તે.

તંતર—એટલે દગવીદયા, ખેલ કરીને, અખતરા કરીને, દગાઇ કરીને, દરદીની રૂખ સાચવીને તેના મન ઉપર જોઇતી અસર કરીને દુખ સારૂં કરવું તે.

આ ઇલાજો આગલાં વખતમાં બહુ ચાલતા હતા, જે આ જમાનામાં તદન નરમ પડી ગયા નથી. કેળવાયલાં મગજનો હગે એવા નવી ધપના ઇલાજો ચાલુ છે.

માકડી-દાઢીપર કોહાવાત.

૧=માંકડી—સફેદ ફુલવાળા ધંતુરાનો રસ લગાડે અથવા પાંનરાં ઋુંદીને બાંધે તો માંકડીના ફુલી સારી થાય.

૨=માંકડીની ફુલી—ચુનો અને લીંબુનો રસ લગાડવાથી માંકડી સારી થાય છે.

૩-માંકડીના ફુલ્લા માટે—હળદર અને દીવેલનો ખોળ પાણીમાં વાટી લગાડવું.

૪-માંકડીના ફુલ્લા માટે—લીંબુનો રસ અને તેલ મેળવી લગાડે તો સારૂં થાય છે. (જુઓ "દાઢી ઉપર કોહવાત")

માથાનો ખોરો-નિખ.

૧-માથાનો ખોરો—કાંદાની કાચી દાલ માથા ઉપર મસળવાથી માથાનો ખોરો નીકળી જાય છે, વાળ બહુ સુવાળા થાય છે. કાચા કાંદાની દાળ ચામડી ઉપર મસળવાથી ચામડી સુવાળી થાય છે અને તેજ વધે છે.

૨-માથામાં ખોરો તથા ફુલ્લી—જુના ચામડાની રાખ દીવેલમાં મેળવી લગાડવી.

૩-ખોરો અથવા માથાના ફુલ્લા—ધાણા સરકામાં વાટી માથે લેપ કરવો.

૪—ખોરો માથાનો, ફુલ્લી માથાની—ઘોડાના નખની રાખ દીવલમાં ચોપડવાથી સારૂં થાય.

૫—લીંબુનો રસ માથે ઘસવો.

૬—લીંબોળીનું તેલ લગાડવું.

૭—ભોંય રીંગણીનો રસ બાલ પર મસળવો.

૮—ભાંગરાનો રસ માથે લગાડવો.

જુઓ "જુ" "નિખ"

માથાનો દુખાવો.

માથે ભમરી.

૧—માથાના દુખાવા માટે—સુખડ પાણીમાં પાતલું ઘસી માથે ચોપડવું. તે સુકાઈ જાય અને તરત ફરી ચોપડવું. ઘણીવાર સુકાવાથી ગરમી ચુસાઈ જઈ માથાનો દુખાવો નરમ પડે છે. આવી રીતે ઘણી વાર મુકવાથી તે બરફની ગરજ સારે છે.

૨—માથું દુખવું—સેદરડીનાં પાનરાં માથે બાંધવાથી દુખાવો માથાનો નરમ પડે છે.

માથાનો દુખાવો—કીરમાર અને સરકો મેળવી માથે લેપ કરે.

૩—માથાનો દુખાવો વાથી થનો હોય તે માટે—એરંડાનું મુળ પાણીમાં ઘસી માથા ઉપર લગાડીઆ કરે, લેપ સુકાએ અને ઉપર ઉપર લગાડયા કરે.

૪—માથાના દરદો—ઘણી જાતના માથાના દરદો માટે દીવલના પાન ઉપર ઘી લગાડી માથે મુકે તો બહુ ફાયદો થાય છે.

માથાના દુખાવા માટે—કપાસ (નરમાનો) ના પાનનું વટાળીયું માથે બાંધે.

૫=માથાનો દુખાવો ૧૦ વરસનો સારો થાય—કનેરની કળી બે તોલા, બીલામું ૧ તોલો, વછનાગ ૦ા તોલો, તલ ૧ શેર એનું તેલ બનાવી ૭ દીન માથે લગાડે.

૬—માથાનો દુખાવો નરમ પડે—કાકડીની છાલી, બીઆં કહાડી નાખવા. તેના નહાના કટકા કરી અરધે ભાગે સાકરનો ભુકો સાથે મેલવવો. એક કાંસાની થાલીને એક નાંકે તે મેલવેલી કાકડી મુકવી અને થાલી વાંકી વાળી રસ એકઠો થવા દેવો. તે રસનો નાસ લેવો.

૭–રાઇને સરકામાં ચઢાવીને તેનું પ્લાસ્ટર પગને તળીએ લગાડી ૧ કલાક રાખે.

માથું દુખવા માટે પકાવેલા સમુદ્ર ફળનું ચુરણ સુંઘવાથી નીટ નાકમાંથી નીકળે, છીંક આવી માથું નરમ પડે છે.

માથાના દરદ જાય—સા[illegible]ખાર ગાયના માખણમાં ખાવો.

૮–માથાનો દુખાવો–અજીરણ–પેટનો દુખાવો મટે, લોહીનું ફરવું આય–સુંઠ દારૂમાં ઘસી માથે લગાડવી, સુંઠ ગોળ સાથે ખાવી.

માથાનો દુખાવો ૧૦ વરસનો હોય તે મટે—સુંઠ, અરીઠા, પારસ પીપળાના બી, મરા સંભાગે પાણીમાં વાટીને નાસ લેવો.

માથાનો દુખાવો—સુંઠ પાણીમાં ઘસીને માથે લગાડવી.

૯–માથાનો દુખાવો—અરીઠાની છાલ, અથવા આંબાની અંતર છાલ પાણીમાં ઘસી નાસ લેવો.

૧૦–માથું ગરમીનું દુખે અને ઘાત જાય—તો લીલોફળ (નીલો ફળ–કુંપરીનું ફુલ)–કમલનું ફુલ એની ચાહ પીવાથી ફાયદો થાય છે.

૧૧–માથાનો સખત દુખાવો મટે—ખાટું લીંબુ માથે ઘસવું.

માથું દુખે પીતનાતાવનું, તો કોઇની જાનનો સરકો લઈ તેમાં લુગડું ભીંજવી માથે મુકવું, અથવા જળદ સરકો સુંઘાડવો.

૧૨–માથુ દુખે, (પીતનાતાવનું,) ત્યારે સુખડનો પાણી સાથે ઘસારો કરી માથે લગાડવો.

૧૩–માથાના અનેક દરદો માટે—તીફળાનું ચુરણ ાા તોલો મધ ઘી સાથ ચાલુ લેવું.

૧૪–પીતના માથાના દુખાવા માટે—તકમરીઆનો લુઆબ સાકર સાથ આપવો.

૧૫–કફના માથાના દુખાવા માટે—પીપરીમુળના ગંઠોડાનું ચુરણ ગોળ સાથ આપવું.

૧૬–સર્વ પ્રકારના માથાના દુખાવા માટે—જેઠીમધ ૪) વાલ, વછનાગ ૧) વાલ એનું ચુરણ ૧) રતી સુંઘવું.

જીવડાને લીધે માથાનો દુખાવો હોય તો નાકે ટરપેનટાઇન લગાડવું. કીડા નીકળી પડશે. લીમબોળીનું તેલ સુંઘવાથી એવોજ ગુણ છે.

૧૭–માથાના દુખાવા માટે—જળદ ચાહમાં ૧) આખા લીંબુનો રસ મેળવી ગરમ ગરમ ચાહ પીવી.

૧૮–સુંઠને પાણીમાં ઘસી નાસ લેવો.

૧૯–ઓરડીનું મુળ અને પીપર ઘસી કપાળે લગાડે.

૨૦–કેળની કુંપરનો રસ માથે લગાડે.

૨૧-માથાનું દરદ મટે—૦। તોલો કાળીમુસળી કોપરાં સાથ ખાય.

૨૨=કાઈપી જાતનું માથું દુખતું નરમ પડે—સુંઠ, કેસર, અને સાકર સંભાગે મેળવી તે ચુરણ માસા એને ઘીમા મેળવીને સુંઘવું.

૨૩=મગજની ગરમી મટે—વછન વેલાનો જમાવેલો રસ ટાળવા પર મુકે.

૨૪-મગજે તરી રહે—ગાયના માખણ સાથે સુનામખી ખાવી.

૨૫=ગરમી અથવા પીત થવાથી માથું દુખે	તે માટે સુખડ પાણીમાં ઘસી માથે અને પગને

તળીએ વારંવાર લગાડે, પાણી સુકાએને ફરી ફરી લગાડે.

૨૬-માથાનો દુખાવો નરમ પડે—સેવતીના ફુલની બારીક કાતરી કરી પતલાં લુગડાંમાં મુકી માથે બાંધે. અથવા આ ફુલને પાણીમા ભીંજવી રાખી કાદવના વાસણમાં ગારી રાખે, તેના પોતાં માથે મુકે.

૨૭-તાવના દરદીનું માથુ દુખે	તે માટે સરમના ઝાડના પાનનું વરાળીઉં માથે બાંધે તો દુખાવો

નરમ પડે.

૨૮-માથાના દરદો છીંક લાવવાથી નરમ પડે.

આંકડાનું દુધ રાખમાં મેળવી તેનું ચુરણ સુંઘે. આઠમે ભાગે મરી મેળવવાથી વધુ ફાયદો થાય.

૨૯-છીંક આવે—ધોળી કરેણના પાનનું ચુરણ સુંઘે. છીંક બંધ કરવી હોય તો ઘી સુંઘે.

૩૦-પકવેલા સમુદ્રફળનું ચુરણ સુંઘવું.

૩૧-હરીડાનું ચુરણ સુંઘવું.

૩૨-કુકડવેલના દોડવાં પાણીમાં ૧ રાત રાખે તે પાણીના ૨) ટીપાં નાકમાં મુકે તો રસી ગળે અને આધાશીશી, કમળો મટે.

૩૩-છીંક આવે, માથાનો દુખાવો નરમ પડે-કુલીજનનું ચુરણ તપકીરની માફક સુંઘે તો માથાનો દુખાવો નરમ પડે.

૩૪-છીંક આવે—ભોંયરીગણીના ફળના બીનું ચુરણ સુંઘે.

૩૫-છીંક આવે—મરીનું બારીક ચુરણ સુંઘવાથી છીંક આવે છે.

૩૬-છીંકણી—કનેરના મુળનું ચુરણ તપકીરમાં મેળવી સુંઘે તો છીંક ઘણી આવે.

૩૭=માથાના દુખાવા માટે=સાબરસીંગુ પાણીમા ઘસી માથે લગાડયા કરવું.

૩૮=માથાનો દુખાવો મટે—પાનની લેપડી માંથે મુકવી.

૩૯=માથાનો દુખાવો નરમ પડે—

લીંબુની ફાડમાં એક વાલ અફીણ બે વાલ લોબાન અને ૪ વાલ મરી ઘુટેલાં મુકી તેને ગરમ તવાથા ઉપર મુકે. લીંબુનો રસ ખડખડે કે તરત માથે ઘસવો.

૪૦=માથુ દુખે ત્યારે મરી. લુબાન, ચોખાનો આટો, ગરમ પાણીમાં લપડી કરી માથે મુકવી.

૪૧=મસ્તક વાયું માટે—આકડાના પાકેલાં પાન માથે મુકવાં.

૪૨=માથાનો દુખાવો, લવારઃ બકારા સાથનો માટે—આ દરદ માટે ૫ થી ૧૦ અરીઠાંનું ફીણ કહાડી કપાળે અને માથે ચોપડવું.

૪૩=માથાના દુખાવા માટે—આમળાનું ચુરણ ૦। તોલો ઘી અને સાકર સાથ મેળવી સવારસાંજ ખવાડે.

૪૪=માથુ દુખે (ગરમીથી) તો—કાંદો ભાંગીને સુંઘવો.

૪૫=મગજ તરી, માથાનો વેગ જાય—બદામની મીંજ ૧॥ તોલો, ખસખસ ૦॥ તોલો, દુધ શેર ૧॥ માં નાખી ઉકાળો. ૦॥ શેર રહેને તેમાં સાકર ૮ પઇસાભાર નાખી રોજ સુતી વેળા પીએ, જરૂપત થઈ શકે તો અંદર ઘી ૧ પઇસાભાર નાખે.

૪૬=માથું દુખવા માટે–શર્દીના જોરસાથી માથું દુખે ત્યારે ગરમ પાણીમાં મીઠું નાખી પગના તળીઆં સેકવાં.

૪૭=માથું દુખતું નરમ પડે—એક ચપટી મીઠું મોઢામાં મુકી ઠંડુ પાણી પીવું.

૪૮=માથું દુખે તે માટે પીપરમીંટના ફુલ માથે મસલવામાં આવે છે.

૪૯=માથાનું દુખવું—શરદીનું માથું દુખે તો મરી ખાંડી પાણી સાથે મેળવી માથા ઉપર લગાડવું.

૫૦=માથાનો દુખાવો—નગોડના પાનનો બાફ લેવો, પછી તે પાન માથે બાધવાં.

૫૧=માથાનો દુખાવો નરમ પડે–બોરસરીના ફુલનું ચુરણ સુંઘે.

૫૨=માથું દુખવાનું ઘણા લાંબા વખતનું હોય ત્યારે અનંત મુલની સાથ ચોપચીની ખાવામાં આવે છે.

માથું દુખતું નરમ પડે—કાચા તુરીઆનો રસ ગરમ કરી માથે લગાડે તો માથું દુખતું નરમ પડે છે.

૫૩=માથાના દુખાવા માટે—આમલાનો ભુકો ૦। તોલો તેટલીજ સાકર સાથ મેલવી રોજ સવારે ઘી સાથે ખાવો.

૫૪=આમલા, નીળોફળ, કેશરને ગુલાબજળમાં ઘુંટી લેપડી કરી માથા ઉપર મુકવી.

૫૫=માથાનો દુખાવો—જે તરફનું માથું દુખે તે તરફના કાનમાં ઇથરનાં પાચ ટીપાં મુકવાથી દુખાવો તરત નરમ પડે.

૫૬=માથું દુખે—પીતના તાવમાં માથુ દુખે ત્યારે કોઠમડીના રસમાં કપડું ભીંજવી કપાળે મુકવું.

૫૭=ગરમીથી માથાનો દુખાવો, તેનો નવાબી ઇલાજ—સવારના પોહોરમાં ગરમ ગરમ જલેબી ખાવી. કોઇવાર બરફી, પેંડા ખાવાથી માથું દુખતું નરમ પડે છે.

૫૮=માથાનો દુખાવો નરમ પડે—તુળસીના પાતરાંની લેપડી કરી માંથે મુકે; તે સુકાય ત્યારે દુખતું માથું નરમ પડે. આ ઉપાય ઘણો જાણીતો છે.

૫૯=માથાના દુખાવા માટે—નવટાંક કાળી દરાખ, ૦। શેર પાણીમાં ૧ રાત ભીંજવી તેનો રસ કહાડી રોજ સવારે ૫ દીવસ સુધી પીવું.

૬૦=માથું દુખે છે—કોઇ દરદીને કેરબાની માળા પહેરવાથી માથું દુખે છે. મગજે નુકશાન થાય છે. તેવા દરદીએ બનફસાનું સરબત અથવા બનફસાની ચાહ પીવી.

૬૧=માથાનો દુખાવો—એરનદીઆનું મુળ પાણીમાં ઘસીને માંથે લગાડે અને પગના તળીઆમાં ઘસે તો ગરમીથી ચઢેલું માથું ઉતરે.

૬૨=માથું દુખે તે ઉપર કેવડાની જડ પાણીમાં છુંદી માથે મુકવી.

૬૩=માથાનો દુખાવો નરમ પડે—૩ વાલ સુણો અને ૩ વાલ કપુર હાથ પર મસળી સુંગે અથવા નાખમાં લગાડે તો નાખમાંથી રસ નીકળી માથાનો દુખાવો નરમ પડે.

૬૪=માથાના દુખાવા માટે—જાયફળ દુધમાં ઘસી દુખાવાપર લગાડે.

૬૫=માથાના દુખાવા માટે—દુવા ઘાસના રસમાં ચોખા વાટીને માથે લેપ મુકવો.

૬૬+૬૭=માથાના રોગ માટે—તેલની બસતી દેવી. તે રીત નીચે મુજબ છે.

ચામડાંની અથવા લેધર કલોથની દરદીને માથે બેસતી આવે તેવી બંધે બાજુથી ખુલ્લી ટોપી બનાવવી. તે તોપી દરદીને માથે પહેરાવવી. અડદના આટાની સીમીટ બનાવી તે સીમીટ માથાની ચામડી અને તોપીની કોર વચ્ચે લગાડવી. (જેમ કાચની બારીને લાંબી લગાડે છે તેમ) તોપીમાં નાખેલું તેલ બહાર નીકળે નહીં. તેવી રીતે કરવું. પછી માથાપર મુકેલી તોપીની અંદર તલનું તેલ

આસતે આસતે નામવું અને તે પંદર મીનીટ રહેવા દેવું. આ પ્રયોગથી માથાના અનેક દુખાવા નરમ પડે છે. આંખ અને મોઢામાંથી પાણી છુટે છે. ૦૧ કલાક પછી દરદીને ગરમ પાણીથી નહવાડવો આપ્રયોગ સાત દીવસ ચાલુ રાખે.

૬૮=માથાનો દુખાવો મટે—૧૦ વરસની જમરૂખીનું મુળ પાણીમાં ઘસી દુખાવાપર લગાડયા કરે.

૬૯=માથુ ખાલી આવે, માંથામાંથીરસ નીકળે-દારૂ, સરકો, દાડમની છાલ, મધ, નીમક સંભાગે મેલવી ૪ મહીના સુધી રોજ લગાડવું.

૭૦=માથાના દુખાવા માટે—આમળાનું ચુરણ ૦૧ તોલો લઇ ઘી અને સાકર સાથે મેળવી સવાર સાંજ ખાવું.

૭૧=માથું દુખે ત્યારે—મરી કરંજ તેલમાં મેલવી લગાડવું.

૭૨=માથાના દુખાવા માટે—ગળાંપર અને ગરદનપર માટીના પાટા બાંધવા.

૭૩=માથાના દુખાવા માટે, માખણ માથા ઉપર રોજ મસળવું. આથી આંખનું તેજ બી વધે.

૭૪=માથાનો દુખાવો કોઇબી જાતનો હોય તે મટે—લીમડાનાં પાનનું વરાળીયું ગરમ અરધે અરધે કલાકે માથાપર મુકવું.

માથાનો દુખાવો મટે—ઇંડાની દાળ ૪, ઘી નવટાંક. ખાંડ નવટાંક, આ ત્રણેને પકાવી રાત્ર સુતી વેળા ખાએ અને ઉપરથી પાણી પીએ.

૭૫=માથાનો દુખાવો મટે—બકરીના ભેજાને બાફી તેનો બાફ લેવો; અને તે ભેજું ઘીમાં તળીને ખાવું. ૩ દીવસ આ ઇલાજ ચાલુ રાખવો.

૭૬+૭૭=માથે શુળ મારે ત્યારે આમળાનું ચુરણ સાકર સાથ ખાવું.

૭૮=નારાએણ તેલ અથવા ફળધ્રટના ટીંપાં નાખે મુકે.

૭૯=નાક છીકણી (જાળા છીકણ) અથવા કાય ફળનો ભુકો સુંઘે.

૮૦=ચુનો અને નવસાર પાણી સાથ મેળવી સુંગે.

૮૧=બદામનો મગજ ૩) દાણા સફેદ મરી ૨) દાણા ગાયના ઘીમાં કકળાવે અને નાખે મુકે. અને બદામનું મગજ અને મરી દુધમાં ઉકાળી ૩) દીવસ પીએ.

૮૨=સુખરનો વેહેર, વાળો, દીવેલ એનો લેપ માંથે મુકે.

૮૩=માથાનો દુખાવો=ઝામરવા નેત્રીઆંખે ... દેખાય તે માટે પીપળા પરનો વાંદો (એક જાતના ગેપો ઝાડ ... ર ઊગે છે તે) લાવી તેના પાનની લેપડી માથે મુકે.

૮૪=સજોકમથી માથાનો દુખાવો=મરીના દાણા ... વાટે, પાણી સાથ ભુખે પેટે ૨) માસ પીએ,

૮૫=કાચા ચોખામાં ૨) લવંગ વાટી માથા ... લેપ કરે.

ઝામરવા=માથાનો દુખાવો=ચણોઠીનું મુળ પાણીમાં ... સુધીઆ કરે.

૮૬=નગોરના પાન વાટી દુધમાં ખખડાવી માથે મુકે.

૮૭=લીમડાનું છોડું પાણીમાં ઘસી માથે લગાડે.

૮૮=સરદીનું માથું દુખે તે માટે કુતરીઆં પામના પાનનો રસ સુંઘે, છીંક આવે ત્યારે દુખાવો નરમ પડે.

૮૯=માથાનો દુખાવો ૨) મીનીટમાં નરમ પડે=ફેનેસેટાઈન, એનટી ફેબ્રીન ખાવાથી દુખાવો નરમ પડતાં ૧૫) મીનીટ લાગે. પણ નીચલો ઉપાય ચમતકારીક છે, ૨) મીનીટમાં દુખાવો બંધ પડે. નિપાળાના બીજની અંદરની પાંતરી કાઢી નાખે. એવું મગજ ૧૨ ભાગ, કપુર ૧) ભાગ ને પાતાળ જંતરથી તેલ ... સુંઘે.

૯૦=ચીનાઈ સાકરના ભુકાનો ધુમાડો નાખે લીએ.

૯૧=દુખાવો પીટનો હોય તો ૧૦૦) વાર પાણીથી ધોયલુ ઘી માથે મુકવું.

૯૨—જેઠીમધ, ચનદન, ધમાસો દરેક ... ઘી ૩) તો. દુધ ૧૨) તો. એનુ ઘી બનાવી નાખે મુકે. ઘી ... રોજ સવારે ખાય.

૯૩=દરાખ, જેઠીમધ, સાકર એકેક વાલ ... માં વાટે કપડે ગાળે, અને નાકે મુકે. રોજ બે વાર મુકે.

૯૪=નબળાઈથી માથાનો દુખાપો=... એરંડીઆનું મુળ, સુંઠ સંભાગે છાસમાં મેળવી, લેપ કરી માથે મુકે.

૯૫=દરદ વાથી હોય તો અડદના લોટનો નડો રોટલો બનાવી માથે ૧) પોહોર સુધી બાંધી રાખે.

૯૬=ઠરીઆ વગરની કાળી દરાખ ... પાણી આખી રાત ભીંજવી રાખે ગારીને સવારે રોજ પા ... પીએ.

૯૭=તડકાના સબબથી માથુ દુખે ... આકરાનું પાન માથે મુકવું.

૯૮=ચીનાઈ ચાહ પીનારની ભુખ મ... અને માથે દુખાવો અને ભમરી થાય. તે ચાહને બદલે નીચેની ચાહ પીએ તો પીત, વાયુ, સરદીના વ્યાધી દુર થાય.

તુલસી, સરમાણી ઝાડ (લજામણી) આંબો. બીલ્લી, કલાર (બોરીઓ)ના પાનની ચાહ રોજ પીવી.

૯૯=અગથીઆનું ઝાડ (large ilower aghatia) ધોળો અને રાતો બે જાત છે: સીંગ અને ફુલ શાક તરીકે વપરાય છે. આમળીના પાન જેવાં એના પાન છે. ૧) દાખલીમાં ૨૦ થી ૪૦) પાન રહે છે. એનું લાકડું બહુ હલકું અને પોચું છે. જળડી સળી જાય છે, અગસત્ય તારો ઊગે ત્યારે એના ફુળ અત્યંત પેદા થાય છે. એના ફુલનો રસ નાખ મુકે તો માથાનો દુખાવો નરમ પડે. નાખ ઝેરે સરડી મટે.

૧૦૦=કોઇપણ કારણે માથુ દુખે તેમાં માંથાની નસોની નબળાઇ સમજવી. ટાળવે એને કપાળે ના તો. ઘી ઘસવાથી જે ફાયદો થાય તે ૩) શેર ઘી ખાવાથી ન થાય, બદામ લાખો વખત ખાવાથી માથાને જે ફાયદો થાય છે. તે ફાયદો ઘી કપાળે અને માંથે ઘસવાથી તરત થાય છે.

૧૦૧=નાક છીકણી સુંઘે તેમાં અરીઠાની છાલ. નવસાર. તંબાકુ સફેદ મરી, કડવી ઘાંસલી કળી ચુનો એમાનું ૧ ચુરણ હોય છે.

૧૦૨+૧૦૩=કાયફળનું ચુરણ અને મરી પાણીમા ઘસી લગાડે.

૧૦૪=મગજે કરીઆત આવે=ખસખસ ૮) તો. જાયફળ ૧) તો. સફેદ મરી ૮) તો. ખાંડ શેર ૧॥. કમલ બીજ ૮) તો. માવો ૧) સેર બદામ ૮) તો. એલચી ૧) તો. એનો પાક બનાવી ખાય.

૧૦૫=કરેણ નાગરવેલ, મરી, ટોપરાંનું તેલ એનો લેપ લગાડે.

૧૦૬=મજીઠનું પાણી થંડુ પીવું=અથવા એની નગાળ માથે લેવી.

૧૦૭=થંડુગાના પાણાના રસનું ચુરણ અને તેલ માથે લગાડે.

૧૦૮=રામપાણુ ફલાજ=ગળો, કરીઆતુ. ચંદન, ધમાહર, કડુ એઓનો ઉકાળો ગોળ સાથ પીવો. કાનના શુળ આંખના શુળ, માથાના દુખાવા મટે.

૧૦૯–સાધારણ ગરમ પાણીમાં પગ બોળે, અને માથે થંડા પાણીની ધાર ઉંચેથી નાખે પછી ઓઢીને જાય.

૧૧૦–મસતક મટા ઝટ=Head Ache Curo

વચબોક	ગ્રેણ	૩-૯૨
કેફીન	,,	-૯૮
મીલ્ક સુગર	,,	૪-૯૦

એક પડીકું પાણી સાથ ખવાડે.

૧૧૧–માથાનો દુખાવો, ફીટો, કફ — માટે અઘેડાના બીનું ચુરણ સુંઘે.

૧૧૨–વારંમવાર માથાનો દુખાવો ઊડલો મારે તે માટે ઇંદ્ર વારણીનો રસ ૪) તો. તેલ ૧) તો. ઉકાળી તેલ બનાવે અને રોજ માથે લગાડે

૧૧૩–ઇંદ્રિ વારણીના મુળની છાલની ચટણી ૧) તો. તેલ ૪) તો. પાણી ૧૬ તો. ઉકાળે; તેલ બનાવી ઘસે.

૧૧૪–થોડા વજને પાણીમાં ઘસી માથે લગાડે.

૧૧૫–હોજરીના બીગાડને લીધે માથું દુખે ત્યારે ગરમ પાણી પીવાય એટલું પીવું, અથવા ગરમ પાણીની પીચકારી ગુદામાં મારવી અને ત્રીફળાં, જેઠીમધનું સમભાગે ચુરણ ૦। તો. રોજ બે વાર ખાવું, ખોરાક બહુજ સાદો લેવો, જીવવા માટેજ ખાવું, સ્વાદ માટે ન ખાવું.

૧૧૬–થોડા વજ અને સુંઠ સંભાગે બારીક ચુરણ કરે ને સુંઘે તો એકજ વખતમાં વાયુથી અથવા ગરમીથી થતો દુખાવો નરમ પડે,

૧૧૭–બીલી, નગોડના પાન, અજમો, માલ કાંકણી મસળીને તેની રોટલી બનાવી માથે મુકે. અથવા તેની બનાવી માથે સેકે તો તરત દરદ નમ પડે.

ઝામર–માથાનો દુખાવો–દીવેલાના બીજને વાટવાં, દીવેલાના પાનને દીવેલ લગાડે ને ઉપર વાટેલી ચટણી ચોપડે. રોટલાનો આકાર કરે, ને ઉપર દીવેલ લગાડે. દરદીના માથા ઉપર તે રોટલો મુકે. ચટણી માથાને લાગે. અને પાતરૂં ઉપર રહે તે ઉપર પાટો બાંધી ૧૦) કલાક રહેવા દીએ. ૧) અઠવાડીઆ આ પ્રયોગ કરવો. ટાલક ઉપર દીવેલ ઘસીને પછી રોટલો મુકે તો જલદી ફાયદો થાય; પગના તળીઆંમાં દીવેલ લગાડી કાંસાના વાટકાથી ઘસે.

૧૧૮–કાળી મગરાડી બીનવે, લુગડાં પર લગાડે તે ગળે બાંધે.

મીઠી પીસાબ–સાકરીઆ પરમો–મધુ પરમો.

૧=મીઠી પીસાબવાળા દરદીએ ખાંડ વગરની પણ દુધ સાથની ચાહ પેટ ભરીને બે ત્રણ વાર રોજ પીવી. નીકળતી ખાંડ ચાર દીવસમાં ઓછી થાયછે. રસાયણીક પ્રવીણી તપાસતાં તે માલમ પડે છે.

૨—મીઠી પીસાબવાળા દરદી માટે—તલને ઘાણીમાં પીલી થોડું તેલ કહાડી લેવું, થોડું તેલ તલમાં રહેવા દેવું. આ તલના ખોળને ગોળ સાથ મેળવી લાડુ બનાવવા અને રોજ ખાવા. તલના લાડુ ચોક્સ ઠંડી મોસમમા ખાવાનો રીવાજ બહુ લાંબા વખતનો છે અને તે ઠંડી દુર કરવા અને શરીરે ગરમી લાવવાનો વર્ધક હેતુ હોવો જોઇએ. મીઠી પીસાબવાળા દરદીને માટે આ ઇલાજ સસ્તો, સેહેલો અને સ્વાદિષ્ટ છે.

૩=પીસાબ ઘણી વાર થતી હોય=મીઠી પીસાબ હોય—તો ૯ પૈસાભાર કાળા તલ સહવારે નણુને કોઠે ખાવા.

૪=મીઠી પીસાબ માટે આંબાના ઝાડની અંતરછાલનો ઉકાળો નીચે મુજબ પીવાથી મીઠી પીસાબવાળા દરદીની પીસાબ કમી થાયછે. છાલ ચાર તોલા. પાણી શેર એકમાં ઉકાળી ૦। શેર રાખીને પીવું. એમાં ભીલાની એકના કટકા કરી નાંખવાથી એનો ગુણ વધે છે.

૫=મીઠી પીસાબ—આંબાના કુમળા પાંદડાં કાચાં અને તાજા ખાવાથી મીઠી પીસાબવાળાને ગુણ કરે.

૬=સાકરીઓ પરમો—ગળો સત્વ ૩ ભાગ, જેઠીમધ ૫ ભાગ,સુંઠ ૩ ભાગ, પારો ૧ ભાગ, ત્રીફળા ૩ ભાગ, આ પ્રમાણમાં સઘળી ચીજો મેળવી તેમાંથી ચણા જેવડી ગોળીઓ બનાવી એક ગોળી દીવસમાં બે વાર ખાય તો સાકરીઆ પરમો નરમ પડે. તરીફળાં અને પારો પહેલાં સાથે મેળવવાં.

૭=મધુનાશીનો વેલો રજપુતાના તરફ થાય છે, નાગરવેલના જેવાં પણ અણી વગરના એના પાન છે, એના પાન અથવા ડાંખળી ચાવીને મીઠાસ ખાય તો ગળપણ લાગે નહી. ગોળના માટલામાં એનો રસ મુકાય તો ગોળમાં મીઠાશ રહે નહી.

મીઠી પીસાબ માટે—મધુનાશીની દાળી અને પાનનો પાણી સાથ વાટી કાઢેલો રસ બે તોલા રોજ બે વાર ખાધા આગળ પીએ તો ઘણો ફાયદો થાય.

૮=શરીરે શકતી, મીઠી પીસાબ—વડના ઝાડની છાલની ચાહ પીવાથી શરીરે શકતી ઘણી આવે છે અને મીઠી પીસાબવાળા દરદીને ઘણો ફાયદા થાય છે. છાલમા ૧૦ ટકા એસીડ ટેણીક છે.

૯=મીઠી પીસાબ માટે બકરાંની તલ્લીને છરી વતી કાપ મુકી અંદર તીઠું ભરી ભુંજને પંદર દીવસ ખાવામાં લે તો મીઠી પીસાબ-વાળા દરદીને ઘણો ફાયદો થાય છે.

૧૦+મીઠી પીસાબ ને ફાયદો થાય—ચીત્રાનું મુળીઊં, જાયફળ, જાવનત્રી, ધાણા, જીરૂં, સરવે સંભાગે લઇ ચુરણ બનાવે. ૦। તોલો ચુરણ રોજ સવાર સાંજ ખાય, ઉપરથી તાજી છાસ અથવા દુધ પીએ અથવા ગોખરૂ, કાળા તલ, ખસખસ, સુકા આમળા, જાંબુના ઠરીઆનું સંભાગે ચુરણ બનાવી તેમાથી ૦॥ તોલો રોજ બે વાર ખાય.

૧૧=પીસુ (પીસાચી, જે માથેરાન, અને મામલેશ્વર બહુ થાય છે) ના પાન ૦। શેર. કેશર ૦। તોલો એનું ચુરણ ૦॥ તોલો સવાર સાંજ રોજ ખાય અને ઉપરથી છાસ અથવા દુધ રોજ પીએ.

૧૨=મીઠી પીસાબને ફાયદો થાય-પીસનું અથવા પીસાચીનું ઝાહાડ માથેરાન અને મામલેશ્વરમાં ઘણા થાય છે તેના પાનની ચાહ રોજ બે વાર પીવી.

૧૩+મીઠી પીસાબવાળા દરદી માટે-ચણાના ચુલાની રોટી ખાવામાં ફાયદો થાય છે. એમાં સ્ટાર્ચ આટો રહેતો નથી તેથી પીસાબમાં ખાંડનો વધારો થતો નથી.

૧૪=મધુ મરમો, મીઠી પીસાબને ફાયદો થાય—જવની રોટી, અને દુધ સીવાય બીજો ખોરાક લેવા નહી, ઘણા દીવસ આ ઇલાજ ચાલુ રાખવાથી ફાયદો થાય. ૧૫ દિવસમાં તેના ગુણ જણાય.

૧૫=મીઠી પીસાબવાળા દરદી માટે—આમળાનું ચુરણ ૦॥ તોલો દીવસમાં ત્રણ વાર લેવાથી ફાયદો થાય. ખાધેલું અનાજ દરદીના શરીરમાં ખાંડ પેદા કરે છે તેનો અટકાવ થાય.

૧૬=મીઠી પીસાબ માટે—મરઘીનું એક ઇંડું સરકામાં બોળી રાખવું, તે નરમ થાય ત્યારે ફોટલાં સાથે આખું ઇંડું દરદીએ રોજ સવારે ભુખે પેટે ખાવું.

મીઠી પીસાબ માટે મધુનાસીના વેલાનો ૦॥ તોલો રસ ખાધા પહેલાં રોજ દરદી પીએ.

૧૮=મીઠી પીસાબ, પીસાબે પથરી—એ માટે અકસીર ઇલાજ છે. સરફોકા, સાથરા, કાસની એકેક તોલો, બનફશાહ, જુફા, કરીઆતુ, જેઠીમધ, રાજનશ, સુરીજન, મોટા, વરીઆળી, સાદજીરૂં, બેહેદાની છાલ, ગલો, કાળી દરાખ, ઉસને ખરદુસ, દારૂહળદર, મોટી હરડેની છાલ, ધાણા, ચોપચીની, ચીનીકબાલા, નાગર મોથ, આમળાની છાલ, દરેક ૦॥ તોલો, સીપીસતાન, ઉનાબ, દરેક બાર દાણા પાણી ૪ શેરમાં ઉકાળી અરધુ બળે ને પાણી ગાળી લેવું.

ખુછાને ફરી પાણી ખશેર પાણી સાથે ઉકાળી ૧ શેર પાણી રહેવા દેવું, આ બધે પાણીને ઉકાળો ા શેર રાખવું. તેના ૩ ભાગ બનાવી રોજ ૩ વાર પીવું, એનો સામટો અરક બની શકે, તે રોજ પાવાથી બહુ મોટો ફાયદો થાય છે. આ નુકશો અસરકારક છે.

૧૯=મીઠી પીસાબ માટે-લોબાન ફુલ વાલ ૧ થી ૨ જમવા પહેલાં તરત લેવાં. ખાંડ ખાવી નહીં. (Boston Medical Journal) ખાવાના વખત સીવાય કવખતે કોઇ ચીજ ખાવી નહીં.

૨૦=મીઠી પાસાબ ——રૂના ઝાડની અંતર છાલ ૪ તોલા પાણી એક શેર એને ઉકાળી ા શેર રાખી ૩ વાર પીવું.

૨૧=મીઠી પીસાબ માટે——મીઠાને પાણી સાથે મેળવીને પાવાથી પીસાબ ઓછો થાય છે. અને ખાંડમાં ઘટાડો થાય છે.

૨૨=મીઠી પીસાબ માટે——લાલ એરંડીઆના મુળ બે તોલા, ધાણા બે તોલા, પાણી ૪૦ તોલાને ઉકાળી પાંચ તોલા પાણી રહે તે રોજ સવાર ભુખ પેટે પીએ.

૨૩=મધુ પ્રમેહ માટે ૨) વાલથી વધારે સીલાજીત દુધમાં પીવો.

૨૪=સાનડાની છાલનો ઉકાળો મધ સાથે રોજ પીવો.

૨૫=વડ, જાંબુ, ઉમરો, પીપળો આંબો, અરડુસો, ગરમાળો કરંજ આ વૃક્ષમાંથી જેટલાની છાલ મળે તેટલાનું સમભાગે ચુરણ બનાવી, તેમાં હરડે બેહેડાં આમળાનું ચુરણ સરખે ભાગે નાખી ા તોલો ચુરણ રોજ ૩ વાર મધ સાથે લેવું.

૨૬=પીપળાની ટીસી, કુમળાં પાન, છાલ. અથવા ટેટી જે મળે તેની ચાહ બનાવી બે વાર પીવી.

૨૭=હરણની લીંડીનું ચુરણ અથવા હરણનું મુત્ર ખાવામાં લેવું. હરણના શરીરપરની હવા લેવી; હરણ વસતાં હોય ત્યાં દરદીએ રહેવું.

૨૮=સાબર સીંગાની ખાક ા વાલ આદુના રસમાં દરદીએ રોજ ખાવી.

૨૯=મીઠી પીસાબવાળાં દરદીને વાલની પાપડી અને ઘઉંની રોટી ખાવાથી ઘણો ફાયદો થાએ છે.

૩૦—દરદી ને ચાવલ આપવાની મના છે, અનાજ અથવા જમીન માં નો કંદ જેમાં—સ્ટાર્ચ હોય તે ખાવાની મના છે કારણ કે તેથી શરીરમાં ખાંડ પેદાથાય છે. આ દરદીને નુકસાન કરે છે મોઢાની લબ અને સ્ટાર્ચ સાથે મળેતા ખાંડ પેદા થાય છે એજ સબબથી રોટી અને અનાજ જેમ બહુ ચાવીને ખાઇએ ત્યારે તેમાં મીઠાસવધુ લાગે છે

૩૧—દરદીને જવના સાથવો ખાવો, જવને સેકી ને લોટ બનાવી ખાવો ફાયદા કારક છે

૩૨—લસણ ા થી ૧ તો૦ રોજ દાળમાં, સાકભાજીમાં કે ઘી માં તળી ને ખાવો બહુ ફયદા કારક છે

૩૩—ધ્ંગોરીઆ (Dolil) પાકા ફળ ને ૩ દીન પાણીમાં બીજ વવા તેના માંવાનો એક સ્ટ્રેક્ટ બનાવી તેની ાા વાલની ગોળી કરે એક ગોળી દર ૩ કલાકે લેવી.

૩૪—કેસુદાનો અર્ક ૫ તોલા રોજ ૩ વાર પીવો.

બનાવવાની રીત—કેસુદા—ખાખરાના લીલાફુલ ૧૦ શેર જો સુકા હોએતો ૫ શેર ને ૧ દીન બીજવી રાખવા પછી બાફવા તેને નીચવી ને કુચા કાઢી નાખવા, પાણીને જંતરથી ગાળવું, પરહેજની જરૂર નથી થોડ દીવસે મીઠાસ વાળા પકવાન જરૂર ખાવા કેવદાનો અર્ક, ધ્ંગોરીઆની ગોળી, બકરીનુ દુધ આચીજો એકેક કલાકને અંતરે ચાલુ લીએતો ઘણો ફાયદો થાય.

હલકી કસરત અથવા ચાલવાની કસરત રોજ કરવી

૩૫—નાળીએરનો ખોરાક વધુ લેવામાં દરદીને ફાયદો છે.

૩૬—કાળ કસોટીની છાલની ચાહ પીવી.

૩૭—આવળના મુલની છાલ, ગંધક એકેક તોલો અર્શીણુ, ાા તોલો સલાજીત ાા તો. એનુ ચુરણુ ૧] વાલ લેવું, ઉપરથી બાવલની છાલ ની અથવા જાંબુના ઠરીઆની ચાહ પીવી. મીઠાસ ખાવો નહીં.

૩૮—ત્રિફળાં, કાળીપાટ, મોથ, વાંસનાપાન એઓનું ચુરણુ ાા તો મધ સાથ લેવું. ખોરાકમાં છાસ વધુ આપવી. પીસાબ ઓછી થવામાં અજાબ જેવો ફાયદો થાય છે.

૩૯—મધુનાસી નામની જડ જે મોંઢામાં રાખે, ચાવે, અને પછી સાકર ચાવે તો ગળપણુ લાગે નહીં. મીઠી પીસાબ માટે એ અકસીર છે: અર્શીણુ ને ઝેહરનેબી એ મારે છે

૪૦—મધુનાસી. (ગુડમારી=નોરાપાત) ૨, માસા, જાંબુના ઠરીઆ ાા તો. ગળાજ ાા તો રોજ બેવાર ખાએ.

૪૧—જંગલમાં ચરતાં બકરાનું દુધ નવટાંક દરેક કલાકે પીવું. જાત જાતનાં જુડીઓ બકરાંઓ જંગલમાં ખાય તેથી તેના દુધમાં અને ખાસ ના મુતરમાં દૈદક ગુણુ છે.

૪૨—અળગા ખાવાથી દરદીને ઘણો ગુણુ થાય છે. સ્ટાર્ચવાળા ખોરાકથી શરીરમાં જે ખાંડ ઉત્પન્ન થાય તેનો અટકાવ એ કરે

૪૩—તાંસળા પાનનો રસ પીવો, અથવા કુમળાં પાનની ભાજી બનાવી ને ખાવી.

૪૪-મીઠી પીસાબ તપાસવાની રીત-કાચની નળીમાં દરદીની પીશાબ નાખે; તેમાં મોરથુથુંના પાણીના ટીપાં નાંખે, પછી લાઇકર પોતાસના ટીંપાં નાખે તો પીસાબ લાલ થાય. થોડો વખત પછી એ લાલ રંગ ઊડી જાય, જો તે પીસાબ ગરમ કરે તો રંગ લાલ પાછોથાય.

કાચની નળીમાં દરદીની પીસાબ મુકે, તેના અરધા ભાગે લાઇકર પોતાસ ઊમેરે, નળી ગરમ કરે તો પીસાંબનો રંગ ભુરો પોર્ટવાઇન જેવો થાય.

મુત્ર કચ્છ-પીસાબ વારંમવાર છુટે-ગુરદાના દરદ.

૧=મુત્ર કચ્છ માટે--દુધમાં ગોળ મેળવીને પીવું.

૨=મુત્ર કચ્છ માટે--તાડનું મુળીઉ ચોખાના ધોવણમાં ઘસી પીવું.

૩=મુત્ર કચ્છ માટે—તાંદલીઆની ભાજીના મુળનો રસ ૦। તોલો વાસી પાણીમાં અથવા ચોખાના ધુણુમાં પીવો

૪-મુત્ર કચ્છ—આંકડાના ફુલ છાયામાં સુકવેલાં ૧) એક શેર, જીરૂં ખંભાટી ૦। શેર એની ફાકી ૦। તોલો વાસી પાણીમાં અથવા ચોખાના ધુવણમાં પીવી.

પ-મુત્ર કચ્છ માટે—ચોમાસાના દીવસોમાં વાડામાં કુત્રી નામનુ કુત્રી ઘાસ થાય છે તેના બીજનું (ઝુમખાનું) ચુરણ ૦। તોલો લઇ છાસની સાથે પીવાથી દરદ તરત નાશ પામે છે.

૬-મુત્ર કચ્છ માટે—ગોખરૂંનો ઉકાળો તેમાં ૨) વાલ ગુંગળ નાખી પીવામાં લેવું.

૭-મુત્ર કચ્છ સારો થાય—પીસાબ છુટે—જીરાં સાથે જુનો ગોળ ખાવો.

૮-મુત્ર કચ્છ નાટે અકસીર ઇલાજ—પાખન ભેદ, પીપર, તજ, એલચી દરેક ૧।। તોલા લઇ ચુરણ કરવું. ૬) તેલા ગોળ ગરમ કરવો તે રસ જેવો થાય તેમા ઉપલુ ચુરણ મેળવી ૧૪) ગોળી બનાવવી. ૧ ગોળી ચોખાના ધુણુ સાથે રોજ ખાવી.

૯-મુત્ર કચ્છ માટે—૧ તોલો જેઠીમધ દુધમાં ઉકાળી પીવું.

૧૦-મુત્ર કચ્છ માટે—ગલોનો સત્વ મધ સાથ ખાવો.

૧૧=પીસાબ ઘણી થતી હોય તો—૧) તોલો આદુનો રસ, સાકર સાક્ષે મેળવી દીવસમાં બે વાર પીવો,

૧૨=પીસાબ પણી થાય તે માટે—જુવાર (અનાજના દાણાનો આટો ૧) શેર, ઘી ૦॥ શેર, ખાંડ ૦। શેર. એનો લાડુ બનાવી સવાર સાંજ દરેક વેળા ૦। શેર ખાવો.

સોમ રોગ એટલે પીસાબ વારંવાર થાય તે માટે—ભીંડાના બી, ગળોના સત્વ, તાલીમખાનાના બીજ દરેક ૦। ૦। તોલો લઇ દુધમાં ઉકાળી પીવું.

૧૩=પીસાબ ઘણી થતી હોય ત્યારે બે આનીભાર ફુલવેલી હીરાકસી મલાઇ સાથ બે વખતજ ખાય તો ફાયદો થાય.

૧૪=મુત્ર કછ મટે } પીસાબ તરત છુટે— } કુત્તરીઆં ઘાસના ઝુમખાનું ચુરણ ૦॥ તોલો છાસ ૦। શેર સાથ ખાય.

જુઓ "ગુરદાના દરદો" "પેસાબ છુટે"



મોતીઓ આંખનો—આંખના દરદો-

૧=મોતીઓ આંખનો—ખાપરીઉં: બરાસ કપુર, સુરમો, પોરતું-ગલની તપકીર, હીમજી હરડે સંભાગે લઇ, ખુબ પાસીને તેની લુગદી કરે. તેને એરંડાના પાનમાં વીંટાળી સુતરથી બાંધે, તે ઉપર બે આંગળ મટોડીનું થડ કરે. લુગડી સુકાવા પછી ૪ છાણાના દેવતામાં પકવે, લાલ અંગારા જેવી લુગડી થાય તેને બહાર કાઢે તે ઠંડી પડે ને અંદરથી માખણ જેવું અંજન કાઢી લેય. આ અંજનથી આંધળાને બહુ ફાયદો થાય છે.

૨=મોતીઓ આંખમાં પાકે નહીં—આંખમાં મોતીઆની શરૂઆત થતાંજ બે તોલા વજનની સુંધીની એક હરડેમાંથી ૦। તોલો લઇ તે મોઢામાં રાખી રાત્રે સુવું, અને તેનો રસ ગળવો. આ મુજબ એક માસ સુધી કરે તો મોતીઓ અટકે છે.

૩=મોતીઓ આંખનો—નેહાનના પાતરા છુંદી તેની લેપડી આંખ પર રાતરે અને દીસે ઘણા દીવસ બાંધે તો આંખનો મોતીઓ ખસે અને આંખે દેખાવા લાગે.

૪—આંખનો મોતીઓ—કાળા સાપની ચરબી અને પાણીમાં ઘસેળી નીરમળીને મેળવી આખમાં લગાડવાથી તરતનો મોતીઓ કપાય છે.

૫—આંખના મોતીઆનો ઉપાય—સહરૂ થતા આંખના મોતીઆના ઇલાજ તરીકે સારી જાતની મોટી હરડે તોલો ૦॥, સાકર તોલા ૦॥, વાટીને રોજ સહવારે ભુખે પેટે ફાકવું અને પાણી પીવું. ૧ મહીના

સુધી આ ઇલાજ ચાલુ રાખવો. ઘણા વૈદો આ ઇલાજની ભલામણ કરે છે.

૬–આંખને મોતીઓ—સમુદ્રફીણને પાણીમાં વાટી તેના ફડકા આંખમાં રોજ મારવા.

૭–મોતીઓ તથા આંખના ઘણા દરદોને ફાયદો આપે—ખાપરીઉં, ચીનાઇ ભાકર, હરડે હીમજી સરભાગે લઇ ૭ દીન ખરલ કરી, તે આંખ રાત્રે સુતી વેળા રોજ આંજે તો આંખના દરદો નરમ પડે.

જુઓ "આંખના દરદો"

મોંઢાનિ બદબો–મોંઢાનિ લબ–મોંઢાપર કાલાસ.

૧–મોંઢાની વાસ બંધ પડે—૩ ભાગ ઉપલેટ, ૨) ભાગ પાપડીઓ ખાર મેળવી દાંતે ઘસે.

૨–બાળકનાં મોંઢામાંથી વાસ નીકળે તો હરડે અને બદામ ઘસીને ચટાડવી.

૩–મોંઢાપરના ચાઠાં નીકળે–કાળી [illegible] દીવેલમા ઘસી લગાડવી.

૪–મોંઢાના બદબો મટે, [illegible] વધે—આદુ સાથે સુનામખી ખાવી.

૫–મોંઢાની ગંધ જાય—સાકરખાર [illegible] ખારકના પાણી સાથે ખાવો.

૬–આગરૂ—બચ્ચાંને મોંટે આગરૂ હાય તો હરડે અને બદામનો ઘસારો પાવો.

૭–મોંઢામાંથી લબ નીકળે તે [illegible] થાય—બોયરીંગણીનાં સુકાં પાનનો [illegible] પાણી સાથે પીવો.

૯=મોંઢા [illegible] કાળાસ મટે—[illegible] સુંવાળી થાય—ચાણાના આટાને પાણી સાથે મેળવી મસળવાથી મોંઢાની ચામડી સફાઇ પકડે. કોલ્ડ ક્રીમ લગાવવું પડે નહીં.

૧૧=મોંઢાના કાળાસ ભાંગે—[illegible] આટો પાણી સાથે મેળવી મોંઢા ઉપર ઘસવાથી મોંઢાનો રંગ [illegible] થાય.

૧૨=મોંઢા પરનો કાળાસ મટે—[illegible] ડાના દુધમાં હળદ ઘસી લગાડવી.

૧૩=મોંઢાપરની છાળીઆ (ઝાંટ) [illegible] અને લાલી આવે (કોશે) અથવા સંખોડીને પાણીમાં ઘસીને મોંઢાપર લગાડે.

૧૪=મોંઢાથી ગરમી નરમ પડે—સુજીની ભાજી કાચી ચાવે અથવા તેના રસથી કોગળા કરે.

૧૫=ખારી હવાવાળી જગામાં તડકે ફરવાથી મોંઢા ઉપર કાલાસ આવે તે તે માટે કેરીના રસ અથવા લીંબુનો રસ લગાડે.

૧૬=મસુરની અથવા ચણાની દાળનો લોટ, હળદર, તેલ મેળવી મોંઢે લગાડે તો ચહેરો કાંતિવાન થાય,

---

મોંઢાની ખરાબ વાસ.

૧=મોંઢાની ખરાબ વાસ દુર થાય—ધાણા ચાવવાથી ખરાબ વાસ દુર થાય છે

૨=મોંઢાની ગંધ જાય—સમુદ્રફળ ગાયના ઘી સાથ ખાવું.

મોઢું વાસ મારે તો હરડા બેહેડાં અને આમળાનો ઉકાળો કરી કોગળા કરવા. (બીજો ઇલાજ) હરડાં ૨, ટંકણખાર ફુલાવેલો ૩, બેહડાં ૨, કપુર ૧ ભાગ મેળવી મંજન કરવું.

૩=મોંઢામાં ગરમી હોય ત્યારે—એલચી અને ફટકી સંભાગે મેળવી તેનું ચુરણ બે વાલ અથવા વધુ મોંઢામાં રાખે. દીવસમાં પાંચ ચાર રાખે, મોંઢામાં પાણી છુટે તે બહાર કહાડી નાંખે.

૪=મોં આવે (ભાગરૂનું)—બદામની મીંજ (ગીર) પાણીમાં ભીંજવી રાખે, નરમ પડે ત્યારે તાંબાના કળશીઆની ઉપર તેને પાણી સાથ ઘસીને મોંઢામાં લગાડે.

૫=જેઠીમધના શીરાની ટુકડી મોંઢાંમાં રાખવી.

શીરો બનાવવાની રીત—જેઠીમધનું ચુરણ ૧ ભાગ, પાણી ૩૨ ભાગ ઉકાળવું, અરધું બાળવું, પછી ઘટ બનાવી તડકે સુકવવું, ફરી તેનો ભુકો કરી પાણી સાથ ઉકાળી શીરો કાળો બનાવે. તે માવા જેવો થાય તેના કટકા પાડે.

૬=મુખવાસ મોંમાં રાખે, એલચી દાણા તુલસીના બી, સુગંધી વાળો સંભાગે નાગરવેલના પાનમાં ગોળી બનાવે.

૭=હોજરીના બગાડાથી વાસ નિકળે ખાધા પછી વાસ જણાય તો ૦ તોલો હાડકાનો કોલસો ખાધા પછી ખાવો.

મોંઢાપર કરચળી.

૧=મોંઢાપર કરચળી ન આવે—ગલોનો સત્ત્વ એ માસા રોજ ખાવો.

૨=કરચળી મોંઢાપર આવે ત્યારે સાફેદ તેલ પીવામા અને મસળવામાં આપવું. ટામેટા, સરકો અને તેલ નાખી કચુંબર બનાવી રોજ ખાવી.

મોંઢામાં ચાંદી–મોંઢું પાકે–મોંઢામાં ગરમી.

૧=મેંદીના પાનની અથવા બાવળના પાનની લુગડી મોંઢામાં રાખવી.

૨=ફુલવેલી ફટકડી ૪ વાલ, પાણી ૦। શેર મેળવી કોગળા કરવા.

૩=અકલગરાની ભુકી મોંઢામાં ફેરવવી.

૪=ચણોઠી અથવા તુઅરના પાન મોઢાંમાં ચાવવાં.

૫=તલ ચાવી ખાવા, અથવા તલના તેલના કોગળા કરવા.

૬=કાથો, એલચી, હીરાદખણની ભુકી દાબવી.

૭=સંખજીરૂં અને કાથો એની ભુકી દાબવી.

૮=મોઢું પાકે તે માટે—સોનાગેરૂં. સંખજીરૂં એકેક તોલો, મોર થુથુ ૧ વાલનું ચુરણ ગરમીવાળા ભાગપર દાબે.

૯–સંખજીરૂં, સોનાગેરૂ, પીપલાની છાલનું અથવા પાનનું ચુરણ, રસવંતી, એલચીની રાખ, એમાંથી જે મળે તેનું ચુરણ મોંમાં લગાડવું.

૧૦–મોંઢામાં ગરમી થાય તે માટે—જીરૂં અને સાકર મોઢાંમાં રાખી તેનો રસ ગળવો.

મોંઢાની સખત ગરમી નરમ પડે, ચાંદી અને અગન નરમ પડે—જેઠીમધની ખતાઇ મોંમાં રાખી રસ ગળીઆ કરે અથવા બીજગન મોંમાં રાખી રસ ગળે અથવા ગુળદાવડીના ફુલ અથવા ચંપેલીના પાનના ઉકાળાથી કોગળા કરે અથવા ગુલદાવડીના પાન, એલચી, સાકર મોંમા રાખે તો ગમે તેવી ગરમી હોય તે નરમ પડે.

૧૨=મોંઢાની ઘરમી, મોંઢાની ચાંદી મટે—જેઠીમધનો શીરોં મોંઢામાં રાખવો. રસ મોંઢામાં એકઠો થાય તે કાઢી નાખવો.

૧૩–મોંઢું પાકિલું સુધરે—જાયના ધોળા પાન ૪ ભાગ, કાંટાસરીઉં ૪ ભાગ, જીરૂં સફેદ ૫ ભાગ, હળદ ૩ ભાગ એની ચણા જેવડી ગોળી બનાવી, મોંઢામાં રાખી રસ ગળે.

૧૪–મોંઢામાં ગરમી થાય ત્યારે—ભાંગરાનો પાલો ચાવીને મોંમાં રાખવો રસ એકઠો થાય તે બહાર કાઢવો.

૧૫–મોંઢાના ચાવણીઆની વચમાં ગુમડાં થાય તે માટે—ભોંયરીંગણીના અથવા વેગણાના બીનું ચુરણ દાબે.

૧૬–પાકેલુ મ્હોં સારૂ થાય—ટંકણખાર ૧ ભાગ, મધ ૪ ભાગ ભાગ મેલવીને મોઢામાં લગાડવું.

૧૭–મોઢું પાકે ત્યારે—ગુલાબના ફુલ તોલા ૧. વંશલોચન ૧ાા તોલો, એનો ભુકો કરીને ૦ા તોલો મોઢમાં મુકે તો જલદી ફાયદો થાય છે.

૧૮–મોંઢાની ચાંદી અથવા ગરમી માટે—પાંન સાથ ખાવાનો કાથો ભુકો કરીને મોંઢામાં દબાવે. ગરમીની રસી મોંઢામાં એકઠી થવા દેવી, મોંઢું રસીથી ભરાઇ જાય ત્યારે તે બહાર કાહડી નાખવી. પેટમાં તે રસી જાય તો અડચણ નથી.

૧૯–મોંઢાની ગરમી માટે આલુ ચુસીચુસીને તેનો રસ ગળવો.

૨૦–મોઢું કડવું થાએ તે માટે વરીઆળી અને સાકર થંડા પાણીમાં વાટી, ગાળીને દરદી પીએ તો તરત કડવાસ નીકળી જાએ.

૨૧=મોઢુ પાકે માટેઆવળના ફુલને છાયામાં સુકાવી ચણા જેટલી ગોળી બનાવે તે મોઢામાં રાખે, રસી એકઠી થાય તેપથુકી નાખે. મોંઢામાં ચાંદી હોય ખવાતુ બી ન હોય તેને બી ફાયદો કરે.

મોંઢા પર તેજી આવે.

૧–મોઢાં પર તેજી આવે—હરડે, દુધ. અને સુનામખી રોજ ખાવી.

૨–મોંઢા પર નુર આવે—ગાયના દુધ સાથે સાજીખાર ખાવો.

૩–મોંઢા ઉપર તેજી આવે—૦ા તોલો સુનામખી રોજ ગુલકન સાથ ખાવી.

મોંઢાની ખુબસુરતી વધે—દુધમાં લીંબુ નીચવીને તે સહવાર સાંજ મોંઢે મસળે

૪–મોંઢા ઊપર લાલી આવે—ભોંયરીંગણીના પાતરાંનો ભુકો ૧ ચમચી ભરી રોજ પાણી સાથે ખાવો.

૫–મોઢે લાલી આવે—મોંયરીંગણીના પાદડાંની ફાકી ઠંડા પાણી સાથે રોજ મારે તો ખાધેલું પાચન થાય અને મોઢે લાલી આવે.

૬–મોંઢાવું તેજ વધે—જેઠીમધના ભુકાને ગરમ પાણી સાથ મેળવીને મોંઢા ઉપર લગાડે તો ચામડી સુંવાળી થાય અને તેજ વધે જેઠીમધ ખાવામાં બી લીએ.

૭–મોંઢા પર લાલી આવે—ગાંજર ભુંજીને ખાવાથી મોંઢે લાલી આવે.

મોંઢા પર હોડર.

હોડર મોઢા ઉપર આવે ત્યારે સુંઠ પાણીમાં ઘશી લગાડવી,

મોરચી.

૧–મોરચી માટે—સુંઠ, સંચર, લીંબુનો રસ સંભાગે મેળવી અડધો તોલો ખાવો.

૨–મોરચી—મોરચી માટે મસતકી ખાવામાં અપાય છે.

હૃદયના ધપકારા,

૧–વાયુના જોરથી હોય તો સુંઠ, પીપર, એલચી વગેરે ખાવામાં લેવી.

૨–સાંભર શીંગાની ભષ્મ ૨) વાલ ગાયના ઘીમાં ખાવી.

૩–ફેપસેટનું ચુરણ મધ સાથ ખાવું.

૪–સુંઠ, તલ, ગોળ ત્રણે મેળવી ખાવાં.

૫–શેકલાં કાકચીઆ બે વાલ ખાવાં,

૬–નદીમાની નાની છીપલીઓની ભસ્મ બે આનીભાર ઉના પાણીમાં પીવી.

૭–હૃદયની ગતી બંધ થાય—વિછીદાનું ચુરણ વધુ પ્રમાણમાં આપે તો હૃદયની ગતી બંધ પડી જાય.

૮–હૃદય (Heart) ના ધપકારા માટે જેમ અંગ્રેજીમાં ડીજી-ટેલીસના પાતરાં વપરાય છે, તેવીજ રીતે કરેણના પાંતરા વપરાય છે. કરેણ અને ડીજીટેલીસના પાતરાંનો ગુણ એક સરખો છે.

૯–હૃદયના ધપકારા માટે કેરબો ઘસીને પીવામાં આવે છે.

રગતપીત–પીતનાં ચાંઠા.

૧–રગતપીતના ચાઠાં માટે—સાગરગોટાના મુળ શેર ા પાણીમાં ભીંજવી રાખી, તેનો રસ કાહડી તેના ૩) ભાગ કરે, ૧ ભાગ રોજ સહવારે ૩) દીવસ પીએ.

૩–રગતપીત સારું થાય—ભાંગના રસ સાથે સમુદરફળ પકવેલો ાા તો. અથવા વધારે ૩) દીન ખાય. એક ફળ અથવા વધારે રોજ ૩) દીન સુધી ખાય. ચણાના આટાની રોટી અને ઘી ખાય. બીજું કાંઈ ખાય નહીં.

૨–પીત–રગતપીત– } સીંધાલુણ ઘીમાં ઘસી લગાડ અથવા
ચાંઠા અગનવાળા– } મરીનુ ચુરણ ઘીમા મેળવી લગાડ,
અથવા હરડાં, બેહડાં, આમળાનું ચુરણ ાા તોલો મધ તથા પાણી સાથ રોજ બે વાર ખાય.

૪–રગતપીત માટે—જુરાંબાદગાનો ગર કુંઠ તોલો ાા રોજ બે વાર ૨૧ દીન ખાય. ખોરાકમાં ચાવલ અને દુધ સીવાય બીજું કાંઈ ખાવ નહીં.

૫–પીતના ચાઠાં માટે—સમુદરફીણ ૧ ભાગ, અને સરેશ ૧ ભાગ મેળવી લગાડે.

૬–શરીરે પીતના ચાંઠા—રસોત, મરી, અફીણ, લીમડાના પાનરાં, ચાક, સુકીગરી, પેટેક બીજ. સંભાગે લઈ તેની વટાણા જેવડી ગોળી કરી રોજ ૧ વાર ખાવી. નાનું ધાવતું બચ્ચું હોય તો માતાના દુધમા ગોળી જરા ઘસીને તેની ઉમરના પ્રમાણમાં પાવી.

૭–પીતનાં ચાઠાં શરીરે હોય તો—કોટીના પાનનો રસ ૧ તોલો સાકર ા તોલા મેળવી દીનમાં બે વાર પીવો. કોટીના પાનનો લેપ કરી ચાંઠાપર મુકવો. અથવા પાન દહીંમાં વાટી શરીરે ચોળવું. આ ઈલાજથી ચાઠાં બેસી જશે.

૮–રગતપીત માટે—ચોલાઈ ભાજીનો રસ શેર ાા, ઘી શેર ા એને ઉકાળે પાણી બળી રહે ત્યારે ઘી ચાંઠાપર લગાવું.

૯–રગતપીત માટે—ચારોળીનું તેલ બદામના મગજના તેલ જેવો ગુણ ધરાવે છે.

પીટ શરીર ઉપર હોય તો—ત્યાં ચારોળી દુધમાં વાટી મસળવી.

૧૦–રક્તપીત—માટે ૧–વાલ કબુતરના ચરકનું ચુરણ મધ સાથે અપાય છે.

૧૧–રક્તપીત—માટે તાંદળજાની ભાજીનો રસ અને ઘી સંભાગે ઉકાળી પાણી બળી જાય ને ઘી રહે તે ચાઠાંપર લગાડવું.

૧૨—રક્તપીત શરીરે ફુટી નીકળે—શરીર પર ચાંઠા થાય, હાથ પગનાં આંગળાં ખરવા માંડે તો અમથીઆનું ઘી ૦। તોલો રોજ ખાવું. ઘી બનાવવાની રીત અમથીઆના ફુલોનું સુરણ શેર બે દુધ શેર ૨૫ માં નાંખી દહીં જમાવી તેમાંથી ઘી બનાવવું.

૧૩=રગતપીત્ત, ચામડીના દરદો માટે—લીમડા ઉપરની ગલોનો રસ બે તોલા અને દીવેલ ૧ તોલો દરદી ૭ માસ સુધી રોજ ૧ વાર ખાય ખોરાકમાં મગ, અને ચોખા સીવાય બીજું કાંઇ ખાય નહીં.

૧૪=હાથના આંગળામાં પાણી ભરાય છે. કોઇવાર આંગળામાં થી પાણી ટપકે છે, અને અગન બળે છે. તે માટે ઇલાજ—મરી, જુની ઇંટ અને ઘી સરખે ભાગે લેવું. ઘીને ૧૦૦ પાણીએ ધોવું અને ત્રાંબાના ખુમચામાં મુકવું. બીજી ચીજો મેળવીને ત્રાંબાના કળસીઆ વતી ખુબ ઘસીને મલમ બનાવવો, એ મલમ લગાડવો.

૧૫=રગતપીતના ચાઠાં મટે—અમલસારો ગંધક ાા તોલો અને પારો ૧ાા તોલા, મોરથુથુ ૪ તોલા. એ બધાની મેળવણીનું ૧ તોલો સુરણ, ૪ તોલા ધોયેલા ઘીમાં મેળવી લગાડવુ.

ગધક શુદ્ધ કરવા—અંગ્રેજીરીતે ગંધકને ભઠ્ઠીમાં ઉડાડીને સુધ કરે છે

દેશી વૈદ્દીમા નીચે મુજબ સુધ થાય છે.

૧ શેર ઘી તાવી તેમાં ૧ શેર ગંધક પીગળાવવો. ૧ બીજાં વાસણમાં ૧ શેર થંડુ દુધ મુકી તે ઉપર જીણું લુગડું બાંધવું તે લુગડાની ઉપર ગધક અને ઘીની મેળવણી નાંખવી, ગંધક અને ઘી કપડાંમાંથી ગળી દુધમાં પડશે. બીજો કચરો લુગડાપર અટકી રહેશે. ગંધક વજને ભારી હોવાથી દુધની નીચે ઠરશે. ઘી હલકુ હોવાથી દુધની ઉપર રહેશે. થડું થવા પછી ઘી બંધાઈ જશે તે દુધની ઉપરથી કાઢી લેવું. પછી દુધને નીપારી ગંધકને સુકવવી,

બીજી રીત—૧ વાસણમાં ૧ શેર દુધ મુકવું તે ઉપર જીણું કપડુ બાંધવું. કપડાંની ઉપર ૦ા શેર ગંધકનો ભુકો મુકવો, તે વાસણ ચુલાપર મુકી દુધ ઉકાળવું, દુધની વરાળથી કપડાં ઉપરની ગંધક પીગળી દુધમાં પડશે અને કચરો કપડાંપર રહેશે. વાસણમાથી દુધ નીપારી લેવુ અને ગંધકને સુકવવી.

૧૬—રગતપીત માટે—ગંધક તોલો ૧ા, પારો તોલે ૦ાા અને ખરળ કરી એકરસ કરવા; પછી તલનું તેલ જરા જરા નાંખતાં જવું અને ખરળ કરતાં જવું. મધના જેવું ઘાટું બને ત્યાં સુધી તેલ નાંખવું અને તે ચાંઠાપર લગાડવું.

૧૭–રગતપીત—આંબાની અંતરછાલ, જાંબુરી, પીપરો, કરમડીની છાલ સંભાગે લઇ પાણી સાથ મસળી ૦ા શેર રસ કહાડવો તેમાં કળીચુનો બેઆની ભાર મેલવી ૦ા ભાગ સવારે અને ૦ા ભાગ સાંજે પાએ. આ મુજબ લાંબો વખત ચાલુ રાખે, ખોરાકમા નાગળીની રોટી સીવાય કાંઇ ખાય નહી, (જાંબુના દરીઆને સુંકબરોતી કહે છે.)

૧૮–શરીરમાં પીત વધે—શરીરના કોઇ પણ ભાગ પર કાળી છાંત પડે, ગાંઠ બંધાય તો જાણવું જે લોહી બગડયું છે અને પીતનો ભાગ વધ્યા છે. એ માટે જીરૂ અને સુનામખી દરેક ૦ા તોલા, પાશેર પાણીમાં ૧ રાત ભીંજવવું, સવારે તેને ચોળી ગાળીને રોજ પીવું. સુખડ અને રતાંજળી પાણીમાં ઘસીને છાતીપર અને તેના નીચલા ભાગ ઉપર લગાડયા કરવી.

૧૯=રગતપીતના ચાઠાં સારા થાય—સાપની કાંચરીની રાખ તલના તેલમાં મેળવી ચાઠાંપર લગાડે.

૨૦=રગતપીત, શરીરે ચાઠાં, હાથ પગના નખ ખવાય—આમળા તથા લીમના પાનનો રસ દરેક ૦ા તોલા, સવાર સાંજ ભૂખે પેટ ૨૧) દીન પાએ. જરૂર હોય તો વધુ દીવસ ચાલુ રાખે.

૨૧=રગતપીત—૧ ભાગ સમુદ્રફીણ અને તેટલોજ સરકો લઇ મલમ જેવું બનાવી પિત ઉપર લગાડવુ, દારૂ, માછલી, તેલ, મરચુ, ખાતું ન ખાતું.

૨૨=શરીરે રગતપીટનાં ચાંદા—સંજીખાર અને સીંધાલુણ કડવા તેલમાં મેળવીને શરીરે ૧ કલાક સુધી મસળાવા પછી ગરમ પાણીએ સેક કરવો અથવા પાણીનો બાફ લેવો.

૨૩=રગતપીતવાળા દરદીને સાપની કાંચળી બાળીને તેની રાખ ૧ ચોખાભાર (એક ગ્રેન) જેટલી રોજ એકવાર ઘી સાથે ખવાડવી. ખોરાકમાં દુધ અને ભાત સીવાય બીજું કાંઇ ખવાડવું નહી. જેટલા દીવસ દવા ખાવામાં લે તેથી બમણા દીવસ પરેજી રાખે.

૨૪–રગતપીત માટે આમળાનું ચુરણ તથા લીમડાનો રસ દરેક ૦ા તોલો મેળવીને સાકર સાથે દીન ૩૧ પાએ (ઇલાજ ચોકસ છે.)

૨૫–રગતપીત—રગતપીતવાળો દરદી સાપની કાંચળી ૧ થી ૨ માસ બે સુધી ખજુર સાથે રોજ ખાય તો ઘણો ફાયદો થાય (આ ઇલાજ ઘણો જાણીતો છે.

૨૬–રગતપીત માટે—સાપની કાંચળી માસા બે લઇ ખજુર સાથ ખવાડે. જો પગનાં તળીઆમાં નાસુર પડે તો હળદર ૧૦ ભાગ, પારો ભાગ ૫) ઘી ભાગ ૩૦ ને ૪ પહોર ખરળ કરી રૂમાં મેળવીને મુંક.

૨૭–રગતપીત્તા દરદીને હરડાં, બેહડાં, અને આમળાનું ચુરણ ાા તોના અથવા વધારે દરરોજ બે વાર ૬ માસ સુધી ખવાડવું ખોરાકમાં મગની દાળ અને રોટી તથા બીજો હલકો ખોરાક ખવાડવો.

૨૮–રકતપીત—કાચકીના છોડના મુલીઆનો રસ ા શેર કહાડી દરદીને રોજ પીવો.

૨૯–રગટપીત માટે—કીડામારીના પાનનો રસ ાા તોલો રોજ પીએ તો ફાયદો થાય.

૩૦–રગતપીત, માઉસનો કોઢવાટ—મીણુ, રાળ, માણુસના હાડકાના ચુરણ સંભાગે લઇ તેનું તેલ પાતાળ યંત્રથી કાઢી શરીરે લગાડે. આ તેલ ઘણુંજ ફાયદામંદ છે.

રગતપીતના ચાઠાં=ચામરોગ, રૂમીરોગ લેપ્રોસી.

૩૧–ચાલમોગરા તેલ લગાડવું અને ૧૫) ટીપાં ખાંડ સાથ ખાવા.

૩૨–કસુંદરાનુ મુળ પાણીમાં ઘસી લગાડવું.

૩૩–લીમડા, પીપળ, બાવળની છાલ, બોરડીની છાલનું ચુરણ ાા તો, રોજ બે વાર લેવું. આ બધી છાલોને પાણીમાં ઘસી ચાઠાં ઉપર લગાડે.

૩૪–ગરમારાનો ગર (અમલતાસ) ૧, અથવા. ૨, તોલા, લગાડે રોજ બે વાર પાણી સાથ બે માસ સુધી ખાવા પછી ૨, માસ સુધી ા તો, ગંધક, સરબત સાથ રોજ બે વાર ખાવો.

૩૫–રગતપીટવાળા દરદીને કોઢવાટમાંથી રસી ગળે, ત્યારે કામરીઆ સાપનુ માંસ ખવાડે.

૩૬–અરડુંસી આ દરદી માટે બહુજ ઉપયોગી છે. જ્યાં અરડુંસી મળે ત્યાં દરદીએ જીવવાની આશા છોડવી નહીં.

૩૭–રગતપીત માટે–કલોજી, બોડાસીંગ, આગરાઇ, મરી, હળદ દરેક ૩ તોલાનું ચુરણ બનાવી તેના ૧૪ પડીકાં કરે. ૧ પડીકું રોજ સહવારે ા શેર દુધ અને ા શેર પાણીમાં મેળવીને ૧૨ દીન પીએ. મીઠાં વગરના ચાવલ અને દુધ સીવાય બીજું કંઇ ખાય નહી. પડીકા ખાવાં પહેલાં ૧ જુલાબ આપે.

૩૮-ઈંદ્રાયણનાની જડ ૩ તોલા, વરીઆળી ૧॥ તોલો. પાણી ૦॥ શેર એ સઘળાંને ઉકાળી નવટાંક પાણી રાખે. તે પાણી દરદીને પીવાડે. ૦॥ કલાક પછી ખીચડી ખવાડે.

૩૯-હીંગલો, પારેલાક, રાળ, આકડાની છાલ દરેક ૧ તોલો એના ૧૪ પડીકાં બનાવવાં, દરદીને નદા નાગો કરી ઓઢાડીને રોજ ૧ પડીકાંની ધુંણી આપે. ૧૪ દીન ચાલુ રાખે, મલીના રંગનો કાળો દોરો સરીરપર વીંટાળી રાખવાની જરૂર જણાય છે.

રકતપી (Leprocy) માટે—મમરીના રસમાં ત્રાંબુ ભસમ થાય છે તે ભસમ પીટવાળાં દરદીને લગાડેતો ફાયદો થાય માટે.

જુઓ "લોહી નીકળે"

રક્તસ્ત્રાવ-લોહીનું પડવું.

૧=લોહીના ઝાડા માટે—દુધ શેર ૦॥ ની અંદર પાણી શેર અરધો નાખી અંદર કાળી દરાખ તોલો ૦॥ નાંખી ગરમ કરી દીવસમાં બે વાર પીવું.

૨-રકતસ્ત્રાવ,—પીસાબ સાથે લોહી પડે ત્યારે સતાવરીનું ચુરણ તોલો ૦॥, દુધ તોલા ૨૦, પાણી તોલા ૨૦ મેળવી, પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળી, સાંકર તોલો ૧, ઘી તોલો ૧ સાથે મેળવી પીવું.

૩-રકતસ્ત્રાવ, ઝાડાનું લોહી—સાકર તોલો ૧, દુધ તોલા ૨૦, પાણી તોલા ૨૦, પાણી બધું બળી જાય ત્યાં સુધી ઉકાળવું અને પીવું.

૪-રગતસ્ત્રાવ—લોહીવાળા હરસના મસા માટે—તોલો ૧, ઘી તોલો ૦॥, ગાયના છાણનોરસ તોલો ૦॥

૫-રકતસ્ત્રાવ (નાકમાંથી લોહીનું નીકળવું) લીલી દરાખના ટીપાં ૧૨ નાકમાં નાખવાં તથા સુકી દરાખ પાણી સાથે મેળવી તેના ૧૨ ટીપાં નાખવાં.

૬-રકતસ્ત્રાવ-(Bleeding) દરાખ કાળી ૧ તોલો, દુધ ૦॥ શેર પાણી ૦॥ શેરને મેળવી ઉકાળવું. ૦॥ શેર પાણી બળી જાય ત્યારે ગાળીને પીવું. કોઈ પણ જગાથી નીકળતું લોહી બંધ થાય છે.

૭–રક્તસ્ત્રાવ—શરીરના કોઇપણ ભાગમાંથી નીકળતું લોહી અટકે છે. આંકડાના ફુલનો ૨ તોલા, અફીણ ૦॥ તોલો, સેકેલું સીંધાલુણ બે તોલા એની એક ગોળી કરવી એક ગોળી દીનમાં ત્રણ વાર ખાવી.

રતાંધળો.



૧–રતાંધળો—લીમડાનું મુળીઉં અને બાવળની પાળીએનો કવાથ પીવામાં લેવો.

૨–રતાંધળો—પીપરને ગૌમુત્રમાં ઘસી અંજન કરવું. અગથીઆની ભાજી રોજ ખાવી.

૩–રતાંધળો, આંખની રતાસ મટે—સમુદ્રફીણ જે ૧ જાતની માછલીનું હાડકું છે તે સાકર સાથે ઘસી આંખ લગાડવું.

૪–રતાંધળો—અધેસરાના પાતરાં ખુંદી તેની લેપડી આંખે બાંધે અને માટે મુકે. (બીજો ઇલાજ) માણસના કાનનો મેળ મધ સાથે મેળવી દીન ૧૪ આંજે તો રતાંધળો સાનો થાય.

રતાંધળો—બકરીના મુતરમાં લવંગ ઘસી અંજન કરવું.

૫–રતાંધળા માટે ઇલાજ—બકરીની કલેજીના રસમાં કપીલો તથા મરી સંભાગે ખરળ કરે. તેનુ અંજન આંખમાં લગાડે. તલનું તેલ બીલકુલ ખાએ નહીં જેમ હરણ વાઘથી નાસે તેમ રતાંધળાવાળા દરદીએ તેલથી દુર રહેવું.

૬–રતાંધળા માટે—ડોડીની ભાજી પાણીમાં બાફી તેનું નવટાંક ૫. ગ્રી સહવારે અને ભુખે પેટે પંદર દીવસ પીએ.

૭–રતાંધળો, અને માથાના દુખાવા સાથે આંખ દુખે એ માટે—ચણોઠીના મુળને પાણીમાં ઘસી આંખની આસપાસ ઘણી વાર લગાડે તથા લીમડાના પાનનો રસ દરેક ૦॥ તોલો, સહવાર સાંજ ભુખે પેટે ૨૧) દીન પીએ. જરૂર હોય તો વધુ દીન ચાલુ રાખે.

૮–રતાંધળો—રૂ અને કપાસના પાણીમાં વાટી તેની લેપડી ગરદન ઉપર ૨૧ દીન સુધી બાંધવી.

૯–રતાંધળો સારો થાય—ગુવારના પાતરાનું શાક ખાવું.

૧૦–રતાંધળો –પાંચ તોલા ગોળ, ઘી સાથે મેળવી સહવારે રોજ ખાવો.

૧૧-રતાંધળો સારો થાય, ઝાંખ આંખની મટે—જેઠીમધના મુળીયાં બકરાના મુતરમાં ઘસીને આંજવા,

૧૨-રતાંધલો—ચોઇની ભાજીના બીની રાખ આંખે આંજવી.

૧૩-રતાંધલો—પીપરને ગૌમૂત્રમાં ઘસી અંજન કરવું.

૧૪-લવંગને બકરીના મૂત્રમાં ઘસી આંજવું.

૧૫-સાટોડીનું મૂળ પાણીમાં ઘસી આંજવું.

૧૬-સમુદ્રફીણ અને સાકરનું ચુરણ આંખે ભરવું.

૧૭-કાળી તુળસીના પાનનો રસ ૨) ટીપાં આંખમાં નાંખવા.

૧૮-કાળાં મરી દહીંમાં ઘસી આંજવું.

૧૯-અગથીઆની ભાજીનું સાક રોજ ખાવું.

૨૦-રતાંધળો, ઝાંઝવો મટે—કમોડના ચોખાને પાણીમાં સવારે ભીંજવે, સાંજે ગાળી લીએ. તે પાણીમાં લાલ ફુલવાળા કપાસનું મુળીઉં ઘસી અંજન કરે.

૨૧-રતાંધળો સારો થાય-બોંપાનરી=(ગળજીભી=ગાઓજબાન)નો રસ એક તોલો, ઘી અને સાકર સાથે સાત દીવસ ખાય.

૨૨-રતાંધળો સારો થાય—ભુરાં કોદરાંનો રસ અથવા મુળાનો ભુકો ૨૧ દીવસ આંખે આંજે. એના ફુલનો રસ પણ ફાયદો આપે

૨૩-રતાંધળો સારો થાય—બોરના ઠળીઆની મીંજ (મગજ) તથા સાબુ સંભાગે ખરળ કર, તેની ગોળીઓ બનાવે. તે ગોળી વાસી પાણીમાં ઘસી મધ જેવા ઘાહડા ઘસાડા બનાવી ૩ દીવસ રાત્રે સુતી વખતે અંજન કરે.

૨૪-સજન વેલો, (વસંત વેલો, બસન વેલો) એ વેલાના રસને કાંસાના વાસણમાં મુકે તો રસ બંધાઇને જેલી જેવો થાય તે આંખપર મુકે તો આંખની રતાસ કાપે: ને ખાવામાં લીએ તે રતાંધળો સારો થાય.

૨૫-રતાંધળો સારો થાય—સંધિસરાના પાનનો રસ ૨) ટીપાં આંખમાં નાંખે.

૨૬-રતાંધળો—ઈંગારપર વેંગણું બાફવાથી જે રસ વેંગણામાંથી નીકળે તે આંખ આંજે તો રતાંધળો સારે થાય.

૨૭-રતાંધળો સારો થાય-પાડા જાણવરના કાનનો મેલ આંખે આંજે તો રતાંધળો સારો થાય.

૨૮-રતાંધળાં દરદીને કારેલીના પાનનો રસ આંખે આજે અથવા ૨૦મા મરી ઘસી અંજન કરે.

૨૯—રતાંધળાંને બકરાંની તલ્લી ભુંજી તે ઉપર બકરાંના પીટાનું પાણી જરા લગાડી ખવાડે તો ફાયદો થાએ.

૩૦—રતાંધળાને ભુરા કાળાનું મુળીઉં પાણીમાં ઘસીને દીન ૨૧ સુધી આંજવું.

રાત આંધળો=રતાંધળો=રચુંદા.

૩૧—બકરી (ઓ પશુ જણાવર) ના કલેજાંમાં પીપર મુકે તેને સેક અને બાંફ તેનું અંજન કરવાથી ૧૦૦) એ ૧૦૦ ટકા ફાયદો થાય. કલેજુ તનદુરસ્ત બકરીનું લેવું.

મંદ અગની ઉપર સેકવું તેથી કલેજાનુ પાત પીપર ચુસી લીએ, કલેજુ બળે નહીં એવી મંદ અગની લેવી. અથવા બેભટમાં ભુંજવું મરી બી પીપરને બદલે ચાલે ૪) દીનમાંજ ફાયદો થાય.

૩૨—હોજરી અને કલેજાના દરદથી રતાંધળો થાય છે, તે માટે હરીકાનું ફીણુ રોજ ૧) વાર આંખે આંજે, સુંઠ, પીપર, મરી, સંભાગે ચુરણુ આંજે. અગથીઆના ઝાડના ફુલનું સાક બનાવી ખાયા કરે. તુળસીને રસ પાં ટીપાં આંખે આંજે, અંઘેડાના મુળનું ચુરણુ ના તો. રોજ ખાય.

રાત્રે સુતી વેળાં આંજે, પીપરને છાસમાં ઘસી આંજે વરી-આળીને અર્ક મધ સાથે આંજે, મરી અથવા લવંગને ઘોડાના ફીણમા ઘસી લગાડે. લવંગ બકરીના મુતરમાં ઘસી લગાડે.



રતવા—બાલકને રતવા.

૧—રતવા,ગુમડાં માટે—દેવદારનાં લકડાનો ગાંઠ પાણીમાં ઘસી રોજ ૪ વાર લગાડે.

૨—રતવા માટે—જેઠીમધ ૧ શેરને ૪ શેર પાણીમાં ઉકાળે, ૧ સેર પાણી રહે તેમાં ના શેર તેલ મેલવી શરીરે લગાડે.

૩—રતવા માટે—જીનજેટાના પાતરાંનો રસ ચાઠાં ઉપર ચોપડે તો તરત નરમ પડે.

૪—રતવા ઉપર—૧૦૦ થી ૧૦૦૦ હજાર વાર પાણીમા ધોયલું ઘી વાપરે છે. તેથી રતવા સારા થાય છે.

દવાનું ઘી બનાવવામાં સુકી વનસ્પતી હોય તો ૧ ભાગ વનસ્પતિને ૧૬ ભાગ પાણી સાથે ઉકાળીને આઠ ભાગ પાણી રાખે અને તે પાણી ઘી બનાવવામાં વાપરે

૫--રતવા, ગોરાકુટક, શીતળા માટે--શરીરની અંદર તેમજ બહાર ઘણી દાહ બળે તે વેળા જેઠીમધનો ઉકાળો પાવડો અને ચોળો.

૬--રતવા બાળકને થાય છે તે માટે--રતાળુ કંદને બાળી તેનુ ચુરણ પાણી સાથ મેળવી ત્રણ દીવસ લગાડે (જલદી અસર થાય છે.)

૭--રતવાનો સરસ ઇલાજ--મરી ૩) ભાગ, આઝેલનું છોડું (ગાંધીને ત્યાં મળે છે) કમળો ૧) ભાગ, કંકુ ૧) ભાગ, કપુર ભાગ, કેળના સુકાં પાનની રાખ ૩) ભાગ, ધુપેલમાં મેળવી ૩) ૧) વાર લગાડે.

૮--રતવા બાળકને--રતાંજલી, ગુલાબજળ, વાળો, વગેરે ઠંડક આપનારી ચીજોનો ઘસારો શરીરે લગાડવો.

૯--દુધીઓ, હેમકંદ, જે કાઠીઆવાડના સોરઠ ભાગમાં થાય છે, તે પાણીમાં ઘસી પીએ અને શરીરે ચોપડે.

૧૦--રતવા એ એક જાતનો કોહવાત છે, તે ચાર જાતના છે. કુપરીઓ રતવા તેમાં નાના બાળક લાલ થઇ મરી જાય, સ્ત્રીને જેટલા બાળક થાય તેટલાં બધાં મરી જાય.

ગુમનીઓ રતવા તેમાં બાળકને સરીરે નાના ગુમડાં થાય અને કોહવાટ જેવા દેખાય.

પહાડીઓ રતવા એમાં બાળકને સરીરે મોટાં ગુમડાં થાય, ચાઠ્યા પડે, તેમાં પાણી ભરાય.

ગાડરીઓ રતવા એમાં ૧, જગાએ ગુમડું થાય તે સારૂ થાય અને બીજી જગાએ નીકળે,

રતવાને ઉંજી સારૂ કરનાર નાથુભાઇ હાંસજી ગામ ડુંગરી (કામરેજ થઇને સ્ટેસન સાંયણ) ચોમાસામાં જવું હોય તો સુરત પાસે અમરોલીના પુલ આગળથી કામરેજ સુધી સ્ટીમર જાય છે.

૧૧--ચાંદરાની ખોપરી ઘસીને પાવી અને ચોપડવી.

૧૨--મધ, સાકર, ઘી, ગાયનુ દૂધ, ખાંડ દરાખ, એઓનો હોમ કરે અને બાળકને ધુંઇ આપે.

૧૩--લીમડો, વરાણ, રતાંજરી, ગેરૂ પાણીમાં ઘસી ૩, વાર પાવું.

૧૪-સોનાગેરૂ, ગળી, રતાંજરીનો લેપ કરવો.

૧૫-બોરડીની છાલ, કાંસનદરાનું મૂળ, રતાંજરી એનો કાઢવો પાએ.

૧૬-વાલપાપડીનું મૂળ ઘસી લગાડે.

૧૭-કપાસના આખા છોડનો રસ સરીરે લગાડે અને ૩) તો, પાએ સાકર સાથે.

૧૮-રતવા ચોપી છે, તે ઉપર પીળી મરોડી, અથવા સોનાગેરૂ અથવા ગુલેઅરમાની પાણી સાથ લગાડીઆ કરે.

૧૯-કાસુંદરી (કાસોંદરી)ના પાનનો રસ પીએ અને લગાડે.

૨૦-ઘી, તેલ, દરદીને ખવાડવું નહી, સરીરે લગાડવું નહી,

૨૧-ગંધક ખાવામાં આપે અને લોહી સુધારે.

૨૨-પીપળાનું છોડું અને રતાંજરી ઘસીને લગાડે તો ચોપીઓ રતવા સુધરે.

૨૩-દાઝીઆ રતવા માટે ગુળેઅરમાની ગુલાબજળમાં લગાડે.

૨૪-ગુળેઅરમાની અને ચોળાઇની ભાજીનો રસ લગાડે.

૨૫-પહાડીઆ રતવા માટે મરીકંદાનુ મળ ઘસી લગાડે અને પાએ.

૨૬-માકડી નામનું એક જીવડું થાય છે. એથી ૭ આંગળ લાંબુ, ઘાસ જેવું, પતળું ૭ પગવાળું, રંગે ઘાસ જેવું છે. આ જીવડો શરીર પર જ્યાં ચાલે ત્યાં મોતીના દાણા જેવા ફુલ્લા થાય, અગન બળે, રતવા થાય તેને લોકો કહે જે "માંકડી ઉડી છે" તે માટે ગુલાબજળ અને ગુળે અરમાણી લગાડે.

૨૭-પહાડી રતવા માટે મરીકંદાનું મુળ પાણીમાં ગસી લગાડે એ ઘણું ગરમ છે, પણ અગન બાળે નહીં. ટીંકચર આયોદાઇનું કામ કરે છે

૨૮-રતવા સારા કરવાનું મંતર.

સમુદર કોટ, સોનાગડ, ત્યાં વસે પતીઓ બાલપો, તેને હાથે અમી ઝરે. તેમ રતીવા ઝરે.

મંતર ભણીઆ પછી કાળા દોરાને કુંકમારી ૧) ગાંઠ વાળે આ મુજબ ૭ વાત મંતર ભણી ૭) ગાંઠ વાળે. દોરાને દીવેલની ધુંપ આપે. બાલકને હાથે બાંધે તો રતવાના ચાંદા સુકાએ, મનતર ભણીને ગાંઠ વાળતાં ભણનારને બગાસા આવે. આ મંતર કાલીચઉદસની રાતરે અથવા ગહરણને દીને ગહરણ વખતે ઘીના દીવ આગળ ૧૫) વાર જપે. તો આખુ વરસ તેનો અમલ થાય.

———

Sciotica=રાધેણુ=રાંઝણુ.

પગના તળીઆંથી તે ઢાપા સુધીની સાયટીકા નસમાં લોહી ન ફરવાથી દુખાવો ચાલે છે તે માટે ખમી સકાય એવાં ગરમ પાણીમાં ગુડણુ સુધીના પગ ૧) કલાક બોળી રાખવા.

રંગ.

લીલા કાચના ચસમાં પેહેરવાથી, થંડક મળે છે, ગરમી દુર થાય છે. કાલો રંગ શોક બતાવે છે, ભય ઊતપન કરે છે. ફાંસીએ જણારને કાળો પોસાક પેહેરાવતા. શોક જનાંદર કરનાર કાગળના કવર ઉપર કાળી બોરદર આવે છે, ભય ઊતપન કરનારા પોલીસના સીપાઇનો પોસાક કાળો રહે છે. અંધારી રાત ભય ઊતપન કરે છે.


આ મુજબ જુદા જુદા રંગવાળી બાટલીમાં પાણી ભરી તડંકે રાખવાથી તે રંગના ગુણ પાણીમાં ઊતરે છે, તે પાણી પીવાથી અનેક વ્યાધી દુર થાય છે.

- મજીઠ (Rubia Cordifolia)થી લાલ રંગ બને.
- પતંગ (Sappan)નું લાકડું અને ફટકીથી લાલ રંગ બને.
- અળતો (Morinda Detrofolia) ફટકી સાથ લાલ રંગ બને.
- રતાંજરી (Red Sanders) ફટકી સાથ લાલ રંગ બને.
- ખાખી રંગ ખેર અને બાવળીઆની છાલથી બને.
- પીળોરંગ દાડમની છાલથી બને.

રંગની ખુબી.

રાતો રંગ ભય અને ગરમી બતાવે છે. રાતો રંગ ભય સૂચક, ક્રોધરૂપ અને ઊષ્ણ છે, લાલ વાવટો, લાલ ફાણુસ ભયની નિસાન બતાવે છે. ગુસ્સો ઊતપન થતાં આંખ, અને ચેહેરો લાલ થાય છે.

લીલો રંગ શાંટી અને થંડક બતાવે છે. સ્તીમરમાં લીલી બતી શાંટી બતાવે છે. લીલાં ઝાડોથી શરીરને શાંટી મળે છે.



લુ લાગે.

૧—લુ લાગેલી ઉતરે—૩ તોલા ખજુર, ૧ તોલો આમલી, ખાંડ ૧ તો. ૦॥ શેર પાણીમાં દોલવી, ગાળીને પીએ.

૨—સુરજનો તાપ લાગે નહી—તાપમાં ફરનારે પોતાની પાસે કાંદા રાખવા.

૩-તડકે ફરતાં લુ લાગે તેનો ઇલાજ—આમલી ૩) તોલા, ગોળ ૧, તોલો, મરી ા તોલો અને પાણી અરધો શેર અથવા વધારે, કાદવના વાસણમાં ચૂરણ કરી, દોહરૂં બનાવી, પીએ.

૪—ચીચોડા સાથની આમલી ૩, તોલા લઈ ાા શેર પાણીમા નાખે. તેને વગોળે નહી. ૧ કલાક પછી નીતરૂં પાણી પીએ, અથવા ફક્ત આમલીનું દોહરૂં શરીરે લગાડે.

તડકે ફરતાં લુ લાગે નહી—તાપમાં ફરતી વેળા કાન બાંધે તો લું લાગે નહી.

લાલરંગનું કપડું. માથા ઉપર રાખી તડકે ફરે તેને લુ લાગે નહી.

૫-લુ લાગે નહીં—તાપમાં ફરતી વેળા લીમડાના પાન માથા પર રાખે.

૬-લુ લાગે નહી—તાપમાં ફરતી વેળા માથા ઉપર દીવેલાના પાન મુકે.

૭-લુ લાગે નહીં—તાપમાં ફરતી વેળા આકડાના પાન માથા પર રાખે તો લુ લાગે નહીં.

૧૧—તડકાંની ગરમી લાગે નહીં. ઉધરસ, દમ, બાળકને હોય તે માટે ધાણા અને સાકર પાણીમાં વાટી પાવી.

૯—લુખ (લુ) લાગે ત્યારે મેથીની સુકી ભાજી પાણીમાં પલાળી તે પાણી દરદીને મધ સાથ પાવું.

૧૦—મોઢામાં કાળી દરાખ, આલુ અથવા જેઠીમધ રાખે તો લુ લાગે નહીં.

૧૧—ગરમાળાનો ગોળ ખાવાથી ઝાડા થઇને લુ ઉતરસે.

૧૨—કાચી કેરી રાંધે ગોળ મેળવી ખાવા.

૧૩—આંબળી અથવા લીંબુનું શરબત પીવું.

૧૪—પાણીમાં ધાણા પલાળી રાખવા ને પાણી સાકર સાથ પીવું.

૧૫—કાળાં મરી અને ઘી પગને તળીએ લગાડી કાંસાની વાડકીથી ઘસવું.

૧૭—તડકે ચાલી તરત તાડી પીવાથી લુ લાગે છે.

૧૮—ચાલતાં થાકીને રસ્તામાં પાણી પીએ તો લુ લાગે.

લુણો-દીવાલે લુણો.

૧-દીવાલે લુણો--દીવાલને લુણો લાગે ત્યારે નીચે મુજબ ઓપડવું. પેહેલા લુણો ઉખેડી કાઢવો. પછી બે ભાગ ફટકી, ૧૦૦ ભાગ પાણી મેળવી દીવાલને બેવાર પચાવવી, પછી નીચે મુજબ પાતળું લગાડવું.

ચુનો ૧ શેર, ાા શેર ચોખાના આટાની લાહી, નવટાંક સરસ, (ગરમ પાણીમાં પીગલાવેલું) અને નવટાંક ખાંડ, તેમાં જેટલું જોઈએ એટલું પાણી લેવું. આ સઘળી ચીજો મેળવીને દીવાલ ઉપર એક હાથ પાતળો મારી પછી બીજો હાથ મારવો. જો પંદર દીવસમાં લુણો પાછો દેખાય તો ફરી આ મુજબ તેટલી જગા ઉપર કરવું. જો લુણો ઘણો હોય તો ઘણીવાર કરવું.

૨=લુણો દીવાલે લાગ્યો હોય તો તે ભાગ ઓખરી નાખી નીચે મુજબ લગાડવું-પાણી જેમાં ૧ ટકા એસીડ આર્સેનીક મેળવેલું હોય તે પાણીથી દીવાલને ૪-૫ વાર પચાવવું. પછી નીચે મુજબ પાતળું લગાડવું-ચુનાની ફાક તાજી બનાવેલી શેર ૧, સીમેંટ શેર ૧, પાણી જેટલું ખપે એટલું આ લગાડવાથી લુણો બંધ થશે.

૩=વાઈટ વોસ, દીવાલે ચુનો ધોળવા અને દીવાલે લુણો લાગે નહી તે માટે—૧ મણ ચુનાને ગરમ પાણીમાં પીગળાવવો. તેને કપડાંથી ગાળી રેતી જુદી પાડવી. ાા શેર હરીઆનું મીઠું પાણીમાં પીગલાવી ચુનાના પાણીમાં નાંખવું. ૩ શેર ચોખાના આટાને પાણીમાં ઉકાળી પાતલીકાંજી જેવી બનાવીને ચુનાના પાણીમાં નાંખવી. ાા શેર સરસને બસેર પાણીમાં બીજવી ૧ કલાક રાખી મુકવો. ગરમ કરી એક રસ થાયને ચુનાના પાણીમાં નાંખવો.

આ મેલવણી બે દીવસ રહેવા દેવી, પછી ગરમ પાણી નાખી દીવાલે ધોલવા લાયક ચુનાનું પાણી કરી ગરમ ગરમ દીવાલે લગાડવું.

લુણો (કલર) REH

લુણાવાડી જગામાં આંકડાના પાનનું ખાતર બહુ સારૂં છે. ભાતના ખેતરમાં આ ખાતર બહુ માફક છે.

લેપ.

ગુગળ, રેવનચીનો સીરો, છસેસ, ગુજર, બોર, ઈંડાંની સફેદીમાં લેપ બનાવી લગાડે. ઉપર ૩ દાબે. આકડાનો ૩ વધારે સારો છે.

લકવો–સુનબેરી.

૧–અડદીઓ વા જેમાં મોં મરડાઇ જાય છે. તે દરદીએ લસણ ઘણું ખાવામાં લેવું. અડદના આટામાં લસણ મસળી તેના ભજીઆં તલના તેલમાં બનાવી ખાવાં.

૨–મગજની નસોં ફાટવાથી અથવા ઘણું દબાન થવાથી મગજના તંતુઓ અને બીજા શરીરના ભાગો વચ્ચે વહેવાર ચાલતો બંધ પડે. શરીરના જે ભાગ સાથેનો વહેવાર મગજ સાથે બંધ પડે તે ભાગ પર લકવો થયો એમ કહેવાય છે.

દરદીને ઝાડાનો કબજીઆત હોય તો, એરંડીઆનો જુલાબ આપવો.

૩–ગુંગળ આ દરદ માટે ઘણો અકસીર છે માટે ત્રીફળા ૩) તોલા, પીપર ૧) તોલો, ગુગળ ૪) તોલા મેળવી ના તોલો રોજ બે વાર મધ સાથે મેળવીને ઘણા દીવસ ખાવું.

૪–લકવો સુન બેહેરી—બેહેર ચામડી માટે તેલ—ધંતુગના પાન, ખરસાની થુઅરની દાંખળી, એરંડાના પાન, નગોરના પાન અને સુંઠ સરખે ભાગે છુંદીને તેના વજન કરતાં બમણું તેલ, અને ચારઘણું દુધ લઈ ઉકાળવું. માવો બધાઇ તેલ છુટું પડે તે ગાળી લઇને મસળવામાં લેવું. કાઇ દુધને બદલે પાણી વાપરે છે.

૫–લકવાનું તેલ, (સુણબેહેરીનું તેલ)—માલકાકણી, તેથી બમણું તલનું તેલ, ચાર ઘણું દુધ, એ સઘળું ઉકાળવું. માવો બંધાય ને તેલ છુટું પડે તે મસળવામાં લેવુ.

૬–લકવાનું તેલ—અખરોટનું તેલ અથવા ધંતુરાનું તેલ મસળવાથી દરદીને ફાયદો થાય.

૭–લકવો—લકવાવાળા દરદી રોજ સવારે એક કાચો કાંદો ખાય તો ફાયદો જણાય.

૮–લકવા માટે—ચુલાપર પાણી મુકી તેમાં જરા રાખ અને મીઠું નાખી ઉકાળે, તેમાં ડુંઅકરાંનો ૧ પગ (ખરીઓ) મુકે.

પગપરનાં બાલ નીકળે તેમ થાય ત્યારે બરીઓ બહાર કહાડે અને બીજો બરીઓ પાણીમાં મુકે. બહાર કહાડેલા પગપરથી બાલ છરી વતી ઓખવી કહાડે. બીજો પગ તય્યાર થાય તેને બહાર કાહાડી બાલ સાફ કરે. એ પ્રમાણે ચાર પગ સાફ કરી પાણીમાં નાખી ચુલે ચઢાવી તે પકવે. આ બકરાંના પગોના રસમાં મધ અને ઈંડાની સફેદી બને એટલી નાખી દરદી રોજ બે વાર પીએ. ૨૧ દીવસ પીએ. રસ બનાવવા માટે કલાઇ કરેલું વાસણ જોઇએ. બીજો ઉપાય --કબુતરનો રસ દરદીને પાવો. કબુતરનો રસ બનાવતાં કબુતરના માઉસ સાથે ૧) તો. ચણા નાખવા જોઇએ.

૯—લકવા માટે અને હાથ પગમાં ચીરા પડે તે માટે—ધતુરાના બીનું તેલ મસળવું.

લકવાનું તેલ બનાવવાની રીત.

એક તોલા ધંતુરાના બી, અને સીધવ એક તોલા પાણીમાં વાટવાં. ૪ તોલા પાણી અને એક તોલો તેલ ઉકાળી પાણી બાળવું અને તેલ ગાળી લેવું.

૧૦—લકવા માટે—બીરમરોટીની રાખ એક વાલ પાનની સાથે દરદીને રોજ બેવાર ખવાડે.

૧૧—લકવા માટે—એક કળીનું લસણુ ૦ાા તોલો લઇ ધુડી દુધમાં પકાવી રોજ ખાય.

૧૨—અડદીઓ વા—મોંઢું વાંકુ થાય—તે માટે લસણુ વાટી તલના તેલમાં ખાવું, અથવા અડદના લોટમાં લસણુ મેળવી તેના વડા કરી તેલમાં તળી ખાવાં. લસણુ ખાનારા માણુસે ગોળ ખાવો નહીં.

૧૩—સંધીવા=લકવા માટે—લસણનું તેલ મસળવામાં આવે છે.

૧૪—લકવાની અસરવાળા દરદીને સાલમ આપે છે. શરીરના નસો ઢીલી પડી હોય તો સાલમ ૦ાા થી ૧ તોલો સુધી દુધમાં ઉકાળી પીવામાં આપે છે. વીલાયતી સેનોટોજના બધા ગુણો એમાં છે.

૧૫—લકવા—૦ાા થી ૧ તોલો રાતના બીજ મધમા સહવારે ખાય તો બહુજ જળદી ફાયદો થાય.

૧૬—લોહી ફરતું કરવા માટે—લસણનો રસ ૧૦ તોલા, બદામનું તેલ (તલનું તેલ પણ ચાલે) ૨૮ તોલા ઉકાળવું. રસ બળે, અવાજ નીકળતો બંધ પડે ત્યારે ચુલા ઉપરથી ઉતારી તે તેલ મસળવામાં લેવું.

૧૭—ચીત્રો ૩ જાતના છે. સફેદ, લાલ, અને કાળાં પાનરાંવાળો છે. કાળાં પાતરાંવાળો જળડ છે એમાં ફેફ્ષ (ફેફ્ષઆ) ઉડાડવાના ગુણ છે.

સુનએહરી—અંગ મરી ગયલું હોય તે માટે—ચીત્રો પાણીમાં અથવા દારૂમાં ઘસી તે જગાપર ૩–૪ વાર લગાડયા કરે. જ્યાં સુધી ચામડીમાં જોર આવે નહીં, લોહી ફરતું થાય નહી અથવા અગન લાગે નહી ત્યાં સુધી લગાડયા કરવું. અગન બળે અને ખમાય નહી ત્યારે ટંઢાં પાણીની ધાર એક હાથની ઉંચાએથી તે અગનવાળી જગા ઉપર ચાલુ નાંખવી અથવા કોપરાંની વાટી પાણીમાં ઘસી લગાડવી.

૧૮—સુન એહેરી, શરીરે ઝઝની, રક્તપીત માટે—મોરથુથુ ૦ા શેર, ખોરાસાની અજમો ૦ા શેર એઓને ૧૨૫ લીંબુના રસમાં ખરલ કરે. પાંચ દીવસ સુધી ખરલ કરે, આ ક્રીયા પાંચ દીવસે પુરી કરે. એની ચણા જેવડી ગોળી કરે, તેમાંની એક રોજ સહવારે ખાએ.

૧૯—તેલ વચ્છનાગનું—૦ા શેર વચ્છનાગ ખુંદી પાણીમાં પલાળવા. તેમાં ૫ શેર દુધ. ૧ શેર તેલ નાખી ઉકાળવું. માવો બળી તેલ છુટું પડે તે ગાળી લેવું. દુધને બદલે કોઈ પાણી વાપરે છે.

સુન એહેરી. લકવો—વચ્છનાગનું તેલ મસળે તેથી ફાયદો થાય છે.

૨૦—લકવો. મોં ફરી ગયું હોય, જબાં વાંકી ગઈ હોય ત્યારે સુંઠ, મરચાં, પીપળ, અજમો, મોથ, કાળી દરાખ, ચીતરો, સુરી જાત દરેક તોલો ૦।। સુખડ ૩ પઇસાભાર એની ધમૂરના પાતરાંના રસમાં ચણા જેવડી ગોળીવાળવી ૧ ગોળી પાણી સાથે ખાવી.

૨૧—લસણ દુધ સાથે, તેલ સાથે, ઘી સાથે કે મીઠાલુણ સાથે રોજ ખાવું.

૨૨—અડદ દરેક જાતના વા માટે ગુણકારી છે માટે અડદના આટાના વડાં, અડદની દાળ, અથવા અડદના શીરા રોજ ખાવા.

૨૩—માલકાકણીના બી. ૧૦ થી ૨૦ ખાવાં અથવા તેના તેલના ટીપાં ૫ થી ૧૦ લેવાં.

૨૪—૦ા તોલો મરીનું ચુરણ ઘી સાથે રોજ સવારે ખાવું. કૌઆના મુતનો ઉકાળો પીવો.

૨૫—વાના ચસકા માટે તો બે લેડાના પલાસ્ટર અથવા ગુગળની પટી મારવી.

૨૬—ખોરાકમાં અડદ, ઘઉં, સરગવાની શીંગો, લસણ વધારે સારી છે. જુઓ "સુનેબરી" "લોહી ફરતું થાય"

૨૭—લકવાની ગોળી—સુંઠ ૦ાા તોલાને ઘી ૦ાા તો. માં શેકવી, લસણ ૦ાા તો. મેળવી ૧૨) ગોળી કરવી. ૧) રોજ ૩ વાર ખાવી.

૨૮—બીલામુ. પીપરીમુળ, ગંઠોડા, લીંડી પીપર, તલ સાકર દરેક ૦। તો, પાણી ૧ાા શેર અને ઉકાળી ૫) તો. રાખ, રોજ ૧) વાર પીએ.

૨૯—લકવાથી મોઢું ફરે તે માટે, સુંઠનું ચુરણ ઘીમાં તળવું તેમાં ૨૮) તો. લસણ મેળવી ૦ાા અથવા ૧) તો. રોજ બેવાર ખવાડ

૩૦—લસણ તેલમાં મેળવી ખવાડવું.

૩૧—એરંડીઉ તેલ ૦ાા તોલો રોજ બેવાર ૧) માસ સુધી ખવાડવું.

૩૨—એરંડીઆનુ મગજ ૧) તોલો દુધમાં લાપસી બનાવી રોજ ખાવી.

૩૩—ગકલ લીઅની છાલનો કાવો પીવો.

૩૪—અકુરી, દંતીમુળ, ગરમાળો, એના કાવામાં ૦ાા તો. દીવલ નાખી પીવું, દરદી ચાલતો થાય, સુન બેહરો મટે.

૩૫—દીવેલ ૧) તો. દુધ ૪ તોલા સેવન કરવું. રોજ ૧ વાર પીવું.

૩૬—લસણ બે તોલા, તેલમાં, ઘીમાં, અથવા સાલાર્થીઆ ચોખા સાથ ખાવી.

૩૭—સરગના બીજ ૦। તો, મધ સાથ સવારે ખાય તો લકવો સારો થાય.

૩૮—આકડાના પાનનો રસ અથવા આકડાનું દુધ તેલમાં મેળવી મસળવું.

૩૯—ખાસ ઇલાજ બીલામું, કોયડું, સુનામખી, સંકાગે ૦ાા તો, મધ ૧૦) ટીપાં, ગોળ સાથ ખવાડો. ગરમ ખોરાક ન ખવાડો. છતાં શરીરે ગરમી જણાય તો, આવળી, ધાણા, સોનામખી, ગંધકના ચુરણની ફાકી ૩) દીન ખવડો. [illegible] શરીર પર લેપ ૪૦] દીનમાં ફાયદો જણાય.

૪૦—લકવાથી મંદ પડેલી શકતી પાછી લાવવા માટે તુવરની દાળ, ઘી રોટલાનો ખોરાક રોજ લેવો (આ બાબત માટે **જુઓ** "ખોરાક.")

૪૧—આકુરી, દંતીમુળ, ગરમાળો એના કાવા સાથ ૦ાાા તો. દીવેલ પીએ. અથવા [illegible] સારેશા ચાલુ [illegible] કરે.

લોહી પડે—રક્તસ્રાવ—જખમ રૂઝે.

૧—નાકમાંથી લોહી નીકળે ત્યારે દુધના ૧૨ ટીપાં નાકમાં મુકવાં.

૨—નાકમાંથી અને છાતીપરથી પડતુ લોહી બંધ થાય. કેસર દુધમાં ઉકાળીને પીવું.

૩—શરીર ઉપરથી લોહી નીકળતું અટકે છે—ઠંડાના કોટલાંની રાખ લોહી નીકળતું અટકવવા માટે જખમ ઉપર દાબે છે.

૪—લોહી બંધ કરે—મસાનું લોહી, ઝાડાના ઉલટીમાં લોહી અથવા કોઇપી જગાએથી અને કોઇબી કારણે લોહી નીકળે તે બંધ કરવાની શક્તિ જેઠીમધ ધરાવે છે.

૫—લોહી-(રક્તસ્રાવ) અટકે છે—કપાસ (વણ) ના મુંળ એક તોલો પાણી અને સાકર સાથે મેળવીને પીવાં.

૬—લોહી શરીરના કોઇબી ભાગમાંથી નીકળે તો કપાસના પાતરાં ૨ તોલા અથવા કપાસીઆ ૧ તોલો સાકેર અને પાણી સાથે પીવાં.

૭—લોહી ફેફસામાંથી પડતું હોય તો કેરબો ખાધાથી અટકે છે

૮—લોહી પેસાબ સાથે "જુઓ પેસાબે લોહી."

૯—છાતીપરથી લોહી અને ધબ્બા પડે તો ૨) તોલા રસ નીકળે એટલી નમુળી સાથે મરીના ૫) દાણા વાટીને તે રસ ૨) તોલા સહવારે પીવો, એ મુજબ સાંજે પીવો આ બહુ અકસીર ઇલાજ છે.

કોઇપી ઝાહાડ ઉપર અમરવેળ (નમુળી) વધે છે. એની ૧) ૨) જડ કોઇબી ઝાડ ઉપર નાંખો તો તે પથરાઇ જાય છે. કુમળા ઝાડોનો કસ તે ખેંચી લે છે તેથી તે ઝાડ મરી જાય છે.

૧૦—લોહી—પેટમાંના સઘળી જાતના નીકળતાં લોહી હીરાબોળ ખાવાથી બંધ પડે છે.

૧૧—સીતલાની ગરમી, ઝાહડા વાટે લોહી—સીતલાની બહુ ગરમી હોય ત્યારે કોઇવાર ઝાહડામાં લોહી આવે છે. તે વેળા કમળનું મુળ પાણીમાં ઘસી બાળકને પાએ તો ઘણોજ સારો ફાયદો આપે છે.

૧૨—લોહીના ઝાહડા થતા હોય તો કાંસકીનું મુલ ૦॥ તોલો ચોખાના ધુણમાં પાવું.

૧૩–રક્તાતીસાર, ઝાડામાં લોહી પડે તે––કાળા તલ ૧ ભાગ. સાકર ૨ ભાગ અને બકરીનું દુધ ૪ ભાગ મેળવીને પાવું.

૧૪–લોહી ઝાહાડામાં પડે તો ગુળખરી એક તોલો વાટીને સાકર અને પાણી સાથે પીવી.

૧૫–લોહી શરીરના કોઇ પણ ભાગમાંથી નીકળતું હોય તો જેઠી ધ ૧ તોલો, દુધ ૭ તોલા, પાણી ૩૨ તોલા ઉકાળી દશ તોલા રાખવું અને એક વખતમાં પીવું.

૧૬–શરીરમાંથી લોહી નીકળે તો દરાખ ૧ તોલો, ૪ તોલા દુધ પાણી ૩૨ તોલા એઓને ઉકાળી ૧૦ તોલા રાખી રોજ બે વાર પીવું.

૧૭–લોહી શરીરના કોઈ બી ભાગમાં નીકળતુ બંધ થાય–ગળોનો રસ તથા વાંસના પાંતરાનો રસ એક તોલો પીવો.

૧૮–નાકમાંથી લોહી અને પરૂ પડે તો કેસર ના તોલો, સાકર ના તોલો અને ૫ તોલા પાણી ઉકાળી નાકમાં મુકવું.

૧૯–લોહીના ઝાહડા બંધ પડે––આમલાંનો મુરબ્બો ૩) તોલા સહવાર સાંજ ખાવો. અથવા આમળાનું ચુરણ ના તોલો ઘીમાં મેળવીને બુખે પેટે રોજ ૪ વાર ખાવું.

૨૦–લોહીના ઝાહડા થાય ત્યારે ગળજીબાનું ચુરણ ના તોલો ગાયના દહીની છાસ સાથ ખાવું.

૨૧–લોહી રીમીટના ઝાહડા માટે––જાસવંતી સફેદ ફુલવાળીના પાનનો રસ ૧ ચમચો ના શેર દુધમાં આપવો. ૩) દીવસમાં ફાયદો થાય, ખોરાક ફકત કાંજી લેવો.

૨૨+૨૩–લોહીના ઝાડા––હરસનાં મસા ન હોય જ્યાં ઝાડા વાટે લોહી પડે તો પીતના ઝાડાનું લોહી સમજવું. પીત છાતીપર ચવાથી લોહી બગડી ઝાડા વાટે લોહી પડે છે. ચુલાની અગ્નીનો તાપ અથવા તડકાનો તાપ ઘણો ખાવાથી બી આવું લોહી પડે છે તે માટે ઇલાજ––ગાયનું દુધ ૧૦ તોલા તેમાં પાંચ ઘણું પાણી નાખે અને ઉકાળે. ૧૦ તોલા રહે ને દરદી પીએ. અથવા બકરીનું દુધ ૧૦ તોલા મધ અને સાકર દરેક બે તોલા મેલવી પીવું.

૨૪–દારૂ પીવાથી અને ગરમ ચીજ ખાવાથી લોહી પડે ત્યારે એદાનાંનો લાબ પીવો અથવા વરીઆળીને દીવેલમાં તળી ચુરણ એક તોલો રોજ સહવારે ખાવું અને ઉપરથી વાસી પાણી પીવું.

૨૫–ધોરાધાસ દેવ પુંજનમાં વપરાય છે. ગણુપતીના પુજનમાં એ ખાસ જરૂરનું છે. ઘણો વખત વરસાદ ન પડે તો પણુ એના મુળી આં તાજાં અને લીલાં રહે છે.

લોહી નાકમાંથી નીકળે ત્યારે—ધોરા ઘાસનો રસ નાકમાં મુકવો.

૨૬–નાક અને મોંઢામાંથી લોહી પડે તે માટે—(જુના) કપાસની ધુંણ નાખે લીએ. અને પછી કપાસના પાનનો રસ એક તોલો સાકર સાથે પીએ.

૨૭–લોહી ફરતું કરે છે—મેથી દાણા ૨૧ ખાખરાં કરી સુંક તોલો ાા, સાકર ૧ તોલો, ખખળતું પાણી શેર ા મેળવી આખી રાત રાખી સવારે પીવું.

લોહી ફરતું કરવા માટે—મરચાં મરી, લસણુ, અને સીલારસનો લેપ મારે છે. જગા લાલ થાય છે, લોહી તે જગાએ આવે છે અને ફરે છે.

લોહી પડે.

૨૮=લોહી ખીસામે પડે.–મેંદીના પાનનો રસ, ઘી સાકર મેળવી ખાવી.

૨૯–લોહી છાતીમાંથી પડે.–ત્રિફળાં અને કમર કસ ખાખરા નો ગુંદરે ા થી ાા તો. રોજ બે વાર ખાય

૩૦=લોહી નાભમાંથી પડે.=ઘીમાં તળેલા આમળાનું ચુરણુ છાસ સાથે લેપ કરી માથે મુકે.

૩૧–કાંદાની બે ફાડ કરે, ૧ ફાડ દરદીને ગળે બાંધે તો નાખનું લોહી બંધ પડે.

૩૨–દાડમના ફુલનો રસ સુંગે તો નાખનું લોહી બંધ થાય.

૩૩–મોંઢામાંથી લોહી નીકળે–રાદલ અને શાકર સંભાગે બે વાલ રોજ ૨) વાર ખાય

૩૪–માંથે લોહી ચડે તો રાફડાની માટી પાણી સાથ ટાળવે ચાપડે.

૩૫–મોંઢે લોહી પડે તો લીલા ધાણાનો રસ ૨) તો૦ પીએ.

૩૬–શરીરના કોઇ બી ભાગમાંથી લોહી નીકળે તો અરડુસીનો રસ પુટપાટથી કાઢીને અથવા વાટીને ૧) તો. રસ મધ સાથ ખાય, ઢમળો, પાંડુ રોગ બી સારો થાય.

૩૭–રકતપીત,) માટે ઊમરાનું મુળ (ગુલર) પાણીમાં
લોહીનું પડવું) ઘસી શાકર સાથ ખાય. અરડુસીના પાનનું

સુરણ ૧] વાર. મધ ઘી સાથે ખાય. એથી દુધ બી ચે, અને છાતી મ ભુન થાય.

કાપ [l હાયડી ૧) વાલ ખજુર ૬ તો. ની ૧૨ ગોળી કરે, સ ૧૨ સાંજ એક ખાય.

૩૮—મ જેઠી પાનું લોહી—પુષ્કર અનર ૧] તો. કપુર સાથ મેળવી સુગ.

૩૯—લોહીની ઉલટી થાય,—સુખડ, રતાંજળી, જેઠીમધ દરેક ૦૧ તોં. ગાયના દુધમાં રોજ ૩) વાર ખાય. આ ચંદનને દુધમાં ઘસીને પીએ તો જબરી ફાયદો થાય.

૪૦—છાતી, નાક, ગાળકો વગેરે શરીરના અંદરના ભાગમાંથી લોહી પડે તે રક્તપીત છે. (રક્તપીતનાં ચાંદાં તે જુદાં છે) ત્રાંબુ-રાના પાન ૦૧ તો. સાકર સાથ ખાવાં, અથવા પાનનો રસ ૧) તો૦ પીવો. અથવા જેઠીમધ ૧) તો૦ દુધ ૮) તો પાણી ૩૨) તો. ઉકાળે, પાણી બાળીને દુધ પીએ, રોજ બે વાર પીએ. (હરસના લોહીને ફાયદો ન કરે)

૪૧—લોહીના ઝાડા માટે આવળની કુમળી પાલીનો રસ ૧] તો. મધ ૧) તો. દુધ ૫) તો. ઘી ૧) તો. પીવું.

૪૨—નાખમાંથી લોહી પડીઆજ કરે તે માટે ગધેડી (ગધેડો નહી) ના તાજા લીદાંના નીચવી રસ કાઢે, તેના ૧૦) ટીપાં નાખે મુકે.

૪૩—લોહી ફેફસાંમાંથી નિકળે તે માટે ફટકડી ૫) વાલ, ગુંદર ૬) વાલ, સાકર ૬) વાલ એની ૪) ગોળી કરે. ૧) ગોળી દર ૩] કલાકે લીએ,

૪૪—નાખમાંથી લોહી પડે તો ગવારને પાણી સાથ મેળવી કપાળપર લગાડે. અથવા જુની છો અને અડદના આટાનો લેપ કરી માથે લગાડે; અથવા આમળાને ઘીમાં તળી છાસ મેળવી રોટલો બનાવે તે માથે મુકે.

૪૫—નાખ, મોઢું, સફગમાંથી પડતું લોહી બંધ થાય. જુની છો. માંખીનો અઘાર અને હરડે હીમજીના ઉકાળા સાથ લેપ કરી માથે લગાડે.

૪૬—નાખમાંથી લોહી અગથીઆના મુળની જડ પાણીમાં ઘસી માથે લગાડે અથવા બકરીની લીંડીનુ ચુરણ કપડાની પોતલીમાં મુ સુંઘવું.

૪૭—છાતીમાંથી લોહી પડે, ઉજાતી સાથે લોહી પડે, શ્વાસ, ક્ષય } અડુસાના પાનની ચટણીનો ગોળો બનાવે તેને વડના પાનથી વીટાળે, મટોડી લગાડે તે સુકાય ને છાણામાં આકે. મટી લાલ થાય ને કાઢે અંદરથી રસ નિચવે, ૨૪) તો. રસમાં ૩૨ તો. સાકર નાખી મધ જેવી ચાસણી બનાવે તેમાં હળદર, અને એહેડાં ૪) ૪) તોલા નાખી ૦ાા તો, ખાવામાં લીએ.

૪૮—નંબર ૪૭) વાળાં ઉપલાં દરદ માટે અરડુસાનો આસવ—૧૦) સેર અડુસાના પાન, ૧૦૨૪ સેર પાણી તેને ઉકાળી ૨૫૬) તોલા પાણી રાખે, તેમાં ગોળ ૨૦૦) તો, ધાવડીના ફુલ ૧૬) તો, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, કંકોળ, સુંઠ, મરીઆં, પીપળ, નાગર મોઠ મેળવે, બરણીમાં પેક કરી ૧૫) દીવસ રાખે પછી પીવામાં લીએ.

૪૯—રકતપિત—રકતપાત—શરીરના કોઇબી ભાગમાંથી પડતું લોહી અટકે.

ગળો અને વાંસના પાનનો રસ પીવામાં લેવો.

ગુળખરી ૧) તો, સાકર સાથ. ખાવી.

વણ (કપાસ)ના મુળ. ૦ા તો. સાકર સાથ ખાવા,

કપાસીઆના મગજ રૂા. ૧) ભાર, અથવા કપાસના પાનનો, રસ ૨) તો. સાકર સાથ પીએ.

બાવળ અથવા બોરડીની અંતર છાલ દહી અને સાકર સાથ ખાય. બોરડીની લાખ ૦ા તો. મધ સાથ ખાય.

સરપંખાના મુળ બે વાલ, પાણી અને સાકર સાથ ખાવાં. અથવા અફીણ ૧ અથવા ૨) રતી ખાવું.

ફુલાવેલી ફટકી ૨) વાલ દહી અને સાકર સાથ ખાવી.

કાંટા શેરીઆના મુળની છાલ બે આની ભાર પાણી અને સાકર સાથ ખાય.

આંસોદરાની છાલ દહી સાથ ખાય.

લોહી વધે—લોહી સુધરે—લોહીના બગાડ માટે—લોહી વીકાર માટે—ઉપદંશ માટે.

૧—લોહી સુધારનાર—મસા અંગ ઉપર ઘણા થાય તે માટે—(દા. પાતરાંવાળા બ્લડ પીઉરી ફાયર) ઉસબો તોલા ચાર, સાથરાના ફુલ તોલા ત્રણ, સીરબેસ તોલા ચાર, સોંપ તોલા સાડા ત્રણ,

ચોપચીની તોલા સાડા ત્રણ, ઉનાબ દાણા પચાસ, ગુલએદમુસક ચાર તોલા, ગલો લીમડાપરની તોલા ચાર, એના સાત ભાગ કરવા; એક ભાગ એક શેર પાણીમાં ભીંજવી રાખવા. સહવારે ચોળીને ઉકાળવું. અરધો શેર પાણી રહે ને અંદર એક ધોલો ગુલકંન નાંખી પીવું. સાત દીવસ અથવા એકવીસ દીવસ પીવું. મસા બધા ખરી પડે છે ખુન સફા થાય છે.

જુલાબ લાગે તો ગભરાવું નહીં. દવા ચાલુજ રાખવી. સુકી અળધ અને આદુ ખાવામાં ઘાચું લેવું. દારૂ, આમલી, લીંનું મરચું, તેલ જરાબી ન લેવું. ગુલએદમ... ન મળે તો ઉસંક ખરદુસ લેવું. એને બદલે કોઈ જનફસા અને ... સ્નાન લે છે.

૨—લોહી બગડે, ગરમી ફુ... નીકળે, ચાઠાં થાય, ચામડી કાળી પડે, સાંધા ઝળાય—આ દરદો ... ચોપચીનીને ખાવામાં લીધાથી ફાયદો છે. ૦। શેર ચોપચીનીને ઘીમા તળી તેની સાથે પીપર, પીપળી મુળ, મરી. લવંગ સુંઠ, તજ, અકલગરો દરેક ૦। થી ૦॥ તોલો મેળવી તેમાંથી ૦॥ તોલો રોજ બે વાર ખાય.

૩—રક્તપીત, લોહીનો બગાડો—ગળોના વેળાના કટકા ૪ તોલા ખાખરા કરી, ૧૪ તોલા પાણીમાં ઉકાળી, ૪ તોલા રાખી તે રોજ બે વાર પીવું.

૪—લોહી સુધારવા તથા ખુજલી દુર કરવા—ગંધકના ફુલ ૦। અથવા ૦॥ તોલો દુધ સાથે રોજ ૧) વાર ખાવાં.

૫—લોહીનો વધારો, રક્તવૃદ્ધિ માટે—નાળીએરનો સરકો નીચે મુજબ બનાવી એક તોલો રોજ ખાવો.

૬—નાળીએરના પાણીને ધીમી આંચે ઉકાળવું. રસ ઘાડો થાય ને કેશર તોલો ૦॥, લવંગ તોલો ૧ નાંખી પેક કરી રાખવું.

૭—લોહી વધારવા માટે, પાચન શકતી માટે—લીલી દરાખનો રસ અતી ઘણો ઉપયોગી છે. એ ખોરાક તરીકે કામ લાગે છે. એના ગુણો ઘણાજ છે.

૮—લોહી સુધરે—ઉપદંશ મટે. આંકડાનું મુળ તોલો ૦॥, ગળો તો. ૪), લીમડાની અંતર છાલ ૪) તોલા એનું ચુરણ ૦। તોલો દીનમા ૨) વાર ખાવું,

૯—લોહી વીકાર, તથા ગરમી માટે દારૂડીનો રસ, સરપંખાનો રસ, મધ દરેક બે તોલા ૨૧ દીવસ પીએ તો લોહી વીકાર અને ગરમી મટી જાય.

૧૦=ગરમીથી લોહી બગડે, શરીરે ચાઠાં પડે તે માટે—કાંસાની થાલીમાં પાણીથી ૧૦૦ વાર ધોયલું ઘી ના શેર તેમાં બે તોલા ફટકી મેળવીને રાત્રે સુતીવેળા દરદીના તલીઆંમાં તેમજ ચાઠાં પર લગાડવું.

૧૧=મોં ઉમરીના છોડ થાય છે, તેના છેક થડમાં ફળ આવે છે.

ભયંકર રકતપીટ, લોહી ગમે ત્યાંથી નીકળે, દુઝતા હરસ. કમળો. લોહીનો સુધારો, માસાળે પડતો ઘટ પદાર્થ.	આ માટે તાત્કાળીક ઉપાય. ઉબરાનો આસવ અકસીર છે. (ઉંબરાનો આસવ બનાવવાની રીત જુઓ "આસવ"

૧૨=લોહી સુધારવા માટે—ચોપચીની ૫) તોલા, પાણી શેર ૧ ને ઉકાળી ના શેર રાખે. તેમાંથી ત્રણ તોલા દીવસમાં ૩) વાર પીએ.

લોહી સુધરે, મરદને શક્તિ વધે—ગોળ સાથે ઘી મેલવી રોજ સહવારે ખાવું.

૧૩=લોહી સુધરે—શરીરની અંદરના લોહીના જીવજંતુ મરે—મલેરીઆના જીવજંતુ મરે—ભુખ વધે—વિર્ય વધે—કોઢને ફાયદો કરે—ઘડપણ દૂર થાય—શરીર નિરોગી રહે. બાલ સફેદ થતા અટકે—હરતાન ન્યમીત થાય.

ઉપલાં સઘલા ખાતી માટે નીચે મુજબ લેવું.

ગંધક, જેઠીમધ દરેક ૧) તોલો, ત્રીફલા ૬) તોલા, સાકર ૩) તોલા એની મેળવણી કરી ના તો. ચુરણ રોજ બે વાર ખાવું. ૧) વરસ સુધી ચાલુ રાખવું. અથવા ગંધક ૧ તો. લોબાન ૧ તો. ત્રીફળા ૬ તો. એનું ચુરણ ના તો શાકરમાં મેળવી રોજ બે વાર ૧ વરસ સુધી ખાય.

લોહી સુધારવા, આમડીનો રોગ મટાડવા માટે—દારૂડીનો છોડ સારસા પેરીલાના જેવા ગુણ ધરાવે છે, એના ઘન (એસ્ટ્રેક્ટ) ની એક વાલની ગોળી બનાવી વાપરે અથવા તે પ્રમાણમા શરબત અથવા અરક બનાવી પીએ.

૧૪=ગરમીના ચાંદાનું ઝેર શરીરમાં પેસી ગયું હોય અને લોહી બગડી ગયું હોય ત્યારે જાસુના ફુલની કળીઓનો રસ ૨ તો, ઘી ના તો. ૧ વાલ રાહળ (રાળ) મેળવી ખાવું.

૧૫=૧ રતલ ઉકળતું પાણી કાટલના વાસણમાં નાખી તેમાં લીમડાના પાન આશરે ૧ રાત રાખવાં. સહવારે તેમાંથી ૨ તો. પાણી દર ૩ કલાકે પીવું. અથવા દારૂડીનો રસ ૨) તોલા, મરી નંગ ૧૦ ને ઘીમાં મેળવી રોજ ૩ વાર પીવું,

૧૬=ચોપચીની તો. ૧૬—ખુરાસાની અજમો; સુંઠ, વાવડીંગ, એલચી દરેક ૧ તો એનું ચુરણ ૦। તો પાણી સાથ પીવું.

૧૭=ઇંદ્રવરણાની જડ તો ૩, એક શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી રાખી તેમાં ૩ તો. શાકર નાખી સવાર સાંજ પીવું. ઉપરથી દુધ પીવું.

૧૮=વાવડીંગ, ત્રીફળાં, અને ગુગળ સંભાગે મેળવી ચીનીબોર જેવડી ગોળી બનાવી બે ગોળી રોજ બે વાર ખાવી.

૧૯=ત્રીફળા અને કરીઆતુ એનો ઉકાળો પીવો.

૨૦=લોહી સાફ કરે—કાચનારના ઝાડની છાલ, સરીવા એટલે ઉપલસરી—(એમાં સારસાના જેવા ગુણ છે;) કપુર મધુરીના મુળ એમાંથી કોઈ બી એકનો ઉકાળો રોજ પીવો.

૨૧=લોહી સાફ થાય—વરીઆળી, ધાણા, કાસની સંભાગે મેળવી ૦। તોલો ફાકી મારવી. ઉપર વાસી પાણી પીવું.

૨૨=લોહી સુધરે—સુનામખી અને ચોપચીની સાથે મેળવી ૦। તોલો ૪૦ દીવસ ખાવી.

૨૩=લોહી સાફ કરનારી ગોળી. સંભાગે—હીરાકસી અને માજો એળીઓ, ગુંદર સાથે મેળવી, ૧ વાલની ગોળી બનાવી. તેમાંથી એક ગોળી દિનમાં ત્રણવાર ખાધા પછી લેવી, આથી લોહી સાફ થાય છે.

૨૪=લોહીનો સુધારો કરવા માટે વડની મુળીની ચાહ પીએ.

૨૫=લોહી સાફ થાય, ગર્ભસ્થાન સુધરે, પરમો સારો થાય, બદગોળ સારી થાય—સરપંખા ૫) આઉંસ. સ્પીરીટ ૨૦) આંઉસમાં અરક બનાવી તેના ૩૦) થી ૬૦ ટીપાં સુધી પાણી સાથે પીવાં.

૨૭=લોહી સુધારનાર—સીસમનો વેહેર ૦॥ શેર, ૩ શેર પાણીમાં નાખી રાત ભીંજવી રાખવો. તેને ગાળીને ૧॥ શેર સાકર નાખી શરબત બનાવી ૧ તોલો શરબત દીવસમાં બે વાર પાણી સાથે પીવું.

૨૮=લોહી વધે—પીલાં અંજીર સાકર સાથે રોજ સવારે ખાવાં.

૨૯=લોહી સુધરે, મનની દલગીરી દુર કરે, કરમ પડે, જલંદરને, કમળાને ફાયદો કરે—કારેલાં ખાવાથી લોહી સુધરે છે અને આ સઘળી બીમારીને ફાયદો આપે છે.

૩૦+૩૧=લોહીનો વધારો=રકત વૃધ્ધી માટે—નાળીએરનો સરકો નીચે મુજબ બનાવી એક તોલો રોજ ખાવો.

૫૦ નાળીએરના પાણીને ધીમી આંચે ઉકાળવું રસ ઘાટો થાયને કેસર તોલો ૦।, લવંગ તોલો ૧ નાખી પેક કરી રાખવું.



લોહી વધે–સુધરે.

૩૨=ચંબેલીના કુમળાં પાનનો રસ ૨) તો૦ ગાયનું ઘી ૨) તો. રાળની ભુકી ૧) રતી ૧૫ દીન સવારે પીવું. સાર્સા, આયોડાઇડ કમપાઉંડ, વીથ મરકયુરી: જે કામ ઘણે વખતે કરે તે કામ આ ચંબેલી ૧૫) દીનમાં કરે. ખોરાક ફકત. દુધ, ઘી, રોટી, ભાત, સાંકર.

૩૩=બોરીઓ કલાહર, (ગોરખમુંડી)ની ચાહ સાકર નાખીને પીએ તો લોહી વધે.

૩૪=ત્રીફળાં (હરડે ૧, આમળા ૪, બેરાં ૨, ભાગ) ૦ા તો. રોજ બે વાર ચાલુ ખાવો.

૩૫=૦। તો. ગંધક રોજ દુધમાં ખાય. ગંધક ખાનારે દરીઆનું મીઠું ન ખાવું. તે ગરમ છે, ગંધક જાતે ગરમ છે માટે ગરમ ખોરાક ન ખાવો. સિંધવખાર ખાવામાં અડચણ નથી, થંડીની મોસમમાં પીએ તો ગરમીની રૂતુમાં શરીરે કુલ્લા ન થાય.

૩૬=ભોંય રીંગણીનું બી, બંધ વાસણમાં પકાવી ચુરણ ૧) રતી પાન સાથ રોજ બેવાર ખાએ.

૩૭=વાઘનું અથવા હાથીનુ હાડકુ પાણીમાં ઘસી પીએ.

૩૮=ઉપલસરી=સારીવા–ગોરીસર, કારીસર, ઇનડીઅન સારસા. હેમીડેસમી, ૫થી ૧૫ ફીટ લાંબા વેળા થાય છે; એના પાન તલવારની ધાર જેવાં છે: એના મુલમાં સુગંધી હોય છે: ડુંગરાવાળી જગામાં થાય છે. ૫) તો. મુલીઆ ૧। શેર પાણીમાં ઉકાળે ૦ા શેર રાખી તેને ૩) વાર પીએ. રોજ તાજું બનાવી પીએ.

૩૯=એકસ્ટ્રેક સારસા કમપાઉંડ—ચીત્રકમુલ, મનાવરી, ત્રાયમણ, પાપર, અડુસાના પાન, ભાંગરો, દેવદાર, કાળીપાટ, બેરસાલ, રતાંજલી, નસોટર, વરણો, કરીઆતું, બાવચી, ગરમાળાનો (ગોળ), સાગની છાલ, બકાનની છાલ, અતિવિષ, વાળો, કંટવાયણાના મુળ, ધમાસો, ખડસાલી સંભાગે લેવું, એ સઘળાંના વજનથી બમની ઉપસરી (સાસો) લેવી. એમાંથી ૧) તો. ૦। સેર પાણીમાં ઉકાળે, ૨) તો, રાખી પીએ વધુ ઉકાળી ૦ા તો. રાખી ઘટ બનાવે તો બગડે નહી, મધની સાથે પીએ.

૪૦=રૂદ્રવંતીના આખા છોડનુ ચુરણ ૧) તો. મરી વાલ ૨), મધ ૨) તો. દુધ ૦ા સેર, પાણી ૦ા સેર, ઉકાળી પાણી બાળી પીએ. ૧। માસ સુધી પીએ.



લોહી જમે=મુંઢમાર=માર ખાવાથી વાગેલું, દબરાયલું.

૧=પડીજવાથી અથવા મારખાવાથી શરીરમાં લોહી જમી જાય તે માટે લેપ=મેદાલકડી, બકરીની લીંડી, આવળના ડોડવા, મીઠું, હળદર પાણીમાં વાટે ગરમ કરી લગાડે.

૨=ધતુરાનો રસ લગાડે.

૩=કબુતર (પરિવા)ની અઘાર (ચરક) બે વાલ મધ સાથે ખવાડે અને તે શરીરને લગાડે.

૪=આંબા હલદ (Mango ginger) ગુગળ, લોદર પાણી સાથ ગરમ કરી લેપ કરે.

૫=દરાખનો રસ અથવા દરાખ આસવ પાવો.

૬=પાતાલ યંત્રથી બીલામાનું કાઢેલું તેલ ૧) તો. લવંગ ૧) તો. જાયફળ ૦॥ તો૦ ખરલમાં ૪) પોહોર ઘુંટે. ૧ વાલની ગોળી ઘી સાથ અથવા સાકરના શીરા સાથ આંતરે આતરે ખવાડે. ૬ દીવસના વખતમાં, ૩ વાર ખાય. વધુમાં વધુ ૧૬ દીવસ એટલે આઠ વખત ખવાય. આ બહુજ ગરમ છે: માટે દુધ, ઘી ઘણું ખાવું. ગરમ ચીજ નજ ખાવી, છતાં શરીરે ગરમી ફુટી નીકળે તો કાપરું ખવાડવું. ગાયનું છાણુ ચોપડવું, ગરમ પાણીથી નાહવું નહી. તડકે ફરવું નહી. ઘી, સાકર દુધ પુષ્કળ ખવાડવું. કીમતી દવાથી જે કામ ન થાય તે આ ઇલાજથી થાય છે, ઊંચેથી પડી ગયલા દરદી માટે, તેમજ શરીર જકડાઇ ગયું હોય તે માટે સારો ઇલાજ એછે.

લોખંડની ભસ્મ.

બાવળના પાંદડાને છુંદી તેમાં કાનસનો ભુકો મેળવી ૧૪ દીવસ સુધી સુરજના તડકામાં રાખવાથી લોહ ભસ્મ થાય છે. તડકે મુકવા કરતાં ભઠ્ઠીમાં બાળે તો વધારે સારી અને જલદી થાય.

વરસોળી–વસુરી–રસોળી.

૧=વરસોળી—સચરો, સાજીખાર અને ચુનો સંભાગે મેળવી મલમ કરી, વરસોળી ઉપર ૪ દીન લગાડે તો વરસોળી કપાએ.

૨=વસુરી માટે ઇલાજ—રેવનચીનો સીરો, એળીઓ, ગુગ્ગર, એને પાણીમાં અથવા દારૂમાં ઘસી ઘણા દીવસ લગાડવું.

૩=વરસોળીની ગાંઠ—સરગુઆના મુલની છાલ, સાટોડી, સુંઠ, દેવદાર, એનો જાડો લેપ કરી મુકવાથી ગાંઠ નરમ થાય છે અને અંદરના મવાદને ધીમે ધીમે ખેંચી લે છે. લેપથી અગન બળે તો થોડો ઘઉંનો આટો ઉમેરવો.

૪=વસુરી માટે—સોમળ બે વાલ કળી ચુનો ૪ વાલ, ખાપરીઉં ૪ વાલ, લીંબુના રસમાં મેળવી વસુરીને લગાડી ઉપર લુગડું ૭ દીન રાખવું. જ્યારે વસુરી ભાગે ત્યારે મલમ રૂઝનો મુકવો.

૫=રસોળી, વસુરી ખરી પડે, પીગળી જાય—કેરડાના કુમળા પાનની લેપડી મીઠાં સાથ મેળવી વસુરી ઉપર ૩ દીવસ બાંધે.

૬=વસુરી—પાકી કેરીની ગોટલી પાણીમાં ઘસીને વસુરી ઉપર લગાડે તો એક જાતનીવસુરી નરમ પડે.

૭=વસુરી પીગળે—પાપડખાર એક ભાગ અને કળી ચુનો અરધો ભાગ પાણીમાં લાકડાંની સળીથી મેળવી વસુરીપર રોજ લગાડે.

૮=રસોળી માટે—કેરડાના કુંપળ અને મીઠું વાટી લેપ કરવો અથવા પાપડખાર, ચુનો સાથે મેળવી લગાડવું.

૯=વસુરી—કાળા મલમની પટી વસુરી ઉપર ઘણા મહીના સુધી લગાડે તો અંદરનો મવાદ સુકાઈ જાય.

રસોળી=વસુળી=વરસોળી,

૧૦—એ એક જાતની ગાંઠ છે. એમાં ચરબી અથવા ગોકનો પદાર્થ રહે છે હાથે દાબવાથી ભેગો જાય, અને પાછો ઉભો થાય ત્યારે જાણવું જે ચરબી છે. ચરબી ન હોય તો રસોળીની ગાંઠને ચાપડીના પુડથી જુદી જુદી પાડવી, અને રસ જેવી બનાવવી.

પછી ગાંઠ ઉપર કાર્બોલીક એસીડના ૧૦ ટીપું મુકવું. ને સુકાયને ફરી મુકવું. ગાંઠ ઉપર કાણું પડે ત્યાં સુધી મુક્યા કરવું અંદરથી રસી જવાની રાખવી, તે માટે પેનાસ આમેન્ટાર સાબુના પોતાં મુકી રાખવાં તેથી રૂઝ આવે નહીં અને રસી બહાર નિકળ્યા કરે. અંદરનો મવાદ નિકળી જવા પછી રૂઝ લાવવું.


૧૧—ટીંક્ચર આયોડાઈડ ૫ ટીપાં શરબત સાથે રોજ ૨) વાર લેવાં. અને બહુ કાળો વખત એમ ટીંક્ચર આયોડાઈડ ગાંઠ ઉપર રોજ બે વાર લગાડીઆ કરવું તેથી અંદરનો મવાદ સમાઈ જાય,

૧૨ પીળી મટોડીને તડકે સુકવી ચુરણ કરવું, પાણી સાથ તે મેળવી રોજ બે વાર તેની લગાડી મુકી પાટા બાંધવો.

૧૩–રસોળીને ચોપડીના પુઠાથી થોકી એક રસ કરે તે ઉપર સીસાં ધાતુની પાટ મુકી પાટા બાંધે.

૧૪–સુકી હળદરને ઈંગાર ઉપર મુકી બાળે ચુરણની પાણી સાથ લેપડી બનાવે તે ગાંઠ ઉપર ૧) ૧] પૈસા જેટલી જગા પર લગાડે, ૪) દીવસ સુધી રોજ ૫) વાર લગાડે- વસોળી ઉપર કાનુ પડે તેમાંથી મવાડને બહાર કાઢવો. મટોડી મવાદને પાણી જેવા કરે છે. ગર ગુમડાં ઉપર પણ આ મટોડીનો લેપ કામ કરે છે.

૧૫–પાનમા ખાવાનો ચુણો ૦ાા તો. ખડી ૦ા તો. મેળવી લગાડે, જો અગન નખમાએ તો ખડી ૦ાા તો. લીએ. વસુરી ફુટે, મવાદ નીકળે પછી કાળા મલમની પટી મારે.



ધનુરવા માટે.

૧=અફીણ સૌથી સરસ છે. ૦ાા રતી અથવા વધારે આપવું.

૨=કસ્તુંરી ૧ થી ૩ રતી આપવી.

૩=ખુરાસાની અજમો અને કપુર સભાગે મેળવી ૨) વાલ આપવો.

૪=પીપર ચુરણ ૩) વાલ આપવું.

૫=ભાંગની ભુકી ઘીમાં સેકી ૧ થી ૨ વાલ આપવી.

૬=ફુલવેલો ટંકણખાર ૨ થી ૪ વાલ આપવો.

૭=કાળી તુલસીના પાન, લસણ, કાંદો, આદુનો રસ સંભાગે મેળવી ૦ાા તોલો આપવો.

૮=ધંતુરાનો રસ શરીરે ચોળવો.

ધનુરવા.

પડી જવાથી, વાગવાથી, ખીલો ગોપાયાથી ધનુરવા થાય છે.

૯–શરૂઆતમા જખમ પર સીંદુર અને તેલ મુકી રૂઝ લાવે. સરૂઆતમાં ૧ થી ૨) રતી અફીમ, દરદીને રોજ ૩) વાર ખવાડે તો ધનુંરવા લાગુ પડે નહી.

૧૦–૧] ખારકને મીઠાં તેલમાં બાળી તેનું ચુરણ કરે તે ચુરણ ૧ થી ૪) વાલ, પાણી સાથે આપે તો ધનુરવા નરમ પડે. ઊકળેલું તેલ મસળવાંથી ખેંચતાણ મટે.

૧૧-ધનુરવા લાગુ પડે કે તરત નીચે મુજબ ઉપાય લેવો. કાળી તુળસી, કાંદા, આદુ, લસણુ એનો રસ સંભાગે ૧] તોલો લેવો તેમાં અરલુની છાલ ૦। તો ઘસે અને એ વખત પીએ તો વા મટે. આ ઇલાજ જલ્દી થવો જોઇએ.

૧૨-આકડાના પાનનો રસ ૧] તો. દરદીને પાવો. બીજે દીવસે ૦।। ભાગ પાવો.

૧૩-આકડાના મુળની અંતર છાલ ૧। તો. ધંતુરાના પાનનું ચુરણુ નંગ. ૫) વાલ, સાકર ૧। તોલો એની ૧) રતીની ગોળી બનાવે, એ ગોળી રોજ બે વાર ખાએ.

૫) વરસની ઉમરનાને ૧) ગોળી.

૧૦) ,, ,, ૨) ,,

મોટા માણુસને ૩) ,,

ઉપરથી પાણી પીવું નહીં-પણુ ચણાના દાળીઆ ખાએ તો ઓકારી થાય નહી: મરડો અને હેડકીને બી ફાયદો કરે.

ઉરૂસ્તભ વા-ઝલાવવાનો રોગ.

૧=એમાં કમર આગળથી પગ સુધી અરધુ અંગરહી જાય છે: દરદીને ઝાળીઆ વગર ચાલી સકતું નથી.

તીફલાં, પીપર, ગુંગળ સંભાગે લઇ ૦। તોલો ચુરણુ રોજ બે વાર ખવાડવું.

વારંવાર એરંડીઉં આપી ઝાહડો ખુલાસે રાખવો.

ધનઘોરીઓ વા.

૧=ધનઘોરીઓ વા, એમાં દરદી સુતેલો ઉઠે, ત્યારે ધ્રુજે અને પાછો પડે તે માટે ૦। શેર સાકરને ગોળ, ઘીમાં, ગોળ પાપડી બનાવી તે સવારી ૩) દીવસમાં દરદીને ખવાડવી.

ગ્રધરસી લાગુ—પીઠ, કમર, ગુંઠણુ વગેરે જગાપર ફરતો વાયુ હોય તે માટે-૦।। તો. દીવેલ ગઉમુત્ર સાથ મેલવી રોજ ૧ વાર એક મહીનો પીવું.

વા મસીઓ.

ગુલાબી ચાહ પીવી. સુઆવર પછી સ્ત્રી અડી જાય તેને મસીઓ વા કહે છે. તે માટે ગુલાબી ચાહ સેવન કરવી.

રોહીડો ૦ાા તો. પાણીમાં ઊકાળે, તેમાં દુધ ૦ાા શેર નાખે, ખપ જોગી સાકર મેળવી પીએ.

શરીર કોઇબી કારણથી તવાઇ જતું હોય તેને અને હર્જ સંધીવા, કમળો, પાડું, દમ, વિસકુટકને આ ચાહ ફાયદો કરે છે.



ધાવરો.

ધાવરાનું મંતર રતવાના ભાગમાં જે મંતર છે તેજ, પણ તેમાં "રતવા ઝેર" એ બોલ છે તેને બદલે "ધાવરો ઝેર" એમ બોલવું. એના દોરાને ધુંપ તેલની દેવી.



ધુળ પેટમાં.

આખુ વરસ પેટમાં ધુળ, માટી, રાખ જાય તે જાંબુ ખાવાથી નિકળી જાય, માટે દર મોસમે જાંબુ ખાવાં જોઇએ.




વાંઝીઆપણું જણાય.

૧=ઘઉં અથવા જવના સાત સાત દાણા લઇને કાદવના બે નવાં વાસણમાં મટોડી નાંખી તેમાં નાખવાં. અને પાણી સાથે તેને એકરસ કરવાં. હવે ૧ વાસણમાં ૭ દીન મરદ પીસાબ કરે. બીજા વાસણમાં ઓરત પીસાબ કરે. જેના વાસણમાં છોડ ઉગે નહી તેને વાંઝટ સમજવું.

૨=ગલાસમાં પાણી નાખી વીર્ય નાખવાથી જો વીર્ય પાણી નીચે ડુબે તો વાંઝટપણું ગણાય નહીં, વીર્ય પાણીની ઉપર રહે તો વાંઝટપણું જાણવું.

૩=કાજું, કદુ. દુધેલું, દુધેલી, દુધીજી એમાના કોઇ બી એક છોડમાં પીસાબ કરે અને તે છોડ મરી જાએ તો તે પીસાબ કરનારને વાંઝટ સમજવુ,



વાયુ પેટનો.

પેટના વાયુ માટે કટોરાનું પાણી પીવું એ માટે.

જુઓ "કટોરાનું પાણી"

વાયુ પેટનો મટે—મરી અને પીપરનું ચુરણ ૦।। તોલા મધ સાથ ખાવું.

વાયુ પેટમા ન થાય—દાળ ભાત ખાતી વેળા નવાળા સાથ મરી અને લસણ ખાવાં.

જુઓ "પેતનો વાયુ."

વાઇ હાડકાની

બાદી=વાઇ, હાડકાની વાઈ માટે—લસણ, મરી, દરેક પાંચ તોલા, હીંગ કુલવેલી ૦।। તોલો, સંચળ બે તોલા લીંબુના રસમાં વાટી ચણા જેવડી ગોલી કરે; તે બે ગોળી સહવારે ખાય.

વીસ્ફુટક—આતેષક—ચાંદી—ટાંકી—ઉપદંશ.

૧—ટાંકીના ચાંદા દરેક જાતના સારાં થાય—લીમડાનું તેલ અને સંફેદો મેલવી મલમ બનાવે તેની પટી લગાડે.

૨—વીસ્ફુટક માટે મલમ—સરસીયું તેલ નવટાંક લઇ ઉકાળવું, તેમાં આંકડાના પાન ૨૧ તળવાં પછી મીણ બે તોલા નાખી મલમ બનાવવો. (૧) પાન તેલમાં તળવું પછી બીજું એ પ્રમાણે ૨૧ પાન એકેક પછી તળવાં.

૩—ટાંકીવાળા દરદી જેને ટાંકી ફુટી નીકળી હોય તેને થુઅરનું દુધ મધ સાથે મેળવી ખવાડે.

૪—વીસ્ફુટકના ચાંદાં તથા જખમ રૂઝે—કાળા ઉંમરાના મુલ્યાંની રાખ બનાવવી અને તે રાખને આખા છોડના રસમાં ૪ વાર પટ આપવો ને ભુકો જખમમાં દાબી પાટો બાંધે તો એકજ વખતમાં ઘાહ રૂઝાય ઘીમાં મેળવી મલમ કરી વપરાય છે.

૫—એ નંબર ૪) વાળો ભુકો, આકડાના મુળ અને કાળા મરી સંભાગે લઇ જુના ગોળમાં ગોળી જુવારના દાણા જેવી કરવી અને દીનમાં એકેક ત્રણ વાર ખાવી.

૬–આકડાના ઝાડના કોયલા અને ખાંડ સંભાગે મેળવી તેમાંનો ત્રા તો, ઘીસાથ ૭ દીવસ ખાવો. ખોરાકમાં ખીચડી ખાવી.

૭–આતેપક–વીસફુટક માટે—ઉમરાના ઝાહાડના પાતરાંની રાખ ૦। તોલો પાનમાં મુકી રોજ ખાવી.

૮–ચોપચાની ૫ તોલાને અરધા શેર પાણીમાં ઉકાળી ૦। શેર પાણી રહેને તેમાંથી ૫ તોલા દીવસમાં ૩ વાર પીવું. અનંત મુળ સાથે લેવાંથી એનો ગુણ વધે છે.

૯–ચાંદી તરત રૂઝે—ગુંગળના ઝાડની છાલનું ચુરણ દાબે.

૧૦–ઉપદંશ–ચાંદા ગરમીની—પીપળાના છાલની સફેદ રાખ ચાંદી પર દાબે.

પીપળાના ઝાડની છાયા સીતલ અને તનદુરસ્તીવાળી છે; એનામાં વૈદક ગુણ ઘણા હોવાથી એ ઝાડને પવીત્ર અને પુંજવા લાયક ગણેલું છે, એના ફળો ખીજમન કહે છે.

૧૧–ચાંદી અને ચાંદા માટે—દારૂડીના છોડનું છીર અથવા છીરવાળું ઘી લગાડી તેની ઉપર કાસાજણ (જસતની રાખ.) ઓક્સાઇદઝીંક ભભરાવે તો તરત રૂઝ આવે, અથવા મુળની છાલનું ચુરણ દાબે. જો દુધ અથવા દહીંની સાથે લગાડે તો રૂઝ આવતી વખતે ચામડી તતરે નહીં.

૧૨–ચાંદી–ઈંદ્રીના ફુલપર કોહવાટ માટે—(પમારીઆ) પોમાડીના ખીજ, અને કાંટો સંભાગે મેળવી તેને પાણી સાથે નરમ કરી ચાંદી પર દરેક કલાક ધોઇ ધોઇને લગાડયા કરે.

૧૩–પારો, ગંધક, સોપારીની રાખ, મોરથુથુ, સંભાગે લઈ લીંબુના રસમાં ગોટી બનાવવી. તેને પાણીમાં ઘસી, ચાંદી ઉપર અને ચાઠાં ઉપર લગાડવી.

૧૪–ટાકી શરીરે ફુટી નીકળે તે માટે ઈલાજ—મોરથુથુ ૩ ભાગ, જમાલગોટા ૬ ભાગ, ફટકી ૩ ભાગ એ સઘળાંને લીંબુના રસમાં ખરળ કરે. મગ જેવડી ગોળી બનાવે. આ ગોળીઓમાંથી દરદીની શક્તી મુજબ એક અથવા વધારે ગોળી ખવાડવી. ગોળી ખાધા પછી એક તોલો દહીં ખાવું. ઘઉની રોટી અને ઘી શીવાય કાંઇ ખાવું નહીં.

૧૫–વીરફુટક, ઘેલાપણું, સંધીવા, સફેદ કોહોડ માટે—પ્રાગીનું ઘી નથુક ખાવામાં લેવું. અને ચાઠાં ઉપર લગાડવું.

૧૬–ગળજીભીનો રસ તોલો ૧ પાણી શેર ૦। સાકર તોલો ૩) વાર રોજ પીવું.

૧૭–મજીઠ, ઉપલસરી અથવા સારસાના મુળીઆં, લીમડાની અંતર છાલનો કાહવો બનાવી અથવા એમાંની કોઇપી ૧ ચીજનો કાહવો બનાવી, સાકર અને મધ સાથે પીવો.

૧૮–બોરડી અને બાવળના કુમળાં પાન દરેક ૦ાા તોલો, જીરૂં ૦ા તોલો, સાકર ૦ા તોલો સહવાર સાંજ ખાવું.

૧૯–કરીઆતું. લીમડાની છાલ, જેઠીમધ, મોથ, અરડુસો, કડવાં પરવળ, ખડસળીઓ, વાળો. તીફળાં, ઇંદ્રજવ એનો કાહાવો પીવાથી વિસફોટકને સારો ફાયદો થાય છે.

૨૦–વિસ્ફુટકના ચાંદા ઉપર હીરા દખણ અને કંપીલો દાબવો અથવા પીપળાની છાલનું અથવા ત્રીફળાનું ચુરણ દાબવું.

૨૧–હીરાદખન, કાથો અને સફેતો સંભાગે મેળવી ચૂરણ બનાવી વાપરે.

૨૨–શરીરપર ટાંકી ફુટે તે માટે—સરપંખાનું ચૂરણ ૦ા તો. ખાંડ ૦ાા તોલો મેળવી પાણી સાથે રોજ સહવારે ૭ દીન ખાએ.

૨૩–ચાંદાની ભુકી=સુનાગેરૂ, બોડાસીંગ, કાથો સંભાગે લઇ તેનું ચુરણ બનાવી દાબે અથવા સુનાગેરૂ અને હીરાદખણ મેળવી લગાડે.

૨૪–આતેષક માટે—લીમડાની તથા સરસની છાલ અને બાવલની છાલ દરેક તોલો ૧ા. પાણી શેર ૧ા ઉકાળીને પાણી ૧ શેર રાખી તેમાંથી તોલા ૪ એકવાર પીવું.

૨૫–ચામડી સુન મારેલી સુધરે,=તજા ગરમી મટે=શરીરપર ચકરડાં થઈ ફાડ થાય તે મટે–ઉટકંટાના આખા ઝાડનો રસ ચોપડે. આ દરદ માટે જો ઇલાજ ન કરે તો રગતપીતનો આજાર લાગુ પડે.

૨૬–ટાંકી ફુટે, મોટા ફોલ્લા થાય—તો હીમજ હરડે તોલા ૮, રસકપુર તોલા ૪, અનારના ફુલ સુકા તોલો ૧, બોદાસીંગ તોલો ૧, જાયફળ તોલો ૧, એલચી દાણા તોલો ૧, લવંગ તો૦ ૧, મરી તો. ૧, બારીક કરી ૧૦૦ લીંબુના રસમાં ખરલ કરી વટાણા જેવી ગોળી કરે. એકેક ગોળી સવાર સાંજ ખાય. ખાધાની પરહેજી રાખે તો ફાયદો થાય.

૨૭–ટાંકી તથા નારૂ—હીમજી હરડે તો. ૨, મોરથુથુ ફુલવેલું તોલો ૧, સાકર તોલો ૧, ૧૦૦ લીંબુના રસમાં ખરળ કરી ચીની-બોર જેવી ગોળી વાળી, ૧ ગોળી ટાઢાં પાણી સાથે ગળવી. ઉપરથી ભુંજેલા ચણા ખાય, ચણા ન ખાય તો ઉલટી આવે છે.

જુઓ "આતેષક" "ચાંદી" "ટાંકી" "ઉપદંશ."

વાળો=નારૂ.

૧=વાળો (નારૂ)—એના મોંઢા ઉપર કાચબની સીંગની રૂવાંટી ચોંમટાવતી મુંકે તો વાળો મરે.

૨=જમાલગોટો વાટીને લેપ કરવો.

૩—આસો અને કારતક માસમાં ડાંગર ઉપર વીંટલાયલો અને ડાંગરના છોડવા ઉપર લટકતો કાસેટો થાય છે. ૧ કાસેટાની ગોળમાં ૬ ગોળી કરી એક ગોળી ૬ દીવસ ખાવી.

૪=હીંગ અને મકાનો લોટ સંભાગે લઈ લેપડી કરીને મુકવી.

૫=કબુતરની પાંખ એ ચોખા ભાર વજનમાં લઈ ગોળ સાથે ખવાડવી.

૬=ગધેડાંના લીડાં, ઘોડાનું મુતર, મીઠું એની લેપડી મુંકે.

૭=ચુનો, ચુલા ઉપરનું ધુમસ, મીઠું, એકઠાં કરી ત્રણ દીવસ વાળા ઉપર મુકે તો વાળો દુર થાય.

૮=વાળો પગે નીકળે છે—ત્યારે કબુતરનો આચાર વાલ ૧ થી ૩ ગોળમાં ગોળી બનાવી ખાવી. રોજ તાજી બનાવી ખાવી.

૯—વાળાવાળી જગા ઉપર ધંતુરાના પાતરાંની પોટીસ મુકવાથી અગન નરમ પડે છે અને વાળો બાહાર આવે છે.

૧૦—વાળો—પગે વાળો થાય છે તે જગા ઉપર નવસાર લગવાથી વાળો મરી જશે.

૧૧—વાળા ઉપર તલનો ખોળ છાસમાં વાટી બાંધવો.

૧૨—વાળા માટે ડાચકીના પાતરાં, મીઠું, ઝાંમ એ સરખું પીસીને વાળા ઉપર પોટીસ બાંધે.

૧૩—વાળો—ચોળાઇની ભાજીના મુળીઆની લેપડી મુકવી.

૧૪—વાળો—નવસારની ભુકી રોજ વાળાપર મુકવી.

૧૫—વાળા માટે—આકડાના ત્રણ ફુળની ગોળ સાથ ત્રણ ગોળી બનાવવી તે સહવારે ખવાડવી. એ મુજબ સાંજે ફરી ખવાડવી, એ પ્રમાણે રોજ ચાલું રાખવી. એથી ઝાડા થશે તેની અડચણ લેવી નહીં. વધુ ઝાડા લાગે તો સાકરની મીઠી ચાહ પાવી. વાળાની કસર હશે ત્યાં સુધી ઝાહાડા આવશે, વાળાની કસર નીકળી ગયા પછી ઝાહડા આવશે નહી.

૧૬-વાળો મરે—મીઠું ૧ ભાગ, ઢોરનું મુતર બે ભાગ, ગધેડાના લીડાં ૮ ભાગ ગેળવી લેપડી મુકે,

૧૭-વાળો—ડુઅરની ઉપર અમરવેલનો વેલો થાય છે તેની લેપડી બાંધવી,

૧૮-અરીઠાની છાલ અને મરી બબે વાલ ગોળ સાથે ખાવા,

૧૯-વાળો—બા તોલો લોબાન વાટી મધ સાથ ખવાડે તો વાળો બહાર આવે. વાળો જ્યાં બહાર નિકળે તેટલા દીવસ ખાવું.

૨૦વાળો એ દોરા જેવો જીણો કરમ છે, ૧ ફુલ્લો થઈ તે પાકે છે અને અંદરથી તારની માફક કરમ નીકળે છે, તે ફુલ્લાની આસ પાસ ઘી ચરબતા જવુ અને તે કાંડો ઉપર નીકળે એટલે ૧ સાટી ઉપર કાંતણ વીંટાળતા જવુ. બા કલાકમાં આખા વાળો નીકળી આવે છ, પછી તે જખમ ઉપર સીંદુર દાબવા.

૨૧ વાળા માટે—વંતાક સેકી ભરતીઉ કરી ૭ દીવસ લેપડી મુકે.

૨૨—વાળા ઉપર વાડ દુધેલીના વેલાના પાંતરાની લેપડી રાજ મુકે.

૨૩—નારૂ નીકળે તે દરદીને હીંગ ખવાડે તો દરદ નરમ પડી જાય, ૧ વાલ હીંગ દીવસમા બેવાર ગળાવવા.

૨૪—વાળો—નરમાની રૂના પાનરાની લેપડી મુકે તો વાળો નીકળી જાય છે.

૨૫=વાળાં ઉપર ૩ દીવસ મીંઠું બાંધે તો સારૂ થાય.

૨૬—વાળો—એરંડાના કુમળા પાનનો રસ ૧ તોલો ગોળ સાથે મેળવી રોજ ખાય તો વાળો તવાઇ જાય. વાળો હોય તે દરદીના પગપર ગર, ગુમડાં હોય તે, વાળો નીકળી જાય ત્યારે તે દરદો મટે.

૨૭—વાળો મરી જાય—કડવી વેલનું મુળ તેમજ બીજાં મુળો જેવાં કે કંટોલી, કાંસકી, ઈંટ કટો, વડ તેમજ ઝેર કચુરો, આમલીનો ચીચોરો, અરીઠાના ફળ, કેળનું પાતરૂં, એ વાળો મારી નાંખવામાં ઉપયોગી છે.

૨૭—વાળો મટે—કાળીજીરી ૦।। તોલો લઈ પાણી સાથે મેળવી લેપડી બનાવી વાળાપર મુકે. વાળો લેપડીને ચોંટી જાય અને બહાર આવે.

૨૮—વાળો-કડવી વેલાના પાન, અથવા કટોલીના પાનની લેપડી મુકે અથવા ગધેડાંના લીંડાં, ઘોડાનો મીસાબ અને મીઠું એઓને ગરમ કરીને ૭) દીવસ બાંધે.

૨૯—સીતાફળના બી તથા કાચા ફળની લેપડી વાળા ઉપર મુકવી.

૩૦—વાળો—૧ વાલ સાપની કાંચરી ગોળ સાથે મેસવીને વાળા ઉપર મુકે તો વાળો બહાર નીકળી આવે.

૩૧—નારૂવાળા દરદીને સાંપની ના વાલ કાંચકા ગોળ સાથે મેળવીને સવાર સાંજ ખવાડે તો ફ્રજળ થાય. કાંચરીનો ગુણ જીવ-જંતુને મારી નાંખવાનો છે.


૩[illegible]—વાળાના ઉપર સીચવખાર ૧ રાત બાંધે તો વાળો મરી જાય.

૩૩—નારીએળની આંખ કાઢી તેમાં તેલીઓ સાગો તોલો ૧। નાખી બલાવીને આખી રાત રાખવું. દરદીએ અંદરનું પાણી પીવું. આખો દીવસ ખાવું નહીં. ખાવે તો પેલું નારી[illegible] રાત પડે ને પછી ભાવે તે ખાવું.

૩૪—પુરૂષની પીસાબમાં કાગદર વાટી લેપ કરવો.

૩૫—વાળો મરે—ટંકણખાર અને સાબુ કપડવંજનો [illegible] તોલો સરસણ ના તોલો, ચુનો [illegible] દરેક ના તોલાની લેપડી [illegible] નવી બનાવી વાળાપર બાંધવી.

૩૬—વાળો મટે—બાદ [illegible] બે આનીભાર [illegible] સાથે ખવાડે તો ઉલટી ઘણી [illegible] અને દરદ નરમ પડે. જો ઉલટી બંધ ન થાય તો, મરીનો ઉકાળો પાવો ઈલાજ બહુ આકરો છે.



ઉલટી લાવવા મા [illegible] અને દહીં [illegible] અને દરરોજ વપરાતી ચીજ છે, પણ એ બનેને સાથે મેળવી ખાવાથી ઉલટી [illegible] થાય છે.

૩૭—વાળા ઉપર મેંદીના પાતરાંની લેપડી મુકે તો [illegible] બહાર આવે. ([illegible] પગ ફાટે તેને માટે [illegible] પાણીમા પારાને [illegible] લગાડવો.)

૩૮—વાળા માટે કરંગી [illegible] ના કુમળાં પાતરા [illegible] પૈસા ભારમ[illegible] ઘીના ટીપાં [illegible] નાખીને પીવા.

૩૯—વાળો—પગમાં વાળો હોય તો ૩ માકડ ગોળમાં પહેલે દીવસે [illegible] બીજે દીવસે [illegible] અને ત્રીજે દીવસે ૪ ગોળમાં ગળવા.

૪૦—વાળો—મોરથુથુ જ[illegible] ના દાણા જેટલું ગોળ સાથે દરદીને ૩ દીવસ આપે. વાળો છે ત્યાં [illegible] વાતીટ આવે [illegible] વાળો મરી જાય પછી મોરથુથુ પોતાની અસર જણાવે અને [illegible] ઉલટી લાવે એમાં [illegible] નથી.)

૪૧—[illegible]ના પીળ્યા ૧) [illegible] રાખ અથવા જુવારના દાણા જેટલાં [illegible]નું મોરથુથુ લગાડવું.

૪૨-સરગવાના મુળને છાસ સાથે વાટી લગાડે તો વાળો મરી જાય છે.

૪૩-એળીઓ, હીંગ, કબુતરની અઘાર, અરીણુ સરખે વજને લઇ વાળાપર ચોપડી આકડાનું પાન બાંધવાથી ૩૬) કલાકમાં વાળો નીકળી જશે.

૪૪-ફટકી ફુલવેળી ૦। તોલો ગોળમાં ૩) દીવસ ખાવી.

૪૫-શરીરમાં વાળા ઘણી જગાએ થાય તે માટે ૧) નાળીએરમાં ૬) માસા નવસાર નાખી તે ૨૪ કલાક રહેવા દેવું. આ નાળીએરનુ પાણી સહવારે પીવું. તે દીવસે આજ નાળીએર આખા દીવસમાં ખાવું—બીજું કાંઇ ખાવું નહીં. સાંજે ગાયના દુધની છાસ શરીરે ચોળી નાહવું, પછી દહીને ભાત ખાવું.

વાલો—નારૂ—ગીનીવર્મ.

૪૬-ખાવાનું મીઠું સેકવું. પાણીમાં પગળે એટલું પીગળાવવું. એના પોતાવાળાની જગા ઉપર ચાલુ ૩) દીવસ મુકે તો વાળો ગળી જાય.

૪૭-નવસાર ૦।। તો૦ પાણી ૧।। શેર મેલવી ૫) તો. રોજ ૩) વાર પીવું ૩) દીન ચાલુ રાખવું.

૪૮-આકડાના ૪) પાન છાસમાં બાફે; ને વાળાના મોં ઉપર બાંધે, આ મુજબ દીવસમાં ૩) વાર થવાથી વાળો પીગળે.

૪૯-હીંગ ૧) વાલ દીનમાં ૩) વાર ગળે.

૫૦-હીંગ અને અરીઠા ગરમ કરી બાંધે.

૫૧-આકડાનુ કાચુ માઉસ ખુંદીને બાંધે.

૫૨-હસબગુળ ગુલાબ જળમાં મેળવી બાંધે.

૫૩-હીંગબોલ, સરેકો, અને ગુલાબ જળની પોતીસ બાંધે

૫૪-કપુર, અરીણુ સુખડના ઘસાડામાં મેળવી બાંધે.

૫૫-કલાર અથવા આકડાના પાનની લેપડી બાંધે.

૫૬-લસણ હીંગ, અને સાબુ મેળવી બાંધે.

૫૭-ખજુર, ઘી, ગોળ મેળવી બાંધે.

૫૮-નવસાર બે વાલ પાણી સાથ રોજ ૩) વાર ૫) દીન પીએ તો વાળો ફરી થાય નહી.

૫૯-એરંડાના મુળનો રસ ૦।। તો. ઘી સાથ ૭) દીન ખાય

૬૦-સરગવાનું મુળ અથવા પાન, સીંધવા ખાર સાથે મેળવી બાંધે તો વાળો ગળી જાય.

૬૧-ધંતુરાનાપાન ઉપર તેલ લગાડી બાંધે.

૬૨–બાવળના બીની લેપડી બાંધે.

૬૩–સાજીખાર મધ સાથ વાળા પર બાંધે.

૬૪+૬૫–કબુતરના અઘારની ૧) વાલની ગોળી રોજ એક વાર ૭) દીન ખાય તો વાળો થાય નહી.

૬૬–ખડીઓ ખાર ફુલવેલો ૧] વાલ ગોળ સાથ રોજ ૧) વાર ખાવો.

૬૭–લસણુ અને કળી ચુનાની લેપડી મુકવી.

૬૮–વચનાગ પાણીમાં ઘસી લગાડે.

૬૯–એલચા (ખટ ખટુંબો) ગરમ કરી બાંધે.

૭૦–પોપટના પીછનું ચુરણુ ખવાડે.

૭૧–બાવલના પરડા અને ગૌમુત્રની લેપડી મુકે.

૭૨–આકરાનુ દુધ ૩) ટીપા ગોળ સાથ ૩) દીન રોજ ૧) વાર ખાવા.

૭૩–ઉંધાફુળી અને લીમડાના પાનની લેપડી મુકે.

૭૪–વેંગણ નાનુ લેવું. તેની ગાભડી કાઢવી. તેમાં હીંગ મુકવી આખડી પાછી મારે. વેંગણુ ભેંભનમા શેકે. ગાભડી પાછી કાઢી લીએ. તે ગાભડી કાઢેલો ભાગ, વાળાઉપર મુકી વેંગણું બાંધી લીએ.

૭૫–સુકાં આગસીઆ (ભુનાગ) નું ચુરણુ ૧) વાલ ગોળ સાથ ખાય ૩) દીન રોજે બે વાર ખાય. ખોરાક દુધ અને ભાત બીજું કાંઇ નહી.

૭૬–મોરના પીછનો ભુકો અને તંબાકું સભાગે ૧) વાલની ગોળી બનાવે રોજ બે વાર ૧) ગોળી ખાય,

૭૭–દાંગરના કયારામાં દાંગરના છોડવા ઉપર કોસેટો લટકે છે. તેને સુકવી ૬) ગોળી બનાવે ગોળ સાથ બનાવે. રોજ ૧) ગોળી ૬) દીવસ લીએ.

૭૮–કવચચની સીગના રૂઆટાં વાળાળાના મોં ઉપર મુકે, વાળો બહાર આવે.

૭૯–એકટાના મુળનો જાડો ઘસાડો વાળા પર મુકે.

૮૦–ન મૂળી (અમરવેલ=આકાશવેલ) ની લેપડી મુકે.

૮૧–આડીઆન ની તો કહી સાથ ૩) દીન ખાય.

વિર્યનો જોસ નરમ પડે—હવસ નરમ પડે.

૧—કપુર તથા શીમાહંડની માફક સીતાપ વીર્યનો જોસ નરમ કરે છે. એ ખાવામાં અપાય છે.

૨—વિર્યનો જોસ નરમ પડે. કુંવારા છોકરાઓમાં કુટેવ બહુ પ્રસરી છે. તેથી શરીરનું સત્યાનાશ વળે છે. માબાપોને સમજ પડતી નથી, ઉપાયોમાં કસરતની જરૂર દેખાય છે. કસરતમાં બેઠકની કસરત કુટેવ માટે ઘણી ઉપયોગી છે. બેઠકની કસરત વીર્યના રસને દાબે છે, વીર્ય ખરતું અટકાવે છે. મગજને આડે રસ્તે ભમવા દેતું નથી.

વીર્યના જોસને દબાવવા માટે બેઠકની કસરતના જેવો બીજો સારો ઉપાય નથી. આ બાબદ દરેક માણસ ધ્યાનપર રાખવા જેવો છે.

૩—વિર્યનો જોસ, [illegible]) નરમ પડે—કપુર અને ટંકનખાર અંકક વાલ [illegible] દીવસ ખવાડ તો હવસ નરમ થાય.

વિર્ય પાત અટકે.

૧=સ્વપ્ને ધાત જતી અટકે—રાત્રે ખાણું ખાધા પછી બે કલાકે તજ, ચીનીકબાલા, ૦। ૦। તોલો મધ સાથે ચાટી ખાય તો બંધેજ [illegible].

૨=સ્વપ્નામાં વિર્યસ્ત્રાવ થતો અટકે—૧૦ શેર થંડા પાણીની ધાર પેઢુ ઉપર એવી રીતે નાખવી જે બધું પાણી ઇંદ્રી ઉપરથી નીચે પડે. રોજ સુતી વેળા આ ક્રીયા ચાલુ રાખવી.

૩=તુળસીના બી ૦॥ તોલો અથવા વધારે પાણી સાથ ખાય તો ધાત જતી બંધ [illegible]. ખાટું ખારૂં ન ખાય.

૪=ધાત જતી બંધ થાય—દુધેલીનો છોડ આખો મુળ સાથ લાવી તેનો ભુકો ૦। તોલો ૦॥ શેર દુધમા પકાવી ખાવો.

૫=ધાત જતી બંધ થાય—અળસીની ચાહ પીવી, અથવા અળસીના બીનો ભુકો ૦॥ તોલો મધમાં મેળવી રોજ બે વાર ખાવો.

૬—સેકટો=Horseradish Armoracia સેકટાના ઝાડમા રાઈના ઝાડના જેવા ગુણ છે.

૭–ધાત બંધ થાય—સેકટાનો ગુંદર ૧) તો. પ્યાલામાં નાંખી તે ઉપર ૧] તો. ખાંડ નાંખે તેને ૪) દીવસ રાખી તેમાંથી ૦॥ તોલો રોજ ખાવાં લીએ.

૮–ધાતુ વીકાર, પ્રદર વીકાર, નરમ પડે. હાલતા દાંત મજબુત થાય—બોલસરીનાં તાજાં ફુલ ૧ તોલો, બદામનું મગજ નંગ ૩. સાકર ૦। તોલો મેળવી રોજ એક વાર દીન ખાવું.

૯–ધાત જતી ... ... વધે—એક તોલો, બીંડના ... ॥ તોલો સાકરમાં મેળવ... તના ભાગ કરી પાણી સાથે મેળવી રોજ ત્રણ વાર ખાવું.

૧૦–ધાત સ્વપનામાં જાય તે માટે—સુકા કંટારીઆના ફુલ ખાંડ સભાગે મેળવી ગુલકંદ બનાવી તેમાંથી ૦॥ તો. અથવા વધારે રોજ ખાએ.

૧૧–નીંબોળાં ૧) ભાગ મરી ૦॥ ભાગ પીપર ૦॥ ભાગ એનું ચુરણ ૦॥ તોલો રોજ પાણી સાથ ખાવું.

૧૨–સ્વપનામાં ધાત જાય. ઝાડો થતાં ધાત જાય, } તે માટે. ચીમણી હરડે અને સાકરનું સંભાગે ચુરણ ૦॥ તોલો રાતરે સુતી વખત ફાકી ઉપર ગરમ દુધ પીએ.

૧૩–બગલમાંથી ધાત જતી હોય ત્યારે વરીઆળી ખાવાથી ફાયદો થાય.

૧૪–વીર્ય અટકે: ધાતુસ્ત્રાવ અટકે. પેસાબમાં, અથવા સ્વપ્નામાં જતી ધાત અટકે. } બાવળના કુમળાં પાન. કુમળા કાંટા સાથે, અથવા કુમળા પાપડીઆ (પડા) અથવા બહુફળીનું ચુરણ ૦। તોલો પાણી સાથ રાત્રે લેવું.

વીર્ય નીકળતું અટકે—તુળસીના બીનુ ચુરણ ૦॥ તોલો ખાવું. ખાટું. ખારૂં. તેલ. મરચું ન ખાવું.

પીસાબે ધાત જતી હોય ત્યારે—૦। તોલો લસણ વાટી ઘેટાનાં દુધમાં ઉકાળીને પી.

સ્વપ્ના રાત્રે ઊંઘમાં આવે.

તમક તેજની ગોલી ૨) સુતી વખત ખાય (બનાવત માટે જુઓ "ઊંઘ ન આવે")

સ્વપ્નામાં ધાત જાય.

સ્વપનામાં અથવા પીસાબે જતી ધાત બંધ થાય; વડ ઝાડની છાલ જે પીળાસ રંગની હોય તેને ઉકાળે, તેનો કસ ઘટ કરે, ગોળ

જેવો થાય તેમાં બહુ ફુળીનું ચુરણુ મેળવી બોર જેવડી ગોળી બનાવે તે ખાય. ઈલાજ અકસીર છે. બગળ, મૂખ અથવા ઈંદ્રીમાંથી ધાત જાય તો કાળીઆ સરસના પાનના રસ પીએ કરમ પેતમાં હોવાથી ધાત જાય છે તે વખતે કરમની દવા ખાવી. ધાત જતી બંધ થાય. ફાળાં મરી ૩) રોજ સવારે ભુખે પેતે ખાય ઉપરથી ૨) ઘી ખાય.

વિર્યપાક=વિર્ય સ્ત્રાવ=ધાત સ્વપ્નામાં જાય થંદા પાણીનો પાટો પીરૂપર બાંધી રાત્રે સુવું.



વિર્ય વધે-શરીરે શક્તી આવે-મરદને શકતી.

૧-વીર્ય વધે, કમર અને બરડનો દુખાવો નરમ પડે—ચણોટીના મુળનું ચુરણુ બે આની ભાર અથવા વધારે દુધમાં ઉકાળી રોજ સહવારે પીવુ.

૨-વીર્ય વધે, શરીરે શકતી આવે—ગાયના દુધનું તાજુ માખણુ, મધ, સાકેર અને સોનાના વરખનું પાનું એક મેળવી રોજ સહવારે ભુખે પેટે ખાવામાં લીએ તો બહુજ ફાયદો રાય.

તાજું માખણુ બનાવવાની રીત -રોઢ સેરીઆ બાટલીમાં એક શેર દુધ નાંખી સારી પેઠે હલાવે તો માખાણુ ઉપર તરી આવે.

૩-ધાતુ પુષ્ટી વધે—પીપર લીંડી ૧ સેર, દુધ બસેરને ઉકાળે દુધ બળી રહે ને પીપરનું ચુરણુ કરે તેમાંથી ૩ માસા ચુરણુ લઇ ૬ માસ સાકર શાથ મેલવી રોજ ફાકી મારે. ઉપરથી દુધ પીએ.

૪-વીર્ય વધે, શકતી આવે—આમળાના ચુરણુને લીલા આમળાના રસ બે વાર પત આપે, છાયામાં સુકવે. ૦। તોલા ચુરણુ સાકર સાથ રોજ બે વાર ભુખે પેટ ખાય ઉપરથી દુધ પીએ.

૫-વિય વધે, બળ વધે, સ્તનમાં દુધ વધે, અડદની દાળનો આટો, ઘી, ખાંડમાં પકાવી તેનો દળ બનાવી રોજ ખાવામાં લીએ. અડદ અને દુધ સાથે ખાવામાં શરીરને નુકશાન થાય છે.

૬-વિર્ય વધે. અને દુધ વધે—૦॥ તોલો અસાળીઆને દુધ સાથ પકાવી ખીર બનાવી રોજ ખાએ.

૭=ધાતુને પુષ્ટી મળે, બાલ કાળા થતા અટકે—આમળા અને ગોખરૂનું સંભાગે ચુરણ ૩ માસા લેવું. એમ માસો મલોનું સત્વ એને ઘી અને સાકર સાથ મેલવી રોજ ૧ વાર સવારે ખાવું. બનતાં સુધી ઘી વધારે મેલવવું એનો ગુણ ઉત્તમ પ્રકારનો છે.

૮—નબળાઈ માટે—ગોખરૂ ૪ ભાગ. મોચરસ એક ભાગ એનું ચુરણ ૧ તોલો દુધમા ઉકાળી રોજ પીવું.

૯=વીર્ય વધે—સાજીખાર, વડની જટાની કુમળી મુળીનો ભુકો અને સાકર સંભાગે મેળવી ૦॥ તોલો ખાય તો વીર્ય વધે.

૧૦=વીર્ય વધે—વિદારી તાજા કણના કટકા કરી છાયડામાં સુકવવા તાજા કણનો રસ કાઢી પેલા સુકા કટકા તેમાં બોળી નાખવા. રસ પેચસ થાય. ને ઉપલા કટકાને પાછા સુકવવા. તેનો એક તોલો ચુરણ દુધ સાથ ઉકાળી ખાવામાં લેવાથી વીર્ય વધે છે.

૧૧=વીર્યની વૃધિ થાએ. વિર્ય વિકાર મટે—આસનનું ચુરણ ૦। થી ૦॥ તોલો મધ અને ઘીમાં મેળવી રોજ સવાર સાંજ ખાવું.

૧૨=વિર્ય વધે, શરીરે શક્તી આવે—ઉટકટાના મુળની છાલનું ચુરણ ૦। તોલો દુધમાં ઉકાળી રોજ પીએ.

૧૩=વીર્ય વધે, આંખનું તેજ વધે, એલચી, જાવંત્રી ૩–૩ વાલ બદામનો મગજ ૧ તોલો વાટીને રોજ સવારે ખાય.

૧૪=વીર્ય વધે—૧ જાયફળને કોતરી તેમાં ધોળા કરણના મુળનુ દુધ ભરે. જાયફળ કોતરવાથી જે ભુકો નીકળેલો હોય તે વતી પાછું ભણું પુરે, જાયફળ ઉપર ઘઉંના આટાનું પડ ચઢાવી, ઘીની બતી ઉપર તેને લાલચોળ કરે, આટો લાલચોળ થયા પછી તે જાયફળની મધ સાથે મરી જેવી ગોળી બનાવી મધ સાથે ૧ ગોળી રોજ ખાવી. ખોરાકમાં ઘી, ઘઉં, ચોખા, દુધ, સાકેર ખાવી.

વીર્ય વધે—તલને વાટી પાણીમાં કાંજી કરી, ગરમ ગરમ પીવી.

૧૫=વિર્ય પાત—વારંવાર ધાત જાય તો તેને નીચલી દવા ફાયદો કરે છે કપુર ૧ વાલ, અફીણ ૧ રતી એની ૩ ગોળી કરી દીવસમાં ત્રણ વાર લેવી. રોજ ચાલુ રાખવી.

૧૬=જ્ઞાનશકિત, વીર્યની નબળાઇ લકવો તથા સુણઅકેરી—અમબર ખાવાથી આ બીમારીઓને ફાયદો થાય છે.

૧૭=વીર્યની વૃદ્ધી–ગરમ દુધ, અને સાકર સાથે ઘી મેળવી પીવુ. એના જેવો ધાતુપુષ્ટી માટે બીજો કોઇ સારો ઉપાય નથી.

૧૮=વીર્યનો વધારો, શરીરમાં કૌવતી—દારૂડીનો જાસનો રસ તોલા ૪, શાકર તોલા ૨૦. કેસર માસા ૪, જાયફળ તોલા ૦॥, કેવડાનું પાણી તોલા ૨૦, એવું સરબત કરી ૧ તોલો સરબત ને દુધ ૦॥ શેર સાથે પીવું.

૧૯=પુરૂષાતન માટે—ખારેક ઘણી સારી છે. ખારેક મોઢામાં રાખી તેનો રસ ગળવો અથવા ખારેકના ભુકાને દુધના ઉકાળીને દુધ સાથે પીવું.

૨૦=થુવર પાક-હાથલા—પંજાવાલા થુઅરના ને લાલ પાકટ દીંડવાનાં રસને સાકર સાથે સીરા બનાવે, ચણાના લોટને ઘીમાં તળીને તેમાં મેળવે. કેસર, એલચી, બદામ કાંઈ નાખ

વીર્યનો બંધેજ કરે, ખાંસી, હાફણુ મટાડે, શરીરમાં ગરમી લાવે થુવરના લાલ દીંડવાનું સરબત ઉપલો ગુણ ધરાવે છે

વીર્યની વૃદ્ધી માટે-કોવચનાળી (કૌવચા) ગોખરૂ સાથે સંભાગે મેળવી દુધ સાથે ખાવામાં લીએ.

૨૧=ધાતુપુષ્ટી વધે-કેડનો દુખાવો, અરડાનો કાંટાનો દુખાવો, ગુરડાનું દરદ નરમ પડે—તાજાં ગોખરૂના ત્રણ છોડ મુળમથી પકડી પાણીમાં બોળી હલાવ્યા કરવા. જ્યાં સુધી એની ચીકણી લાળ નીકળે ત્યાં સુધી હલાવવું. સાકર નાખી આ મુજબ ૧૫ દીવસ પીવુ.

૨૨=વીર્ય વધારવા માટે—કઉચા, કપુર, સમુદરશાસ, અરીણુ અકળગરો, કણકબીજ, વજેઆ એ બધાને સમભાગે બાળી ચણા જેટલી ગોળી બનાવી ખાવી.

૨૩=ધાત સુધારે—કમરને જોર આપે છે. કમરકસ ઝુકમેરીઆના જેવા બી છે ૦। તોલો કમરસ અને ૦॥ શેર પાણી એ બન્ને ઉકાળી ગાળી ખાંડ નાખી પીવુ.

૨૪=વીર્ય વધે—જેઠીમધનું ચુરણ અરધો તોલો મધ ૦। તોલો ઘી ૦॥ તોલો રોજ સવારે સેવન કરવાથી બહુ ફાયદો થાય છે. ઉપરથી દુધ ગાયનું પીવું.

૨૫-વીર્ય અને બળની વૃધી થાય—આસંધ, તલ, અડદ, સુંઠ ગોળ, ઘી, સંભાગે લઇ તેના લાડુ બનાવી પ્રેભાત રોજ ખાવા.

૨૬-વીર્ય વધે-શક્તી આવે,—ઉતકંટાના જડ છોડમાં (ા) જડ મુળીઉ હોય. તે મુળીઆંનું ચુરણ ૦॥ તોલો, અને દુધ ૦॥ શેર ઉકાળીને રોજ પીવુ.

૨૭-વીર્ય વધે—ખારેક ૧) ને ચીરી ઠળીઓ કહાડવો તેમાં આસમ ભરી દોરાવતી બાંધી લેવી. તેને ૨ શેર દુધમાં નાખી ખીર

વાળોનારૂ.

૧=વાળા (નારૂ)—એના મોંઢા ઉપર કવચની સીંગની રૂવાંટી ચીમટાવતી મુકે તો વાળો મરે.

૨=જમાલગોટા વાટીને લેપ કરવો.

૩–આસો અને કારતક માસમાં ડાંગર ઉપર વીટલાયેલો અને ડાંગરના છોડવા ઉપર લટકતો કોસેટો થાય છે. ૧ કોસેટાની ગોળમાં ૭ ગોળી કરી એક ગોળી ૬ દીવસ ખાવી.

૪=હીંગ અને મદનો લોટ ભાગે લઇ લેપડી કરીને મુકવી.

૫=કબુતરની પાંખ બે ભાગ ભાર વજનમાં લઇ ગોળ સાથે ખવાડવી.

૬=ગધેડાંના લીડાં, ઘોડાનું મુતર, મીઠું એની લેપડી મુકે.

૭=ચુનો, ચુલા ઉપરનું ધુમસ, મીઠું, એકઠાં કરી ત્રણ દીવસ વાળા ઉપર મુકે તો વાળો દુર થાય.

૮=વાળો પગે નીકળે છે—ત્યારે કબુતરનો આઘાર વાલ ૧ થી ૩ ગોળમાં ગોળી બનાવી ખાવી. રોજ તાજી બનાવી ખાવી.

૯–વાળાવાળી જગા ઉપર ધતુરાના પાતરાંની પોટીસ મુકવાથી અગન નરમ પડે છે અને વાળો બાહાર આવે છે.

૧૦–વાળો—પગે વાળો થાય છે તે જગા ઉપર નવસાર દાબવાથી વાળો મરી જશે.

૧૧–વાળા ઉપર તલનો ખોળ છાસમાં વાટી બાંધવો.

૧૨–વાળા માટે કાચકાના પાતરાં, મીઠું, છાસ એ સઘળું પાસીને વાળા ઉપર પોટીસ બાંધે.

૧૩–વાળો—ચોળાઇની ભાજીના મુળીઆની લેપડી મુકવી.

૧૪–વાળો—નવસારની ભુકી રોજ વાળાપર મુકવી.

૧૫–વાળા માટે—આકડાના ત્રણ ફુળની ગોળ સાથ ત્રણ ગોળી બનાવવી તે સવારે ખવાડવી. એ મુજબ સાંજે ફરી ખવાડવી, એ પ્રમાણે રોજ ચાલું રાખવી. એથી ઝાડા થશે તેની અડચણ લેવી નહીં. વધુ ઝાડા લાગે તો સાકરની મીઠી ચાહ પાવી. વાળાની કસર હશે ત્યાં સુધી ઝાહાડા આવશે, વાળાની કસર નીકળી ગયા પછી ઝાહડા આવશે નહી.

૧૬-વાળો મરે—મીઠું ૧ ભાગ, ઢોરનું મુતર બે ભાગ, ગધેડાનાં લીડાં ૮ ભાગ ગોળવા લેપડી મુકે,

મથો બનાવે; તેની સાથ આટો મેળવી રૂપીઆના આકારના ભજીઆ બનાવે, ઘીમાં તળે, અને સાકરની ચાસણીમા બોળે આને ચાખા ગેટલી મુરબો કહે છે. આ ભજીઆં રોજ બે વાર ૧. મહીનો ખાવાં. આ ભજીઆ છ માસ સુધી બગડે નહી.

૩૯—તળવણીના બી પુષ્ટીકારક છે, સ્થંભનની ગોળીમા એ આવે છે.

૪૦—હાથરસથી નબળાઈ થઇ હોય તો અંકોળાનું તેલ ઇંદ્રીએ ૧, માસ લગાડે. (તેલ બનાવવાની રીત જુઓ "બાલ વધે"

૪૧—હાથરસથી થયલી નબળાઈ માટે ખાખરા ઝાડના બીજ જેને પાપરો કહે છે તેને પાણીમાં ભીંજવે ૧ ઘડી ઉપરની છાલ કાઢે બીજનું તેલ પાતાલ જતંરથી કાઢે તે તેલ ઇંદ્રાના માથાને નહી પણ નીચલા ભાગને લગાડે.

૪૨—મરડાઈ અતીઅંત વધે. ધાતુ વધારવાનો અજાયબ ગુણ છે. } મરઘીનું આખું ઈંડું (સફેદી-સાથ) લેવું. ડુંગળી અને ગાજરનો રસ અંકેક તોલો મધ ૧। તોલો,

૪૩—મધ ૧। તો. ઘી ૦॥। તો. અગની ઉપર પાક બનાવી પચે એટલો ૪૦) દીન ખાવો. રોજ બે વાર ખાવો ઉપરથી ગાયનું દુધ પીવુ.

૪૪—વિર્યના નાસથી થતા વિકારો માથે ચક્કર, આંખેઝાંખ, ચીડવ સ્વભાવ, છાતી ધબક, શરીરનો લુલવાટો. સ્મરણ શકતીકા નાસ } એ માટે સુકા અથવા લીલી બહુ ફળીનો રસ ૨) તો. સાકર ૧) તો. લીંડી-પીપર ૨) વાલ મેળવી સવાર સાંજ ખાય.

૪૪—મૈથુન શકતી વધે—વરસાદ ગાર[illegible] (બીરબુટી) પગ વગરની ૧। માલકાકણી ૨) આનીભાર રોજ [illegible] ખાય.

૪૫—ગોખરૂ અને તલ સંભાગે ૦।। તો. મધ સાથ ખાય, ઉપરથી દુધ પીએ.

૪૬—ધાતુ પુષ્ટી વધે—નાના, મોટા, અને વચ માટે ગુગળના ઝાડના ફળ લાવે ૪) દીન મુકવે તે લાલ રંગના થાય. ૪ ઘણી સાકર સાથ મેળવે તેની ગોળી બનાવી ખાય.

૪૭—ઉત્તમ પુષ્ટી આવે. સોનાના વરખ ૨) પાન મુસળી બે આની ભાર પીપર ૧) વાલ મધ, ઘી, સાથ ચાટવાથી ગુણ થાય વરખન વાપરે તો બેવડો વખત થાય ત્યારે ગુણ જણાય.

૪૮—તળવણી (કાન ફોડી—ફ્રીઆ કસણ) આ ઝાડ કબ્રસ્તાન આગળ થાય છે. અંદર બી રહે છે, એના ફળ કમરખના આકારના પણ જીના થાય છે, એના પાન ચાવે તો ચીકાસ લાગે. દુધિલીના જેવાં પાન અને ફુલ છે, એના રસમાં લીંડી પીપર ૭ દીન મસળે. તેની ૧) વાલની ગોળી બનાવે. ને ઉપર રૂપાનો વર્ક ચઢાવે. ૧) ગોળી રોજ બે વાર ખાય તો તાકાટ વણી આવે.

૪૯—મોચરસ ાા તો. દુધ ાા શેર સાકર ૪ તો. ઉકાળીને પીવું. (શક્તી માટે)

૫૦—બોયરીંગણીના બીને બંધ વાસણમાં આળી ચુરણ કરે. ૧) રતી ચુરણ પાન સાથ રોજ ૩) વાર ખાએ,

૫૧ વિર્ય ઘટ બને—સીવા ચુરણ એટલે મોટી દરડેની છાલનું ચુરણ અને સાકર સંભાગે ાા તો. રોજ બે વાર બે માસ સુધી ખાવું

૫૨—વિર્ય ઘટ થાય—ત્રસાઝેણ ચુરણ એટલે છાયામાં સુકવેલી ગળો, ગોખરૂં, આમળાની છાલ સંભાગે ચુરણ ાા તો. બે વાર રોજ ખાવું (ગોખરૂની જગાએ વિશ્રુદાના પાન ચાલે.)

૫૩—શરીરે શકટી જાગડી આવે ૧) ગાયને ૧૦) શેર દુધ પાય તેનું દુધ બીજી ગાયને પાએ તેનું ત્રીજીને, એમ સાત ગાયોને પાએ, સાતમી ગાયનું દુધ મુરડાલ માણસને સકટી જાગડી લાવે.

૫૪—વિર્યનું બંધારણ રહે— જાયફળ કોતરી તેમા અફીણ મુક, લાણુ કોતરી તેમાં જાયફળ મુક, તે ઉપર ઘઉંના લોટનું પડ (૪) આગળ ચઢાવે. ખેરના લાકડાંના કાલસાના દંગારમાં મુક, લાલ થાય ને કાઢે તે જાય ફળ ને નાગર વેલના પાનના રસમાં વાટી અંકક રતીની ગોળી બનાવે. સસાર સુખ ભોગવવા પહેલાં ૧) ગોળી ખાય પાણી પીએ નહી; લીંબુ ચુસે તો નાવે ખલાસ થાય.

૫૬—શેર ગાજરને ખમને, દુધ ૫) શેરમાં નાખી માવો બનાવે તેને ગાયના ૨) શેર ઘીમાં તળે અને ઘણો પાડે ૨) શેર ખાંડની ચાસણી બનાવે તેમાં ગાજરનો માવો, તજ, જાયફળ, જાવંત્રી અકકલ કરા અંકક તો૦ નાખે અફીણ ાા કેસર ૪) વાલ બાંધે જાતની મુસળી દરેક ૨ાા તો૦ નાખી પાક બનાવે.

૫૭—પુરૂષાટન વધે સમુદ્રફલને નવ દીવસ નગોડાના પાનના રસમાં ભીંજવે છાયામા સુકાવે તે ચુરણ ૧) વાલ ખજુર ૧) તો૦ જેઠીમધ ાા તો. ૭ દીનખાય.

૫૮–મરદાઈ વધે, ઘેટીનું દુધ તોલા ૫) ઉપર મુજબ સદ્દફળનું ચુરણ ૧) વાલ ૭ દીન ખાય, પુષ્કળ મરદી આવે.

૫૯–નપુસકતા માટે, ૨) શેર આળસીઆને છાસમાં ધોવા પાણીથી ફરી સાફ કરવાં. તેને પાણી સાથ મેળવે અને દારૂ ગાળે તેમ નળીકાયંત્ર (જંતર) થી અર્ક ખેંચે, પાણી બાફનું ખેંચાઇ આવે તે સાથ તેલ બી આવે. ઉપર તરતું તેલ રૂમાં બોળી જુદુ પાડે તેનું ૧) ટીપુ નગરવેલ પાન સાથ ખાય. સવાર સાંજ ૩) દીન ખાય. જે જમીનમાં સોનુ, રૂપું, ત્રાંબુ પાકતુ હોય તે જગાના આળસીઆમાં ગુણે ઘણો છે.

૫૯=ઈંડાનું તેલ નસને લગાડે અને ૨) ટીપાં પાન સાથ ખાય.

૬૦=ઇંડાનું તેલ કાઢવાની રીત—બાફેલા ઇંડાની દાળને ખુબ મસળે, ૧) ઈંડાંની દાળ સાથ ૨) વાલ નવસાર મેળવે, સીસીમા ભરે, સીસીને કપડછંદ કરી સુકવે, તેમાં લોખંડનો તાર ખોસે, એટલે સીસીમાં પાકેલું તેલ તે તારથી બહાર પડે. સીસીની અંદરનો બહાર નીકળી ન આવે, માટે ઘોડાલ બાલ અથવા જીણા તારની ગુંચલી સીસીના મોંઢા આગળ દાબવી.

૧) માટીના ઠીકરામાં વચે સીસીનું મોં ખોસાએ એટલું કાનુ પાડે, તે કાનામાં સીસીનું મોં ખોસે, ઠીકરામાં સીસીના મોં આગળ જરા જાદી રેતી નાખે, એટલે તે જગામાંથી રાખ જઇને તેલને મળે નહી પછી સીસી આસપાસ છાણા મુકે, ધીરી આંચ આપે તો તેલમાં પાકેલું તેલ, લોખંડના તાર મારફતે બહાર આવે તે જીલવા તેની નીચે વાસણ મુકે.

તેલ બનાવવાની બીજી રીત=એક ઠાળીમાં ઇંડાની દાળ ઉપર મુજબ મુકે. એક બાજુજ દાળ રાખે; બીજી જગા ખુલ્લી રાખે. તે ઠાળી ને વાંકી રાખે; એટલે ઇંડાવાળો ભાગ ઉપર અને ખાલી ભાગ નીચે ઇંડાવાળા ભાગને ગરમી લગાડે તો તેલ તવાઇને નીચેના ખાલી ભાગમાં એકઠું થાય ઇંડાં ૧૨) દીનના જુનામાંથી તેલ વધારે નિકળે ૩) જી રીત સૂર્યના સખત તાપથી પણ ઉપર મુજબ તેલ નીકળે.

૬૧=ઇંડાનું તેલ કાઢવાની ૪) થી રીત; બદામનુ તેલ, જેમ હાથે મસળીને કાહડે છે તેમ ઇંડાનું તેલ નિકળે, પણ ઇંડાને જરાજરા ગરમી દેખાડવી પડે.

૬૨–કેરા અને વામ માછલી જે સાપના આકારની આવે છે જેનુ સરીર ઘણુ ચીકણું હોય છે.

૬૩=મરડાંઘનુ તેલ, મરઘીનાં ઈંડા બે (તાજાં નહી, ૧૨ દીવસના જોઇ.)

બીરબોટી [ગોકળ ગાય] અને અકલકરો એકેક ભાગ ધોળા તળનું તેલ ૩ તો, (ઘડાની સાથ દાળ લેવી) આ ચારેને ઉકાળી એક રસ કરી તેલ કાઢી લેવું—બાકી માવો રહે તેમાં ૫] તો. બીજુ તેલ નાખી ઊકાળે; તે તેલ બીજા નંબરનું એટલે હલકું ગણાય.

૬૪=ખાખરાનો તાજો ગુંદરને ગોળ સાથ ચણા જેવડી ગોળી બનાવી સવાર સાંજ ખાય; [તાજો ગુંદર બનાવાની રીત—ઝાડને ચપુ વડે ઘા પાડી રસ કાઢવો, તે રસનો ગુંદર ૪] દીન પછી બંધાસે

૬૫=વિર્ય ઘટ થાય; આસંધ ૫) ટાંક અને સુંઠ ૪] ટાંક દુધમાં ઊકાળી ખીર બનાવી ખાવી ૯] દીન ખાવી.

૬૬=ધાતુ જળડી ખલિત ન થાય: ધંતુરાના બી બોખરા કરી પાતાલ જંતરથી તેલ કાઢે તે તેલ પગની તળીઆને લગાડે.

૬૭=શકતી માટે અજબ ઉપાય—૧ તો. પારો, ૧] તો. ગંધક ૧] દીવસ ઘુંટી ખરળ કરે, કજલી બનાવે. પછી લાલ કાઢો. લવંગ એકેક તો૦ નાખી મધ સાથ મસળે. કુકડીના ઈંડાની, દાળ સાથ ૩] દીવસ ખરળ કરે, મરી જેવડી ગોળી બનાવી સવાર સાંજ ૧] ખાય ઉપરથી દુધ પીએ, ઘઉની રોટી, દુધ, ભાત, ઘી. શાકર એટલું ખોરાક તરીકે લીએ, ધાતુની નીર બળતા માટે અજબ ગુણ બતાવે છે. બકરીના માઉંસનો સેરવો રોજ પીવાથી વિશેષ ગુણ માલમ પડે.

૬૮=શકિત અત્યંત વધે શરીરનો રંગ ખીલે કુકડીનું ઇંડુ સફેદી સાથે, સફેદ કુંગળીનો રસ, ગાજરનો રસ દરેક ૧] તો. મધ ૧૧ તો. ઘી ૦ાા તો. એઓને અગની ઊપર મુકી પાક બનાવ રૂચે અને પચે એટલો પાક ૪૦] દીન સવાર સાજ ખાય ઉપરથી દુધ પીએ.

૬૯=નસ ઢીલી થઈ હોય તે માટે—બરબુટી ૩] વાલ લવંગ ૧૦ વાલ જાયફળ ૭] નાગરવેળ પાન ૧૫ માણસના કાનનો મેલ ૨] વાલ, કબુતરની અઘાર ૨] વાલ. દારૂમાં મેળવી લેપ કરે. ને લગાડે, નળીના ફુલને લગાડે નહીં; ચામડી ઉપર મુલી નિકળે તો ઘી લગાડે.

૭૦=બરબુટી, લવંગ, હાથીદાંતની ચુરી, જાયફળ, વચનાગ, લાલ ચણોઠી, ધોળી ચણોઠી, માછલીનું પીત, સુવરની ચરબી. દરેક ૩].

તો. સાહડા જાણવર ૧૦) તો. નો માંવો (ખીમો) એનું તેળ કાઢી નસપર લગાડે ઉપર નાગર વેલનું પાન બાંધે,

૭૧=લોઢાંની કઢાઇમાં તેલ ૩ાા તો. નાંખે તેમાં બીરબુટી ૪) તો. નાખી છગાર ઉપર હલાવીઆ કરે, બીરબુટી તેલમાં મળી જાય ને ગાળો. પગને તળીએ લગાડે અને સંભોગ કરે તો વિર્ય ખલીટ થાય નહીં. તળીઆં ઘોઇ નાખે તો વિર્ય ખલીત થાય; તેલને બદલે ઘી લઇ, તેલ બનાવે તે ઇંદ્રીને લગાડે તો શકતી વધે

૭૨=તુલસીના બી અને મૂળનું ચુરણ સંજાગે ગોળમાં બોર જેવડી ગોળા બનાવી ખાય તો. શક્તી લાવવા માટે બીજી દવા ખાવાની જરૂર રહે નહી. તણુ ખાવા જેવા ગુણ પ્રાપ્ત થાય; અકાળે આવેલો ઘાપો દુર થાય,

૭૩=૨) તો. લવંગ વેંગણામાં મુકી છાણાનાં છગારમાં બાફે આમ ૨૧) વાર કરે. તેનું ચુરણ ૧) વાલ દુધ સાથ રાતરે ખાય આ લવંગનુ તેલ બનાવી નસ પર લગાડે તો મજબુતાઇ આવે,

૭૪=પુરૂષાટણુ વધે. ભિલામુ ૧) તો, મધ ૫) તો. મેળવી શીશીમાં ભરી જુવારની કોઠીમાં ૬) માસ રાખે; તે બનાવત ાા વાલ ચવલી પાન પર લગાડી ખાય.

૭૫=વડનુ દુધ ઘણા વખત, ચાલુ ખાવાથી ધાતુ જતી બંધ થાય,

૭૬=સોનાના વરખનુ પાનું. આમળાનું ચુરણ, ખેરસાલ એનું ચુરણ ૩) વાલ મધ સાથ ખાએ, ઉપરથી દુધ પીએ.

૭૭=ઉત્કટાનુ મુળ ખારક સાથ ખાય.

૭૮=તુલસીના બી ગોળ સાથ ગોળી બનાવી ખાએ. અથવા બી ખારક સાથ ખાય અને ઉપરથી ઘીમાં તળેલા કુગળી ખાય.

૭૯=વિર્ય ખલીત થતાં અટકે; પોસ્ટનું ડીડવું ૦ા તો. સુંઠ ૦ા તો. પાણી ૨૦ તો. ઉકાળી ૫) તો. રાખે ને પીએ.

૮૦=બેચાયલી નસ છુટે—વજ, આસન. ગજ પીપર, ઉપલેટ માખણ સાથ લેપ કરે.

૮૧=માલ કાંકણીને ગરમ પાણીમાં પલાળી વાટે. કપડથી ગાળેલું પાણી નાકે મુકે તો તેલ ઉપર તરી આવે, રૂથી તે તેલ જુદુ પાડ. ૧) રતી ભાર તેલ પાન પર લગાડી ખાએ.

૮૨=અગ્નિ ઘણી શક્તી વધે, વિદારી કંદના ચુરણને એનાજ રસમાં ૭ પત આપે તેના ચુરણ દુધ સાથ રોજ ખાય.

૮૩=આમળાના ચુરણને આમળાના રસમાં ઘણી ભાવના આપે તે ચુરણ મધ. ઘી, સાકર સાથ ખાય.

બકરાના કાપણુ દુધમાં ઉકાળે આ દુધમાં પળાલી સુકવે, ઘણીવાર આમ કરે આ તેલ ખાઈ ઉપરથી દુધ પીએ તો ચકલાની સક્તી જેટલી સક્તી આવે.

૮૪—અડદની દાળ અને ઘી એની સાથે સાઠી ચોખા ખાય ઉપરથી દુધ પીએ.

૮૫—ગોખરૂનુ ચુરણ દુધ સાથ ખાવું આથી પુરૂષ સ્ત્રી સંગથી ક્ષીણ ન થાય. જો કોઇને પચે નહી તો અજમો, સિંઘાલુણ હરડે, સુંઠ પીપર, મધ સાથ ખાવું.

૮૬—અનંગ મંજરી—ધાતુપુષ્ટીની ગોળી જાયફળ ૦॥ તો, કેસર ૦॥ તો, જાવનત્રી ૧, સાકર ૪ કૌચા બે. તો પાનના રસમાં ૧, વાલની ગોળી બનાવે. ૧, ગોળી રોજ બે વાર ખાએ ઉપરથી દુધ પીએ.

૮૭-અસાળીઆના બી, ધાતુ, ધાવન, મરડાઇ વધારે એ ગરમ છે. ટીકચર આગોદાઇનુ કામ કરે, જમેલાં લોહીને ફરતું કરે ૧, ભાગ અસાળીઆ ગોળ ૩, ભાગ એની પાપરી બનાવી ઘી સાથ ૧, તો, ખાવી. અથવા આસાળીઆની દુધમાં ખાર બનાવી ગોળ સાથ ખાવે અથવા અસાળીઆ ૦। તો, કોપરૂં વાટેલું ૨। તો, ગોળ ૨॥ તો, એના લાડુ બનાવી ખાએ, ઉપરથી સાકર સાથનું દુધ પીએ બે અઠવાડીઆ ચાલુ રાખે.

૮૮- કુતરીઘાસ (તેનું ફુલ નહી)ના લેપડી અને પારો મેળવી હાથની હથેળીએ મસળે તો પારો સરીરમા પેસી જાય અને સક્તી વધે. સક્તી આવેલી જણાયા પછી ૮, દીવસે એજ ઘાસની લેપડી એકલી ફરી હાથે ઘસે તો સરીરમાં પેઠેલો પારો બહાર આવે.

૮૯—તુળસીના બી સાથે અરધે ભાગે કાસગંધની બોર જેવડી ગોળી બનાવી રોજ ખાય. અથવા રાજગરાના પાનનો રસ ૨, તો, ખાંડ ૧ તો, પીએ

૯૦—ઊતડતાગની છાલનો ભુકો ૧, તો, ગોળ ૨, તો. ૧૪ દીન ખાવું. ઉપરથી ૨ તો, ઘી પીવું. કોઇ માયાં સાથે લેવા કહે છે.

૯૧—મરી ૧૦ દાણાનું ચુરણ વાટકામાં મુકી તેમાં દુધ દોહી પીએ ૧, માસમાં નબળાઇ દુર થાએ ૧, માસ બ્રહ્મચારી રહે. ખાતું ખારૂં ન ખાય.

૯૨—નાનું વેંગણું ચીરી, તેમાં ૧, તો, પારો ભરે કપડછંદ કરી છાણામાં બાફે ભોભટમાં બાફે. પારો ખંખેરી નાખી વેંગણું ખાય. ૭ દીન ખાવાથી નપુસક હુશીઆર બને. ખોરાક, ઘી, સાકર, રોટી

૯૩–ખાખરાના મૂળનો રસ (તે કાઢવાની રીત આંખનાં દરદો માં છે) ૧ વાલ ખાવાના પાનપર લગાડી રોજ ખાય.

૯૪–મદાન કાદેના દુધનું દહી બનાવે તેને સુકવે તે ફેણીના ફંદ-વાય તેનુ સેનેટોજન બને તે દુધ સાથ ખાય.

૯૫–ચણોઠીપાક દરેક ચણોઠી વજનમાં સરખી છે. ક, ચણોઠી ના ૧, વાલ થાય ચણોઠીને પાણીમાં ૧ દીન ભીંજવે તેની ઉપરના છોળતા કાઢે, છાળટામાં ઝહેર છે. ચણોઠી પાણીમાં જે ફુળે નહી તેને ફરી બીજે દીવસે પાણીમાં રાખે. અને ચણોઠીના બીજ મસળીને જુદાં પાડે. બીજ વાટીને પાક બનાવે.

૯૬- પૂરુષાર્થ વધે—ઉંબાબચાની, અકલગરો, કાળીમુસળી, કસુંબાના બી, લવંગ, તમાલપત્ર. દરેક ૨, તો, બીમસેની કપુર અંક તો, એનું [illegible] રોજ સાંજે ખાય

૯૭–**આનંદદાયક કેસરી ગોળી**—અફીણ અને કેસરની સરખાએ મેળવેલી ૧, રતીની ગોળી મધ સાથ રોજ ૩, વાર લેવી.

— ———

વસાણાના એક સરખા ગુણો.

દવા તરીકે નીચનાં વસાણા એકને બદલે બીજું ચાલી શકે.

ઊમબો માટે–અનંતમુળ.

અજમોદ–અજમો.

અતિવીખ–નાગરમોથ.

ઊતપલ–કમળ.

[illegible]

કસ્તુરી–જાવંત્રી.

બેરની છાલ–લીમડાની છાલ.

ગજપીપર–પીપરીમુળ, ચવક.

જીરૂં–ધાણા.

ધાવડીના ફુલ–મોહવડાંના ફુલ.

નખલા–લવંગ.

બાવચા–કુમાડીઆના બી.

બીલાખું–ચીત્રા.

ભારંગ મુળ–રીંગણીના મુળ.

મધ–જુનો ગોળ.

આકડાનુ દુધ–આકડાના પાનનો રસ.

રસાજણ–દારૂહળદર, હલદર.

હરીતકી—આવગાછંટી—આંગળા.
વાલો—નાગરમોથ.
વજ=કુલીંજન.
ક્ષાર—અધેડાનો ખાર.
કાદલીવર તેલ—અગરીનું કાચું તેલ—કપાસીઆનું તેલ.

મરડાઈ ઘટે.

શકટી ઘટે—કારબોનીક આસીદગેસથી મરડાઇ ઘટે, તેથી સોડા-વાટર ઘણો પીનારાની શકટી ઓછી થાય.

સાપના વેરી—સાપ નહાશે.

૧—સાપ નાહસે—જ્યાં ગરમારાની સીંગ હોય ત્યાં સાપ આવે નહી. કેળુના ઝાડ આગળ સાપ ન આવે.

૨—ડમરો, રેહાન. સબજા, વર્મવુડ—આ ઝાડ જંગલી તુળસીને મળતું છે, મોહોમેદન ભાઇઓ આ ઝાડને બહુ માન આપે છે. તુલસીના ઝાડ માફક એને ફુલના તોરા થાય છે. તેમાંથી (તુકમાર) રહે છે. તુલસીના બી કરતાં રેહાનના બી વધારે થતા છે.

૩—સાપ ન આવે—જ્યાં રેહાનનો ઝાડ હોય ત્યાં એના વાસને લીધે સાપ આવે નહી.

૪—નાયદંડી અથવા નક્ષકટો એમાં એક સરખા ગુણ છે. એના વાસથી સાપ દૂર નાહસે.

જુના કપડાં, જુનાં ચામડાં, નપકીર એ બધાંની ધુંઅથી સાપ નાહશે.

સાતપડો.

૧—સાતપડીનો ઝાડ ૬ ફુટ ઉંચો થાય છે તે ઉપર સુશોભીત સફેદ ફુલ થાય છે તેમા વાસ બીલકુલ નથી.

ગર ગુમડાં પકવવા—સાતપડો ફોડવા	માટે સાતપડી બહુ ઉપયોગી છે. જે ગાંઠ મોં વગરની છે, જે પાકી છે કે નહી તે જણાતી નથી જેને કાપ્યા વગર અંદરથી પરૂ બહાર આવતું નથી તેવી ગર ગાંઠોને સાતપડીનો લેપ

લગાડવો; પણ ગાંઠની વચમાંનો ભાગ જરા કોરો રાખી આસપાસ લેપ લગાડે તો ૩ પહોરમાં ગાંઠ ફાટી પરૂ બહાર આવે, અને હથીઆર વતી કાપવાની જરૂર રહે નહી.

૨—સાતપડાનો ઇલાજ—મીઠું, સુકું મરચું અને હળદનું ચુરણ બનાવી દરદપર બાંધે.

૩—સાતપડાનો ઇલાજ—જવખાર, મનસીલ, હડતાલ, સીંદુર, ગંધક, સંભાગે લેવું. તલના તેલમાં મેળવી દરદપર સવાર સાંજ મુકયા કરવું.

૪—સાતપડાનું સત્યાનાશ વાલે—સાતપડો હાથેલીમાં અથવા પગમાં થાય છે. અગન બહુ બલે છે, વેદના બહુ થાય છે, તે માટે સહેલો ઉપાય એ છે જે, એરનદીઆં તેલનું વાસણ ઘણું જુનું હોય તેમા દીવેલનો કરો બાઝેલો હોય તે કરો ગરમ કરી સાતપડાપર લગાડીઆ કરવો. અગન ઓછી કરે, પકવે અને રૂઝ બી એજ લાવે.

સારંગ ગાંઠ—વધરાવળ—અંતરગળ—ગોળી મોટી થાય.

સારંગ ગાંઠ માટે નીચલા ઇલાજો છે.

૧—નવસારના પોતાં મુકવાથી સોજો બેસી જાય.

૨—એરંડીઉ જુલાબ માટે પાચ દીવસે લેયા કરવું અને ઝાડા સાફ લાવવા.

૩—લીમડાના મગજ ૦। તો ખાવા.

૪—સુંઠ અને મધ ચાટવું.

૫—પીપળીમુળનો ઉકાળો મધ સાથે રોજ પીવો.

૬—વધરાવળમાં કાચરી વધે તથા ગોળી વધે ત્યારે ગોળી બાંધી દબાણમાં રાખવી, અને બોચરીગળીના જાળના અને જુની ઇંટનો ભુકો પાણી સાથે મેળવી લેપ મારવો.

૭—ત્રીફળાં અને ગૌમુત્ર પીવામાં લેવું.

૮—એરંડીઉ અને સુંઠ વારંવાર પીવું અને ઝાડા સાફ રાખવા.

૯—ગુલમગોટા—રખચર—સારંગગાંઠ માટે નીચે મુજબ ચુરણ તેના દરદીએ ગરમ પાણીમાં રોજ લેવું. સીધવ, સંચળ, જવખાર, સુંઠ દરેક બબે તોલા, હરડે ૫) તોલા એનું ચુરણ બનાવી રોજ ખાવું.

૧૦—શરૂઆતનું દરદ હોય તો દીવેલનો જુલાબ આદુના રસ સાથે ૩) ૪) દીવસે લેવા, એના જેવો બીજો ઉપાય કોઇ નથી. અથવા હરડેનું અથવા ત્રિફલાંનું ચુરણ ૦। તોલો રોજ બે વાર લેવું.

૧૧-ગોળી મોટી થાય તે માટે—૦। શેર ગધેડાના લીંડા અને ૨) તોલા સુવાની ભુકી પાણી સાથે મેળવી ગરમ કરી ૩) દીવસ લગાડવું જુઓ "અંતરગળ" "ગોળીએ સોજો" "વધરાવળ" "ગુલમ ગોટો" રપચર."

સંધીવા.

૧=રાસ્ના, આસંધ, એરંડાનું મુળ અને ગુગળનો ઉકાળો પીવો.

૨-એરંડીઉં આદુના રસની સાથે વારંવાર પીવામાં ફાયદો છે.

૩-અગથીઆનો રસ પીવો અથવા તેની ભાજી બનાવી ખાવી.

૪=લીંડીપીપર ગોમત્રમાં બીજવી સુકવવી, તેનું ચુરણ ગુગળ સાથે મધમાં ચાટવું.

૫=૧૦) તો ચોપચીને ઘીમાં તળવી તેમાં પીપર પીપરીમુળ, લવીંગ, તજ, સુંઠ, અકલગરો દરેક તો ૦। થી ૦॥ ઉમેરી સાકરની સાથ પાક બનાવી ૫) તો. પાક રોજ ખાવો.

૬=કાળીમોંયરી બીજવી તેમાં મીઠું નાખી સેક કરવો.

૭=ધંતુરાનું તેલ, માલકાકણીનું તેલ અથવા [illegible] રસ લગાડવા.

૮=૧) તો. સાજીનું તેલ ૧ તો. લીંબુનો રસ અને ૨॥ તો. પાણી મેળવી દીવસમાં ૩ વાર દર્દીએ પીવું.

૯=મરી, પીપર, સુંઠનો [illegible] તેને [illegible] દુધ સાથે મેળવી ૧) વાલની ગોળી બનાવી રોજ ૧ ગોળી ખાવી.

૧૦=[illegible] [illegible] સાત મસળવું. [illegible]

૧૧-સરગવાના પાન [illegible] [illegible] માં [illegible]

સંધીવા— } [illegible]

૧૨-સંધીવા-વધરા-વળ-ગોળીએ સોજા } માટે—[illegible] પાન બાંધે.

૧૩-સંધીવા માટે—[illegible] થાય છે. સુરતની પાસે ભાઠા, કુભારીઆ, અંતરોલી ગામમાં થાય છે, તેનું મુળીયું ૦। તોલો બકરીના દુધમાં ઘસી પાવું.

૧૪—કમરે ચસકા મારે, સાંધામાં પવન થાય—તો વાળાની દાલને પાણીમાં ૧) કલાક ભીંજવી તેને મલમ જેવી વાટીને ચોપડે ન્મારે તે સુકાય ત્યારે અંદરનો પવન ખેંચી કહાડે છે.

૧૫—ઓથમી જીરાંની પોટીસ બાંધવાથી સંધીવા મટે.

૧૬=કળીચુનો મીઠાં તેલમાં મેલવી લેપ કરવો.

૧૭=એળીઓ અને દેવનચાનો શીરો મેળવી લગાડવો અથવા વછનાગ પાણીમાં ઘસી લગાડવો.

૧૮=શરીર વાઇથી અકડી ગયું હોય ત્યારે સંધેસરાના પાનનો રસ ૨ તોલો પીવો.

૧૯=આસવગંધ—ઘોડાઆસંધ—સંધીવા માટે—આસંધ ૧।। તો. સુંઠ ।।। તોલો એના ચુરણને ઘી સાથ મેળવી ખવાડવું. (એનો સીરો અથવા લાડુ બનાવી ખવાડ શકાય)

૨૦=સંધીના વધુ જખમો હોય તે માટે—રાસ્નાની, ગોખરૂ, એરંડાનું મુળ, દેવદાર, તેગીઓ, સાટોડી, ગરમાળો, ગોપચાની, છંદ્રવાયના દરેક ૩ પૈસાભાર લઈ તેને ચાર શેર પાણીમાં ઉકાળી ૧ શેર રાખે. તેના ૩ ભાગ કરી દીવસે ૩ વાર પાએ. એજ વસાણાને ફરી ફરી ઉકાળી બાકી અને ત્રીજે દીવસે પીએ. એનું એકસ્ટ્રેક્ટ (Ext Rasna Liq.) બનાવી સારસાપરિલાની માફક વાપરે તો ગુણ ઘણો સારો જણાય.

૨૧=આંબાહળદ, સુરીજન, ઝેર કચરો સંભાગે મેળવી ગઉમુત્રમાં ગરમ કરી લગાડે. સુકાયા પછી વારંવાર લગાડ્યા કરે.

૨૨=૧ શેર. ઘી, ૧ શેર ગોળને ચુલાપર મુકી ચાસણી બનાવે તેમાં ૧ શેર અસાળીઆનું ચુરણ નાખી તેનો પાક બનાવે. થાળીમાં નાખી તેના કટકા બનાવે તેમાંથી ૧ તોલો રોજ ખાએ,

૨૩=કાળી મટોડી ।।। શેર, નીમખ ૦। શેર પાણી સાથે મેળવી દરદપર લેપ કરે.

૨૪=ધંતુરાના પાનનું તેલ બનાવી મસળવામાં લેવું.

૨૫=ચુનો મેથી સંભાગે પાણીમાં મેળવી લેપ કરવો.

૨૬=૮૪ જાતના વા સારા થાએ—ચરેકી, રાઇ દરેક એક શેર, પીપર, આસન, વછનાગ, પીપર દરેક શેર ૦।, સુવા તોલા પાંચ એના ચુરણને પાણી સાથ મેળવી વડા (ભજીઆ) બનાવી ચાર શેર તેલમાં તળે. ભજીયાં બળવાં જેવાં થાએ ત્યારે તેલ ગાળી લીએ આ તેલ મસળવામાં બહુ ઉપયોગી છે, ભજીઆં જાનવરોના ખાવામાં આવે નહિં માટે જમીનમાં દાટવાં.

૨૭-અકમડીના વેળાની સીંગનું તેલ મસળે છે.

૨૮-લેપ સંધાના દરદ માટે—બોર. ગુંમલ, હળદર, આંબાહળદ પાણીમાં ગરમ કરી લગાડે.

૨૯-અડી ગયલા સાંધા. અડી ગયલું શરીર—કાળા ધંતુરાનું આખું ઝાડ ફુલ, ફળ, પાન, મુળ સાથ તેલમાં ઉકાળીને તે તેલ મસળવું.

૩૦ સંધીવા-ગાયના પુછડાંના વાળનો વાસો બનાવી પહેરે તો સંધીવાવાળા દરદીને ફાયદો થાય.

૩૧-સંધીવા—દરદવાળા ભાગ ઉપર ગંધકનો ભુકો ફલાલીનનાં કટકાથી બાંધવો, તેની ઉપર કેળનું પાનરૂં અથવા બીજા પાનરાં બાંધવા, જેથી ગંધકની હવા બહાર નીકળી જાય નહી.

૩૨-સંધીવા, કમળો, તાવ અટકાવવામાં ગળોના સત્વ ઉપયોગી છે.

ગળોના સત્વને ઠેકાણે આરો માલ તે ઘઉનો નીસાસનો, બજારમાં વેચાય છે.

ગળોના ગુણો—શામક (Selative) જવરઘ્ન (Antipiratic) સોધક (Alterative) ખુન સાફ કરનાર (Blood purifier) પાચક (Stomachic) સીતળ (Refregerent) મુત્રલ (Diurctic).

ગળોનો સત્વ બનાવવામાં ગળો તાજી લેવી. ૪ આંગળીઆ કટકા કરીને તેને છુંદીને કલઇવાળાં વાસણમાં નાંખી પાણી પુરતું મેળવી ખુબ હલાવવું તેથી અંદરનો સ્તાર્ચ એકઠો થાય છે. પાણી ઓગાળી કાહાડી દશને ૨ વાર પાણીથી ધોવો અને સુકવવો.

લીલાં રંગનો સત્વ સારો નહી. સફેદ રંગનો જોઇએ, ચોખો માલ સફેદ અને ફીકો છે.

૩૩-સંધીવા માટે—વાગા, સુંઠ, હીવિસાનું મુળ સંભાગે લઇ ને ચુરણના ૧) તોલાનો ઉકાળો બનાવી પીવો. એ મુજબ દીવસમાં ૩) વાર પીવો.

૩૪-સંધીવા મટે—ગંધકનું તેલ મસળે. (ગધકના તેલની બનાવટ માટે જુઓ "ઢીલી નસો મજબુત થાય.".

૩૫-સંધીવા હોય તો તે ભાગપર ગરમ પાણીની ધાર ઉંચેથી નાંખવી.

૩૬-કાયાકુટીનું તેલ-એળચીનું તેલ--આ તેલ સંધીવા. નજળા માટે લગાડે છે. એનો લીલો રંગ ત્રાંબાને લીધે છે. તે વખત જતે

ઉડી જાય છે. આ તેલ ચામડીમાં જલદી પચે છે. તેથી અરંડની નસોના દરને જલદી ફાયદો કરે છે. એમાં ટરપેન ટાઇન બેળસેળ થાય છે.

૩૭–સંધીવા માટે—૦ા શેર ચોપચીની, તજ, મસાતરો, એલચી દરેક ૦ાા તોલો મેળવી તેમાંથી ૦ાા અથવા ૧ તોલો દુધમાં ઉકાળી પીવાય છે.

૩૮–પરસાવના (પોથાપાપરી) એની ખુસબો સારી છે. તેને ચોપડીઓમાં રાખવાથી ઉધઇ લાગતી નથી.

સંધીવા માટે—પોથા પાપડીનો સુકો અથવા લીલો પાલો જુદી તેની લેપરી બાંધે. આ લેપ મુકવાથી જુના સંધીવાના સાંધા છુટા પડે છે.

૩૯–સંધીવા માટે–કરંજના પાંદડાં પાણીમાં ઉકાળીને તે પાણીથી સેક કરવા.

૪૦–સંધીવાનો દુખાવો નરમ પડે—આકડાના ઝાડના દનીગોટી બનાવી તે દુખતા ભાગ ઉપર બાંધવી. કોઇ બી દુખારા ઉપર આ રૂ બાંધે તો ફાયદો થાય છે

૪૧=નસો તથા સંધાનો દુખાવો મટે—ટરપેનટાઇનમાં બેળસેળ બહુ થાય છે: ચોખ્ખું ટરપેનટાઇન તે સ્પીરીટ ટરપેનટાઇન છે. તે દવાના કામમાં, શરીરે ગરમી લાવવામાં તેને નસોનો તથા સાંધાનો દુખાવો દુર કરવા માટે મસળવામાં આવે છે એમ તેલ સોઇને [illegible] કરે છે: ચામડી તે તેલ ચસવા પછી લાલ થાય છે.

૪૨=સાંધા અકડી જવા ત્યારે તો થુવરનું દુધ અને લસણનું તેલ મેળવીને લગાડે છે.

૪૩=સંધીવાયુ,=ગરમીના દરદ પછી હાડકાં દુખે=તેલો ૯લા૦=થુવરનું દુધ ૩ દીવસને આંતરે ૪ વાર માર મારવું. [illegible] લીંબર ઉંડ અને પછી સારું થાય. એક બે વાર મારવાથી ગુણ થતો નથી

૪૪–સંધીવા=અટકા મારતી માંદગી—સંધીવાવાળા દરદીના સાંધા આગળ સોજો હોય તો ધંતુરાનાં પાતરાંની પોટીસ કરી મુકે છે. પાનને કુટીને તેમાં પાણી તથા સરસીયું નાંખીને ચોખાનો આટો મેળવી પોટીસ બનાવે છે.

૪૫–કમર દુખે, સાંધા દુખે, તે માટે—અડીને કેસો ચુરણ બનાવે તે ચુરણ ૦ાા થી ૧ તોલો મધ સાથે સવાર સાંજ આપ

૪૭-સંધીવા માટે--કાયફળનાં તેલમાં મરી મેળવી મસળો.

૪૮-વાનું તેલ--નાળીએરના પાણીમાં ... બીજોરાના કટકા કરી નાખે અને ઉકાળે તો તેલ છુટું પડે ... તેલ ખાસ તેલમાં મેળવી મસળવામાં વાપરે.

૪૯-શરીરે ગરમી આવે--બ્રાંડીથી વા ... કરવાના હેતુથી તેમજ કોલનવાટર શરીરે ગરમી લાવવાના હેતુથી મસળવામાં આવે કે તેમાં મહેનતકારક બનાવ છે, ... ફાયદા થાય છે. દારૂ અથવા કોલનવાટર જ્યારે શરીરે લગાડવું હોય ત્યારે તેની બાટલીને બુચ મજબુત મારી તડકે મુકવી. તડકાથી દારૂ ગરમ થાય તે ગરમ દારૂ લગાડે તો ઘણો ફાયદો આપે.

૫૦=સંધીવા-ગાઉટ--સુંઠ અને ગોખરૂનો કાઢવો પીવો

આવળનાં મૂળ અને ડાંખળી વચેના ભાગની છાલનું ચુરણ ૧) વાલ, દહીં સાથે ખાવું.

૫૧-આસંધ, સુંઠ, એરંડા મૂળ, ગોળ દરેક ૧) તોલો પાણી ૧) શેર ઉકાળીને ના શેર પાણી રાખી તેમાંથી ૩) તોલા રોજ ત્રણ વાર પીવું.

૫૨=પાકા પપૈઆ સાથે ટંકણખાર ૪) વાલ ખાવો.

૫૩-આવળની પાંદડીનો રસ પીવો.

૫૪=સુંઠ, હરડે અને અજમાનું ચુરણ ૦ાા તોલો ગરમ પાણી સાથે લેવું.

૫૫-લસણ ૧) તોલો અને ગાયનું ઘી ૧) તોલો ખાવું.

૫૬-આવળના ગુંદરનું સરબત પીવું.

૫૭=ગૌમુત્ર સાથે ગુંગળ ખાવો.

૫૮=તલ અને સુંઠની ચટણી ખાવી.

૫૯=હરડે ૧૨ ભાગ, સુંઠ ૪ ભાગ, અજમોડ ૩ ભાગ, ખોરાસાની અજમો ૨ ભાગ, સીંધાલુણ ૨ ભાગ એનું ચુરણ ૦ા તોલો લેવું.

૬૦=સંધીવાના સોજાપર ગુગીજન કેસર અને ઈંડાની સફેતીનો લેપ મારવો.

૬૧-સંધીવા માટે નીચલા દવાઓના સરતા ઉપાય છે--સંધીવા માટે મીઠાનો જુલાબ લેવો.

કેલોમેલ ગ્રેન ૪, કોલોસાઈન્થીસ ગ્રેન ૪, એક વખત માટે ગોળી ૧ બનાવી ગળવી; ઝાડો ન થાય તો દીનમાં ૨ અથવા ૩ ગળવી.

૬૧+ક—સંધીવા માટે—લીંબુનું સરબત પીવામાં ચાલુ રાખવું. પોતાસ કારબોનેટ આંઉસ અરધો. પાણી આંઉસ ૧૦ મેળવીને સુજેલા ભાગ ઉપર એ લોસનના પોતાં ચાલુ મુકવાં.

૬૧+ખ—કલોરોફોમ ડ્રામ ૧, પાણી આંઉસ ૧૦ એ લોસનના પોતાં મુકવાં. અથવા એકસ્ટ્રેક્ટ બેલેડોના આંઉસ ૦॥ પાણી આંઉસ ૧૨ ના લોસનના પોતાં ચાલુ મુકવાં.

૬૧+ગ—સંધીવા માટે—ગરમ પાણીમાં કળીચુનો નાંખી દરદવાળા ભાગને સેકવો.

તાવ વગરના સંધીવા માટે—જેલેપ પલવીસ કમપાઉંડના જુલાબની જરૂર છે.

૬૨—ગમ ગુગેકમ ગ્રેન બાર, અવલસાગે અંબર ગ્રેન ૨૪, એની ચાર ગોળી કરી દીનમાં ૩ વાર ખાવી

૬૩—સેકટાનું તેલ—સેકટાનાં મુળીઆને ખુંદી પાણીમાં નાંખી જંતરમાંથી કાઢે તો પાણી સાથે તેલ નીકળે છે. એ તેલ રાઈ અને લસણના જેવું જલદ છે.

સંધીવા માટે સેકટાનું તેલ મસળવામાં આવે.

૬૪—અંકોલાનું તેલ બનાવવાની રીત—અંકોલાના પાનની લુગદી બનાવી તે લુગદી કરતાં આઠ ઘણું સરસીઉં તેલ અને ૧૬ ઘણું પાણી નાંખી ઉકાળવું. પાણી બળી રહે ને તેલ ગાળી લેવું.

અંકોલાનુ તેલ, અંગુલી તેલ બનાવવાની બીજી રીત—અંકોલાના બીના મગજને ખાખરાં કરવાં. તે ભુકાને તલના તેલની ૭ ભાવના (પટ) આપવી, એટલે ભુકો તેલ પી શકે એટલું તેલ પાવું. પછી તે ભુકાને સાંચામાં દાબી તેલ કાઢવું અથવા ભુકાની લુગદી (કલ્ક) કરી કાંસાના કાંસીઆને અંદરથી લગાડવી, તે કાંસીઓ બીજા એક કાંસીઆમાં ઊંધી મુકી તડકે લગાડવા. તડકાની ગરમીથી તવાઈને તેલ છુટું પડશે.

કળતર અને સાંધાનો દુખાવો મટે—અંકોલાનું તેલ માલીસ કરવું.

૬૪+ક—સંધીવાનો સોજો સારો થાય—દીવલીના મગજ પાણી સાથે વાટી લેપ કરે.

૬૪+ખ—શરીર અકડી ગયલું છુટે—કુલીજનનું ચુરણ શરીરે મસળવું.

સંધીવાના દરદીને ખાંડ બહુ નુકશાન કરતા છે, પતાસા ખાવા કરતાં ખાંડ ખાવાથી વધુ નુકશાન થાય છે; ખાંડનો વીશેષ ઉપયોગ થવાથી કાયા બગડે છે.

સાકર ખાવામાં ખાંડ જેટલું નુકશાન નથી

૬૫—નસો ગંઠાયલી હોય નસો ઢીલી પડી હોય તે માટે—સીંધવ તથા સીંદુર સંભાગે મેળવી ગાયના ઘીમા મલમ કરી મસળવા.

૬૬—સંધીવા માટે—સુંઠ, એલચી સરખે ભાગે મેળવી ૦॥ તોલો દીનમાં ૨ વાર ખાવો.

સંધીવા માટે—રાતે સુતી વેળા નીચે મુજબ ચાહ પીવો અને બનુસ ઓઢીને સુવું.

ચાહ સુંઠની—સુંઠ ભાખરી કરેલી ૦॥ તોલો [illegible] શેર ઉકળતાં પાણીમાં નાખી ઢાંકી રાખવું. તે ચાહ રોજ બે વાર પીવી.

૬૭—સંધીવા માટે—૫ વાલ સુંઠનો ભુકો [illegible] વાલ સોડા [illegible] ખાવામાં લેવો અથવા અરધો તોલો [illegible] ૧૫ તોલા પાણીમાં ઉકાળીને ગરમ ગરમ પીવું અને ગરમ [illegible] ઓઢીને સુવું. પરસેવો થઈને દરદ નરમ પડશે

૬૭+ક—સંધીવા માટે—સુનામખી ૦॥ તો. ગુલાબના ફુલ સાથે ખાવી (જેને લોહી પડતું હોય આમચુ [illegible] નીકળતું હોય તેણે સુનામખી વાપરવી નહીં.) લીમડાનાં પાનનાં [illegible] પાણીથી [illegible] નરમ પડે.

૬૭+ખ—તેલ તથા [illegible] ભેળાને [illegible] તથા વા વાળા ભાગ ઉપર મસળે છે.

૬૮—સંધીવા માટે—લીંબુનું સરબત પીવામાં દરદીને ચાલુ આપવું. કેટલાક દરદીને લીંબુ ખાવાથી સાંધા તરત પકડે છે તે જાણવું.

૬૯—સંધીવા, માથાના દુખાવા. માટે—સંધીવામાં જ્યારે સોજો ન હોય ત્યારે અને માથાના દરદ માટે તેમજ વાળા માટે વછનાગને પાણીમાં ઘસી લેપકી મુકવી.

૭૦—સંધીવા, ખેંચાઈ ગયલી નસો માટે તેલ—જીવતા સરડાને બુંદા નાંખી તેલમાં ઉકાળ્યા પછી તે તેલ ફરીથી અંતરગળજંતરમાંથી ગાળી કહાડે, પછી સંધીવા માટે અને ઢીલી થયલી નસો માટે મસળવામાં વાપરે.

૭૧—વા કમરનો, વા સાંધાનો તોડે—સાબરસીંગ પાણીમાં જાડું ઘસેલું તોલો ૦૧, મધ અને દારૂ (દારૂ વગર બી ચાલે) સાથે મેલવી સવારે ભુખે પેટે ચાટી ઉપરથી દુધ શેર ૦॥ દીન ચાર પીએ. તો રહી ગયલા માણસને જરૂર ફાયદો થાય. સઘળા બીજા ઉપાયોમાં આ પેહેલો અજમાવવો, ઉપાય ઘણો જાણીતો, સેહેલો, અને સસતો છે.

૭૨–સંધીવા માટે—કાળાં મરી, શુધ્ધ કરેલા ઝેહેર કચોલા, અરીઠુ સરખે ભાગે મેળવી પાનના રસમાં એક રતી ભારની ગોળી બનાવી દીવસમાં ૩ વાર ખાઇને ઉપરથી નાગરવેલનું પાન ચાવવું.

૭૩–સંધીવા માટે—આકડાના રૂની ગોદરી બનાવી સાંધા ઉપર બાંધવાથી ગરમી આવે અને ફાયદો થાય.

૭૪–ગુમરો=તલના ઝાડના જેવું એ ઝાડ છે. સુરતની પાસે રાંદેર કસ્બામાં અને સીગણપોર ગામમાં એ ઝાડ થાય છે. ફાગણ માસ સુધી એ ઝાડ જીવે છે. સુરત શેહેરની પાસે સીગણપોરમાં તેને ગુમરો કહે છે. એની લેપડી મુકવાથી સંધીવાને ફાયદો થાય.

૭૪+ક–વા ખસે=અડી ગયલા સાંધા છુટે=જાંગરો=દમરો મરે=કમર અને ગળામાં કળતર થાય તે માટે ખજુરીઆના પાનની થંડી લેપડી બાંધે. વા ખસીને બીજી જગાએ જાય તો ત્યાં તે લેપડી મુકે. આ લેપડીથી અગન બળે છે. જો એની અગન ખમી ન શકાય તો થંડા પાણીની ધાર ઉંચેથી નાખવી, અથવા કોપરૂં પાણીમાં ઘસી લગાડવું.

જાંગરો તે જમણા પગનું ગુડણ સુજે તેને કહે છે. દમરો તે ડાબા પગનું ગુડણ સુજે તેને કહે છે. એ બંને દરદ ખજુરીઆના પાનની થંડી લેપડી મુકવાથી સારાં થાય છે.

૭૫–સંધીવા માટે—તેલમાં [illegible] ફુલ [illegible] મસળે [illegible]

૭૬–સંધીવા માટે લેપ—રૂઇનું [illegible] ૪ ભાગ, [illegible] ૧ ભાગ અને [illegible] ૧ ભાગને પાણી વગર ગરમ કરી [illegible].

૭૭–સંધીવા ઉપર બીલામાનો રસ [illegible] કે તે જગા ઉપર [illegible] આવે છે. વધારે [illegible] તો [illegible] બીલામાં [illegible] મળી જાય છે. બીલામાના ઝાડના [illegible] બાળીને મસળ્યા તો [illegible]

બીલામાંથી થયેલા [illegible] તેલ, અથવા [illegible] લગાડવાથી બીલામાનો [illegible].

કમર દુખે=કમર રહી જાય. ઝાલી દુખે.

૭૮=[illegible] વાલ [illegible], [illegible] દિવસમાં ૩ [illegible] ખાય તો [illegible] દીવસમાં ફાયદો જણાય.

૭૯=કમર રહી જાય=ઝાલી દુખે તે માટે [illegible] પતી [illegible] કે તેની પતી કેમ મલમની બનાવી માટે. મલમ બનાવવાની રીત=લાલ ગમ પલાસ્ટર અંગ્રેજી [illegible], તે ઉપરથી કાગળ કાઢી નાખે. હાથ પર તેલ લગાવી ગોળા મલમ મસળવો. અને સીંદુરમાં બોળવો. આ પ્રમાણે બારેર સીંદુર મલમ સાથ મેળવવો એની પતી બનાવી લગાડે.

સંધીવા, હાડકામાં દુખાવો, સોજો.

૮૦=લેપ=ખજુર ૦॥ સેર. રેવનચીનો શીરો ૪) તો. અંજીરૂ ૦॥ તો. એળીઓ ૫) તો. પાણી દોઢ સેર, એને ઉકાળીને એક રસ કરે તેને ગાળે, ફરી ઉકાળી લેપ જેવો બનાવે, તે લગાડી રૂ દાબે. જરૂર પડે તો સ્પીરીટ નાંખે; જેથી લેપ જલદી સુકાઇ જાય.

૮૧=સંધીવા વિમ ફુટકને લીધે હોય તો પારાનો મલમ મસળવો. પારાનો મલમ=ઘી ૨) તો. કોકમનું ઘી ૩) તો. પારો ૧) તોલો, પારો નજરે દેખાય નહી અને બધુ રંગ પકડે ત્યાં સુધી ઘુંટીઆ કરવા.

૮૨-ધતુરાના બી, અને પીપર સંભાગે ચુરણ ૧॥ વાલ રોજ ૩) વાર મધ સાથે લીએ.

૮૩-સુરોખાર બે વાલ પાણીમાં લેવો, જો સુસ્તી ન દેખાય તો વધારે લેવો.

૮૪-મરચાં ૧) તો. પાણી) સેર ને એક રાત મેળવી રાખે પછી એના પોતાં દુખાવા પર મુક.

૮૫-કાળી દ્રાખના મગ ૦॥ વાલ, લીંડીપીપર ૧) વાલ. ગોળ સાથે રોજ સવારે ૧૫) દીન ખાઓ.

૮૬-વાતરોગ મટે, દરદી ચાલતો થાય. પીળો કોસટો, દેવદાર, સુંઠ એ ૧ કાઢવામા ૦॥ તો દીવેલ ૧૫) દીન સવાર લીએ.

૮૭-સાંધા છુટે=ચમક મટે; સાંધા પર આકડાનું દુધ મારી રાખ ભભરાવી પાટો બાંધે; ૪ દીવસે ફરી પાટો બાંધે.

૮૮-તેલ-આદુનો રસ, સરગવાનો રસ, બકરીનું દુધ એકેક ભાગ પાણી ૨૪ ભાગ તેલ ૧) ભાગ; ઉકાળી તેલ બનાવે અને મસળે.

૮૯-સાએટીકા નામનું દરદ. એ માટે આલાસ ૩) વાલ આપે. તેથી પાસાખ કાળી થાય.

૯૦-લેપ—ગુંગળ, રેવનચીનો શીરો, ૪ સેર. ગુજર, રગતબોલ સંભાગે ચુરણ ૪ કાંની સંકટીમા મેળવી લગાડે. ઉપર રૂ દાબે. ચાકરાનો રૂ ઘણો સારો પડે.

૯૧-દીવેલ ગરમ કરી ૧॥ દુધમાં પીએ તો અનેક જાતના વાયુ મટે.

૯૨-કાંદાનું તેલ મસળે—તેલ બનાવવાની રીત ૪૦) કાંદાની બાફેલી દાળ અકળકરો, તજ, કાયફળ, લવંગ એકેક તો. મમુદનુ મીઠું ૦। તો. એ સઘળાને ૧) રસ કરી તલનું તેલ ૨) તો. મેળવી, પાતાળ જાંતરથી તેલ કાઢે.

૯૩-આલામા ! ખાતરવાળી જમીનમાં ગેહી રોપે તેની ભાજી દરદીને ખાવામાં આપે.

૯૪–ચોપચીની ના તો. દુધ સાથ ઉકાળી ૧૦ દીન પીએ.

૯૫–લસણ, અજમો, સુંઠ, મરી, પીપર સુવા એમાની કોઇની એક ચીજ ઘીમાં મેળવી રોજ સવારે ખાવી.

૯૬–રાસના બે આની ભાર પાણીમાં વાટી ખાસ સાથ રોજ બે વાર પીવો.

૯૭–ઉપળસરી સંધીવાત અને ઉપદંશ પછીના લોહી વીકારને ઘણો ફાયદો કરે છે.

૯૮–ધંતુરો, આકડો, અરંડીઓ, નગોડ એઓના પાન દાડમીઆ ચુઅર, વચનાગ, સંભાગે વાટવું. વાટેલી ચટણી કરતાં બમનુ તેલ કાઢે, માટો રહે તેને સુકેલ ખાવાનું ચુરણુ કરી પાણી સાથ સંધીવા પર લગાડે અથવા બનેલું તેલ મસળે.

૯૯–વા તથા લકવા માટે તેલ વચનાકનુ અથવા ઝેહેર કચરાનું વછનાગ અથવા ઝેહેર કચરો ૧ ભાગ લેઇ પાણીમાં પલાળી રાખવો. તેની ચટણી કરવી ચટણી કરતાં ૫) ઘણું તેલ, ૧૦ ઘણું દુધ અથવા પાણી એને ઉકાળી તેલ બનાવે.

૧૦૦–ઝેહેર કચરો ૧) રતી રોજ ૨) વાર ખાય.

૧૦૧–લુખુ સુકાએલું ચમડી લાગ તો તેને ઘી, તેલ, અને ગોળ ખવાડવાથી સંધીવા નરમ પડે.

૧૦૨–૫ તો લસણ તેલમાં મસળી બાજરીના રોટલા સાથ ૮) દીન ખાય.

૧૦૩–સુંઠ અને ગંઠોડા દરેક ૧। તો. ૧) શેર પાણીમાં ઉકાળી નવટાંક રાખી પીવું. આ મુજબ રોજ બે વાર પીવું.

૧૦૪–સુંઠ અને ગોળ રોજ બે વાર ખાવો.

૧૦૫–અગત્યા ઝાડના મુળ પાણીમાં ઘસી લગાડ.

૧૦૬–બીલામુ, કાળાતલ, હરડે સંભાગે ચુરણ એઆની ભાર ગોળ સાથ ખાવુ, તેલ, મરચું ખટાશ નહી ખાવી.

દરેક જાતના વા માટે બીલામુ અકસીર છે. ત ઘણું ગરમ હોવાથી ખાવામાં ભય રહે છે; માટે નીચે મુજબ વાપરો.

બીલામાના કટકા કરી જમીનમાં ખાતર તરીકે મેળવે. ૧૦) દીન તે ત્યાં પાણી નાખે. ખાતર થયા પછી તે જગામા મેથી રોપે. સુવામેથીની ભાજી પકાવીને ખાવાથી સંધીવા મટે. ઘીના ખોરાક વધુ ખાવો, નહીતર શરીરે બફાળો થાય. આવી રીતે બનાવેલી ભાજી ઘણી વાર ખાય તેના સફેદ બાલ કાળા થાય, અને કાળા બાલ હોય તે સફેદ થવા પામે નહી સફેદ બકરાં ઉપર આ અખતરો અજમાવવાથી ખાતરી થશે.

૧૦૭-જાસ્વા (જાશુવર)ની ચરબી ચસળે અથવા તેનું માઉસ દરદી ખાય.

૧૦૮-સમુદર ફળને નગોડના પાનના રસમાં ૯) દીન ભીંજવે. છાયામાં સુકવી ચુરણ બનાવે. તે ૧) વાલ દુધમાં ઉકાળી ૭ દીન પીએ.

૧૦૯-રાતા અગત્યાના મુળ અને કાળા ધંતુરાના મુળ પાણીમાં ઘસી લગાડે.

૧૧૦-ચંબેલીનાં પાનનો રસ ૨) તોં. ઘી સાથ ૧૫) દીન પીએ.

(જુઓ "લોહી સ્રાવ.")

૧૧૧-ચોપચીની બહુ અકસીર છે. પોતાસ આયોડાઇડ અને સારસા પરેલાનું કામ કરે છે. એનું ચુરણ ૦ાા તોં. દુધમાં ઉકાળે, રોજ બેવાર ખાય.

એનો ઉકાળો ૫) તો. બેવાર રોજ પીએ.

ઉકાળો—ચુરણ ચોપચીનીનું ૧૦) તો. પાણી ૨) શેર. ધીમા તાપથી ઉકાળે, પોનોસેર પાણી રહેતે ગાળે; ૫) તો. સુધી દીવસમાં ૩) વાર પીએ.

સસણી—વાવરી—ઉપળીઉ, કરમની કસર

૧—સસણી માટે—ચોધારી થુઅરને બાળી રસ કહાડે. તે રસમાં એળીઓ, હરડાં, રેવનચીનો શીરો, મેળવી પેટપર દુંટીની આસપાસ લગાડે. દુંટી ઉપર લગાડે નહીં.

૨—સસણી=આંબાના ઝાડ ઉપર લાલ કીડી થાય છે તે કીડી એક, પાણી તોલા એકમાં મેળવી તેમાંથી ૦। તોલો પાણી બચ્ચાંને પાવાથી સસણીનું જોર નરમ પડે છે.

૩—સસણી માટે—ગરમારાના બી, નાગરવેલના પાનના રસમાં વાટી બાળકને પાએ.

૪—બચ્ચાંને ઉપળીઉ, બચ્ચાંને સસણી માટે—ગોરૂચંદન ૨। ચોખાના જેટલું માતાના દુધમા ઘસીને દર ચંદુ કલાકે પાવું.

૫—સસણી માટે—મીઠીજાર નામનું ઝાડ કાઠીયાવાડ, મારૂ અને ગુજરાતમાં થાય છે, તેનું એક પાન દુધમાં વાટી બાળકને પાવ.

૬—સસણી માટે ગૌમુત્રને ૨ વાર કપડાંથી ગાળીને તેમાં હળદ નાખી ૦। તોલો બાળકને પાવું.

૭—સસણી—બચ્ચાંને થાય તો વાઘન ખીચડુનાના (મદાર) ટીપાં દસથી પચાસ સુધી પાણી સાથ પાવાથી ઝાડો છુટી થઈ નરમ પડશે.

૮—સસણી, વાવરી માટે—ખાવાના પાનનો રસ ૫) ટીપા, આદુનો રસ ૫) ટીપા, એમાં ૨) લવંગ મેળવીને બચ્ચાંને ૪) દીવસ પાવો.

૯—સસણી માટે—પાપડખાર ના વાલ ગોળમાં મેળવી દીવસમાં બે વાર ખવાડે.

૧૦—સસણી માટે—મરઘાનો સાનપડો (ઠડવો) સુકવી બારીક કરવો તે ચુરણ ૧ વાલ બાળકને મધમાં ચટાડે.

૧૧—વાવરી, સસણી માટે—ઘોડાવજના બે ઘસરકા પાણી સાથ કરી તે પાણી બાળકને પાય, જો ઝાડો સાફ ન આવતો હોય તો જુલાબ આપવો.

૧૨—સસણી માટે—જુનો ગોળ પાંચ વાલ, સાજીખાર બે વાલ પાણીની સાથ મેલવી દીવસમા ૩ વાર બાળકને પાવું. ઝાડા વાટે પેટની ગાંઠો પડશે અને બાળક હુશીઆર થશે: અથવા જુનો ગોળ બે વાલ અને પાપડખાર અથવા જવખાર. ચણાની એક દાળ કરતાં બી ઓછો મેળવી માતાના દુધ સાથ બાળકને ખવાડવું.

૧૩—બાળકને સસણી, દમ ખાંસી માટે ચારોળી પાનપર દીવેલ લગાડી ગરમ કરે અને છાતીપર બાંધે, અને પેટપર મુકે.

૧૪—વાવરી દુન, દુન વાવરી, પેટ મોટું થાય, દમ લેવાએ નહી અને હાંફે તે માટે ઇલાજ—આવળના ઝાડપર નાહી નામનો વેલો થાય છે તેના મુળના બે ઘસરકા માતાના દુધમાં ઘસી પાવા. પેત ઘણા આવે અને દરદ નરમ પડે. જો પેત ન આવે તો જીવ જોખમમાં જાણવો.

૧૫—બીજો ઇલાજ—અગતીઆ ઝાડના પાનનો રસ ના તો, પાવો, અને તે રસ શરીરે ચોપડવો.

૧૬—દુધ વાવરી—નાના બાળકને ૧ ચણા જેટલી પકાવેલી ધાવણ મધમાં આપવી.

૧૭—મરઘીનો ઠડવો સુકો ૧ મગ જેટલો નાગરવેલી પાનનાં રસમાં આપવો, (ચેવલી પાનને ચુલાની ઝળમાં બાફવાથી રસ નીકળે છે)

૧૮—નાગરના ઝાડના પાન છુંદી પેટ ઉપર બાંધવાથી ઝાડો આવી દરદ નરમ પડશે.

કેરડાંનું ઝાડ જે ઉપર મોર જેવાં ફુલ થાય છે. તે ફુલનું અથાણું બને છે, તે ઝાડ સાથે નડીકંડ નામનો છોડ થાય છે તેના પાનનો રસ બાળકને પાય અને તેના પાન ફુંદા પેટે બાંધે.

૧૯–ફુલ ચાંદરી—પકાવેલી ચાવણ્યું મગ જેટલી મધમાં મેળવી નાના બાળકને પાવી. મોટાં બાળકને આમ બાજરાનાં પાવરાંના રસમાં પાવી.

૨૦–ડીકામાળી, રેવંચી, એળીઓ સંભાળી પાણીમાં ઘસી, તે ઘસારો ડુંટીની ઉપર નહી પણ ડુંટીની આસપાસ લગાડવો. સુકાવને ફરી ૩ વાર લગાડવો.

૨૧–ઘનુરવા, સસણી, બગીસી વેરી જાય તે માટે—ખાટલાપર ના માકડનું લોહી હાંતના પારા ઉપર ઘસવું. અથવા સસલાનું લોહી ગરદન પર ઘસાવવું અને હાવે તો પાવું.

૨૨–સસણી માટે આકડાના મૂળની છાલનુ ચુરણ ૫ વાલ અને ખાંડ ૬ વાલનું ચુરણ બનાવી તેમાંથી ૧ વાલ ચુરણ દર ૩ કલાકે બાળકને મધ સાથે ખવાડવું ઉપરથી અજમાનો રેક કરવો.

૨૩–ડીકામાળી, એળીઓ અને રેવનચી પાણીમાં વાટી ગરમ કરી ડુંટીની આસપાસ લગાડે.

૨૪–સસણી માટે—સસણીવાળાં બાળકને હરડે અને બેહેડાંનો ઘસારો રોજ પાવો.

૨૫–સસણી માટે હરડેને આદુના રસમાં ઘસી બાળકને ચટાડે.

૨૬–સસણી વાવળી માટે— } બીની બતી ઉપર તારની ચારણી મુકી તે ઉપર એરંડી પાન ગરમ કરી છાતી ઉપર સેક કરે તો ફાયદો થાય.

૨૭–સસણી—એક રતી નવસાર દુધમાં મેળવી બાળકને રોજ ખવાડે.

૨૮–ઉપલ્યું બચ્ચાંને થાએ તે વખતે લસણનું તેલ છાતીએ ઘસવું જે Indolent tumour, ને પીગળાવવા માટે લસણની લેપડી મુકાય છે.

૨૯–જુનો ગોળ—જુલાબ લાવે છે. બચ્ચાંને સસણી અને ઉપલ્યાં માટે અપાય છે.

૩૦=સસણી અથવા ઉપલીઉ બચ્ચાંને થાય ત્યારે સસલાના લોહીને છાતી અને ગરદને ચોપડવું અને પાવું, સસલાનું તાજુ લોહી તુરત રૂ માં બોળી લઈને છાયામાં સુકાવી રાખે છે. જ્યારે લોહીનો ખપ પડે ત્યારે આ રૂ પાણીમાં બીંજવીને લોહી છુટું પાડે છે.

૩૧=સસણી માટે—પ્રવેલી હટકી એક વાલ મધ સાથે ખવાડવી.

૩૨=સસણી—૧ તોલો ગૌમૂત્ર ૬ વાર કપડાંથી ગાળી તેમાં ૨ વાલ હળદર નાખી પાવું.

સસણી બચ્ચાંને—માતાના ભારે ખોરાક ખાવાથી બચ્ચાંને સસણી થાય છે તે માટે મરઘીનો સાતપડો યાને ઠેકવો ૧ વાલ પાણી સાથે બચ્ચાંને પાવો.

૩૩=સસણી—દાંતનું બેસી જવું—માકડનું બોડી રૂમાં મુકી તે રૂનો કાકડો કરી તેનો ધુમાડો સુંઘાડવો.

૩૪=સસણી માટે—બાળકના પેટ ઉપર (ડુટીપર નહીં) એળીઓ, દીકામલી, રેવંચીનું લાકડું ઘસીને સહવાર સાંજ લગાડવું.

૩૫=સસણી બાળકને થાય તે દીવસે કારેલીના પાનનો રસ બે તોલા અને હળદર પાંચ વાલ મેળવીને તેમાંથી એકેક ચમચી સહવાર સાંજ આપવી.

૩૬=તાન થાય બાળકને તે માટે—કાંડામાં ઘી મેળવી કપાળ પર લગાડે અને દીવેલાનું પાન ઉપર બાંધે સહવારે બાંધી સાંજે કાહાડો ૩ દીવસ આ ઇલાજ ચાલું રાખે.

૩૭=બચ્ચાંને ઉપળીઉ-ખાંસી—સીતાબના પાનને કેળના પાનમાં વીટાળી ગળે બાંધવું.

સસણી—સીતાબનો રસ અને બાવચીનો રસ મધ સાથે ખાવો

૩૮=સસણી—રતી મોરચંદન તથા ૨] વાલ હલદર, નાગરવેળના પાનનાં રસમાં આપવી.

બાળકને કરમ.

૧–દીકામાલી, કાચકાના બી એનું ચુરણ ૪, વાલ સાખરના ઘસારામાં મેળવી ખાંડ નાખી પાએ (એની ટીકડી બની શકે)

૨–પાકા દાડમની તાજી છાલનો ઊકાળો પીએ. કાચકા સેકેલા ચોલાં મરી, અંકક તોલો, બાળેલાં અદેરકચરા તો. ૦ાા, ઈંદ્રજવ તો. ૧ાા, તુળસીના રસમાં ચણા જેવડી ગોળી વાળે ૧, ગોળી મોટાં માણસને દીવસમાં ૩, વાર બાલકને બે વાર ખવાડે તો નાના મોટા તમામ કરમ પડે.

૩–કંપીલો, વાવરંગ રેવનચી સંભાગે ચુરણ બે વાલ ગરમ પાણી સાથે પીએ.

૪—વાયવડંગ ૧૦ દાણા, સિંધુર ૦॥ વાલ દરરોજ ૧, વાલ કંપીલો ૦॥ વાલ આ ચુરણ પાણી સાથે ૧, વાસર પાકું કરમ ન પડે તો બીજે દીવસે સવારે પાવ.

પ—અરણ્યાકુવાડ ચેકરી નાગા રસમાં ઘસે, ૦। તો. ધસાડામાં ૧, વાલ સિંધવખાર મેળવી આપે.

૬—૦। તો. સોપ્રુ દરરોજ ૧, ૨, તો. દીવેલ એની પીચકારી સફરામાં મારે.

૭—જુવાર ખાર મીઠું ૦॥ ૧. ॥ઞુ પ. તો ની પીચકારી સફરામાં મારે.

૮—મેંધકના ફુલ ૧ થી ૨, વાલ દર ૩, કલાકે મધ સાથે ખવાડવું.

૯—પલાસપાપડો પાણીમાં ૨ી પાવો. ૨૬

૧૦—કાડમની કણી અથવા જવ પાણીમાં ૨ી રોજ ૬, વાર પાવાથી, પાણી જેવા ઝાડા ... કને આવતા હોય તે બંધ થાય અને કરમ બહાર નિકળે.

૧૧—કરમાણી અજમો ૧ ભાગ સાકર ૪, ભાગ વાયવણ ૧, ભાગ એનુ ચુરણ ૧, થી બે વાલ મધ સાથ ખવાડવું.

૧૨—ખુરાસાની અજમો ૦॥ વાલ, પાણી સાથ ૭ દીન આપવો.

૧૩—વાયવડંગ ૦॥ વાલ પાણી સાથ ૭, દીન ખાવું.

૧૪—મકાઈ ડીંગનો રસ અને તિલ ચારચાર વાલ રોજ આપવું.

૧૫—ઘોડાની લાદ તાજી લાવી તેનુ ચુરણ બનાવે તે ચુરણને વાયવડીંગના કાઢાવાના ૧૦, પટ આપે પાછા લીંબુડીના કાઢવામાં ૧૦, પટ આપે તેમાનુ ચુરણ ૧. વાલ મધ સાથે આપે.

૧૬—૧, વાલ ડીકાંમાલી ખાંડ સાથ આપે.

૧૭—૬ તોલા. વાયવડીંગ કાચબોઆ, ખાખરાના બીજ (ખીપપાપડા) કરમાણી અજમો સંભાગે ચુરણ ગોળ સાથ મેળવી ૦। તોલાની ટીકડી બનાવી ખવાડે.

૧૮—કવચ (બેરવસીંગ) બે રતી રાતે દહીં સાથ ખવાડે.

૧૯—ધતુરાના પાનના રસમ હીંગ બીજ્જાની સફરામાં મુકે.

૨૦—ગુદામાં મીઠાના પાણીની અથવા સબુરના પાણીની પીચકારી મારે.

૨૧—અનિવિષ ૧, થી બે વાલ ખવાડે. ઘણો સરસ ઇલાજ છે.

૨૨–ખાખરાના બીજ કરમાણી અજમો, નિસોતર, કંપીલો વાયવરંગ સંભાગે મેળવી ૧, અથવા ૨, વાલ ગોળ સાથ આપે (એની ટીકરી સાકર સાથ બની શકે)

૨૩–૧, રતી એલીઓ, ૧, વાળ ગોગ, ૧, રતી હીંગ પાણી સાથ મેળવી પાછલી રાતરે ૪, કલાક બાલકને આપે.

૨૪–કાલીખાપાતના બી સેનટોનાઇન જેવું કામ કરે છે, કરમને તેમજ સરીરના જીવજંતુને મારે છે.

૨૫–કરમ તથા જીવજંતુ પાકવા દીએ નહીં. પલેગ, કોલેરા વગેરે ચેપી રોગો અને જીવજંતુ થતા બીજા રોગોના વખતમાં વાવવડંગની ચાહ અથવા તેનુ ચુરણ રોજ ખાવામાં આવે તો જીવજંતુનો ઉપદ્રવ થવા દીએ નહીં, અને તે રોગથી આફતમાં આવે નહીં.

૨૬–ચપટા કરમ મોટા માણસને થાય છે તે માટે કંપીલો (કમળો) ૧, પાઇ ભારથી ૦ll તો. ગુલાબના સરબતમાં રાતે ખાવું. સહવારે દીવેળ લેવું.—અથવા દીઆમાં ૩, વાર લેવું.

૨૭–ચપટા કરમ માટે દાડમરીના મુળની છાલ. ૫) તોલા, પાણી ૨ll સેર, ૨૪ કલાક ભીંજવી રાખે તે પાણીને ઉકાળી રાખે એના ૩, ભાગ કરી બબે કલાકે ભુખે પેટે દરદીને પાવું. કાંઇ પણ દુખ સીવાય કરમ પડે કોઇને એરંડીઓ આપવું પડે છે,

---

કરમ બહાર ખસે

સ્ત્રીઓના કમળ ખસે (ધસે) તે માટે.

૧–કળીઆર (કાળાં હરણ)નું સીંગડું બાળી તેની ખાખ કરે ગોળમાં મેળવી ગોળી બનાવી યોનીમાં મુકે.

૨–અજમોદ જાયફળને અરણીના ઝાડના રસ સાથ મેળવી ગોટી બનાવી યોનીમાં મુકે.

સંગ્રહણી–ઝાડા–મરડો=આમવાયુ–અતિસાર.

૧=સંગ્રહણીના દરદીને ખાસ તાજી છાસ અને તાજું દહીં વધારે ગુણ કરે છે, કારણ કે તેમાં લેકટીક આસીડ ખોરાક ખાવાથી આંતરડામાં જીવજંતુ થાય છે, તેને ....ક એસીડ નાશ કરે છે.

સંગ્રહણી. અસાધ્ય હોય તે સાધ્ય બને. દરદીને ફક્ત છાસ આપવી. બીજું કાંઇ ખાવાનું નહીં આપવામાં આવે તો સંગ્રહણીને ફાયદો થાય. સંગ્રહની પણ્ણી મજબુત હોય તો આ ઇલાજ પણ્ણ સારો છે.

૨=ઝાડા, સંગ્રહણી માટે—જાંબુના પાતરાંનો રસ પીવાથી ફાયદો છે.

૩=ઝાડા, મરડો, સંગ્રહણી, લોહીનું પડવું—એ માટે નીચલો કડાનો આસવ ૧ાા તોલો દર વખતે દીવસમાં ૩ વાર આપવો. આસવ જેમ જુનો થાય તેમ વધુ ફાયદો આપે છે.

કડાની છાલ ૧૦ શેર, પાણી અઢીમણ (૨ાા મણ) ઉકાળીને ચોથે ભાગે આસરે ૨૬ શેર રહેને ગાળી કાઢવું અને તેમાં નીચે મુજબ નાખવું. શાકર ૧૦ શેર, મધ ૫ શેર, ધાવડીના ફુલ ૧૪, રસોાજન, સામરનો ગુંદર, અરડુસાના મુળ, મોઠ, સુંઠ, લોધર, વાળો, કાચાં બીલાંનો ગર, ઇંદરજવ, કડાની છાલ, આંબાની ગોટલી, અતીવિષની કળી, રીસામણીનો પંચાગ, ચીત્રાનુ મુળ, અને નીલકું દરેક આઠ આઠ તોલા બરણીમાં ભરી તે બરણી ૧ માસ જમીનમાં દાટવી. પછી પીવામાં લેવું. જૂના અતીસારને બહુ ફાયદો આપે છે.

૪=સંગ્રહણી અને લોહી સાથના ઝાડા માટે ૦। તોલો તલ, માખણ, અથવા ઘી સાથે ખાવા.

૫=પીપર આસવ સરદી, સંગ્રહણી નબળાઇ, હરસ, ગુલમવાયુ આ દરદો માટે પીપર આસવ ઉપયોગી છે. તે બનાવવાની રીત—૨૫) શેર ઉકાળેલું પાણી, સાકેર ૧૦) શેર, મધ ૫) શેર, પીપર, મરી, ચવક, ચીત્રો, નાગકેસર, વાયવડંગ લોધર, આમળા, વાળો, ધોળુ ચંદન, લવંગ, તગર, એ સઘળાં ૧ બરણીમાં પેક કરી, તેનું મોં કપડછંડ કરી ૧ મહીનો તડકે રાખવું, પછી બાટલીઓ પેક કરવી.

સંગ્રહણી આમ, રક્તાતીસાર, અતિસાર=મરડો=એ શત્રુ દરદ

૬=દરદી છાસ ઉપરજ રહે તો જરૂર ફાયદો થાય.

છાસના ગુણો નીચે મુજબ

છાસ (તક) ૧) ભાગ, દહી ૪) ભાગ પાણીથી બનેલી છાસ હરસ રોગ, અગ્ની ઉત્પન્ન કરે.

મોળી છાસ પાણી વગરની, ખીટાસવાળી છાસ, વાયુ અને પિત્તને હરે.

મથીત છાસ, પાણી વગરની પણ ખીટાસ કાઢી નાખેલી છાસ કફ અને પિત્તને હરે છે.

ઊદા સ્વિત છાસ ૧) ભાગ દહી ૦॥ ભાગ પાણી વાળી છાસ, કફ કરનાર, બળ વધારનાર, શ્રમ મટાડનાર છે.

વાત અતિસારમાં સિંધવ નાખેલી છાસ ઉત્તમ છે.

પિત્ત અતિસારમાં ખટ મધુરી તથા સાકરવાળી છાસ ઊતમ છે.

કફ અતિસારમાં સુંઠ મરી, સિંધવ, પીપરવાળી ,, ,,

હીંગ, જીરાંનો વધાર કરી સિંધવ નાખેલી, છાસ, હરસ. અતિસારને દુર કરે.

છાસ ખાવા પછી કોઇ દરદીને હાડકામાં દુખાવો થાય

છાતીએ દાહ બળે. ગળામાં કફ થાય ત્યારે સુંઠ, જીરૂ હીંગ રાઇ સિંધવનુ ચુરણુ બનાવી સ્વાદ આવે તેટલું છાસમાં મેળવે દરદી જ્યારે છાસનો ઇલાજ સરૂ કરે ત્યારે અન ખાવામાં ઓછું કરે અને છાસ વધારતા જાય, રોગી ફકત છાસ પર રહી શકે તે સ્થીતીએ આવી તે હદ ચાલુ રાખવી; ફાયદો જણાવા પછી દરદીને ધીરેધીરે ચોખા ખવાડતાં જવું. જ્યારે તુઅરની દાળ અને દુધ ૧) વાર ખાઇ પચાવી શકે ત્યારે જાણવું જે દરદી સારો થયો.

૭=દવા તરીકે નીચલી ચીજોમાંની ૧) લેવી.

સજરસ–ગાહલનું ચુરણ

૮=રૂપ રસ=સેકલી ધાભણનું ચુરણ

૯=મંગુરતાનનું ચુરણુ (સુકાં બીલલાં જેવું થાય છે તે)

૧૦=સેકલી ભાંગનુ ચુરણ સાકર સાથ ખાય.

૧૧–જાયફળ, સુંઠ, અફીણ, ખારેક એનું ચુરણ બનાવે તે બરાબર અડાયાંની રાખ મેળવે. ૧, થી ૩) વાલ ચાખાનો ધોવણમાં આપે.

૧૨–પપઇઆની ચીર ઉપર ટનકણ ખાર ૪] વાલ મુકી ખાવું,

૧૩–ગાડરીઆ ઝાપટાના મુળ ૩) વાર રોજ પાવાં.

૧૪–અફીમ, કેસર, સંભાગે મધમાં ચોખા જેવડી ગોળી કરી આપે.

૧૫–ધાવડીના ફુલ છાસ સાથ ખાય.

૧૬–કોડીની ભસમ, ટંકણખાર અેકેક વાલ ઘી, સાકર સાથ ખાય.

૧૭–ત્રિફળાંનુ ચુરણુ ૦। થી ૦॥ તો. રોજ બે વાર ખાય.

૧૮=કોડીની ભસમ, ટંકણખાર, અેકેક વાલ ઘી, સાકર સાથ ખાય.

૧૯–ત્રિફળાનુ ચુરણુ ૦। થી ૦॥ તો. રોજ બે વાર ખાય.

૨૦=વડની કુપળ શાકર સાથ ખાય.

૨૧=સેકેલાં ઇંદ્રજવ દહી સાથે ખાએ, ખાધા પછી જેને દરદ આવે તેણે સેકેલા ઇંદ્રજવની ફાકી મારવી ચાલુ રાખવું.

૨૨+૨૩—ઉમરડાનું મુળ ઘસી પીવું, અથવા દુધ પતાસામાં ખાય. અતિસાર વાયુના પિત્તના, કફના માટે. કડાની છાલને ચોખાના ધોવણમાં વાટી ગોળાકરે તે ઉપર જાંબુરા પાન લગેટે ઉપર ઘઉંનો લોટ ચોપડે પછી માટીનું પડ કરે, છાણામાં ખાંડ. કડાની છાલ કાઢી તેનો રસ ૦॥ તો. મધમાં ૩) દીન પીએ.

૨૪—વાયવડીંગ અને જેઠીમધ સમભાગે ૦। તો. ચાલુ લીએ તો ઘર કરી બેઠેલું દરદ નરમ પડે.

૨૫—વાયુની સંગ્રહણીમાં પાણી જેવા ઝાડા થાય અને ગાંઠ પડે ત્યારે છાસમાં સુંઠ નાખીને પીએ.

૨૬—પીત્તની સંગ્રહણીમાં પાણી જેવા ઝાડા એકલા થાય ત્યાર છાસમાં સાકર નાખી પીએ.

૨૭—કફની સંગ્રહણીમાં ચીકણા ઝાડા થાય ત્યારે છાસ નીમખ સાથ પીવી. છાસ બનાવવાની રીત=દુધ ઉકાળે, થંઢુ પડે ત્યાં સુધી ઠીજવે, કાછવના અથવા કલઇના વાસણમાં મુકે. અંદર જરા દહી તથા છાસ નાખે આ દહી ૪) દીનટકે એટલી છાસ બનાવે.

સળેકમ—સળેખમ—સરકમ.

૧=સળેખમ—સળેકમ-સરખમ-શ્લેષ્મ માટે-કપુર અને સાકર સંભાગે લઈ ગોળી ઘણા જેવડી બનાવી કાળાં મરીના ચુરણમાં રાખવી રોજ ૩ થી ૬ ગોળી ખાવી. મરી કપુરને ઉડી જતાં અટકાવે છે.

૨=સળેખમ—ગોળ, ઘી પીપળી મુળની રાબડી પીવાથી સળેખમ નરમ પડે છે.

૩—ચીના લોકો સરેકમ થયલા માણસની આંખ ભાવાની વચ્ચેનો ભાગ લાલ થાય ત્યાં સુધી આંગળીથી ઘસે છે તેથી સરેકમ નરમ પડે છે.

૪—સળેખમ માટે—દેશી ખાંડને ઈંગાર ઉપર મુકી તેનો ધુમાડો પતરાની ગરણી વતી તથા કાગળની ભુંગરી વતી સુંઘી લેવો.

૫—સળેખમ-ખાંસી—સુજેલા ચણા અને મીઠું ખાવાથી સળેખમ ખાંસી નરમ પડે છે.

૬—સળેખમ માટે—અરીઠાના અર્કના ટીપાં વીસ પાણીના મોટા ગ્લાસમાં મેળવી તે પાણી જરા જરા પીએ અને એક કલાકમાં તે પાણી પુરૂં કરે.

૭—સળેખમ—માટે, દુધ, સાકર, મરી ગરમ કરી પીવું.

૮—સરદમ માટે—કપુરના ટીકચરના ટીપાં પાંચ પાણી નાંખી પીવાં.

૯—સળેખમ માટે કપુર સુંઘવાથી સળેખમ નરમ પડે છે.

૧૦—સળેખમ થાય નહીં—ચંદીના ટીરસોમાં નાકતી તેલ સરીર તેલ મસળનારને શરદી થાય નહીં.

૧૧—સળેખમ ઘણો જોરમાં થયો હોય તો—દસપત્ના ઝાડના પાનના ભજીઆં કરી ખાવાથી સળેખમ નરમ પડે.

૧૨—સળેખમ મટે—કાળાં મરી ૦। તોલાનું ચુરણ દુધ ૦। શેરમાં ઉકાળી પીએ.

૧૩—સળેખમ મટે—મરી, અજમો, ખસખસ સંભાગે મેળવી ખાંડીને ચુરણ બનાવે. ૦॥ થી એક તોલો ચુરણ ફાકે.

૧૪—આઠ કટોરાનું પાણી પીવું. [બનાવવાની રીત જુઓ "કટોરાનું પાણી"

૧૫—સળેખમ મટે—સરસીઉ તેલ નાંખે ઉગાડીઆ કરે

૧૬—સળેખમ મટે—રાતરે સુતી વેળા ભઞો મધિ ખાવો.

૧૭—સળેખમ થયેલો મટે—હળદરની ધુણી લેવી.

૧૮—સુંઠ, મરી, લીલી ચાહ વગેરેની ચાહ બનાવી ગરમ ગરમ પીવી, ઠંડુ પાણી પીવું નહી. સળેખમ જરૂર મટે.

૧૯—સુંઠ, મરી, પીપરનું ચુરણ ૦। તો. ઘી અને જુનો ગોળ સાથે મેળવી રોજ ૩ વાર ખાવું.

૨૦—સુતી વખતે સેકેલા ચણા અથવા ચણાના ભજીઆં ખાવાં.

૨૧—આકડાના મુળની છાલ. જેઠીમધ સંભાગે મેળવી તેના સરખે વજને સાકર લઇ તે ચુરણના બે વાલ દર ૩ કલાકે લેવું.

૨૨—મીઠું બારીક વાટી સુંઘવું.

૨૩—જાયફળ વાટી કપાળે લેપ કરવો.

૨૪—હળદરના ચુરણનો ધુમાડો નાંખે લેવો.

૨૫—રાતે ગરમ પાણીમાં રાઇ નાખી તેમાં પગ બોળવા. પાણી ઠંડુ પડે તો બીજું ઉકળતું પાણી નાખવું. ૨૦ મીનીટ પગ બોળી રાખ્યા પછી ગરમ ચાહ પી સુઇ જવું.

૨૬—સળેખમ થયો હોય તો તેને સુંઘવી ચાહ પાવી, ગરમ ઉકળતા પાણીમાં સુંઠ ફુંકીને નાખવી, ૦ા કલાક પછી પીવી.

૨૭—દુધમાં ૦ા તો૦ હળદર અને ખાંડ ઉકાળીને પીવી.

૨૮—વછનાગના ટીકચરનું ૧ ટીપું ગરમ પાણી સાથે દર કલાકે ચાર વાર પીવું.

૨૯—સળેખમ, આકમરી, ખાંસી માટે—ચીનો ધુમાડો નહી લેવો. અને અજમાના ચુરણની પોતલી સુંઘીઆ કરવી.

નવસાર નાકે સુંઘવાથી સળેખમ નરમ પડે છે.

૩૦—સળેખમ મટે—મરી, ગોળ અને દહી ખાવાથી સળેખમ મટે.

૩૧—સળેખમ દરદીથી થયો હોય ત્યારે—એલચી અને લવંગ ચાવી મોઢામાં રાખે.

સળેગમ=સરકમ, સળેખમ, નજલો=ઝોકામ

૩૨—સળેકમ થવા પછી ૨૪ કલાક સુધી પાણી અને પ્રવાહી ખોરાક લેવો નહી થંડુ પાણી પીવાથી સળેગમ વધે છે, ગાગાની આસપાસ જોરથી વીટાળવું. નાખમાં દીવેળ લગાડવામાં ફાયદો છે.

દીવેલને બતી ઉપર ગરમ કરી લગાડવું.

૩૩—દાડમની છાલ ૦ા તો૦ ચાવી ચાવીને રસ ગળવો. દીનમાં ૩) વાર છાલ લેવી. આથી સરકમ આગળ વધે નહીં, અને કાસેક થવા પામે નહી.

૩૪—૦ા તો૦ મરીને ઈંગાર ઉપર મુકી મોઢા ઉપર ધુમાંડો લેવો.

૩૫—લવંગનો ભુકો બે આની ભાર મધ સાથે રોજ બે વા લેવો.

૩૬—તજના ચુરણનો લેપ નાકે અને કપાળે કરવો.

૩૭—લવંગ, મરી, બેહડીની છાલ, દરેક ૧) ભાગ, ખેર સાલ ૩) ભાગ એની ૧) વાલની ગોળી ૩) મોંઢામાં રાખી રસ ગળે દીનમાં ૩) વાર.

૩૮—લીંડી પીપળી પદમક લાખ, બોંય રીંગણીના પાકેળાં ફળ. સંભાગે બે વાલ ચુરણ મધમાં અથવા ઘી લીએ.

૩૯—નાક અને મોંઢા ઉપર સેક કરે.

૪૦—સરકમનો બળગમ નાક વાટે નિકળે, પાટલો બળગમ નીકળે તે ગરમીથી સમજવો. જાડો બળગમ નિકળે તે થંડીથી.

સનેપાત.

૧=સનેપાટ તથા શરીરે જરડી થાએ તેનો—ઇલાજ ૩ શેર જુવારના આટાની રોટલી એક કરે. તે રોટી કોરાં માટીના વાસણમાં મુકે, અંદર ૩૦ શેર (ાા મણુ) પાણી નાખે, પછી તેનું મોહ બંધ કરી તડકામાં ૭ દીવસ મુકે, પછી ગોળ શેર ત્રણ તે માટલામાં નાંખે. ૭ દીન તે વાસણ ફરીથી તડકે રહેવા દીએ. મોહ બંધ રાખે. ૨૧ માં દીવસે. (અદીતવારે) ૧૦ શેર લોહડું લાલ ગરમ કરી તે માટલામાં મુકી દેવું, તેને ૭ દીન તડકે રાખવું. પછી ગાળીને બાટલીઓ ભરી તેમાંનું પાણી ૩ થી ૫ તોલા પીવામાં લેવું. (જુવારનો આસવ બને છે.)

૨=સનેપાટનો ઇલાજ—કાળા ધંતુરાંના પાંતરાં એક તોલા લેવા. તેની બંને બાજુએ ચુનો લગાડી એક કાદવના વાસણમાં બંધ કરી સળગાવી તેની રાખ કરવી અને તે રાખમા પીપલાનું મુળ ૩ તોલા બારીક કરી નાંખવું. અને તેમાનું ચુરણ બે વાલ રોજ ખાવું,

ઉપાય બીજો—ધંતુરાના રસને ગાયના માખણમાં મેળવીને દરદીને શરીરે મસળવું.

૩=સનીપાત માટે (કુકડપાડા) તુરીઆના બીજ, અરીઠા, સમુદર-સોકના બીજ, કાંટાના બીજ, એઓના ચુરણને ઘી સાથ એકેક વાલની ગોળી વાળવી. દરદીની શક્તિ જોઇ એક, બે કે ત્રણ ગોળી દીનમાં ૩ વાર આપવી. મરતી વખતના સનેપાતને બી ફાયદો બતાવે છે. આ દવા અજાયબ ગુણ ધરાવે છે.

સનેપાટ—સુસ્તી માટે—આકડાના પાન ગરમ કરી માથે મુકે તે ફાયદો થાય.

૪=સનેપાત તાવ માથાનો હોય તે માટે—વચનાગ ૧) તોલા, મરી ૩) તોલા, અડાયાંની રાખ ૧૬ તોલા મેળવી શરીરે લગાડે.

૫=કળાડી અથવા અંજીશી શેકી ભુકો કરી શરીરે મસળે અથવા સેકલા ચણા, અજમો, વજ, સુંઠ શરીરે ઘસવી.

૬=સનેપાત માટે—પીપળાના ઝાડની વડવાઇ તથા જાવંત્રીની ગોળી બનાવી આપે છે.

૧૦=સનેપાતના તાવમાં પીવાની દવા—ભોંયરીંગણી, અથવા કરી-આતુ, ગળો, સુંઠનો ઉકાળો પાવો. અથવા ફુલવેલો નવસાર બબે વાલ કરીઆતાની ચાહમાં આપવો, તથા અકલગરો, ઉપલેટ, સુંઠના ઉકાળામાં પાવું.

સમુદ્રફળ—સમુદ્રફળને પકવવાની રીત—સમુદ્રફળ ૧) શેરને ગાયના અશેર દુધમાં ઉકાળે, દુધ ગળી રહેને ૨) શેર ગાયના મુતરમાં ઉકાળે પછી ૨) શેર બકરીના મુતરમાં ઉકાળે. પછી વાપરે તો ગુણ દવાનું બણું વધે.

સનેહપાત-નાસ ભાગ-સવારે અકારે.

૧૧=ત્રિદોષ પછી બગડેલા દરદીને બાંગરીગણીનો અર્ક રસ ૧) તો. પાવો, કફ મોં વાટે નહીં પણ ઝાડા વાટે નીકળે.

૧૨=ત્રિદોષ પછી શરીર ઠંડુ થાય, તો મોરના ચાંદલાની રાખ ૦। થી ૦॥ વાલ મધમાં આપે, તરત ગરમાવો આવે. અનુઠડી (સીતાફળી) ના પાનનો રસ પાણી સાથે વાટી કાઢે (૬) તો. આમટા ૧) તો. મધ સાથ પીએ ૧) કલાકમાં સનેહપાત બેસે.

૧૩=એમાં જંતુ મારવાનો; ઉંઘ લાવવાનો ગુણ દસત (ઝાડો) સાફ આવે, મગજ શાંત રહે. સેંકડો દરદી સાગ થયા છે (દાદાભાઈ બાલુભાઈ સાવજ—ગામ. સુરત)

સરકો.

સરકો બનાવવાની—ધાન્ય આમ્લ, ફોતરાં વગરનું કોઈ પણ અનાજ, અરદ, મગ, ચોખા, ઘઉં જવ વગેરે કોઈપણ ૧) ભાગનો અનાજ ૧) શેર અને પાણી ૮) શેરમાં મેળવી વાસણનું મોઢું બંધ દિવસ બંધ રાખે. તેને ગાળી સરકો બનાવે. કોઈ પણ ઝાડના મુળ, પાન, ફુલ દરાખ, વગેરે ૧૦) દિવસ એમાં ભીંજવી રાખવાથી તેનો રસ એ સરકો પીએ છે.

સ્ટાર્ચ બનાવવાની રીત.

કોઈપણ અનાજના આટાને પાણીમાં ભીંજવી રાખે પછી કપડાં વડી ગાળે, સફેદ પાણી નિકળે તે સ્ટાર્ચ છે. નવું પાણી આટાના ધુંઆમાં નાખી ફરી મસળે અને ૦॥ જ્યાં સુધી પાણી દુધ જેવું સફેદ નિકળે ત્યાં સુધી ગાળે; બાકીને ચીકણો પદાર્થ રહે ગ્લુટણ રહે છે આ ભેળેલા પાણી કાઢી નાખે: માવાને ઝુંગડાંની જોળીમાં નાખે, અને પાણી ગળી રહે ત્યારે ત્યારે તે લાડાને તડકે સુકવે. મકાઈ, ચોખા, તાડના ધાબા, ઘઉં જવ, ઘણી જાતના કંદ માંથી સ્ટાર્ચ નિકળે, સ્ટાર્ચને વાસણમાં મુકી ગરમ કરે તો તેનું રૂપ બદલાય છે; ડેકસ્ટ્રાઇન થાય છે તે ગુંદરની માફક ચીકાસ વાળો છે.

જે ખોરાકમાં સ્ટાર્ચ વધારે હોય તે ખોરાકને ચાવી ચાવીને ખાવાથી જલ્દી પચી જાય છે.

શરીર ફુલે—શરીરે ચરબી—ચરબી શરીરે—બરોળ

૧—પીપર, મરી, સુંઠ, પીપરીમૂળ, ધાણા, વરીઆળી, મોટી હરડે, એનો ઉકાળો કરે. તે ઉકાળાને વધુ ઉકાળી ઘટ બનાવે. તેમાંથી ૦। અથવા ૦॥ તોલો દીવસમાં ૩) વાર પીએ તો ફુલેલું શરીર નરમ પડે

૨—શરીર ફુલે—કોઇ ઝેરી જાનવરના ડંખથી શરીર ફુલી આવે તો દુધેલીનું મુળ છાસમાં ઘસી લગાડે તો તરત સોજો નરમ પડે—ફુલ બરોળ મટે, પેટના વ્યાધી દુર થાય—દુધેલીના ફુલ અને ખારેક સંભાગે લઇ તેના ચુરણની ગોળી ચણા જેવડી બનાવી તેમાંની એક રોજ ખાય તો હોજરીની બીમારી સારી થાય અને બરોળનો સોજો જલદી નરમ પડે.

૩—આ વેલા જમીનમાં ખુંતો રહે છે ફક્ત પાંદડા જમીન પર રહે છે, પાંદડા એક બાજુથી લાલ રહે છે. પાણીવાળી જગા પર થાય છે, આ વેલો કવચીતજ મળે છે.

શરીર જાડું થાય—જરવાસો [illegible] રોજ લેવાથી શરીર જાડું થાય.

જુવો "ચરબી શરીરે" "શરીરે ચરબી."

શરીરે ગરમી આવે—સુસ્તી ટળે—જાગૃતિ રહે.

૧—શરીરે ગરમી આવે—ઇંડાની [illegible] એક તોલો, બ્રાંડી ૦॥ તોલો અને ત્રણ તોલા પાણીની [illegible] કરી દરદીને ગરમી લાવવા માટે આપે છે.

૨—શરીરે ગરમી લાવે—તાવમાં [illegible] લાવનારી દવાથી શરીર ઠંડુ થાય. નબળાઇ જણાય અને [illegible] પડે ત્યારે જેઠીમધ ખવાડવાથી ગરમી અને શક્તી આવે.

૩—ઠંડા ઓસડો જેવાં કે દાએફોરેટીક દવાઓ અને એન્ટી ફેબ્રીન આપ્યા કરવાથી દરદી શરીરે નરમ પડી જાય છે અને ઠંડો પડે છે. જેઠીમધ આપવાથી ગરમી આવીને દરદી હુશીઆર થાય છે.

૪—શરીરે જાગૃતી રહે—કાફીના ઠળીઆ ગરમ છે. ઉંઘને હાંકે છે. અંગમાં હુશીઆરી લાવે છે.

કાફીમાં ચીકોરી ભેળે છે. કાફી ઠંડા પાણીમાં રંગ આપે નહી. ચીકોરી ઠંડા પાણીમાં રંગ આપે છે. એટલે ચીકોરી સાથની કાફી ઠંડા પાણીમા નાંખે તો જરા રંગ પાણીમાં ઉતરે છે.

૫—કાફીને બદલે કુમારીકાના બીને શેકીને તેનો ભુકો વેચ-વામાં આવે છે અને તે કાફીના જેવો સ્વાદ આપે છે.

બીજા હલકા અનાજ બાળી ભુકો કરીને કાફીમાં ભેળે છે.

૬—સુરતી ઢબે—આવરના બીડના ફુલની ચાહ બનાવી પીએ તો કાફીના જેવો ગુણ આપે છે. જુઓ “ જાગૃતિ રહે. ”

શરીરે ચેળ આવે.

શરીરે ચેળ આવે તે માટે—લીમના પાનનો ધુમાડો આપવો.
જુઓ “ ખીલ ”

શરીરે શુળ મારે.

૧—શુળ એટલે શરીરમાં ખીલા મારે તે વાયુથી ઉત્પન્ન થતા શુળ પીઠમાં લાગે, પીતથી ઉત્પન્ન થતા શુળ ડુંટીમાં લાગે. કફથી ઉત્પન્ન થતા શુળ સાંધાઓમાં લાગે. એ દરદ [illegible] ... આગરસીંગની ભસ્મ ૦॥ તોલો, દીન ૧ વાર ઘી સાથે મેળવી રોજ ખાય તો દરેક જાતના શુળ નરમ પડે.

૨—સાગરસીંગને ૧ આખો દીવસ કુમારના રસમાં બોળી રાખવું. પછી તે સાગરસીંગ કુમારના પેતામાં મુકી તે કુમારને પાછો બાંધી બેસો. તેને છાનામાં મુકી બાળવો. ચુના જેવી રાખ થાય તે ખાવામાં લીએ.

૩—શરીરે બળતી દાહ માટે—લીમડાની કુંપળને વાટી પાણીમાં વલોવતાં જે ફીણ આવે તે શરીરે લગાડે.

૪—શરીરે ગરમી આવે—મીઠું તેલ ૧) શેર સીધાલુણ ૦। શેર ઉકાળીને શરીરે મસળવું.

૫—સુંઠ ૪ ભાગ અજમો, ૫ ભાગ ખુંદી તેનો ભુકો શરદીવાળી જગાએ મસળવો. કળતર પણ દુર થાય. શરદી પણ નરમ પડે.

૬—સાંધામાં છાતીમાં અથવા પેટમાં શુળ મારે તેનો ઇલાજ—સુરવાળા કરી ૧ જાતનું ઘાસ થાય છે. તેની ટોચ કાળા રંગની છે, તે ટોચ કાંટાવાળી અને ચાર આંગળ લાંબી રહે છે. તેનો ઉકાળો કરી પીવાથી ગમે તેવી શુળ હોય તે નરમ પડે છે. શુળ મટાડવાનો અતિ અદ્ભુત ચમત્કાર એમાં છે.

પાંસરામાં અથવા સાંધામાં શુળ મારે તો ખરીકંદનું મુળ પાણીમાં ઘસી લગાડે. ટીંકચરઆયોડાઇનનું કામ કરે

જુઓ “ ઉકળાટ ” ‘ આમન ’

શરીરે ચિત્રી પડે.

શરીરે ચિત્રી પડે તે માટે—કુવાડીઆના બીને મુળાનો રસમાં વાટી લગાડવું.

શરીરનો દુખાવો.

૧=દુખાવો—શરીરના કોઈ પણ ભાગ ઉપર દુખાવો થાય ત્યારે વડનું દૂધ લગાડે છે.

શરીરે આકરાં.

૧=આકરાં શરીરે આવે તો બકરીનું દૂધ, માખણ અથવા ઘી ખુબ ઘસવાથી આંકરાં બંધ પડશે વધુ વખત આ ઇલાજ ચાલું રાખવાથી ફરીથી આંકરાં આવશે નહીં. 'જુઓ આંકરાં'.

શરીરે ચસકા.

૧=શરીરે ચસકા, મારે ખેંચતાણુ થાય તો—ઓયરીંગણીનો ધુમાડો શરીરપર લેવો. 'જુઓ ચસકા.'

શરીરે થંડી ભરાય. શરીરે સરદી.

૧=કટોરાનું પાણી પીવાથી થંડી માટે—જુઓ 'કટોરાનું પાણી.'

૨=શરદી જાએ, ગરમી આવે—સમુદ્રશોસ જાયફળ, જાયવંત્રી, લવંગ, સંભાગે લઇ પાનના રસમાં ચીનીબોર જેવડી ગોળી કરીને રોજ ખાવી.

૩=ઠંડી મારે શરીર દુખે તે માટે—ર) ટીપા ટીંકચર એકોનાઇટ પંદર પંદર મીનીટે પાણી સાથે આપવામાં ફાયદો છે.

૪=હાથે પગે શરદી લાગે તો—વેંગણાને છોલી કટકા કરી પાણીમાં ૪ કલાક સુધી ભીંજવવા. તે પાણી હાથ પગને મસળવું.

૫=શરદી પાણીમાં ભીંજાવાથી લાગે તો સુંઠ, ગોળ, ઘી ચાટવાથી ગરમાવો આવે છે.

૬=શરીરે ગરમી લાવવા માટે—શરીરે સુંઠનો ભુકો ઘસે છે.

૭=શરદી માટે—શરીરે સરદી હોય તો મરીનો ભુકો મસળવો.

૮—સુંઠ [illegible] સેકેલો અજમો ૧) તો. ગોળ તો. ૮) ઘી તો. ૨) ભેળ ઘીમાં [illegible] ફરી વસાણા મેળવી કડક બનાવી ખાવામાં લેવાં.

૯—એલ્કેનાઇ ટીંક્ચર ૫) ટીપાં પાણી સાથ લેવાં.

૧૦—સુવાભુજી ના તો. સાકર સાથ રોજ ખાય.

૧૧—ચોમાસાની હવાથી થઈ લાગે તો પીપર મુળના ગાંઠનું ચુરણ અરધો તોલો ખાય.

૧૨—લસણ, રાઇ, અરંડા, એનુ પલાસતર બનાવી પગના તળી-આમાં અથવા પેટાં ઉપર મુકે, અગર્યુ ન ખમાય તો કાઢી નાખે. ફ્રાગ્યો પડે તો અડચણ નહી.

૧૩—લીલી માંખ સરકામાં વાટી લેપ કરે

૧૪—ચીત્રા અથવા જમાલ ગોટાના બી, પાણીમાં વાટી લેપ કરે તો ફોલ્લાઓ ફોડી શકે.

૧૫—શરીરે સરદી તેના ઇલાજ.

ખસ ખસના ડોડા ૦।। તો૦ સુંઠ, ખાવરીના ફુલ દરેક ના તો. પાણી ૬) સેરમાં ઉકાળી, ૧) સેર રાખે. તેને ગાળે, ના સેર પાણી સુનીંવાળા ૩) દીન પીએ તો નજલાની નીસાન રહે નહી.

૧૬—તુળસીના પાનની ચાહ પીવી તેમાં પા મરી નાંખવાં.

૧૭—અગત્યાના ઝાડના ફુલોના રસ સુંઘે.

૧૮—ઘોડા વજ પાણીમાં ઘસી નાખે લગાડે.

૧૯—માથાં ઉપર ગરમ દીવેલ ઘસે. અથવા અફીમનો ઘસારો કપાળે અને માથા પર લગાડે.

૨૦—કાયફળનું ચુરણ જરા સુંઘે, (ઘણું સુંગે તો લોહી નાખ નાકે પડે.)

૨૧—કપુર અને સાકર સંભાગે ચણા જેવડી ગોળી બનાવે તેને મરીના ચુરણમાં મુખી લગાવે, અને તેમાંજ સુકવે. ૩) થી ૬) ગોળી રોજ ખાય.

શરીરની ચામડી થંડીથી ફાટે.

પગમા ચીરા પડે ત્યારે—વડનું દુધ લગાડવાથી ફાયદો થાય છે.

થંડીમાં હાથ પગ ફાટે ત્યારે—બંજીરના પાનની રાખ મસળે.

જુઓ "હાથ ફાટે" "પગ ફાટે"

હાથ ફાટે=ગજા ગરમી=ચામડી ફાટે=ચરણુ વીદારણ.

૧=રાલ્સ ૨) તો મીણ ૧) તો ગોળ ૩) તો. ઘી ૨) તો એનો મલમ લગાવે.

૨=આંબાના ઝાડનો ચીક લગાડે.
૩=પારાનો માખનીઓ મલમ લગાડે.
૪=સિંધાલુણ, ગેરૂ, સાબુ, મીંઢોળની છાલ મીણ ઘીનો મલમ લગાડે.
૫=મુળાનો રસ લગાડે.

શરીરે શીતળા થાય નહીં.

શીતળા થાય નહીં—સાભરનો રસ, સફેદ ચંદન અને જેઠીમધ સંભાગે ઘસીને એક તોલો ખાએ તો શીતળા નીકળે નહીં.

શીતળા=બળીઆ

૧=કાળા સુરમાનુ ચુરણ ખાવામાં આવે તો શીતલાનું જોર કમી થાય.

૨=લીમડાના પાન કુમળાં, જેઠી મધ સંભાગે ૧) વાલની ગોળી શરૂઆતથી અપાય તો શીતલાનું જોર નરમ રહે.

૩=શીતલાની અગન થાય તો સુખડ ઘસીને લગાડે. અગન નરમ પડે સહીઅર રૂઝાય.

૪=સીતલા પછી શરીરે ચાઠાં પડે તો કાળીજીરી (કડીજીરી) ખાવચી (આગન આગન નાખી) કુવાડીઆના બી, આંબાહળદર, આમળા ગૌમુત્ર સાથ પલાળી તેનો લેપ કરવો.

શરીરે સુખકારી રહે—ઓળપેનકયુર શરીર નિરોગી રહે—ઘડપણ જલદી ન આવે.

૧=શરીર નીરોગી રાખવા માટે નીચલા ઉપાયો કરવાઃ—

હરડાંબેરા અને આમળાનો સંભાગે ભુકો કરી ૦॥ તોલો એક વરસ સુધી ચાલુ ખાવાથી શરીરે રોગ થતો નથી.

૨=ત્રીફળા જેઠીમધ સંભાગે એકેક તોલો મેળવી તેનાં પડીકાં આઠ કરવાં અને તેમાંનું ૧ ભુખે પેટ દુધ, ઘી, અથવા મધ સાથે લેવું. એક વરસ સેવન કરવું.

૩=ત્રીફળ તોલો ૦। ઘી તોલો ૦॥ સવારે રોજ ખાવું.

૪=ત્રીફળ અને પીપર સંભાગે મેળવી ૦। તોલો ઘી સાથે લેવું.

૫=૩૬૦ રોગ ટળે—જુન જોટાની છાળ, નગોડના મુળની છાલ,

કુઅરની દાંડી, પીપળીમુળની છાલ ખાવામાં સુકવી તેની ભુકી કરી હાથેલી ભરી ફાકી મારવી.

૬=રસાયણ ચુરણ, ઘડપણ જલદી ન આવે—આમળા, ગોખરૂ, ગળોએઓનું સમભાગે ચુરણ બનાવી ૦॥ તોલો રોજ બે વાર સેવે, એટલે બહુ લાંબો વખત ખાયા કરે.

૭=નીરોગી રહે—સપ્તાળાં દરદો હરે—સૌથી સરસ ટોનીક	હરડે બેહડાંને આમલાનું ચુરણ ૭ ભાગ (ભેરની ૪૦ વાળી) હરડે ૧ ભાગ

અને હીરાકસી ૧) ભાગ મેળવી તેનું ચુરણ ૦। તોલો બપોરે ખાવા પહેલાં ૩) કલાક આગળથી ખાય અને રાત્રે ખાધા પછી ૩) કલાકે ખાય, સાથે ઘી, મધ અને સાકર લેવી; (ઘી અને મધ સરખાં વજને કદી વખતે ખાવું નહીં) ઉપરથી ૦॥ શેર દુધ પીવું આ ચુરણ ચાલુ લેયા કરવું.

૧૦—તનદુરસ્તી આવે. નીરોગી થાય. જુલ ઝાડની છાલ નગોરના મુળીઆની છાલ અને તેની ડીંગીનું સમભાગે ચુરણ બનાવે, તે ચુરણના ચોથા ભાગે પીપરીમુળ મેળવે તેમાંથી ૦। તોલો ચુરણ ભુખે પેટે રોજ ખાય અને સેવન કરે.

મરદને શકતી આવે, ઘડપણની નબળાઇ દુર થાય, વીર્યનો વધારો થાએ. મગજની શકતી વધે, કુટેવથી થયલી નબળાઇ સારી થાય, ગરભસ્થાંન સુધારે, શરીરે કુમલી સ્ત્રીને ફાયદો આપે,—આટલા દરદો માટે આસન સારી પેરે જણાઇ ચુકયું છે. ૦॥ અથવા ૧) તોલો આસન અરધો સેર પાણીમાં ૧) રાત ભીંજવી રાખી સહવારે ૦॥ શેર દુધમાં ઉકાળી રોજ પીવું. જો ફાવે તો ૦॥ તોલો ચોખ્ખું ગાયનું ઘી નાખી પીવું.

આસંધનો અરક અને વાઇન તૈયાર બાનાવી વેલાતી દવા તરીકે વેચાય છે. તેના ગુણો નીચે મુજબ જણાવ્યા છે.

Asandh Wine is the best "pick me up" It has been recognised as the best Tonic in neavous debility, Exhaustion , Loss of memory, Brainfag, Dimness of sight, Confusion of ideas, Loss of vigour. Pulpitation of heart, sleepless ness, Incapacity of study or business.

સીળવા–સિતપીત્ત–સીળસ.

મચ્છર કરડે ને ચામડી ઉપર ઢીમડા (ઝામડા) થાય છે, તેનું થાય, ખજવાળ આવે તોય ભોકાતી હોય તેમ લાગે ત્યારે

૧–સોના મુખી અથવા હરડેનો હલકો જુલાબ આપવો.

૨–લધુ નારાયેણ ચુરણ [પીપર ૧, નીસોતર ૪, સાકર ૪, નું ચુરણ] આપવું મધ સાથે.

૩–કાળાં મરીનુ ચુરણ બે આની ભાર ઘી સાથ રોજ બે વાર આપવું.

૪–આખા શરીરે અડાયાંની રાખ ચોપડી ગેટાંનાવાળની કામળમાં સુવાડવું.

૫–હુકકામાં પીવાનો ગડાકું બનાવનાર, ગડાકુ બનાવી રહે આ પથી પોતાના હાથ ધોય તે હાથ ધોયલું પાણી શરીરે લગાડે તો તાતકાલીક ફાયદો થાય.

૬–ગરમાળાનાના પંચકનો ઉકાળો પીવો.

૭–પાપડીઓ ખાર અને હળદ સંભાગે ચુરણ ૦। તો. પાણી સાથ પાવું અને એનું પાણી શરીરે ચોપડવું.

૮–કાંદાનો રસ ચોપડવો.

૯–ધોડાવજ, સોનાગેરૂ જુનો ગોળ મેળવી શરીરે લગાડે.

૧૦–ધઉંનો મેંદો (પરમુથી) કપુર કાચલી, વરાગડી મીઠું પાણી સાથ લગાડે

૧૧–બાવળના મળની છાલ, અથવા ગળોગી, અથવા ઇંદ્રિ વાયાનાનું મૂલ પાણી સાથ ઘસી સાકર સાથ પીએ.



સ્ત્રીની ઓકારી.

૧–અજમો અને બમબમનું ચુરણ અડગરી. હાંફણ, મગજની નબળાઇ, ગુમરી, અને ગર્ભવાળી સ્ત્રીઓની ઓકારીને ફાયદો કરે છે.

૨–ઓકારી ગર્ભવાળી સ્ત્રીને હોય તો ઉમરા પાકા ફળ ખવાડવા.

૩–ગર્ભવાળી સ્ત્રીને ઓકારી માટે ઉનમી છડ અને લીંબુનો રસ મેળવી ખવાડવું.

૪–ગર્ભણી સ્ત્રીને ઉલટી થાય ત્યારે કલંબો ૧ થી ૮ ખવાડવો.

૫—ગર્ભણી સ્ત્રીને ઉલટી મટે—ાા તોલો ધાણા અને ાા તોલો શાકરને ચોખાના ધુવણમાં વાટી પીવું.

૬—ગર્ભવાળી સ્ત્રીને પેટમાં દુખાવો થાય તો તુરીઆનું ફુલ ૧ પાણી સાથે વાટી શાકર સાથે ખવાડે ફુલ ન મળે તે ભુણીયુ પસીને પીવાડે.

ગર્ભવાળી સ્ત્રીની ઓકારી મટે—આવળની શીંગ ાા તોલો ગાયના દુધમાં વાટી સાકર સાથે ખવાડવી


૭—ગર્ભણીને ઉલટી મટે—બીલ્લાંના ગરને પાણીમાં મેળવી પીવા.

૮—બીલ્લાંનું સરબત પાવું. અથવા કાચાં સુકાં બીલ્લાંનું ચુરણ, સુંઠ સંભાગે ાા તોલો ખવાડે.

૯—ધાણા પાણી સાથ વાટી પાવા, અથવા કોકમીરનો રસ ાા તો૦ પાવો.

૧૦—તરવડના ફુલ ૧) તો૦ દુધ સાથ પીવાં.

૧૧—લવંગનુ તેલ વેલાની ઓફખું ૭ ટીપાં ખાંડ સાથ ખાય.



સ્ત્રીના પેટમાંની છોડ નિકળે.

૧—સ્ત્રીના પેટમાંનો છોડ નીકળે—વાંસલોચન, ઉપલેટ, છડ, સંભાગે લવુ. તેમાંથી ાા તોલો ૭) દીન લેવું

૨—સ્ત્રીના પેટમાં છોડ હોય તે પડે—એકેક તોલો કાળા તલ, સફેદ તલ પાણીમાં ઉકાળીને ૭ દીવસ પીવા.

સ્ત્રીની પેતમાની છોડ—સ્ત્રીનો ગર્ભ સુકાઈ જાએ=છોડ બાઝે.

૩—સ્ત્રીઓનો ગર્ભ સુકાઇ જાય તેને 'છોડ બાઝે' એમ કહે છે. સુકાયલો છોડ કવચીત ઘણે વખતે પાછો ખીલે છે. પેટ મોટુ થાએ છે વળી છોડ પાછો સુકાય, એવી હાલત હોય ત્યારે ઉપાય એકજ છે જે ઊદર કાનીનો ૨ ૪) તો. પીએ. સવા.ર સાંજ પીઆ કરે તો છોડ પીગળી જાય.



ગર્ભ સ્ત્રીને લોહી પડે.

૧—ગર્ભણી તથા સુવાવડીને લોહી પડે તો તલ, જવ, અને સાકરનું સંભાગે ચુરણ કરી મધમાં ખવાડવું

સ્ત્રી હમેલવાળીને પેટમાં દુખાવો,

૧—હમેલવાળી સ્ત્રીને પેટમાં દુખાવો થાય તો તુરીઆનું ફુલ ૧ પાણી સાથે વાટીને ખવાડે. ફુલ ન મલે તો મુંળીઉં ઘસીને પીવાડે.

સ્ત્રીનું દુધ તપાસવાની રીત.

૧—પાણીથી ભરેલાં ગલાસમાં સ્ત્રીના દુધનું ટીપું પાણીની ઉપર રહે તો દુધ વાયુથી ખરાબ થએલું સમજવું. દુધનો રંગ પીળાશ પર હોય તો પીતવાળું જાણવું. દુધનું ટીપું પાણીની નીચે બેસે તો કફવાળું જાણવું.

સ્ત્રીના થાનના દરદો—છાતી પાકે.

૧—ઓરતના થાનની દરેક ઈજા માટે—ચંદવાનીનું મુળ ૧ તો. પાણીમાં ઘસીને છાતીએ લગાડે.

સ્ત્રીની છાતી પાકે તે માટે હળદર અને બોદરને પાણીમાં વાટી લેપ મારવો. સમુદ્ર શોષના પાન છાતી પર બાંધવા. જુઇના પાન ઘીમાં વાટી લેપડી મુકવી. હળદર અને ધંતુરાના પાનની લેપડી મુકવી. પીપળાની છાલ જરા શેકીને ચુરણ કરવું. તે ૦ા તોલા ચુરણ ૦ા શેર પાણીમાં નાખવું. ખાખંડનો ટુકડો લાલ ગરમ કરી તે પાણીમાં બોળવો આવું ઝમેલું પાણી રોજ તાજુ બનાવી બેચાર પીવું.

૨+૩—સ્તનપાક—સ્ત્રીની છાતી પાકે—ધાવણની ગાંઠ બંધાય એ માટે—ચંદ્રામણાના થુળને પાણીમાં ઘસીને છાતીએ ચોપડે.

૪—સ્ત્રીની છાતીની ખોતરી પાકે, રસી નીકળે અને વાસ મારે તો તે ઉપર અંજીરની પોટીસ મુકવી. લીલાં અંજીર ન મળે તો સુકાં વાપરવાં.

૫—સ્ત્રીના થાન પર સોજો—પારસ પીપળાના પાનનાં વરાળોઆં ગરમ ગરમ બાંધે. વરાળીઉ થંડુ પડે તે બીજું તરત મુકે.

સ્ત્રીના થાનમાં દરદો—દુધ—કમી થાય.

૧—સ્ત્રીના થાનમાં દુધ [illegible]—તેને કમી કરવાનો ઇલાજ નીચે મુજબ—ફસ મુકાવવી અથવા લાખ, બોડસીંગ વાટીને થાનપર લેપ મારવાથી દુધ કમી થશે.

૨—સેંદ્દ જીરૂં ખાવામાં ઘણું આપવું અને સરકામાં મેળવીને તેનો થાનપર લેપ કરવાથી દુધ કમી થશે(

૩—મસુરની દાળ પાણી સાથ પકાવી તેમાં સરકો નાખી સ્ત્રીને ખવાડવું અને તેજ દાળ થાને ચોપડવાથી દુધ કમી થશે.

૪—ઇસપગુળનો માવો થાન ઉપર મુકવાથી દુધ કમી થાય છે.

૫—સેતાળના પાતરાં ખોરાકમાં નાખી ખવાડવાં, તે પાતરાં છાતીએ બાંધવાથી દુધની આવક ઓછી થાય છે

થાનમાં દુધ બંધાય.

૧—દુધની ગાંઠ ઓરતના થાનમાં બંધાય ત્યારે થાનપર સેક કરી દુધ પાતળું કરવું અથવા ગરમ પાણી અને સરકા રબરની કોથળીમાં અથવા કુકામાં ભરી છાતી ઉપર રાખવો અથવા વાલની દાળના આટામાં જરા ઘી નાખી, સરકા સાથે લેપડા કરી, ગરમ ગરમ લેપડી છાતીપર મુકવી. શરીર સરદીવાળુ હોય તો અજમો પાણી સાથે મેળવી, પોતીસ કરી છાતી ઉપર મુકવા.

૨—દુધ પાતલું થાય ત્યારે દુધ ખેંચવાની શીશીથી દુધ ખેંચવું. અથવા એક બાટલીમાં ગરમ પાણી નાખી તે પાણી બહાર કાઢી નાંખવું. પછી થાનની ભોતરી તે બાટલીના મોઢામાં દાબવી; તેથી દુધ બાટલીમાં નીકળી આવશે

૩—સ્ત્રીની છાતીમાં દુધ બધાઇ જાય ત્યારે મસુરની દાળ પકાવી તેમા સકો મેળવી સ્તન ઉપર લેપ કરે.

૪—સીતાપના પાન વાટી લેપ કરે.

૫—વાલની દાળ વાટી તેમા જરા ઘી અને સરકો નાખી છાતીએ લેપ કરે.

૬—ધંતુરાના પાન; ઇંદ્રવરણાના મૂળ વાટી તેનો જાડો લેપ કરી થાનપર બાંધે, નવસારના પોતાં થાનપર મુકવાં.

૭—હીંબડાના પાન બારીને થાનપર મુકવા.

૮—જેઠીમધ અને સીંધવ બંને વાટી ઘીમા રોજ ખાવો.

૯—સ્તન રોગ—સ્ત્રીની છાતી પાકી સોજો આવે ત્યારે હળધર અને લોધરનો લેપ મારવો અથવા હળધર અને કુંવારાના રસનો લેપ મારવો.

૧૦ સ્ત્રીના થાનમાં દુધ બંધાય—નવસારના પાણીના પોતા મુકવાથી ગાંઠો ફુટી પડે છે.

દુધનો ખોરાક.

૧—દુધ સવાર દોહેલું હોય તેના કરતાં સાંજે દોહેલું દુધ, વધારે હિત કર છે કારણ કે જાણવર દીવસમાં ફરે હરે સુરજનો તડકો મેળવે તેથી તનદુરસતી સારી હોય.

દુધ ગમે તેવું હોય પણ ૭) કલાકમાં તેમાં બગાડો શરૂ થાય ૧૮ ઘડી ટકી શકે—૧૧ કલાકની ૧ ઘડી

દુધથી શરીરમાં ચરબી વધે.

૨—દુધ પાવાની રીત [illegible] દુધ [illegible] ૧) શેરમાં ૦। શેર પાણી નાખી, [illegible] પાણી ૦। શેર [illegible]

૩—દુધ પાવાથી [illegible] થાય [illegible] ઉકાળીને પીવું.

૪—સિંધવખાર સીવાય દરેક ખાર દુધને બગાડે છે,

૫—આમળા સીવાય દરેક ખાટા પદાર્થ દુધને બગાડે છે.

૬—દુધ સાથ ખાંડ મેળવવાથી દુધ જાડી પડે,

૭—દુધ સાથ દારૂ પીવાય તો પિત્ત વિકાર થાય.

૮—દુધ સાથ ચીભડા ખાવાથી કોલેરા થાય.

૯—દુધ સાથ માછલી નજીક ખાય તો સફેદ કોઢ થાય.

૧૦—દુધના દુશમન, મગ, મુળા, કાંદા લસણ, રાઇ, સરસીઆ મદીરા, માછલી માંસ. આ ચીજો દુધ સાથ ચાલુ ખાવાથી ચામડીના રોગ થાય.

૧૧—દુધ પીવા પછી તરત પાણી થોડું પીવાય તો બગાડો થાય

સ્ત્રીનું ધાવણ બગડે.

સ્ત્રીનું દુધ બગડે ત્યારે મારીતા (ઉપલસરી), કાળીપાટ, દેવદાર, કરીઆતું, મોરવેલ, કડુ, ગળો, સુંઠ, મોથ, ઇંદ્રજવ, સંભાગે લેવું તેના ૪) તોલા ચુરણ ૧) શેર પાણીમાં ઉકાળી, ૦। શેર રાખી, તેમાંથી બે વાર રોજ પીવું.



પ્રદર—ધુવણીજ—સ્ત્રીને પાણી પડે.

૧=ગર્ભના દોષને મટાડે—પ્રદર (ધુવણીજ) રોગ મટે લાલ પાણી નીકળે તે મટે—જીરૂં, સાકર સંભાગે મેળવી તેમાંથી ૦॥ અથવા એક તોલો ચોખાનો ધુનમાં પીવાથી ઉપલા દરદો મટે છે.

૨=સ્ત્રીઓને પાણી જાય ત્યારે નાગ કેશર [illegible] આખું [illegible] સાથે ખાવું ખાસ અને ભાત જમવામાં લેવું.

૩=સ્ત્રીને પાણી પડે તે માટે—બ તોલો કેરીની ડાળ [illegible] રોજ ૩ વાર ખાવી.

૪=ધાવણું દૂધ—સ્ત્રીઓને ખાતું જાય, પાણી પડે અને [illegible] જાય તે માટે ખાવામાં ઉપયોગી છે.

૫=પ્રદર-પ્રમેહ માટે—મોં કોહળું અથવા વિદારી કંદના ગરને [illegible] ને ભુકાને કોહલાના રસના [illegible] પટ આપવા. એનું ચુરણ તોલો [illegible] વાર ખાવું.

૬=લોહીવા=રક્ત પ્રદર, ગણુ દીવસમાં મટે—[illegible] [illegible] ત્યાં મળે છે તે ભેઆની [illegible] સાકર સાથે રોજ બે વાર [illegible] પાણી સાથે ખાવી.

૭=પ્રદર મટે=પકવેલી ધાબણ્ ૦ા તો ખાવામાં આપ[illegible] છે.

૮=સ્ત્રીઓને પાણી ધોળું અથવા લાલ પડે તે માટે—[illegible] તોલો સાકર ૦ા તો ચાખાના ધુવણમાં પીવું.

૯=પ્રદર મટે=સ્ત્રીને પાણી પડતું અટકે—ઉકે[illegible] [illegible] થાય—નમરીના ઘરની માટી, મધ અથવા પાણી સાથે મેળવી ખવાડે.

૧૦=સ્ત્રીને લોહી પડતુ અટકે—ખાવાનું [illegible] [illegible] [illegible] પાણીની પીચકારી મારે.

૧૧=સ્ત્રીને પાણી પડતું અટકે પગની કળતર ભાગે કમર દુખે. } આ દવા [illegible] [illegible] ઉપાય [illegible] સ્ત્રીઓને [illegible] દરેક

માટે બહુ ઉપયોગી છે, એ દવા ખાવામાં લેવી નહી. સોમલ દવા નો ગુગળ ૩ તો. આ વસાણા જુદા ગરમ કરવા [illegible] સાથે સુવા, લોધર, માયા, ધાવડીના ફુલ, બગાસુ, દરેક પાંચ તોલા લેવા ચુરણને મેળવી ચુરણ બનાવે. ૦ા તોલો ચુરણની ગોળી મધ સાથે બનાવે આ ગોળી કમાં વિટાળી ગુહ્ય ભાગમાં રાખવાથી સ્ત્રીના અનેક [illegible] કરકને ફાયદો થાય. આ ઇલાજ ઘણો અકસીર છે. [illegible]

૧૨=રક્ત=સ્ત્રીઓને રક્ત પાણી છુપા ભાગમાંથી નીકળે છે તેના કારણ એ છે કે શરીરનું લોહી ઓછું થાય. ત્યારે [illegible] [illegible] વિનાની સ્ત્રીઓ ગર્ભમાં બેસી રહેતી હોય તેને લાગુ પડે છે તેના [illegible].

[illegible]

૧૪=રસવંતી ચાર વાલ ચોખાના ધુણમાં પીવી.

૧૫=સતાવરીનું ચુરણ દુધમાં પીવું.

૧૬=તાદળજાની ભાજીના મગીઆનું ચુરણ દુધમાં પીવું.

૧૭=આસોપાલવની છાલના ૦ાા સેર ઉકાળામાં ૦ાા શેર દુધ નાખી, ફરી ઉકાળી, પાણી બાળીને દુધ રહે તે પીવું.

૧૮=આમળાનું ચુરણ મધમાં ખાવું.

૧૯=[illegible]નું ચુરણ સાકર સાથ ખાવું.

૨૦=[illegible] તોલા નાગકેસર ૦ા શેર છાસમાં વાટી પીવું.

૨૧=[illegible]પડનો બારીક વેહેર ૧ તો અને સાકર બે તોલાનું ચુરણ કરી તેના [illegible] પડીકાં કરી ચોખાના ધોવણ અને મધ સાથે રોજ [illegible] પડી[illegible] ખાવા.


૨૨=[illegible]ડીમન ૦ાા તો સાકર તો [illegible] ચોખાના ધોવણમાં પાવું.

૨૩=[illegible] [illegible] નાગકેસર, માખણ, અને સાકર ખાવી.

૨૪=ઉંબરના (ઉંમેડા) ફુલનું ચુરણ માખણ સાથ ખાવું.

૨૫=[illegible]ચંદન માસા ૧, [illegible] માસા [illegible]) ને બે [illegible]આમા મુકી [illegible] કરી પકવવું તે ચુરણ [illegible]) અખોડીભાર સાકરમાં ખાવું.

૨૬=પ્રદર=રોગ
અન્યમોટ [illegible]
સુધરે—
} વડની લીલી છાલ ૦ાા તો મધ સાથ રોજ બે વાર ખાવી.



પ્રદર=ધુપાણી

૨૭=જંગલી પારેવાની વીટ (અઘાર) અને સાકરનું ચુરણ ચોખાના ધોવણ સાથ ખાય તો ગર્ભવંતી સ્ત્રીનુ રૂધિર સ્રાવ બંધ પડે.

૨૮=[illegible]અમૃત (બિંદુ=૪) ટીંપા સાથ ખાય તો સ્ત્રીના રૂતુ સંબંધી સવ વિકારો, અને પ્રદર દુર થાએ.

અમૃત બિંદુ બનાવવાની રીત=કપુર, પેપરમીંટના ફુલ, અજમાના ફુલ સંભાગે મેળવી તડકે મુકે તો એક રસ થાય (અજમાને પાણીમાં મેળવી [illegible]થી ગાળે તે પાણી ઠંડું પડે ત્યારે અજમાનું તેલ પાણીની ઉપર તરી આવે, તે તેલ ઘટ્ટ થવાથી બંધાય તેને ફુલ કહે છે

૨૯=સામલાનુ રૂ સમશિતોષ્ણ એટલે મધ્ય પ્રકારનું છે, આકરાનું રૂ બહુજ ગરમ છે. મુંજનો રૂ બહુજ ઠંડો છે.

સોમળના રૂ ની ગાડી તકીઆ બની શકે છે. આ રૂ ની ગાડી બનાવી પેટ અને કમરપર બાંધેલી રાખે તો સ્રીનું હડીલું દરદ બી નરમ પડે.

૩૦=લોહ ભસ્મ અને ગળો સત્વ ચાલું ખાએ. ખોરાકમાં દૂધ અને ભાત.

૩૧=જસતના ફુલ (Zinci sulphas) ૮) ઘડી ભાર પાણી રાા તો. તેમાં કપડું બોળી કાયામાં મુકે. ૫) મીનીટમાં કાઢી લીએ.

૩૨=તે કપડું ધોઇ ફરીથી લોસનમાં બોળી કાયામાં મુકે. આ પોટલી ઘણીવાર રહે તો કાયા સંકોચાઇ જાય.

૩૩=તાંદળજાના ભાજીની ભોગો રસ ૮ માસા તથા જીરીમરચનું ચુરણ ૧૦ માસા મધ સાથ ચાટે તો સઘળી જાતના પ્રદર રોગ મટે.

૩૪—સફેદ ધાતુ અટકે=આસવપાલાના પાન ૨ા ટાંક ગાયના દૂધ ના સેરમાં ઉકાળે. ચોથેભાગે બળે તે પીએ, અથવા મનુક્કા અને સાકર પાણી સાથ ખાએ, અથવા લીલીહળદર ૨, ભાગ અને ગોળ ૦ાા ભાગ, ખાય.

૩૫—લોહીના મરડા=વડની વડવાઇ, સાકર, દૂધ સાથે ખાય. અથવા તાડગાળના મુળ ખાંડ સાથ ખાએ, અથવા ગોપીચંદન ખાન સાથ ખાય.

૩૬—આરસપહાનના પથરનો ભુકો ૨, વાલ તેમાં જેઠી રંગ આપી ઘી સાકર સાથ રોજ બે વાર ખાએ તો ગયા પ્રદર (લોહીવાનો)ને ફાયદો થાએ.

૩૭—અસાળીઓ ૩, વાલ રોજ ખાએ, અથવા અંબા મુરબ્બો ખાય.

૩૮—આંબાના છાલનુ ચુરણ ખાએ, અથવા છાલ પાણીમાં પલાળી પીએ તો સ્રીઓના અટકાવમાં જતું લોહી બંધ પડે.

૩૯—ઉમરાના ઝાડની છાલના ઉકાળાની પીચકારી યોની [યુવની] મા મારે.

૪૦—કમર કાકડી ૦ાા તોલો સાકર સાથે પાણીમાં ખીર બનાવી ખાએ.

૪૧—કોઠી અને બીલ્લીના પાન વાટી મધ સાથ ખાએ.

૪૨—જાંબુડી અથવા દાડમના છાલનો ઉકાળો પીએ.

૪૩—ઓથમી જીરૂ પાણીમાં પલાળી સાકર સાથ પીએ.

૪૪–રૂસવંતી ચોખાના ધોણમાં પીએ.

૪૫–ભાંગ પીવામાં લીએ.

૪૬–ભમરીના ઘરની માટી સાકર સાથ ખાય.

૪૭–જાયફળ અને ફટકીની પીચકારી યોનીમાં મારે.

૪૮–પાણી પડતું અટકે–જેઠીમધ બેઆની ભાર, કબુતરની અગાર ૧) રતી, ફટકડી ૧ા રતી ચોખાના ધોણમાં પીએ.

૪૯–નાગકેસર ાા તો, મોરી છાસ ૧૦) તો, માં પીએ.

૫૦–ત્રીફળાનું ચુરણ ાા તો. રોજ સવારે ખાએ.

૫૧–રાજગરાની ભાજીનો રસ નવટાંક ખાંડ અંબોળ સાથ ખાય.

૫૨–સોમળાનુ ફુલ ઘીમાં તળીને ખાએ.

૫૩–કાક જંગાનુ મૂળ અથવા, કપારાનું મૂલ ચોખાના ધુણમાં પીવાથી સફેત અને પીળા રંગનો પ્રદર મટે.

૫૪–અંબુફળી=સ્ત્રીઓના દરદ માટે, અને પ્રદર માટે એક કુદરતી ઇલાજ ચોકસ છે, સ્ત્રીઓની પેટંટ દવા તરીકે કુદરતે એને પેદા કરી છે.

લીલા પાનનો રસ ૧) તો. પીવો અથવા અંબુફળી સુકી ૪) તો, ત્રિફળાં ૪) તો, એનુ ચુરણ ૦ા તો સવાર સાંજ સાકેરના પાણી સાથ ખાએ.

૫૫–કોદરની લીડી ૧] ટાંક ત્રેનું, દુધ ાા શેર સાથ પીએ. તો લોહીવા દુર થાય

૫૬–કડાની છાલ, લોહભસ્મ સાથ વાપરવાથી અજબ ફાયદો છે. (કડુ ઝાડના બીને અંદર જવ કહે છે.)

૫૭–આવળના કોળસા દુધ સાથ પીએ.

૫૮–ભેંસની ડાબી બાજુના સીંગડાંની છાલનુ ચુરણુ કરવણ રૂમાં લપેટી ધાનો દીવો સળગાવી કાજળ પાડે તે કાજળ આંખે આંજે તો લોહીવા બંધ થાય,

૫૯–કાંસકીનુ મુળ ગાયના દુધમાં ઘસી પીવું.

૬૦–ગળોનું ચુરણ મધ સાથ ખાવું.

૬૧–અકરીની લીંડી ૨) ટાંક લોદર ૨) ટાંક, શાકર ૨) ટાંક એનો લેપ યોનીઆંડ પર લગાડે,

૬૨–મરઘીના ઇંડાંના કોચલાંને (છોતરાં) અને જેઠીમધને આદુના રસની ૭) ભાવના આપે તેનું ચુરણુ ખાએ.

૬૩-સાટોડીનું મુળ સાકી ચોખા સાથ ખાય.

૬૪-અજમો અને સાકરનું ચુરણુ મધ સાથ ખાવે.

૬૫-આમળાનો રસ અને સાકર ખાવો

૬૬-આમળાનું ચુરણુ કેળાં સાથે ખાએ

૬૭-કેળનાં મુળ પાણીમાં ઘસી પીએ

૬૮-ભીમસેના ફુલનું ચુરણુ મધ સાથ ખાએ.

૬૯-ટેડ ઉમરાના ફુલ કેરા રસ. તો. સાકર ૧૦) તોલા મધ ૧૦) તો૦ તેના ૪) તો૦ બારના લાડુ કરે. ૧) લાડુના ૩) ભાગ કરી રોજ ૩) વાર ખાએ. સર્વ પ્રકારના પદર જાય.

૭૦-સાલમ મીસરી, ધાળી મુસળી, સતાવરી એનું ૩) માસા ચુરણુ ત્રણ શેર દુધમાં સાકર સાથ ઉકાળી રોજ બે વાર પીએ.

૭૧-શીતાફુલાએની પુષ્ટ થાય છે. ગળપતિ એ જડ વાપરો છે. એના પાક, ચુરણુ અને કાઢવા, એ પ્રદર રોગમાં વાપરે છે.

૭૨-ગોખરૂના છોડ, ફુલ આવે ત્યારે તરત લેવાં, તેના ચુરણને લીલા ગોખરૂના પત આપે. ૫) તો. ચુરણુ દુધમાં રોજ પીએ તો પ્રદરની નામ નીસાન રહે નહીં; ગળ, બુખી, મરતાન વધે; રેતી પથરી પીગળે.



પેટમા શુળ, પવન, વાયુ. વ્યાધી.

ગકરાંની લીંડી ૧૬ ભાગ, સિધવ ૪) ભાગ, વડ નગરી મીઠું ૪) ભાગ, દારૂ હલદર ૪) ભાગનું ચુરણુ ૦l તો. ખાવું.

અજમો એકલો ૦l તો૦ ખાય, સાથે સુંઠ, સિંધવ અને હિંગ લીએ તો ગુણ ઘણો વધે,

ગોળ અને સુંઠ સંભાગે ૦ll તો. ખાએ. પીપલાની ફુપસ, અને સંચલ સંભાગે ૦l તો. ખાએ. ગોમુત્ર કપડાથી ૨૦) વાર ગાળે અને દવા તરીકે ૧) ચમચી પીએ. તો પેટના ઘણા દરદો સાફ કરે.

ખાધા પછી પેટમાં પવન, અને દુખાવો થાય તે માટે ખોરાક સાથ આદુના અથાર ખાએ. અથવા ૧) તો૦ આદુનો રસ ભોજન લેવાની ૦ll કલાક આગળથી પીએ. અથવા આદુના મુરબો ખાય. (આદુને નરમ કરવું હોય તો ચોખાની ભાજીમાં બાફે. પછી ચોળે, અને સરબતમાં નાખી મુરબો બનાવે.

પેત મોટું થાએ તો જવખાર અને સાજીખારનો લેપ પેતપર કરે. પેતમાં શૂળ માટે દારૂડીના બી એ આનો સાર સિંધવ ૦)૮ ભાર પાણી સાથ રોજ ૩) વાર પીએ.

પ્રદર–સ્ત્રીને પાણી પડે–ધોળી પ્રદર ધાત જાય.

૭૩–અરદુસો, અથવા સતાવરી, અથવા ગળોનો રસ ૧) તો૦ મધ સાથ રોજ ૧) વાર પીવો.

૭૪–જેઠીમધ ૧] તો. તાંદળજા (ચોળાઈની ભાજી) નો રસ ૧) તો૦ રોજ પીવે.

૭૫ તાંભડાનું મૂળ ૦ાા તો૦ ચોખાના ધોવણમાં રોજ ૧) વાર ૭) દિ[illegible] પીવું.

૭૬–આમળા ૨ાા તો પાણી ૦ા શેર સાથે ભીંજવે, સવારે મધ સાથ રોજ ૧) વાર પીએ.

૭૭–આસાપાળાની છાલ, કેરવાની, કાસમના ફુલ, તાંદળજાના મૂળ, આમળા, રસવંતી, સંભાગે ચુરણ બનાવે. ૦ાા તો. ચુરણ ચોખાના ધુવણમાં રોજ ૩) વાર ૭ દિન પીએ.

૭૮–આસોપાલા (Suraca Indica) મુળનો અરક અથવા તેનું શરબત અથવા ઉકાળો, પીવાથી પાણી પડતું અટકે અને સ્ત્રીના ઘણા ખાસ દરદો મટે.

૭૯–આવળ બાવળની છાલ, નરમા નામના કપાસનું મૂળ, દારૂ હળદનું લાકડું, તાંભડાનું મૂળ દરેક ૧) તો૦ ચોખાના ધોવણ બાર તોલામાં નાખી ભીંજવી રાખે, ૮) તો૦ પાણી દિવસમાં [illegible] વાર વાર પીએ. ૮) દિનમાં સોહીવા=(સામરોગ) ની મટે.

૮૦–સર્બોટ ફ્લાજ, (બોસ લીસીઅન શાલાની, વાંદરા [illegible] બીસ [illegible] મુંગાર.)

(૮૦) સરસની પટને કોલસાના ડગાર પર ગરમ કરે લાલ ચોળ કરે તેને ગોમૂત્રમા બુઝાવે, આ મુજબ ૧૦૦) વાર કરે. જેથી ચુરણ [illegible] થતી જશે, એનું ચુરણ ૧ વાલ અને લાકડીઆ પાપાણ [illegible] ૨) વાલ, ખાંડ સાથ રોજ બે વાર ખાએ. પાણી પડતું અટકે.

૮૧–સમ મૂળ ૦ા તો૦ દુધ સાથ ઉકાળે, સાકર નાખી રોજ બે વાર ૧) માસ સુધી પીએ,

૮૨—સીમલા ફુલનું સાક ઘીમાં વધારી રોજ ખાવું.

૮૩—રક્ત પ્રદર મારે—માથાં ૪) છો, પડવાસ, ધાવડીના ફુલ લોધર, રસવંતી, વાંસ કપુર દરેક બે વાલનું ચુરણ બે આની ભાર રોજ ૨ વાર લીએ, પ્રદરનું જોર અતિશય હોય તો બમે કલાકે ચોખાના ધુણમાં લીએ.

૮૪—ફુગાવલી ફટકી ૧] વાલ બતાસાના પાણી સાથ રોજ ૩) વાર ૭ દીન આપવી.

૮૫—માયાં, કાંટા, મેડી, ફટકડી સુનાગેરૂ એની પોતલી પાનીમાં મુકે. મોરના પીંછાની ભસમ ા વાલ સુખડના ઘસાડામાં રોજ બે વાર ખાય.

૮૬—રાત્રે સુતી વખતે ચાલતાં ચાલતાં ઘી પીવે તો તરતનો રક્ત પ્રદર મટે. ઉપરથી પાણી પીવું નહીં.

૮૭—કેવડાની મુળીના રસમાં સાકર નાખી પીએ.

૮૮—ઉમરડાનુ મુળ ઘસી સાથ પીએ.

૮૯—બોલસરીની અંતર છાલ ાા તો. પાણી સાથ ઘસી પીએ.

૯૧—આસાપાલવની અંતર છાલ ા તો. ચોખાના ધુણમાં રોજ બે વાર પીએ.

૯૨—ગુલઆસ લાલરંગની (બીજીનહી)ના પાન ૭ નો રસ અને ફટકડી ૧. વાલ સાકર સાથ રોજ ૩, વાર ખાએ.

૯૩—લાલગનસવનના ફુલ અને શાકર સંભાગે મેળવે. અંદર ખાતું લીંબુ ૧. નીચોવ. ગુલકંદની માફક એ બગડે નહીં. એમાંથી ા તો. રોજ ૩. વાર ખાય,

૯૪—રક્ત પ્રદર, કાળી મટોડી ાા તો. દુધમાં મસળે. ગાળે અને પીએ.

૯૫—ઝીંડી વેલના પાન ૨, તો. ચોખાના ઓસામનમાં વાટી પીએ.

૯૬—શ્વેત અને રક્ત પ્રદર મટે—વાળો, દસમુળ સંભાગે ૧. તો. પાણીમાં પીએ.

૯૭—તાંદળજાનું મુળ ૧. તો. દુધમાં વાટી સાકર સાથ પીએ.

૯૮—બોરડીની લાખ ાા તો. ઘીમાં તળે તેનું ચુરણ કરી દુધ સાથ પીએ.

૯૯—આમળાના બી ૧, તો. ચોખાના ઓસામનમાં પીએ.

———

સ્ત્રીના ગર્ભને નુકસાન લાગે.

[illegible] ગર્ભને નુકશાન [illegible] લાગ્યા [illegible]
[illegible] નુકશાન થાય [illegible]
[illegible] ધાસાયણના ફળ [illegible] ને નુકશાન કરતા [illegible]

૩=ગર્ભને નુકશાન કરે [illegible] આપવાથી પેટમાં થએલા ગાંઠ સારી થાય. | સંકર [illegible] ગર્ભને નુકશાન [illegible] કુપા ભાગમાં [illegible] ગાંઠ સારી થાય

સ્ત્રીને ગર્ભને [illegible] લાગે

૪=[illegible]ના ફુલ સાકર સાથ પાણીમાં પીવે.

૫=[illegible] (પ્રમારીઆનુ) [illegible] ગર્ભ સ્થાટ થાય.

૬=[illegible] અને કેસરની ગોટી [illegible]માં [illegible]

ગર્ભસ્થાન સુધરે—કમળ સુધરે.

૧=કમળ સુધરે—સીંધવ ૧॥ તોલો, ગુગળ ૩ તોલા, [illegible] ઠીકરી ઉપર ગરમ કરીને પછી લેવા, લોધર, માયા, ધાવડીના ફુલ બબ્બે. દરેક ૫ તોલા મેળવી ૫ તોલો ચુરણ મધ સાથે ખાય.

૨=[illegible]પળાના ઝાડને પુંજવાથી પુત્ર પેદા થાય છે.

આ ઝાડ રોપવામાં બહુ પુન છે, અને કાપવામાં દોષ (પાપ) છે."

આ ભાષા બહુ અલંકારી છે. અંદરની મતલબ જુદી છે, અને સાધારણ માણસોને સમજવામાં આવતી મતલબ જુદી છે.

'પુંજવું' એટલે હાથ જોડીને, ચોખા નાળીએર ચઢાવીને પુજન કરવાની મતલબ નથી, પણ એ ઝાડ બહુજ ઉપયોગી છે. માટે તે નરદ્દ માનની નજરે જોવું, તેનો નાશ ન કરવો. પણ તેની વૃદ્ધી કરવી. આ ઝાડ રોપવામાં પુન અને વગર અર્થે કાપવામાં પાપ ગણેલું છે.

મરદને શક્તી આપવા અને વીર્ય વધારવા માટે તેમજ સ્ત્રીઓને પાણી જતું અટકાવવા અને ગર્ભસ્થાનની બીમારીઓ સુધારવા માટે

એ ઝાડ બહુજ ઉપયોગી છે. દવા તરીકે એને હમેશા વાપરો તો સંતાન થવાની આશા છે.

આમડીના કરદો માટે—ગર્ભ સ્થાનના દરદો દૂર થાય—મગજ શાંત રહે—પીપળાની, છાલ ૧ તોલો, પાણી ૦ા શેરમાં એક રાત ભેળી રાખે તે પાણી માળીને સવારે ખાલી પેટે દીવસ સુધી લે.

પીપળાની પેપડીઓ પાકે તે પક્ષીઓ ઘણા ખાય છે, અને તે ખાધા પછી ઇંડા મૂકે છે, એટલે પ્રજા ઉત્પન્ન કરાવવા શક્તી એમાં વધુ છે.

પ્રદર રોગ માટે—ગર્ભ સ્થાનમાં રોગ માટે—કમરમાં દુખાવા માટે—શરીરે તાકાત આવે—પીપળાની પાકેલી પેપડીને છાયામાં સુકવી ચુરણ બનાવે. ૧ તોલો ચુરણ, ૧ તોલો મધ અથવા શરબતમાં મેળવી પાક બનાવે. ૧) તો. પાક ખાય. ગર્ભવાળી સ્ત્રીને આપી શકાય.

૩=ગર્ભસ્થાનના દરદો દૂર થાએ—શરીરે શક્તી આવે—પીપળાના કોમળ પાકાં (કુના પાતરાં) ને કટકા કરી પાણીમા બાફે. સાકર અને પાણીની ચાસણી બનાવે, તે ચાસણીમાં બાફેલા પાન નાખી મુરબ્બો બનાવે, તે મુરબ્બો ખાવાથી બહુજ શક્તી આવે. બંગભસ્મ, ગજવલ્લભરસ, સોનાના વરખ કરતાં વિશેષ ગુણ એમાં છે. પેપડીનુ (ફળનુ) ચુરણ કરીને પણ ખવાય.

મરદને શક્તી વધે—પીપળના છોડનું તેલ બનાવી ૩ ટીપાં (૧ વાલ) ખાવાના પાન પર લગાડી રોજ ખાએ.

૪=ગર્ભસ્થાન સુધરે—સાથી સાથે આવી ગયાં પછી ૦ા તોલો આસંધ દુધમાં ઉકાળી રોજ પીએ.

૫=ગર્ભસ્થાન સુધરે—આમલીના ઝાડ ઉપરનો વાંદો, ઉજળી ગાયના દુધ સાથે ખાય તો ગર્ભસ્થાનની ખામી દુર થાય.

૬=ગર્ભસ્થાનને ફાયદો કરે—રૂતુ આવ્યા પછી સ્ત્રીએ હાસકીનું મૂળ પાણીમાં ઘસી ૭ દીન પીવું.

૭—ગર્ભપાત થયા કરે તો જડીમધ, ગર્ભપાળ રસ, વસંતમાળી એકેક તોલો મેળવીને ૬૦ પડીકાં કરી રોજનાં બે પડીકાં ખાવાં ૩૦ દીવસ સુધી ખાય.

૮=ગર્ભસ્થાન સુધરે—પારસ પીપળાના બીજનું ચુરણ ૦ા તોલો રૂતુ કાળમાં ઘી ખાંડ સાથે ૪ દીવસ ખાવું.

૯=ગર્ભપાતનો અટકાવ થાય—કેરબાની માળા સ્ત્રીને ગળે પહેરાવી રાખે તો ગર્ભપાટ થયા કરતો હોય તે અટકે.

૧૦=ગર્ભધારણ કરે—કાળા તલ ટાંક ૯), અજમો ટાંક ૬) આ બંનેને તેલમાં તળી તેમાંથી ૨) ટાંક દરરોજ પ્રભાતે ખાય.

તે પુરૂ થાએ ને પછી વરધારો ટાંક ૧૪) નાગકેસર ટાંક ૬) એના ૧૪ પડીકાં કરે, ૭ દીવસ રોજ બે પડીકા ખાય. દસતાનના ચોથે દીનથી દવા ખાતી સરૂ કરે.

૧૧=ગર્ભસ્થાન સુધરે—નાગ કેસર, જીરૂં દરેક ૦। તોલો ગાયના ઘી સાથે ૭ દીવસ ખાવું.

૧૨=ગર્ભસ્થાન સુધરે—નાગ કેસરનું ૦। તોલો ચુરણ ઘી સાથે રજસ્વાળાના ચોથે દીવસથી દીવસ ૩ સુધી ખાય. ભોજન દુધ ભાતનું લેવું.

ગર્ભસ્થાન સુધરે—નાગકેસર, બરાસ, મસતકી, સાકેર સંભાગે લઈ તેનું ०॥ તોલો ચુરણ રજસવાળાના ચોથા દીવસથી રોજ એક વાર ખાવું.

૧૩=ચુંગળની ગોટી છુપા ભાગમાં મુકવાથી બહુ ફાયદો છે. (જુઓ પ્રદર)

ગર્ભપાત થાય નહીં—સેકેલા જવનો ભુકો, તલ, સાકેર સંભાગે મેળવી ૧ તોલો વજન, ગર્ભવાળી સ્ત્રી રોજ ખાય તો ગર્ભપાત થવાનો ધાસ્તી રહે નહીં.

૧૪=ગર્ભને મદદ કરનાર—આંખને તેજી આપનાર—પુત્ર જીવક વૃક્ષ. ઇંગોરીઆ જેવું થાય છે. એના ફળના ઠળીઆની માળા, જેનો દીકરો જીવતો ન હોય તે સ્ત્રી પહેરે છે. બનારસમાં એ રીવાજ છે. એનાં પાતરાં આસોપાલવને મળતાં છે. એનું ઝાડ પુનામાં પેસવાના વાડામાં છે. બીજું મુંબઈમાં રાણીના બાગમાં છે.

૧૫=ગર્ભસ્થાન સુધરે—બીજોરાનું મુળ ०॥ તોલો દુધમાં ઉકાળી તેમાં ઘી નાખી રજસ્વાળાના ૩ દીવસ સુધી પીવું.

૧૬=ગર્ભસ્થાન સુધરે—કાથો અને જાયફળ દરેક બેઆની ભાર (૫ વાલ) મેળવીને દસ્તાન દેખાય તે દીવસથી ૪ દીન સુધી રોજ ૧ વાર ખાવું.

૧૭=બાળકો જલદી બોલે—બાળકના ઘણા રોગ મટે—પુરૂષને તાકાત મળે—ગર્ભસ્થાનના ઘણા દરદો સુધરે—પીપળાના ફળ

(પેપડી) ખાવાથી ઘણોજ ફાયદો થાય છે. એનો પાક અથવા પેંડા બનાવી ખવાય છે.

૧૮=ગર્ભસ્થાનને ફાયદો કરે—પુષ્ય નક્ષત્રને દીને વાંદાંનો પંચાંગ (ફળ, ફુલ, પાતરાં, મુળ વગેરે) લાવી રાખવા. તેમાંનો ૧ અથવા બે તોલા પંચાગ દુધમાં ઉકાળી સ્ત્રીને પાએ તો તેના ગર્ભસ્થાનને ફાયદો થાય છે.

૧૯=ગર્ભસ્થાને ફાયદો કરે—કૃત નક્ષત્રમાં બોરડી તથા આમલીપરનો, તેમજ આંબા પરનો વાંદો લાવી કાળી ગાયના દુધમાં ૧ તોલો સ્ત્રીને આપ્યો હોય તો તેણીનું ગર્ભસ્થાન સુધરે.

૨૦=ગર્ભસ્થાન સુધરે—સરપંખાના મુળ, પાંતરાં, ડાં.. વગેરે અટલે આખો છોડ રવિવારે લાવવો. તેનો ા તોલો એક વરણી ગાયના નવટાંક દુધમાં મેળવવું. ૧ કન્યાને હાથે મરદન કરાવવું. તે નવટાંક દુધ રૂતુ કાળમાં વંઝા સ્ત્રીને ખવાડવું. ગર્ભસ્થાનની કોઇ કખામી દૂર થાય છે. ખોરાકમાં ખીર, ખાંડ, ચોખા, મગ, મીઠો આહાર આપવો.

ગર્ભસ્થાનને ફાયદો થાય—વડના ઝાડ ઉપરના વાંદાનો રસ ૧) તોલો રસ માથે આવ્યા પછી ચોથે દીવસથી ૩) દીન સુધી પાવો.

ગર્ભસ્થાન સુધરે—પારસીઓ પીટ પાપડો એ કામ માટે વપરાય છે.

૨૧=ગર્ભસ્થાન સુધરે—પીતપાપડો=(પલાસ પાપડો) એક હાલ્લીમાં મુકી કપડછંદ કરે અને તેની ભસ્મ બનાવે. ૧) વાલ ભસ્મ ચોખાના ધોણમાં રોજ પીએ.

દસ્તાન બંધ થયા પછી આ પ્રમાણે ત્રણ દીવસ આપું રાખવો.

૨૨=ગર્ભસ્થાન સુધરે—આસંધ તોલો ા અથવા ૧) ા શેર પાણીમાં ૧) રાત ભીંજવી રાખવો. તેને ા શેર દુધમાં ઉકાળી પીવો, ા તોલો ગાયનું ઘી દુધમાં નાખવું. માથે આવ્યા પછી ચોથે દીવસથી એ પીવું.

૨૩–ગર્ભસ્થાન સુધરે—પકાવેલું સમુદ્રફળ ભેંસના દુધમાં ઘસી. ગાયના ઘી સાથે ખાય, (સમુદ્રફળ પકાવવા માટે: જુઓ "સમુદ્રફળ")

૨૪=ગર્ભસ્થાન સુધરે—સરમાઉ ઝાડના પાન ગર્ભ સ્થાનના ચાંદી માટે વપરાય છે

ગર્ભસ્થાનને દોષો દુર થાય અને ગર્ભ રહેવાને બની શકે તે માટે ઉપાયો.

૨૫=દસ્તાનના દીવસો પુરા થયા પછી સાત દિવસ સુધી કાસકીનું મગજ ૦। તો૦ પાણીમાં વાટી પીવું.

૨૬=ધોળા ફુલની ભોંયરીંગણીનું મુળ ૦। તો૦ દુધમાં પીવું.

૨૭=પીળાં ફુલવાળાં કાંટાસેળીઆના મુળ, ધાવડીના ફુલ, વડની ટીસીઓનું ચુરણ રોજ બે વાર ૦॥ તોલો ખાવું.

૨૮=પારસ પીપળાની મુળની છાલ અથવા તેના ફળ અને છરૂ દુધ સાથે પીવું.

૨૯=ખાખરાનું ૧) પાન વાટી દુધ સાથે પીવું.

૩૦=૧) બીજોરાંના સઘળા બી દુધ સાથ રોજ પીવાં.

૩૧=નાગમો, ભોંયરીંગણીનું મુળ, પીપર, નાગકેશર એનુ ચુરણ ૦॥ તોલો ઘીમાં ચાટવું.

૩૨=સરપંખાનું ચુરણ રોજ સવારે દુધમાં ૦॥ તો૦ પીવું.

૩૩=પીપળાના મુળની છાલ ૦। તો૦ દુધમાં પીવી.

સ્ત્રીનુ ગર્ભસ્થાન સુધરે=સ્ત્રીને ગર્ભ રહે.

૩૪ વાસીઓ પીતપાપડો ટાંક ૨૧ બાળી રાખ કરે, સાકર ૧૩, ટાંક નાખી ૭ પડીકાં કરે ૧. પડીકું રોજ સાત દીન સુધી ખાવું.

૩૫–ત્રિફળાનુ ચુરણ ૦॥ તો. દુધ સાથ રોજ ખાવું.

૩૬–અંખાવળી, અથવા મોરસીખાને રીતસર પુછી સ્નાન કરે સાંજે તે ઔદુધ સાથ ખાય.

૩૭–પલાસ પાપડો અને ચીનીકપુર મધ, ગોળી બનાવી રતુકાળના ચોથા દીવસ પછી યોનીમાં મુકે.

૩૮–પીપળાની રાતી કુંપળ, ફટકડી, મજીઠ, સંભાગે ૨ ટાંક-લેવી, ગોળ ૩ ટાંક સાથ ગોળી બનાવે અને યોનીમાં રાખે.

૩૯–લક્ષ્મણા નામની વનસ્પતીનુ મુળ, સ્ત્રી ગળે બાંધે.

૪૦–દસ્તાનના ૪, દીવસ પછી ૧ બીજોરાંના જેટલાં બી નીકળે તેટલા પીએ. દસ્તાન ૪, દીવસ પછી સ્ત્રી સ્નાન કરી રોજ ૨ વાર ૪, દીન પીએ.

૪૧–આસંધના ઉકાળાને ફરી દુધ સાથ ઉકાળી પીએ.

૪૨–પારસપીપળાના બી અને છરૂ ૦॥ તો. વાસી પાણી સાથ રતુકાળે લીએ.

૪૩—મીંડીદુધીનું મુળ અને કાકાંના ગરભ (કાટનો માવો) દુધમાં મેળવી પીએ.

૪૪—ધોળી ભોંયરીંગણીનુ મુળ દુધમાં ઘસી પીએ.

૪૫—રજસવળા થયા પછી વડની વડવાઇ સ્ત્રી ઘી સાથે ખાય.

૪૬—નાગકેસર અને ઘી સંભાગે ૦॥ તો. ખાય.

૪૭—રીતસર નોતરીઆ પછી આતવાએ સરપખાનુ પંચાગ લાવે એકવાણી ગાયના દુધમાં તે ટાંક નવ, કન્યાને હાથે ઘુંટાવે, રૂતુ સમય રોજ સ્ત્રી ખાય, ઉપરથી ખીર, ખાંડ, ઘી, ચોખા, મગ મિષ્ટાહાર આપે.

૪૮—રૂતુકાળમાં કાંસકીની મુળ પાણીમાં ઘસી પીએ.

૪૯—પારસપીપળાના બી ઘી. ખાંડ સાથ રૂતુકાલે લીએ.

૫૦—કઠુતરની અઘાડ માસા ૨, ચોખાના ધોવણમાં લીએ.

૫૧—ખાખરાના બીની રાખ ૧] વાલ ચોખાના ધોવનમાં રૂતુને ૪) દીન ખાઇ હોય ને ખવાડે તો ગર્ભ જરૂર રહે. દવા ખાધા પછી સાબુ ચાખાની કાંજી પીએ

૫૨—સાત કારણોથી ગર્ભ રહેતો નથી તેના ઇલાજને—કમળામાં પાણી ભરાયલુ હોય. તેની પીછાણ એ છે જે સાબત થયા પછી સ્ત્રીનું માથુ દુખે તે માટે કપાસીઆના બીજને ચોખાનો ધોવરાવણમાં વાટી ૨) ગોળી બનાવે રૂતાન દેખાય પછી ૪ થી દીવસે ૧) ગોળી યોનીમા એક પહોર રાખે, તે કાઢીનાખી બીજી ગોળી બે પહોર રાખે; તે કાઢી નાખી બીજી બે પહોર રાખે; તે કાઢી નાખી ૩) છે ચાર પોહોર રાખે. આ મુજબ ૩) દીન કરે. ૮ થે દીનથી સાતમાં દીન સુધી પુરૂષ સંગ કરવો નહી.

૫૩—બીજુ કારણ—કમળમાં વાયુ ભરાયલો હોય તેની પીછાણ એ જે સાબત થયા પછી સ્ત્રીને દાહ બળે. ઇલાજ માટે રેવચીનીનુ ચુરણ ટાંક ૪) ગાયનુ ઘી ૨॥ ટાંક એની ગોળી ૨) બનાવે. ઉપર લખવા મુજબ વાપરે.

૫૪—ત્રીજુ કારણ કમળમાં માંસ વધે, તેની પીછાણ એજે સાબત થયા પછી સ્ત્રીની કમર દુખે. ઇલાજ માટે કલ્પન ટાંક ૩) અને હાથીના નખ ટાંક ૪) બાળી રાખ કરે તે રાખ અને એ બેને સરસીઆ તેલ સાથ મેળવી ગોળી ૩) બનાવે. અથવા વધારનુ છેડ ૧ ટાંક, હાથીના નખ ૨ ટાંક એની બાળી ૩) ગોળી કરે ઉપર લખવા પ્રમાણે વાપરે

૫૫–૪ થુ કારણ—કમળમાં કીડા પડે. તેની પીછાણ એ જે સોબત થયા પછી સ્ત્રીના હ્રદયમાં વેદના દેખાય. ઇલાજમાં **સાજી**, પાપડીઓ ખાર, ત્રિફળાં એનુ પાણી કરવુ, તેમા રુની પેલ બોળી યોનીમાં ઉપર લખવા મુજબ મેળવી (આમળાને વાટી લેપ કરવાથી બી ફાયદો થાય)

૫૬–પાં મુ કારણ—એજે કમળમા પિત હોય, તેની પીછાણ એજે સોબત પછી સ્ત્રીની પીંડી દુખે: ઇલાજ માટે ગોળ અને દીવાળનું ખારૂં એની ગોટી બનાવી ઉપર લખવા મુજબ યોનીમાં રાખે

૫૭–૬ ઠુ કારણ એ જે કમળમા સિત પીત હોય તેની પીછાણ એ જે સોબત પછી સ્ત્રીનું આખુ અંગ દુખે, ઇલાજ તરીકે જાયફલ, દાડમની છાલ એકેક ટાંક, કસ્તુરી ૧) વાલ. પીપળી મુળ ૧) ટાંક એની ૩) ગોળી બનાવે. અથવા જાયફળ, જાવંતરી, પીપળ દરેક ૧ ટ કની ૩) ગોળી બનાવે. ઉપર લખવા મુજબ વાપરે.

૫૮=ગર્ભ ન રહેવાનું સાતમું કારણ ભુત પ્રેત આદી=એની પીછાણમાં એ જે, સોબત થયા પછી ઉપર જણાવવા છ વ્યાધી જુદા જુદા થાય છે, તેમાંનો એક બી વ્યાધી ન જણાય, એના ઉપાયમાં નાયાયણ બળિ વગેરે ઇલાજે લઇ શાંતી મેળવવી.

૫૯=ગર્ભ રહેવા માટે પુષ્ય નક્ષત્ર ઉપર ધોળી રાસવંતિનું મુળ સ્ત્રીના ધણી પાસે ઘુંટાવી ઘી સાથ ખાય.

૬૦=ચિકણા મુળ ૧૦ માસા, જેઠી મધ ૧૦ માસા, અજમો ૪) માસા સાકર ૮) તો. એક રંગવાળી ગાયના દુધમાં ઉકાળી પીવું. તે દીવસે અપવાસ રાખવે. બીજું કાંઇ ખાવું નહીં. બીજે દીવસે દુધ ભાત ખાવ.

૬૧–સમુદ્રફળ ૦।। તો. ગોરૂ ચંદન ૦।। તો. સાકર ૧) તો. નાગકેશર ૦।। તો. એના પડીકાં આઠ કરવાં, ૮) દીન સુધી રોજ ૧) ખાવું. ઉપરથી દુધ પીવું.

૬૨=ગર્ભસ્થાન સુધારવા માટે આવળનો ગુંદર ખાવા તે વાત ઘણી જાણીતી છે: છતાં ગુંદરને નીચે મુજબ પકવી વાપરે તો વિશેષ ગુણ થાય.

૧) નાળિએરને છીદ્ર પાડી અંદર આવળનો ગુંદર ભરાય તેટલો ભરે. છીદ્ર બંધ કરે, નાળીએરને કપડછંદ કરી અગ્નિમાં સળગાવે, પછી અંદરનું કોપરૂં અને ગુંદરને ઘી સાકર સાથ મેળવી તેના ૭)

લાડુ બનાવે, માસિક દસ્તાન બંધ થયા પછી આ લાડુ રોજ એકેક ખાવો.

૬૩=માંઢળના બીજ ০। તો. દુધ, સાકર, કેસર મેળવી ખાય. અથવા માંઢળના બીજ ૧) માસા અને ગોળ સાથ ગોળી બનાવી ગર્ભસ્થાનમાં મુકે; તેથી કમલમાં જોર આવે, તેનું મોઢું ખુલ્લું થાય અને ઝીણા જંતુ નાશ પામે; અને ગર્ભ રહેવાની હરકત તે દુર થાય. પુષ્ટ સ્ત્રીને ૭ દીન અને પાતલી સ્ત્રીને ૩) દીન આ ઇલાજ થવાથી અસર થાય છે. જંતુ મારવાનો ગુણ પારા (ધાતુ)માં છે, તે ગુણ મીંઢળના બીઆમાં પણ છે. એ બીઆમાં જરા ઝેહેર છે જો બીઆને આટામાં મેળવી ગોળી કરે તે પાણીમાં નાખે તો પાણીની અંદરના માછલા સ્થંભી જાય. માંઢળમાં પારા (ધાતુ)નો ગુણ છે, તેથી મીંઢળના પાનના રસનો લેપ માંથે લગાડે તો ૧।। કલાકમાં જુ મરી જાય; અને એજ કારણથી મંઢળના લીલાં પાન અનાજના વાસણમાં નાખે તો અનાજને સરો લાગે નહી અને પારો જે કામ કરે, જીવજંતું થવા દીએ નહી તે કામ મીંઢળ કરે. ભેંસને ০। સેર મીંઢળ ખવાડે તો ગર્ભ રહે.

૬૪=દસ્તાન બંધ થયા પછી ૪) દીન સુધી રોજ ૧) વાર નાગકેસર ૬) માસા ખાય.

૬૫–કાંટા સળિઓનો ઉકાળો સ્ત્રી રોજ બે વાર પીએ, ચાલુ પીએ તો દસ્તાન આવે અને સંતાન થાય.

૬૬=સરપંખા ધોળા ફુલવાળા, અથવા રાતા ફુલવાળાનું પંચાગ રીતસર નોતરીને લાવે; છાયદામાં સુકવે, જરા તડકો લગાડી તેનુ ચુરણ કરે, સંભાગે નાગ કેસર મેળવે. માસીક ધર્મના ૪) દીન પુરા થયા પછી ০। તો. ચુરણ ઘી, સાકર સાથ, રોજ બે વાર સ્ત્રી બુખે પેટે ૧૪ દીન ખાય. દવા લીધા પછી ૨) કલાક પાણી ન પીએ, ચણાનો મગજ નવટાંક ખાય. ૪) માસ સુધી આ ઇલાજ દર માસે ૧૪) દીન કરે. જેમ સ્ત્રી ઇલાજ કરે તેમ મરદ બી તે ઇલાજ કરે સરપખાની દવા ખાધા પછી જીવ ઊછરે છે તે પાણી પીવાથી વધારે ઊછળે; પણ ચણાનું મગજ ખાવાંથી જીવ ઊછળે નહીં એનો અર્ક બની શકે. બે તોલા સરપંખા અને ૨૦) તો. પ્રુફ સ્પીરીત (અથવા બ્રાંડી) માં મેળવે. એના ૩૦ થી ૬૦) ટીપાં પાણી સાથ પીવાય. સરપંખાનું મૂળ ચાવી પછી મરચું ચાવો તો તીખાસ લાગે નહી.

સ્ત્રીને ગર્ભપાત ન થાએ.

૧=માસ કાકડીના મુળનો કટકો કાળાં રંગના કપડામાં બાંધી સ્ત્રીની કમરે બાંધે તો ગર્ભપાત થતો અટકે આ પ્રયોગને "બારહોસી" કહે છે. ગર્ભ રહે ત્યારથી આ પ્રયોગ ચાલુ કરવો; પ્રસવના દીવસ નજદીક આવવે છોડી દેવો.

૨=સ્ત્રીને પેતમાં રતવા હોવાથી ધાવતાં બાળકોને તે રતવા લાગુ પડે અને મરી જાય આવે પ્રસંગે વાંઝણી કંટોલીના કંદ ૦। અથવા ૦।। તો૦ પાણીમાં ઘસી સ્ત્રી રોજ ૧) વાર પીએ તો ગેર જુમલા સર્વ સારાં થાય.

૩=ઉપદંસને લીધે અથવા બીજા કારણે સ્ત્રીને ગર્ભ રહે તો નથી અને રહે છે તો થોડા મહીનામાં નિકળી પડે છે તેનો ઇલાજ—રોઝ નામનું ગાયના જેવું જાનવર હોય છે; તેનાં મુકલીંડાં ૪) પાણી ૦॥ સેરમાં ૧) રાત ભીંજવી રાખે સવારે તેને ચોળે, કપડાંમાંથી ગાળે તેમાં સાકર નાખી રોજ ૧) વાર ૩) માસ સુધી પીએ તેથી પેટમાંના રતવા અને ગરમી સારી થાય.

૪=ગર્ભસ્ત્રાવ થતો હોય તો ગર્ભ રહે ત્યાર પછી દર મહીને ૩) દીન તે સ્ત્રી રોઝ જાનવરુનાં લીંડાંનો ઉપયોગ ઉપર મુજબ કરે,

૫=કારકીનુ મુળીઉં રીતસર નોતરીને લાવે, કુમારી સોને હાથે કાંટેલા સુતરના ૭ ફેરાથી તે મૂળ બાંધે, અને સ્ત્રી કમરે રાખે તો ગર્ભ પાત ન થાય.

૬=૪) તો૦ તજ વાટી મધ સાથ ખાય, ઉપરથી નીચે મુજબ ઉકાળો પીએ. સાકર, કમળકંદ વાળો સમભાગે તો૦ ૨) નો ઉકાળો બનાવે.

૭=ધાવડીના ફુલ અને સાકર તથા પાણી સાથ ખાય.

૮=તલ, આસન, કમર કાકડી સાકરુ મુખમાં ખાય.

૯=તલના પાનનો રસ સાકર સાથ ખાય,

૧૦=સનીવારે સુર્ય ઉગ્યા પેહેલાં મોગરાના મુળને નોતરવું, રવીવારે સુર્ય ઉગ્યાં પહેલાં મુળ કાઢી લાવે, લુબાનનો ધુંપ આપે, સ્ત્રીની કમરે બાંધે, નવમે મહીને તે છોડે જો ન છોડે તો વખતસર પ્રસવ થાય નહી.

૧૨=કાળી મેરાડીના પાનોનો રસ આપે ગર્ભ પાત થતો અટકે.

સ્ત્રીને ગર્ભપાત.

ગર્ભ વાળી સ્ત્રીને રક્તસ્રાવ થતો હોય અને ગર્ભપાત થવાના ચીન્હ હોય તો ૧૨ તોલા કમળ કાકડીની દુધ સાકર સાથ ખીર ખવાડવી.

સુવા રોગ—સુવાવડીના રોગો.

૧=સુવાવડથી થતા અનેક રોગો : માટે=નાગરવેલના પાનની ચાલ ખાવાની રોજ ટેવ પાડવી આ કરે.

૨=સુવા રોગવાળી સ્ત્રીએ ચીલોતરા પદીના પાંદડાં ગરમ પાણીમાં ઉકાળી તે પાણીથી નહવાડે તો ઘણો ફાયદો થાય છે. સુવાવડી દરેક બાયડીને આ પાણીથી નહવાડવાનો રેવાજ ચોક્કસ જાતના લોકોમાં હતો.

૩=સુવાવડી બાયડી માટે પરી—વાયુ શરીર થયા હોય તે માટે—બાવચા, રાસનાં, આખરું, તાલવની, પીડવની, આસંધ, એરંડાનું મુળ, ટકેયા, ગળો, સતાવરી, કાંટાસળીઓ, મોંઢ સરડેનું દળ. દેવદાર, દારુ હળદર દરેક બા તોલો લઇ એની પરી ૩ કરવી. ૧ પરી સાથે ૬ શેર પાણી નાખીને ઉકાળવી, અને બા શેર રહેને પીવી.

૪=સુવાવડી બાયડીની પરી, સન્પાતરના કોઇ બી રોગ માટે પીવાય છે. સુવા રોગ માટે જાણીતો ઇલાજ—અતીવીષ, દેવદાર, વજ, કોઠ, સુંઠ, પીપર, જાયફળ, નાગરમોથ કડુ, કરીઆતું, હીમજી હરડે, ગજપીપર, રાતો ધમાસો, રીંગણી, ગળો, કાકડાસીંગ, સાહજીરું સંભાગે મેળવી તેમાંથી ૨ તોલા લેવું. તેને ૧૬ તોલા પાણીમાં ઉકાળીને ૨ તોલા રાખી પીવું. માટીના વાસણમાં ઉકાળવું. સુવાવડમાં કોઇ બી જાતનો રોગ જણાય ત્યારે આ ઉકાળો પીવો.

૫=સુવા રોગ, પગનો સોજો=સુવાવડ પછી થતી ખસ—આ દરદો માટે અરણીના પાનનો રસ ૨ તોલા અને તલનું તેલ ૧ તોલો ભેળવી ૭ દીવસ પીએ તો રોગ જાય.

૬—સ્ત્રી સુવાવડીને શકતી આવે-દરાખ આસવ પીવામાં લેવો.

૭–લોહીવા દુર થાય, પ્રદર મટે—૦। તોલો ઉંદરની લીંડી દુધમાં ઉકાળીને સ્ત્રીને પાવી. અથવા કબુતરની અઘાર ૦॥ તોલો દહી સાથે ખવાડવી. બાવલનો કોલસો ૦॥ તોલો દુધ સાથે ખવાડવો. ભેંસની ડાબી બાજુના સીંગડાના વેહેરમાં ૩ વીંટાળી તેની બતી બનાવે, બીની બતીમાં તેની કાજળ પાડે તે કાજળ આંખે આંજે તેથી લોહીવા મટે.

૮–કાંસકીનું મુળ ૦॥ તોલો દુધમાં ઘસીને પીએ.

૯–બાવળીઆના જડની છાલ ૦॥ તોલો ચોખાના ધોવાણ સાથ સ્ત્રી પીએ. ૦॥ તોલો અડાયાંની રાખ પાણી સાથ પીએ.

૧૦–સુવા રોગ, સોદ રોગ, જણીઆ પછી સ્ત્રીને થાય છે તે માટે—ધંતુરો કાળો અને મરી સંભાગે લેઇ પાનના રસમાં ચણા જેવડી ગોળી બનાવે. સહવાર સાંજ એકેક ગોળી ખાવાથી ઘણી સારી અસર થાય છે.

૧૧–સુવાવડ પછી થતા અનેક રોગમાં સુવાવડની પદી પીવામાં આવે છે તે. (તાવ, સુળ, માથાનો દુખાવો, કફ વગેરે માટે) દેવદાર યાદી કવાય, તેમાં નીચે મુજબ વસાણા છે.

દેવદાર ઘોડાવજ, ઉપલેટ, પીપર, સુંઠ, કરીઆતું કડુ, કાયફળ ધાણા, હરડે, ગજપીપર ભોરીંગણી, ગોખરૂ, ધમાસો, ઉભી ભોરીંગણી, અતિ વીસની કળી, ગળો કાકડાસીંગ, કાળીજીરી, હીંગ, સીંધાલુણ. આ વસાણાને મેળવી તેમાંથી ૪, તોલા લઇને ૧ શેર પાણીમાં ઉકાળી ૦। શેર રાખી પીવો.

આ ઉકાળાનું ઘટ લીક્વીડ એક્સ્ટ્રેક્ટ બનાવે તો રોજ કાઢવો બનાવવાની ખટપટ ઓછી થાએ.

૧૨–સુવાવડ પછીની નબળાઇ } જરૂર મંડ–પીપર ૧, ભાગ
અથવા [illegible]ણી તાવ. } લોહ ભસ્મ ૧ ભાગ

ત્રીફળાનું ચુરણ ૬. ભાગનું ચુરણ કરી એમાંથી ૦। તોલો ચુરણ ઘી અને મધમાં મેળવી ચાટવું અને ઉપરથી દુધ પીવું.

સ્ત્રીઓને પ્રસવ થવા પછી તાણુ આવે, દાંત બંધ થાય, વગેરે ધનુરવાને મળતા દરદ દેખાય, ઝાડા આવે, સોજા થાય તે માટે પાતાળ તુમડી ચમતકારીક ઇલાજ અને મહા ઔષધ છે.

સ્ત્રીને દસ્તાન આવે—લોહીવા થાય—સ્ત્રીને રૂતુ આવે.

૧—દસ્તાન બરાબર નહીં નીકળે તો ૨) વાલ ટંકણખાર અને બે વાલ તજ મેળવી દર ૩) કલાકે આપે.

૨—દસ્તાનમાં દુખાવો હોય તો તલનો ભુકો વાલ ૨) દર ૩) કલાક લેવા.

૩—સ્ત્રીઓને દસ્તાન આવે—૧ તોલો ખાંડેલા કાળા તલ, ૨૦ તોલા પાણીમાં ઉકાળીને ૫) તોલા રહે તે ગાળી અંદર ગોળ નાંખીને પીવું. દસ્તાન દેખાયા પછી ૪ દીવસ રોજ તાજું દુધ પીવું અને તલનો ખોળ પાણીમાં બાંજવી પેઢુ ઉપર મુકવો.

૪—દસ્તાન અને પીસાબ છુટે—દસ્તાન અને પીસાબ છોડાવવા માટે સીતાબ ૩ વાલ ખાવામાં અપાય છે.

૫—દસ્તાન છુટે, દુખાવો બંધ પડે—હીરાકસી, એળીઓ, હીરાબોળ સંભાગે મેળવી તેની ૫) ગ્રેનની ગોળી બનાવી રોજ બે ખાવી.

સ્ત્રીને દસ્તાન છુટે—ના વાલ હીંગ અને ના વાલ સીંધવની ગોળી કરી દીવસમાં બે વાર ખવાડે,

૬—સ્ત્રીને રૂતુ લાવવા માટે—ગાજરના બી ઉપયોગી છે પણ વધુ પ્રમાણમાં ખાવાથી નુકશાન કરતા છે

૭—સ્ત્રીને રૂતુ આવે—ચોરા (દુવા) ઘાસના રસમાં દાડમની મોટી કળી વાટી કાંજીમાં ૭ દીવસ સ્ત્રીને ખવાડે.

૮—સ્ત્રીને રૂતુ લાવવા માટે—પીપળાની છાલ ના તોલો પાણીમાં ઘસીને પીએ.

૯—સ્ત્રીને રૂતુ ન આવે અને તેના કારણે પેટમાં ગાંઠ થઇ હોય તો આકડાના મુળ અને ચોથે હીસ્સે મરી વાટીને ૧) થી ૨) વાલ ચુરણ મધમાં લેવું. તેથી ગાંઠ તુટે અને રૂતુ આવે.

સ્ત્રીને દસ્તાન=સ્ત્રીને લોહીવા=રક્ત પ્રદર, દસ્તાન ચાલું જાય મેનોરેજીઆ દસ્તાન નીયમસર આવે લોહીવા મટે.

૧૦—કાળા તલ ૫) તો. પાણી શેર ૧।) ઉકાળી ૭) તો. રાખે ગોળ નાખી રોજ ૧) વાર પીએ તો દસ્તાન ઘણું આવતુ બંધ થાય, નીયમસર આવે.

૧૧–આસાપાલાની ઝાલનો અર્ક અથવા સરબત રોજ પીએ.

૧૨–[illegible] પાણી સાથે રોજ બે વાર પીએ. ૪) દીન ખાવાથી ગુણ જણાય.

૧૩–પાખંડ બેદ ગંગેરૂ સંભાગે ૦ાા તો. ખાવું.

૧૪–મેદીના બી સાકર સંભાગે ૦ાા તો ચુરણ ૩) દીન ખાય.

૧૫–ખટમલની નીચેનો ભાગ ખાય તો દસ્તાન આવે. ઉપલો ભાગ ખાય તો દસ્તાન જાય.

૧૬–કાળી માટીનો પોતા પેટ ઉપર બાંધે તો દસ્તાન બંધ થાય,

૧૭–દસ્તાન બંધ થાય,—સંધેસો ઝાડ એને ઢોર ન ખાય, ન છાંયા આપે. દવા તુરીકે એના લાકડાંના કોલસાનો ભુકો ૦ા તો સ્ત્રી ખાય તો બહુ વહતું દસ્તાન બંધ થાય. એના પાન ખાવાની કર્દામાં નખાય છે.

૧૮–આવળના ફુલની સોગતી ફરી પોહરે.

૧૯–કરમદીનું મુળ પાણીમાં ઘસી. ૩) દીન રોજ ૩) વાર પીએ. જો દસ્તાનમાં ફેર ન પડે તો ૩) દીન ખાંચા રાખી ફરી પીએ.

૨૦–૧૦૦ વરસની જુની ઇંટ અને સાકર સંભાગે ૦ા તો ખાએ.

૨૧–નાળીએર પાણી વાળુ ૧) ગુંદર ૦ાા શેર સાકર ૦ાા શેર ભમેળીને ૩) તોલા ખાવું.

૨૨–જુની ઇંટ, બાવળના પડદા (પટીઆ), બાવળનો કોલસો, કડીઓ ગુંદર ૦ા તો. એનું ચુરણ ગોળ સાથ ખાય.

૨૩–લોહીવા મટે સામલનાં છોડાં ચોખાના ધણમાં ઘસી ૧ તો, ઘસારો મધ સાથ રોજ ૩ વાર ૭ દીન ખાય.

૨૪–ભીલીના પાનનો રસ ૬ તો, ઘી ૧ તો ૩ દીન રોજ બે વાર ખાય

૨૫–કબુતરની અઘાડ ૦ા તો, ખાંડ સાથ ૩ દીન ફાકી મારે.

૨૬–ભીલામાનુ તેલ ૭ ટીપા ઘી ૨ તો, માં મેળવી એકજ દીન ૩ વાર ખાય.

૨૭–દસ્તાન અપૂર્ણ દીવસે જાય તો, આમળાના ફળના બીજને ચોખાના ધુણમાં વાટી પીવું.

૨૮–સ્ત્રીનુ દસ્તાન બંધ થાય. લગ્ન વખતે અથવા કોઇ શુભ વખતે સ્ત્રીને દસતાન આવવાથી ઘણી હરકત નડે છે ને હરકત દુર કરવા દસ્તાન એકદમ બંધ કરવાની જરૂર પડે છે. તે કામ એક કલાકમાં થઈ શકે.

જસટના ફુલ (ઝીંકસી સલફસ) ગ્રેન ૮, પાણી ૧૬ ઊંસ મેળવે. કાથામાં રૂની સફેદ એટલું અને નરમ કપડું તેમાં બોળે કે કપડું પાંચજ મીનીટ કાથામાં રાખે (વધારે વખત રાખે તો કાથા સંકોચાઇ જાય) પછી તે પાનની બહાર કાઢી પાણીથી ધોઇને નીચવે ફરીથી જસટના પાણીમાં બોળી કાથામાં પાંચજ મીનીટ રાખે આવી રીતે કર્યા જેવું તેથી દસ્તાન બંધ થાય.

૨૯—અટકાવ વેળા દસ્તાન બહુ જાય તો તજની ચાહ પીવામાં ફાયદો છે.

૩૦—સ્ત્રીને છોકરાં જણવાની ઇચ્છા ન હોય અને દસ્તાન બંધ કરવું હોય તો કલહારનો રસ ૧ તો. સાકર ૧ તો. ગોરૂચંદ બુકો ૧ વાલ, આ ચુરણ રૂતુના ૩ દીવસજ રોજ બેવાર પીએ તો રૂતુ આવતી બંધ થાય.

કલહાર બે જાતની છે. એક ઉપર પીળાં ફુલ આવે છે, પાનને કોરે કનગરી રહે તેને પીળો કલહાર કહે છે. પાન દાંતાવાળા છે. બાજે ભોડીઓ કલહાર છે તેના ફુલ જાંબુડાના રંગના છે અને પાનને દાંતા (કનગરી) હોતી નથી. પણ પાનની કોર હોય છે એના વાસથી સાંપ નાસે છે. એની જાળી બનાવી તબેલાઓમાં ટાંગી રાખે છે. અને ઝાડુ બનાવી જમીન પરનો કચરો વાળે તો ત્યાં સાંપ થાય નહી.

દસ્તાન આવે.

બીલ એલીટ ૩ એટમેર અથવા લીરાબોર, એળીઆ, બોળ, કેસરી આગુ(?)ના બી. સંભાગે ગોળમાં ૧ વાલની ગોળી બનાવી ખાય.

ગાંઠને રક્ત ગુલ્મ.

૩૦—સ્ત્રીનું દસ્તાન વાયુથી સુકાઇ ગોળો બને, ગર્ભ રહેલો હોય એવો દેખાવ જણાય, પેટ મોટું થતુ જાય, ઓકારી આવે ગર્ભવાળી સ્ત્રીના જેવોજ દેખાવ થાય, તે તો દરદ છે છતાં તે સ્ત્રી ગર્ભવાળી છે એવું જણાય. જે બાઇ રંડાયલી હોય અને રક્ત ગુલ્મ થાય તો તે સ્ત્રીની આબરૂ ઉપર મોટો ધબ્બો થાય છે. નવ મહેના સુધી એ ગોળો વધે છે, સ્ત્રીના થાણ પણ ભારે થતાં જાય છે. ગર્ભને લગતાં તમામ લક્ષણો ગુલ્મમાં જણાય છે.

હવે એ ગુલ્મની ગાંઠ છે કે ગર્ભ છે તે જાણવા માટે નીચે મુજબ છે. ૫ અથવા સાત માસનો ગર્ભ હશે તો તે ગાંઠને તેની જગા ઉપરથી ખસેડવા માંગો તો દબાણથી તે ખસે નહીં ત્યારે ગર્ભ જાણવો. પણ રક્ત ગુલ્મની ગાંઠ હસે તો સ્ત્રીની પીઠપર દબાણ કરે તો ગાંઠ ડાબી અથવા જમની બાજુપર ખસી શકસે.

સ્ત્રીને સુવાડીને તેણીની ગાંઠ ઉપર દબાણ કરી તે ગાંઠને જમની બાજુ અથવા ડાબી બાજુ અથવા પેત ઉપર ઊંચા ભાગમાં લાવી શકાસે. પણ સ્ત્રી બેઠી થાય અથવા બેસી જાય તો તે ગાંઠ ગર્ભસ્થાન આગળ પાછી આવી ઠરસે, માટે જાણવું જે ગર્ભ હાલે નહી અને સ્થાર છે. ગાંઠ ફરી શકે છે.


બીજી પરીક્ષા.

આઠ આઠ આંગળના ૨, સફેદ લુગડાંના કટકા લેવા, તેને ગેરૂના પાણીમાં બોળવા. ૧ કટકો ગાંઠ પર મુકવો બીજો પેટ ઉપર મુકવો, જો ગર્ભ હશે તો બંધે કટકા એકી વખતે સુકાઇ જશે. જો ગુલ્મ ગાંઠ હશે તો પેટપરનો કટકો જલદી સુકાસે ત્યાર પછી ગાંઠ પરનો સુકાસે. બંધે કટકા સરખી રીતે ૧ વખતે સુકાય નહી.

દવા—શેકેલી ચણાની દાળ. ૧ સીસીમાં ભરે તેમાં કંટાળા (ભુગળીઆ) થોરનું દુધ ભરે. બુચ મારી તે સીસા ચુલાની નીચે દાબી રાખે. ગરમીથી સાત દીવસમાં દુધ અને દાળ મળી જશે. જો ચુલાની ફાવત ન હોય તો સીસી મુકાય એટલો ખાડો જમીનમાં ખોદે, તેમાં સીસી મુકે, સીસી ઉપર ૬) આંગળ માટું દાબે, તે ઉપર ૫) શેર છાણા મુકી સળગાવે. આ મુજબ ૫) દીન કરે. પછી તે સીસી કાઢી લેવી. તેનુ પાસુ બદલી જમીનમાં પાછી મુકે એટલે જે પાસામાં ગરમી ઓછી લાગેલી તે પાસુ ઉપર રાખી તે ઉપર ગરમી વધુ લાગવા દીએ. આ મુજબ સીસી ફરી દાટી છાણાંની અગની ૫) દીન કરે આ દાળની વટાણા જેવડી ગોળી કરે. ૨) ગોળી રોજ ૨) વાર આપે. કાંઇ પણ પીડા વગર ગુલ્મ ગાંઠ પીગળે.



સ્ત્રીને દસ્તાન બંધ થાય—લોહીવા બંધ પડે=દસ્તાન બંધ થાય.



૧—નસગતી ૧) ટાંક બકરીના દુધ સાથે ૧૫ દીવસ પીએ.

૨=દસ્તાન ઘણું જતું હોય તો પાંચ સેવલગ્રી, આંબા સુવા, વરીઆળી દરેક ના તોલો, કુદનો બે આનો ભાર એનો કાવા ગાજર તાજો બનાવી પીવો.

૩=દસ્તાન બંધ થાય—દસ્તાન જતુ હોય તે ચકા ઝ્વાસથી બંધ ન પડે તો બે તોલા દારૂમાં ના તોલો પાનીપાન મેળવી પીવો.

૪=દસ્તાન જતુ બંધ પડે—ાા તોલો જીરૂં સવારે આમ દહિ ખાઇ ઉપરથી પાણી પીએ.

૫=સ્ત્રીને દસ્તાન ઘણું જાય તે અટકે=ચુલામ નુંઝલી ગાપણુ ાા તોલો પાણી સાથે ફાંકે, ઉપરથી દુધ પીએ.

પીસાબનું ફુલ ગાઢું થાય, સાંજે આવે ન ગરમ પડે—કુળવલી ઘાપણને દીવામાં મેળાની સાંજપર લગાડ.

૬=ગર્ભવાલી સ્ત્રીને દસ્તાન આવતું હોય તો—ગાયનું ઘી કાસાંની થાળીમાં ૧૦૦ વાર ધોઇને ઘી આખે શરીરે મનાવું. એ ઘી ખવાય નહીં.

૭=દસ્તાન માટે—દસ્તાન ઘણું જાય ત્યારે સંફદ સાવરીના મુળીઆનો ભુકો ના તોલો લઇ દુધ, સાકર સાથે રોજ ખાવો.

૮=દસ્તાન—સંધનરા ઝાડની ડાળીઓ બાળી, તેના કોલસાની ભુકી ાા તોલો દસ્તાન જતું હોય તે માટે ખવાડવા.

૯=સ્ત્રીને દસ્તાન ઘણું જાય તે અટકે—કપાસના પાનનો રસ ૧ તોલો પાવો અથવા કપાસના મુળને ચોખાના પાણીમાં ઘસીને બે વાર પાવું.

૧૦—સ્ત્રીને દસ્તાન બંધ થાય—ગળીનું મુળ ના તોલો, ચોખાના ધુનમાં ઘસીને દીવસમાં બે વાર ૭ દીન પાવું.

૧૧=દસ્તાન બંધ થાએ—રીસામણી—સરમાડે ઝાડના મુળનુ ચુરણ ાા તોલો ખાએ અને ઉપરથી દુધ પીએ.

૧૨=ગર્ભવાળી સ્ત્રીને દસ્તાન થાય તો પેડું ઉપર ઠંડા પાણીની ધાર ૧ હાથની ઉંચાઇએથી નાંખે.

૧૩=દસ્તાન ઘણું જતું હોય તે માટે મગને બુંજી તેનો આટો બનાવે, તે આટો [illegible] તોલો [illegible] દુધમાં ઉકાળી પીએ, અને જુની ઇંટનું ચુર્ણ બારીક કરી પાણીમા મેળવી પીરૂ ઉપર લેપડી મુકે.

૧૪–સ્ત્રીને દસ્તાન ઘણું જાય—સ્ત્રીને દસ્તાન ઘણા દીવસ જયા કરે તો ગુલમોહોરનાં પાનનો રસ ૦ા તોલો સાકર સાથ પીવો.

૧૫–સ્ત્રીને દસ્તાન ઘણુંજ જાએ—ત્યારે પલાણ લીમડ પૈઆની ભાર આપવું, દસ્તાન હદ બહાર જાય તોજ આપવું.

૧૬–સ્ત્રીના દસ્તાન માટે—સ્ત્રીને દસ્તાન ઘણું જાય ત્યારે ધાણાની કાંજી કરી પીવાથી ફાયદો થાય છે.

૧૭–દસ્તાના બંધ પડે—ઇંડાના કોટલાની રાખ ૧ પૈસાભાર લઇ થંડા પાણી સાથ પાંચ દીવસ સુધી રોજ એકવાર પીએ તો દસતાન બંધ થાય અને ફરી આવે નહીં.

૧૮–સ્ત્રીનો લોહીવા બંધ થાય—કડાના ફુલ ૦ા તોલો, સાકર અને એલચી દરેક ૦ા તોલો, એને ૧ શેર પાણીમાં ઉકાળીને ૦ા શેર રાખવું આ પાણી થોડું થોડું દીવસમાં ૩ વાર પીવું, એમ મુજબ આઠ દીવસ પીવું,

૧૯–દસ્તાન બંધ થાય—કેરયાને ચુલામાં વારીને ખાવામાં આવે તો તેથી દસ્તાન બંધ થાય છે, માત્રા એક અથવા ૨ વાલ,

૨૦–લોહીવા દસ્તાન સ્ત્રીને બહુ જતું હોય તો કેરીની જડ ૦ા તો, ૦ા શેર દુધમાં ઘસી સાકર મુકીને ૭ દીવસ પીએ તો દસ્તાન બંધ થાય. અથવા જાસુસના ફુલનું પાણી સાકર સાથે ૭ દીન પીએ,

૨૧–દસ્તાન બંધ થાય—માથે આવેલી સ્ત્રીને તરત નહવાડવી હોય તો કબુતરના અઘારની બારીક બુકી બેઆની ભાર અથવા વધારે ખવાડવી. આથી કાચી સ્ત્રીનું દસ્તાન ઉતાવળે બંધ થાય છે, ઉપાય ચોકસ છે, જરૂર હોય તો ૨ કલાક પછી બીજીવાર ખવાડે,

૨૨–ધાપણને ભાણાના તાપથી પકવે છે, દસ્તાન બંધ કરવા સ્ત્રીઓ એનો ઘણો ઉપયોગ કરે છે,

૨૩–સ્ત્રીને દસ્તાન ઘણું આવે તો પીપ્પલાના પાંચ પાન રોજ ૩ વાર ખાવામાં આપવાં.

૨૪–બાવળનો ગુંદર સ્ત્રીઓને ખવાડવાથી કમરે જોર આવે છે અને દસ્તાનની બીમારી સુધરે છે.

૨૫—દસ્તાન ઘણું જાય તે અટકે—પીળી મરોડીને ભુક્કાં પાણીમાં ભીંજવે, તેનું નીતરૂં પાણી પાંચ તોલા લઇ તેમાં ૧ તોલો સાકર નાંખી પીએ.

૨૬—ચુનામરૂની અચાયાની સફેદ રાખ ૦ાા તોલો અગર વસાણ ૦ાા શેર દુધમાં નાખી ગાળીને રોજ ૧ વાર ૮ દીન સુધી પીએ.

૨૭—દસ્તાન બંધ થાય—તાંદળજાની ભાજી ખાવામાં સુકેતીનું ચુરણ અને રસમની સંભાગે મેળવી તેની પોટલી બનાવી [illegible] ભાગમાં મુકે.

૨૮—દસ્તાન ઘણું પડે તે વેળા કોઈ પ્રબગે મરચું ખાવાથી ફાયદો થાય

૨૯—સ્ત્રીને જો દસ્તાન ઘણું જાય તો શીંગડીના ફુલ [illegible] તેલ સાથે મેળવી પીંડ ઉપર [illegible] કરે તો દસ્તાન [illegible]. હમેશનો [illegible] દસ્તાન આવે તો શીંગડીના [illegible] એક શેર પાણીમાં ઉકાળી [illegible] શેર રાખે. [illegible] પાણી [illegible] વાર પીએ.

૩૦—[illegible] દસ્તાન [illegible] જાય તો [illegible] અને [illegible] [illegible] થાય.

ધાવણ વધે—સ્ત્રીને થાનમાં દુધ [illegible].

૧—સ્ત્રીના થાનમાં ઘાટી વધે—ફ્રિવગુના [illegible] ધુણમાં ઘસીને (માંતની ઉપર નહીં) પણ એનીની આસપાસ થાન ઉપર લગાડે.

૨—સફેદ [illegible] શેર ૦ાા [illegible] ૧ાા શેર [illegible] નાંખે, એક રાત પલાળી રાખે, પછી ગાળીને તેમાંથી [illegible] વાર બબે તોલા સરક પાએ અને [illegible] [illegible].

૩—[illegible] ગાજરનાં, કાંદાના, મુળાનાં, [illegible] [illegible] આણી સરખે વજને લેવાં એ આખા વજન [illegible], તેના [illegible] લઈ ચુરણ બનાવી. તેમાંથી રોજ સવારે તોલો ૧ાા [illegible] ઉપરથી દુધ શેર ૦ાા પીએ તો થાનમાં દુધ વધે

૪—ગાયના દુધમાં ચોખા વાટીને ખાવાથી થાનમાં દુધ વધે

૫=૩ ભાગ સુવા, ૧ ભાગ કોપરૂં લઇ તેને ઘીનો પટ આપી સેકવું, વજનમાં ૧ થી ૨ તોલા અથવા વધુ રોજ બે વાર ખાવાથી થાને દુધ વધે છે.

૬=ગાયનું દુધ શેર ૦॥ તેમાં સફેદ ચણા તોલો ૧ આખી રાત ભીજવે, તે ગાળીને સાકેર સાથે પીવાથી દુધ વધે છે.

૭=જંગલી તુળસી તોલા ૩ ના રસમાં કડવા વાલનો આટો તોલા ૪ મેળવીને સ્ત્રીના થાન પર લગાડવાથી દુધ વધે છે.

૮=ગળોનો સત્વ ખાધાથી ઔરતને દુધ વધે છે.

૯=ગળોનો સત્વ—ગળો લીમડા ઉપર થાય તે વધારે ગુણ-વાળી છે. તે ખાવામાં કડવી લાગે છે. વેલો જાડો હોય તેમ તેમાંથી સફેદ સત્વ ઘણો નીકળે છે. ગળોને છુંદી, પાણીમાં ભીંજવીને ચાર દીવસ ચોળ્યા કરવી. અંદરનો આટા જેવો ભાગ છુટો પડે ત્યારે કૂચો કહાડી લઇ કપડાથી ગાળી લેવું. સત્વ નીચે ઠરી બેસે ત્યારે પાણી નીતારી લેવું. બીજું પાણી નાખી તે સત્વને ધોવું. એ ત્રણ વાર પાણીથી ધોવાથી સત્વ સફેદ થાય ત્યારે તેને સુકવે.

૧૦=સ્ત્રીના થાનમાં દુધ વધે—સાઠાથી ચોખાને વાટે અને દુધ સાથે કાંજી બનાવે, અંદર શાકેર નાખી ૧૪ દીન પીએ તો દુધ થાનમાં વધે.

૧૧=દુધ સ્ત્રીનું વધે—કપાસીઆના બીજને છુંદી ભુકો કરે. ૧ તોલો ભુકો દુધમાં ઉકાળીને પીએ.

૧૨=દુધ થાનમાં વધે—મલવેળનો ઉકાળો સાકેર નાખી પીવો

૧૩=પીપર, સુંઠ, હરડે સંભાગે મેળવી રોજ પાણી સાથે તોલો ૦। થી ૦॥ ખાય તો દુધ સ્ત્રીને વધે છે.

૧૪=ખસખસ અને બદામ ખોરાક સાથે ખવાડ્યાથી સ્ત્રીને દુધ વધે છે.

ઘઉંનું દુધ પકાવીને ખવાડવાથી દુધ સ્ત્રીને વધે છે.

પાળકની ભાજી ખવાડવાથી સ્ત્રીના થાનમાં દુધ વધે છે.

૧૫=૦॥ શેર દુધમાં પીપર, પીપરીમુળ, સુંઠ, મોથ, વાળો, ધાણા, મજીઠ દરેક બેઆની ભાર મેળવીને પીએ તો થાનમાં દુધ વધે.

૧૬=દુધ વધે—કાથાબોર એ હીરાબોર અને કાથાની બનાટ છે. છોકરૂં જણ્યા પછી સ્ત્રીને ખાવામાં આપવાથી છાતીમાં દુધ વધે.

૧૭=દુધ સ્ત્રીના થાનમાં વધે=૦। તો. સાતવરીને દુધમાં વાટીને પીવી. અથવા સુવા તથા કોપરૂં ઘીનો પટ દેઇને ગરમ કરી રોજ ખાવાથી સ્ત્રીના થાનમાં દુધ વધે છે. અથવા દુધની સાથે ૪ લીંડીપીપર મેળવી પીવી.

૧૮=સ્ત્રીના થાનમાં દૂધ વધે—જીરૂં સેકીને ભુકો કરવો. તે ૦॥ તોલો રોજ બે વાર ખાવો.

૧૯=ગુલકંદ—ખરા ગુલાબની પાંદડી ૧ ભાગ, ચીનાઈ સાકર બે ભાગ ખુબ ગોળીને મેળવવું. તડકે અને થારમાં મુકી રાખવું.

હલકો ગુલકંદ ખોટા ગુલાબ અને ખાંડનો બને છે.

ગુલકંદ રોજ ખાવાથી બૈરાં અને બુઢ્ઢાં આદમીને ફાયદો થાય .

૨૦-થાનમાં દૂધ વધે—પીપર અને વેખંડ વાટી લેપ કરી છાતીએ લગાડે.

૨૨=સ્ત્રીને દૂધ વધે—બાલકને જન્મ આપ્યા પછી જીરૂં કોઈ બી પ્રકારે સ્ત્રીના ખાવામાં આપે.

૨૨=ધાવણ વધે-આસંધ ૦॥થી ૧, તોલો અથવા વિદારીકંદ ૦॥થી ૦॥ તોલો અથવા સતાવરી ૦॥થી ૦॥ તોલો અથવા ઉપલી ત્રણે ચીજોને સંભાગે મેળવી તેમાંથી ૦॥ તોલો રોજ સવારે દુધમાં ઉકાળી પીવો.

૨૩=સ્તનમાં દૂધ વધે—આસંધ, ભોંયકોળું, જેઠીમધ દરેક ૦॥ થી ૦॥ તોલો દુધમાં ઉકાળી રોજ પીવું.

૨૪=સ્ત્રીના થાનમાં દૂધ આવે—૩ આળસીઆંનો ભુકો ગોળમાં મેળવીને સ્ત્રીને ખવાડે તો દૂધ આવે અને વધે.

૨૫+૨૬=સ્તનમાં દૂધ વધે—નરમાની કપાસ અને શેરડીના મુળનું સંભાગે ચુરણ બનાવી તેમાંનુ ૧ તોલો ચુરણ દુધમાં ઉકાળી કાંજી બનાવી રોજ પીએ.

૨૭=મકઈનું કેફસં કાપી કટકા કરે. તેને ઘી, મસાલા સાથ વધારી સેરવો બનાવી પીએ, અને પકાવેલું કેફસં ભાત સાથ ખાય તો થાનમાં ઘણું દૂધ આવે.

૨૮—છાતી ઉપર ૦॥ કલાક સેક કરવો પછી બાફેલાં એરંડી આના પાન બાંધવાં.

૨૯-પીપર, સુંઠ, અને હરડે સમભાગે મેળવી ૦॥ તોલો ચુરણ રોજ બે વાર લેવું. દૂધનો ખોરાક લેવો.

૩૦-સ્ત્રીઓને દૂધ ઓછું આવતું હોય તો અગમઠીના વેલાના પંચાગ (પાન, ફુળ, મુળ, વગેરે) નો ઉકાળો (૨ તો. પંચાગ અને ૦॥ શેર પાણી) બનાવી સ્ત્રીને રોજ પાવો. ખુંટો રહે તે સ્થન ઉપર બાંધવો.

અમડી વનસ્પતીનો વેલો છે, તે દુધાળ (દુધ નીકળી શકે એવી) વનસ્પતી ઉપર ચઢે છે. એની ઉપર સીંગો જુમખા બધ થાય છે. એના કુમળા પાનની ભાજીનું શાક કરી ખાય છે

રતન જોતના પાંનરા છાતીએ બાંધે તો સ્ત્રીને દુધ વધે છે.

થાનમાં દુધ વધે—સ્ત્રીએ ૧) તો. વરીઆળી રોજ બે વાર ખાવી.

થાનમાં દુધ આવે—સ્ત્રીને તેમજ ગાયને ખોરાક લીધા પછી ૩) દીવસ સતાવરીના પાનનો રસ ખવાડે તો દુધ વધે અને અનેક વ્યાધી દુર થાએ. સરદી થવાનો સંભવ લાગે તો મરી, સુંઠ સાથે આપવું.

સ્ત્રીના થાનમાં દુધ વધે—શાક ભાજી ખાનારાઓને વીદારીકણુ બહુંજ સારો છે. એનો ભુકો ૧ થી ૨ તોલા દુધમા રોજ ખાય તો ધાવણુમા દુધ વધે.

દુધ વધારે—ઓરતના થાન ઉપર મોગરાના ફુલ બાંધવાથી દુધ વધે છે.

સ્તાનમાં દુધ વધે—કરચલાને છુંદી ઘીમાં તળવાં, તેમાંથી ૧ તોલો અથવા ાા તોલો ચુરણુ દર આનવારે ઘરના ઉંબર પર બેસીને ખાવું. કરચલાં જાતે ગરમ છે. માટે જેટલાં સેહેન થાય તેટલા ખાવાં, હરસવાળા દરદીએ ખાવા નહીં.

૩૧–સાઠી ચોખા, નાળીએર, સીંગોડા, સતાવરી, વડારીકંદ લસણુ આ ચીજો ખાવાથી દુધ વધે.

૩૨–કોલમના ચોખા દુધમાં વાટી પીએ તો દુધ વધે, અને સ્તનમાં સુદ્દી વધે.

૩૩–એરંડીઆના પાનને પાણીમાં ઉકાળે, ને પાણી થંડુ પડે અને સ્ત્રીની છાતી ઉપર ઉંચી ધારથી નાખે, અને પાનરાની લુગડી કરી છાતી પર બાંધે, ઊડી ગયલુ દુધ છાતીમાં આવે.

૩૪–દુધ સુધરે—મગનુ ઓસામણુ પીએ, અથવા આમળાની ખીર ખાય.

૩૫–દુધ સુધરે—ભારંગી દેવદાર, નજ, અતિવિષનું ચુરણુ ાા તો૦ ખાયા કરે.

૩૬–દુધ વધે=સતાવરી ૭ તો. જીરૂં તો૦ ૩; પીપર તો૦ ોા, સાકેર ાા શેર એના ૭ ભાગ કરે, ૧ ભાગ દુધ સાથ રોજ ખાય. (પીપરને છાસમાં એક રાત બોળે. પછી નુછી ઘીમા તળી ચુરણુ બનાવે.)

૩૭–કમળ કંદ ૦। તો. દુધમાં ઊકાળી પીએ.

૩૮–રામ બાવળીઆ (કટસરૈયા) નું મૂળનું ચુરણ તો. ૦॥ દુધમાં રોજ ખાય.

૩૯–અસાળીઓ ૧) તો. દુધ સાથ ખીર બનાવી ખાય. (આથી મરદને પુરૂશાટન પણ આવે) (તકમરીઆની માફક અસાળીઓ પાણીમા ફુલે છે.)

૪૦–ચડીંનો રસ, અઘેડાના પાન સંભાગે લઇ તેની પુરી બનાવી ખાય.

૪૧–વિદારી કંદ (વદારી કંદ=ભોંકોળું) ખુંદે તેનો રસ કાઢી સુકવે તે ચુરણ ૧) તો. મધમાં રોજ પીએ.

૪૨–નરમો, શેરડી અથવા પીતપાપડો એનું કાઢેલી મૂળ ૦॥ તો કાંજીમાં રોજ પીએ.

૪૩–મેથીની અથવા અગ્નીની ભાજી રોજ ખાવી.

સોવા ભુંજેલા રોજ બે વાર ખાય તો દુધ [illegible] થાય.

૪૪–એક બકરીને ૦। તો૦ હીંમજો ખોરાક સાથ ખવારે. જંગળમાં ચરવા મોકલે. આઠ દીવસ તેનુ દુધ [illegible] માં ન લીએ. નવમે દીવસથી૧] માસ સુધી એ દુધ પીએ તો. તાકદ ઘણી વધે.

૪૫–ચણાની દાળ, ઘી, ખાંડ (ચણાનુ મગજ) રાતરે સુતી વેળા ખાય.


૪૬–રૂદ્રવંતીના આખા છોડનુ ચુરણ દુધમાં પીએ: તો દુધ વધે અને સુધરે.

૪૭–ખીરણુકી ગાયના દુધમાં ઘસી છાતીએ લગાડે તો છાતી મજબુત થાય.

૪૮–કપાસીઆનું તેલ આટામાં મેળવી રોટી બનાવી ખાય.

સ્રીને દુધ કમી થાય.

સ્રીના થાનમાંથી ઉભાઇ જતું દુધ કમી કરવું હોય તો ચેવલી પાન છાતી પર બાંધવાં.



સ્ત્રીનું કષ્ટાવું-બાળક જલદી આવતરે=પ્રસવ સેહેલથી થાય.

૧-કસતાની બાયડીને માથે પમારીઆનું મુળીયું બાંધ્યું હોય તો છોકરું તરત નીકળે છે. છોકરું બહાર નીકળે કે તરત મુળીયું માથાં પરથી કહાડી નાંખવું.

આ મુળીયું ચોક્કસ ક્રિયા કરી લાવવું જોઇએ એવું કેટલાક માને છે, તે ક્રિયા નીચે મુજબ છે

કુમારીઆનું મુળીઉં લાવવાની રીત—છોડ આગળ શનીવારે સાંજે જવું. તેને નોતરું દેવું કે મારે તારો ખપ છે. સ્ત્રીઓને કસ-તાની છોડવાને માટે કાલે તને લઇ જઇશ. આતવારે બામ દઇ તે મુળીઉં લાવવું આ કથા ઘણા જણ જાણે છે. પણ આ જમાનામાં તે કબુલ થઇ શકે એવી નથી. આ મુળીયું કસતાનવાળી ઓરતના પડછાયામાં આવે તો તેનો ગુણ ઉતરી જાય.

૨-કપાસના છોડના જમીનમાંના મુળીઆનો છાલ એક્ષ્રેક્ટ અરગટના ગુણ ધરાવે છે.

૩-કપાસના છોડની છાલ ૨ તોલા, ઉકળતું પાણી ૧૦ તોલા, કલાકના વાસણમાં બે કલાક ઢાંકી રાખી, તેમાંથી ૨ તોલા પાણી પાવું. આથી છોકરું બહાર આવે. બરાબર વખતસર આપવું જોઇએ. આમાં સંકોચવાનો ગુણ ધરાવે છે અને જો જરૂર પહેલાં અપાય તો ગર્ભસ્થાન સંકોચાય અને છોકરું પેટમાં મરણ પામે.

૪-છોકરું અવતરે—કસતાની ઓરતને દુંટી આગળથી નીચે સુધી આકડીનું દુધ ચોળવું.

૫-સ્ત્રી કષ્ટાતી હોય તે છુટે—ઉતરાનનું મુળીઉં લાવી સ્ત્રીને જમણે પગે બાંધે તો તરત છોકરું બહાર આવે અને આરામ થાય.

છોકરું આડું પડેલું તથા મરી ગયલું હોય બહાર પડે. ઉતરાનનું મુળ રીત સર લાવીને સ્ત્રીને જમણે પગે બાંધવું.

૬-સ્ત્રી કસતાની હોએ અથવા પેટમાં છોકરું મુએલું હોય તો પેહેડુથી દુંટી સુધી આકડીનું દુધ મસળે અને છોકરું નીકળવાની જગા આગળ ઘોડાના નખની ધુંઇ આપે તો છોકરું નીકળી પડે.

૭–ગાયનું છાણુ પાંચ તોલા પાણી સાથ મેળવી લુગડાંથી ગાળીને કસ્તાની બાઈને પીવાડે તો છોકરૂં જલદી બહાર આવે.

૮–કસ્તાની બાઈ છોકરૂં જણે—જીતનીના તથા મહાદેવનું મુળ પાણીમાં ઘસીને ઓરતની નાભ ઉપર ચોપડે તો છોકરૂં બહાર નીકળે.

૯–સ્ત્રીનું કસ્તાવું—(૧) વાલ નાગકનમાર, અને (૨) વાલ નગ ચોખાની કાંજી સાથે આપે. એકક કલાકે ૩ વાર આપે

૧૦–ગાયડી કસ્તાની હોય તો અરૂસાના ઝાડનું મુળીઉં પાણીમાં ઘસીને તે ડુંટીપર અને પીસાબની જગાપર ચોપડે તો છોકરૂં સહેલાઈથી અવતરે

૧૧–સ્ત્રી કસ્તાની હોએ તો એક તોલો કીરમજ પાણીમાં વાટી ગાળીને એક વખતમાં પાઈ દેવું.

૧૨–સ્ત્રીના પેટમાં મુએલું છોકરૂં હોય તે નિકળે—બ્રહ્મીનો પાલાનો રસ બે તોલા સંચળ સાથે ખવાડે તો છોકરૂં બહાર નીકળે.

૧૩–કસ્તાન છોડવવા માટે, કમતાની બાયડી માટે તથા ઓરાંનાં ખાસ દરદો માટે ટંકનખાર ખાવામાં અપાય છે.

૧૪–સ્ત્રીનું કસ્તાવું થાય ત્યારે ૩ તોલા ગરમાળાની છાલને ૦। શેર પાણીમાં ઉકાળી, નવટાંક રાખીને સ્ત્રીને પાએ.

૧૫–મુએલું છોકરૂં બહાર આવે—ગાયના છાણને પાણી સાથે મેલવી તેનો રસ કહાડે, ને પાંચ તોલા રસ દૂધ સાથે પીવાડે.

૧૬–સ્ત્રી નબળી હોવાથી પ્રસવ થતા ઘણી પીડા થાય છે, તે માટે હાથમાં કુલીઆર વૈદની જરૂર પડે છે, પણ આગળા વખતમાં ચતા ઘર ગટુ ઇલાજનો સંગ્રહ નીચે મુજબ છે.

૧૭–લીમડાનાં મૂળ રીતસર લાવી કમર બાંધવાં. પ્રસવ થયા પછી તરત છોડી નાખવાં.

૧૮–સુપમુખીનું મૂળીઉં રીતસર લાવીને ચોટલે બાંધવું.

૧૯–સરગવાંના મૂળનો રસ સ્ત્રીને પગે ચોપડવો.

૨૦–તકમરીઆનું મૂળ રીતસર લાવી પાણીમાં ઘસી પાવું.

૨૧–પીપર, ઘોડાવજ, પાણીમાં વાટી દીવેલ મેળવી ડુંટી પર લેપ કરે.

૨૨–ગીજોરાના મૂળ રીતસર લાવી કમરે બાંધે, પ્રસવ થયા પછી તરત છોડી નાખે.

૨૩–પોઇના મુળીઆંને પાણીમા ઉકાળે તેમાં તલનું તેલ મેળવી છુપી જગાની ઉપર અને અંદર લગાડે.

૨૪–કાળા સાપની કાંચરીની અથવા મીંદોળની ધુમાડી ધુપ આગને આપે.

૨૫–કસટાતી બાઇ છુટે—ઇડાંની ૨) દાળ. ૧) તોલો મધ, ૧) તોલો તેલ, બા વાલ કેસર મેળવીને સ્ત્રીને પાએ.

કસ્તાતી બાયડીનો જણવાનો વખત થયો હોય પણ છોકરૂં બહાર કાઢવાની શક્તી બાઇને ન હોય ત્યારે નીચે મુજબ આપે છે. એથી અંદરનો ભાગ સંકોચાય અને છોકરૂં બાહર આવે છે. કપાસના મુલીઆની છાલ ચાર આંઉસ, પાણી ૨૪ આંઉસ એને બાળીને ૨૦ આંઉસ પાણી રાખી એમાંથી ૫ તોલા પાણી દર ૨૦ મીનીટે આપવું.

૨૬–સ્ત્રી કસટાતી હોય છોકરૂં પેટમાં મરી ગયું હોય — તો સાપની કાંચળી કમરે બાંધવી તેથી છોકરૂં બહાર પડે છે

સ્ત્રીનું કંટાવું=પ્રસવ જળદી થાય=સ્ત્રીને બાળક જળદી જન્મે.

૨૭–ઝાતના મુળની છાલ ૧] તો૦ પાણીમા વાટી પાય. તરત પ્રસવ થાય.

૨૮–મુળીઆના મુળનું ચુરણુ બાં તો પાણી સાથ ખાય.

૨૯–ભેંસ અથવા ગાયના છાણનો રસ ૧] તો૦ સ્ત્રીને પાય તો મુએલું છોકરૂં બી તરત બહાર આવે.

૩૦–પમાડીઆનુ મુળ સ્ત્રીના અંબોડામાં (ચોટલામાં) બાંધે તો પ્રસવ જળદી થાય. આ મુળને નોતરી પ્રાર્થના કરી લાવવું.

૩૧–મોરના પીંછાની ધુંઈ યોની પર આપવી.

૩૨–કોચાનુ મુળ દોરીથી બાંધી, સ્ત્રીના હાથે બાંધે.

૩૩–સુરજ મુખીનું અથવા ઇંદ્રવરણાનું મુળ યોની ઉપર ધરી રાખવું.

૩૪–પીપર, ઘોડાવજ પાણીમાં ઘસી યોની પર લેપ કરવો.

૩૫–બી જેરાનું અને જેઠીમધના મુળનુ ચુરણુ ઘી સાથ આપવું

૩૬–સેરડીનુ, અઘેડાનુ અથવા તાડના ઝાડનું મુળીઓ લેવું તેને સુતરના સાત તાર એકઠા કરી બાંધવું દરેક તાર તે સ્ત્રીની લંબાઇનો હોવો જોઇએ. મુળીઓ કાઢતી વેળા મુળીઓ કાઢનાર ઉત્તર દીસાએ બેસીને મુળીઓ કાઢે, આ બાંધેલું મુળીઓ ગર્ભવાળી સ્ત્રીને હાથે બાંધે તો મુએલું છોકરૂં પણ તરત નિકળે.

૩૭–રાઇ અને ઈંગનું ચુરણુ કાંજીમા ખવાડે, મુએલું છોકરૂં બહાર આવે.

૩૮—ફાલસાનું મુળનો લેપ નાભિ ઉપર, યોનીપર, બસ્તી પર લગાડે તો મુએલું છોકરૂં બહાર આવે.

૩૯—હીંગ શેકવી અને સીંધાલુણ સંભાગે ાા તો. ૫ા તો. સરકામા ગરમ કરી સ્ત્રીને પાએ તો આડુ પડેલુ છોકરૂ બહાર આવે, અને સ્ત્રી કષ્ટાદી છુટે.

૪૦—રાજ અને કેસર વાટી સોકટી કરી યોનીમાં મુકે.

૪૧—ચુદર સન (કાંસુંદરાનું) ૩ આંગળ લાબું મુળ દોરાથી બાંધી સ્ત્રીની કમરે બાંધે. લુબાનની ધુંર્ણ મુળને આપવી જોઇએ. છોકરૂ બહાર આવે ત્યારે કમર પર સુંકેલું મુળ તરત કાઢી નાખે નહી તો ગર્ભસ્થાનનો ભાગ બહાર આવે.

૪૨—મોદળની ધુર્ણ યોનીને આપે.

૪૩—લીમડાની જડ (મુળીઉ) કમરે બાંધે.

૪૪—સમુદ્ર ફળને નગોડના પાનના રસમાં ન૧ દીન પલાળી ગાળે, ૭ દીન છાયામાં સુકવે, ચુરણ કરે. ૨ા વાલ ચુરણ દહી ૨ા તોલા સાથ ખવાડે કષ્ટાદી સ્ત્રી, જળદી છુટે,

૪૫—ગર્ભવંતી સ્ત્રી ૧ા લીંબુનો રસ, સાકર પાણી સાથ રોજ ખાએ તો શરીરે સાંતી રહે ને પ્રસવ જળદી થાય.

૪૬—ઊટકંટાનુ મુળ પાણીમાં ઘસી ૧ા તો૦ પીએ.

૪૭—આગસીઆં ૨૫૬ તો. હળદના રસથી ધોવાં. પછી પાણીથી ધોવાં. ૨૪] કલાક ભુખા રાખેલા કુકડાને તે બધાં ધીમે ધીમે ખવાડે. તેનો અઘાડ એકઠો કરે, જવખાર અને ખાટાં લીંબુના રસ સાથ ધુંટે, તડકે સુકવે, બાળી ભસ્મ કરે. ગોળ, ગુંગળ, સફેદ ચણોટી ઘી. મધ, ટણકનખાર સંભાગે લીએ તેમાં ખાખ મેળવે સોના તપાવવાની મુસમાં મેળી લુહારની ભઠીમાં મુકે અને બાળે જે બુકો રહે તેને બારીક ખાંડી પાણીથી ધુએ, રવા (કણીઓ) જે ઠરે તેને ફરી મુસમાં મુકી ભઠીમાં ગાળે જે ત્રાંબુ નીકળે તેમાંથી બેઆની ભાર ત્રાંબુ અને ાા તોલો સોનું (ચોખ્ખું) સાથ મેળવી વીટી બનાવે. તે વીટી અદભુત ચમતકાર બતાવે. આ વીટી પાણીમાં ધોઇ તે પાણી કષ્ટાદી બાઇને પાય તો પ્રસવ સેહેલથી થાય.

૪૮—આકડાનુ મુળ આકડાના પાનમાં લપેટી સ્ત્રીના ચોટલામાં ઘાળવુ. પ્રસુતી થતાંજ કાઢી લેવું.

૪૯—જીનજોડાનું મુળ રીતસર નોતરી લાવે મુળ કાપેડનાં સ્ત્રીનુ નામ દેવું. મુળ લુબાનથી ધુપાવી સ્ત્રીના મોંમા મુકે. છોકરૂં અવતરે ત્યારે તરત મુળ મોંઢામાંથી કાઢી નાખે.

સ્ત્રીને અટકાવ લાવવા માટે=એમેનોરીઆ.

૧=સરસીઉ તેલ ૧. તો. પાણી ૦ાા તો. ગરમ કરી પાણી બાળે તેલમાં ગોળ નાખી પીએ તો અટકાવ આવે.

૨–હીરાબોર અને એળીઓ સંભાગે મેળવી ગોળી બોર જેવડી બનાવે. તે કાયામાં મુકે. ૨૪ કલાકમાં અટકાવ ન આવે તો ફરી મુકે. ૧ વાલની ગોળી રોજ બે વાર ખાય.

૩–તજ, ટંકણખાર સંભાગે ૧ વાલ પાણી સાથ ખાય.

૪–વરીઆળી ૩ તો, પાણી ૧ાા સેર ઉકાળે, ૦ાાા સેર રાખે. તેમાં રાતી ખાંડ મેળવી ૩ તો. પાણી રોજ ૩ વાર પીએ.

સ્ત્રીને ગર્ભ રહે નહી.

ગર્ભ રહે તો અટકે.

૧–કલહારનો રસ ૨) તો૦ ગોપીચંદન ૧] વાલ, સાકર ૧] તો. રૂતુના ૩ દીવસ રોજ ૨] વાર પીએ. રૂતુ આવતી બંધ થાય, છોકરાં ન થાય.

૨–પીપર, વાયવરંગ ટંકણખારનુ ચુરણ રૂતુ વખતે પીવું.

૩–જાસુસના ફુલ સુકાં કાંજીમાં વાટી પીએ, રૂતુ વખતે પીએ, ઉપરથી ૪) તો. ગોળ ખાય.

૪–તાંદળજાની ભાજીના મુળને ચોખાના ધુવણમાં વાટે, રૂતુ સ્નાન કર્યા પછી ૩] દીન પીએ.

૫–સીંધાલુણને તલના તેલમાં કાળવે, રજ સરવા વખતે ૩] દીન યોનીમાં લગાડે. અથવા આ તેલ યોનીમાં લગાડી ભરદને મળે તો ગર્ભ રહે નહીં.

૬–આમળાના મગજ ૩] ટાંક, સાકર સાથ ૩ દીન ખાય તો માસે આવવુ બંધ પડે અને ગર્ભ રહે નહીં.

૭–દુંવેલીનામુળ બકરીના દુધ સાથ ૩ દીન ખાય.

૮–હીંગ તેલમાં ઉકાળી ૩] દીન પીએ,

૯–અકડ જુના ગોળ સાથ ખાય.

૧૦–લીમડાની છાલનો કાઢો સ્ત્રી પીએ, અને એ કાઢવાથી યોનીધુએ. ૩) માસ સુધી ચાલુ રાખે.

૧૧–કાળાતલ, સીંધવ, હળદરની સોકટી યોનીમાં મુકે.

સ્ત્રીને કસુવાવડ થાય=ગર્ભપાત.

કચ્ચાના બીજની માલા બનાવી સ્ત્રીના ગળામાં રાખે તો કસુવાવડ થતું અટકે.

સ્ત્રીના દરદો.

ગર્ભવાળી સ્ત્રીને વિષમ જવર.કુંસુંદ ૩ માસા દુધ સાથ ખાય.

ગર્ભવાળી સ્ત્રીને અતિસાર.

ભીમગના મગનો રસ મધ સાથ ખાય.

સોજો શરીરે-સોજો ગોળીએ-ધાવરૂં-ધાવનુ-અંતરગળ.

૧=સોજો શરીર ઉપર હોય તો તે ઉપર હસપગુલનો લેપ કરવો.

૨=સોજો—ગાયનું છાણુ સોજા ઉપર લગાડવું.

૩=હાથ, પગ, અથવા શરીરે સોજો—ધતુરાના પાંદડાનો લેપ લગાડવો.

૪=સોજો—લીલામુ લાગી આવી સોજો આવ્યો હોય તો કુમારીઆના પાંદડાનો રસ ચોપડે તો સોજો ઉતરે છે.

૫=કપાસીઆનો મગજ ખાવાથી શરીરના અંદરના સોજાને નરમ થાય છે.

૬=પગ ઉપર સોજો હોય તો પાનની જડ પાણીમાં ઘસી લગાડવી.

૭=સોજો—ચાણાને માણસના મુત્રમાં વાટી સોજા ઉપર મુંકે તો સોજો ઉતરે.

૮=ચામડીનો સોજો—કોઇ જખમથી ચામડી ઉપર સોજો આવે તો જેઠીમધના ઉકાળાનું સેવન કરવું અનેસોજા ઉપર જેઠીમધનું ઘી ચસલવું. જો જખમ જુનો હોય તો લોહી, પરૂ પાણીથી સાફ કરી પછી ઘી જેઠીમધનું મુકવું.

૯=સોજો હાથ ઉપર આવે તો નગોડના પાંનરા, હળદર, નીમક એ સઘળું વાટીને લેપ કરવો તે ૩ દીવસ સુધી મુકવો.

૧૦=સોજો ધંતુરાના પાનડાં ગરમ કરી સોજા ઉપર બાંધવાં.

૧૧=સોજે દરદનો—કણુતરના પીછાની રાખ તેલમાં મેળવીને ચોપડવાથી દરદને પકવીને ફોડી નાંખે અને સોજો નરમ પડે.

૧૨=સોજે—ખાવાનો તંબાકુ પાણીમાં ગરમ કરીને લગાડવાથી સોજો પાકી પરૂ થઇ નીકળી જાય છે.

ભીલામું ઉડીયું હોય ને સોજો આવે ત્યારે આમલીના પાતરાં છુંદીને તે જગાએ બંધવાં

૧૩=ઘાવ=ચાંદનું—મોંઢાપર સોજો—શરીરે સોજો મટે—ગુગળ લાકડાનું છોડું પાણીમાં ઘસી લગાડે. સુકાયા પછી ઉપર ઉપર લગાડયા કરે.

૧૪=ચામનાનું લાકડું અગર સુખડ અને સુકા આમળા પાણીમાં ઘસે, તેમાં વાટેલું જીરૂં નાખી થંડા લેપ કરીઆ કરે.

૧૫=સોજો ભીલામાની ગરમીથી આવે ત્યારે—કડવી [illegible]ના પાલાના રસમાં ખાવલના પડદા વાટી લગાડે, [illegible] નરત ફાયદો

શરીરે સોજો આવે માટે [illegible].

૧૬—ઘારી ગરગુ[illegible] [illegible] કમરે બાંધે.

ખારેકીની છાલનો રસ બે તોલા ૪ દીવસ પાવો

૧૭=નગોડના પાનનો રસ બે તોલા અને [illegible] નકી બે તોલો મધ સાથે ખાય.

૧૮—સોજો આવે ત્યારે—[illegible]ના પાનનો રસ બે તોલા પાવો.

૧૯=સોજો ગયાનો—આંબાના ડગ મરવા, અથવા આંબાના મોર ચુસવા.



અંતરગળ

૨૦=અંતરગળ—ગોળાને ગરમ પાણીથી, કે કાળા પથરથી ચઢો વાર શેકવી. અથવા [illegible] [illegible] [illegible] વાટી, ફરી ગરમ કરી ગોળાએ લેપ બાંધવો. [illegible] [illegible] પડે ત્યારે અંતરગળ દાબીને ઉંચે ચઢાવવું. તે ચઢીઆ પછી [illegible] કાઢી નીચેનો લેપ લગાડવો. મરવા, હીરાદખણ, [illegible], [illegible] સરખે ભાગ લઇને મધની ચાસણી કરી લેપ બનાવે. તે [illegible] ઉપર મુકી ગોળીપર બાંધે પછી કાછો બાંધે. બચ્ચાઓ માટે અકસીર [illegible] એ છે.

૨૧=[illegible] તથા [illegible] ઓસડ—હળદર, ફટકડી, સાજી, [illegible]ભાગે લઇ [illegible] [illegible]ના દુધમાં [illegible] બનાવી રાખવી. તેમાંથી એક અથવા બે ગોળી પાણી સાથે ૪ દીવસ ખાવી. ઉપરથી વાસી

પાણી પીવું. અથવા કલદર અને સાકરની ફાકી ૦ાા તોલો રોજ ફાકે, ઉપરથી ઠંડી પાણી પીએ.

૨૨=વધરાવળ—ગોળી ઘણી મોટી થાય તો ગોળી ઉપર ઠંડા પાણીની ધાર ૧૦ મીનીટ સુધી દીવસમાં ૫) વખત નાંખવી. ખોરાકમાં ખીચડી, દાળ, ભાત, ખાવા, અધુરે પેટે ખોરાક ખાવો, બહુ દાબીને ખોરાક લેવો નહીં. આ ઇલાજ ૮ દીવસ ચાલુ રાખવો. ઠંડાને બદલે ગરમ પાણી વાપરે તો તેનાથી પણ ફાયદો થશે.

૨૩=ગોળી મોટી હોય તે માટે—આકડાના કુમળા પાન ૨). (કુમળાઆં, એટલે ૨) પાન આધેડ વગેરેમાં [illegible] નાનાં પાન) એરંડી પાન ૩), તે ઉપર કાંડી, ચુનો, [illegible], તેનસરની મુકી, બાંધી પાટી બનાવી રોજ ૧ વાર ત્રણ દીવસ બાંધી. ગરમી જણાય તો ઘી ખાવું.

૨૪=ગાગાનો સોજો ઉતરે—[illegible] કાઢી રસ ગોળીએ લગાડે, [illegible] ફાયદો થાય.

૨૫=બાળક ગોળીએ—અંજીરના પાનનું [illegible] ગોળીએ લગાવવું.

૨૬=[illegible] (ગોળી વધી હોય) [illegible] મુગ અને જુની [illegible], વાસી પાણીમાં ઘસીને ગોળીએ [illegible] ૭ વાર લગાડવું. આ મુજબ [illegible] દીવસ કરી રાખવું.

૨૭=અતરગળ માટે—વચનાગ, [illegible], જરખાર, ઉપલેટ, ગુગળ સોનાખે લઈ એરંડીઆના પાનરાના રસમાં ખપુડાવી, લેપ કરવો, તે ઉપર એરંડીઆનું પાન [illegible] શેકીને બાંધવું. અથવા ગાળાના [illegible] પાણી ગોળીએ [illegible], તો અતરગળ નરમ પડે.

૨૮=કાનકડાના બીજ, અરડુસાને, મરી એરંડીઆના બી સરખે વાટીને પાનના રસમાં [illegible] ગોળી કરી સવાર સાંજ ખાવી.

૨૯=ગોળી મોટી થાય ત્યારે વછનાગ પાણીમાં ઘસી ગોળીએ લેપ કરવો.

૩૦=ગોળી મોટી થાય ત્યારે વનકડીનું મુળ વાટીને [illegible] કરવું.

૩૧=ગોળી મોટી થાય ત્યારે સરગવાની છાલ [illegible] જડ ખપુડાવીને રસમાં ૩ વાર ગોળીએ લગાડવું.

૩૨=અતરગળવાળા દરદીએ જીરા પાક ૦ાા તોલો રોજ બે વાર ખાવો. જીરા પાક બનાવવાની રીત—શેરડીના રસ [illegible] જીરાને

૨૪ કલાક બીંજવી રાખી પછી સુકવે. પાશેર જીરાના ભુકા સાથે અઢી તોલા સુંઠને મધથી મેળવી પાક બનાવવો.

૩૨=વધરાવળ માટે સરપંખાના મૂળનું ચુરણ ૧ માસો પાણી સાથે રોજ ખાવું.

૩૩=ગોળી મોટી થાય તે માટે—૧ તો. કીચાલુણને ૪ તોલા ઘી સાથે મેળવી ત્રાંબાના વાસણમાં તેનો લેપ કરવો તને સુરજના તાપમાં રાખી ગેટીના ઉન વડે ખુબ ઘોળવું. તે મલમ ગોળી ઉપર વારંવાર ઘણો વખત ઘસ ઘસ કરવાથી ગોળીના સરવ દરદ તરત નાશ પામે. આ પ્રયોગ ચમત્કારી છે

૩૪=અંતરગળ માટે—સુંઠનો પાક રોજ બે વાર ખાવો પછી લેવો. સુંઠનો ભુકો મધ સાથે મેળવી પાક બનાવી તેમાંથી ખપતો પાક રોજ બે વાર ખાવો.

૩૫=અંતરગળ માટે—સુવા બાફી વાટીને ગોળી ઉપર લેપ મૂકવો, ગોળી પોચી પડે ત્યારે દાબીને ઉપર ચડાવવી. પછી ફરી લેપ કરી કાછો બાંધવો દરદીને ૩ દીન સુવાડી રાખવો.

૩૬—અંતરગળ અને ઉંધી ગાંઠ, ઉંધા ગુમડાં માટે—સુવાને ઉકળતી પાણીમાં બાફી તેની ગરમ પોટીસ ગાંઠ ઉપર નીતરતી બાંધ. ૨—૪ દીનમાં ગાંઠ પાકી પરુ બહાર નીકળે. અંતરગળ માટે એવી પોટીસ મુકી કાછો બાંધ.

૩૭=ગોળી મોટી થઇ હોય તો—ભિલામગીનું પાન વાટી ગરમ લેપ કરી મુકવો.

૩૮—અંતરગળવાળા દરદીએ ૭ થી ૧૦) સુકાં લીંબોડીના મગજ બે ત્રણ દીવસ ખાવા. જો લીલી લીંમોડી હોય તો આખી ગળી જવી. એથી ગોળીનું દરદ નરમ રહેશે અને કોવત આવશે.

૩૯—ગોળીએ અંતરગળ હોય ત્યારે રાંધેલો વછનાગ, એળીઓ. જવખાર, ઉપલેટ, ગુગળ, એ સરવેને ગરમ કરી લેપ કરવો.

૪૦—ગોળી મોટી—અંતરગળ—સુખડ. સોપારી લાલ. રસવંતી, અફીણ. સંભાગે એકેક તોલો, જવનો આટો તોલા ૪, લીલા ધાણાના રસમાં મેળવી લગાડ છે

૪૧—અંતરગળ—ગોળો ચડે ત્યારે ઝાડા અને પવન છોડવાની જરૂર છે માટે એળીઓ, હીંગ, સુંઠ, સંચળ, સંભાગે મેળવી ૫) વાલ (બેઆની ભાર) ચુરણ મધ સાથે અથવા પાણી સાથે ખાવું. જરૂર હોયતો ૧ કલાક પછી ફરી ખાવું.

૪૨=ગોળી ઉપરનો સોજો મટે—શીલા ધાબુના રસમાં ગુલેઅ-રમાની, રતાંજળી, મેળવી લગાવવી, અથવા કપાસ તથા દાંતિસના માચને કાથમીરના રસમાં મેળવી લગાડવાં.

૪૩=ઇંદ્રીએ સોજો હોય તે માટે પીપળો, વડ, ઉમરો, એમાંના કોઈપણ ૧ ઝાડની છાલનો ઉકાળો બનાવી પોતાં મુકવાં.

૪૪=કુકડવેલ—કુકડવેલાં—કુકડવાડા એ ઘણાં કડવાં અને ઝેરી છે કુકડવેલ સોજા ઉપર લગાડે તો સોજો નરમ પડે.

૪૫=સોજો, રસ વીકાર } હળદર, મીઠું અને સુખડ પાણીમાં ઘસી લગાડવું. ઉપર ઉપર લગાડ્યા કરવું.

૪૬=કાકમોરનો રસ અને એળીઓ લગાડે.

૪૭=લીંબુના રસમાં સમદરફળ પકાવેલું, ઘસી સોજા ઉપર લગાડીઆ કરે.

૪૮=ભીલામુ લગાડવાથી સોજો હોય તો તલને ભેંસના દુધમાં વાટીને લેપ કરવો.

૪૯=અરણીના પાન બાફી બાંધવાં.

૫૦=એરંડાના પાનનું વરાળીઉં બાંધવું.

૫૧=ધતુરાના પાન વાટી લેપ કરવો.

૫૨=સાટોડી અને સુંઠ વાટી લેપ કરવો.

૫૩=હળદર અને સુંઠ વાટી લેપ કરવો.

૫૪=કાળા ધતુરાની ડાંડીનો રસ ૦। તોલો દારૂ ૩ તોલા, ગરમ કરી લગાડવું.

૫૫=અરણી, આમલી, આવળ, લીમડા, અઘેડોના, પાનની પોટીસ મુકવી.

શરીરે સોજો—એ દરદમા પીસાબ, ઝાડા અને પરસેવો લાવ-વાની જરૂર છે.

૫૬=દુધમાં એરંડીઉં પાવું.

૫૭=કાલીપાટનો ઉકાળો, અથવા ત્રીફળાં ગૌમુત્રમાં લેવાં.

૫૮=બોલીના પાનનો રસ પીવો.

૫૯=ત્રીફળાંનો કુઆત અને ભેંસનું ઘી પાવું.

૬૦=ગોળ, પીપર, સુંઠ, સંભાગે મેળવી ખાવી.

૬૧=ગોળ અને સુંઠ અથવા ગોળ અને હરડે અથવા ગોળ અને પીપર ખાવામાં ફાયદો છે.

૬૨=જખમ થવાથી સોજો થાય ત્યારે ઠંડા પાણીના પોતા મુકવાં.

૬૩=સોજો—સરેકા, જવ, મગ કપાસીઆના આટા સાથે પાણી મેળવી લેપ કરવાથી સોજો નરમ પડે છે.

૬૪=સોજો—ગોખરૂ અને સુંઠ સંભાગે મેળવી તેમાંથી ૦॥ તો. ચુરણુ ગોળ સાથ રોજ બે વાર ખાવું.

૬૫=સોજો નરમ પડે—સુંઠ, દેવદાર, સાટોડી સંભાગે મેળવી ૦॥ તોલો. ફાકી રોજ લેવી. ઉપરથી દુધ પીવું.

૬૬=સોજા દરેક જાતના માટે—સુરોખાર ૫ પૈસા ભાર, સોનાગેરૂ ૫ પૈસાભાર એને મેળવી પાંચ પડીકાં બનાવે. ૧ પડીકું કોરાં કાદવના વાસણમાં મુકે, અંદર ૧॥ શેર પાણી નાખી આખી રાત ઠારમાં મુકે. સવારે નીતરૂં પાણી કાઢી આખા દીનમાં ૫–૭ વાર પીએ. આ મુજબ ૫ દીન પીએ. ખોરાક ફક્ત ચણાના આટાની રોટી ઘીમાં બનાવી ખાય, બીજું કાંઇ ખાય નહી.



સોજો=ઢોર

૬૭=ધોળીસાટોડી=શ્વેત પુનર્નવામાં ગુણ વધારે છે. તેનો સ્વરસ બે તોલા મધમાં રોજ ૩ વાર પીવો.

૬૮=સફેદ સાટોડી પંચાંગ ૦॥ શેર, પાણી ૪ સેર ઉકાળી ૧ સેર પાણી રાખે. તેમાં ૧ સેર સાકર, સુરોખાર ૫, તોલા. નાખી પીગળાવે. રોજ બે તોલા બે વાર પાવાથી, સોજા સાથનો તાવ્ પણ મટે. પીસાબ કમી થાય; કોઇપણ કારણથી આવેલા સોજા માટે રામબાણ ઇલાજ છે. દરદી દુધનાજ ખોરાક પર રહે તો વધારે સારૂં.

૬૯=સોજા માટે લેપ.

સાટોડી સુંઠ, સરગવાની છાલ છાસમાં, અથવા કાંજીમાં વાટી લેપ કરે.

૭૦=ધતુરાના પાન, ગુગળ સાથ વાટી લેપ કરે, અથવા મીંઢળ, બોળીઓ, વચનાક, ઝેહેર કચરો, આકડાના પાનના રસમાં મેળવી લગાડે.

કાસકી, એરંડા, આકરાના પાનો વાટી લગાડે. એખરો, સરગવા, અરણીનો રસ આખે દીસે લગાડી તડકે બેસે. અરૂસા અને લીમડાના પાનનું વરાળીઉં આપે. સોજા માટે પીવાની દવા–ઉપલેટ, હીરાકસી, દરેક ૧ ટાંકના ૧૪ પડીકાં કરે, રોજ ૧ પડીકું ૧૪ દીન ખાય.

૭૧=નવસાગ બે વાલ પાણી સાથ રોજ ૩ વાર પીએ. અંદરના તેમજ બહારના સોજા માટે.

૭૨=કડવીનાળનું ચુરણ્ણ દોઢ અનીભાર રોજ બે વાર આપવું. ૪ દીન પછી ૩ વાર આપવું. પછી બેઆની ભાર આપવું. સરૂઆતમાં નિતાતર છઅની ભાર ગોળ સાથ આ(ી જુલાબ લાવવો,

રેઓ-હોટા-રસ.

૭૩=મરીકાંનું મગ પાણીમા ઘસી લગાડે. ટીંકચર આયોડાઈનું કામ કરે. એ જરા ગરમ છે. પણ અગન બળે નહીં

૭૪=રેડી ૧, ઉત્તમ ઇલાજ છે.

૭૫=બેદરવા (આખા સરીરે સોજ.) માટે ચમતકારીક ઇલાજ ભીભાડો છે. એ કડવા, મીઠી, ખારી છે, ફુલ પીળાં છે એની જુદી જુદી જાત થાય છે. તેના પાનનો રસ શરીરે લગાડે અને એક તો. રસ, સાકર ૧ તો. પાણી સાથ મેળવે અને રોજ બે વાર ૮ દીન સુધી પાએ.



સોજો=જળંદર.

૭૬-મગવાના મુળ પાણીમાં ઘસી લગાડે.

૭૭-પાનકંડા (જંગલી પ્યાજ-સીતા)ના કાતરી કરી સુકવે તેનુ ચુરણ્ણ બનાવે. ૨ વાલ ચુરણ્ણ મધમાં રોજ બે વાર ખાય.

૭૮-ફુતરીઆ ઝાડના પાન બા તો. બવાડે. તેની પુટી બાંધે.

૭૯-વાલપાપડીનું નગ ઘસી લગાડે.

૮૦=દારૂડીના પાનના રસ અથવા દારૂડીનુ મુળ, હળદ. મીઠું મેળવી લગાડે.

ઝામરી.

ઝામરી હાથ ઉપર—હાથનાં પોંચાની પીઠપર સોજાની માફક ગાંઠ થાય છે. તે ઉપર કાંસકીના પાનની લેપડી મુંક તો પાકીને ફુટી જાએ.

સાત પડો.

સાતપદાનો ઇલાજ—મીઠું, સુકા મરચાં, હળદર સુકી સંભાગે મેળવીને તેની લેપડી રોજ નવી મુકવી.

સીતલાની ગરમી.

સીતલાની ગરમી શરીરમાંથી નીકળે તે માટે શીતલા સારા થયા પછી ધાણા જીરૂ ના ના તોલો પાણીમાં એક રાત ભીંજવી સાકર સાથ પીવું.

સુલેમાની લવણ–સુલેમાની સાલ્ટ.

સુલેમાની લવણ—લવણક્ષાર નીચે મુજબ છે :—

નવસાર, સુરોખાર, સીંચલુણ સમભાગે લેવું તેને આંટાના લોંદામાં મુકી, તે લોંદાને કપડછંદ કરી અરાયાના ઈંગારાથી પકવવું. જે મુકો અને તે લવણક્ષાર છે.

હૈયું નબળું–હૃદય નબળું–હાર્ટ ડીસીઝ.

૧=હાર્ટ નબળું હોય તે દરદીએ કેરબાની માળા **પહેરવી** ફાયદાકારક છે.

૨=કલેજામાં ઠંડક પડે, કલેજાની ફકર મટે–હુંગીનો અથવા જુરો કોહરનો મુરબો પાંચ તોલા અથવા વધારે ભુખ પેટ અથવા ભુખી ભુખ લાગે ત્યારે ખાવો.

૩=હૈયું નબળું હોય તો સાકરબાર, દાડમની કળીના **રસમાં** ખાવો.

૪=કુંપર્ણીના ફુલ (નિલોફરની સફેદ પાનડીનો ગુલકંદ ખાવાથી પેટમાં ઠંડક આવે અને ફકર થીના લાગતી બંધ પડે.

૫=પેટમાં ફકર લાગતી હોય તો પેટપર નેતરથી પાટા બાંધે.

૬=પેટમાં ફકર લાગે તે દરદીએ ઉંડા સ્વાસો સ્વાસ લેવા, **નાક** વાટે દમ લેવાય એટલો વખત લેવો, જેટલો વખત દમ ઘુંટી **સકાય** તેટલો વખત દમ ઘુંટવો; પછી દમ ધીરે ધીરે બહાર કાઢવો. આ મુજબ પાચથી દમ બીલીટ ચાલુ રાખે તો તરત ફાયદો જણાય.

હૈયું નબળું=હોલિદર.

૭=લીલા ફળોનું સરબત દર ૩ કલાકે પાણી સાથ લીનું. સરબત બનાવવાની રીત—લીલાફળના ફૂલની પાનરી ના શેર, પાણી ૩ શેર સાકર પાંચ શેર એઓને બંધ વાસણમા ઉકાળે પછી ગાળે તેને પાકું સુલા ઉપર મુકી ઉકાળે મેળ કરી ને ગાળણી નગાબા કરે.

૮=તુલસીના પાનનો રસ ૧ તો તેમાં બે પીપર મેળવી પીએ. અને એ રસ નાકે લગાડે.

૯=જીવનું ધમગામણ મટે—મધુરંગની બાટલીનું પાણી પીએ.

હરસ=મસા હરસના=બાવાસીર=મુળવ્યાધી.

૧-એળીઓ ગુલાબજળમાં ઘસી લગાડે તો હરસ ખરી પડે ૧૦૦) વાર ધોયલાં ગેરીના ઘીમાં નપગાર મેળવી લગાડે

૨-મુળ વાધી—હરસ માટે અખરોટના તેલમાં લુગડું ભીંજવી ગુદામાં મુકે તો ફાયદો થાય.

૩-હરસનું લોહી બંધ પડે—ઈદ્રજવનું ચુરણ ના તોલો છાસ સાથ ખાય, અને તેની લેપડી હરસપર મુકે.

૪-મસા સફરાના માટે—અરીઠાના ફોત્રાના મગજને તલના તેલમાં ઉકાળી મલમ બનાવી લગાડે.

૫-હરસ એટલે સફરામાં ચામડી ઉપર અંકુરા ફુટે તે. એને ખેરવી કાઢવા માટે અંઘેડાનો ખારકુપાણી સાથ લગાડે.

૬-હડતાલ અને અઘેડાનો ખાર પાણી સાથ લગાડે.

૭-હરસ માટે—અરીઠુ, કાલીજીરી, લીંબોડીના બીજ, દરેક ના તોલો, મીઠું બેઆની ભાર વાટીને પાણી સાથ લેપડી બનાવવી. ઝાડે જઈ આવ્યા પછી અને મસા સફરાની બહાર આવે ત્યારે બીછાણે જઈ સુવું, અને મસા બહાર હોય ત્યારે તે ઉપર લેપડો મુકી રાખવા.

૮-ધુંપ હરસ માટે—વેલાતી આમલીની છાલ અને કડવી ડોળકીના બીની ધુંપ આપે

૯—મસા=ગાળો ચઉદસની રાતરે આંમાના ઝાડપરના વાંદાને રીતસર આમંત્રણ કરી, આતવારે કાપી લાવે, તેને તાવીજમાં તેને મુકી દરદીને બાંધે તો હરસ મૂળથી જાય છે. (કેટલાક છાલા પાલાને ચોકસ વખતે અને અમુક દીવસે કાપવાનું લખાણુ દેશી વઇદામાં ઘણી વાર થાય છે. તેનો મુદો સમજાતો નથી.)

૧૦—હરસનો ઇલાજ—આકડાના પાનનો રસ ૫ તોલા અને ૧ તોલો સોનાગેરૂ મેળવી સોટકી બનાવવી. જેમ વધારે બધે ગીઝીને ખરલ કરે તેમ ગુણ વધે. આ ગોટી પાણીમાં ઘસી હરસ ઉપર લગાડવી. બળતરાં બળશે તે ખમાએ ત્યાં સુધી ખમવાં. ન ખમી શકાય તો પાણીથી ધોઇ નાખી હરસપર મેંદીના પાનની લેપડી મુકવી તેથી હરસ મટી જશે. સારૂં થાય ત્યાં સુધી આ ઇલાજ કરવો. આકડાનું દુધ એકલું મસા ઉપર લગાડવામાં આવે છે.

૧૧—હરસ માટે—આમળીના ચીચોડાને નગોરના પાનના રસમાં ઘસી લગાડે અને નગોડનાં પાનના ભુંઝાની (કુમળી) લેપડી હરસ પર મુકે. લેપડી સાથ કુમાર મેળવે તો વધારે ફાયદો થાય.

૧૧।—હરસનું લોહી બંધ પડે—અકમડીની સીંગનું ચુરણ ૦। તોલા લઇ ૨) વાલ સંચળ સાથે મેળવી ફાકે.

૧૧॥—હરસ માટે આરણના મુળની છાલ ૦॥ તોલો દુધમાં ઉકાળી ૭ દીવસ પીવી.

૧૧॥।—મસા ફુટે તે બંધ થાય—આમળી ઉપરની છાલની રાખ વાલ દહીં સાથે ખાવી અથવા ચીચોડો અને સાકર પાણીમાં ઘસી રોજ ૩ વાર મસા પર લગાડવું.

૧૨—અડદ, જુની છો, કાથો, ગુઆરનો આટો સંભાગે કેળના રસમાં લેપડી કરી ગુદડા ઉપર મુકે અને કાછો બાંધે.

૧૩—સાકર, અડદ, કાયફળ, કમુનરની અઘાર, આમળા, સંભાગે લઇ ચુરણ બનાવે. ૧૦ વાલ ચુરણ રોજ બે વાર મધ સાથે ખાય.

૧૪—અગાનું બીજ (ગારબીજ) ચાપરા લાખના આકારનું પણ મોટું હોય છે, ફતેપુરીઆ મારવાડીઓ આના બીજને ધોયલાં કપડાં ઉપર મસળે છે ત્યારે દરીઆના મોજા જેવો સરલ કપડાં ઉપર દેખાય છે, આ બીને કાણું પાડી અંદરનો માખો કાઢે તો તે પોકલ બને તેમાં તપકીર મુકી, દાબડી તરીકે વપરાય. ગાર બીજના સફેદ બીને પાણીમાં ઘસી હરસ પર લગાડે. પાંચ મીનીટ મસળે તો હરસમાંથી પાણી ઝરકે. રોજ ૩ વાર મસળે.

૧૫—હરસ મટે—ઇંદ્રવાયણની જડ પાણીમાં ઘસીને હરસપર લગાડે.

૧૬—હરસ માટે—આમલીના પાતરાંનો રસ પીવો.

૧૭—ધુંઇ હરસ માટે—આમલીની છાલ અને કડવા તુરીઆના બી એની ધુંઇ આપવી, હરસ બહાર આવે ત્યારે ફરી ધુંઇ આપવી.

૧૮પહરસ માટે મલમ—અફીણ ૪ તોલા અને ઘી ૨ તોલા. ઘીને સાત વાર પાણીથી ધોવું. અને રાખવું, બીજે દીવસ એજ ઘીને ફરી સાત વાર ધોવું અને રાખવું, આ મુજબ ૭ દિવસ સુધી સાત વાર ઘીને ધોવું, અને તેના ૭ ભાગ કરવા, અફીણના પણ ૭ ભાગ કરવા. પછી ૧ ભાગ અફીણ અને ૧ ભાગ ઘીને તાંબાના કળીસીઆ ઉંના વાળી તે ઉપર ઘસીને મેળવવું અને ૧ કોમાં રાખવું. બીજે દિવસે બીજો ભાગ અફીણ અને બીજા ભાગનું ઘી, ઉપર મુજબ કળસીઆ ઉપર ઘસી, મેળવીને પછી પહેલે દિવસે બનાવેલા મલમ સાથે મેળવી રાખવું, ત્રીજે દિવસે ત્રીજા ભાગ, ઉપર મુજબ મેળવવા, આ મુજબ ઘીના અને અફીણના સાત ભાગ સાત દીવસમાં મેળવી મલમ એકઠો કરવો. આ મલમ હરસ માટે ઘણો ઉપયોગી છે, સ્ત્રીને બાળક જણતાં મસા બહાર આવે તે માટે પણ આ મલમ ઉપયોગી છે.

૧૯—હરસ માટે—અફીણ, કાલીજીરી, લીંબોડીના બીજ દરેક ૦। તોલો, બારીક એઆની ભાર વાટીને પાણી સાથે લેપડી બનાવવી. ઝાડે જઇ આવ્યા પછી મસા સફરાની બહાર નિકળે ત્યારે બીછાનું જઇ સુવું અને મસા બહાર હોય ત્યારે તે ઉપર લેપડી મુકવી.

૨૦—હરસ—અર્સ માટે—૨ થી ૪ તોલા આદુનો ઉકાળો કરી ૨૧ દિવસ સુધી રોજ પીવો.

૨૧—ઇંદ્રજવ, વાયવડીંગ, લીંબોડી, કાચકાના બીજ, દીકામાલી સંભાગે ૦॥ તો. ચુરણ પાણી સાથ રોજ બેવાર ખાય.

૨૨—ફસિંકપચાના બીજ જે મારવાડ અને જેસલમેરમાં થાય છે, તેના છોડ બાગોમાં થાય છે, તે ઉપર સુંદર ફુલો આવે છે, તે ૭) તો. લઇ ૩) પડીકાં કરવા, માટીના વાસણમાં સફેદ બકરીનું દુધ ૫) સેર ઉકાળવું. દુધ બળીને ૦॥ શેર રહે તેમાં ૧) પડીકું નાખવું. ચંદુ પડે ત્યારે દરદીને પાવું. ખાધા પછી એ પીવું. પછી પાણી પીવું નહીં રોજ ૧) પડીકા લેએ તો મસા ખરી પડ

૨૩—ધુંઈ મુએલો સુકાયલો ઊંદર ૫) ભાગ, મુએલા ઘોરોના સીંગડાંમાં વરસાદથી થતાં મુળીઆં ૫) તો. ઈંગ ૨ તો. એના ચુરણની ધુંઇ આપવાથી હર્ષ ચીમરાઇ જાય, ગુરદાની અંદરના હર્ષ બહાર આવે, અને ધુંઈ ચાલુ રાખવાથી હરસ ચીમરાઇ જાય. ત્યારે સાજીખાર અને કળી

ચુણો સંભાગે પાણી સાથ મેળવી લેપ કરે તો હરસ નિકળી પડે. (કાસટીક સોદાની માફક કામ કરે છે એમ લાગે છે. સારી ચામડી પર તે લેપ લાગવો નહી જોઇએ) હરસ ખરી જવા પછી ચાંદુ પડે ત્યારે ત્રિફળાં અને ગુગળ સંભાગે લઇ તેની રાખ બનાવી તેને ઘી સાથ મેળવી લગાડે તેથી ચાંદુ રૂઝાએ.

૨૪—હડતાલ અને અધેડાનો ખાર પાણી સાથ લગાડે અથવા ફટકડી એરંડીઆમાં મેળવી લગાડવી.

૨૫—અધેડાના બીજને ચોખાના ધુણમાં વાટી પીએ તો લોહી બંધ થાય. અધેડો (અપામાર્ગ Rough Chaff Tree) એના પાન ચોલાઇની ભાજી જેવાં થાય છે, વચમાં શીંગ છે, તેમાં કાંટાવાળા બીજ છે. અથવા લીંબોડીનું મગજ ૦। તો. સાકર સાથ ખાય તો મસા નાબુદ લોહી બંધ થાય છે.

૨૬—રોજ ૩) એલચી છાલા સાથ ભુંજે પેને ૩) વાર ખાય અને હરસપર કારબોલી તેલ લગાડે.

૨૭—ધુંઇ હરસ માટે—આકડાના અથવા આમલીના લાકડાંના કોલસા ઉપર અજમો મુકી તેની ધુંઇ હરસપર આપવી.

૨૮+૨૯—હરસ થવાનું કારણુ—પેટમાં બાદી રહે, નોટાન ચાલું ખવાય, બેસી રહેવાથી, ભાર ખોરાકથી, સખત જુલાબ લેવાથી એ માટે જુના લોખંડ ઉપરનો કાટ, આમલસારા ગંધક સંભાગે ગોળમાં મેળવી લગાડે.

૩૦—અરીણુ અને ધતુરાના પાન સંભાગે લેઇ તેમાં એના વજન કરતાં ૪) ચણું કોકમનું ઘી લેવું, તે સફરામાં લગાડવું. મલમ કઠણ થાય તો ખાર તેગ દીવેલ નાખવું અથવા ઉપલી ૩) ચીજોને પાણી સાથ મેળવી, કમર કાકડી જેવી લંબગોળ ગોળી બનાવી રાતરે સુતી વેળા રોજ સફરામાં મેળવી.

૩૧—ધઉંનો લોટ, હળીલાની છાલ, વડના ઝાડની લટકટી જડની કુમળી દાઢી (સંભાગે ૭) દીન ખાય;

આ ઇલાજ સખત છે, છાતીપર ચુંદાગો થાય અને વામીટ બી આવે તેનો ઇલાજ સારા કામ લેવું.

૩૨—કુકડવેલના પંચાંગની ગાદી બનાવી તે ઉપર હરસવાળો દરદી બેસે તો ફાયદો થાય. ૭ માસ સુધી આ ઇલાજ ચાલું રાખે તો હરશ મટે.

૩૩—કુકડવેલનો પાણીમાં ભીંજવવું, તે પાણીથી હરસ ધોવા અથવા ખમી શકાય તો તે પાણીના પોતાં હરસ ઉપર મુકવાં.

૩૪—કુકડવેલના ફુળ થાય છે તે બહુ તિક્ષ્ણ છે, તેનો બહુ સખત જુલાબ થાય છે તે મગજના રોગો ઉપર વપરાય છે, તેના ટીપા નાખમાં મુકે તો નાખ ગળે અને માથાનો દુખાવો નરમ પડે. બધા રોગ નાખ વાટે નિકળે. (અગન બળે છે) નબળાં માણસ માટે આ ઇલાજ ન કરવો.

૩૫—[illegible] લીંબ અને અફીમની લેપડી મુકે.

૩૬—અશોક (આસોપાળો) ના મુળની છાલનુ ચુરણ સોનાના માંદરીઆંમાં મુકી કમરે બાંધે.

૩૭—આકડાનું દુધ, કડવી તુબીના પાન, ખરસાણી થુઅરના મુળ, કરંજના મુળ અથવા પાન, બોકરાના મુતરમાં લેપડી કરી મુકે.

૩૮—આકડાનુ દુધ, બાવચીગણીનો ઘન (એક્સટ્રેક્ટ), દારૂડીના ચીક માખણ સાથ મેળવી લગાડે તો હરસ ખરી પડે

૩૯—મીઠી આવળનો કલ્ક, બકરાના મુતરમાં પાએ અને તે ઉપર ગોળ અને વેંગણ ખાય તો જન્મના હરસ જાય.

૪૦—આગસીઆમાંથી કાઢેલુ તાંબુ બે આની ભાર અને ચોખુ સોનુ ના તોલો એની વીંટી બનાવે; તેને તલના તેલમાં કકળાવે. તે તેલ હરસને લગાડે

૪૧—માખન ૦॥ શેર લોઢાના કઢઇમાં ગરમ કરે, ફીણ થતુ અટકે ત્યારે આમળાનું ચુરણ ૨) તો. નાખી ગરમ કરે. પછી વડના કુમળાં પાન ૨) તો. વાટી તેમા નાખી બંધે ચીજ સારી પેઠે સેકે. ચંદુ પડઆ પછી લીંમડાના સોટાથી સારી પેઠે રોજ બે વાર ઘુટે ૦॥। તો. રોજ ખાય, ખોરાકમાં, દુધ, ભાત, અને રોટી.

૪૨—હરસ માટે—કપાસના છોડના મુળને વાટી ચોખાના ધુણ અને મધ સાથે પીવું.

૪૩—ધુંઇ હરસના માટે—કાળા કોહોડનું ચામડું બાળીને ધુંઇ આપે, અથવા હુકામાં પીએ તો હરસ જાય.

૪૪—હરસ ખરી પડે—ફીટામારીના પાનની લેપડી મુકયા કરે તો મસા ખરી પડે.

૪૫—મસા માટે—કરંજના ઝાડનુ લાકડું પાણીમાં ઘસી મસા ઉપર લગાડે

૪૬—હરસ હોય અથવા ગોળાએ સોજો હોય તે માટે—કાચકીના પાન છુદી દારૂમાં મેળવી તેનો લેપ ગોળીપર બાંધે, અને ખાખરાના

પાન સુરો પાટો બાંધી રાખે તો ગમે એવા લાંબા વખતની અને ગમે એટલી ગોળી મોટી હોય તો પણ ફાયદો થયા વિના રહે નહીં. પણ લેપ ઘણા દીવસ ચાલુ મુકવો જોઇએ, હરસ મસા માટે આ લેપડી રોજ મુકવાથી ફાયદો થાય.

૪૭—હરસ માટે—કાંદાની કાતરી સુકવી ચુરણ કરે, ને [illegible] તોલો ચુરણ, ૧ માસો તલ, અને ૫ તોલા સાકર મેળવી રોજ ખાય. ખોરાકમાં ઘી, સાકર વધારે ખાય.

૪૮—હરસના મસા માટે—બરાસ કપુર, કરેણની જડ, રતાંજળી, ઘસીને ચોપડે તો મસા સુકાઇ જાય છે.

૪૯—લોહીનો ઝાડો મસાનું લોહી—આમળાના હરડે [illegible] થાય. } [illegible] છાસના ઉકાળામાં સાકર મેળવી શરબત બનાવવું ને હડતું સરબત ૧ ચમચો અથવા [illegible] પાણી સાથ મેળવી રોજ પીવું.

૫૦—[illegible] ઘણી જાતના [illegible] છે. [illegible] ફરેણો [illegible] આવે છે. [illegible] રંગ પીળો, ને લાલ રહે છે. [illegible] રંગ [illegible] છે. એમ [illegible] ગમને મળતા આવે છે. એમાં [illegible] હોય છે. કપડો [illegible] ઘાસના [illegible] આગળ ધરીએ [illegible] લે છે. [illegible] પાણીમાં અને [illegible] [illegible] છે. એ [illegible] તેલ [illegible] છે. ને તેલ [illegible] છે. [illegible] કરમ [illegible] ને [illegible] ઉપર આ તેલ [illegible] છે. ફરેણા શરીરના [illegible] ભાગમાંથી પડતું લોહી અટકાવે છે.

ફેર [illegible] ચંદરસની [illegible] છે. આ [illegible] એક જાતના ગુંદર છે. [illegible] ઉપર [illegible] આગળ [illegible] તાણવું [illegible] તેને વપરાય.

હરસ [illegible]—ફરેણા [illegible] ઘસીને ચોપડે તો હરસ [illegible].

૫૧ હરસ—દરગુનો [illegible] એક ભાગ, ઘી સાત ભાગ મેળવીને [illegible] ૨ લગાડે તો [illegible].

૫૨ [illegible]—દરગનું મુળીયું પાણીમાં ઘસીને હરસપર લગાડે તો હરસ [illegible] થાય. આ મુળીયું [illegible] જરા [illegible] મળે છે.

૫૩—કપાસ (નરમાના) ના બીયાં ૪ ના મગજ, એક પઈસા-ભાર ગોળ સાથ ત્રણ માસ સુધી રોજ ગળે તો હરસ મંડ. પછીથી કાંઇ નથી.

૫૪—૫૫—હરસનું લોહી પીચકારી માફક પડે ત્યારે: બે વાલ અથવા વધારે વેલાતી કોલસો દહી સાથ ખવાડે તો લોહી બંધ થાય, આ ઇલાજ રોજ એકવાર ચાલુ રાખે તો રફતે રફતે હરસ નાબુદ થાય. ફેની દારૂ આવા દરદીને ફાયદો કરે છે.

૫૬—કરંજના ઝાડની અંતરછાલ. તાજાં દહીમાં ઘસી ૪] દીન પીએ, ટામેટા ખાવા નહી; કાંદો, અથવા મીઠું ખાવાથી કોઈ દરદીને મસા ઊભરે છે.

૫૭—દરસ, રકત, પદર, નાકમાંથી પડતું લોહી, બંધ કરવા કલ્હારના પાનનો રસ પીવો ભયંકર રકતસ્ત્રાવ નાબુદ થાય.] અને કોઇપણ જગામાંથી પડતું લોહી બંધ થાય અથવા વાયવર્ડીંગ, અને જેઠીમધનું ચુરણ ૦ા તો. રોજ ચાલુ ખાય તો ઘર કરી બેઠેલા હરસના દરદને ફાયદો આપે.

૫૮=બોરી કલહારનો રસ ૨) તો. મરી ૨૧) નંગ એનું સેવન કરવાથી ૬) જાતના મસા સારા થાય.

૫૯=કડાની જાત, ઇંદ્રજવ રસવંતી, અતિવિખની કળી સંભાગે ચુરણ ૦ાા તો. મધ અથવા ચોખાના ધોણ સાથ લીએ.

૬૦=સુકા કેરાળાંનું ચુરણ અથવા વાંજ કરોલીના કંદનું ચુરણ ૦ા તો. ફાકે.

૬૧=ખુનરનો અચાડ ૦ા તો. મધમાં ખાવાથી હરસનું લોહી તેમજ આંતુ હસ્તાન તરત બંધ થાય છે. માથે આવેલી અગ્નિ ૧) જ વાર ખાવાથી ફાયદો થાય છે.

૬૨=કમળ કાકડી સાકર સાથ ખાય.

૬૩ ધુંઇ હરસનું લોહી ઘણું પડે તો કપુરની ધુંઇ આપે.

૬૪=૦ાા તો. કપુર અને અરીઠું ૨) વાલ માખણ સાથ મેળવી લગાડીઆ કરે તો હરસ ચીમરાઇ જાય.

૬૫=કપુર બે આનીભાર. (અરીઠું ૨) વાલ. જાયફળ તો. ૦ા તલના તેલમ. ઘુંટી મલમ જેવું બનાવી લગાડે તો મસા ખરી પડે.

૬૬=કપુર ૦ા તો. રસવતી ૧) તો. લીંબોળીનું મગજ ૧) તો. ૧૦૦) વાર ધોયલાં ઘીમાં મેળવી લગાડે.

૬૭=કાયફળનો રસ ૧) તો. ૧૮ દીન પીવો. અથવા હીંગ, નાગ કેસર એકેક તો. કેસર ૪) વાલનું ચુરણ બેઆનીભાર ૩) દીવસ ખાય.

૬૮=કાળીજીરી, અતિવિષ. રસવંતી સંભાગે મધમાં મેળવી ચોખાના ધુવણ સાથ પીવાથી અજબ ચમતકારીક અસર જણાય છે

૬૯=કુકડવેલનુ ચુર્ણ ગોળમાં મેળવી મસાપર લેપ કરવો. મસા સફરામાં હોય તો લુપડાંપર લેપ લગાડે તેની વાટ બનાવી સફરામાં ખોસે. આ ઇલાજ ઘણો ઊત્તમ અને સુગમ છે. વૈદને જશ અને માન મળે છે ૩) દીવસમાં ફાયદો થાય છે.

૭૦=કુકડવેલનો રસ ૧) તો. અને ફટકી પાણીમાં પીગળે તેટલી પીગળાવી, તે પાણી ૧) તો, મેળવે; ઝાહડે ફરતી વેળા મસા ઉપર એ લોસન લગાડીઆ કરે. હરસ સુકાઇ જાય.

૭૧=કુતરીઆં ઘાસનો બાળેલો ભુકો. ખાવામાં લીએ તો લોહી બંધ થાય.

૭૨=સુતી વેળા ઝાહાડે ફરવું. મસા બહાર પડે તે ઉપર કે લેમીના એટલે ખાપરઉ મસા ઉપર કાળવું લંગોટ બાંધવી. અથવા ૨ ઉપર ખાપરઉ ૦ા તોલો મુકી તે હરસ પર મુકે અને લંગોટ મારે.

૭૩=હર્ષ માટે— કુકડવેલનુ ચુર્ણ ૧ તોલો ૬૪) તોલા પાણીમાં આખી રાત ભીંજવી રાખે, તેનુ પાણી ઝાડે જાય ત્યારે સફરો ધોવામાં છ માસ સુધી વાપરે તો દરદ જડમુળથી જાય અથવા કુકડવેલ, કદરાવાનણી. કડવુ તુંબડું એના મુળનુ ચુરણ ગોળ સાથ મેળવી સફરામા રોજ મેળે તો થોડા દીવસમા હરસ જડ મુળથી જાય છે.

૭૪=હરસ—કુકડવેળના ફુલના બીજને ગાયના મુતરમાં વાટીને ત્રણવાર લેપ કરે તો હરસ મુળમાથી ખરી પડે.

૭૫—બલોહોર: અને હરસ માટે—કણકબીજ બે વાલ સાંકર સાથે ખાવા.

૭૬—હરસનું લોહી અટકે—કારેલાનો રસ સાકર સાથ પાવો.

૭૭—હરસ-મુળ વ્યાધી સારો થાય—કુકરવાડાના બીજ, ગોળ, કાવળનો રસ મેળવી મશા ઉપર મુકે તો અગન તરત નરમ પડે. કુકરવાનો બીજ અને સીંધવ કાજીમાં વાટી મસા ઉપર કરે.

૭૮—હરસ માટે—કોડીની ખાક, એલચી, ચાનીકબાલા, કાઠો. રેવનચીની ખટાઇ સભાગે ચુરણ બનાવી ૧) તોલો ચુરણ અને ૪ ભાગ ધોયલું ઘી મેળવી રોજ ૩ વાર લગાડવું.

૭૯=ધુંર્ય=હરસ માટે કાળો જવ ભાંગરો (ભંગરાજ) ભાંગ (પાવામાં લીએ છે તે) કુકડવેલો (મુળ સાથે આખો) જાનવરના સીંગડાના મુળ (ચોમાસામાં સીંગડાં ઉપર ફનગી ફુટે છે તે)

હરસ માટે આ વસ્તુઓનો ભુકો કરવો. કોઈપણ; ફાવતી રીતે એ ભુકાની ધુંગ્ણી આપવી.

ઉપર મુજબ ધુંગ્ણી રોજ બે વાર ૧૦) દીવસ સુધી ગુદાના ભાગ પર લેવી. ધુંગ્ણી લીધા પછી મેંદીના પાનની લુગદી મસા ઉપર મુકવી ધુમાડો સહન ન થાએ અને અગન ઘણી બળે તો ગુદા આગળ દીવેલ ચોપડવું. દશ દીવસ સુધી આ પ્રયોગ કરવો.

૮૦=હરસ માટે—કણીદારોનુ અને સરસડાનું મુળ પાણીમાં ઘસવું. દુંટી ની આસપાસ ચાર ચાર આંગળ ફરતો તેનો લેપ કરે તો સાત દીવસમાં હરસ ખરી પડે.

૮૧-હરસ માટે—કમોઈનું મુળયું પાણીમાં ઘસે ને પાણીમાં બે ખજુરની પેસી આખી રાત ભીંજવી રાખી, સવારે ચોળી, ગાળીને તે પાણી પીવું.

૮૨-હરસના મસા દુર થાય—કપુર ૧ ભાગ અને ૭ વાર ધોયલું ઘી ૩ ભાગ તેનો મલમ કરી લગાડે.

૮૩-હરસ—કુકડવેલના ફળના બીની લેપડી કરી ત્રણ દીસ હરસ પર મુકે.

૮૪-મુગ બાંધી-હરસ માટે—દરદીએ રોજ સહવારે લુંબ ભેળ ૧ સોનેરી કેળ માખણ સાથે ખાવું.

૮૫-હરસનું લોહી-હરસનું લોહી નીકળે અથવા બીજી જગાએથી નીકળે તો કાળી દરાખ તો૦ ૦ાા દુધ તોલા ૨૦, પાણી તોલા ૨૦, ઉકાળી દીવસમાં બે વાર પીવું.

૮૬-ધુંઈ હરસ માટે—ખારેકના ઠળીઆની ધુંઈ મકરામાં આપવી.

૮૭-હરસ માટે=ખરેડીના પાનની લેપડી મુકવાથી હરસ ખરી પડે છે એના પાનમાં નવટાંક લઈ તેને પાણી સાથે મસળી રસ કાઢી ચાર મરીના દાણા નાંખી પીવાય છે.

૮૮-હરસ માટે—ખડીઓખાર, સાજીખાર, કળીચુનો, મોરથુથુ સંભાગે લઈ લીંબુના રસમાં ૩ દીવસ ખરળ કરે ને મસાપર લગાડે તો જરૂર મસા ખરી પડે.

૮૯-ખોરાક=જુદા જુદા દરદીને જુદી જુદી ખાવાની ચીજ માફક ન આવવાથી હરસનું જોર વધે છે. માટે જે દરદીને જે ખોરાક ન આવે તે છોડી દેવા.

ઝાડો સાફ લાવવાની પહેલી જરૂર છે. રોજ ઝાડો નરમ અને સાફ લાવવો જોઈએ.

૯૦—ગુદાના હરસ માટે=સુંઠ ૧] ભાગ, ખડીઓખાર (ટંકણ-ખાર) સોહાગી ૦II ભાગ એનુ ચુરણ ૦। તો. રોજ બે વાર ખાય અને એ બંધે વસાણા પાણીમાં ઘસી મસા ઉપર લગાડે.

૯૧—૧૫) વરસનું જુનું ઘી હરસને લગાડે.

૯૨—હરસનો મલમ=ખડીઓખાર અને નવસાર, ઘી ૧૦૮ વાર ધોયલું હોય તેમાં મેળવી ૧) માસ લગાડે.

૯૩—ગરમાળાના ૫) પાન ૭) મરી સાથ, સાકરના પાણીમાં મેળવી રોજ બે વાર ખાવાં.

૯૪—ગુણપાટના કોકળાની રાખ, ગળો સત્વ. રાતુ નાગ કેસર સંભાગે બે આની ભાર ચુરણ માખન અને સાકર સાથ રોજ ૨] વાર ખાય.

૯૫+૯૬=પારો અને અમલ સારો ગંધક મરી સંભાગે મેળવી કાજલ બનાવે તેને ૫) તો૦ ઘીમાં મેળવે. ૧) વેહેંત પોહળો અને અરધો હાથ લાંબો કપડાંનો કટકો લઇ તેમાં મેળવી કાકડો બનાવે. એક નાકેથી તેને ચીપીઆ વડી પકડવો; બીજે નાકેથી સળગાવવો: તેલ તપકે તે એકઠું કરવું. સુરોખાર, વજ, મનસીલ, સુગર લેડ દરેક ૧] વાલનું ચુરણ એ તેલમાં મેળવે, મલમ બનાવી લગાડે તો ખુની, તેમજ બાડીના મસા નરમ પડે.

૯૬—કડવી ગીસોડી અથવા કડવી તુંબરીને એક રાત પાણીમાં રાખે તે પાણીમાં નવસાર નાખી, ૨) માસ સુધી એ પાણી મસાને લગાડે.

૯૮—હરસનું લોહી પડતું હોય તો ગંધક વાલ ૮ તથા ફટકી વાલ ૨) પાણી સાથ ફાકવી ને ઉપરથી દુધ પીવું.

૯૯—ગંધકનું તેલ—સોધેલા ગધકને દુધમાં ઉકાળી તેનું દહીં કરી ઘી બનાવવું. તે ગંધકનું તેલ કહેવાય છે.

ગંધકને શુધ્ધ કરવો—એક તપેલીમાં ઠંડું દુધ મુકવું. ઉપર ધોળો કટકો દુધને લાગે નહી તેવી રીતે બાંધવો. લુગડાં ઉપર ગંધકનો ભુકો નાંખવો. તે ઉપર ઢાંકણુ ચતું ઢાંકવું. ઢાંકના ઉપર અંગાર મુકવો. ગંધક તપી, પાતલી થઇ દુધમાં પડશે. બાકી કચરો કપડાં ઉપર રહી જશે, આ ગંધક શુધ થએલો ગણાય છે.

૧૦૦—હરસના મસાવાળા દરદીએ ગંધક, મીંઢીઆવળ (સુના-મુખી) અને ગુલાબની સુકી કળી સંભાગે મેળવી તેમાંથી ૦II તોલો દીવસમાં બે વાર મધ સાથે ચાટણ કરે અથવા રાતરે સુતી વેળા ૩૦ ૧) ભાર સુધી રોજ ખાવું.

૧૦૧–હરસના દરદીએ ગંધક પાક (Confection sulphur) મરી પાક (Confection pepper) ચાલુ ખાવામાં લેવાથી ફાયદો થાય છે.

૧૦૨–હરસ સફરાના હોય તે માટે—ગલગોટાના ફુલ ૦I અથવા ૦II તોલો સાકર સાથે મેળવી સવારે રોજ ખાય. અથવા એનો ગુલકન બનાવી ખાય. અથવા પાનનો રસ ૧ તોલો પીએ.

૧૦૩–હરસ માટે—ગધેડાના લીડવાં .પાણીમાં ભીંજવે, ઉપરનું નીતરૂં પાણી દહીં સાથ પાવામાં લેવું.

૧૦૪–મસા હરસના માટે—ગળીનો ભુકો દાબે તો લોહી બંધ થાય.

૧૦૫–હરસના મસા માટે—જુના ગોળ સાથે હરડે ખાવી.

(જુનો ગોળ રસાયણ રૂપ છે. ત્રણ વરસનો ગોળ ઘણો સારો છે. મધની ગેરહાજરીમા જુનો ગોળ ચાલે છે.)

૧૦૬–મસા હરસના માટે—મસા ગરમીથી થાય તો લોહી પડે, રસ વીકારના હોય તો પરૂ અથવા આમ પડે, વા વાકારના હોય તો સુકા હોય પણ દરદ કરે. ગુગલ ચોખ્ખો ચલકતો દશ તોલા લઇ પાણીમાં પીગલાવે અને ગાળે, તેમાં મત્ર અને સાકર દરેક પચીસ તોલા નાખી ચાસણી બનાવે. તેમા મોટી હરડે ૪ તોલા નાખી રસપાક બનાવે તેમાંથી ૦II તોલો રોજ બેવાર ખાવો.

૧૦૭–હરસનુ લોહી નરમ પડે –ગળજીભીનો રસ બે તોલા પીવો.

૧૦૮–હરસ દરેક જાતના સારા થાય—ગરમારાના પાન પાંચ, મરી નંગ ૭ ને શેર પાણી સાથ જેમ ભાંગ ઘુંટે તેમ ઘુંટી ૦II તોલો ગોળ મેળવી રોજ સવારે પીવું. જો હરસનો જોર વધારે હોય તો દીવસમાં ત્રણ વાર પીવું અથવા પાનનો રસ ૧ાં તો. ગોળ સાથ લેવો.

૧૦૯–હરસના મસા માટે=ગલોડી ૪) પશુ જાનવાર જે સાપબામનીના જેવું હોય છે તેનું તેલ લગાડવું.

૧૧૦–ગળકાના વેલા કડવા અને મીઠા આવે છે.

હરસ ખરી પડે—કડવા ગળકા અને જાણુવરોના સીંગડા ઉપરની મુરદાળ છોળ (ખોપડો) નો ધુમાડો હરસ ઉપર લેવાથી હરસની ગાંઠ (ગલોડી) નીકળી પડે.

૧૧૧–સુરણ સુકેવલું ૪) તો. ચિત્રાનું મુળ ૨) તો. હીમજી હરડે ૦II તો. સુંઠ ૦II તો, પીપર ૦I, તો ગોળ આઠ તોલા એનો પાક બનાવી ૧) પૈસાભાર રોજ ૨ વાર ખાએ.

૧૧૨=ચિત્રાના મૂળ, ઇંદ્રજવ સિંધવ, મરી, સુંઠ કનજના બી. સંભાગે વા તો. દહીં સાથ ખાય, ઉપરથી દહીં ખાય અથવા છાસ પીએ.

૧૧૩=ચંગીમાથ નામનું ઘાસ ચોરવાડ ગામમાં થાય છે. તેને તળીએ જમીનની અંદર દાણા થાય છે, તે દાણા ખાવામાં આવે છે. તે ઘાસનો રસ તથા પાનની લેપડી હરસને લગાડે.

૧૧૪-ધુંઈ ચીમચીડીનો છેડ અથવા સુકેલો દેડકો, વાગ વાગબાનો છેડ એમાની એક ચીજની ધુપ આપવી.

૧૧૫-મસા ખરી પડે—ચણોઠી, ફુગાસપાપડો દરેક પાંચ તોલા સાથે નીપાળગોટો, ત્રચનાક, સીંદુર એ સઘળાંને જમુના રસમાં ખરળ કરી મસા પર લગાડે.

૧૧૬-મુળ વાળી—હરસ ખરી પડે—કાળો ચીત્રો, ટંકણખાર, લગન, ગોળ સંભાગે મેળવી હરસપર લેપડી મુકે તો હરસ ખરી પડે (આ ઇલાજ ઘણાઓને જાણીતો છે.)

૧૧૭-હરસને ફાયદો કરે—ભુંજેલા ચણાના દાળીઆ રોજ સવારે બે તોલા ખાય અથવા પાણીની તરસ લાગે ત્યારે દાળીઆ બે તોલા ખાય અથવા બેન દાળીઆજ ખાઇને પેટ ભરે, બીજું કશું ખાય નહીં તો ઘણો ફાયદો થાય.

૧૧૮=મલમ. હરસ માટે=સોઠણી સોપારી, કાથો રસોત એલચી, અખરોટ એકેક તો. દોહેલું ગાયનું ઘી લઇ તેમાં મેળવી લગાડે.

૧૧૯=ચીતની છાલનો રસ ૧) તો. ઘી.માં રોજ ખાય.

૧૨૦=ચીની કબાલાના ૧૫ દાણા પાણી સાથે પીવા.

૧૨૧=ચિત્રાનું મુળ દુધમાં નાખી દહીં બનાવે, તે દહીં તેની છાસ અથવા તેનું ઘી સેવન કરે: જડામુળથી વધે. હરસ મટે. માટીના વાસણમાં ભોયરીંગણીનો રસ ચોપડવો. તેમા છાસ રાત્ર ભરવી, અને સવારે પીવી, ૨૫) દીવસ ચાલુ પીવી.

૧૨૨=થોડા દીનમાં હરસ મટે—ચિત્રો, સિંધાલુણ, કરંજ, ઇંદ્રજવ, બકાન લીંબના પાન, સંભાગે ચુરણ વા તો. અથવા વા તો. છાસ સાથે રોજ બે વાર લેવો. આ ઇલાજ ખાસ અજમાવાની ભલામણ છે.

૧૨૩=બ્રહ્મચારી બાવા આતમારામની ખાસ ભલામણનો ઇલાજ મળેલો=ચિત્રાની જડ, ઇંદ્રજવ, સીંધવ, સુઠ, મરી, કનજના બી. સંભાગે ચુરણ ૦ થી ૦ાા તો. છાસ અથવા દહીં સાથ રોજ બે વાર ખાય.

૧૨૪=ધુંઇ મેદેર કચરાની ધુંમ રોજ બે વાર લીએ, ધુંઇ લીધા પછી એળીઆના પાણીનું પોતું હરસપર મુકે.

ઝહેર કચરાને, અફીમ સાથ ઘસીને લગાડે.

૧૨૫=જાસવાના ફુલની લેપડી મુકે.

૧૨૬=હરસ માટે છાસનું સેવન કરવું ઘણું સારૂં છે.

૧૨૭=ગીવાની છાલને અથવા મુળને ઘસીને બરાબર કોરાં કાદવના વાસણમાં લગાડીને તેમાં દુધ નાખે. એક રાતમાં તે દહીં થશે તે મલવાર દરદીને ખવાડવું થોડા દીવસ ખાવું. દહીં ખાવામાં આવે તો હરસ નાબુદ થાય

૧૨૮=હરસ માટે—છાશ રંગ બદલે ત્યાં સુધી તેમાં કંકુ મેળવે, ને છાશ તરત ક પીવી

૧૨૯=તબુના ઝાડની છાલ પાણીમાં મુકી તડકે અને ઝાકળમાં ૮ દીન રાખે ને પાણી ઉકાળે અને પીવામાં લીએ.

૧૩૦=હરસનું લોહી બંધ થવા માટે—જાયફળ કોતરીને તેમાં એક ટાંક અફીણ ભરે. જાયફળનું મોઢું બંધ કરે. ધતુરાનાં ડીંડવામાં તે જાયફળ મુકી તે ડીંડવું બંધ કરે અને તે ડીંડવાને ઘઉંના આટાથી કપડ છાણ કરે અને છાણાની આગમાં મુકે, આટો બળીને કાળો થાય ને કાઢી લીએ આ જાયફળને ખરલ કરી તેમાંથી ૪ ચોખાપુર ૧ દરદીને રોજ ચોખાના ધોવણમાં આપે તો લોહી બંધ થાય.

૧૩૧=મસા—હરસના મસાને ઠંડા પાણીની પીચકારીથી વારંવાર ધોવાથી અથવા ગમે તો ઠંડા પાણીમાં રૂ ભીંજવી મસા ઉપર દાબવાથી લોહી નરમ પડે છે.

હરસનું લોહી કળતર, દુખાવો માટે—ાા તોલો જીરાંની ફાકી પાણી સાથે લેવી

૧૩૨—ચમાર દુધેલીના પાન વાટે તેનો રસ ૧) તો૦ ગાયના ઘી સાથે રોજ સવાર ૭ દીન ખાય પછી ચોખાની ખીર બનાવી ગાયના ઘી સાથ રોજ ખાવી.

૧૩૩—દુધ ાા સેરમાં લીંબુની ૧ ચીર નિચવી તરત પીવું. અથવા દહીંનું નીતરૂ પાણી ાા સેર પીવાથી. અગન તરત બંધ થાય.

૧૩૪—ત્રિફળાં સરપખાના મુળ, નવસાર સંભાગે ચુરણ ાા તો૦ ગાયના ઘી સાથ ખાય. દર્દ અને બરોળ માટે.

૧૩૫—ચમાર દુધેળીને ૨) તો. ઘીમાં તળીને ૭ દીન ખાય તો લોહી હમેશ માટે બંધ થાય. આ ઇલાજ સર્વોત્તમ છે.

૧૩૬—હંદીઆ ધુવરને પાપડ સેકે તેમ ઉંગાર પર સેકીને રસ કાઢે તેમાં જાયફળ, એળીઓ, સમદ્ર ફીણ મેળવી લેપ કરે. કાંઠમાં ગાંઠ થાય તેને બી એ લગાડે.

૧૩૭—માણસનો નખને સીસીમાં પેક કરે, તે સીસાને ચાવલ મુકતા હોય તેમાં મુકે: સરૂઆતમાંજ તે સીસી ચાવલમાં મુકે. ચાવલ પક અને બફાઈ ને બંદા પડે ત્યારે સીસી કાઢે, તેમાં બનેલું તેલ હરસને લગાડે તો મસાખરી પડે. તેલની અગન ન ખમાએ તો આમળી અને કોમડાના પાનની ચંદી લેપડી અથવા દહી મુકે.

૧૩૮—લિલુ નામનુ ઝાડ છે તેના તેલના પોતાં હરસ પર મુકે તો દુખાવો નરમ પડે, અને વૈદની અથવા એ. ઈલાજ કરનારની નામના થાય.

૧૩૯—હરસ માટે આસવ= લિલુ (ઝાહાડ) નો રસ ૨૫ll શેર પાણી મળ કરે તેવી બરણીમાં નાખે.

ધાવડીના ફુલ, આંબળાં, ખજુર દરેક ૮ તોલ કાલી ૧૮, ઈંદ્રજવ, ધમાસો, મરી, પીપર, નાગ સુદ, અસ્લેવેનસ, એલચી, ધેનુ મુરબ, સફ્લી લવંગ, દરેક ૪, પીપરીમળ, વાય વડીંગ, ચિત્રા દરેક ૪] તો. ગોળ ૧૪] તો૦ એ બધાને મેળવી બરણીનું મોઢું જમીન પર દેખાતુ રાખે તો ઉપર તડકો પડવા દીએ. ૧૫] દીવસ પછી માયાને, ફીણ ચતુ અટકે અથવા અવાજ થતો બંધ થાય અથવા વાસણના મોંઢા આગળ બળી રાખે તે બુજાઈ જાય નહીં. ત્યારે આસવ થયેલો જાણવો.

૧૪ ધુંઇ રસ—હરસ ઉપર તમાકુની લેપડી મુકવી.

૧૪૧ હરસ માટે—ટંકનખાર, હાથીદાંત દરેક ૦l તોલો લઈને તેનો ધુમાડો આપવો. આથી હરસ સારો થાય છે.

૧૪૨ હરસના મસા—હરસના મસા માટે કાળા તલ, ગાયનું માખણ સાકર એકેક પઇસા ભાર રોજ ખાવું.

૧૪૩ ૧૪૪=હરસના દરદ માટે—જંગલી તુલસીના પાનરાં દહીં સાથે ૭ દવસ ખાવામાં લે છે.

૧૪૫= રસના મસા બહુ અકરસાટ કરે તો ટંકણખાર, કાથો, ગંધક, દરેક ૦: તો. ઘી ૨ll તોલાનો મલમ કરી લગાડ.

૧૪૬- રસના મસા ખરી પડે—ચીત્રક, ટંકનખાર. ગોળ, હળદર સંભાગે મળી હરસ પર લગાડે.

૧૪૭–કોડો કબજ. હરસનું લોહી—એ માટે તલ ઉપયોગી છે. તલને ઉકાળો કરી પીવો અથવા લાડુ બનાવી ખાવો. ગર્ભવંતી સ્ત્રીને તલ ઘણા જથામાં લેવાથી અડચણ થાય છે.

૧૪૮–હરસ—તુવરની દાળમાં હળદો ગાંઠીઓ બાફ્વો જથામાં સૂકવવો. પાણીમાં ઘસી લેપ કરવો. હરસ નરમ પડી મળકા તરત બંધ થને

૧૪૯–હરસ માટે—તેલ અને નાગકેસર સંભાગે ખાવાથી હરસને ફાયદો છે માખણ સાથે નાગકેસર ખાવાથી લોહી બંધ થાય છે.

૧૫૦+૧૫૧–હરસ માટે—હાથલ થુઅરના લાલ (હડવાં ડોડવાં) નો રસ બે તોલા રોજ બે વાર ૩ દીવસ પીએ તો હરસ **નરમ** પડે. જો ૭ દીવસ પીએ તો મસા ફરી ઉપડે નહીં.

હરસ માટે—નાગકેશરના બીજ, ઇંદર જવ, જાયફળની સંભાગે ચુરણ કરી હથેલી ભરી ચોખાના ધુણ સાથે ૭ દીવસ સુધી ખાવું.

૧૫૨–હરસનું લોહી બંધ પડે—નાગલી દૂધેલીના પાન ૪ તોલા ઘીમાં તળી ખાય તો તત્કાળ લોહી બંધ થાય.

૧૫૩–હરસ માટે—નાગ કેશર, સાકેર સંભાગે મેળવી ા। તોલો પાણી સાથે સવાર સાંજ ખાવું.

૧૫૪+૧૫૫–હરસ માટે—લીલું કોપરું અને સાકર ચાવી ખાવું.

૧૫૬–હરસનું પડતું લોહી તરત નરમ પડે—નાળીએરના ઉપરની ચોટલી અથવા તેનું આખુ છોતું બાળી તેની રાખ કરી તે **રાખ** વાલ બે લઇ દહી યા મલાઇ સાથે ખાવી. ગુણ ન માલમ પડે **તો** રાખ ૪ વાલ લેવી.

૧૫૭–ધુંઇ—ારૂડીઆના બીનો ધુમાડો આપે.

હરસ જાય—ાા તોલો ધાણાં છુંદી પાણીમાં ભીંજવવાં. તે **પાણી** પતાસાં સાથે પીવું.

૧૫૮–હરસ માટે—ખાગ્રા તથા બનફ્સા દરેક ા તોલો **છુંદી** પાણી સાથ પીવા. શરીરના ઝીણા મસા તથા તલ ઉપર પાણી વાટીને લેપડી મુંક તો તે નીકળી જાય.

૧૫૯–હરસનું લોહી બંધ પડે—નાગલી દૂધેલીના પાન ૪ તોલા ઘીમાં તળી ખાય તો તત્કાળ લોહી બંધ થાય ઓગા ભૂકો પણ ખાવામાં વપરાય છે.

છલાપાલાનો ભૂકો બનાવવાની રીત—જે છાલાપાલા ચોમાસા-માંજ મળે છે તેને સુકવી રાખવા કરતાં તેની ચટણી બનાવીને

નીકળે એટલો રસ કહાડી તે રસ તડકે સુકવી ભુકો કરી રાખવો. અને તેનો ફાવે ત્યારે ઉપયોગ કરવો.

૧૬૦—હરસ માટે દારૂ—ગોળનો દારૂ—સુંઠ ૧ શેર, હરડે ૧ સેર, જુનો ગોળ બશેર, પાણી ૬ શેર મેળવીને તાંબાના વાસણમાં પેક કરી ઘોડાની લીડમાં ૧૫ દીવસ દાટે, પછી જેમ સરાબ ગાળે તેમ તેને જંતરથી ગાળે. એ ગાળેલા દારૂમાં બે વાલ કસ્તુરી મેળવે. દારૂ પાંચ તોલા અને ગુલાબજળ ૪ તોલા મેળવીને દરદીને બે વાર પાએ.

૧૬૧—હરસના મસાનું લોહી પડતું હોય ત્યારે ટાડા પાણી બા શેરની પીચકારી સફરામાં રોજ લેવી. એથી અંદરના ભાગમાં લોહી ફરતું થાય છે, અને તેથી મસા બધાતા નથી. અને ઝાડો આવે ત્યારે કનઝવું પડે નહીં.

૧૬૨—ફટકડી એરંડીઆમાં મેળવી લગાડવી.

૧૬૩—હરસને ફાયદો કરે—બીરબહોટીની રાખ, સફેદ કાથો, સંભાગે લઇ થઘમાં મેળવી હરસ પર લગાડે.

૧૬૪—રસ વીકારના મસામાંથી આમ અને પરૂ પડે છે.

વા વીકારના મસા સુકા હોય ત્યારે ફક્ત દરદ થયા કરે છે.

ધુંઘ બાવળની સુકી પાલી અને ઉંદરના લીંડીની ભુકીને દેવતા ઉપર મુકી તેના ઉપર કાણવાળું નાડું ફુંકુ ઉંધુ મુકવું. ૨) આંગળી જાય એટલું કાણું કુંડાને વચમાંથી કરવું આ કોતરેલા ભાગ ઉપર સફેરો મુકીને હરસ ઉપર ધુંઘ લગાડવી. એ મુજબ દીવસમાં ત્રણ વાર સાત દીવસ ધુંઘ આપવી.

૧૬૫—ધુંઈ ઘોડાના બાળની ધુંઘ આપવાથી હરસના મસા મટે છે.

૧૬૬—નાગડ (સભાલુ) ના પાનનું ચુરણ બા તોલ ગોળ સાથ ખાય.

૧૬૭—માંયરીગણીના નાના ફળને કોઠીઆમાં ભરી કપડ છાદ કરે; તેને છાયામાં સુકાવી ચુરણ બનાવે. ૧] ની ભાર ચુરણ કપુરી પાન સાથે રોજ ૩] વાર ૧૪ દીન ખાય. આથી શરીરે શાંતી આવે, લોહી સુધરે, હરસ મટે, દસ્તાન અટકાવે. દરેક જાતના નીકળતું લોહી બંધ પડે.

રસવંતી, મંજીઆર, એકેક તોલો, માયા નવસાર દરેક બા તોલ મુળાના રસ સાથ ચાની બોર જેવડી ગોળી બનાવે રોજ ૨) ગોળી ખાય.

૧૬૮—માંયરીગણીના મળની છાલ છાયામાં સુકવેલીનું ચુરણ ૧] વાલ રોજ ૩) વાર લીએ.

૧૬૯—ભારંગીના મૂળ ૧) તો. પાણી ૫) તો મેળવી રોજ ૩) વાર પીવું. ખોરાકમાં ફક્ત છાસ એકથી લેવી. હરસ નિરમૂળ થાય.

૧૭૦+૧૭૧-બીલામુ ૧) નંગ, આમળી ૫) તો૦ પાણી સાથ વાટી પીવું. બીલામાની ગરમી આમળીથી ટુટે છે.

૧૭૨-હરસ માટે—મનસીલ તોલા ૧૦, આકડાનું દુધ તોલા ૮૦ તેલ તોલા ૨૦, હળદર તોલા ૧૦, એ સરવેને ઉકાળી તેનું તેલ બનાવી હરસ પર લગાડે.

૧૭૩-મસા શરીર ઉપરના ખરી પડે—મીઠું ને કેવાનું પાણી મેળવી લગાડે.

૧૭૪-હરસનું લોહી બંધ થાય—મુળાના પાનનો રસ એક તોલો તેમાં એક રતી ગધકના ફુલ મેળવી પીએ.

૧૭૫-હરસ તરત માટે—મુળાના કંદ અને પાન વચેનો લીલો ભાગ મુકી તેનો રસ બે તોલા ૨) તોલો ઘી સાથે મેળવી સવારે પીવો.

૧૭૬—મસાં સુકા, જે દરદ કરે પણ જેમાંથી લોહી નીકળે નહીં તે માટે રસોત મરી ૧૫ તોલા, સુવા ૨ શેર ખાંડીને મધ સાથે મેળવી પાક બનાવી રાખવો. રોજ બે વાર વા થી ૧ તોલો લેવો.

૧૭૭-હરસ માટે—ખાવાનું મીઠું પેશાબમાં મેળવી લગાડવું.

૧૭૮-હરસ માટે—મોરથુથુ અને ટંકણખાર દરેક તો. ૧ લઈ બાળીને વાટી ૩ દીવસ લેપડી કરે તો મસા તુટી પડે. પછી સાદી ગોળા બાંધી તેની લપડી કરે (આ ઈલાજ આકરો છે)

૧૭૯+૧૮૦—હરસનો મલમ—મીણ ૧ તોલો ઘી ૪ તોલા, માવા અને મીઠું ૧ તોલો એનો મલમ બનાવી હરસ પર રોજ બે વાર લગાડે તો હરસ ઝરી જાય.

૧૮૧+૧૮૨=હરસ માટે—બે તોલા મઠને બુડતાં પાણીમાં એક રાત ભીંજવે, સવારે તે મઠને ઘી અને જીરામાં વઘારી ભુખે પેટે ખાય, ૩ દીવસમાં ફાયદો થાય.

૧૮૩—રતનજોતના ફુળની લેપડી હરસ પર મુકે.

૧૮૪—નાકમાં મસા, નાકમાં કીડા—રાળ તોલો ૧, ગાયનું ઘી શેર ૦।, કકડાવીને ૭ ટીપાં નાંકમા દીન ૧૪ સુધી મુકવાં.

૧૮૫-હર્ષ—બલોહોર, લોહી જામેલું—રગત રોહીડાને ગાયના મુતરમાં ઘસી પીવું અથવા ચુરણ ઘીમાં લેવું.

૧૮૬—હરસ મટે—રસમતી અને ગરમાળાનો ગર સંભાગે જુના ગોળમાં મેળવી લગાડે અને એક વાલની ગોળી કરી રોજ એક ગોળી બજુ વાર ખાય રસપાટને નામે કલકત્તામાં એ દવા ઓળખાય છે.

૧૮૭—સરમાડ઼ે ઝાડ—રીસામણી-લજામણું-બાજવરધી, હરસ માટે એની લેપડી મસા પર મુકે તો મસા નરમ પડે.

૧૮૮—હરસ મટે—રસમતીનો ઘસાડો હરસ પર લગાડે તો પેહેલાં લોહી નીકળે પછી મસા સુકાઇ જાય. રસમતી બે રતી રોજ બે વાર ખાવી.

રસવતીની બનાવટ—દારૂ એક તોલો અને લીલી હળદર મેળવી બારીક કરવી, તેમાં તેના વજનથી આઠ ઘણું પાણી નાખી ઉકાળવું, અરધું પાણી બળી રહ્યા પછી આઠ ઘણું (૮ તોલા) દૂધ નાખી ઉકાળવું પ્રવાહી સઘળું બાળી નાખવું.

૧૮૯—રીસામણી (લજામણી) નો રસ ૨) તો. ઘી સાથ લેવો. મનસીલ, હળદર લવંગ ગજપીપર એક તોલો. ગજવેલ ૦। તો. પાણીમાં ઘસી ૧૪ દીન દર્દ પર લગાડે.

૧૯૦—જાદુઇ અસર કરનાર ઇલાજ—રસવંતી ૧॥ વાલ પાણીમાં મેળવી કપડેથી ગાળે, ને મધ અથવા સાકર સાથ રોજ બે વાર ખાય. લોહી પડીઆ પછી આ ઇલાજ શરૂ થાય તો જાદુઇ અસર દેખાય. દવા થતી છે દર્દીએ હવામાં ફરવું નહીં.

૧૯૧—હરસ માટે—વાડીમાં જમ લીંબુના ઝાડ ઉપર ૭ લીંબુ આતવારને દીવસે લાવે. રોજ એક લીંબુ ૭ દીવસ સુધી ચુસે, તો હરસનું લોહી બંધ થાય.

૧૯૨—ચીભડાનું તેલ મસા ઉપર જરૂર લગાડવું. મનાસમા એ જાણીતો ઇલાજ છે, ઠંડક આપે છે અને મસા ચીમડાઇ જાય છે.

૧૯૩—હરસ—૧ તોલા લીમડાના તેલમાં ૧ વાલ કપુર મેળવીને તેનું એક ટીપું પતાસામાં મેળવી રોજ સવાર સાત દીવસ ખાવાથી મસા સારા થાય છે.

૧૯૪—હરસ માટે—લીમડાના ૨૧ પાનને ફોતરાં વગરની મગની દાળ સાથ વાટી તેના વડા બનાવી ઘીમાં તળીને ૨૧ દીન સુધી રોજ ખાવાં. સબંધનું મીઠું ખાવું નહીં, સીંધવ થોડા ખાવા.

૧૯૫—હરસનું લોહી બંધ થાય, અકરસાટ નરમ પડે—લીમડાના પાનનો રસ એક તોલો, ઘી સાકર સાથે મેલવી પાંચ દીન પીવો.

૧૯૬-૧૯૭—ધુમાડી—લસણના છોડાં (ફોતરાં) ભેસના સીંગડાની છોડ, પક્ષી ચામચીડીઆની અઘાર, હાથી દાંતનો વેહર, માછલાના

ભીંગરાં, એમાથી કોઇ બી એક લેવું. જમીનમાં બે વેંઢ ઉંડો ખાડો, ખણી તેમાં દેવતા મુકી તે ઉપર ઉપલો ભુકો ૧ તોલો યા વધુ મુકવો. ખાડા ઉપર ઉઠોણી અથવા ધુંટીનું પડ મુકવું, અને ઉપર એવી રીતે ચપટ બેસવું કે સઘળી ધુંઈ ગુદાને લાગે. ૦। કલાક ધુંઇ લેવી.

હષ ખરી પડે—લીબોડીનું મગજ તેલમાં તલે. અને મોરથુથુમાં મેળવે અને ઘી સાથ મેળવી લગાડે.

૧૯૯—લીંબોલી, જુની સોપારી, ઘોડાના નખ એની ગોળી બનાવે, પાણીમા ઘસી લગાડે.

૨૦૦—ઈમદાના ૨૧) પાન મગની દાળ સાથ મેળવી ભજીઆં કરી ૨૧) દીન ખાય. ભજીઆમાં કોઇ જાતનો મસાલો નહીં જોઇએ. ખોરાકમાં ભાત અને ખવાય એટલી છાસ બીજુ કાંઇ નહીં.

૨૦૧—લીમડાના તેલમાં ગંધક સમાયલો છે, તેના ગુણ ચાલ-મોગરા તેલ સારસાપરેલા, અને કાડલીવરના જેવા છે. લીમડાનું તેલ ૨ વાર ૨.૦૮ પીવાથી ફોલ્લીઓ અને બરસ ચામડીના દરદો મટે.

૨૦૨—૨૦૩—બનાસા અને લીબોડીના ફળીઆ ચાવી ત્રાંબાના કળ-સીઆમાં પાનુ રાખી તેમા મુકે: પાતાળ જંતરથી તેલ કાઢે. ૧૫૦) છાણાના તાપે કરે. તેલ નિકળે તેના ૩) ટીપાં ઘીમાં નાખી ખાય.

૨૦૪—સકાં મરચાં, કાચો ગોળ, કેળાનું અથાણું વગેરે એ ખાવાથી હરસનુ જોર વધે છે,

૨૦૫—ગુદાની ત્રીજી વળીમાં હરસ હોય, બહાર દેખાય નહીં પણ ફાટ આવે તે માટે=કાળી દરાખ, સોનામુખી, આમલીની ખટાઇ, ત્રીફળાં, ઈદ્રજવ વાવડીંગ ૧) ૧) તો. ખાડી પાણી ના શેરમાં ૧) રાત ભીંજવવું. સવારે ગાળી ૨) તો. ગોળ નાખે, રોજ ૧) વાર ૩) દીન પીવે. મસા અંદરના હોય ને લોહી પડે તે મટે.

૨૦૬—વડની છાલ ખાવાથી લોહી પડતું અટકે છે.

અથવા વડની કુમળી રેખા સહવારે ખાવી.

૨૦૭—ધુંઈ હરસ માટે—વછનાગ વેલાના પાનની ધુંણી લેવાથી હરસ મટે હરસ જો બહાર નીકળે । હોય તો કરમાઈ જાય.

૨૦૮—હરસ મટે—જુવારના ખેતરમાં વછનાગ ઘણો થાય છે. એના પાતરાની લેપડી સફરા ઉપર મુવાથી લોહી બંધ પડે છે.

હરસ માટે—વસંતવેલો જાતે ઘણો ઠંડો છે. એના પાંદડાંનો રસ કાઢી કાદવના કોડીઆમાં ગખવાથી જેલી જેવો બંધાઈ જાય છે.

૨૦૯—માટે—વસંતવેલાનો રસ અને રસ સત્યાનાશીના છોડનો રસ સરખે ભાગે મેળવવો, તે ગરમ કરવાથી પાતલો રસ થશે તે બાટલીમાં ભરી મુકવાથી બગડશે નહી.

૨૧૦=હરસ માટે સુરણની ગાંઠને છોલી છીણી નાખી સુકવીને ભુકો કરેલા ઘમાં તળવા, પછી ખરી સાકરના શીરામાં મેળવી એલચી, વરસ કપુર, બદામના મગજ મેળવી ચકતા પાડવાં. ૪ તોલા દરરોજ સવારે ખાઈને દુધ પીવું. હરસવાળાં દરદીને દવા તરીકે સુરણ ઘણું ખાવું. રોટલીમાં સુરણ, શાકમાં સુરણ, પુરીમાં સુરણ ફાવે તેમ સુરણ બહું ખાવું.

૨૧૧—હરસ માટે નરવલું સુરણ ગોળ સાથે રોજ સવાર સાંજ ખાવું. સુરણ ભાગ ૯. સુંઠ ૨, મરી ૧, ગોળ ૧૬ ભાગ મેળવી સવાર સાંજ ॥ા તોલો રોજ ખાવું.

દરેક જાતના મસા માટે ઉપલું સુરણ છે. ઝાડો કબજ હોય તો સુંઠને બદલે હરડે લેવી

પીતના મસા હોય તો ઉપલાં સુરણમાં ગોળને બદલે સાકર લેવી, હરસના મસા તથા મસાની ચુળ થાય તે માટે—સુરણ (વધતું સુરણ વધારે ગુણ આપે) સુકવી, તેની ભુકી બનાવી: તેમાંથી ॥ા અથવા ॥ા તોલો અને ખાંડ ॥ા તોલો મેળવી દરરોજ સવાર સાંજ ખાવી.

૨૧૨—મસા માટે—સોમલખાર વાલ ૩. સુરોખાર વાલ ૪ સંચોરો સાજીખાર, અંબરવેલ દરેક બે વાલ, એનો ભુકો લીંબુની ફાડમાં ભરવો, તેનો રસ મસાને લગાડવો લીંબુની ફાડ મસા ઉપર દીન ૩ સુધી બાંધવું. મસો નહીં ખરે અને ફાયદો નહી જણાય તો ખુશબોવાળા રાંધેલા ચાવલ અને ખાંડ તે ઉપર બાંધે. ઇલાજ આકરોછે.

૨૧૩—હરસના મસા ઉપર લગાડે તો ખરી પડે—સધેસરાનું મુળીઉં, કળી ચુનામાં ઉકાળીને પછી તે મુળીઆને થી સાથ ઘસીને મસા ઉપર લગાડે.

૨૧૪—બાફેલા સુરણનુ ચુરણ, તેલ અને સીંધવ મેળવીને રોજ ખાવું.

૨૧૫—સુરણ ૮ ભાગ મરી ૧ ભાગ, સુંઠ ૨] ભાગ, ચીત્રા ૪ ભાગ, ગોળ ૧૬ ભાગ, મેળવી ૧ તો રોજ ખાવું.

૨૧૬–ધુંઈ હર્ષ માટે ધુપ—નગોડ, આસંધ, ઓંવરીમગ્ગી, લીંડી પીપર એનું ચુરણ કરી ધુણી દેવાથી અંદરના હર્ષ બહાર નીકળી આવે છે, તેથી ઉપર શરગવાના મુળના રસમ. સોમલ ઘસી ૧] વાર લગાડે તો તાતકાળ નરમ પડે. બહુ સંભાળથી લગાડવું કારણ તે બહુ ઝેહેરી છે.

૨૧૭–બાવાસીરનો ઇલાજ—૧] શેર સુરણ (વવળાનું સુરણ વધારે સારૂં) બાફીને તેનો આટો બનાવવો. ગોળ જુના ૧) શેર, (સાકર) શેર ૧ તથા પીપળ મુળ, વાયવરંગ, તમાલપતર, નાગકેસર, સોનાડીની જડ, મુસલાની અજમો દરેક નવનવ માસા લેઇ એ બધાનો ગોળના સીરામાં પાક બનાવી ૧] થી ૨ તોલા રોજ ખાવો.

૨૧૮–સુરણ રોજ ખાવામાં લીધુ હોય તો ધાતુ વધારે અને હરસના મસાને મટાડે છે. વવડતુ સુરણ વધારે ગુણકારી છે.

હરસ મટે—૫ શેર કાચાં સુરણને સુકવી તેનું ચુરણ ૦॥ તોલો રોજ બેવાર થંડા પાણી સાથે ખાવુ. સુરણ બધુ પુરૂં થાય ત્યાં સુધી ખાવું.

સુરણના પાંતરાની ભાજી બનાવી રોજ બે વાર ખાએ.

સુરણનાં કટકાને ઘીમાં તળી ચાસ પાછ મુરબ્બો બનાવી રોજ ખાએ.

૨૧૯-હરસ માટે—સુરણના કકડા ઘીમાં તળી ખાવાથી હરસ ત્રણે પ્રકારના દુર થાય

૨૨૦–વવરતાં સુરણનું ચુરણ ૩૨ તોલા, ચીત્રો ૧૬ તોલા, સુંઠ ૪ તોલા, મરી ૨ તોલા, એનું ચુરણ અને તેથી બમણો ગોળ મેળવી ૦॥ અથવા ૦॥॥ તોલો રોજ ખાવુ. એને સુરણવટીક કહે છે.

૨૨૧–અપ—હરસના ઇલાજ. હરસ સફરામાંથી બહાર આવે ત્યારે સોમલને સરગવાના મુળના રસમાં ઘસી લગાડે તો તરત ખરી પડે પણ દવા ઝેરી છે. સમજદાર વઇદે વાપરવી અથવા ચોલાઈની ભાજીના રસમાં સોમલને ખરળ કરે. રસ ઘણો વાપરે અને હરસને લગાડે હરસ ખેરવવાનું કામ સોમલનું છે પણ તેની અગન ઓછી કરવા માટે બીજી વસ્તુ મેળવવી પડે છે. આ ઇલાજ જોખમભરેલો છે અનુભવીથીજ થઇ શકે.

૨૨૨–મસા શરીર પરના ખરી પડે—સંચોરો અને કળીચુનો સંભાગે લઈ પાણીમાં મેળવી પીછી વડે તે મસા ઉપર લગાડે. સફરાના મસા ઉપર એ દવા લગાડવી નહીં બહુ જલદ છે.

૨૨૩—મસા શરીરપરના ખરી પડે—સંચોગે ફુળવેલો અને સભાગે કળીચુનો અને ત્રીજે ભાગે કાંદો (ડુંગરી) મેળવી લગાડે.

૨૨૪—હરસના મસા માટે—સંચોરો અને ચુનો એનો પાણીમાં મલમ કરી લગાડે તો મસો ખરી જાય.

૨૨૫—હરસના મસા ચીમરાએ—સંધેસરાની પાલાને પાણી સાથ ખુંદી લેડા કરી સફરા ઉપર મુકે તો મસા ચીમરાએ, અને અગન નરમ પડે.

૨૨૬-હરસ માટે—સુરોખાર પાણીમાં વાટી લગાડવો તેથી હરસ નીકળી પડે છે

૨૨૭—મસા જડમુળથી જાય—સસલાંની કાપી તેના કાળા ગુરદા તરત કાચા ચાવીને ખાઇ જવા.

૨૨૮—હરસ માટે—સુરણ આખું અથવા તેના કટક કેળના, દીવેલાના અથવા બીજા પાદડાંમાં વીંટાળી તેના ઉપર માટીનો થર દેવો તે સુકાયને છાણામાં પકાવી લેવું (આ બનાવતને પુટપાક કહે છે,) આ માલ સુકવીને તેનું સુરણ ા તોલા, તલ અને ગોળમાં મેળવી રોજ ખાવો. (ઘણો જાણીતો ઉપાય છે) સુરણનું શાક વારંવાર ખાવું તેમાં પણ ગુણ છે.

૨૨૯—હરસ માટે સુરણ બહુ ગુણકારી છે. વવરતા સુરણને કપડછંદ કરી છાણાના છગામાં ભારી તેનું ઝેર કહાડી નાખે તેને ખમણી જુદા કરી સુકવે અને ાા થી ૧ તોલો દુધમાં ઉકાળી રોજ ખાય તો હરસને બહુ ફાયદો કરે છે.

૨૩૦—હરસની ચુળ થાય તે માટે ૫ શેર સુરણ કાપી, તેની ભુકી કરી, રોજ ા થી ાા તોલો ખાયા કરવી. ૫ શેર સુરણની ભુકી પોહાંચે ત્યાં સુધી ચાલું ખાવી.

૨૩૧—હરસના દરદીએ મીઠાંને બદલે સીંધવ ખાવું.

૨૩૨—મસા સાત દીનમાં મટે— સુરોખાર, જવખાર, ટંકણખાર, સીંધવખાર, દરેક ા તોલો તેઓને મેળવી સાત ભાગ કરવા. ૧ ભાગ રોજ ૭ દીવસ સુધી પાણી સાથ ખાવો.

૨૩૩—હરસ માટે—સુંઠ ૧૨, પીપર ૮, મરી ૪, પીપળ ૧૨, ચળક ૪, તાલીસ પત્ર ૪, નાગકેસર ૨, તમાલ પત્ર ાા, એલચી ૧, તજ ૧, વાળો ૧, જુનો ગોળ ૧૨૦ તોલા, આ બધાનો પાક કરી તેમાંથી ાા તોલા પાક પાણી સાથે જમવા પહેલા લેવો,

૨૩૪—સાકર, બરીઆળી, એલચીનું ચુરણ ફાકવું.

૨૩૫=વરીઆળીની જડ પાણીમાં ઘસી પાછલી રાતરે રોજ પીવી. ત્રાંબાના વાસણમાં રાખેલું પાણી પછી પીવું. આથી ઝાડો સાફ થાય. ત્રીફળાં રોજ ખાવાથી હરસને ફાયદો થાય.

૨૩૬=ધુંઇ—વાંદરાની અઘાડની ધુંધ આપે.

૨૩૭=ધુંઇ હળાદ, ઉપલેટ પાણીમાં ઘસે તેમાં ૧ રતી સોમલ મેળવે. હરસ પર રોજ ૨) વાર લગાડે. ૬) દીવસ પછી કમોદ અથવા સુખવેલ ચોખાનો ભાત દહીં સાથ મેળવી મસાપર બાંધે, મસા ખરી પડે- ભોંયડીના મળના ઉકાળો હાળીમાં નાખે ને ઉપર દરદી બેસે તો ફેર આવે. વાલ, કેળુ, કોળું, ખાવું નહીં.

૨૩૮=હરડે અને અળાઓ, માફક આવે તેટલો રોજ ખાય.

૨૩૯=હરસના મસા મટે—હરસ ૩) જાતના છે. ગરમીના એટલે લોહી ગીહારના હોય તો તે ફાટે ત્યાર લોહી પડે છે.

૨૪૦=ગરમીના મસામાંથી લોહી પડે છે. જો મસાવાળો દરદી લોહીઆર હોય તેનું લોહી બંધ કરે તો બીજું દરદ થાય.

બળગમના મસામાંથી બળગમ પડે છે.

ગરમ વસ્તુ ખાવાથી મસાનું જોર વધે છે. દરદીને કંઇક જોઇએ ઝાડા રોજ સાફ અને નરમ આવવા જોઇએ.

નીચે લખેલા ઉપાયોથી મસા સારા થાય છે—

હીમજી હરડે દીવેલમાં તળેલી અને વરીયાળી સંભાગે મેળવી તેમાંથી ૦॥ તોલો ફાકી રોજ લેવી.

૨૪૧=હડતાલ ૨) તો૦ મોડો ૪) તો. ઘી. ૧૦૦) વાર ધોયલું ૬ તો. મલમ કરી લગાડે. ખમી સકાય કેટલી અગન બળસે.

૨૪૨=વડના પાકા પાન જે ખરી પડે તેની રાખ તલના તેલમાં લગાડે.

૨૪૩=નવરાત્રી (નોતરાંના દીવસો) માં નવ દીવસ અપવાસ કરે. સુરણ વવળતું હોય તો બારીને લેવું. અને સારાં સુરણના કટકા કરીનેજ લેવા. તેઓને પાણી નાખ્યા વગર પકાવવાં અંદર સિંધાલુણ, હળદર, ધાનાજીરૂ નાખે. તેલમાં પકાવે. પેત ભરતું ખાય; બીજું કાંઇ ખાય નહી. પાણી પીવાએ. હરસ માટ સુરણ પ્રાધાન્ય છે.

નવરાત્રીના વખતમાં સુરણ રસ ભર્યું રહે છે, અને વધારે ગુણ આપે છે. તેથી નવરાત્રીનો વખત વધારે સારો છે.

ચોકસ રૂતુમાં, અને દહાડાના ચોકસ વખતમાં જ્યારે વણુસપતી પુર જોસમાં આવે છે તે વખતે તેને વાપડવામાં અને કાપવામાં વિસેષ ગુણ છે.

૨૪૪=સુરણ ૧૬ તો. ચીત્રક ૮) તો૦ સુંઠ ૨) તો૦ એના ચુરણને સુરણના રસ સાથ મેળવી ગોળી બનાવે. એ ગોળી હરસને જીતનાર અને જય આ ...ાર છે.

૨૪૫=સમુદ્રફળ હાથીના મુતરમાં ઘસી લગાડે.

૨૪૬=ધુંહી—સાપની કાંચરી, બાળ, ખારકના બી. કડવી ડોળકીના બી. આમલીની છાલ એમાની ૧ ચીજની ધુંણ આપવી.

૨૪૭=શીંગુ ઘીમાં ઘસી મસા ઉપર લગાડવું.

૨૪૮—સરપંખાના મુળ બે આની ભાર પાણીમાં વાટી સાકેર સાથે પીવાથી નાડી બંધ થાય છે.

૨૪૯=હરસનો મલમ—હીરાદખન તોલો, ૦ાા, બોદાર ૦ા તોલો સંગજીરૂં ૦ા તોલો. કપુર ૦ાા તોલો અને માખણ ૧૪ તોલા લઇ મલમ બનાવી ...રા ઉપર લગાડયાથી એ રોગ મટે છે.

૨૫૦=હરસના મસા ખરી પડે.—હીંગ ૪ વાલ, દીવેલાની મીંચ ૧૨ વાલ, લસણની કળી ૧૨ વાલ એઓને છુંદી લેપડી બનાવી મસા ઉપર બાંધે. ઘણા દીવસ બાંધે તો મસો ખરી પડે.

૨૫૨=મસા—હીરાદખન ૦ા તોલો, કાળાં મરી ૦ાા તોલો વાટી, મેળવીને ખાય, ઉપરથી છાસ શેર ૧ પીએ તો હરસ નીકળી પડે. (આ ઇલાજ ઘણો જાણીતો છે.) ૪ દીવસ આ ઇલાજ ચાલુ રાખે

૨૫૨=હરસના મસા (કફના) મટે—હળદનાં ગાંઠીઆને થુઅરના દુધમાં સાત ભાવના દઇને (સાત પત આપીને) તેને પાણીમાં ઘસી મસા ઉપર લેપ કરે.

૨૫૩=હીમજી (હીમજી હરડે) ને પાણીમાં ઘસી મસા પર લગાડે. સાથે જરા અફીણ ઘસી લીએ તો વધુ ફાયદો થાય ખોરાક સાદો લેવો.

૨૫૪=હરસ—મસાનો વ્યાધી મટે—હીમજી હરડે અને જુનો ગોળ ખાય.

૨૫૬=હરસ—૦ા તોલો સેકેલી હળદર કુમારના ગર્ભ સાથે ૭) દીન ખાવી.

૨૫૭=હરસ માટે—હલદરના ગાંઠીઆને થોરના દુધમાં ૭ પટ આપીને તેને પાણીમાં ઘસી મસા ઉપર લગાડે તો મસા મટે અથવા

હરડેની છાલ ૦ા થી ૦ાા તોલો, જુનો ગોળ ૧ તોલો, એને પાણીમાં પલાળી ઘણા દીવસ સેવન કરે. ચુનો. સાજીખાર ખડીઓ ખાર, મોરથુથુ સંભાગે લઇ લીંબુના રસમાં ૩ દીવસ ભીંજવીને મસા ઉપર લગાડે તો મસા ખરી પડે.

૨૫૮=લોહીવાળા હરસ મટે—હીરાદખણ ૨) તોલા, કહેરબા ૧ તોલો, કડવી લીંબોડીનો મગજ ૨ તોલા, બકાન, લીંબોડીનો મગજ ૧) તોલો, રસવંતી બે તોલા લેવી. કહેરબાને પહેલે ગુલાબ જળમાં ઘસવું, પછી બધી ચીજ મેળવીને ચણા જેવડી ગોળી બનાવવી. ૨) ગોળી સહવારે અને ૨) ગોળી રાત્ર રોજ ખાવી

પીડા થયા વગર હરસ ખરી પડે. નીચે મુજબનું તેલ હરસને લગાડીઆ કરે

૨૫૯=ઈંદ્રાકરી ઉપલેટ, કણેરના મુળ, વછનાગની જડ (લાંગલી) સુંઠ, લીંડી પીપર, દાંતીના મુળ, ચીત્રક, અરડુસા સીંધાલુણ હડતાલ. દારૂડી. મણસીલ, કડવીનાઠના બી, વાવવડંગ એકેક તોલો લેવા. ૬૪ તો તલનું તેલ, ૨૫૨ તો. ગોમુત્ર, આકડાનું દુધ ૮) તો૦ એનું તેલ બનાવે અને લગાડે તો વગર પીડાએ હરસ ખરી પડે.

૨૬૦=હલદર, કડવાં તુરીઆંનું ચુરણ સંભાગે લઇ થુઅરના દુધમાં ૩) કલાક મેળવવું અને ઘુંટવું. ૧) તો સીંધવ મેળવવો ઘુટતાં ઘુટતાં સુકાઇ જાય તે ચુરણને ગોમુત્ર સાથ મેળવી ૧૪ દીન લગાડે.

૨૬૧—હીંગની ધુપ આપે. હીંગ ઝાડના મુળમાં મુકે તો ઝાડ મરી જાય તેમજ હરસના મુળને મારે.

હાડકું ભાંગે-હાડકું ઉતરે-મોચકાવું.

૧—હાડકું ભાગે તે જલદી સંધાએ—ગાયનું દુધ તેમાં ઘી. સાકર અને ૦ા તોલો ચાપરા લાખનું ચુરણ નાખી રોજ સહવારે પીએ તેથી હાડકું જલદી સંધાએ.

૨—હાડકું ભાંગે. હાડકું ઉતરે તે માટે લસણ, લાંખ, મધ, સાકર, ઘી મેળવી દરદી રોજ ખાએ તો જલદી સારૂં થાય.. લસણ ખાવાથી ગરમી ફુટે, જુની ફુલ્લી શરીરે થાય ત્યારે ઘી લગાડવું.

૩–ભાંગેલા હાડકાં મીન ખાવાથી જલદી સંધાએ છે.

૪–મોચકાયલા ભાગ માટે—ગરમ પાણીનો સેક કરવો. છંડાની સફેતીમા ગેરૂ મેળવી ગરમ કરી લગાડવું પછી આસપાસ તાપ લગાડી સેકીને લેપને સુકવવો.

૫–ભાંગેલાં હાડકાંપર નાળીએર ખમનેળું, તેલ, સુકી હળદર ગરમ કરી સેક કરવાથી ફાયદો થાય.

૬–ભાગેલાં હાડકાંવાળી જગા ઉપર જેઠીમધને પાણીમાં વાટી તેની ચટણી બનાવી મુકવી.

૭–હાડકું ભાગેલું—ભાંગેલા હાડકાંને બરાબર બેસાડીને જેઠીમધની ચટણી ગરમ તેલમાં મેળવી લગાડે તે ઉપર પાટો બાંધવો, અને દરદીને જેઠીમધ ખાવામાં આપવાથી સાંધો જલદી મળી જશે.

૮–૯–હાડકું ભાગેલું સંધાય—ઘણી જુની ઇંટને બારીક વાટી ા તોલો જુના દુધમાં મેળવી ચોખામાં રાંધી ખાવાથી ભાંગેલું હાડકું આપોઆપ સંધાય છે.

સાંધો મેળવનાર છે—શરીરનું હાડકું ભાંગી ગયું હોય તે વેળા જેઠીમધના ઉકાળાનું સેવન ઘણો વખત કરવું.

૧૦–હાડકું ભાગેલું જલદી સંધાય—લસણ, મધ, પીપળાની છાલ મેળવીને રોજ ખવાડવા.

૧૧–બાવળની છાલનું ચુરણ અથવા બાવળના કુમળાં પરડાનું ચુરણ ા તોલા મધ સાથ ખાવું.

૧૨–ભાંગેલું હાડકું—હાડસંધીનો પાલો ૩ દીવસ બાંધે. રગત રોહીડાની છાલ પણ આ મુજબ બધાય છે.

૧૩–હાડકું ભાગેલું જલદી સંધાય—સાંધવૃક્ષની છાલ ખુંદીને ૩ દીવસ ભાગેલાં હાડકાં ઉપર બાંધવી.

૧૪–હાડકું ભાગે તો તેને પહેલે ગોઠવવું પછી ઉપર પાણીની ધાર નાંખવી અને કપડું પાણીમાં ભીંજવી મુકવું. કળતર નરમ પડયા પછી આંખ ઉપર ઠંડા પાણીના ફટકા મારવા પછી લાલ મરોડીને પાણી સાથ મેળવીને લેપ મારવા અને કપડાનો પાટો બાધવો. ૧૨ કલાક પછી મહુડા. મહુડાની છાલ, આમલીના પાન એઓનો ગરમ લેપ મારવો. ૨૪ કલાક પછી પાણીએ ધોયલાં ઘીમાં ચોખાનો આટો ખુબ મરળી તેનો પાટો બાંધવો. બીજા ૧૨ કલાક પછી ઉમરો, પીપળો, વડ એના છાલનો ઉકાળો કરી તે ઉકાળાથી સેક કરવો એટલે હાડકું સાંધાઇ જશે.

૧૫-હાડકું જલદી સંધાય માટે આસુંદ્રાના ઝાડનું ચુરણ દુધમાં પીવું.

૧૬=ઘઉં, ઘી. અને ગોળનો શીરો રોજ ખાવો.

૧૭=આવળ, ત્રીફલાં, સુંઠ, ગુંગળનું ચુરણ ખાવું.

૧૮=લેપ—ફટકીને ઈંડાની સફેદી સાથ મેળવવાથી સીમેંટ થાય છે. જે ભાંગેલા હાડકાં ઉપર લગાડવાથી મજબુતી આવે છે બાફેલી ઘાભળને ફટકીના પાણીમાં બોળી ફરી પકવે તો ચીકાસ વધુ આવે તેનું સીમેંટ ભાંગેલા હાડકાં પર લગાડે.

૧૯=લેપ ભાંગેલા અથવા મોચકાયલા હાડકાં માટે—ફટકી ૧ તોલો, આંબાહળદર ૨) તોલા ઈંડાના સફેદીમાં મેળવીને તેનો લેપ લગાડવો.

૨૦=મોચકાયા પછી શરીરના સાંધામાં દુખાવો ચાલે તો મધને ઈંડાની સફેદી મેળવી મસળવું.

૨૧=લાચક માટે લેપ—કોપરૂં ૧) ભાગ, હળદ ૪ ભાગ ગરમ કરીને લેપ બાંધવો.

૨૨=ગુંગળનો લેપ અને રૂ બાંધવો.

૨૩=હસેસ=(શેવ ગુંદર) નો લેપ બાંધવો.

૨૪=નાળીએરનું પાણી પીવું.

૨*=ખાંડ અને મીઠું દરેક ૦l તોલો ખાવું.

૨૬=પીપળાનું ૧] પાન ગોળ સાથ ૮ દીવસ ખાવું.

૨૭=ફટકી બે વાલ ગોળ સાથ રોજ ખાવી

૨૮=લચક માટે—તેલ મસળીને ગરમ પાણીનો સેક કરવો

૨૯=હાડગંભીર= હાડકું સડેલું હોય. ઉંડા ઘા હોય તે માટે } દેશી વાલ જે ખેતરમાં પાકે છે તેના પાનની ચટણી બનાવી તે ચટણી જખમમાં દબાગ્રે એટલી રોજ નવી દાબવી.

મોચકાનું હાથ પગનું.

તેલ અને હળદર મેળવી મસળે. આમલીના પાન ૦l સેર, મીઠું ૧) તો. બાફે અને પાટો બાંધે. તેથી કળતર દુખાવો નરમ પડે. પાટો દીવસમાં બે વાર બદલવો (જુઓ. 'હાડકું ભાગે") સાંધા-હાથ વારંવાર ઊતરે તો તે એકવાર બરાબર બેસાડી લેપ નીચે મુજબ બાંધે. મેઠીના દાણાને આખી રાત ભીંજવે. બારીક વાટી

ખંભા ઉપર લેપ કરે. ૩ દાબી પાટા બાંધે તે, સાત દીન રહેવા દીએ, એ મુજબ ૭) વાર કરે. ચામડી બી કદાચ ફાટે અને નવી આવે.

હાડકું કુસે.

અને સાંધા રહી જાય ત્યારે પાકાં ટીમરુનો ગર ઘણા દીવસ લગાડે. (એના ઝાડના ગુદ ની ધુંપ લીએ તો પીસાચ દુર થાય)

હાડકું ભાંગે.

૧=બાવલની છાલ અથવા બાવળની સીંગનું ચુરણ ૦। થી ૦॥ તો. રોજ બે વાર ચાલુ ખાયા કરે.

૨+સાંધ રૂખા અથવા હાર સિંધીની છાલ બાંધવી: હાડકું ઠેકાણે લાવી ૩) દીન રોજ નવી બાંધવી.

૩ અનુંદરાની છાલનુ ચુરણ ૦॥ તો દુધમાં ઊકાળી ખવાડે અને ઘીમાં મેળવી લેપ કરવો

૪=સંધીના પાનની લેપડી મુકે તો હાડકાને જળડી બાંધે. એના પાનને તોડી ૨) કટકા કરો પછી સાથે વળગાડો તો પાછાં વળગી જસે.

૫=લેપ — એળીઓ, બોળ. ગુંગળ શેરી લુબાન ગુજર, રેવનચીનો શીંગ, મહા લાકડી, આંબા હલદ, સાજી, લોહર એનુ ચુરણ પાણીમાં અથવા ગૌમુતરતરમાં લગાડે ઉપર ૩ બાંધે અનેલો લેપ સુકો થાય. તો સ્પીરીટ નાખવાથી પાછો નરમ થાય.

હાથી પગ.

૧=હાથી પગ માટે—બાદર વેલ, સાતુરી, ઘોડાજવ મેળવી લેપ કરે.

૨=હાથી પગ માટે એક તોલો કીરમજ પાણીમા ભીંજવી એકજ વખત પાવાથી ફાયદો થાય.

૩=હાથી પગ. સારંગ ગાંઠ (અંતરડાંનુ ગોળીમાં ઉતરવું) ઉપર આવરના પાંતરાનું વરાળાઉ બાંધે છે.

૪=હાથી પગ માટે—નેટરની જડ સુંઠ, મરી, પીપર. કચરો, અજમો, સુવા, દેવદાર, વાયરંગ એઓનું સંભાગે ચુરણ ાા તોલો રોજ ૩ વાર ખાવું. અને એ ચુરણ પગને મસળવું ૧ મહીના સુધી એ ઇલાજ ચાલુ રાખવા અથવા નફ્ તેલ રોજ બે વાર મસળે.

૫=નાગરવેલ પાનના રસમાં સિધાલુણ મેળવી ગરમ પાણી સાથે રોજ પીવુ.

૬=આવળના પાન બાફી બાંધવાં.

૭=સાટોડી, સુંઠ, અને સરસવનો જાડો લેપ કરવો.

૮=ધતુરો, એરંડાનું મુળ. નગોડ. સાટોડીના મુળ, સરગવાની છાલ, સરસવ એઓના ચુરણને પાણી સાથે મેળવી બહુ જાડો લેપ કરવો.

૭=હાથી પગ. પગે સોજા. } વર ધારાનું મુળ ાા તોલો ગાયના મુતરમાં ઘસી ૧ તો. પીએ એક વરસનો સોજો હોય તે નરમ પડે.

૧૦=હાથી પગને ફાયદો થાય—કસાઇનો છોડ બરૂના છોડને. મળતો છે, એને તેના ઉપર મોતી જેવાં ફુલ થાય છે. એનું મુળ ગોમુત્રમાં ઘસી સોજા ઉપર ૭ દીવસ લેપ કરે.

૧૧=હાથી પગને ફાયદો થાય—ખાખરાના મુળનો રસ સરસીઉં તેલ સંભાગે મેળવીને બે તોલા દરદી પીએ.

સાગરના ઝાડની છાલનો કાઢવો પીવો.

હરીતકી દીવેલમાં તળી ગૌમુત્ર સાથે ૭ દીવસ ખાવી.


૧૨=હાથી પગ માટે—ાા તોલો હળદર ાા તોલો ગોળ અને ગૌમત્ર ૧ તોલો સાથે મેળવી ખાવામાં લેવું.

૧૪–હાથી પગ માટે સાપના મોંઢામાં હળદરનો ગાંઠીઓ દાબીને મુકવો. તે સાપને એક હાંલ્લીમાં મુકી કપડછંદ કરવું. જમીનમાં ૧ ખાડો ખોદવો તેમાં હાંલ્લી મુકવી હાલ્લીની આસપાસ ફાફડીઓ કાંટાવાળો થુવર અથવા બાવળીયા અથવા બોરડીના કાંટા મુકવા (કુતરા કોહલા સાપને ખાઇ ન જાય માટે) ખાડો પુરી નાખી માસ ૧ પછી પેલા ગાંઠીઓ કાહાડી પાણી સાથે ઘસી હાથી પગને લગાડે.

૧૬=હાથી પગ—હળદરનું ચુરણ ગૌમુત્ર સાથે પાવું ૧ વરસનો વ્યાધી દુર થશે.

હાથી પગ.

એમાં ચરબી હોય છે તે માટે નહિ કંદ સારો છે, પાણીમાં ઘસી લગાડે એ કંદની ગોળી ખવાડે તો ઝાડો ઊળની થાય, ઝેર નિકળી જાય. તેલ મરચાંની સખત પહરેજી છે.



પગ ચાલવાનું જોર વધે.

હરણના દુધમાં સાકર નાખી રોજ પીએ.



પારો શરીરે ફુટી નિકળે.

૧–પારાનુ રસાયણ કાચું ખાવાથી શરીરે ફુલ્લા, ચાંદા, કોલ્લાટ નીકળે તે માટે ગળીના છોડને મુળ સાથ પાણીમાં ઉકાળી તે પાણી સવારે ભુખે પેટ તોલા ચાર રોજ પીએ. પછી ૧૦। ૧૦। મીનીટે તે પાણી પીએ. તેથી પીસાબ છુટે અને તેમાં કાચો પારો બહાર નીકળે. દરદીને ૧૫ દીનમાં આરામ થાય. જરૂર હોય તો વધુ દીવસ એ પાણી પીએ.

પીસાબ બધો એકઠી કરે તો નીચે પારો જણાય.

૨–વાંસના ઝાડ પાનનો રસ પીવાથી ફાયદા થાએ.

પગની ખોડખાપણ બાલકને

બાલકના પગ જનમથી મરડાયલા હોય, અથવા છેક નાની ઉમરમાં ઊબુ રાખતાં પગ મરડાયા હોય તો, મીઠાના પાણીથી બાલકના પગ સેકવા અને સારી પેઠે મસળવા. રોજ ૩ વાર કરવું, અથવા દરીઆ આગળની ગરમ ખારી રેતીમાં દાબી રાખવા. તેલ માલિસ કરીઆ કરવું.

હાંફણું-ફેન-દમ-સ્વાસ.

૧=હાંફણું માટે—ફુલવેલો ટંકનખાર ૨ ભાગ, મરી ૧ ભાગ મેળવી તેમાંથી ૦। તોલો મધમાં સવાર સાંજ ખાવું.

૨=હાંફણ માટે=ટંકણાવલેહ એટલે ફટકડી ફુલવેલી ૧ ભાગ, ટંકનખાર ફુલવેલો ૨ ભાગ, મરી ૩ ભાગ, આ ત્રણ ચીજોને મધમાં મેળવી ૦। તોલો સવાર સાંજ ખાય તો હાંફણ મટે.

૩=હાંફણ માટે—ધંતુરાના પાતરાં ૩) થી ૫) વાલ સુધી લઇ તેની બીડી બનાવી પીવામાં લે છે; જો પાતરાં ગુણ ન આપે તો ધંતુરાના બી વાપરવામાં આવે છે, હાંફણનો હુમલો થાય કે તરત એ બીડી પીવી જોઇએ. દરદીને હાંફણનું જોર નહીં હોય ત્યાં સુધી વેળા ૧ બીડી પીવાની ટેવ રાખવી. હાંફણ તદન સારી થાય. કોઇ દરદીને આથી ગુસની જણાય તો આ ઇલાજ બંધ રાખવો.

૩।=હાંફણ—જુનો ગોળ ૦। તોલો સરસીયાના તેલમાં મેળવી ચાટવાથી હાંફણ નરમ પડે છે.

૩॥=હાંફણ—બોરાહની ભાજી ૦। શેર લેઇ તેને ॥। શેર પાણીમાં ખુબ ઉકાળી ને ચાળી ૫) તોલા દીવસમાં ત્રણવાર પીવું. તાજુ બનાવી રોજ પીવુ, આ ભાજી રોજ ખાવામાં લેવી.

હાંફણ, છોકરીની ખાંસી, ગાસાવનું બંધ થવું એ માટે ધંતુરાના પાતરાં વપરાય છે.

૩॥।=ખાંસી, હાંફણ માટે ધંતુરાના બી અને મરી સંભાગે લેવા અને આદુના રસમાં તુવરના દાણા જેવી ગોળી બનાવી દીવસમાં બે ખાવી.

૪=હાંફણ સાથ અટગરી હોય તે માટે—દેવદાર ૧ તોલો પાણી ૧૬॥ તોલા ઉકાળી, કાવો બનાવી તેમાંથી ૩ તોલા પીવું.

૪।=હાંફણ જાય—૦। શેર મરીને ગુવર ખરસાણીના દુધમાં ડુબતાં રાખી કાદવની કુલડીમાં મુકી તેને કપડછંડ કરી સુવાની નીચે ૭ દીન મુકે તેમાંથી એક મરી પેહલે દીવસે ખાવું, પછી એકેક મરી રોજ વધારતા જવું.

૪॥-બેરમાળની પાનના રસમાં વટાણા જેવી ગોળી મોંઢામાં રાખવી. હાફન ખરી માટે એ બહુ સારી છે.

૪॥।=હાંફણું માટે—અરડુસાના સુકા પાંતરાનો ધુમાડો પેટમાં લેવો.

૫=હાંફણ (ફેન) જાય—ચોખાના ધુણમાં કાળી અસ્તીનું મુળીઉ ઘસીને પીવું.

પા=હાંફણુ માટે ઇલાજ—કાળા ધંતુરાના બીને ગઉમુત્રમાં સુદ્ધ કરીને તેની ભસ્મ કરવી, તેમાંથી રતી એક પાન સાથે ખાવી.

ખાંસી અને દમ માટે—મધ અને જવનું પાણી ગુણકારી છે.

પા=દમ નરમ પડે—થુઅર કંટારીઆના ૨ પાન રોજ ખાવાં.

૬=દમ, હાંફણુ માટે—બાજરીને દુધમા ખરમોટી છાયામાં સુકવે, આ મુજબ ૭ પત આપે. તેને કાદવના વાસણમાં મુકી મોં બંધ કરે.

જમાનમાં ખાડો ખોદી તેમા છાણા મુકે તે ઉપર પેલું વાસણ મુકી તેની આસપાસ અને ઉપર બીજાં છાણા મુકી સળગાવે અને બાજરી બળાને ચુરણુ થાય. આ બળેલી બાજરીનું ચુરણુ ૦ાા તોલો ચંડા પાણી સાથ મેળવીને રોજ ખાવું.

૭=દમ માટે બાર બરોટી પાન સાથ ખવાય છે.

૮=હાફણુ માટે—જેઠીમધ અને અકકલકરો સંભાગે લઇ મધ સાથ ગોળા બનાવા ૧ ગોળી રોજ ૩ વાર ખાવી.

૯=દમ માટે—મેંહેંડાંને બકરીના મુતરમાં ઘસે તે ઘસારો મધ સાથ ખાએ.

૧૦=સ્વાસ, ખેન, દમ માટે—સેકટાના ઝાડને કોતરી અંદર અજમો ભરવો અને તે ગાબડું પાછું પુરી લેવું, ૪ માસ પછી અજમો બહાર કાઢી તેનું ચુરણુ ૦ાા તોલો રોજ બે વાર ખાવું.

શ્વાસ, દમ માટે—જવનાગરમ પાણીમાં મધ નાખી પીવું.

૧૧=હાફણુ, દમ નરમ પડે—૧ તોલો ટંકણખાર ફુલવવો. લવંગ, પીપર એકેક તોલો ગરમ કરી સઘળાંનું ચુરણુ બનાવી એઆની ભાર (પાંચ વાલ) ચુરણુ સવાર સાંજ મધમાં ખાવું.

૧૨=દમ, ખાંસી, હાફણુ માટે—પીપળાની રાખ ૧ શેર લઇ સવાશેર પાણીમાં ઢોલવી પાણી નીતરું ગાળી લેવું. તે પાણી ૧ તોલો રોજ ૩) વાર પીવું અથવા પીપળાની છાલનો રસ ૧ાા તોલો સવારે ૧ વાર ૧૪ દીવસ પીવો.

દમ, ખદી માટે—થુઅરનું દુધ બે વાલ ગોળમાં ખાવું.

૧૩=દમ માટે—થુઅરના જુનાની બીડી બનાવી દરદી પીએ તો તરત ફાયદો થાય. ધંતુરાની બીડી કરતા વધારે સારું કામ થાય.

હાફણુ માટે—કાળાં મરીને આકડાનાં દુધમાં મેળવી તેનું ચુરણુ બનાવે. ચુરણુ એકવાલ અથવા વધારે મધ સાથ રોજ બે વાર ખવાડે.

૧૪=ખેન, હાંફણુ માટે—ભોંયરીંગણીનાં પાન ફળના બી અને અજમો સંભાગે ચુરણુ બનાવે તે ૦ા તોલો ચુરણુ તાજાં પાણી સાથ રોજ બે વાર ખાવું. ૧૪ દીવસ ચાલુ રાખવું.

૧૫=હાંફણ. દમ, હેડકી માટે—અરદૂસીનો રસ ૧ તોલો, લીંડીપીપર ૧ વાલ મેળવી રોજ બે વાર ૧૫ દીવસ પીવો, અથવા અરદુસો તોલો ૧, કાએફળ તો. ના નું ચુરણ બનાવી તેમાંથી ના તો, ચુરણ મધ સાથ મેળવી રોજ બે વાર ખાવું.

૧૬=હાંફણનું જોર ઘણું હોય ત્યારે ૧, ચોખાપુર આરણુંથુને ઘઉંના આટામાં મુકી ગોળી બનાવી ખાય તો હાંફણ તરત નરમ પડે.

૧૭=હાંફણ—ખહી માટે, ૧) તોલો લસણ અને ૧ ના. બદામ એઓની ક્ષુદાને ના શેર બકરીના દુધમાં ઉકાળી તેમાં સાકર, જાયફળ મેળવી ચાટણ બનાવવુ, તેમાંથી ૧) ના. સવાર સાંજ ભુખે પેટે રોજ ખાવું.

૧૮=હાંફણ, ખાંસી માટે, હળદરના ગાંઠીઆ ૫) તોલા ને ૧) વાસણમાં મુકવા. તે વાસણમાં ગાયનું દુધ શેર ૧ દોહવું. તેને ગરમ કરવું. તેનુ દહીં બનાવવું પછી છાસ કરવી. તે છાસમાંથી હળદના ગાંઠીઆ કહાડી કટકા કરી સુકવવા. તે કટકા દીવસના ૩ વાર ના તોલો ખાવા.

૧૯=સ્વાસ, દમ માટે—મીઠું અને આકરાનું દુધ સંભાગે લઇ તેની ટીકરી બનાવી, તે મોંઢામાં રાખીને તેનો રસ ગળવો.

૨૦=હાંફણ માટે—આકડાના ફુલ (છેક મોટાં નહીં તેમ છેક નાહના નહી) છાલ કહાડેલાં, મરી, સંચળ સંભાગે મેળવી ચણા જેવડી ગોળી બનાવી તેમાંની ૧ ગોળી રોજ ૩ વાર ખાવી.

૨૧=ખાંસી, હાફણ માટે–ખાત્રી પુવક ઇલાજ એક્જ બાજરીનો આટો, નીમક, હળદરનું ચુરણ સંભાગે મેળવી તેમાંથી ના તોલો રાત્રે સુતી વખતે ખાવો: ઉપરથી ગરમ પાણી પીવું. સવારે છાતીપરથી બળગમ પડશે અને જરૂર ફાયદો થશે. સાધારણ ખાસી અને બળગમ માટે રામબાણ ઇલાજ છે.

૨૨=હાંફણવાળા દરદીને—લવંડરના ફુલની ચાહ બનાવી ખાંડ સાથ પીવી.

૨૩=હાંફણવાળા દરદીનો કફ બહાર કાઢવા માટે વિછીડાનું ચુરણ ૧ રતીથી ૧) વાલ સુધી આપે.

૨૪=શ્વાસ અને દમ માટે—૪ લવંગને દીવાની બતી ઉપર ગરમ કરી મોઢામાં રાખી તેનો રસ ગળ્યા કરે.

૨૫=સ્વાસ, દમ માટે સરપંખા મુળનો ધુમાડો લેવો.

૨૬=સ્વાસ, દમ માટે હળદરના ગાંઠીઆને દીવાની બતી ઉપર

ગરમ કરી તે મોઢાંમાં રાખી તેનો રસ ગળે અથવા તે હળદનો ભુકો ગોળ સાથે મેળવીને ખાવો.

૨૭=શ્વાસ દમ માટે વડની કુપળ મોંઢામાં રાખી રસ ગળવો

૨૮=હાંફણુ માટે—ઉટકંટાના પીળાં ફુલની રાખ ાા વાલ એલચી પાનમાં મુકી ખાય અથવા મધમાં ચાટે.

૨૯=હાંફણુ માટે—કેવડામાંથી સફેદ આટો નીકળે છે તે ાા વાલ મધ સાથે ખાવામાં રોજ લેવો. તેનું .વજન વધારતા જઇ બે વાલ સુધી લવું. ૧૫ દીવસ ચાલુ રાખવું.

૩૦×૩૧=સ્વાસ-દમ માટે-ધંતુરો ઘણા ઉપયોગી છે ઘણી સારી અસર કરે છે. દમવાળા દરદીને ધંતુરાનું બી એકેક રોજ ૧ અઠવા-ડીયું ખવાડવું બીજુ આખુ અઠવાડીયું બબે બી ખવાડવાં ત્રીજે અઠવાડીયે ત્રણ ત્રણ રોજ ખવાડવા. ચોથે અઠવાડીએ ચાર ચાર અને પાચમે અઠવાડીએ પાચ પાંચ બી ખવાડે તો એ રોગ મટે.

૩૨+૩૩=દમ-હાંફણુ માટે-મરી, સાકર સંભાગે મેળવી દમના દુખથી કંટાળેલા દરદીએ મધ સાથે ાા તોલો ચુરણ ખાવું.

હાફણુ માટે બીજા ઇલાજો નીચે મુજબ છે.

મરી, સુંઠ, પીપર સંભાગે ચુરણ બનાવી ાા તો, ચુરણ ઘી તથા ગોળ સાથ ખાવું.

આદુના રસમાં મધની ચાસણી બનાવી ખાવી.

આદુનો રસ અથવા ઉકાળો હાફણુ માટે પીવો. આ ઇલાજ બહુ સારો છે.

૩૪=હાફણુ-ભોંયરીંગણીના પાંદડાં, અથવા મુળનો રસ ૨ તો. મધ ૨ તોલા એટલું એક વખત માટે પીવું. આ મુજબ રોજ ત્રણ વાર પીવાથી હાંફણુ તથા ખાંસી બંધ થાય છે.

હાફણુ (ખેન) નો ઇલાજ—ધંતુરાના બીજ અને મરી સંભાગે લઇ વટાના જેવી ગોળી બનાવી તેમાંની બે ગોળી સહવારે અને સાંજે ખાવી.

૩૫=હાંફણુ માટે-મરી, મનસીળ, જટામાસી, સંભાગે મેળવી તેમાંથી ત્રણ વાલની બીડી બનાવીને પીવી,

૩૬=દમ, હાંફણુ—સરસીઉં તેલ અથવા રાઇનું તેલ ૦ા તોલો લઇ તેમાં ગોળ મેળવી ચાટવું. દરદના પ્રમાણમાં વધતુ ઓછું અને બે ત્રણ વાર રોજ લેવું. આ ઉપાય બહુ સ્હેલો અને સસ્તો ઘરમાં બની શકે તેવો છે.

દમ—પીપરને આઠ પહોર ખરળ કરી મધ સાથે ખાવી.

હાંફણ સાથે ખાંસી હોય તે માટે—લીંડી પીપર વાલ ૪ મધ સાથે અથવા જુનો ગોળ ા તોલો મેળવીને રોજ ત્રણ વાર ખાવું.

૩૭=હાંફણ—વડનું દુધ વાલ એકની આશરેટમાં ગોળા બનાવી દીવસમાં ત્રણ વાર લેવાં

૩૮=હાંફણ, હેડકી માટે—સરપંખાના મુળના ચુરણ ૧ માસાની બીડી કરી પીવી.

દમ, હાંફણ—સરસીઉં તેલ ૦ા તોલો અને જુનો ગોળ ૧ તોલો ખાવો.

૩૯=દમ તથા સાસનો ઉપાય—તંબાકુ ૪ વરસનો જુનો ૧ તોલો, હીંગ ચોખ્ખી ૧ તોલો, ગોળ ૫ વરસનો ૪૦ તોલા. આ આ બધાને મેળવી ૧ ગોળો બનાવી તે ગોળાને ૧ા શેર અડદના આટાનો લેપ કરવો. જમીનમાં ખાડો ૧ હાથ ચોરસ ખોદી તેમાં છાણા અથવા રાણી ગોબરનાં મુકી વચ્ચે ગોળો રાખી સળગાવવું. બળી રહેને તે ખાડો મતાનાથી ઢાંકી નાખી ૧ રાત ગો ા ખાડામાં રહેવા દેવો, પછી અંદરની દવામાંથી વાલ ૧, નાગરવેલના પાન સાથે ચાલુ ઘણા દીવસ ખાવી.

હાંફણ માટે ઇલાજ—ધતુરાના પાતરાને ઘુંટીને તેની લેપડી બંને હાથના અંગુઠાની નીચેની નસો ઉપર હાંફણ શરૂ થતાં પહેલાં બાંધે અને ઘણા દીવસ ચાલુ રાખે.

૪૦=હાંફણ—સ્વાસ—પીવાની ચાહમાં શાકર નાંખી લીંબુ ૧ કાગળીનો રસનીચવી પીએ તો હાંફણ તરત નરમ પડે છે.

દમ—સ્વાસ માટે હરડા બેરાનું ચુરણ ા તો. મધ સાથે ખાવું.

હાંફણ માટે હાડકાંનો ા તોલો બાર્ડીક જુદા પાણી સાથે પીવાય છે.

૪૧ દમ, હાંફણ માટે—કેળાંને ચીરી અંદરના બી કહાડી નાખે અને તેની જગામાં મરીનું ા તોલો ચુરણ ભરે, આખી રાત ઠારમાં રાખે, સહવારે તે કેરું દરદી ખાય.

૪૨-દમ, હાંફણ માટે—કેળાંની કુપળ નવટાંક વડાગરૂં મીઠું નવટાંકને ખરળ કરવું. ૧ પાણીવાળાં નાળીએરને કોતરી અંદરનું પાણી કહાડી નાંખવું, તેમા ઉપલું ચુરણ ભરી કાણું બંધ કરવું, તે નાળીએરને ભઠીમાં બાલવું. કાટલી બળી રહે ને નાળીએરને અંદરના ભુકા સાથ વાટવું. તેમાંથી ૧ તોલો રોજ સહવારે ૭ દીન ખાવું, પહરેજી—તેલ મરચું, દુધ, માછલી, આમલી, કેરી એ ખાવું નહી.

હિસ્ટીરીઆ—વાઈ—મૃગી—આંકડી.

૧—ચાંદગની અધાર ૧ વાલ મધમાં રોજ બે વાર ખાવી.

૨—લીંબોડીના મગજને કાદવના વાસણમાં ભરી પેક કરી એક ખાડામાં જ્યાં હમેશાં પાણીનો ભીનાશ રહેતો હોય ત્યાં ૬ માસ દાટી રાખવી. વળી કાળાં મરીને જનક કંટાળા ખુવરના થડમાં મુકી ૬ માસ રહેવા દેવા. ફાગણથી ભાદરવા માસ સુધી આ કામ કરવું આ બન્ને જણસોનું સંભાગનું ચુરણ દરદીને સુંઘાડે તો મગજનો કીડા મરી જશે અથવા છીંક સાથ બહાર આવશે.

૩—હીસ્તીરીઆને ફાયદો કરે—લસનની ૪ કળી અને હીંગ ૧ વાલ મસળીને દરદીને સુંઘાડીઆ કરે. તેમ વાલ વેતરપર હીંગ તો એક વાલ હીંગ ખાવામાં આવે

૪—હીસ્ટીરીઆ માટે—૧૦૦૦ વરસના જુના અમદાવાદી કાગળને પીતળની થાળીમાં બાળે તેની રાખનું બારીક ચુરણ આંખે આંજે તો હીસ્ટીરીઆ મટે.

૫—હીસ્ટીરીઆ—વાયુના રોગ માટે—દરદીને અરીઠાનું ચુરણ સુંઘવાથી હુશીઆરી આવે.

૬—હીસ્ટીરીઆ—આંકડી—સગ્ગી માટે—ઘોડાવજનું બારીક ચુરણ દરદીને સુંઘાડે તથા મોમા છીંક મારશે અને દરદ નરમ પડશે. ના તો. ઘોડાવજનું ચુરણ મધમાં મેળવી રોજ બે વાર ખવાડે.

૭—હીસ્ટીરીઆ—કમર કાકડીના બીનું ચુરણ ૦ા તોલા પાણી સાથ પીવું.

૮—હીસ્ટીરીઆ માટે— માલકાંકણીના બીને લુગડામાં મુકી ખુબ મસળી અદરથી કચરો જાદરા કાઢવા. બીને ઘીનો હાથ લગાડી લોઢી પર સેકી તેમાથી રતી બે (ચાર ગ્રેન) લઇ સાકર સાથે મેળવી ૩ દીવસ ખાવી.

૯—હીસ્ટીરીઆ—હલદરનો ધુમાડો આપવો.

પક્ષઘાત, વાઈ, ઉરૂસ્તંભ, અડદીઓ વા, ચકટવાયું, ભુતવાયું, હીસ્ટીરીઆ-વાયુ-ખેંચતાણ.

૧—પીપળાની વડવઇનુ ચુરણ ૦ા તોલો ખવાડે (કુતરાના ઝેર ચડવાથી દરદી બગડીઓ હોય તેને પણ ફાયદો કરે.)

૨—હીંગને લસણમાં વાટી સુંઘાડે તો અમુંઝી દૂર થાય, ખુન ખ્યાનના વિચાર ખસે, બીમારી સખત હોય તો આ બધી ચીજોનું અંજન કરે.

૩—ગોપીચંદનીતાળ [illegible] ૨ તો. [illegible] ૧ તો. કસ્તુરી [illegible] બાર મગના દાણા જેવડી ગોળી કરે. ૧ ગોળી [illegible] સાથ [illegible] દીન આપે. એટલે [illegible] હાસલ થાય.

૪—[illegible] વાયુનું [illegible] પ્રમાણે ૫ [illegible]

૫—[illegible] માસ [illegible]

૬—[illegible] અને [illegible] લસણના રસમાં ઘસી [illegible]

૭—લાલ ફુલ આકડાના અને મરીની [illegible]

૮—[illegible] અથવા [illegible]

૯—[illegible] ચુરણ [illegible] તો નાકમાં [illegible] થતા [illegible]

[illegible] હાથ પર [illegible] ચુરણ લગાડે અને જરા પાણી મેળે, [illegible] પીગળવાથી [illegible] લાગે જે [illegible] ઉઠીને [illegible] માંડે.

૧૦ ગોખરૂના છોડ ઉખેડવા તેના મુળ જેટલાં રાતા હોય તેટલા [illegible] લેવાં તે [illegible] તો. [illegible] ઘીમાં ઉકાળી ઘી પાએ તો વાયુ મટે.
(પંડીત ગોપાલાચાર્ય)

હેડકી—અડગરી.

હેડકી—ફુલેલી ફટકી ૧ વાલ ગોળ સાથ ખાવી અથવા કુમારના રસમાં સુંઠની ભુકી મેળવી ખાવી.

હેડકી—અડગરી માટે અડદ અથવા હળદરના ચુરણની બીડી બનાવી ધુમાડો પેટમાં લેવો.

હાડગંભીર.

એક જાતનો કુલ્લો શરીરપર થાય છે; તેને કોઇ ઇલાજ લાગતો નથી તે માટે નિપાળાના ૨૧) બીનું મગજ, પારસ પીપળાના ફેળ ખોની લેપડી બાંધે તો બેસી જાય.

હવા ખરાબ દુર થાય.

ચુનો બે૦ ભાગ, ફટકી ૧) ભાગ મેળવી કોરીના વાસણમાં મુકે.

હજરત (હજરાયત) ભરવાની વિધી.



સાખા સુકી અધેદાની લાવી રૂ તેને લપટાવેજી,
ઘ્રુત કેરા દીપકમાં મુકી પ્રીતે તે પ્રજ્વાવેજી;
સાત વરસનું બાળક બોલાવી સ્નાન કરાવેજી,
શ્વેત વસ્ત્ર પેહેરાવી એને દીપક આગળ બેસાવેજી.
બાળક દ્રસ્ટી દીપક સામી સ્થિર મને રખાવેજી,
ત્રણ કાળની ગુપત વાત જે પ્રગટને દરસાવેજી.

હોજ મોઢાંમાંથી નિકળે.

ઇસપગુલ અને સાકેર સંભાગે ૧) તો રોજ બેવાર ખાએ ઉપરથી પાણી પીએ. એની યાદ અથવા લાભ ઓછો ગુણ કરે છે. બાઆંને જરા ગરમ કરી વાપરે તો વધારે ગુણ આપે

ખાંસી હડક્ીની=ઉટાંટીઉ=હડક્ીની ખાંસી.



૧=કાળા તંબાકુના દાંડા ૨) શેરના ટુકડા કરવા. ૧) શેર સિંધવ લેવા. લોખંડના વસણમાં તંબાકુના કટકા પાંથરવા ને ઉપર સિંધવ થોડો મુકી પર કરવું. એ મુજબ બંધે ચીજ એકેકપર મુકી વાસણ પેક કરી સળગાવવું. તંબાકુ બળી ને કાળો થવો જોઇએ. સંકરાખ થવી ન જોઇએ. ૧) વાલ આ ચુરણ, બે એલચીનું ચુરણ ને નાગર વેલના પાકા પાનના રસમાં મેળવી બાળકને રોજ ૩) વાર ખવાડે. ખાંસી વધતી થાય તો ધભરાવું નહી.

૨=આદુ, કાડો. કુદનો એનો રસ ૧) ચમચી પીએ. નામને ખાતર દવા તરીકે કાંઇ ચીજ અંદર નાખવા આપે.

૩=ધમાસો તેના મૂલ સાથ આવે તેના ાાા તો રસને દૂધ સાથ ખવાડે.

૪=ખેરસાલ ૧) ટાંક, મધ ૨) ટાંક, ભોંય રીંગણીના પાનનો રસ ૨) ટાંક, બાલકનુ મુતર ૨) ટાંક એની મેળવણ કરી ૦। અથવા ૦ાા તો. રોજ બેવાર બાલકને પાએ; તો ખાસી જરૂર સારી થાય.

૫=(ગોઝારા કુવાની ઠીકરી લાવીને ગળામાં રાખે)

૬=લવંગને ૪) પોહોર પાણીમાં ભીંજવે તેની હારમાળા કરી બાલકના ગળે પેહેરાવે.

૭=ઊંટની બેસની સુધાડે.

૮=ચામડીઆના કુંદનું પાણી અભદાવે.

૯=જેઠી મધનો સીરો ૧) તો, કાકડા સીંગ ૩) માસા, આતવિષ ૩) માસા, અરીણ ૧) માસો, આદુના રસમાં અને મધમાં ગોળી ચીની બોર જેટલી બનાવે, ૬) માસના બાલકને ૦ાા ગોળી, મોટાને ૧) થી ૨) ખવાડવી.

અજીરણ—હોજરીના દરદો=બદહજમી,—અરૂચી.

૧=સુંઠ ૦। તોલો, મીઠું ૨) વાલ મેળવી ખાધા અગાઉ ફાકી મારી અરધા કલાક પછી ખાવું.

૧ાા-સનામખી ૦। તોલો મધ સાથ રોજ ખાવી.

૧ાાા—કાલાજીરી ૪) વાલ અને મીઠું ૨) વાલ ખાવું.

૨=અજીરણનો વ્યાધી આ જમાનામાં બહુ વધ્યો છે. ખોરાક ખાવા પાછળ જે પૈસો ખરચાય છે તેના કરતાં વધતો પૈસો ખોરાકને પચાવવાનું મથન કરવામાં જાય છે. સેહેલો અને સુતરો ઇલાજ એ છે જે,

ખોરાક રોજ એકવાર લેવો. અરધી ભુખે ખાવું.

દૂધ કાજીનોજ ખોરાક ચાલુ રાખવો.

અપવાસ અઠવાડિયામાં ૧) દીવસ કરવો.

દૂધમાં ચુનાનું નીતરૂં પાણી નાખી. પીવું બીજો ખોરાક લેવા નહીં.

૩=દુધનું અજીરણ થાય તો દુધમાં ૫) ૭) એલચી ઉકાળીને દુધ પીવું.

૪=અજીરણ માટે - જીરૂં અને સાકર રોજ બે વાર ખાવી.

૫=હરડે, જીરૂ, પીપરીમુળ સંભાગે ચુરણ ડાા તોલો લેવો.

પાા=ઝેહેરકચરો ઘીમાં તળી તેની ફાકી બનાવે. તે ફાકી ૧ વાલ, મરી ૧ વાલ સાથ મેળવે અને જમતાં પેહેલાં અરધો કલાક આગળથી ખાય,

૬=સુઠ તોલા ૭), મરી તોલા ૫), પીપર તોલા ૬), નાગકેશ તોલા ૪), તમાલપત્ર તોલા ૩), તજ તોલા ૨), એલચી તોલો ૧), સાકેર તોલા ૨૮, એનું ચુરણ ડાા તોલો જમતાં પેહેલા પાણી સાથ લીએ.

૧૧=સીંધાલુણ, નવસાર, જવખાર સરખે ભાગે લઇ જુદા જુદા ઘુંટી એક રસ કરે તેને કાદવના સાસણમાં કપડછંદ કરે. તે વાસણની આસપાસ છાણા મુકી સળગાવે. અંદરનો ખાર બિજાની ભાર જમતી વખતે ખાય

૧૨=આદુ, સાંધવ અને લીંબુની ચટણી બનાવી ખાનું ખાવા પેહેલા ખાય.

૧૩=હીંગ (સેકેલી) સુંઠ. મરી. પીપર, અજમો, જીરૂં, સાહજીરૂં, સીંધાલુણ એએને સંભાગે મેળવી જમવા પેહેલાં ખાય, અથવા ચટણી બનાવી ગોળીએ કોળીએ ખાય.

૧૪=લીંડીપીપર અને સીંધાલુણ લીંબુના રસમાં ૩ દીવસ ભીંજવી રાખી સુકવી તેનું ચુરણ બનાવી રોજ ૨ વાલ ખાવું. સેકેલી ભાંગની ભુકી ડાા વાલ અથવા વધારે ખાવી.

૧૫+૧૬=અજીરણ માટે પેપરમીંટના ફુલ નેવલીપાન સાથે ખાવાં

૧૭=અજીરણ, બધકોષ, જીર્ણજ્વર, જુનો તાવ માટે ચોકસ ઇલાજનીચે મુજબ છે:—હરડે નંગ ૨૦૦ આમળા નંગ ૨૦૦, લીંડી પીપર નંગ ૨૦૦, આ બધી ચીજને કાદવના વાસણમાં મુકી ખાખરા ના ખારમાં ભીંજવી રાખી ને સુકાય ને તેનું ચુરણ કરે. પછી ચુરણ ૧ ભાગ, સાકર ૦। ભાગ. મધ ૪ ભાગ, ઘી ૩ ભાગ, એ બધાને મેળવી બરણીમાં (માટીના રીઢા વાસણમાં) મુકી બરણીનું મોંહ બંધ કરી ૬ મહીના જમીનમાં દાટે. એમાંથી ૧ તોલો રોજ સહવારે ખાય ઉપરથી દુધ પીએ તો બળ બુદ્ધી પાછી આવે છે.

૧૮=બદહજમી માટે—રોજ સહવારે ટાઢા પાણીમાં ફાવે એટલું લીંબુ નીચવી પીવામાં લેવું.

૧૯=અજીરણ માટે—ત્રીફળા, પીપર, મરી, સુંઠ, સંચરનું ચુરણ કરી હથેલી ભરીને વાસી પાણી અને મધ સાથે ખાય તો ભુખ લાગે. વા જાય અને પીત જાય.

૨૦=સુંઠ, પીપર, કાળુંજીરૂં, હીંગ, મરી, અજમો, સીંધવ, સંભાગે ૨ થી ૬ વાલ સુધી દીવસમાં બે વાર લેવું.

૨૧=પેટની પીડા અને અજીરણ માટે—કુમારીનો રસ ા થી ાા તોલો સાકર સાથે ખાવો.

૨૨=અજીરણનું ચુરણ—સુંઠ, મરી, પીપર, અજમો, સીંધવ, સંભાગે લઇ સવારે ાા તોલો ચુરણ વાસી પાણી સાથે લેવું.

૨૩=સુંઠ, મરી, પીપર સંભાગે મેળવી ા તો. પાણી સાથે દીવસમાં ત્રણ વાર ખાવું.

૨૪=અજીરણ, સોજન, અરૂચી, જલદર, આફરો, બાધરા માટે—બેઆની ભાર લવણક્ષાર ઘી સાથે જમતી વખતે ચાટવું. પેપસીન અને લકટો પેપટીનનું કામ કરે છે.

અડગરી—હેડકી.

૧=કાગળની અંદર ૩ મરી ભીડી બનાવી તે સળગાવી તેનો ધુમાડો પેટમાં લેવામાં આવે તો અડગરી મટે.

૨=અડગરી, ગળું બેઠેલું હોય તે માટે—લવંગ ચારને દીવેલની અથવા ઘીની બતી ઉપર ગરમ કરી તેના ફુલને બાળી તે લવંગ ચાવી રસ ગળવો.

૩=દમ, અડગરી, હાથપગ મોટા થાય, શ્વાસ માટે હરડે અને સુંઠ દરેક ા તોલો પાણીમાં ઘસીને પીવી

૪=હેડકી માટે—રેશમ બાળીને તેની રાખ મધ સાથે ચાટવી.

૫=અડગરી માટે—સુંઠ અને ગોળ ખાવો.

૬=અડગરી તથા હાંફણ માટે—કાસુંદરાના પાનની ચાહ બનાવી રોજ બે વાર પીવી.

૭=અડગરી માટે—કાંદાનો અથવા આમળાનો રસ ૧ તોલો અને પીપર ૩ વાલ મધ સાથે ખાવી. અથવા કોઠાની અંદરનો સુકો અથવા લીલો ગર ગોળ સાથે ખાવો.



આસવ.

૧=દરાખ આસવ બનાવવાની રીત—કાળી દરાખ છુંદેલી શેર ૫ લેવી પાણી શેર ૫૦) લેવું તેને બાળીને શેર પચીસ પાણી રાખવું. તેમાં ગોળ શેર વીસ નાંખી મેળવવું. તેમાં નીચે મુજબ મસાલો છુંદીને નાંખવો.

તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, પીપર, મરી, દરેક ૪ તોલા, ધાવડીના ફુલ ૫૦, એઓને ૧) બાટલામાં ભરી તડકે ૧ માસ સુધી મુકવું. પછી તેને ગાળી બાટલીઓ ભરવી. મંદ અગ્નિ, પેટનો વાયુ, ચુંક, ઝાડાનો કબજ્જો એટલાં દરદ માટે એ ઓસવ ઉપયોગી છે.

આસવ કોઈપણ વસાણાનો બનાવવો હોય તે નીચે મુજબ છે—તે વસાણાનો ઉકાળો શેર ૫, મધ શેર ૬ા, ગોળ શેર ૧૨ાા, પાણી શેર ૩૨ એને મેળવી બરણીમાં પેક કરી તડકે અને દાબમાં ૧ માસ રાખી પછી બાટલીઓ ભરવી.

૨=રોહીદા આસવ, રોહીત અરીસ્ટ—૪૦૦ તોલા રોહીદા, ૪૦૯૬ તોલા પાણી સાથ ઉકાળવું, ચોથો ભાગ પાણી રાખી તેમાં ગોળ ૮૦૦ તોલા, ધાવડીના ફુલ તોલા ૪), પંચકોલ એટલે પીપર, ચવક, પીપરીમુળ, ચીત્રો, સુંઠ દરેક ૪ તોલા, તજ, તમાલપત્ર, એલચી (ત્રીજાત) દરેક ૪) તોલા, ત્રીફળાં ૧૨ તોલા મેળવી બરણીમાં ભરી તેનું મોં ૧ માસ બંધ રાખવું.

આફરો—આફળો.

૧=ઘણું ખાવાથી આફરો થાય ત્યારે ગુવરનું દુધ પાપડ ઉપર ચોપડી તે ભુંજીને દરદીને ખવાડે તો ઝાડો પુષ્કળ આવે.

૨=પેટનો આફરો મટે—હીંગ અને મરચાની ભુકી સંભાગે સુંઠ સાથ મેળવી ચાનીઆર જેવડી ગોળી કરી દર ૧) કલાકે અકેકી ખાવી.

૩=આફરો—કાચું અનાજ ખાવાથી માણસના અને જનાવરોના પેટ આફળાઈ આવે છે તે માટે કેરાના આચારનું પાણી પાવું, એટલે ઝાડા વાટે રોગ નીકળી જશે.

આમન બહાર નિકળે.

૧=આમન—ફટકીનું પાણી આમન ઉપર લગાડવાથી તે અંદર બેસી જાય છે.

૨=આમન બહાર નીકળે તો મનસીલની અથવા ફટકડીની ધુંણી આપવામાં આવે તે.

૩=આમન બહાર નીકળે—મસુરની દાળનો આટો ઈંડાની સફેદીથી સાથ મેળવી આમન ઉપર મુકે.


૪=આમણુ સફરામાંથી બહાર નીકળે ત્યારે માયુ અને કલઈ સફેતો સંભાગે મેળવીને સફરા ઉપર લગાડે. ઘણું જુનું દરદ હેઠું થાય અને ઘણોજ વખત ચાલુ રાખે તો ફરી આમન બહાર આવે નહીં.

૫=આમન બેસે—માયાનું પાણી લગાડવાથી અથવા લુગડું એ પાણીમાં ભીંજવી આમન ઉપર મુકે તો આમન પાછું બેસે;

૬=સ્ત્રીની જાત બહાર પડતી હોય અથવા આમન સફરાની બહાર નીકળે તો મેંદીના બીની લેપડી મુકી ઉતરથી કાછડો વાળવો.

૭=આમન બેસે—હીરાકસીનું પાણી આમનને લગાડે તો આમન બેસે છે

૮=આમન બહાર નીકળે તો | રીસામણીનું પાન અથવા મુળનો રસ હાથે ચોળીને તે હાથે આમન અંદર બેસાડવી.



આગરૂ—પીલ્સ.

૧=આગરૂ—લીલી હરડેનો રસ ૧ તોલો રોજ મધ સાથ પાવો.

૨=આગરૂનું તેલ—બાવળની છાલ. અથવા પાતરો, અથવા સીંગ ૨ તોલા, કચચના બીજ ૧ તોલો, અરેઠી ૧ તોલો, આંબોહળદ ૨ તોલા, પાણી શેર ૧, તેલ શેર ૦। એનું તેલ બનાવવું અને તે તેલ લગાડવું.

આગરૂ મેંડાનો—બાવળની છાલના ઉકાળાના કોગળા કરવા.

આધાશીશી

૧=આધાશીશી માટે—૧ બદામનું મગજ ૪ લસણની કળી અડદની દાળ માસા ૬ એનો લેપ કરી કુમકાપર લગાડે અને તે માથા પર મુકે.

૨=આધાશીશી, } તરત મટે—કલોરોફોર્મ, અને વક્ષનોકનો માથામાં દુખાવો; } અરક સંભાગે મેળવી તેમાં રૂ બોળીને માથા પર દાબે તો દુખાવો તરત નરમ થાય.

૩=આધાસીસી માટે સમુદર ફળ બકરીની પીસાબમાં ઘસી નાકમાં ટીપાં મુકે.

૪=આધાસીસી માટે સોપારી ઘસીને માથે લગાડે તેથી માથું દુખવું મટી જાય.

૫=આધાશીશી, અને બેશુધી માટે—અરીઠાના પાણીનું ટીપું નાકમાં મુકે તો ફાયદો થાય છે.

૬=આધાસીસી અને હીસ્તીરીઆ માટે—અરીઠાની છાલ પાણીમાં ઘસીને ને સુંઘે.

૭=આધાસીસી=માથાનો દુખાવો—હીંગ ૧ વાલ અને નગોડના પાતરાં ૧ તોલા સાથે વાટી તેની પોટલી કરીને તેમાંથી ૫ ૧૦ ટીપાં નાકમાં નાખવાં.

૮=આધાસીસી માટે ઇલાજ—૧ વાલ હીંગને ૦ા તોલા પાણીમાં વાટીને તેના તે ટીપાં નાકમાં નાખવાથી માથું દુખતું બંધ પડે છે.

૯=આધાશીશી માટે—આસનનું ચુરણ નાકે ઘસવું.

૧૦=આધાશીશી મટે—એરંડાના મુળ લીંબુના રસમાં ઘસી કપાળે લેપ લગાડ્યા કરે, લેપ સુકાય તેની ઉપર ફરી લગાડે.

૧૧=આધાસીસી નરમ પડે—કનેરના પાનનો રસ બએ ટીંપા નાકમાં નાંખે.

૧૨=પીનસ અને આધાશીશી મટે-કેસરને ઘીમાં વાટી ઘી સુંઘવું.

૧૩=આધાસીસી, અદોસી માટે—આકડાના મુળનો ધુમાડો નાકે લેવો,

૧૪=આધાશીશી મટે—કેરીના મરવાનું ચુરણ સ્ત્રીના દુધમાં મેળવી જે બાજુનું માથું દુખતું હોય તે બાજુના નસકોરામાં લગાડે.

૧૫=આધાશીશી મટે—તલનો ખોળ અને વાવડીંગ પાણી સાથે મેળવી લેપ કરી માથે લગાડે.

૧૬=આધાશીશી મટે—તલ અને દુધ વાટી લેપડી કરી માથે મુકવી.

૧૭=આધાશીશી માટે તુળસીના પાંતરાનો રસ ટીંપા ત્રણ નાકમાં મેળવાં.

૧૮=આધાશીશી માટે—તુળસીના પાતરાં ૩) મરીના દાણા ૩ એ બંધેને જુદી કપડામાં મુકી ને પોતલી પાણીમાં બોળીને સુઘવી.

૧૯=આધાશીશી માટે—બાવળના ઝાડ ઉપર કાંટાના કવરમાં ડોશી બંધાય છે તેમાનો કોડો તુલસીના પાંતરાં સાથ વાટી રસ નાકમાં મુકવો.

૨૦=આધાશીશી અથવા બળગમથી માથુ દુખે, ત્યારે સૂર્ય ઉગે ત્યારથી સુરજ અસ્ત પામે ત્યાં સુધી માથાનો દુખાવો રહે એના ઇલાજમાં બોયરીંગણીના પાંતરાંનો રસ નાકમાં મુકે તો સારું થાય.

૨૧=અરધું માથું દુખે—તે માટે જંગલી મગ જેની સીંગ ઉપર રૂંવાટી થાય છે. તે છોડના પાંતરાનો રસ કહાડી ૨) ટીપા નાંકમાં નાખવાં.

૨૨=આધાશીશી માટે—આધાશીશી વા અને બળગમથી થાય છે તે વેળા દુન્યા અકારી પડે છે. બળગમથી આધાશીશીનો દુખાવો સુરજ ઉગે ત્યારથી તે અસ્ત પામે ત્યાં સુધી રહે છે. એનો ઇલાજ વજ, મરી, પીપર સુંઠ એ બધાને પાણીમાં ઘસીને સુંઘવું.

આધાશીશી મટે—આકડાનાં પાકાં પાન જે પોતાની મેળે ખરી પડે તેની ઉંધી બાજુએ તેલ લગાડી ગરમ કરે. તેને દાબવાથી પાણી જેવાં ટીપાં પડે તે ટીપાં ૫) જે બાજુથી માથુ દુખતું હોય તે બાજુ નાકનાં ફીકુરાંમાં ૩ દીવસ રોજ ૧) વાર નાંખવાં. નાક ઝરીને ફાયદો થશે.

આટણ.

આંટણ માટે—પીલોરીના ઝાડના પાદડાંનો રસ, સીંધવ ખાર સાથે મેળવી લગાડે તો આંટણ જલદી પોચું પડે છે.

આંખના દરદો—આંખનો મોતીઓ—આંખનું ફુલુ.

૧=આંખે અંધાપો આવે તેનો ઇલાજ—કાચની શીશીનો ભુકો બારીક ભુંકો તોલા ૩, સરસના બીજ ૭, એઓને વાટી સુરમાં જેવું કરી ખાતા લીંબુના રસમાં ૩ દીવસ ખરળ કરે તેના સાથે કપુર બેઆની ભાર મેળવી આંધળાને આંજે તો ફાયદો થાય છે. આંખના બીજા દરદો પણ મટે છે.

૨=અંધાપાના ઉપાય—કાળા નાગની પેટની અંદરથી ચરબી તાવી લેવી. સંધેડાનો રસ કહાડી ૧ કાદવના કોડીયાંને ચોપડી છાયા માં સુકવવું. એ મુજબ ૩ વાર સુકવવું. ચીનાકબાલા તોલો ૦। એલચી ૦। તોલો, બરાસ વાલ ૧ ને છુંદી મેળવવું. પેલા કોડીઆની અંદર રૂની જાડી જોત મુકી પેલો ભુકો દીવાની જોત ઉપર અને તેની આસપાસ ભભરાવો. તેમાં ચરબી નાખી ને જોત સળગાવી દેવી. ઉપર બીજુ કોડીઉ ધાકવું મેંસ એકઠી કરી આંખે ૪૦ દીવસ અંજન કરે તો અંધાપો જાય.

૩=ઝુલું આંખનું મટે, લોહી આંખનું ફાટે—ઉટકંટાની લીલી અથવા સુકી ડાળી પાણીમાં ઘસી આંખે લગાડે, અથવા ધોળી ચણોટી, વાવણનું દુધ. દાભડા ઘાસનું ફુલ જે થડમાં થાય છે તે (ઘાસની ઉપર થાય છે તે ન ચાલે) પાણીમાં ઘસી લગાડે.

૪=ફુળું મટે—આંખના કાળા ભાગમાં સફેદ ફુળું હોય ત્યારે વડાગરૂ મીઠું છાસમાં વાટી અંજન કરે.

૫=આંખનું ફુળું મટે, સમુદ્રફળ અને ઘોડાના નખ પાણીમાં ઘસી અંજન કરે

૬=આંખના ખીલ સારા થાય—સરગવાનાં બી ઘસીને આંખે લગાડે.

૭=આંખમાં અગન બળતી હોય તે માટે—હરડેના ૧૨ દાણા પાણીથી ધોઇને પછી તેને ०। શેર પાણીમાં ૧ રાત ભીંજવી રાખવા તેને હાથ વતી ચોળીને કપડાંમાંથી ગાળવું. તે પાણીમાં જુનું કપડું બોળીને આંખોના પોપચા ઉપર મુકવું.

૮—આંખની ઝાંખ, ફુળું, રતાસ માટે તુવેરની દાળમાં હળદરનો ગાંઠીઓ બાફી છાયડામાં સુકવે તેને પાણીમાં ઘસી આંખે આંજે. આંખની ગરમી માટે—બકરીના માખણમાં હળદર ઘસીને નાક પાસેના આંખના ખુણામાં મુકવી. એથી ગરમી મટી જાય છે.

૯—આંખે ઝાંખ હોય તે મટે—હળદરનો ગાંઠીઓ, ચીનાઇ સાકર, રતાંજળી પાણી સાથે ઘસીને આંખની આસપાસ લગાડી ૩ કલાક રહેવા દેવી રોજ તાજું ઘસીને લગાડવું.

૧૦—આંખ લાલ થાય તે માટે—લીલી હળદર, સાકર, મીઠી શેરડી, છરૂં સંભાગે મેળવી તે બકરીના દુધમાં ભીંજવી આંખ ઉપર અને આસપાસ લગાડવું. વાગવાથી અથવા ગરમીથી બંધાય લોહી છુટી જશે.

૧૧—પેટની ગરમી, મગજની ગરમી, આંખની ગરમી, પીસાબે ગરમી, કલેજાનો દુખાવા, પીસાબમાં ડરો મટે—ઈસપગુળ અને ખાડ સંભાગે મેળવી ૧ તોલો સહવારે અથવા સાંજે ખાય ઉપરથી પાણી પીએ,

૧૨—આંખનું તેજ વધે—આસન અને જેઠીમધનું ચૂરણ સંભાગે મેળવી તેમાંનો ૧ તોલો આમલીના રસમાં રોજ પીવું. અથવા (०॥ તો. સુકા આમળાને ૩ તોલા પાણીમાં એક રાત ભીંજવી રાખી સહવારે ગાળી તે પાણી પીએ.)

૧૩—આંખના દુખાવા માટે—કપાસના પાનની લેપડી આંખ પર મુકે.

૧૪-આંખની ઝાંખ મટે, આંખના ચશ્મા ઉતરે, આંખે તેજ વધે, ખીલ. પડળ, ફુલું કપાય—ખાખરાના મુળના કટકા કરી કાદવના હાલામાં ભરવા, એવી રીતે ભરવા અને દાબવા જે હાલું ઉંધું વાલીએ તો તે કટકા બહાર પડે નહીં. જમીનમાં ખાડો ખોદી તેમાં બીજું વાસણ એવી રીતે મુકવું જે તે વાસણની કોર જમીનની સપાટી બરાબર રહે તે વાસણ ઉપર ખાખરાના મુળવાળું હાલ્લું ધારવું, ઉંધું મુકવું. તે ઉપર છાણા મુકી સળગાવે. પેલા મુળને આંચ લાગી અંદરથી પાણી છુટી નીચલાં વાસણમાં એકઠું થશે. નીકળતો રસ બહાર ઘોળાય નહી, અને નીચલા વાસણમાં એકઠો થાય એવી યુકતી રાખવી.

આ રસને ગાળીને ઉકાળવો, મધ જેવા ઘાડા કરવા અને સળીથી આંખ આંજવા.

૧૫—નાગર મોડ મોટા બકરાના મુતરમાં ઘસી આંખે આંજે તો જનમનું ફુલુ મટે.

૧૬-પાકું લીંબુ આંખ ઉપર ઘસે તો ગરમી મટે છે. પાકાં લીંબુની ઉપર માખણ ચોપડી, તેને પાણીમાં આખી રાત મુકે, પછી તે માખણ આંખમાં લગાડે તો ઠંડક આપે છે. અને આંખના દરદને કાપે છે.

૧૭-આખના દરદ માટે—તરત મારેલા કાળા સાપના કટકા કરવા તેને ૨૫ શેર દુધના સાથ ૧ તાંબાના વાસણમાં મુકવા, તેમાં ૪ વીંછુ નાખવા વાસણનું મોઢું બંધ કરી ૨૧ દીવસ રાખી મુકવું. પછી વાસણમાં બધાયલા દહીને વળોવી માખણ કાઢવું. તે માખણ એક કુકડાને ખવાડવું. તે કુકડાની અધાર આંખ આંજે તો આંખે તેજ વધે અને ઘણા દરદ સારાં થાય છે. કાલા સાપની ચરબી પણ આંખના મોતીઆની દવા બનાવવામાં ઉપયોગી છે.

૧૮—આંખના દરદો માટે નીચલી દવાઓ આંખમાં આંજવાથી ફાયદો થાય છે. નીરમળી પાણીમાં ઘસીને કાળા સાપની ચરબીની મેંસ સાથે આંજે, અથવા સંખ ભસ્મ, અને ઘીની મેંસ મેળવી આંજવાથી આંધળો દેખતો થાય, એવું તેજ વધે છે.

૧૯—આખ, કાનના દરદ માટે—સુનામખી ગરમ પાણી સાથે ૦। તોલો રોજ ખાવી.

૨૦—આંખના દરદો માટે—તરત મુવેલા સાપના મોંઢામાં અથવા ગરૂડ પક્ષીના મોઢામાં સુરમાનો કટકો મુકી તેમાં ઘી ભરવું પછી ૧ કાદવણા વાસણમાં તેને મુકી ઢાંકણ બંધ કરવું કપરમટી

કરવી. ૧ ખાડો જમીનમાં ખોદી તેમાં અર્ધાં અડાયાં મુકી તે ઉપર વાસણમાં મુકવું. અને બીજા અડાયાં મુકી ખારો છાણાથી ભરવો. પછી અગનીથી સળગાવવો. પછી સુરમાને કહાડી લેવો. તેને કપુર કાચલીના ચુરણ સાથ મેળવીને આંખે આંજે તો જેની આંખના કીકીઓને નુકશાન થયલું હોય તે જોઈ શકે.

૨૧=આંખમાં નાસુર હોય તેનો ઇલાજ—હળદર. ચીતરો. કાકો, નાગર મોથ, લીમડાના પાન. નીમક સંગ, હરડે હળદ, પીપળીમુળ, વાયવરંગ. સુંઠ, વજ, દરેક એકેક તોલો લેવા. તેને સુરમાં જેવું બારીક કરી ગોળી બનાવી તે ગોળી પાણીમાં ઘસીને લગાડવી.

૨૨=આંખનું ફુલું હોય તો સ્ત્રીના દુધમાં ઉપલી ગોળી ઘસીને આંખે લગાડે

પાપણ ખરતાં હોય તો ગાયના પેશાબમાં એ ગોળી ઘસીને આંખે લગાડે.

આંખની કીકી સફેદ થતી હોય તો એ ગોળી મધમાં ઘસીને અંજન કરે.

૨૩=આંખના પાપણ ખરી પડે તેનો ઇલાજ—ખાટાં લીંબુને કાપીને બે ફાળ કરવી. અંદરના બી કહાડી નાખવા. બે ફાડની વચે હળદનો ગાંઠીઓ મુકીને બાંધી લેવું. લીંબુ સુકાઈ ગયા પછી હળદનો ગાંઠીઓ કહાડી મધ સાથે ઘસીને અંજન કરવું.

આંખ રાતી થાય તો ઉપર મુજબ બનેલા હળદના ગાંઠીઆ મધ સાથે ઘસી આંખે અંજન કરવું.

૨૪=આંખે સફેદી મારતી હોય તો લીંબુમાં પાકેલા હળદનો ગાંઠીઓ ગાયના દુધમાં ઘસીને અંજન કરવું.

૨૫=આંખની કીકી પર પડદો આવે તો—રીસામણી પાનનો રસ અને ઘોડાનું મુતર સંભાગે મેળવી અંજન કરવુ.

૨૭=આંખના ખીલ માટે સરગવાના બી પાણીમાં ઘસી અંજન કરે.

૨૮=આંખની ગરમી—સાકર પાણીમાં ઘસી આંખે આંજે તો ગરમી મટે.

આંખની ગરમી માટે—શાકર તોલો એક. માખણ ગાયનું તોલા ત્રણ. સફેદ મરી નંગ સાત સવારે નરણે કોઠે રોજ ખાવું

૨૯=આંખ દુખે—આંખ રાતી થાય તે માટે—કોઠમડી પાણીમાં ખુંદી તેના રસમાં જરા મીઠું નાખી તેના પોતાં આંખ પર મુકે.

૩૦=આખ ગળે ત્યારે—બાવલના પાનના રસના ટીપાં મુકવાં.

૩૧=આંખ—આંખમાં ફટકીના પાણીના ટીપાં નાખે છે તેથી આંખ નરમ પડે છે અને ગરમી કપાય છે.

૩૨=આંખના ખીલ ઉપર મોરથુથુ લગાવે તો મટે.

૩૩=આંખના દરદો માટે—ચશ્માં લેવા પડે નહીં—આંખની તેજી વધે—કપુર, ચંદનનો ભુકો, બાલછડ, ખાલીઝડીલા, દરેક ૧ તો. લવંગ અને પીપર દરેક ના તોલો એ સઘળાને ઓખરાં કરી મેળવે, તેને અડદના લોટથી બંધ કરે, ચુરણની હવા બહાર જવા દેવી નહીં. ઠીકરાંની નીચે અંગાર મુકે, ૩ કલાક અંગાર રહેવા દેવા. કોઈના વાસણ પર બરાસ કપુરની પોપરી બંધાસે તેનું અંજન કરે.

બરાસ કપુર=કપુર તોલા ૧, એલચી, જેઠીમધ, ચીનીકબાબા દરેક એક તોલા લવા આ બધાનું ચુરણ કરી એક કાચની થાળીમાં મુકવું. ઉપર સોના- માટીનું કપ ઢાંકવું, અડદના લોટથી થાળી સાથે કપને ચોંટાડવું. અંદરની હવા બહાર જવા દેવી નહીં. એક રાત રાખી બીજે દીવસે તડકે મુકવું. અથવા દીવાની બતી પર મુકવું. કપુર ઉડીને કપના અંદર પર બંધાશે તે અંજન કરવામાં લેવું.

૩૪=આંખનું નૂર વધે—આંખોના દર્દ—કાળા નાગના પેટમાંની ચરબી લોઢાના વાસણમાં તાવે. તેની કાજળ બહુ સંભાળથી પાડે. કાજળ એકઠા કરવા માટે જોઈતાં માટીના કોડીયાને સખરનો રસ ચોપડી છાયામાં સુકવે.

૩૫=આંખમાં કચરો જાય ત્યારે આકડાનું દુધ આંખે આંજવું.

૩૬=આંખની ગરમી કપાય—દાડમના દાણાનો રસ આંખમાં મુકવાથી ગરમી કપાય છે.

૩૭=આંખના દુખાવા માટે—દારૂડીઆ—(અંખેરો-સત્યાનાશ(ી)) નો રસ આંખમાં આંજે.

૩૮=આંખની ગરમી કાપે—માથું બોરાવ્યા પછી દીવેલાના પાંતરાં ૨. માથે બાંધે તો ગરમી ચુસી લે. માથાના બાળ મોટા હોય તો ગુણ લાગે નહી.

૩૯=આંખની ખસ જાય—ભીંડીના બીજ ઘસીને આંખે આંજે તો આખના કીડ જાય

૪૦=આંખની ગરમી અને ઝાંખ મટે—બેહેડાને મધ સાથ ઘસીને દીનમાં ૩ વાર આંખે આંજવું.

રતનજોત, આખની સળી—એ ઘણી જાતના આંખના દરદો સહ્રા કરે છે. અંગ્રેજી તેમજ દેશી ગંદામાં એ વપરાય છે. એની બનાવટ નીચે મુજબ છે—મોરથુથુ, ફટકી, સુરોખાર સરખે ભાગે લેવો.

આ બધાં એકઠા વજનનો પચાસમો ભાગ કપુર લેવો. તેઓને અંગાર ઉપર ગરમ કરી નરમ થાય ને સળીઓ બનાવવી. (મોરથુથુ અંગાર ઉપર પકાવીને લેવુ.)

૪૧=આંખે ગરમી તથા ઝાંખ માટે—મધને ૧ ગલાસમાં નાખી આંગળા મટે ખુબ મસળીને આંખે અંજન કરવું.

૪૨=આંખની દવા—જીણી હરડે મધમાં ઘસીને આંખમાં આંજવી. હરડેને પાણીથા પળાલેળાં કપડામાં વીટાળીને નરમ કરવી.

૪૩=આંખની રોગની વધે—બુઢા પણામાં કરચળી આવે નહી. કાળીમુસળી સાથ સુનામુખી ખાએ.

૪૪=સળગમ પકાવીનહાર કોડે ખાય તે આંખને તેજ વધે.

૪૫=આંખના દરદો, પરવાળા; ટુંકી નજર માટે સાતોડીનું મુળ દુધમાં ઘસી આંખે લગાડે.

૪૬–આંખે તેજ વધે—સાજીખાર લીલી દગાખના રસમાં ખાવો.

૪૭–આંખે તેજ વધે–મરદને શકતી વધે–ધીલી નસો મજબુત થાય—સીતાબના બી તોલો ૦ાા ગાયના ઘીમાં તળી, ૭ દીવસ સુધી ભુખે પેટે ખાવાં.

૪૮–આંખને તેજ આવે—હરડે બેઆની ભાર, સાકર સાથે રોજ રાત્રે ખાવી. એથી આંખને ઘણા ફાયદા છે. આંખ નબળી પડતી જણાય તો આ ઉપાય પહેલો કરવો.

૪૯=આંખનું તેજ વધે–ત્રીફળાનું ચુરણ ૦ા તોલો ઘી અને મધમાં મેળવી રોજ ખાએ અથવા

૫૦=૩] કાલાં મરી સવારે ભૂખે પેટ ચાવી ખાએ ઉપરથી ૨ તોલા ઘી પીએ. ઘણા દીવસ ચાલું રાખે અથવા

૫૦।=ત્રીફળાનું ચુરણ અરધો તોલો ઘી અને સાકર સાથ ખાય ફકટ એકજવાર બપોરના ભોજન લીએ. જરૂર પડે અને ભુખ ન ખમાય તોજ રાતરે હલકો ખોરાક દુધ વગેરે લીએ.

૫૧=અગત્યાના ઝાડના ફુલનું રસ ૦ાા તો. મધ સાથ પીએ, ઝાંખ, પડલ, નજલો વગેરે કારણથી આવે તો અધાપા માટે અદભુત ઈલાજ એ છે જે સાપના તેલની કાજળ આંખે આંજે. કાજલ પાડવા માંટે કાદવનું કોરીઊ લેવું તે કોડીઆને સપેસાના રસના ૩] પત આપે, તેમાં તેલ નાખ; આંગળાં જેટલા જાડી રૂનીજોટ (વાટ) મૂકે, વાટની આસપાસ, ચીની કબાબ, એલચી, ખાસનું ચુરણ ભભરાવે તે કાજળ ૨] માસ સુધે આંજે. અથવા ગલજીબી, ઘી સાથ ખાય તો આંખનુ તેજ વધે.

૫૨=આંખના મોતીઆ માટે, સાપની ચરબી ઉપયોગી છે. સાપનુ ઝેહેર અને આંતરડાં કાઢી નાંખવાં, બાકીના સઘળા માંસને ધુંદી પાણીમાં ઊકાળે, ઝાંડ પડીઆ પુછી, છૂટું પડેલું તેલ પાણી ઉપર તરી આવે અથવા બંધાઇ જાય, તે તેલની કાજળ પાડે અને આંખે આંજે.

૫૩=શીલા કાચનો બારીક ભુકો, ચેટાનાં વાહને માણસના મુટરમાં બોળે તેને તડકે રાખે; જે સુકો થાય તે, અને કાચના ભુકા આ બધાને અત્યાનાશીના રસમાં ત્રણ વખત ખરલ કરી અંજન કરે તો મોતીઓ વધ્યો હોય, આંખે ઓછુ દેખાતું હોય તે સારૂં થાય.


૫૪=મોતીઓ માટે=ત્રીફળાં, જેઠીમધ, દારૂ બનાવે છે તે મહુરાં, તજ સંભાગનું ાા તો ચુરણ ઘી સાકર સાથ ૪૦ દીન સવારે ખાય.

૫૫-મોતીઆની આંખ નરમ પડે=ફણું કપાય-સરપંખાનું મૂળ પાણીમાં ઘસી આંજે. એના બીનું ચુરણ આંજવાથી મોતીઓ મટે.

આંખમાં આંજણી.

૧=આંજની ઉપર લખવાની કાળી રેશી સહી લગાડે.

૨=આંબાનુ પાન તોડતાં જે ચીક નિકળે તે લગાડે.



કમળો.

૧=કુવારના મુળના રસમાં ઘી નાખી નાસ લીએ.

૨-કુઓના સત્વને મધ સાથ અંજન કરે.

(કુઓનો સત્વ બનાવવો જુઓ ટાઢીઓ તાવ.)

૩-ભોંયરીંગણી, કડવી ભીરીંગણી, હરીડાના ફળનો રસ અથવા તેઓના ચુરણ રતીભાર સુંઘવાથી કમળો મટે. ઉપલી દરેક ચીજનો ગુણ એક સરખો છે.

૪-કુઆના પાનના રસમાં હળદર, સોનાગેરૂ, આમળા ઘસી અંજન કરે.

૫-કુમારનો રસ પીવો. આંખની પીળાસ મટે, પીતનુ જોર નરમ પડે. કમળામાં પીતનું જોર વિશેષ હોય છે.

૬-હીરવણી (બાગમાં થતો કપાસ) ના ડીંડાનો રસ, નવસાર સાથ પીવો.

૭-ફુલાવેલી ફટકડી ૨) વાલ, સાકર ૪) વાલ, પાણી સાથ રોજ ૭) દીન સુધી ખાવું.

૮-આકરાના ઝાડની છાલની ભુકી ૧૦) રતી, કાળા મરી નંગ ૧૦) દીવસમાં બે વાર ખાવું (અત્યંત ગુણ કારક છે,) ૧) સેર

જાસમાં મીઠું જરા નાખી રોજ પીવી. ૮) દીવસમાં કમળો સારે થાય.

૯–ઘરમાં ઉડતી માંખ ૧) જીવતી ગોળ સાથ મેળવી ખવારે.

૧૦–વખવેલો વાડપર થાય છે એના ફળ પર કાંઠા હોય છે. એનાં બી ૧) અથવા ૨) ખાવાથી પાંડુ રોગ અને કમળો મટે છે.

૧૧–કડવા તુમડાના કટકાને ઈંગાર પર મુકી બાફ આખા શરીરે લેવા. ૪) દીન આ ઇલાજ કરે.

૧૨–સેકેલા કડાનું ચુરણ એકેક વાલ દીવસમાં ૩) વાર લેવું.

૧૩–નવસાર એક વાલે દીનમાં ૩) વાર લેવું.

ખોરાક ફક્ત જુવારનો રોટલો અને ગોળ; બીજે દીવસે ખીચડી અને ઘી ખાવો.

૧૪–દેવ દાંગરીના ફળનુ ચુરણ ચોખાપુર સુંઘે તો નાકમાંથી પીળો રસ નિકળે અને કમળો મટે.

૧૫–કંળચુહો ૨થી ૩) વાલ, ૨) તોલા માખણ સાથ ૭ દીન ખાશે તો જરૂર કમળો સારો થાય

૧૬=ટીંકચર ગુલેનચા પીવાથી કમળો મટે.

૧૭–બકરાંની લીડી ૧૬ ભાગ, વડનગરી મીઠું ભાગ ૪, સીંધવ ૪ ભાગ. દારૂ હેલદર ૪) ભાગ એનું ચુરણ ૦। તો. આપવું.

૧૮–અંદાલ (રીંગણી) નો ડોડો પાણીમાં ભીજવી રસ કાટે અને તે સુંઘે.

૧૯–મોટી કાલમી (૧ જાતની માછલી) તાજી મીંઠા વગરની ભુંજી દરદી ૫) દીન ખાય.

૨૦–દહું સોદા ખાઇ કારબ, અને ખાંડ ખાવી.

૨૧–કબુતરનો છેડ ૧) વાલ ગોળી સાથ ખાએ.

૨૨–કમળાના દરદીએ ગરમ ખોરાક ન ખાવો. દુધને ચાવલ, દુધને રોટલો ખાવો.

૨૩–કળીઆ કાઢેલી કાળી દરાખ ઉપર લીંબુ નીચવી ખાવું.

૨૪–ધાણા અને સાકર રાતરે પાણીમાં પળાલી રાખે અને સવારે પીએ, ઘણા દીવસ ચાલુ રાખે.

કમળો ઉજવાની રીત.

૨૫—કાંસાની થાળીમાં પાણી નાખે તેમાં દરદીના હાથની ગ્રંથિ હયેલી પાણીવાળી ઠાળીમાં મુકાવે.

કમળો ઉજનાર પોતાના હાથની હથેલી પર ચુંણા પળાલેલો લગાડી તે ચુનાવાળા હાથ દરદીના હાથ ઉપર મસળે (ફરવે) દરદીનો હાથની કોની આગળથી હાથ ફરવવો સરૂ કરે અને પોંચા સુધી ફરવે. કોની આગળથી દરદીના પોંચા આગળ ઉજનારનો ચૂનો લગાડેલો હાથ આવ્યા પછી તે ચુનાવાળો હાથ પાણીમાં બોળે આ મુજબ ઘણી-વાર કરે ત્યારે ઠાળીમાંનું પાણી પીળું થાય. અને દરદીના શરીરનો પીળાશ ઓછો થાય.

કમળો ઉજવાની બીજી રીત—૧) તો જુવારના દાણા, ૨) ટીપાં પાણી, ૧ રતી ચૂંણા મેળવી દરદીના હાથમા આપે દરદીના હાથે તે મસળાવે. ઘણી વાર મસળવાથી જુવાર પીળી થાય, અને દરદીના પીળાસ ઓછા થાય.



અંતરગળ—વાયુ ગોળો—સારંગ—ગોળી મોટી થાય.

૧—અંતરગળ માટે અને પીસાબ છોડવવા માટે—અજમો ૫, દીવેલીનું મગજ ૨॥, સુંઠ ૦॥, સંચળ ૫, હરીઆળી ૨ ભાગનું ચુરણ બનાવી તે ચુરણ ૦। તોલા લેવું તેને ૧। તોલા [illegible] ૧। તોલા દુધમાં મેળવીને પાવું, ઝાડો ૦॥। કલાકમાં ન આવે તો ફરી ઉપર મુજબ પાવું.

૨—અજમો, દીવેગીનું મગજ, કલોંજી, સુવા, અજમોદ સંભાગે ખુંદી તેનો સેક કરવો.

૩—વાયુંગોળો, સારંગ ગાંઠ=જળંદર માટે—ઠળીઆ વગરની ખારેક ૧૬ ભાગ, અજમો ૪ ભાગ, એનું ચુરણ ૦। તોલા ૧૫ દીન રોજ બે વાર ખાવું.

૩—અંતરગળ માટે ઈલાજ—અજમો ૭ તોલા, દીવેલ ૧૪ તોલા, પાણી બસેર એમોને સાથે ઉકાળી પાણી બાળી નાખવું. તેલ ગાળી લેવું. આ તેલ પીરૂ, પેટ, અને ગોળી ઉપર ૦॥ કલાક સુધી મસળવું. પછી આકડાના પાન જરા ગરમ કરી ગોળીની આસપાસ અને ગાંઠ આગળ બાંધવાં. ૧૨ કલાક પછી ગરમ પાણીથી ગોળીને સેકવી.

૪—એળીઓ, જવખાર, ટરપેન્ટાઈન, વછનાગ એ સઘળાનું તેલ ઉપર બતાવેલી રીત પ્રમાણે બનાવવું, તે તેલ આંતરગળની બાજુએ ૧૦ દીવસ મસળવું,

૫—આંતરડું ગોળીમાં ઉતરેલું પાછું ચઢે. સારંગઆંઠ સાથે થાય આવરના પાતરાંને છુંદીને ગરમ પોટીસ કરીને ગોળી ઉપર મુકે તો આંતરડું પાછું ઠેકાણે જાય.

૬—આંતરડું ઉતરે=ગોળી મોટી થાય—તે માટે નવસારના પોતાં મુકે ગોળી સંકોચાય અને આંતરડું ચઢે. હલદી વગેરે બીજા ચીન્હો નરમ પડે.

૭—આંતરડું ઉતરેલું હોય ત્યારે મેથીનો આટો, ધંતુરાના પાતરાંના રસમાં મેળવી ગરમ કરી લગાડવાથી આંતરડું ચઢે છે.

૮—અંતરગળ માટે—મેથી છુંદી પાણીમાં ઉકાળી મસકા જેવી કરી ઉતરેલા આંતરડાવાળી જગા ઉપર બાંધવી. એમાં સોસવાની શકતી છે માટે આંતરડું ઉપર ચડે છે.

૯—રેપચર, ગોળીમાં આંતરડું ઉતરે તે માટે—કસેસ અને ઘોડા વેજ ૦॥ ઘઉં ભાર, ખાંડી ૧ તોલા પાણી ૦॥ તોલો મેળવી પીવું.

૧૦—અંતરગળ માટે—કુવાના પાણીમાં રાખવામાં આવે છે તે કાચબાના ઇંડાનું તેલ વાલ બે પાન સાથે દરદીને રોજ ખવાડે.

એક વસાણાના અનેક ઇલાજો.

કાળી મુસળીનું ચુરણ ટાંક ૧ નીચે મુજબ ખાવાથી થતા ફાયદા,

૧—કોપરાં સાથે ખાય તો માથાનું દરદ જાય.

૨—નીમક સાથે ખાય તો ભુખ વધે.

૩—ગાયના ઘી સાથે ખાય તો શરીરનો રોગ ટળે.

૪—તલ સાથે ખાય તો માથાનો બળગમ ટળે.

૫—બકરીની પીસાબ સાથે ખાય તો બુઢાપો આવે નહી. બાલ કાળાં થાય નહીં.

૬—ઠંડા પાણીમાં સાત દીન ખાએ તો તરીઓ તાવ જાય.

૭—૦॥ તોલો ત્રીફળાં સાથ ખાય તો ઘા જલદી રૂઝે.

૮—ગરમ પાણીમાં ખાય તો પેટના દરદ નરમ પડે.

૯—ગાયના ઘી, માખણ કે દુધ સાથ ખાય તો વીર્ય વધે.

૧૦—દારૂ સાથ ખાય તો પેટના દરદ મટે.

૧૧—કરાંની છાલ સાથે ખાય તો ભુખ ઘણી વધે.

૧૨–એલચી સાથ ખાય તો ભૂખ વધે,
૧૩–છોકગાની પીશાબમા ઘસી પીએ તો સાપનું ઝેર ઉતરે.
૧૪–બકરીના દુધમાં ઘસી અંજન કરે તો આંખનું તેજ વધે.
૧૫–પીસાબમાં ઘસી પીએ તો દીવાનો હુશીઆર થાય.
૧૬–ભાંગરાના રસમાં ઘસી કાનમાં મુકે તો બેહેરાત જાય.
૧૭–ગાયના ઘીમાં ખાય તો પેટમાના કરમ નીકળી પડે.
૧૮–એરંડીઆમાં ઘસી લગાડે તો મોંઢાપરના દાગ જાએ
૧૯–એરંડીઆમા ઘસી આંખે લગાડે તો તમર જાય.
૨૦–લીંબુના રસમાં ઘસી દુટી પર તથા પીરૂપર લગાડે તો પીસાબ છુટે.
૨૧–ગોળ સાથ ખાય તો દરેક જાતનો તાવ જાય.
૨૨–કરમડીની જડ સાથ ઘસી લગાડે તો દરાજ જાય.
૨૩–કપાસના પાન સાથ ખાય તો ભુખ વધે.

ઓકારી–ઉળટી.

૧–ઓકારી બંધ થાય—અરધો તોલો એલચીનું ચુરણ મધમાં ચાટવું.

૨–ઉળટી માટે—ખોરાક ખાધા પછી તરત ઉલટી થાય તે માટે એલચી ૨॥ તોલો, તુળસીના પાન ૧ તોલો, કપુર બેઆની ભાર, એની એક વાલની ગોળી બનાવી તે ૩ ગોળી ખાણું ખાવા આગળ પાણી સાથે ગળે.

૩–લોહીની ઉલટી થાય, લોહીના બળખા પડે તે બંધ થાય–કાસુંદરાનો રસ ૦। તો. નાગકેશર દાણા ૪ અને મધ ૦। તોલો મેળવીને દરદી પીએ તો લોહી બંધ થાય.

૪–ઓકારી બંધ થાય—ખારેક ભુંજીને ચાવી ખાય.

૫–ઊલની દવે–બદામના કોટલાં બાળી કોલસો કરે તેનું ચુરણ ૦॥ તોલો મધ સાથે ખાય.

૬=રાઈનું પલાસ્ટર કલાક ૦॥ થી ૧ સુધી ખુલ્લેત ઉપર રાખવું. ચામડી રાતી થાય, બળતરાં બળે છતાં પણ બલીસ્ટર ઊઠતું નથી. ઘણા બળતરાં બળે તો ઘી ચોપડવું.

૭—ઉલટી બેસે—હોજરી ઉપર રાઈનું પલાસ્ટર મારવુ

૮—ઉલટી અને હેડકી માટે પીપરનું ચુરણ અને મોરના પીંછની રાખ સંભાગે મેળવી ૨ વાલ મધમાં વારવાર ખાવી.

૯=ઉલટી માટે ખાટેલી વરીઆળી ૨ તોલાની પોટલી ૧ શેર પીવાના પાણીમાં મુકી રાખવી તરસ લાગે ત્યારે તે પાણી પીવું.

૧૦—ઉલટી જમીઆ પછી થાય તે માટે ખાટું લીંબુ જે ઇંડાના આકારનું લંબગોળ હોય તેનો રસ ૧ તો. તેમાં બે આની ભાર પીપરનું ચુરણ મેળવી સહવાર સાંજ ખાવું.

૧૧—ઓકારી—કુંવાની કુમરી ડાખળી સખત ઓકારીને અટકાવે છે.

૧૨—ઓકારી જાય—સાજીખાર ભાંગરાના રસમાં ખાવો.

૧૩—સાવણની ઉલટી બધ પડે—હીંગ ૧ ભાગ, અફીણ ા ભાગ પાણીની સાથ મેળવી મરી જેવી ગોળી બનાવે, અરધી અથવા આખી ગોળી (ઉમરના પ્રમાણમાં) પાણીમાં ઘસીને દીવસમાં બે વાર આપે. બાળકોના પેટમાં ધાવણ ન ટકતું હોય તે ટકી શકે, દેશી વૈદુ કહે છે જે હીંગ ખાવામાં લેવી હોય ત્યારે તેને જરા સેકી ગરમ કરી વાપરવી. વગર સેકેલી હીંગ ઘણા દરદીને ઉલટી કરાવે છે. અથવા છાતી ઉપર ચુંચારો કરે છે.

૧૪—ગર્ભવાળી સ્ત્રીની ઓકારી માટે—આવળની સીંગ ા તો. ગાયના દહીંમાં વાટી સકેર સાથ ખવાડવી.

૧૫—ઉલટી માટે—કેળના કોલાની રાખ ા તોલો ખવાડવી.

૧૬—ઓકારી માટે—નાગબેલની ચોટલીની રાખ ૧ વાલ, મધ સાથ ચટાડવી.

૧૭—ઉલટી—પીંપળાના છાલની રાખ તોલા પાંચ, ૧ શેર ગરમ અથવા ઠંડા પાણીમાં નાખવી ૧ કલાક રાખવી, ઉપરથી નીતરૂં પાણી કાહાડી ૩ તોલા પાણી અંદાજ કલાકે પાવું, ઉલટી બંધ થાય ત્યાં સુધી પાવુ.

૧૮—ઉલટી બધ થાય—કોલેરાની અથવા બીજી કોઈપણી ઉલટી માટે ફુદનાનો રસ નવટાંક દીવસમાં ૩ વાર પીવો.

૧૯—બાળકોને ઉલટી, ઝાહડો અટકે અને ઉંઘ આવે—જાવન્ત્રી: મધ, લવંગ દરેક ૨ તોલા; અજમો, કેસર, ખારેક, જાયફળ, દરેક દરેક ૧ તોલો. અફીણ તોલો ા તેની બાજરીના દાણા જેવડી ગોળી કરવી, સહવાર સાંજ એકેકી આપવી.

૨૦—ઓકારી લાવવા માટે—મીંઢળના બીજને કપડછંદ કરી તેમાંથી ૧ વાલ ખાવાં ઉપરથી પાણી પીએ તો ઓકારી થાય. વળી ફરીથી પાણી પીએ તો વધુ ઓકારી થાય એ રીતે જેટલી વાર વામીટ કરાવવું હોય તેટલીવાર પાણી પીએ.

૨૧=ઉલટી થતી હોય તો —આદુ અને કાંદાંનો રસ એકેક તોલો પીએ તો ઉલટી બંધ થાએ.

૨૨—કપુર કાચળીમાં સુગંધ છે, કોઇબી બુકાની બનાવટમાં ખુસબો લાવવા માટે એનો ભુકો નંખાય છે બાલ વધારવાના ગુણ એમાં છે.

૨૩—ઉલટી ઘણી થતી હોય તો—કપુરકાચળી પાણીમાં ઘસીને જીભપર લગાડે.

૨૪—ઉલટી અને ઝાડા બંધ થાય—કેસરના ઝાડનું મુળ કાપતી વેળાએ સુર્યની સામી બાજુએ ઉભા રહેવું એટલે મુળ કાપનારનો ઓળો તે ઝાડ ઉપર પડે નહી. તે મુળ પાણીમાં ઘસી પીવું.


ઉદેલ તેલ.

ઉદેલ— લોબાનનું તેલ—લોબાન અને રાળ સંભાગે મેળવી પાતાળ જંતરથી તેલ કાઢવું. આ તેલની ખુસબો સારી છે, બાલને લગાડવામાં ફાયદો છે.

ઉટીઉ તુટીઉ.

ઉટીઉ તુટીઉ નરમ પડે—જુની ઈંટનો ભુકો અને મીઠું સંભાગે મેળવી કાદવના વાસણમાં મુકી ખુબ ગરમ કરવું. પછી તે ગરમ વાસણ સઘડી પર મુકી રાખી આખે દીલ તેનો બફારો લેવો. બફારો લેવી વખત અંગ ઢાકવું. હવા શરીરને લાગવા દેવી નહી પછી ઓઢી સુઇ જવું.

ઉંદરી.



૧=ઉંદરી જાય-બાળ આવે-માખીનો અધાર અને સાબુ અંકોળના રસમાં ઘસીને ૯ દીવસ સુધી લગાડે તો ઉંદરી સારી થાય.

૨-ઉંદરી માથા પરની મટે—કપાસના મગજને પાણીમાં વાટી માથાની ઉંદરી ઉપર લેપ કરે અને જુંવારની રોટીનું ૧ પડ ઠીકરાં પર ગરમ કરવું અને બીજું કાચુ પડ માથા પર જ્યાં લેપ કરેલો છે તે ઉપર મુકી ૩) દીવસ બાંધી રાખવું.

૩-ઉંદરી માથાની સારી થાય-કાળીજીરીને બાળી કોલસો કરી તેલમાં મેળવીને લગાડે.



ઉંઘ આવે.



૧-ઉંઘમાં બચ્ચું રડે તો જાયફળ પાણીમાં ઘસી કપાળે લગાડે તો શાંતીથી ઉંઘે.

૨-ઉંઘ આવે અને વધે—કાળી મરચી (મરી) ને ઘોડાની લાદમાં વાટી આંખ આંજે તો ઉંઘ આવે અને મગજની બીમારી ઓછી થાય.

૩-ઉંઘ ન આવે તેનો ઇલાજ—ભાંગ ૧ તોલો લેવી તેનાં બીઆં કાઢી નાંખવા અને સાત પાણીએ ધોઇ સુકવીને ભુકો કરવો. ૨ થી ૫ વરસના છોકરાને ૨ ગ્રેન, ૧૦થી ૧૫ વરસના છોકરાને ૬ ગ્રેન ૧૫થી ૫૦ વરસના માણુસને ૮ ગ્રેન આપવી આ ઇલાજથી ઉંઘ આવશે અને તબીયત સારી રહેશે.

૪-ઉંઘ આવે—અળસીનું તેલ અને દીવેલ સંભાગે મેળવી પગના તલીઆને લગાડે અને કાંસાના વાટકાથી પગને મસળે.

૫-ઉંઘ ઘણા દીવસની ન આવતી હોય તે માટે-કસ્તુરી સ્ત્રી અથવા ગાયના દુધમાં ઘસી આંખે અંજન કરે

૬–ઉંઘ આવે–તાવ ઉતરે—સેદરદીના છોડવા ટંડી જગા ઉપર થાય છે. રામતુલસીના પાન જેવાં એના પાન છે. એના મૂળની ટોપી બનાવી માથે મૂકે તો તાવ જાય અને ઉંઘ આવે.

૭–ઉંઘ ન આવે તો લીંડીપીપરના મૂળનું ચુરણ ૦॥ તોલો ગોળમાં ખાવું.

૮–ઉંઘ આવે—ગાંજે વતાહડા સેકી મધ સાથ ખાવી તરત ઉંઘ આવે.

૯–ઉંઘ આવે અને ઉંઘ વધે—ચોમાસા પહેલાં સુરમાને લીમડાના ઝાડને કોતરી તેમાં મૂકે, તેને બંધ કરે ચોમાસું ગયા પછી તે સુરમાને બહાર કાઢી તેને કપુર (અથવા સતલચીની) સાથ પીસી બારીક બનાવી આંખે આંજે તો દરદીને ઉંઘ આવે, મગજની બીમારીવાળા દરદીને બહુ ફાયદો થાય.

૧૦–ઉંઘ આવે કેટલાક દરદીઓને સુતી વેળા સુરમો આંખે આંજે તો નીંદ આવે છે.

૧૧–ઉંઘ લાવવા માટે પકાવેલા સમુદર ફળને બકરીના તાજા દુધમાં ઘસીને આંખના પોપચા ઉપર તથા કપાળપર લગાડે.

૧૨–ઉંઘ—લકડાંના કીડાઓમાં ઉંઘ લાવવાના ગુણ છે.

૧૩–ઉંઘ આવે—એરંડીઆના બી દુધમા વાટી, દરદીના કપાળે અને કાન આગળ લગાડે.

૧૪–ઉજાગરો થાય તેનો ઇલાજ—ઉજાગરાથી શરીર સુસ્ત થાય, કામ કરવા ગમે નહી ત્યારે લીંબુનો રસ ૧ તોલો ખાંડ ૧ તોલો અને પાણી ૦। શેર મેળવીને પીવું.

પેટની ગાંઠ ખસે.

૧–પેટની ગાંઠ ખસે ત્યારે કાંચકીના છોડના આતવારે સદવારે તોડેલાં ૩) પાતરાં દરદીને ખવાડે.

વિર્ય વધે.

સુરણનું ચુરણ ૦॥ તોલો અથવા ૧) તોલો ૦॥ શેર દુધમાં ઉકાળી રોજ બે વાર પીએ વવડતાં સુરણમાં વધારે ગુણ છે.

કાખબલાહી.

૧–કાખ બલાઈ–સાતપરો–બાવતોરો એ માટે–લીમડાના પાનની પોટીસ મુકે તો પાકને દરદ નીકળી જાય.

૨–પાકું, કાખ બલાહી, ઉધુ ગુમડું } એક કલાકમાં ફુટે, સરમાઉ ઝાડની પોટીસ કરી ગુમડાં પર મુકે.


૩–બદ, કાખબલાહી માટે–કાંટા સળીઆની ગરમ પોટીશ બાંધે તો તરતની બદ વચરાઇ જાય પાકે નહીં.

૪–બદ, કાખબલાહી પાકે–વડનું દુધ કાગળ ઉપર લગાડી પટી મારે તો દરદ પાકે છે.

૫–કાખબલાહી–રસવંતી, એરીઓ પીળો, રેવંચીનો સીરો સંભાગે કુમારના રસમાં મેળવી લગાડે તો કાખબલાહી પાકે અથવા બેસી જાએ.

૬–કાખ મંજરી (આંગલઇ) રાઇ અને કાચ ઘોટી તેની લુગડી ગાંઠ પર મુકે તો તરત ફુટે.

૭–બદ અને કાખબલાહી વધે નહીં, પાકે નહીં અને બેસી જાય તે માટે–કમોદના પાનની પોટીસ મુકવી.



કીડ.

૧–કીડ—લીબુંનો રસ, સુખડનું તેલ, દીવેલ સરખે ભાગે મેળવીને મસળવું.

૨–કીડ—હળદર અને કાંદાનો રસ મસળવો.

૩–કીડ અને ધવરો માટે—ખસખસને ખુબ વાટવી અને લીંબુના રસમાં મેળવી કીડવાળા જગા ઉપર સારી પેઠે મસળવી.

૪–સુકી કીડ માટે ધુપરેલ ૩ ભાગ, ખાંડ ૧ ભાગ ચુલાપર ગરમ કરી લગાડે

તાંબુ મોરના પીછાનું.

તાંબુ મોરના પીછમાંથી મોરના પીછને ઘી અથવા તેલનો હાથ લગાડી, તેનો પટ આપે, તેને ઠીકરાં પર બાળી ખાખ બનાવે તે ખાખ બનાવે. તે ખાખ, ગોળ ચણોટી, પીપળ, ગુંગળ, માછલી, તનકણખાર, મધ, લાખ, ઘી, એટાંનુ ભીન, સાથે મેળવી ભઠીમાં સળગાવી ગખ કરે. જે રાખ થાય તેને મુસમાં મુંકી ફુકે, તાંબું ગાળે તેમ ગાળે; તો તાંબું તવાઇ નીચે ઠરે.

ડુબેલો માણસ.




પાણીમાં ડુબેલો અને સાપે કરડેલા માણસ, બેસુધ હોય નાડી ચાલતી ન હોય છતાં તેનો જીવ લાંબો વખત શરીરમાં રહે છે: પાણીમાં ડુબેલાં માણુસને દરીઆના મીઠાંથી આખા શરીરથી ઢાકવું મોઢું ખુલ્લુ રાખવું થોડા વખતમાં દરદી દમ લેતો થાય. દાખલા તરીકે ૧ માંખીને પાણીમાં ડુબાવવાથી હીલચાલ વગરની થાય તેને ચુલાની રાખમાં (સોનાની ભઠીની રાખ ઘણી સારી) દાબે તો તેમાં ચેતન આવે, કારણ કે રાખની ગરમીથી સરદી નીકળી જાય.

દાહ બળે.

શરીરે અગન બળે તો નવટાંક ચંદ્રા દુધમાં સંધા લુણ ૨) વાલ નાંખી મસળે.

ઘોડા માટે દવા.

ઘોડાને અપચો, ખડી, ખાંસી લુખસ માટે તથા શકતી વધારવા માટે ભેંસ અથવા પાડાના સીંગડાની રાખ ૦ાા અથવા ૧ તોલો આટામાં અથવા ગોળમાં રોજ ૧) વાર ખવાડે.



ડી. પી. માદનની કંપનીમાં

વેચાતી.

સાધારણ ઉપયોગમાં આવતી પરચુરણ દવાઓ.

સારસાપરીલા કમપાઉંડ કમ આયોડાઇડ.— સાધારણરીતે વપરાતા સારસાપરીલાની સાથે બીજી ઘણી ઉપયોગી દવાની મેળવણી હોવાથી આ જાતનો સારસાપરીલા દરદીને જલદી આરામ કરે છે. સાંધાઓમાં થતી કળતર દુર કરે છે. ખુજલી, દરાજ, ગરમીના ઝેરને જડમુળથી કહાડી નાખે છે. લોહીને સુધારે અને વધારો કરે છે. ઝાડો સાફ લાવે છે. ભુખ લગાડે છે. અને અંગમાં શક્તી આપે છે. સારસાપરીલા જેને પીવાની જરૂર હોય તો આ જાતના સારસા પીવાની ભલામણો મજબુત ભલામણ કરે છે.—**કીં. રૂ ૨, ૧॥, ૭॥.**

કેમીકલ ફુડ—બચ્ચાંઓને શક્તી આપનારી દવા જો કોઈ હો તો ફક્ત આ એકજ છે. બચ્ચાંઓ જેઓને અતિસારની માફક ઝાડા ચાલુ રહેતા હોય, જેઓને ખાધેલું પેટમાં ટકી શકતું ન હોય, જેઓને વારેઘડીએ કોલવાટ થતો હોય, જેઓના હાડકાં તવાઈ ગયાં હોય અથવા શરીરમાં કોઈપણ અવયવો ખામી ભરેલા હોય, તેઓના માટે એ દવા ઘણીજ ઉપયોગી છે. એ દવા લાંબો વખત રહેવાથી બગડી જાય છે. માટે બજારૂ સસ્તો માલ ન લેતાં તાજો માલ વાપરવાની સાવચેતી રાખવી.—**કીંમત રૂા. ૧॥, ૦॥.**

આસંધ આસવ.

સુવારોગ માટે—

આસંધ. દરાખ વગેરે વસાણાંથી બનેલો આ રસ કોઈપણ રીતે નુકસાન કરતા નથી. આ રસ લોહીને વધારે છે. નબળાં પડી ગયેલાં દરદીને હુશીઆરી આપે છે, પાચન શક્તી વધારે છે. ભુખ લગાડે છે. લોહીવા દુર કરે છે. શરીર મજબુત કરે છે

પોર્ટવાઇન બરાબરી કરવા માટે આ ઇલાજ દવા છે. પણ પણ એમાં નીસો બીલકુલ નથી સોઆવરાં બેરાંને કૌવત આપે છે. અને દુધનો વધારો કરે છે.

ઈસટન સીરપ—ગરમ દેશની હવાથી તથા તનમનને ઘણી મેહનત આપવાથી શરીરે સુસ્તી અને થાક લાગે છે તે આ દવાથી દુર થાય છે, અને લાંબા વખતની હાડધગી જુની તાવ તથા તે પછી થતી નબલાઇ દુર કરે છે. તે ધાતુને સુધારે છે, તથા તેના બીગાડાથી થતા અનેક પ્રકારના બાધી દુર કરે છે. વળી કમરનું દુખવું, પગનું નીપરાઇ પડવું, વગેરે બંધ પડે છે. જુનો થયલો લાલ માલ ઘણો સસ્તો મળે છે; પણ એવા સસ્તા માલથી ફાયદો થવાની આશા નથી—

કીંમત રૂ. ૧॥, ૦॥૮.

કોડલીવર ઈમલશન—કોડલીવર ઓઇલ ખાંસી અને હાફણ-વાળાને ફાયદો કરે છે એટલું નહીં પણ તવાઇ જતા શરીરને પાછું ખીલતું કરવાને ચોકકસ ગુણ ધરાવે છે; એટલુંજ છતાં એના ખરાબ વાશને લીધે જેવું જોઇએ તેવું વાપરી શકાતું નથી એટલા માટે હમોએ આ તેલ બનાવ્યુ છે, જેમાંથી વાસ બીલકુલ કહાડી નાંખી સ્વાદિષ્ટ કર્યું છે, અને તે સાથે બીજી દવાની મેળવણીઓ હોવાને લીધે તે બીજી બધી જાતના કાદલીવર કરતાં ઘણો જલદી ફાયદો કરે છે:—**કીંમત રૂ. ૧॥, ૨॥.**

ચોથાઆ નાશક—એ હમારી ચોથીઆ તાવની અકશીર દવા હજારો દરદીઓ ઉપર સંતોસકારક રીતે વપરાઇ ચુકવાથી તે સર્વે ઠેકાણે પ્રસદ્ધ થઇ ચુકી છે. માટે તે વિષે વધુ બોલવાની અગત્ય નથી, માત્ર ટુંકમાં જણાવીએ છીએ કે એ દવાની બરાબરી કરવા માટે બીજી કોઇ નથી. ઘણા લાંબા વખતનો તાવ હોવા છતાં, અજાયબી ભરેલું એ છે કે, તે ફકત ચારજ દીવસમાં તાવ કહાડી નાંખે છે. વળી વધારે અજાયબી ભરેલું એ છે કે, દવા વનસ્પતિની બનાવેલી હોવાથી કોઇને કશી હરકત કરતી નથી, અને તે સાથે પરહેજી કંઈ સખત નથી. ગર્ભવાળી સ્ત્રીને એ દવા અડચણ કરતી નથી:—

કીંમત રૂ. ૦॥.

ડાકટર ઇસતન સીરપ સફેદ.

નામાંકીત ડાક્ટર ઇસતને, **આઍરન કુઇનીન,** તથા **સ્ટ્રી-ચનીઆ**નો બનાવેલો અને જાહેર કીધેલો **સીરપ**

આ ઇસતન સીરપ હાડધગી, તથા ઝીણી તાવને દુર કરે છે, ધાતુ સુધારે છે અને પાચન શકતી વધારે છે.

સરીરમાં થતી **નબળાઈ, સાંધાનું દરદ, ઝીની તાપ,** તથા ગરમ દેશમાં લાંબો વખત રહ્યાથી, તથા તન અને મનને મહેનત આપ્યાથી, જે દરદો ઉત્પન્ન થાય છે, તેવાં અનેક દરદોને નાબુદ કરવાને સઉથી વખણાયલો અકસીર ઇલાજ એ છે જે આ **સીરપ** લાંબો વખત સુધી વાપરવો.

આ ઈસતન સીરપ એવી તદબીરથી બનાવેલો છે જે એક સાધારણ તનદરોસ્તીવાળા આદમીને ઘણી મહેનત તથા થાકના કારણને લીધે થતી નબલાઇને, તથા બગડતી તનદોરસ્તીને તે તુરતજ અટકાવી શકે છે તેમાં જરૂર કરીને મજબુત બાંધાના માણસને તે ઘણો ઉપયોગી થઇ પડે છે. તાવ પછી થતી નબળાઇ માટે એ ઘણો ઉપયોગી છે.

ઇસતન સીરપ ઉમ્મરે પુગેલી સ્ત્રી પુરૂષોને એક સરખી રીતે માફક આવે છે. તે **લોહી સુધારે છે સાંધાઓના દુખાવા,** અને **આળસાઇને** દુર કરે છે. **શરીરમાં હોંશીઆરી** આવી માણસ પુરનો તનદરોસ્ત થાય છે, એટલા વાસ્તે સર્વેને ભલામણ કરીએ છીએ કે **ઇસતન સીરપ** સફેદ નબળાં માણસે કામમાં લેવો. જુનો અને રંગ પકડેલો લાલ માલ વાપરવો નહીં.

પીવાની રીત:—અરધી ચમચીથી એક આખી ચમચી સુધી અથવા ૩૦ **ટીપાંથી** ૬૦ **ટીપાં** સુધી **દીવસમાં** ત્રણવાર પાણી સાથે પીવાં.

એક ડ્રામ **સીરપમાં** કેવી અને કેટલી દવા આવે છે તેની વીગત—

ફોસફેટ આફ આએરન ૨) ગ્રેન, ફોસફેટ આફ કુઇનીન ૧) ગ્રેન. ફોસફેટ આફ સ્ત્રી ચનીઆ ગ્રેનનો બત્રીસમો ભાગ.

કીંમત શીશી ૧)ના રૂા. ૧॥, ০॥ૅ.

બજારૂ સસ્તો માલ લાલ રંગનો હોય છે તે જુનો સમજવો તે વાપડયાથી ગુણ જણાતો નથી.

વેચનાર—**ડી. પી. માદનની કું. વેલાયતી દવા વેચનાર—સુરત.**

શારપાઇન.

ફક્ત પુરૂષો માટે.

ગૃહસ્થોની શારીરીક નબળાઇ માટે શારપાઇન નામની નીર્ભય ગોળીઓ બહાર પાડી છે. જે ઇલાજ લોકોની તંદરોસ્તીના બોજે બહાર પાડયો નથી પણ છેલ્લાં દશ વરસમાં આ ઇલાજ જાણીતા તબીબે હીંદુસ્તાનમાં લગભગ છ હજાર દરદીઓ ઉપર ફતેહમંદીથી અજમાવી આબરૂદાર દરદીને સારા કરી સારી સરટીફીકેટો તથા ખરખમ પુરાવા મળવા પછીજ સુધારા વધારા સાથે બહાર પાડયો છે, જેનું પરીણામ ૭૫ ટકા લાભકારક આવે છે. આ ઇલાજમ હીરા ઝવેરાત-વાલી દવા વાપરવાનો ઢોંગ નથી. અને હરડે, બેડા, અને આમલા નાંખી મોટી કીંમતના પડીકા, અને ચાકુતીઓ બનાવી લોકોને જેમ ઠગવામાં આવે છે તેવું પણ નથી, તેમજ તુરત ઇલેકટ્રીક પાવર લાવનારી ઢોંગી દવા નથી. આ ઇલાજમાં ઝેરી કે નીસા લાવનારી દવા, કે રસાયણ વાપર્યું નથી. ચેલેંજ કરવામાં આવે છે જે આ નીર્ભય બનાવટ છે, અને ગોળી પાણી સાથે કોઇપણ રૂતુમાં વાપરી શકાય છે. નાદાનપની કુટેવની ગફલતીથી, યા જુવાનીનાં અતેરાંથી તાકાત જતી રહી હોય, અસલ કરતાં ઓછી માલમ પડતી હોય, નેસો ટીલી પડી ગઇ હોય તો આ ગોળીથી નસે નસમાં શકતી લાવી સ્વપ્નાનાં અથવા પીસાબમાં જતાં વીર્યને બંધ કરે છે, ઢીલી પડેલી નસોને પાછી સજીવન કરે છે, ભુખ લગાડી ખાધેલું પાચન થઇ સાફ ઝાડો લાવી વીર્યનો વધારો કરી પુસ્કળ તાકાત લાવે છે. જે ગૃહસ્થો સંસાર ગુમાવી બેઠા હોય, અને પોતે ઠગાઇને આ દરદનો ઇલાજ નથી એવું સમજી નીરાસ થયા હોય તો પણ એક વખત છેલ્લા ઇલાજ તરીકે આ ગોળી વાપરી જોવી. કશી પહરેજી કે નીયમો પાળવાના નથી, છેલ્લાં દશ વરસમાં અનુભવથી જણાયું છે જે ૧૦૦માંથી ૭૫ દરદીઓને શારપાઇનની ૧૦૦ ગોળીની એક શીશીથી સંપુર્ણ ફાયદો થાય છે, પણ તદન નીરાસી સ્તીથીમાં આ ગોળી કદાચ વધુ વાપરવી પડે છે. પુરા ફાયદા માટે ૧૦૦ ગોળીની એક શીશી જે ૨૫ દીવસ ચાલે છે, તેની કીંમત રૂપીઆ સાડા બાર (૧૨॥) પોસ્ટેજ જુદું.

શારપાઇન ગોળીઓ મળવાનું એકલું ઠેકાણું:—

એ. એમ. ઠક્કર દવાવાળા.

ફીદા બીલ્ડીંગ, જુમા મસજીદ સામે પ્રીનસેસ સ્ટ્રીટને નાકે.

મુંબઇ.

